# ACKNOWLEDGEMENT

We sincerely express our gratitude to **“Shree Kundkund Kahan Sat sahitya prachar, Borivali”** from where we have sourced **“Samaadhini Swatantrataa Part-5”**(Pravachans on Shree Samaadhitantra by Pujya Shree Kanji Swami)

**“Shree Kundkund Kahan Sat sahitya prachar, Borivali”** have taken due care, However, if you find any typographical error, for which we request all the reader to kindly inform us at info@vitragvani.com or to “**Shree Kundkund Kahan Sat sahitya prachar, Borivali**” at gnayakforever@gmail.com



# સમાધિની સ્વતંત્રતા

ભાગ - ૫





ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# સમાધિની સ્વતંત્રતા

## ભાગ - ૫

પૂજ્યપાદસ્વામી વિરચિત

## સમાધિતંત્ર

શાસ્ત્ર ઉપર થયેલ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના

**શ્લોક નં. ૭૮ થી ૧૦૦ સુધીનાં અક્ષરશઃ ૨૫ પ્રવચનો**

: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ - કહાન સત્ સાહિત્ય પ્રચાર - બોરીવલી**

**D - 16/205**, યોગી નગર, એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઇ - **400 092**

ફોન - **2863 1155 / 93228 90089**

**E-mail - gnayakforever@gmail.com**

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઇ. સ. |
|---|---|---|---|
| ૩૨ | ૨૫૩૮ | ૨૦૬૮ | ૨૦૧૨ |

: પ્રકાશન :

પર્વાધિરાજ પર્યુષણનાં પાવન પ્રસંગે

ગજપંથા સિદ્ધક્ષેત્રે

તા. ૨૮.૯.૨૦૧૨ ભાદરવા સુદ - ૧૪

**આવૃત્તિ : ૧૦૦૦ પ્રત**

**મુલ્ય : ધારાવાહિ સ્વાધ્યાય**

## ''સમાધિની સ્વતંત્રતા'' પ્રાપ્તિ સ્થાન

**મુંબઇ:**

**બોરીવલી:**

**શ્રી કુંદકુંદકહાન સત્ સાહિત્ય પ્રચાર**
ડી-૧૬/૨૦૫, યોગી નગર,
એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ)
મુંબઇ - ૪૦૦ ૦૯૨.
ફોન: **2863 1155 / 9322890089**

**પાર્લા:**

**શ્રી કવિન્દ્ર ગાલા**
ચોથેમાળે, સિદ્ધિ દીપ,
રુઇયા સ્કુલની સામે,
મહંત રોડ, વિલેપારલે (ઇસ્ટ),
મુંબઇ-૪૦૦ ૦૫૭
ફોન: **2610 2865 / 9892238006**

**દાદર:**

**શ્રી રમેશભાઇ બુરિચા**
૩૦૧, સનશાઇન હાઇટસ,
જ્ઞાનમંદિર રોડ, દાદર (વેસ્ટ),
મુંબઇ - ૪૦૦ ૦૨૮
ફોન: **2438 8787 / 9820498454**

**ઘાટકોપર:**

**શ્રી વિજયભાઇ બોટાદરા,**
B/27, મહાવિર - પ્રકાશ,
વલ્લભબાગ લેન,
ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૭.
ફોન: **2506 8790 / 98191 95353**

**કલકત્તા:**

**શ્રી પ્રકાશભાઇ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ,
ખાલસા સ્કુલની સામે, ભવાનીપુર, કલકત્તા
-૨૦.
ફોન: **033-24868518 / 9830331010**

**રાજકોટ:**

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
સ્વરૂચી, યોગીનિકેતન પ્લોટ,
સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ
રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન: **0281-2477728 / 9374100508**

**જામનગર:**

શ્રી પરેશભાઇ વાધર
૨૫, દિગ્વીજય પ્લોટ, જામનગર.
ફોન: **02882-560566**

**સોનગઢ:**

**ડૉ. માધુરીબેન એસ. નંદુ**
ધ્રુવધામ, રોજકોટ-ભાવનગર મેઇનરોડ,
મુ.પો. સોનગઢ, જી. ભાવનગર.
ફોન: **02846-244132**

શ્રી સમાધિતંત્ર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી ના રેકોર્ડ થયેલા ૧૧૫ પ્રવચનો ટોટલ પાંચ ભાગમાં પ્રકાશિત કરવામાં આવશે.

શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર, બોરીવલીનુ આ 'સમાધિની સ્વતંત્રતા - ભાગ ૫' તે નવમું પુસ્તક છે.

આ પુસ્તક પ્રકાશનમાં અજાણતાં કાંઇ ક્ષતિ રહી ગઇ હોય તો તે બદલ અમો ક્ષમા માંગીએ છીએ અને મુમુક્ષુગણ પાસે માર્ગદર્શનની અપેક્ષા પણ રાખીએ છીએ.

અંતમાં આ પુસ્તકનાં સ્વાધ્યાયથી સૌ આત્માર્થીઓ પૂજ્ય આચાર્ય ભગવંત તથા પૂજ્ય ગુરુદેવશ્રીનું હૃદય સમજીને પોતાના જ્ઞાન - શ્રદ્ધાનમાં અવધારીને ત્વરીત પોતાના ભગવાન આત્માના દર્શન કરી લ્યે તેવી મંગલ ભાવના....

## —: શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચારના પ્રકાશનો :-

૧. સ્વતંત્રતાનો ઢંઢેરો

૨. સ્વતંત્રતાની પરાકાષ્ટા

૩. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૧

૪. જ્ઞાનનો સ્વતંત્ર સ્વયંવર

૫. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૨

૬. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૧ (સુ. આ.)

૭. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૩

૮. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૪

આ પુસ્તક http:/www.AtmaDharma.com તથા http:/www.vitragvani.com પર ઉપલબ્ધ છે.

## સમાધિપ્રાપ્ત સર્વે સંતોને નમસ્કાર

# પ્રકાશકીય નિવેદન

શરીરાદિ પરપદાર્થોમાં તથા પરભાવોમાં એકત્વબુદ્ધિ છોડીને, સંસારથી મુક્ત થવાના દિવ્ય સંદેશા **ભગવાન શ્રીપૂજ્યપાદઆચાર્યે** આ **સમાધિતંત્ર યા સમાધિશતક**માં આપ્યા છે. તે શાસ્ત્ર ઉપર સંસ્કૃતટીકા શ્રીપ્રભાચંદ્રઆચાર્યે કરી છે.

સમાધિની પ્રાપ્તિ સર્વ કાળે દુર્લભ છે, તેમાં પણ આ વર્તમાન યુગમાં તો અત્યંત દુર્લભ છે. છતાં સમાધિપ્રાપ્ત આત્મજ્ઞ સંત ગુરુદેવ **પૂજ્ય શ્રીકાનજીસ્વામી**નાં ભવતાપનાશક અમૃતમય પ્રવચનોથી મુમુક્ષુઓને તેવી સમાધિની પ્રાપ્તિ સુલભ થઇ રહી છે એ મહાન સદ્‌ભાગ્ય છે.

આ શાસ્ત્રનાં પ્રવચનો સુંદર રીતે ટાઇપ કરવા બદ્દલ કુમારી બીનાબેન શેઠનો (કાંદીવલી, મુંબઇ) સંસ્થા આભાર માને છે.

આ શાસ્ત્રનાં પ્રવચનો ફરી-ફરીને વાંચી, સાંભળી, પ્રુફરીડીંગ કરવા બદ્દલ ડૉ. (શ્રીમતી) વસુબેન દિપકભાઇ શાહનો (તારદેવ, મુંબઇ) સંસ્થા ખુબ આભાર માને છે.

પરમપદની પ્રાપ્તિનો માર્ગ દર્શાવનાર આ શાસ્ત્રનાં સારી રીતે અધ્યયન તથા અનુભવ કરીને જગતના સર્વ જીવો આધિ-વ્યાધિ-ઉપાધિ રહિત પરમ જ્ઞાનાત્મક સમાધિની પ્રાપ્તિ કરો એવી ભાવના ભાવીએ છીએ.

**શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર**
**બોરીવલી**

# પ્રસ્તાવના

**ગ્રન્થ – સમાધિતંત્ર અપરનામ સમાધિશતક**

શ્રીપૂજ્યપાદઆચાર્યે આ ગ્રન્થમાં જીવની ત્રણ અવસ્થાઓ – બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સુંદર રીતે નિરૂપણ કર્યું છે અને બહિરાત્માવસ્થા છોડી અંતરાત્માવસ્થાદ્વારા પરમાત્મપદની પ્રાપ્તિ કેવી રીતે થાય તેનો ઉપાય સૂચવ્યો છે. સ્વ-પરના ભેદવિજ્ઞાન વિના અંતરાત્મપણું પ્રગટ થઈ શકે નહિ, તેથી આચાર્યદેવે આ ગ્રન્થમાં ભેદ-વિજ્ઞાનનું મહત્વ વિશેષપણે સમજાવ્યું છે.

આચાર્યદેવે આધ્યાત્મિક રસસાગરને આ નાની ગ્રન્થ-ગાગરમાં અતિ કલાપૂર્ણ કૌશલ્યથી ભરી દીધો છે. તેમાં ભેદજ્ઞાનનો ધ્વની પ્રત્યેક શ્લોકમાં ગુંજી રહ્યો છે. ભેદજ્ઞાનની ભાવના અને તેના અભ્યાસ માટે પૂરતી સામગ્રી પૂરી પાડે છે અને અભ્યાસીને આગળ વધવા માટે સારી પ્રેરણા આપે છે. આધ્યાત્મિક ભાવનાનો આ એક અત્યુત્તમ ગ્રન્થ છે.

પરમાત્મપદની પ્રાપ્તિ ભેદવિજ્ઞાનદ્વારા જ થઈ શકે, બીજી કોઈ રીતે થઈ શકે નહિ – એ બાબત ઉપર ગ્રન્થકારે આગમ, યુક્તિ અને જાત અનુભવદ્વારા પોતાની અનોખી, રોચક, હૃદયગ્રાહી, સરળ શૈલીમાં ઇ સુંદર રીતે પ્રકાશ પાડ્યો છે.

આ ગ્રન્થના અભ્યાસથી ચિત્ત અતિ પ્રફુલ્લિત બને છે અને અનાદિકાળથી અજ્ઞાનવશ થતી ભૂલોને પરંપરાનો પદે પદે બોધ થાય છે. ભેદવિજ્ઞાનદ્વારા તે ભૂલો ટાળી પરમપદની પ્રાપ્તિ કેમ કરવી તેની માર્ગદર્શનપૂર્વક પ્રેરણા, આચાર્યે સચોટ ભાવવાહી શબ્દોમાં કરી છે. આ ગ્રન્થના ભાવપૂર્વક વાંચન, વિચાર અને મનનથી ભવદુ:ખથી સંતપ્ત થયેલા જીવોને આત્મશાન્તિ થયા વગર રહેશે નહિ. ગ્રન્થની એ એક અદ્‌ભૂત ખૂબી છે.

આચાર્યદેવે આ ગ્રન્થની રચના મોક્ષમાર્ગના અભિલાષી જીવોને લક્ષમાં રાખીને કરી છે– એ વાત શ્લોક (૩) ઉપરથી જણાઈ આવે છે.

અંતિમ શ્લોક (૧૦૫) માં ગ્રન્થનો ઉપસંહાર કરતાં આચાર્યદેવે ગ્રન્થના નામ– **'સમાધિતંત્ર'**–નો નિર્દેશ કરી તેની ઉપયોગિતા દર્શાવતાં કહ્યું છે કે આ મોક્ષમાર્ગભૂત ગ્રન્થનો સારી રીતે અભ્યાસ કરી તથા તેને અનુભવમાં ઉતારી, પરમાત્મામાં નિષ્ઠાવાન જીવ પરમપદની–પરમસુખની પ્રાપ્તિ કરી શકે છે.

આ ગ્રન્થમાં આત્મ-વિષયને સ્પષ્ટ કરવા માટે એકાર્થવાચક ભિન્ન ભિન્ન શબ્દોનો સુંદર શૈલીમાં જે પ્રયોગ કરવામાં આવ્યો છે તે જોતાં, સાહિત્યદ્રષ્ટિએ પણ ગ્રન્થની મહત્તા વિશેષ પ્રતિભાસે છે. રચનાચાતુર્ય અને શબ્દપ્રયોગનું કૌશલ્યાદિ કર્તાનું



# પરમ પૂજ્ય શ્રી પૂજ્યપાદ સ્વામી

સંસ્કૃતભાષાનું અગાધ જ્ઞાન પ્રગટ કરે છે.

પ્રસ્તુત ગ્રન્થ ભાષા-સૌષ્ઠવ, પદ્ય-રચના અને સાહિત્યગુણોની દ્રષ્ટિએ જૈન સાહિત્યમાં એક વિશિષ્ઠ - અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે.

આ ગ્રન્થના સંસ્કૃત-ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર પોતાની ટીકા-પ્રશસ્તિમાં, ગ્રન્થના અપર નામ **'સમાધિશતક'** નો ઉલ્લેખ કર્યો છે. આથી પ્રસ્તુત ગ્રન્થ, **'સમાધિતંત્ર' અને 'સમાધિશતક'** - એ બંને નામોથી જૈન સમાજમાં પ્રસિદ્ધ છે.

## ગ્રન્થકર્તા શ્રી પૂજ્યપાદાચાર્ય

શ્રી પૂજ્યપાદાચાર્ય મૂલસંઘ - અન્તર્ગત નન્દિસંઘના પ્રધાન આચાર્ય હતા. તેઓ સુપ્રસિદ્ધ, બહુ પ્રતિભાશાલી, પ્રખર તાર્કિક વિદ્વાન્ અને મહાન તપસ્વી હતા.

## સમય

શ્રવણ બેલ્ગોલના શિવાલેખ નં.૪૦(૧૦૮)માં ઉલ્લેખ છે કે તેઓ **શ્રી સમંતભદ્રાચાર્ય**ની પછી થયા અને તેઓ તેમના મતાનુયાયી હતા.

તેમણે પોતાના **'જૈનેન્દ્ર વ્યાકરણ'**માં 'चतुष्टयं समन्तभद्रस्य' (૫-૪-૧૬૮)-એવો ઉલ્લેખ કર્યો છે. તે પણ બતાવે છે કે શ્રી સમન્તભદ્રાચાર્ય તેમના પૂર્વગામી હતા.

વિદ્વાનોના મત પ્રમાણે શ્રી સમન્તભદ્રાચાર્ય ઈ.સ.૨૦૦માં બીજી શતાબ્દિમાં થઈ ગયા.

**શ્રી ભટ્ટાકલંકદેવે** (સમય-ઈ.સ.૬૨૦ થી ૬૮૦) પોતાની **'તત્વાર્થરાજવાર્તિક'** માં અને શ્રી વિદ્યાનંદે (સમય ઈ.સ. ૭૭૫ થી ૮૦૦) પોતાની **'તત્વાર્થશ્લોકવાર્તિક'** ટીકામાં, શ્રી પૂજ્યપાદરચિત **'સર્વાથસિદ્ધિ'** નાં વાક્યોનો ઉપયોગ અને અનુસરણ કર્યું છે. આથી અનુમાન થાય છે કે શ્રી પૂજ્યપાદ સ્વામી શ્રી ભટ્ટાકલંકદેવની પહેલાં અર્થાત્ ઈ.સ.૬૨૦ પહેલા થઈ ગયા હોવા જોઈએ.

આ બંને આધારોથી સાબિત થાય છે કે તેઓ ઈ.સ.૨૦૦ અને ઈ.સ.૬૨૦ની વચ્ચેના કાળમાં થઈ ગયા.

શિલાલેખો અને ઉપલબ્ધ જૈન સાહિત્ય ઉપરથી વિદ્વાનોએ નક્કી કર્યું છે કે આ સુપ્રસિદ્ધ આચાર્ય ઈ.સ.પાંચમી શતાબ્દિમાં અને વિક્રમની છઠ્ઠી શતાબ્દિમાં થઈ ગયા.

## નિવાસસ્થાન અને માતા-પિતાદિ

તેઓ કર્ણાટક દેશના નિવાસી હતા. કન્નડ ભાષામાં લખેલા **'પૂજ્યપાદચરિતે'** તથા **'રાજાવલીકથે'** નામના ગ્રન્થોમાં તેમના પિતાનું નામ **'માધવભટ્ટ'** અને માતાનું નામ **'શ્રીદેવી'** આપ્યું છે અને અને લખ્યું છે કે તેઓ બ્રાહ્મણકુલમાં ઉત્પન્ન થયા હતા.

શ્રી દેવસેનાચાર્ય કૃત **'દર્શનસાર'** માં લખ્યું છે કે તેમના એક વજનન્દી નામના શિષ્યે વિ.સં.પ૨૬માં દ્રાવિડ સંઘની સ્થાપના કરી.

## તેમનું નામ

તેમનું દીક્ષાનામ દેવનન્દી હતું; અને પાછળથી તેઓ પૂજ્યપાદ, જિનેન્દ્રબુદ્ધિ આદિ અપર નામોથી લોકમાં પ્રસિદ્ધ થયા.

શ્રવણ બેલ્ગોલાના શિલાલેખમાં ઉલ્લેખ છે કે

**यो देवनन्दिप्रथमाभिधानो बुद्ध्या महत्या स जिनेन्द्रबुद्धिः ।**
**श्री पूज्यपादोऽजनि देवताभिर्यत्पूजितं पादयुगं यदीयम् ।।**

(-શ્રમણ બેલ્ગોલ શિ.લે.નં. ૪૦(૬૪); શક સં.૧૦૮૫)

**प्रागभ्यधायि गुरुणा किल देवनन्दी,**
**बुद्ध्या पुनर्विपुलया स जिनेन्द्रबुद्धिः ।**
**श्री पूज्यपाद इति चैव बुधैः प्रचख्ये,**
**यत्पूजितः पदयुगे वनदेवताभिः ।।**

(-શ્ર.શિ.લે.નં. ૧૦૫ (૨૫૪); શક સં. ૧૧૨૦)

ઉપરોક્ત લેખોથી જણાય છે કે તેઓ ત્રણ નામ-દેવનન્દી, જિનેન્દ્રબુદ્ધિ અને પૂજ્યપાદ-થી પ્રસિદ્ધ હતા. દેવનન્દી-એ તેમના ગુરુએ આપેલું દીક્ષાનામ છે, બુદ્ધિની પ્રકર્ષતા-વિપુલતાના કારણે તેઓએ પાછળથી **'જિનેન્દ્રબુદ્ધિ'** -એ નામ પ્રાપ્ત કર્યું અને તેમના ચરણયુગલની દેવતાઓએ પૂજા કરી તેથી બુધજનોએ તેમને **'પૂજ્યપાદ'** નામથી વિભૂષિત કર્યા.

## તેમની અદ્‌ભૂત જીવન-ઘટનાઓ

નીચેના શિલાલેખો તેમના જીવન ઉપર સારો પ્રકાશ પાડે છે :-

**श्रीपूज्यपादोद्धृतधर्मराज्यस्ततः सुराधीश्वरपूज्यपाद : ।**
**यदीयवैदुष्यगुणानिदानीं वदन्ति शास्त्राणि तदुद्धृतानि ।।**
**धृतविश्वबुद्धिरयमत्र योगिभिः कृतकृत्यभावमनुबिभ्रदुच्चकैः ।**
**जिनवद् बभूव यदनङ्गचापहृत्स जिनेन्द्रबुद्धिरिति साधुवर्णितः ।।**

(-શ્ર.શિ.લે.નં. ૧૦૮(૨૫૮); શક સં. ૧૩૫૫)

श्रीपूज्यपादमुनिरप्रतिमौषर्द्धि र्जीयाद्विदेहजिनदर्शनपूतगात्र : ।
यत्पादधौतजलसंस्पर्शप्रभावात् कालायसं किल तदा कनकीयकार ।।

(-શ્ર.શિ.લે.નં. ૧૦૮(૨૫૮)

ઉપરોક્ત શિલાલેખોમાં દર્શાવ્યું છે કે –

શ્રી પૂજ્યપાદે ધર્મરાજ્યનો ઉદ્ધાર કર્યો, દેવોના અધિપતિઓએ તેમનું પાદપૂજન કર્યું તેથી તેઓ પૂજ્યપાદ કહેવાયા, તેમના દ્વારા ઉદ્ધાર પામેલાં શાસ્ત્રો આજે પણ તેમના વિદ્યાવિશારદ ગુણોનું કીર્તિગાન કરે છે. તેઓ જિનવત્ વિશ્વબુદ્ધિના ધારક હતા અર્થાત્ સમસ્ત શાસ્ત્ર-વિષયોમાં પારંગત હતા. તેમણે કામદેવને જીત્યો હતો તેથી કૃતકૃત્યભાવધારી ઉચ્ચ કોટિના યોગીઓએ તેમને **'જિનેન્દ્રબુદ્ધિ'** નામે વર્ણવ્યા છે.

વળી આ શિલા-લેખમાં એવો પણ ઉલ્લેખ છે કે

૧.તેઓ અદ્વિતીય ઔષધ-ઋદ્ધિના ધારક હતા,
૨.વિદેહક્ષેત્રેસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થઈ ગયું હતું;
૩.તેમના પાદોદક (ચરણ-જલ)ના સ્પર્શથી એક વખત લોઢું પણ સોનુ થઈ ગયું હતું.

આ ઉપરાંત ઘોર તપશ્ચર્યાદિથી તેમની આંખનું તેજ નષ્ટ થયું હતું, પરંતુ શાન્ત્યષ્ટક ના એકાગ્રતાપૂર્વક પાઠથી નેત્ર-તેજ પુન: પ્રાપ્ત થયું હતું.
મહા યોગીઓને માટે આવી ઘટનાઓ અસંભવિત નથી.

## ગ્રન્થરચના

શ્રી પૂજ્યપાદ સ્વામીએ જે ગ્રન્થો રચ્યા છે તેમાં 'જૈનેન્દ્ર વ્યાકરણ', શબ્દાવતાર; સર્વાર્થસિદ્ધિ, સમાધિતંત્ર, ઈષ્ટોપદેશાદિ ગ્રન્થો પ્રમુખ સ્થાને છે. નીચેના શિલાલેખથી તેમના રચિત ગ્રન્થોનો ખ્યાલ આવે છે

जैनेन्द्रं निजशब्दभागमतुलं सर्वार्थसिद्धिः परा,
सिद्धान्ते निपुणत्वमुद्धकवितां जैनाभिषेक: स्वक: ।
छन्द: सूक्ष्मधियं समाधिशतकं स्वास्थ्यं यदीयं विदा
माख्यातीह स पूज्यपादमुनिष: पूज्यो मुनीनां गणै: ।।४।।

(-શ્ર.શિ.લે.નં. ૪૦)

જેમનું **'જૈનેન્દ્ર વ્યાકરણ'** શબ્દશાસ્ત્રોમાં પોતાના અનુપમ સ્થાનને, **'સર્વાર્થસિદ્ધિ'** સિદ્ધાન્તમાં પરમ નિપુણતાને, **'જૈનાભિષેક'** ઉચ્ચ કક્ષાની કવિતાને, **'છન્દશાસ્ત્ર'** બુદ્ધિની સૂક્ષ્મતા (રચનાચાતુર્ય)ને અને **'સમાધિશતક'** સ્વાત્મસ્થિતિ (સ્થિતપ્રજ્ઞતા)ને સંસારમાં વિદ્વાનો પ્રતિ જાહેર કરે છે, તે પૂજ્યપાદ મુનીન્દ્ર મુનિગણોથી પૂજનીય છે.

## જૈનેન્દ્ર વ્યાકરણ

આ સંસ્કૃત વ્યાકરણનો ગ્રન્થ છે. તેનાં સૂત્રોના લાઘવાદિના કારણે તેનું મહત્વ ઘણું છે, અને તેથી તેણે લોકમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. ભારતમાં આઠ પ્રમુખ શાબ્દિકોમાં આ વ્યાકરણના કર્તા શ્રી પૂજ્યપાદ સ્વામીની સારી ગણના છે.

**सर्वव्याकरणे विपश्चिदधिपः श्रीपूज्यपादः स्वयम् ।**

(શ્ર.શિ.લે.નં. ૪૭, ૫૦)

**जैनेन्द्रे पूज्यपादः**

(શ્ર.શિ.લે.નં. ૫૫)

સર્વ વ્યાકરણોમાં, શ્રી પૂજ્યપાદ સ્વયં વિદ્વાનોના અધિપતિ હતા; અર્થાત્ સર્વ વ્યાકરણ પંડિતોમાં શિરોમણિ હતા.

## શબ્દાવતાર

આ પણ વ્યાકરણનો ગ્રન્થ છે. તે પ્રખ્યાત વૈયાકરણ પાણિનીના વ્યાકરણ ઉપર લખેલો 'શબ્દાવતાર' નામનો ન્યાસ છે. 'નગર' તાલુકાના શિલાલેખમાં પણ તેનો ઉલ્લેખ છે.

## સર્વાર્થસિદ્ધિ

શ્રી ઉમાસ્વામી રચિત '**તત્ત્વાર્થસૂત્ર**' ની સંસ્કૃત ટીકારૂપે આ ગ્રન્થ છે. '**તત્ત્વાર્થસૂત્રની**' આ સૌથી પ્રથમ ટીકા છે. તેની પછી શ્રી અકલંકદેવે '**તત્ત્વાર્થ રાજવાર્તિક**' અને શ્રી વિદ્યાનંદે '**તત્ત્વાર્થશ્લોક**' નામની ટીકાઓ લખી. આ ટીકાઓમાં '**સર્વાર્થસિદ્ધિ**' નો સારો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેનું ઠીક પ્રમાણમાં અનુસરણ કરવામાં આવ્યું છે. સિદ્ધાંત ગ્રન્થોમાં આ ગ્રન્થ બહુજ પ્રમાણભૂત ગણાય છે અને જૈન સમાજમાં તેનું સારું મહત્વ અંકાય છે.

## સમાધિતંત્ર અને ઈષ્ટોપદેશ

આ બંને આધ્યાત્મિક ગ્રન્થો છે. સમાધિતંત્રનું અપરનામ સમાધિશતક છે. તેની સં.ટીકા શ્રી પ્રભાચંદ્રે કરી છે અને ઈષ્ટોપદેશની સં.ટીકા પં.આશાધરજીએ કરી છે. બંને ગ્રન્થો જૈન-સમાજમાં સુપ્રસિદ્ધ છે.

શ્રી પૂજ્યપાદાચાર્યે '**સમાધિતંત્ર**' માં શ્રી કુંદકુંદાચાર્ય જેવા પ્રાચીન આચાર્યોનાં આગમ-વાક્યોનું સફળતાપૂર્વક અનુસરણ કર્યું છે. મોક્ષ પાહુડ, સમયસારાદિ આધ્યાત્મિક શાસ્ત્રોનો આંશિક પ્રતિધ્વનિ, આ ગ્રન્થમાં તુલનાત્મક દ્રષ્ટિવાળાને જરૂર જણાયા વગર રહેશે નહિ.


## ઉપસંહાર

શિલાલેખો, ઉપલબ્ધ ગ્રન્થો અને ઐતિહાસિક ગવેષણાથી જ્ઞાત થાય છે કે **પૂજ્યપાદ સ્વામી** એક સુપ્રતિષ્ઠિત જૈન આચાર્ય, અદ્વિતીય વૈયાકરણ, મહાન દાર્શનિક, ધુરંધર કવિ, મહાન્ તપસ્વી અને યુગપ્રધાન યોગીન્દ્ર હતા. મહત્વના વિષયો ઉપર તેમણે જે ગ્રન્થો રચ્યા છે તે તેમની અપાર વિદ્વત્તાની સાક્ષી પૂરે છે.

તેમના દિગંતવ્યાપી યશ અને વિદ્વત્તાથી આકર્ષાઈ કર્ણાટકના ઇ.સ.૮મી, ૯મી, ૧૦મી શતાબ્દિના પ્રાયઃ સર્વ પ્રાચીન વિદ્વાન કવિઓએ પોતપોતાના ગ્રન્થોમાં બહુ ભક્તિ - ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પી તેમની મુક્તકંઠે ખૂબ ખૂબ પ્રશંસા કરી છે.

## સંસ્કૃત ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર

પ્રસ્તુત ગ્રન્થની સંસ્કૃત ટીકાને અંતે આપેલી પ્રશસ્તિ ઉપરથી જણાય છે કે શ્રી પ્રભાચંદ્ર (પ્રભેન્દુ) આ ગ્રન્થના સંસ્કૃત ટીકાકાર છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે તેઓ 'શ્રી સમન્તભદ્રાચાર્ય' રચિત 'રત્નકરંડ-શ્રાવકાચાર' ના પણ સંસ્કૃત ટીકાકાર છે. તેમણે સમાધિતંત્રના (સમાધિશતકના) પ્રત્યેક શ્લોકમાં ગર્ભિત રહેલા ભાવને (હાર્દને) સરળ સંસ્કૃત ભાષામાં સારી રીતે વ્યક્ત કર્યો છે.




ભૂતકાળના ‘રાજેન્દ્ર’, વર્તમાનનાં ‘યોગીન્દ્ર’, ભાવિના ‘જિનેન્દ્ર’ એવા અનંત ઉપકારી

પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ભૂતકાળના 'રાજેન્દ્ર', વર્તમાનના 'યોગીન્દ્ર', ભાવિના 'જિનેન્દ્ર' એવા
અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવન પરિચય)

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જીલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઇના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિ. સં.૧૯૪૬ વૈશાખ સુદ બીજ, (તા. ૨૧.૪.૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા આ ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઇ ગયો હતો. કોઇક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંત સ્વભાવ, સૌમ્ય ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઇ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિં અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે, માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ, પિતાજીનો સ્વર્ગવાસ થતાં, સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતાં નહિં. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળ સ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે, ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીનું કાવ્યની રચના કરે છે:

''શીવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રીના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે અજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સ.૧૯૭૦, ઇ. સ. ૧૯૧૪) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઇક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય છે ને ? જો કે ગુરુદેવશ્રીને હજુ દિગંબર શાસ્ત્રો મળ્યા નહોતાં, છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતા પૂર્વક સિંહગર્જના કરે છે – ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિં. જીવ પોતાના ઉંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.''

વિ. સં.૧૯૭૮ (ઇ. સ.૧૯૨૨)માં મહાવીરપ્રભુના શાસન – ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સુચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઇ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ વિરચિત 'સમયસાર' નામનું મહાન પરમાગમ એક શેઠ દ્વારા મહારાજશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે – ''શેઠ ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતી નિજ ઘર દેખે છે. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, મોક્ષમાર્ગપ્રકાશક, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાનદીપિકા વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી તેઓશ્રીને નિશંક નિર્ણય થઇ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઇક અને બહારમાં વેષ કંઇક – એવી સ્થિતી તેમને અસહ્ય થઇ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતા કરતા, સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા'' નામના એકાંત મકાનમાં ''મહાવીર જન્મકલ્યાણક''ના દિવસે (વિ. સ.૧૯૯૧, ચૈત્ર સુદ તેરસ, ઇ. સ.૧૯૩૫) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિન્હ મુહ્પતિનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે: ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી; સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.'' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભૂત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઇન્ડિયા' માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન - પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યા મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં.૧૯૯૪ (ઇ. સ.૧૯૩૮) વૈશાખ વદ ૮ (આઠમ)ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના - મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઉંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા. જેમાં શ્રીસમયસાર ગ્રંથ પર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, સમયસાર કળશ - ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ઇ. સ.૧૯૬૦થી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ ગુરુવાણી દેશ – વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમ જ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર – ઘેર ગુંજતી થઇ ગઇ છે, તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ – વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં.૨૦૦૦ ના માગશર (ઇ. સ. ૧૯૪૩ ડીસેમ્બર) માસથી ''આત્મધર્મ'' નામની માસિક અધ્યાત્મ – પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઇ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઇ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું દૈનિક ''શ્રી સદ્‌-ગુરુ પ્રવચનપ્રસાદ'' સપ્ટેમ્બર, ૧૯૫૦થી નવેમ્બર, ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો – મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો

અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તકો છપાવવાનું કાર્ય વિ. સં.૧૯૯૯ (ઇ. સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ - વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઇ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ પર અપાર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દશલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ - વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં.૧૯૯૭(ઇ. સ.૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થાય છે. વડિલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં.૨૦03 (ઇ. સ.૧૯૪૭)ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવે છે.

સોનગઢમાં વિ. સં.૧૯૯૭(ઇ. સ.૧૯૪૧)ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઇ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર - પાંચ દિગંબર જિનમંદિરો હતાં અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી

પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં દરરોજ અડધો કલાક ભક્તિ થાય છે. જેમાં જિનવરભક્ત ગુરુરાજ હમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય - વ્યવહારની અપૂર્વ સંધીપૂર્વકનું હતું.

ઇ. સ.૧૯૪૧ થી ઇ. સ.૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર - ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નૈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઇ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઇ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક ૮૦૦ પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધીનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઇમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદ્શિખરજીની યાત્રા નિમિત્તે ઇ. સ.૧૯૫૭ અને ઇ. સ.૧૯૬૭માં - એમ બે વખત, સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૭ અને ઇ. સ.૧૯૬૭માં - એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાન્તકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઇ ગઇ. આ સત્પુરુષને અનેક

સ્થાનોએથી લગભગ ૮૦ જેટલાં અભિનંદન પત્ર અર્પણ થયા છે.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ.૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઇ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતાં, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

વિ. સં.૨૦૩૭ કારતક વદ ૭,(તા.૨૮.૧૧.૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ - દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી, અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ જ દૂર જન્મ લઇને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહી દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું, તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; આવો પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેઓશ્રીના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું

નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એજ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, કર્મબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધસ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ - વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમપ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમ કે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતાં જ નહિં. દિવ્યભાવશ્રુતધારી આ પુરણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે:

## : સિદ્ધાંતો :

૧. એક દ્રવ્ય, બીજા દ્રવ્યને અડે નહિં, સ્પર્શે નહિં.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે; વ્યય કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ, પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિને કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦ ધ્રુવનું આલંબન, પણ વેદન નહિં; અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિં.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રૂચતાં જગતની રૂચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહિં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઇ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઇ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું સત્ સત્ જ્ઞાન જ્ઞાન ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો પૂરજો શક્તિશાળી!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક ક્રમાંક | પાના ક્રમાંક |
|---|---|---|---|
| પ્રવચન - ૯૧ | ૧૬.૦૭.૧૯૭૫ | ૭૮, ૭૯ | ૩૧ થી ૪૫ |
| પ્રવચન - ૯૨ | ૧૭.૦૭.૧૯૭૫ | ૭૮, ૭૯ | ૪૬ થી ૬૧ |
| પ્રવચન - ૯૩ | ૧૮.૦૭.૧૯૭૫ | ૭૯, ૮૦ | ૬૨ થી ૭૬ |
| પ્રવચન - ૯૪ | ૧૯.૦૭.૧૯૭૫ | ૮૦, ૮૧ | ૭૭ થી ૯૧ |
| પ્રવચન - ૯૫ | ૨૦.૦૭.૧૯૭૫ | ૮૧, ૮૨ | ૯૨ થી ૧૦૬ |
| પ્રવચન - ૯૬ | ૨૧.૦૭.૧૯૭૫ | ૮૨, ૮૩ | ૧૦૭ થી ૧૨૧ |
| પ્રવચન - ૯૭ | ૨૨.૦૭.૧૯૭૫ | ૮૪ | ૧૨૨ થી ૧૩૬ |
| પ્રવચન - ૯૮ | ૨૩.૦૭.૧૯૭૫ | ૮૫ | ૧૩૭ થી ૧૫૪ |
| પ્રવચન - ૯૯ | ૨૪.૦૭.૧૯૭૫ | ૮૫, ૮૬ | ૧૫૫ થી ૧૭૧ |
| પ્રવચન - ૧૦૦ | ૨૫.૦૭.૧૯૭૫ | ૮૬, ૮૭ | ૧૭૨ થી ૧૮૬ |
| પ્રવચન - ૧૦૧ | ૨૬.૦૭.૧૯૭૫ | ૮૭ | ૧૮૭ થી ૨૦૧ |
| પ્રવચન - ૧૦૨ | ૨૭.૦૭.૧૯૭૫ | ૮૮, ૮૯ | ૨૦૨ થી ૨૧૯ |
| પ્રવચન - ૧૦૩ | ૨૮.૦૭.૧૯૭૫ | ૮૯, ૯૦ | ૨૨૦ થી ૨૩૪ |
| પ્રવચન - ૧૦૪ | ૨૯.૦૭.૧૯૭૫ | ૯૧ | ૨૩૫ થી ૨૫૧ |
| પ્રવચન - ૧૦૫ | ૩૦.૦૭.૧૯૭૫ | ૯૧, ૯૨ | ૨૫૨ થી ૨૬૮ |
| પ્રવચન - ૧૦૬ | ૩૧.૦૭.૧૯૭૫ | ૯૨, ૯૩ | ૨૬૯ થી ૨૮૪ |
| પ્રવચન - ૧૦૭ | ૦૧.૦૮.૧૯૭૫ | ૯૩ | ૨૮૫ થી ૨૯૯ |
| પ્રવચન - ૧૦૮ | ૦૨.૦૮.૧૯૭૫ | ૯૩, ૯૪ | ૩૦૦ થી ૩૧૪ |
| પ્રવચન - ૧૦૯ | ૦૩.૦૮.૧૯૭૫ | ૯૫, ૯૬ | ૩૧૫ થી ૩૨૯ |

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| પ્રવચન - ૧૧૦ | ૦૪.૦૮.૧૯૭૫ | ૯૬, ૯૭ | ૩૩૦ થી ૩૪૫ |
| પ્રવચન - ૧૧૧ | ૦૫.૦૮.૧૯૭૫ | ૯૭ | ૩૪૬ થી ૩૫૯ |
| પ્રવચન - ૧૧૨ | ૦૬.૦૮.૧૯૭૫ | ૯૮ | ૩૬૦ થી ૩૭૪ |
| પ્રવચન - ૧૧૩ | ૦૭.૦૮.૧૯૭૫ | ૯૯ | ૩૭૫ થી ૩૯૧ |
| પ્રવચન - ૧૧૪ | ૦૯.૦૮.૧૯૭૫ | ૯૯, ૧૦૦ | ૩૯૨ થી ૪૧૦ |
| પ્રવચન - ૧૧૫ | ૧૦.૦૮.૧૯૭૫ | ૧૦૦ | ૪૧૧ થી ૪૨૫ |


**૧૦૧ થી ૧૦૫ શ્લોકનાં પ્રવચનો ઉપલબ્ધ નથી.**

**મુળ શાસ્ત્રમાંથી શ્લોક ત્થા ટીકા અક્ષરશઃ મુકવામાં આવેલ છે.**


| | | | |
|---|---|---|---|
| --- --- | --- --- --- | ૧૦૧ | ૪૨૬ થી ૪૨૭ |
| --- --- | --- --- --- | ૧૦૨ | ૪૨૮ થી ૪૨૯ |
| --- --- | --- --- --- | ૧૦૩ | ૪૨૯ થી ૪૩૨ |
| --- --- | --- --- --- | ૧૦૪ | ૪૩૨ થી ૪૩૩ |
| --- --- | --- --- --- | ૧૦૫ | ૪૩૩ થી ૪૩૫ |

# પ્રવચન – ૯૧

## શ્લોક – ૭૮ અને ૭૯

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૧૬.૦૭.૭૫**

[૧] **व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे।**
**जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे ।।७८।।**

સૂતો જે વહેવારમાં, તે જાગે નિજમાંય;
જાગૃત જે વહેવારમાં, સુષુપ્ત[૨] આત્મામાંય. ।। ૭૮ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ..

---

१. जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि ।
जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणे कज्जे ।।३१।। (मोक्षप्रामृते, कुंदकुंदाचार्य)

૨. સુષુપ્ત – સૂતેલ।

સમાધિતંત્ર ૭૮ ગાથા. ટીકાઃ વહેવારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ એવો વહેવાર. એમ વહેવારની વ્યાખ્યા કરી. બહુ સરસ. વિકલ્પ જેનું લક્ષણ એનું નામ વહેવાર. આહાહા! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ હો, જાત્રાનો હો, વાંચવાનો હો, શ્રવણનો હો એ વિકલ્પ છે ઇ વહેવાર છે. આહાહા! ઝીણી વાત બાપુ! ભગવાનનો મારગ સૂક્ષ્મ છે. વિકલ્પ નામ જેનું લક્ષણ, એવો જે વહેવાર, એમાં જે તત્પર નથી, એના ઉપર જેને રસ નથી એવા શુભ વિકલ્પો દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિના એવા ભાવમાં જેને તત્પરતા, રસ નથી, એ આત્માના અનુભવને કરી શકે છે. આહાહા! આવી વાત છે. ઝીણી વાત બાપુ! મારગ એવો વીતરાગનો છે. અત્યારે તો એણે ડોળી નાખ્યો છે બધો મારગ. આહાહા!

આંહી તો કહે છે કે જે પરની દયા પાળવાનો ભાાવ, પૂજાનો ભાવ, ભગવાનની જાત્રાનો ભાવ, ભગવાનના સ્મરણનો ભાવ, સાંભળવાનો ભાવ, કહેવાનો ભાવ આહાહા! બધો વહેવાર છે અને એનું લક્ષણ વિકલ્પ છે. આહાહા! રાગ, એ રાગમાં જે તત્પર નથી, રાગનો જેને રસ નથી અને રાગનો જેને આદર નથી આહાહા! તે આત્મદર્શનમાં - આત્મવિષયમાં જાગે છે. આહાહા! તે આત્મા આનંદ સ્વરૂપ સહજાનંદમૂર્તિ પ્રભુ સહજાનંદ, પંચાસ્તિકાયમાં લીધું છે ને? પહેલો શ્લોક લીધો છે. સહજ આનંદમય પ્રભુ છે આત્મા, અને સહજ ચૈતન પ્રકાશમય હોવાથી તે અતિ મહાન પદાર્થ છે. આંહી સાંભળ્યું ન હોય કે આ શું કહે છે? આહાહા! ભગવાન આત્મા અંદર એને આત્મા કહીએ કે જેમાં સહજ આનંદ ભર્યો છે, અતીન્દ્રિય આનંદ. સહજ આનંદમય અને સહજ ચૈતનના પ્રકાશમય, એવો હોવાથી અતિ મહાન પદાર્થ છે. આહાહા!

એવા પદાર્થમાં તત્પરતા કોને હોય? કે જેને વહેવારની ક્રિયાકાંડના રાગમાં રસ નથી. જેને વહેવારની દયા, દાન, ભક્તિ, પૂજાના ભાવમાં આદર નથી, તે આવા આત્માનો આદર કરી શકે છે. આહાહા! સમજાણું કાંઇ? (શ્રોતા : નિશ્ચય ને વહેવાર પ્રતિપક્ષ છે) પ્રતિ વિરુદ્ધ છે ને! એક તો એ ન્યાય આવ્યો'તો કે ઓલું હમણાં આવ્યું હતું ને આપણે કે આત્મામાં શરીરનો અભાવ છે. ભગવાન આત્મામાં શરીર આ જડ માટી એનો તો અભાવ છે, તો જેનો અભાવ એને કરે શું? (શ્રોતા : એનો અકર્તા છે) અકર્તા છે. બીજી રીતે સહજાનંદ સ્વરૂપ, સહજ ચૈતન્ય પ્રકાશ સ્વરૂપ ભગવાન આત્મા, એમાં રાગ વહેવાર વિકલ્પનો અભાવ છે. આહાહા! તો જેનો અભાવ એને કરે શું? આહાહા! એથી આગળ જતાં એ પર્યાયનો દ્રવ્યમાં અભાવ છે તો તે પર્યાયને કરે શું દ્રવ્ય? આહાહા!

એ શાંતિભાઈ ! સાંભળતા નથી લાગતા બરાબર, ઓછું સાંભળે લાગે છે. આ મૃત્યુ મહોત્સવની વાત કરી. જ્ઞાનીને તો આમ કરવું પણ અમારે અજ્ઞાનીને શું કરવું એમ પૂછે છે. શું કીધું ? દિલીપની કાકી પૂછે છે. સાંભળે છે ક્યાં એ ? ભાઈ ! આ તો મૃત્યુ મહોત્સવની વાત આવી એ તો જ્ઞાનીને માટે છે પણ હવે અમારે શું કરવું ? કીધું વાત સાચી. તમારે આ કરવું કે પર વસ્તુ છે તેનો હું કર્તા નથી. કેમ કે પર વસ્તુ મારામાં નથી, મારામાં હોય એને હું કરું. આહાહા ! આવો વીતરાગ મારગ. (શ્રોતા : તો તો ઘરનું કાંઈ કામ કરી ન શકે) કોણ કરી શકે છે ? ઘરના કામ ધૂળ. આ રાંધવાનું, આ ચોખા દાળ બનાવવાનું, ખીચડી બનાવવાનું કામ આત્મા કરે ? આરે આરે ભારે આકરું. બૈરા સાંજે ખીચડી કરે, કઢી કરે, પાપડ ઉના કરે. ભગવાન ત્રણલોકના નાથ, તીર્થંકર દેવ, સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે તારી ચીજમાં એ શરીર ને આ પરચીજ નથી તો એનો તું કર્તા હોઈ શકે નહિં આહાહા ! એનો નિર્ણય તો કર. આહાહા !

હવે આપણે તો આંહી વહેવાર ચાલે છે. જે આત્મામાં દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, ઉપવાસ આદિ કરું, પૂજા કરું, જાત્રા કરું સમ્મેદ્‌શિખરની, શત્રુંજયની, એવો જે વિકલ્પ ઉઠે છે એ વહેવાર છે. વહેવારનું લક્ષણ જ વિકલ્પ છે એમ કહે છે આંહીતો. એય શાંતિભાઈ ! તો એ વિકલ્પનો જેને રસ છે, પ્રેમ છે, રુચિ છે એને આત્માની રુચિ નથી. આહાહા ! એવી વાત છે બાપુ ! મારગ, વીતરાગ સર્વજ્ઞ, ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર, ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે આમ કહેતા હતા એ આ વાત છે. આહાહા ! કહે છે કે આંહી તો આપણે વહેવારની વાત આવી છે. પરનું તો કરી શકે નહિં પણ વહેવાર જે રાગ છે એ પણ જીવનું આત્માનું કર્તવ્ય નથી, કેમ કે એ કર્તવ્ય માને તો તો મિથ્યાદૃષ્ટિ થાય છે. એનો રસ આવે છે વહેવારનો અને નિશ્ચયનો અનાદર થાય છે. આહાહા !

(**શ્રોતા** : વહેવાર કરતાં કરતાં નિશ્ચય થાયને ?) એ વાત જ જૂઠ્ઠી છે તદ્દન. વહેવાર કરતાં કરતાં, વિકલ્પ કરતાં કરતાં નિર્વિકલ્પ થાય (નહિં) ઈ સાટુ(માટે) તો કહે છે. અરે ! કહે છે કે વહેવાર એટલે વિકલ્પ જેનું લક્ષણ. આહાહા ! નિશ્ચય એટલે નિર્વિકલ્પ જેનું લક્ષણ. આહાહા ! મારગ બાપુ, દુનિયાએ માન્યું છે ને એ કર્યું એ જીંદગી હાલી(ચાલી) જાય છે આહાહા ! એ નથી ખબર સાધુને, નથી ખબર નામધારી શ્રાવકને. મારગ એવો બાપુ ! મારગ બહુ જુદી જાતનો છે. આહાહા ! કહે છે કે વહેવારમાં એટલે વિકલ્પમાં, એટલે વિકલ્પ જેનું લક્ષણ. વહેવારમાં એટલે વિકલ્પ જેનું લક્ષણ, એટલે કે વિકલ્પમાં એમ. એટલે કે શુભરાગની વૃત્તિમાં આહાહા ! એમાં જેનું તત્પરપણું નથી.

પ્રવૃત્તિ - નિવૃત્તિ આદિ સ્વરૂપ જે સૂતો છે એટલે કે એવા વિકલ્પમાં જે સૂતો છે એટલે કે તેને જાગૃતપણે મારા છે એમ માનતો નથી. આહાહા! સમજાણું કાંઇ ? ભાઇ, મારગ ધર્મ વીતરાગ મારગ બાપુ! એવો મારગ ક્યાંય બીજે છે નહિં. આહા! અરે દુનિયાને એવું લાગે કે આ તો હાય! હાય! આ બધો વહેવાર કરીએ તો લોપ થઇ જાય છે.

(શ્રોતા : લોપ કરવા) તે સાટું(માટે) તો આંહીયા કહેવાય છે આંહી. આહા! ભગવાન આત્મા સહજ આનંદ અને સહજ ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. એવું જેને સ્વભાવનો આદર થઇને સ્વભાવમાં એકાગ્રતા થાય એને વહેવારનો આદર રહે નહિં. હોય ખરો વહેવાર. સમજાણું કાંઇ ? ભારે વાતું ભાઇ! પછી નિશ્ચય કાઢી નાંખે. એ તો સોનગઢનું છે. અરે! પણ સોનગઢનું છે કે આ તે વસ્તુનું છે. આ તો ભગવાન કહે છે. આહાહા! લોકોને બચારાને મળ્યું નથી અને એમને એમ આંધળી દોડે, એય! આ બધા શેઠીયા થાય વળી ન્યાં એના છે ને સ્થાનકવાસીમાં, એને અગ્રેસર થઇને હલવે. આ મારગ આમ છે ને આ આમ થાય. મિથ્યાત્વનું પોષણ છે એમ કહે છે. કહો સુજાનમલજી! આહાહા! ભારે ગજબ વાત. સમાધિતંત્ર છે ને ? એટલે કે જે વહેવાર એટલે જેનું વિકલ્પ, રાગ લક્ષણ એ રાગ છે. ચાહે તો દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, વ્રતનો, અરે! સાંભળવા વખતનો એ પણ અંદર વિકલ્પ રાગ છે. આહાહા! એ રાગમાં જેને રસ છે, એટલે કે રાગનો જેને આદર છે, એને ભગવાન રાગ વિનાના સ્વભાવનો એને આદર નથી. આહાહા! આ તો સીધી વાત છે.

આ પહેલું સમજવા માટે આ સમજવું છે એમ. આહાહા! આંહી તો વળી આઘુ ગયુ'તું વિચારમાં, આંહી તો આંહી સુધી આવ્યું ને! પણ પર્યાય જે છે એ પણ એક સમયની દશા છે અને એ દશાનો અંશ ત્રિકાળમાં નથી. તો જેમાં નથી એને શી રીતે કરે ? આહાહા! ભારે મારગ બાપુ! વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથના આ કથનો છે બધા. ખબર નથી ને જીંદગી એમ ને એમ ચાલી જાય છે. મિથ્યાત્વ સહિત જીંદગી જાશે ને જાય ચાર ગતિમાં રખડવા. આહાહા! નરક અને પશુ ને ઢોરમાં અવતરશે, મિથ્યાત્વ સહિત છે તે. આહાહા! આંહી કહે છે કે એક વાર સાંભળતો ખરો પ્રભુ તું. જેને વહેવાર નામ વિકલ્પનું જેનું લક્ષણ, એવા વિકલ્પમાં જે તત્પર નથી, એટલે વિકલ્પમાં સૂતો છે. એટલે કે વિકલ્પ મારા છે અને વિકલ્પથી મને હિતકર છે એવી જેને દૃષ્ટિ નથી, એ આત્માની દૃષ્ટિ કરી શકે છે. આહાહા! સમજાણું કાંઇ ? છે ?

વહેવારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ છે. ભારે! આચાર્યો પણ

ભિન્ન ભિન્ન ટીકામાં ભિન્ન ભિન્ન લક્ષણ બાંધે છે. આહાહા! તેમાં સ્થાનરૂપ, વિકલ્પના રાગમાં સ્થાનરૂપ, પ્રવૃત્તિ - નિવૃત્તિ આદિ સ્વરૂપ, શુભમાં પ્રવૃત્તિ ને અશુભથી નિવૃત્તિ, એવો જે વહેવાર તે વિકલ્પ છે. આહાહા! એમાં જે સૂતો છે એટલે કે પ્રયત્ન પરાયણ નથી, એટલે કે વહેવારના રાગમાં જેને આદર નથી, તે આત્મદર્શનમાં એટલે આત્મવિષયમાં જાગે છે. આહાહા! એ આત્માના સંવેદનમાં તત્પર હોય છે. આનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. જેને વહેવારનો રસ નથી તેને આનંદનો રસ છે, ને આનંદમાં તત્પર છે તેને આનંદનો સ્વાદ આવે છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઇ ?

ભારે આવો મારગ ક્યાંનો ક્યાંથી કાઢયો ? કેટલાક એમ કહે. હેં! બાપુ તને ખબર નથી ભાઇ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, મહાવિદેહમાં બિરાજે છે. સીમંધર ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર તરીકે બિરાજે છે ત્યાં આ મુનિ ગયા હતા. આઠ દિન ત્યાં રહ્યા હતા. સમાધિશતક યોગીન્દ્રદેવ પણ કહે છે ને કે પૂજ્યપાદ સ્વામી ગયા હતા એમ કહે છે. ત્યાં ગયા હતા પણ અમથા ન ગયા હોય તો આંહી ગયાને. કુંદકુંદ આચાર્ય તો બધી એક જ વાત છે. આહાહા! એ તો દરેક સંતોની દિગંબર મુનિઓની તો એક જ પડખાની વાત છે. કોઇ મુનિ હો, દ્રવ્યસંગ્રહ કર્તા હોય તો એની એક જ વાત છે. એ સિવાયના મારગ જે બીજા નીકળ્યા, એ બધા તત્ત્વથી વિરુદ્ધ થઇને નીકળ્યા. સમજાણું કાંઇ ? જેમાં આવી તત્ત્વની વાત. સત્ય ચીજ છે નહિં. અસત્યની વાતું. વહેવાર કરો, દયા પાળો, ભક્તિ કરો, જાત્રા કરો (તો) તમારું કલ્યાણ થશે, એ બધી અસત્યની મિથ્યાત્વની વાતું છે. આહાહા! ચેતનજી!

(**શ્રોતા** : અમારે તો ભગવાનની ભક્તિ ને આગમ) આગમ ને મૂર્તિ બે એમ કે પંચમકાળમાં આધાર. આંહી તો ના પાડે છે સાંભળને ભાઇ! મૂર્તિ અને આગમ એ પરવસ્તુ છે. તેના તરફનો તારો ભાવ તે શુભરાગ છે અને એ શુભરાગમાં રસ છે તે મિથ્યાત્વ ભાવ છે. આહાહા! એવું મારગનું સ્વરૂપ બાપુ! તીર્થંકરો કેવળીઓએ કહ્યું એની ખબરું ન મળે અને એમને એમ સંસાર જીંદગી પૂરી થઇ જાય. આહાહા! (શ્રોતા : આ રસ ક્યારે છૂટે ?) આ માને ત્યારે છૂટે. (શ્રોતા : માની લીધું. અમને તો શુદ્ધાત્મા પ્રગટ નથી) ક્યાં માન્યું છે અંદરથી ? અંદરથી માનવું જોઇએને. આહાહા!

જેને વહેવારનું લક્ષણ વિકલ્પ એટલે રાગ એનો જેને અંતરદષ્ટિમાં એનો આશ્રય નથી અને જેનો એમાં આદર નથી. આહાહા! હો, એ જીવ આત્મદર્શનમાં જાગે

છે, એ સમ્યગ્દર્શન એમાં એને થાય છે એમ કહે છે. માણસને લાગે આકરું, પકડાણું ન હોય. બીજુ પકડયુ હોય એટલે આ વાત તેને ઠીક ન લાગે આપણે હાલીએ હાલીએ હાલવા દો, એ તો અનાદિથી હાલે છે. આહાહા! આવો મારગ છે ભાઈ. તે સંવેદનમાં તત્પર હોય છે. એને આત્માના સ્વભાવની સન્મુખતામાં એ તત્પર છે અને રાગથી વિમુખ પણે તત્પર છે. આહાહા!

સમાધિનો અધિકાર છે ને? આમ તો બોલે ઓલા લોગસ્સમાં 'સમાહિવરમુત્તમં દિંતુ' પણ અર્થની કાંઈ ખબરું ન મળે. ગડીયા હાંકે જાય. 'સમાહિવરમુત્તમં દિંતુ' એટલે શું? ઓલા બાવા સમાધિ ચઢાવે એ સમાધિ હશે? કાંઈ ખબર ન મળે. 'સમાહિવરમુત્તમ દિંતુ આવે છે ને? ચંદેસુ નિમ્મલયરા આઈચેસ્સુ. આહા! સમાધિ એટલે જેને રાગનો રસ ઉડી ગયો છે, અને આત્માના રસમાં જે એકાગ્ર છે, એને સમાધિ ને એને સમ્યગ્દર્શનની સમાધિ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતા : બોધિ ને સમાધિ) એ બધું બોધિમાં ત્રણે આવી જાય. દર્શન, જ્ઞાન ને ચારિત્ર, આંહી ત્રણે આવી ગયું સમાધિમાં. આહાહા! એટલે કે જેને વહેવારમાં જેની પૂંઠ છે, અને સ્વભાવમાં જેનો આદર છે, એ ચૈતનના સ્વભાવનું વેદન કરી શકે છે. આહાહા! રતિભાઈ!

પણ જે આ ઉક્ત પ્રકારના વહેવારમાં જાગે છે, એ વહેવારના રસમાં જેની તત્પરતા છે અને વીર્ય ત્યાંજ રોકાઈ ગયું છે. આહાહા! શુભરાગની રચનામાં રોકાણું છે વીર્ય, તે આત્મ વિષયમાં સૂતો છે. એ આત્માના સ્વભાવની શ્રદ્ધા જ્ઞાન કરવામાં એ સૂઈ ગયો છે. ભાન નથી એને કાંઈ. આહાહા! પણ આ આત્મા કોણ છે અંદર? શું છે? એની એને ખબર ન મળે. એ તો આ પર્યાયમાં જ્ઞાનનો ઉઘાડ ભાળે અને આ રાગ એ આત્મા. આહાહા!

પણ એ જ્ઞાનની પર્યાયની પાછળ અંદર આખું તત્ત્વ પડયું છે. સહજાનંદનો મૂર્ત સ્વભાવ, પૂર્ણ ચૈતન્યપ્રકાશની મૂર્તિ એને અહીંયા આત્મા કહે છે. એ આત્મામાં જેને રસ નથી તેને વહેવારમાં રસ છે. આહાહા! છે ને? વહેવારમાં જાગે છે તે આત્મવિષયમાં સૂતો છે. આહાહા! એક ઘા અને બે કટકા કહે છે આંહીતો. ઘા તો એક જ વાગે ને! કટકા બે થાય, આહાહા! એમ વહેવારના રસમાંથી ખસી ગયો છે. હો, આદર નથી, એને અંતર નિશ્ચય સ્વભાવનો સંવેદન ને આદર છે અને જેને સંવેદનનો આદર નથી એટલે કે સ્વભાવના તરફનો આદર નથી એને વહેવારનો આદર તે અસમાધિમાં એ પડયો છે.

આહાહા ! ભારે ભાઈ ! હજી એને તો સાંભળવા મળે નહિં, એ વિચારે કે'દિ ? બેસાડે કે'દિ ? રુચિ કરે કે'દિ ? આહાહા ! બહુ દુર્લભ વસ્તુ થઈ પડી. સૂતો છે, આત્મદર્શન પામતો નથી.

**ભાવાર્થ** : બહુ અધિકાર સરસ છે. આ અષ્ટાન્હિકાનો દિવસ છે પહેલો. અષ્ટાન્હિકા એટલે ? ભગવાનની મૂર્તિઓ બાવન જિનાલય નંદીશ્વર દ્વિપમાં છે. નંદીશ્વર દ્વિપ છે આઠમો (દ્વિપ છે) એમાં બાવન જિનાલય જિન મુર્તિઓ છે. બાવન મંદિરો. (છે) અનેક મૂર્તિઓ છે એમાં એક એક મંદિરમાં એકસોઆઠ (૧૦૮) રત્નમય મૂર્તિઓ છે એને આઠ અષ્ટન્હિકા કહેવાય. અષ્ટ અનિક એટલે દિવસ. એ આઠ આ બુધવારથી ઓલા બુધવાર સુધી, આઠ દિવસ સુધી આ નંદીશ્વર દ્વિપના દિવસો કહેવાય છે. દેવો ત્યાં પૂજા કરવા જાય, છે શુભભાવ, સમકિતી છે, પણ એને શુભભાવમાં આદર નથી એ હેયબુદ્ધિ એ શુભભાવમાં આવે છે. આહાહા ! બાવન જિનાલય છે નંદીશ્વર દ્વિપે. (શ્રોતા : એટલું કરે તોય આદર નથી ?) ક્યા કહેતે હૈ ? શુભભાવમાં આદર નથી, હેય બુદ્ધિ છે. હરખ નથી, હરખ આત્મામાં છે. આહાહા ! હોય છે, અસ્થિરતાને લઈને હોય છે પણ હેય બુદ્ધિ છે. અજ્ઞાનીને ઉપાદેય બુદ્ધિ છે તે મિથ્યાત્વ ભાવ છે. આહાહા !

ભગવાન આત્મા સહજાનંદ સ્વરૂપનું દળ છે એને જેને ઉપાદેય નથી. સહજ આનંદ અને સહજ ચૈતન્યમય એ વસ્તુ છે. ચૈતનવાળો નહિં, ચૈતનમય સહજ આનંદમય એ વસ્તુ છે. એ વસ્તુની જેને ખબર નથી, એ આદર નથી, ખબર નથી કે આ શું આત્મા તે ચીજ છે ? આહાહા ! એવા આ વહેવારના રસમાં જિંદગી ગાળે છે બચારા, એ મિથ્યાદૃષ્ટિ જીવ છે. એને જૈનની દૃષ્ટિની ખબર નથી. આહાહા ! વીતરાગ તીર્થંકરદેવ જેને સમ્યગ્દર્શન કહે એની એને ખબર ન મળે. ખબર ન મળે. સમ્યગ્દર્શન તો નથી પણ ખબરેય નથી. આહાહા ! આવી વાત છે બાપુ ! જ્ઞાની પ્રવૃત્તિ - નિવૃત્તિરૂપ સંસારી કાર્યોમાં અનાસક્ત તેમ જ અપ્રયત્નશીલ હોય છે. (શ્રોતા : સંસાર...) એ શુભભાવ એ સંસારી કાર્ય છે બધા. આહાહા !

સાચા મુનિઓ હોય, સંત, સાચા સાધુ, જે અંદર આત્માનો અકષાયભાવ પ્રગટયો છે. સમ્યગ્દર્શન, જ્ઞાન ને શાંતિ આનંદનું વેદન છે, એ મુનિઓ જંગલમાં વસે. સાચા સંત દિગંબર મુનિ જંગલમાં વસે. એની નગ્ન દશા હોય છે. એને વસ્ત્રનો ધાગો હોતો નથી એને પણ જ્યારે પંચમહાવ્રતનો વિકલ્પ ઉઠે છે. આહાહા ! સમજાણું કાંઈ ? તો એ જાણે છે કે એ સંસાર છે. આહાહા ! મારું લક્ષ શુભરાગ, પર ઉપર ગયું છે. એટલો ભાવ પણ સંસાર છે. આહાહા ! બહુ કામ આકરું જગતને. જૈનમાં જન્મ્યા(જનમ્યા)

એનેય ખબરું ન મળે, વાડામાં પચાસ, સાઇઠ, સિત્તેર ગયા.

એ જેંતિભાઇ ! તમારો છોકરો તો આ બધી હા પાડે હોં. આહાહા ! એ ક્યાં ગયા જેંતિભાઇ, હેં ? બેઠા છે. એ તમારો દિલીપ તો હા પાડે આ હા, એ સંસ્કાર લઇને આવ્યો છે પૂર્વભવમાંથી. સોળ વર્ષની ઉંમર છે સત્તરમું બેઠું હજી ભાદરવામાં. ઘણાં લાખોપતિ છે. આ બાપ છે એનો દિકરો છે એનો દિકરો એ દિલીપ છે. (શ્રોતા : બાપાને ભાગ મળે ને દિકરો કમાય એમાં) કાંઇ મળે નહિં એને. પણ એને આ રસ પડે છે. આ વાત સાંભળીને એમ કહે હવે આહાહા ! નહિંતર તો હજી સત્તર વરસનો હાલે છે. આખિર મહિનો (આંહી) રહી ગયો છે. પ્રવચનસાર સાંભળીને આહાહા ! તમારા ઘણાં લાખો રૂપિયાની દરકાર એને નથી. આહાહા !

(**શ્રોતા** : એમની ફરજ છે ને ?) ફરજ છે તો વળી પૂંછયું'તું એને એકવાર કે તું ધંધો નહિં કરીશ તો શું કરીશ ? એમ પૂછયું'તું એને. (**શ્રોતા** : એ પ્રશ્ન ગેરવાજબી છે) ગેરવાજબી પ્રશ્ન છે હેં જેંતિભાઇ ! તમારા બાપે પૂછયું'તું દિલીપને તું જ્યારે ધંધો કરીશ નહિં. હવે પરણવું નથી હવે મારે. જાવજીવ. સોળ સત્તર વરસનો અને ધંધો કરવા હું આવવાનો નથી જાવજીવ. તમારા હુંડીનો વેપાર ચાલે છે કલકત્તામાં (એ) હું કરવાનો નથી. ત્યારે પૂછયું'તું કે ત્યારે તું શું કરીશ ? ત્યારે જવાબ એવો આપ્યો કે હું પાઠશાળા ભણાવીને આજીવિકા કરી લઇશ. આહાહા ! પણ એલા આટલા બધા લાખોપતિ તમે હવે. આ છોકરાને જોઇએ કેટલું ? બસ્સો રૂપિયા મહિને કદાચ સારી રીતે ખરચે તો, એ જેંતિભાઇ ! પણ તમારા ઓલા નાના છે ને છોકરા, નાના બેય એને પૂછયું'તું મેં કે ભાઇ આ નિવૃત્તિ લેવાનો છે, પરણવાનો નથી અને ધંધો કરવાનો નથી, શું કરશો તમે ? અમે છીએ આપશું. નાના છોકરાઓ તમારા પૌત્ર. પછી બીજે 'દિ પૂછયું અને પાછું બીજે 'દિ પૂછયું. કહે કે અમારી પાસે પૈસા ઘણા છે અમારા બાપ પાસે. અમે રળીએ તો જ આપીએ એવું છે નહિં કહે, એય રામજીભાઇ ! માળા એવા છોકરાઓ બોલ્યા નાના. દિલીપથી બે નાના છે ને ?

બાપુ ! આ તો આત્માની વાત બાપા ! કેને ન બેસે ? આહાહા ! જેને આત્માની ગરજ હોય એને બાપુ ! આ જન્મ મરણના ફેરા ટાળવા, ચોર્યાસીના અવતાર દુ:ખી છે એ. એ રાજા દુ:ખી શેઠીયા દુ:ખી, દુ:ખીના દાળીયા બચારા છે. આહાહા ! કે રાગની રમતુંમાં રેળાઇ ગયા છે બધા. આ તો શુભની વાત હાલે છે. આ તો અશુભમાં હજી તો. આ રળું ને આ ખાઉં, ને આમ કરું ને આમ કરું અશુભભાવમાં એકાકાર છે. આહાહા ! એના તો ક્યાંય આરા છે નહિં. શાંતિભાઇ ! આંહી તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે

કહેલું તત્ત્વ સંતો જગત પાસે જાહેર કરે છે. ભાઈ ! કહે છે જેને એ સંસારી કાર્યોમાં પ્રવૃત્તિ નિવૃત્તિ, શુભની પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ બધું એક ને એક અશુભ છે. સંસારી કાર્યમાં અનાસક્ત ધર્મી તો એની રીત એમાં પ્રેમ હોતો નથી એને. તેમજ અપ્રયત્નશીલ હોય છે એટલે ? એમાં તત્પર નથી, આદર નથી ધર્મીને. આહાહા ! ભાવ હોય ખરો અને આત્માનુભવના કાર્યમાં સજાગ રહે છે. આહાહા ! ધર્મી તો એને કહીએ, જેને આત્માના આનંદ સ્વરૂપમાં જાગૃત રહે છે. આહા ! જેના વેદનમાં આનંદ હોય છે અતીન્દ્રિય, એને ધર્મી સમકિતી કહીએ. આહાહા !

આત્માનુભવ એટલે ? આત્માનો અનુભવ એટલે આનંદનો અનુભવ. આહાહા ! આત્મા સહજ આનંદ સ્વરૂપ, અને એનો અનુભવ તે આનંદનું વેદન હોય જેને. આહાહા ! ભારે આકરું કામ ! જગતને એક તો સાંભળવા મળે નહિં, એને મુશ્કેલી પડે આ તો. આત્માનુભવના કાર્યમાં સજાગ રહે છે, સમ્યગ્દષ્ટિ જીવ, ધર્મી જીવ, એ આત્માનો સ્વભાવ રાગ રહિત છે, એવા સ્વભાવમાં એ જાગૃત રહે છે એટલે આનંદના વેદનમાં હોય છે. આહાહા ! બહુ ટોટલ કરીને સાર કહી દીધો છે. હેં ? આહાહા ! તત્પર રહે છે. જ્યારે અજ્ઞાની પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ સંસારનાં કાર્યોમાં શુભભાવ કરું ને, અશુભથી નિવૃત્તું. આ દુકાનના ધંધા છોડયા, આ ફલાણું છોડયું ને ઢીકણું છોડયું. એ તો અશુભ છોડયું અને શુભ કર્યું એમ, એ બધો અજ્ઞાનીએ શુભભાવમાં તત્પર છે ત્યાંજ એનું લક્ષ છે. આહાહા ! મારગ ભારે આકરો ભાઈ ! સોનગઢના નાના ગામમાં પાદરમાં આવું ? મારગ તો આ છે બાપુ ! સમજાણું કાંઈ ?

(**શ્રોતા** : સોનગઢ નાનું ગામ નથી આખા ભારતમાં પ્રસિદ્ધ છે) અજ્ઞાની સંસારના કાર્યમાં પ્રયત્નશીલ રહે છે જાગૃત રહે છે. આત્માનુભવના કાર્યમાં અતત્પર રહે છે. અંતરમાં સ્વભાવનું વેદન કરવું, એમાં એની તત્પરતા અજ્ઞાનીની નથી. આહાહા ! એની તો આ વહેવારની ક્રિયાકાંડના રાગમાં તત્પર છે. આહાહા ! અહીં આચાર્યે એ બતાવ્યું છે કે પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ વહેવારમાં એટલે કે અહિંસાના ભાવમાં, પરની દયા પાળવી, પરને ન મારવો એવો અહિંસાભાવ, ભક્તિભાવ. ભગવાનની તીર્થ જાત્રા ભક્તિ આદિ પૂજા આદિ હંમેશા કરે, એ ભક્તિભાવ એ શુભભાવ. વ્રત આ બારવ્રત ને પંચમહાવ્રત એ વ્રત એ શુભભાવ, રાગ છે, એ વિકલ્પ છે, એ વહેવાર છે. આહાહા ! નિયમઆદિ નિયમ લે કે આટલું ખપે ને આટલું ન ખપે, રસનો ત્યાગ છે ને મારે બે રસ ખપે છે ને પાંચ રસ ખપતાં નથી ને વગેરે, એ બધો શુભભાવ છે.

પ્રવૃત્તિમાં, વહેવારમાં અને હિંસા જૂઠ ચોરી આદિ અશુભથી નિવૃત્તિ હિંસાનો ભાવથી છૂટયો જૂઠથી, ચોરીથી, વિષયના મૈથુનનો ભાવથી છૂટયો બ્રહ્મચર્યનો થયો પણ એ શુભભાવ છે. વહેવારમાં એમ બને. હવે બંને વહેવારમાં જે અતત્પર હોય છે એ પંચમહાવ્રત આદિના પરિણામમાં અને અવ્રતના પરિણામમાં, અશુભમાં તત્પર નથી. આહાહા ! તે જ આત્માનુભવ કરી શકે છે. કો સમજાણું કાંઇ ? કહો પ્રેમચંદભાઇ ! જેને રાગનો પ્રેમ છે એને આત્માનો પ્રેમ નથી એમ કહે છે. આહાહા ! આરે ! આવું ભારે આહા ! એવા રાગ કર્યા અનંતવાર અને પ્રેમ કર્યો અનંતવાર, ભગવાનની ભક્તિ અનંતવાર કરી છે. શાસ્ત્રમાં ત્યાં સુધી લેખ છે કે સાક્ષાત સમોવસરણમાં અનંતવાર ગયો છે. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં કાયમ તીર્થંકરો, ત્યાં જ્યારે અવતાર હતો ત્યારે સમોવસરણમાં ગયેલો. પૂજા કરેલી, મણિરતનના દીવા ને હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ. જય ભગવાન નારાયણ સત્ પ્રભુ. પણ એ તો બધો શુભભાવ છે. પ્રભુ ! આકરું પડે એવું છે ભાઇ !

આ તો વીતરાગ મારગ સર્વજ્ઞનો. પરમેશ્વર વીતરાગ જિનેશ્વર એના આ તો કથનો ને મારગ છે. આહાહા ! એને પહેલો રુચવ તો ખરો કહે છે. સમજાણું કાંઇ ? એની રુચિ તો કર આહાહા ! જે રાગની રુચિ છે એને ફેરવીને સહજાનંદ મૂર્તિ પ્રભુ છે એને પોસાણમાં તો લે, એને રુચિમાં તો લે. આહાહા ! હજી તો પોસાતું નથી એને, શુભરાગના પોસાણમાં આ પોસાતું નથી. આહાહા ! વાણિયા એ માલ પોસાય તે લેવા જાયને. ભાઇ ! ન્યાં પાંચ રૂપિયાનો બાજરો મળે પણ આંહી સાડા છ એ વેંચાય તો લેવા જાય અને પાંચે મળે અને સાડા ચારે વેંચાશે તો લેવા જાય ? આહાહા ! એમ જેને રાગનો રસ છે એને આત્માનો રસ આવતો નથી. આહાહા ! બહુ વાતું આકરી ભાઇ ! હવે આમાં વાદ વિવાદ કરો, ચર્ચા કરો, શું કરે ને કોની હારે ? આહાહા !

એ બન્ને વહેવારો. બન્ને કોણ ? અહિંસા, ભક્તિ, વ્રત, નિયમ આદિ શુભ પ્રવૃત્તિ અને હિંસા છોડવી, જૂઠું, ચોરી, અશુભ પ્રવૃત્તિ - નિવૃત્તિ બન્ને વહેવારમાં અતત્પર હોય તે જ આત્માનુભવ કરી શકે. આહાહા ! શુભ અશુભમાં જેની રુચિ ન હોય, રસ ન હોય, એ આત્માનો અનુભવ અને આનંદનો સ્વાદ લઇ શકે. આહાહા ! આ તો વીતરાગ સર્વજ્ઞ દેવ કહે છે કે સોનગઢનું છે આ ? ઘણાં એમ કહે છે માળા કે એ સોનગઢની વાત છે. અરે ભગવાન ! તને ખબર નથી બાપુ ! (શ્રોતા : ચેતનગઢની વાતું છે) ચેતનગઢ છે વાત સાચી. આ તો આત્મા પ્રભુ આત્માની વાત છે. ભગવાન ત્રિલોકનાથે

ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં સીમંધર પરમાત્મા બિરાજે છે એ આ પ્રમાણે ત્યાં કહે છે. એ કહેલાના મહાપુરુષના કહેણ આ આવ્યા છે. આહાહા! ના ન પાડ, ના ન પાડ, એ કહેણને ના ન પાડ. ભાઈ! તને આહાહા!

કન્યાને માટે સારા, કન્યા નહિં છોકરા માટે લ્યોને. સારી કન્યા, સારા ઘરની આવતી હોય, મોટાના કહેણ એનું નારિયેળ વધાવી લે કે નહિં? હેં? જાદવજીભાઈ! મોટાનું કહેણ હોય તો વધાવી લે ભલે પછી છોડી જરીક નમણી ઓછી હોય પણ હવે કે કરોડપતિ છે અને દસ-વીસ લાખ આપવાનો છે. આ હમણાં ન આપ્યા ત્રીસ લાખ? સર્વોદય કાંતિલાલ નહિં? છોડી પરણાવીને? કરોડપતિ છે. સર્વોદય મંદિર નહિં? મુંબઈ. સર્વોદય લીંમડીના છે ને? ત્યાં વ્યાખ્યાન હમણાં વાંચ્યુ'તું ને. દસ હજાર માણસ. હમણાં વાંચ્યું'તું ત્યાં આપણે જઈને. બહુ માણસ હતું. માણસ બધા સ્થાનકવાસી દેરાવાસી બહુ છે ઘાટકોપર. બધા આવે સાંભળવા. મારગ તો આ છે બાપા! આહાહા! તે એની છોડીને પરણાવીને ત્રીસ લાખ આપવાના હતા. એ કરોડપતિ છે. ત્રીસ લાખ. ગમે તે મળી ગયું હશે કો'ક, ને વળી પાછું મનમાં એમ રહે કે આ પૈસા તો આવશે અને મરી જશે તો પૈસા બધા આપણને આવશે. ન્યાં ક્યાં છે એની પાસે ક્યાં છે કોઈ. એવાનું કહેણ.

આ ત્રણલોકના નાથ મહાપુરુષના કહેણ આવ્યા તારે ઘરે ભાઈ! આહાહા! કે શુભરાગનો રસ છોડી દે. એ અમારા સત્પુરુષોના જ્ઞાનીઓના કહેણ છે અને અંતરાત્માના રસમાં આવી જા. એને વધાવી લે. ના ન પાડ અરુચિ ન કર, કંટાળો ન લાવ. આહાહા! પ્રેમચંદભાઈ! આવું છે. બહુ ગાથા ઊંચી એમાં વળી એનું લક્ષણ બાંધ્યું. આહાહા! વિકલ્પ જેનું લક્ષણ છે. આહાહા! દ્રવ્યસંગ્રહમાં છે. વહેવારને શુભરાગ કહ્યો છે. ભાઈ! શુભ ઉપયોગ. એને અહિંયા શુભ ઉપયોગ કહો કે શુભ વિકલ્પ કહો કે વહેવાર કહો. આહાહા! ભાઈ! વહેવાર ને નિશ્ચયની ચીજ આખી બે ભિન્ન છે. બે નયનો વિષય વિરોધ છે. વહેવારનયનો વિષય પરના લક્ષવાળો શુભવાળો હોય છે. આહાહા! નિશ્ચયનો વિષય શુભથી છોડી પૂર્ણાનંદનો નાથ ધ્રુવ છે તે તેનો વિષય છે. આહાહા! ભલે પર્યાય વિષય કરે છે પણ વિષય પર્યાયનો વિષય તે પૂર્ણ સહજ આનંદ સ્વરૂપનું દળ, પૂરણ શુદ્ધ ચૈતનધ્રુવનું દળ એ પર્યાયનો વિષય છે. આહાહા! એને જા, એનો વિષય કર તું ભાઈ! આહાહા! તે પરને વિષય બનાવ્યો છે ધ્યેય. હવે આ સ્વનો વિષય બનાવ બાપુ! તારું કલ્યાણ કરવું હોય તો મારગ આ છે. આહાહા!

લોકોને બિચારાને 'દ્રવ્ય ક્રિયા રુચિ જીવડાં ભાવધર્મ રુચિ હીણ, ઉપદેશક

પણ તેહવા શું કરે જીવ નવીન'! આહાહા! દેવચંદજીએ કહ્યું છે એ ખડતરગચ્છમાં થયા છે ને! દ્રવ્ય ક્રિયા રુચિ જીવડાં એ એક તો ભક્તિ પૂજા દયા દાન વ્રત રુચિવાળા, ભાવધર્મ રુચિહીણ. રાગથી ભિન્ન ક્રિયા આત્માનો સ્વભાવ આનંદની રુચિ ને એની શ્રદ્ધાની એને ખબર નથી. ઉપદેશક પણ એવા મળ્યા એને. માળી મકવાણી ને ઓલો કહે છે ને? જહલો જોગી ને માળી મકવાણી બે ભેગા થઈ ગયા. આહાહા!

એક તો એને રુચિ અને એને ઉપદેશક એવા મળ્યા, શું કરે જીવ નવીન પ્રભુ? ભગવાનને કહે છે હે નાથ, જીવો શું કરે બિચારા? આહાહા! ચંદ્રાનન જિન સાંભળીએ અરજ આ નાથ. ભગવાન બિરાજે છે ચંદ્રાનન. વીસ વિહરમાન ભગવાનમાં. એક ચંદ્રાનન ભગવાન છે, મહાવિદેહમાં બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, વર્તમાન સમોવસરણમાં બિરાજે છે. આહાહા! છોટાભાઈ! આવે છે ને એ? દ્રવ્ય ક્રિયા રુચિ જીવડાં, ભાવધરમ રુચિ હીણ. રુચિ ન મળે. ઉપદેશક પણ તેહવા, માથે બેઠા હોયને ઉપદેશ દે ને ઓલાને સારું લાગે. આહાહા! હવે આ કહે કે વહેવારનો રસ તે મિથ્યાદૃષ્ટિ મારી નાંખ્યા. કાંઈ વહેવાર કરીએ સારો, પછી વહેવાર કરતાં કરતાં નિશ્ચય થાય કે એમ ને એમ થાતા હશે? આહાહા! વહેવારને મીંડા મૂક ત્યારે નિશ્ચય થાશે લે. આહાહા! એ તો વિકલ્પ છે. વિકલ્પ કરતાં કરતાં નિશ્ચય સમ્યગ્દર્શન થાય? એ તો નિર્વિકલ્પ દૃષ્ટિ છે અનુભવની. આહાહા! આવી વાત છે. બાબુભાઈ! દેહગામમાં. આહાહા!

ભક્તિ આદિ શુભકાર્યોમાં પ્રવૃત્તિથી અને અશુભ કાર્યથી નિવૃત્તિથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. બહુ સરસ ગાથા છે. નંદીશ્વર દ્વિપનો પહેલો દિવસ છે આજે. અષ્ટાન્હિકા. ઈન્દ્રો નંદીશ્વર દ્વિપે પૂજાર્થે જાય છે આઠ 'દિ. પણ જાણે છે કે એ શુભભાવ છે પણ સ્વરૂપનો આદર સ્થિરતા અંદર ન હોય એટલે અસ્થિરતામાં એવો ભાવ આવે, પણ તેમાં હેય બુદ્ધિએ જાણે એને. આહાહા! અજ્ઞાની એને ઉપાદેય બુદ્ધિથી આદર બુદ્ધિથી કરે, બેયમાં એટલો ફેર છે. આહાહા! કારણકે તે પ્રવૃત્તિ વિકલ્પ આરૂઢ છે. ભક્તિ વ્રત આદિના ભાવ, એ બધી પ્રવૃત્તિ વિકલ્પ રાગરૂપ છે. પછી વિકલ્પનો અર્થ કર્યો, રાગયુક્ત છે એમ. રાગ ભલે શુભ હોય, તો પણ તેનાથી આત્મજ્ઞાન થતું નથી. એનાથી સમ્યગદર્શન થતું નથી. આહાહા! જ્ઞાની તો આત્મસ્વરૂપમાં સ્થિરતારૂપ પ્રવૃત્તિ કરે છે. ધર્મીજીવ તો એને કહીએ કે આત્મસ્વરૂપ જે આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે એમાં સ્થિરતા કરે છે. આહાહા! એમાં સ્થિરતારૂપ પ્રવૃત્તિ કરે છે. એ પ્રવૃત્તિ છે પરિણતિ,

આનંદ ને જ્ઞાન સ્વરૂપમાં પ્રવૃત્તિ એટલે સ્થિરતા કરે છે. આહાહા! ભાષાય આકરી અને ભાવ આકરા શું થાય બાપુ? મારગ તો આ છે ભાઈ!

કપુરભાઈ! કલકત્તામાં તો આ છોકરાઓ જાગ્યા છે. જાય છે શનિવાર રવિવારે, શનિવારે ક્યાંય એવું સાંભળ્યું છે. રવિવાર રવિવારે ત્યાં જાય છે મોટા ઘરે તમારો છોકરો, દિલીપને બધું શનિ ને રવિ એવું સાંભળ્યું છે. શનિવારે બપોરના ને રવિવારે. મોટું કોઈ ઘર હોય બોલાવે ત્યાં જાય, ને ભક્તિ કરે ને પછી કાંઈ એવું કરે અને એ તો બહુ ચોખ્ખું કહે આહાહા! એ રાગ આદિ ક્રિયા બંધનું કારણ છે. એ છોકરો કહે છે તમારો. એ જેંતિભાઈ! તમને કાંઈ ભાનેય ન મળે કાંઈ. કેમ કે એ બાજુનું લક્ષ નહિંને! ઓલો તો અત્યારથી પોકાર કરે છે કે નહિં? દયા દાન વ્રત ભક્તિના ભાવ એ શુભરાગ છે. રાગથી ધરમ થાય નહિં. જુઓ હેં! (શ્રોતા : પુસ્તકભી છાપા હૈ) હેં! પુસ્તક છાપ્યું છે છપાણું નથી? છોકરાએ છપાવ્યું છે એ કહે છે, એને આપ્યું છે ને. ભાઈ લાવ્યા'તા ને જેંતિભાઈ કેટલાક લાવ્યા'તા. બીજા અમને કોટામાં આપ્યા હતા. શશીભાઈ આવ્યા છે ને? ખારા, ખારા એને કોટામાં રહ્યાં ને અમે આઠ દિન, ત્યાં પાંચ પાંચ હજાર માણસો મોટું ત્યાં લાવ્યા'તા. બસ્સો ત્રણસો પુસ્તક પણ કીધું હારે ક્યાં અમે લઈ જઈએ એવો બોજો? પછી અહીં બેન આવ્યા'તા એ લાવ્યા'તા. જયકુંવરબેન ચીતલવાળા એ લાવ્યા હતા. ભાઈ એ થોડા લાવ્યા હતા સાઠેક(૬૦) જેંતિભાઈ લાવ્યા છે. એમાં બધું લખેલું છે. છોકરાઓએ છાપેલા છે. આહાહા! બાળમંડળ છે ત્યાં. આહાહા! અરે બાપુ! એ વાતની ગંધ ક્યાં છે ભાઈ! આહાહા!

કહે છે, જ્ઞાની સ્થિરતારૂપ પ્રવૃત્તિ કરે છે. આહાહા! આત્માના આનંદમાં જેનો પરિણામ ઘૂસી ગ્યો છે. આહાહા! છે તો પરિણામ પરિણામમાં, એ બાજુ ઢળી ગયો છે એમ તેથી તેને વહેવાર ધરમથી સ્વયં નિવૃત્તિ થઈ જાય છે. સ્વયં નિવૃત્તિ થઈ જાય છે તેની તે પ્રવૃત્તિ વિકલ્પ આરૂઢ નથી. આનંદ સ્વરૂપમાં ધ્યાનમાં એકાગ્ર થતાં એને રાગનું આરૂઢપણું ત્યાં નથી. આહાહા! સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન એ રાગ વિનાની ક્રિયા આહાહા! એ સ્વભાવ સન્મુખ થયે થયા છે. રાગથી વિમુખ થયા છે. સ્વભાવથી સન્મુખ થઈ છે. નિર્વિકલ્પ છે તેનાથી ધરમ થાય છે. આહાહા! શુદ્ધ સહજ આનંદ અને સહજ જ્ઞાનમય વસ્તુ વસ્તુ છે ને? સત્ છે ને? સત્‌નું સત્વ સ્વભાવ છે ને? આહાહા! સત્ ને હેતુ શો? આહાહા! રાગ હોય તો ધર્મ પમાશે નિર્વિકલ્પતા, એવો હેતુ આંહી છે નહિં કહે છે. આહાહા! રાગની ઉપેક્ષા કરી અને નિશ્ચય સ્વભાવની અપેક્ષા કરી અને જે પરિણતિ ઊભી થાય, તેને

ધરમ અને નિર્વિકલ્પ દશા કહે છે, આહાહા ! એને પરમાત્મા ધરમ કહે છે. આહાહા !

ભારે ! આંહી તો પાંચ પચાસ મંદિર બનાવે, બે પાંચ દસ લાખ ખરચે, લો ધરમ કર્યો. ધૂળમાંય ધરમ નથી. તારા અબજો રૂપિયા ખરચે તોય શુંને ? લાખ કરોડ મંદિર બનાવે તોય શું ? એ કોણ બનાવે ? એ તો જડની ક્રિયા પરની છે. આકરું ભારે કામ. આત્મામાં એ ચીજ નથી તેને એ કરે શી રીતે ઇ ? પોતાની સત્તામાં એ ચીજ નથી. આંહી નથી તો એ કરે શી રીતે ? આહાહા ! શું ન્યાય તે પણ ન્યાય ? અને જેની સત્તામાં રાગ નથી આહાહા ! તેના સ્વભાવમાં રાગ નથી એવો ભગવાન આત્મા, એ રાગને શી રીતે કરે ? આહાહા ! આંહીતો ત્રીજે નંબરે લઇ જતાં જેની પર્યાયમાં દ્રવ્યમાં પર્યાય નથી. આહાહા ! એ દ્રવ્ય પર્યાયને શું કરે ? જેમાં નથી એને શું કરે ? આહાહા !

કહો કાંતિભાઇ ! આ ચીમનભાઇ અને અમરભાઇ અમારે, ચેતનજી ને જેંતિભાઇ આવ્યા હતા. શાંતિભાઇ આવ્યા ત્યાં હમણાં કે શું વાંચ્યું તો મેં કીધું કે આ ત્રણ બોલ છે જુઓ માખણ છે આ ત્રણ. શાંતિભાઇ ! હમણાં આવ્યા'તા અંદર. બાપુ ! પરનું સત્ છે, એને આ સત્ શું કરે ? એમ રાગનું સત્ છે તેને નિર્મળ સત્તા ને નિર્મળ પર્યાય શું કરે ? એમ નિર્મળ પર્યાયની સત્તા છે એ દ્રવ્ય એને શું કરે ? સત્ છે ને એ ? પર્યાય પણ સત્ છે. તે વખતની તે સત્ તે તે છે. સત્ ને એ દ્રવ્ય શું કરે ? આહાહા ! જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઇ છે, આહાહા ! એ પર્યાય એને એ દ્રવ્ય કરતું નથી કહે છે. પર્યાય તો દ્રવ્યને કરે નહિં. એ તો વસ્તુ છે ત્રિકાળ પણ આ તો પરિણતિ નવી થાય. આહાહા ! એ સત્ છે ત્રિકાળ સત્ છે તો આ પર્યાય સત્ ત્રિકાળને કરે નહિં તેમ ત્રિકાળ સત્ છે તે પર્યાયને કરે નહિં. આહાહા ! ભાઇ ! અંદર વસ્તુ સ્થિતિ એવી છે ને. ભાસન જ્ઞાનમાં આમ થવું જોઇએ. એણે કરવું જોઇએ આ. સમજાણું કાંઇ ?

અરે ! ચોર્યાસીના અવતારમાં દુઃખી છે એ મરીને માણસ હોય ને મરીને જાય કાગડો ને કૂતરો થાય. આહાહા ! ભાન નથી આત્મા કોણ છે ? અહીં અબજોપતિ કહેવાતા હોય ને દેહ છૂટે ત્યાં (કાગડાની) કાગડીની કૂંખે અવતરે. આહાહા ! મમતા કરી હોય છે ને ! વાણિયાને દારૂ માંસ તો હોય નહિં એટલે એવા અશુભભાવ તીવ્ર તો હોય નહિં. આવા ભાવ હોય અશુભ રળવાનાને, આનાને, બાયડીના ને ભોગના. આબરૂના ને આહાહા ! એ આત્માને આડો કરી નાંખ્યો વિકારથી. એ આડોડિયા આડોડિયામાં જન્મશે. આ મનુષ્ય છે એ આમ ઊભા ને તિર્યંચ છે એ આડા છે આમ, ગાય, ઘોડા, ભેંસ, ઉંદરા એ આમ આડા. એ આડોડિયા આડામાં ઉપજશે. તિર્યંચ આડા છે. આહાહા ! ભારે બાપા આહાહા !

અમારે કુંવરજીભાઈને કહ્યું હતું ને ભાઈ! કુંવરજીભાઈને મેં તો દુકાન ઉપર હતા ને અમે ત્યાં પાલેજ. ભાગીદાર હતાં બે દુકાનો હતી. બે દુકાન જુદી હતી અમારી અને એની આ તો વાત છે છાંસઠ(૬૬)ની. છાંસઠ(૬૬). એ વીસ વરસની ઉંમર હતી તે'દિ. તે'દિ આ દુકાનેથી હું એ દુકાને ગયેલો. કહેવાતો ભગત તે'દિ પણ. કેમકે રાત્રે આહાર નહિં, અથાણું નહિં બિલકુલ, રાત્રે આહારપાણીનો ત્યાગ. છાંસઠ(૬૬)ની સાલથી. પાણી ને આહાર બિંદુ નહિં. ત્યારે પછી ભગત કહે એટલે મારી સામુ જોવે. બોલે, સાંભળે, મમતા બહુ હતી એને. ભાઈ! કુંવરજીભાઈ કીધું મારાથી મોટા હતા ચાર વર્ષ. ભાઈ! આ તમે આટલી મમતા કરો છો તો મને તો એવું લાગે છે ભાઈ છાંસઠ(૬૬)ની વાત છે હોં. આપણે જાણે વાણિયા છીએ તેથી માંસ અને દારૂ ખાતા નથી તો આપણે તો એવા પાપ નથી, નરકમાં તો નહિં જાવ કીધું. છાંસઠની સાલ, વીસ વર્ષની ઉંમર હતી, છેતાલીસ(૪૬)માં જન્મ, છયાંસી(૮૬) ચાલે છે ને અત્યારે છયાસી એંસી ને છ. શરીરને, આત્માને કાંઈ ન મળે. આત્મા તો અનાદિનો છે. આહાહા! મરીને ઢોર થાશો કીધું હોં, દેવમાં જવાના લખ્ખણ દેખાતાં નથી કીધું. માણસ બાણસ થાય એવા ભાવો નથી દેખાતા કીધું. આહાહા!

તે'દિ તો હજી બહુ પૈસા નહિં. પાંચ પાંચ હજારની પેદાશ હતી વર્ષની. દુકાનમાં પાંચ હજારની પેદાશ તે'દિ. પછી મરી ગયા ત્યારે બે લાખની પેદાશ. દસ વર્ષ પહેલા મરી ગયા પણ મરતાં મમતા મમતા મમતા મમતા. દુકાને લઈ જાવ, દુકાને લઈ જાવ નહિ તો મરીશ. છોકરાઓ કહે કે પણ કામ શું છે? દસ લાખની મૂડી હતી તે'દિ. બે લાખની પેદાશ હતી. દસ વર્ષ પહેલા મરી ગયા આહાહા! આ મગજ ફરી ગ્યું'તું. જાવ કુંડાળે આહાહા! છોકરાઓ કહે પણ કોના સાટુ તમે રળો છો. અમે ના પાડી અમારે ઘણું છે હવે. તે 'દિ દસ વર્ષ પહેલા હોં. આ દશા હતી જગતની. વાણિયા જૈનમાં જનમ્યા પણ ન મળે ખબર આ ધરમની, ન મળે ખબર આ પુણ્યની. આંહી કહે છે કે પુણ્યના રસીલા એ આત્માના ધરમને નહિં કરી શકે. આહાહા!

જ્ઞાની એ ભલો માનતો નથી તેનું સ્વામિત્વ કે કર્તાબુદ્ધિ નથી. રાગનું સ્વામીપણું ધરમી ને નથી. આહાહા! એમ કર્તાબુદ્ધિ નથી. તે રાગ હેયબુદ્ધિએ વર્તે આટલા બોલ વાપર્યા હેય બુદ્ધિએ વર્તે તેમાં પ્રવૃત્તિ દેખાવા છતાં તે વાસ્તવમાં નિવૃત્તિમય છે. આહાહા!

વિશેષ કહેશે.....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

## પ્રવચન – ૯૨

**શ્લોક – ૭૮ અને ૭૯**

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૧૭.૦૭.૭૫**

[१] **व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे।**
**जागर्ति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे ।।७८।।**

સૂતો જે વહેવારમાં, તે જાગે નિજમાંય;
જાગૃત જે વહેવારમાં, સુષુપ્ત[૨] આત્મામાંય. ।। ૭૮ ।।

**यश्चात्मगोचरे जागर्ति स मुक्तिं प्राप्नोतीत्याह -**
**आत्मानमन्तरे दृष्ट्वा दृष्ट्वा देहादिकं बहिः**
**तयोरन्तरविज्ञानादभ्यासादच्युतो भवेत् ।। ७९ ।।**

અંદર દેખી આત્મને, દેહાદિકને બાહ્ય,
ભેદજ્ઞાન-અભ્યાસથી, શિવપદ-પ્રાપ્તિ થાય. ।। ૭૯ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।

---

१. जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि ।
जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणे कज्जे ।।३१।। (मोक्षप्राभृते, कुंदकुंदाचार्य)

૨. સુષુપ્ત – સૂતેલા

મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

---

સમાધિતંત્ર (૭૮) ઈઠયોતેર ગાથા. વિશેષ - (અજ્ઞાની) ૧૧૭(એકસો સત્તર) પાને. નીચેથી ૨જો(બીજો) પેરેગ્રાફ. અજ્ઞાની શુભરાગમય પ્રવૃત્તિને ધર્મ માની, પરના લક્ષથી થયેલો શુભભાવ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ ભાવ એ પ્રવૃત્તિને ધર્મ માની તેનાથી સંતુષ્ટ થાય છે. અમે ધર્મ કરીએ છીએ અને આત્મસ્વરૂપની ભાવના માટે અતત્પર હોય છે. બહારની ક્રિયાકાંડના શુભભાવમાં એની લીનતા હોય છે. આહાહા! અમે શુભભાવ કરીએ છીએ તો એનાથી શુદ્ધતા થશે, એમ અજ્ઞાની માન્યતાને લઈને શુભભાવમાં, એ શુભ ઉપયોગમાં તત્પર રહે છે અને આત્મસ્વરૂપની ભાવના માટે અતત્પર છે. આહાહા!

સ્વનો આશ્રય લઈને સ્વના આત્મામાં તત્પર થવું એ અજ્ઞાનીને હોતું નથી. હેં! પ્રશ્ન હોય તો બધાના જવાબ આવે. વહેવાર કીધો, વિકલ્પ નામ જેનું લક્ષણ. આહાહા! ઈ વહેવારનો અર્થ જ વિકલ્પ, વિકલ્પનો અર્થ રાગ. આહાહા! વહેવારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ એમ. વહેવારે કીધું છે ને પાઠમાં? તો વહેવારે એટલે શું? કે વહેવારમાં એટલે વિકલ્પ નામ જેનું લક્ષણ, વિકલ્પના સ્થાનરૂપ પ્રવૃત્તિ અને નિવૃત્તિ. આહાહા! શુભની પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ બધું જ વિકલ્પનું સ્થાન છે. આહાહા! ભારે કામ ભાઈ! જગતને આ વાત બેસવી, (શ્રોતા : કોઈ કાળે જગતને બેસતી નથી, લાયક જીવને બેસે છે) પાત્ર જીવને બેસે એવી છે આ તો વાત. જેનો સંસાર અંતનો નિકટ છે અંતનો. આહાહા! એવી વાત છે પ્રભુ! દુનિયા તો એને એમ કહે આ તો નિશ્ચયાભાસી, વહેવારના ભાવને તદ્દન તરછોડે છે.

જુઓને એને તે વિષય પણ પર દ્રવ્ય છે કે નહિં? વાણી એ પરદ્રવ્ય છે કે સ્વ દ્રવ્ય? અને પર દ્રવ્યના અનુસારે થાય એ રાગ થાય કે વીતરાગતા થાય? આહાહા! અને તેથી જ તો કુંદકુંદ આચાર્યે કહ્યું છે કે 'पर दव्वाओ दुग्गइ' આહાહા! હોય ખરો એ

જુદી વાત છે પણ એ પોતે રાગ છે. સ્વભાવ ચૈતન્યનો નિર્મળ શુદ્ધ પિંડ છે, એનાથી વિરુદ્ધ ભાવ છે. તેથી કહે છે વળી કોઇ જીવ ભક્તિને મોક્ષનું કારણ જાણી, પંચાસ્તિકાયમાં લખેલું છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં પણ આવે છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં કીધું છે. કોઇ જીવ ભક્તિ, ભગવાનની ભક્તિ આહાહા! ભગવાનની પૂજા, આરે આવું આકરું કામ ભારે.

હવે મોટા દેરાસર કરાવવા અને આવા ૨૫-૨૫(પચ્ચીસ-પચ્ચીસ) ૨૬(છવ્વીસ) લાખના પરમાગમ મંદિર કરાવવા, એમ લોકો કહેને, કે તો પછી કરાવ્યું શું કરવા તમે એને? કોણ કરે બાપુ સાંભળને ભાઇ! (શ્રોતા : કરાવવા અને પછી કોણ કરે એવો પ્રશ્ન) કોણ કરાવે? રામજીભાઇએ ત્યાં ધ્યાન રાખ્યું તો થયું છે એનાથી. રામજી ભાઇ બહુ ધ્યાન આપતા. વ્યાખ્યાન પછી, વ્યાખ્યાન પછી બહાર નીકળે ને બધાને પૂછે કે આનું કેમ થ્યું. ત્યાંથી દેખાય ખરું ને લ્યો. (શ્રોતા : ત્યાં સામુંય જોતા નથી) ત્યાં સામું જોતા નથી પણ રસ્તામાં પૂછતાને બધાને. આહાહા! રસ્તામાં પૂછતાં એલા ફલાણાનું કેમ થ્યું? એ તો વિકલ્પ હોય એ જુદી વાત છે પણ એથી આ બને છે, એમ નથી એટલી વાત છે. આહાહા! અરે! જગતને આ મૂળ વસ્તુ. દર્શન ભ્રષ્ટ તે ભ્રષ્ટ જ્ઞાનમાં અને ચારિત્રમાં બધે ભ્રષ્ટ છે. ચારિત્ર ભ્રષ્ટ હોય એને દૃષ્ટિમાં શ્રદ્ધામાં છે કે આ ખોટું છે. સમજાય છે? આહાહા! ચારિત્ર ભ્રષ્ટ (હોય) એ તરશે, પણ દર્શન ભ્રષ્ટ તો બધામાં ભ્રષ્ટ થઇને. આહાહા! આવી વાત બેસવી જગતને કઠણ પડે.

ભગવાન પૂર્ણ આનંદ, સહજ આનંદ અને સહજ ચૈતન્ય પ્રકાશનો પુંજ પ્રભુ, એવા ચૈતન્યના મહાપ્રભુની અસ્તિત્વની સ્વઆશ્રયે પ્રતીતિ છોડીને, પર આશ્રયની પ્રતીતિમાં લાભ માનવો એ આત્માની હિંસા કરે છે. એટલે કે આત્મા આવો પરના અવલંબન વિનાનો, અને પરના આશ્રય વિના નિરપેક્ષ, નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે એ વાત એ માનતો નથી એટલે એણે આત્મા જ માન્યો નહિં એણે, અને એનો સ્વભાવ જ એવો છે કે એ સ્વભાવથી જણાય, પ્રત્યક્ષ દૃષ્ટા થાય. આહાહા! જેના સ્વરૂપને જાણવા માટે રાગની અને વહેવારની આહાહા! એ સાંભળવાની પણ અપેક્ષા એને નથી. (શ્રોતા : એ તો બાધક છે, એ ક્યાં સાધક છે?) પોપટભાઇ! આવો મારગ ભારે. સવાર સાંજ સંભળાવવું આહાહા!

(શ્રોતા : કલકત્તાથી અહીં આવે સાંભળવા અને આપ કહો કે સાંભળતો નથી) આ શાંતિભાઇ! ક્યાંથી આવ્યા જુઓ? ધનબાદથી આવ્યા. આ કલકત્તાથી. આહાહા! બાપુ! એ હો ભલે પણ એ અંદર પરલક્ષી ભાવ એ શુભરાગ છે. આહાહા!

એમાં પરલક્ષી ભાવમાં એટલું ખ્યાલ આવે એને કે આ સંભળાય છે એનાથી અમને લાભ નહિં થાય. એને સ્વભાવ સન્મુખ જોતાં લાભ થાય, એવો ખ્યાલ સાંભળનારને આ રીતે આવે એટલી વાત છે. તે પણ ઈ ખ્યાલ આવ્યો ક્યારે કહેવાય ? કે સ્વનો આશ્રય કરીને અનુભવમાં નિર્ણય કરે, ધારણાનો નિર્ણય નહિં. આહાહા ! આખું જન્મ મરણને ઉથાપી નાખવાની વાત છે. બાપુ ! એ કાંઈ પોપાબાઈના રાજ નથી. આહાહા !

પૂરણ વીતરાગ મૂર્તિ પ્રભુ, ''જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ'' વિકલ્પ(થી) માંડીને બધું કર્મ પરચીજ છે. આહાહા ! આહાહા ! અતિ તીવ્ર મિથ્યાત્વ એમ ઠરાવ્યું છેલ્લે હજી કર્મ છે. ઓલા કહેને શાસ્ત્રમાં વહેવારના આધાર એવા ઘણાં આવે અને શ્વેતાંબરમાં તો ઈ જ આવે. ગાથા આખી ભગવતીમાં શ્રવણે નાણે જ્ઞાને ગાથા છે. શ્રવણથી જ્ઞાન થાય, જ્ઞાનથી વિજ્ઞાન થાય, જ્ઞાનથી પચ્ચખાણ થાય એમ આવે છે. (શ્રોતા : એનું લક્ષ છોડીને અંદર જાય) શ્રવણે, નાણે, જ્ઞાને, પચ્ચખાણે, સંજમે, એવું આવે છે. આખો શ્લોક આવે છે ભગવતીમાં. આ બાઈયું જે પૂચ્છીસૂણં કરે એ આ કરે મોઢે. આહાહા ! ભારે વાત છે.

ત્રણલોકના નાથની વાણી સાંભળવી ઈ વાણી પરદ્રવ્ય છે. (શ્રોતા : અનંતા રજકણ છે) આહાહા ! એના ઉપર સાંભળવાના લક્ષે તો વિકલ્પ છે, છતાં એક ઠેકાણે તો પાછું કહ્યું છે ને ભાઈ આચાર્યના શબ્દો, રસ આનંદનો રસ ટપકે ઈ કઈ અપેક્ષાએ ? સ્વભાવનો આશ્રય લઈને જે વાંચે, સમજે છે આહાહા ! એને ત્યાં આનંદ ઝરે છે એમ કહેવું છે. વાંચન શ્રવણ વખતે પણ ધર્મીને તો સ્વભાવની શુધ્ધિની વૃધ્ધિ થતી જ જાય છે. આહાહા ! એ એને લઈને નહિં. એ કાળમાં પોતાની શુધ્ધિની ઉપર જોર છે ને ત્યાં ? આહાહા ! પરિણામ મારું ધ્યાન કરે તો કરો હું કોનું કરું ? આહાહા ! લોકોને કઠણ પડે. ઈ જાણે કોણ ? કે પર્યાય પાછી. જાણે પર્યાય કે પરિણામ ધ્રુવનું ધ્યાન કરે તો કરો પરિણામ, પર્યાય એમ જાણે પણ હું કોનું ધ્યાન કરું ? એમ લખ્યું છે. હું એટલે ધ્રુવ એમ. આહાહા ! એવી અટપટી વાતનું સમાધાન ન સમજે તો એને શાંતિ ન મળે, અને અશાંતિનો ખદબદાટ થયા જ કરે. આહાહા !

ભગવાન એમ કહે કે તું મારી સામું જો છો એ કરતાં તારી સામું જો ને. ઈ સાંભળવા માટે સાંભળે. હેં ! આહાહા ! કારણ કે જ્યાં તને લાભ થાય ઈ ચીજ તો તારી પાસે પડી છે. પ્રત્યક્ષ વસ્તુ, આનંદનો નાથ, પ્રત્યક્ષ પડી છે ચીજ. આહાહા ! ફક્ત તારા સ્વીકારની શ્રદ્ધા વિના તે નથી એમ તને થઈ ગયું છે. હેં ! પર્યાયના ને રાગના સ્વીકારમાં,

પ્રત્યક્ષ વસ્તુ નિત્યાનંદ સહજાનંદ મૂર્તિ, સ્વભાવનો સાગર આખો ઓહો! ઈ એના સત્કારને સન્મુખ વિના ઈ છે એવી પ્રતીતિ તને આવતી નથી. આહાહા!

કામ એવું છે ને એ, એ પ્રવચનસારમાં લીધું છે ને ઓલું પેલું નહિં? આવું પણ સાંભળીને કોઈ અસુરમાં પણ જન્મે ને પછી વૈભવ મળે લખ્યું છે ને? એમ ઈ પણ એમના ખ્યાલમાં રાખી છે વાત. દૃષ્ટિનું જોર છે અને રાગની મંદતામાં આવી ગયો, છતાં ખસી ગયો જરીક મુનિ થઈને, પણ ત્યારે એને અસુરકુમારમાં ઉતરે એ છે ને ઈ પાઠ? પ્રવચનસાર સાતમી ગાથા છે કઈ? આહાહા! ના એ દ્દઠ્ઠી(છઠ્ઠી) એ ૭મી(સાતમી) પછી આવ્યું છે નિર્વાણ. संपज्जदि णिव्वाणं પામશે મોક્ષને પણ देवासुरमणुयरायविहवे हिं આહાહા! એટલું પણ ખ્યાલ રાખીશ કે કોઈ જીવ સમ્યગ્દર્શન પામ્યો છે, ચારિત્ર પામ્યો છે પણ કોઈ વખતે એને જરીક ખસી જાય છે તો એ અસુરમાં ઉપજે છે.

ભવનપતિ આદિ અસુરમાં ઉપજે. તો અસુરમાં ઉપજે ઈ મિથ્યાદૃષ્ટિ ઉપજે, છતાં (દ્દઠ્ઠી(છઠ્ઠી) ગાથામાં) ચારિતં ખલ્લુ ધમ્મો સાતમામાં લીધું છે એના પહેલા જરીક અંદર બધો ખ્યાલ રાખીને વાત કરી છે. આહાહા! देवासुरमणुयरायविहवेहिं जीवस्स चरितादो પછી વાત ઈ છે કે ચારિત્રથી दंसणणाणप्पहाणादो જેમાં દર્શન જ્ઞાન પ્રધાન છે. સમ્યગ્દર્શન જ્ઞાન છે અને ઈ ચારિત્રથી એની મુક્તિ થાય પણ કોઈ જીવને આ રીતે પણ થાય એમ કહ્યું. કહો પાછી ભાષા એમ લીધી છે. અસુરમાં ઉપજે એ જીવને પણ ચારિત્રથી દર્શન જ્ઞાન પ્રધાનથી સમ્યગ્દર્શન જ્ઞાનની મુખ્યતાથી એ જીવને પણ મુક્તિ થાય. આહાહા! સમજાણું? જરીક ખસી ગયો છે એવો ખ્યાલ રાખીને પણ એને જોર તો ચારિત્ર અને દર્શન જ્ઞાન ઉપર હતું અને જરીક કાંઈ ખસી કોઈ પ્રસંગે એથી એને કહે છે (કે) એવા જીવને પણ चरितादो दंसणणाणंपहीणादो संपज्जदि निव्वाणं નિર્વાણને પામશે. આહાહા! દ્દઠ્ઠી(છઠ્ઠી) ગાથા. ૫(પાંચ) પહેલી શરૂ કરી છે ને પછી આ દ્દઠ્ઠી(છઠ્ઠી) ઓલું चारितं खलु धम्मो, धम्मो जो सो सो समोत्ति णिदिट्ठो मोहक्खोहविहीणो परिणामो (૭મી(સાતમી) ગાથા પ્રવચનસાર) ઓહોહો!

ભાઈ આ તો તકરાર ને વાદવિવાદ કરીને બેસે એવી વાત વિષય નથી. બાપુ આ તો ધીરેથી સત્‌ને કેમ શરણે જાવું. આહાહા! પરમ સત્ સાહ્યબો પડયો છે અંદર. પરમાત્મ સ્વરૂપ સાહેબ આત્મા છે. આહાહા! णाण दंसण प्रधानात् આવ્યું છે ને એમાં? મુખ્ય તો દર્શન, જ્ઞાન, આચરણ છે. એમાં ઈ થયા પછી અંદર સ્થિરતા થઈ શકે. આહાહા! એવા જીવને પણ કોઈ અસુરકુમારમાં જાય. ત્યાંથી મનુષ્યના વૈભવ પામી

મોક્ષ જશે કહે છે. સમજાણું ? હેં ! એમ લીધું કુંદકુંદ આચાર્યે. (શ્રોતા : એ તો ચારિત્ર ભ્રષ્ટ થયો તો) હેં ! જરીક દર્શનથી ભ્રષ્ટ થયો'તો આહાહા ! પરિણામમાં સહેજ એવું થઇ ગયું'તું ત્યારે અસુરકુમારમાં જાય ને ? પેલા ચારિત્રથી ભ્રષ્ટ સમકિતી અસુરકુમારમાં ન જાય. ઓહોહો ! એવી કુંદકુંદ આચાર્યની તીખી ઝીણી વાણી. હેં ! એમાં આવું જરી કંઇ એને ખ્યાલમાં રાખીને કીધું.

બાપુ ! અંદર કોઇ પરિણામ સહેજ જોરથી ખસી ગયા અસુરમાં ઉપજ્યો પણ ઇ વૈભવમાંથી મનુષ્ય થઇને વૈભવ પામી કેવળ(જ્ઞાન) પામી મોક્ષ જશે. આહાહા ! સમજાણું કાંઇ ? આ તો મધ્યસ્થથી સત્યને ગ્રહણ કરે તો એવી વાત છે આ તો. અમે માન્યું એમ એમાંથી નીકળવું જોઇએ. અમે માન્યું એમાંથી લાભ થાય એમ એને ન હોવું જોઇએ. આ તો સર્વજ્ઞની વાણી અને સર્વજ્ઞની વાણી સાંભળનાર સર્વજ્ઞની સભા કહેવાય છે. આહાહા ! ત્રણલોકના નાથની વાણી સાંભળે બાપુ ! એ સર્વજ્ઞની સભામાં એનો વહેવાર કેવો હોય ? આહાહા !

રામજીભાઇએ કીધું ને ? થોડુંક થોડુંક કહેતા રહેજો કહે, સવારમાં કીધું થોડુંક, એમ કે સાંભળવા ટાણે એણે ધ્યાન રાખવું જોઇએ ભાઇ ! હિંમતભાઇ જેવા જેણે અર્થ કર્યા છે એને બધું ખ્યાલ છે પણ એની સાંભળવાની કેવી શૈલી છે. જોઇ ? આ બધાં ચારના અર્થ એણે કર્યા છે ગુજરાતી (શ્રોતા : એ સિવાયે ઘણું કર્યું છે) ઘણું કર્યું છે. વાત સાચી (શ્રોતા : સમવસરણની સ્તુતિ કરી ને ?) હા સ્તુતિ કરીને સમોવસરણની. સ્તુતિ કરી. (શ્રોતા : અષ્ટપાહુડનું ન કર્યું ?) હા અષ્ટપાહુડનું કર્યું, બનાવી સ્તુતિ હા એણે કર્યું, બધા શબ્દોનો સુધારો કર્યો પણ એને એમ નથી કે આ સાંભળતા મારે શું સાંભળવું, કહે મને તો આવડે છે. એમ નથી. આહાહા !

આંહી કહે છે કે બાપુ ! પર્યાય દીઠ પર્યાય ફરે અને એના વેણલા જે આવે અંદરથી આહા ! બાપુ એને સમજવા જોઇએ, એને સાંભળવા જોઇએ. સાંભળેલું હોય તો પણ સાંભળવામાં ધ્યાન રાખવું જોઇએ. શ્રીમદ્દે કહ્યું છે એક ઠેકાણે કે આ વાત તમને બેઠી હોય અને સાંભળેલી હોય છતાં તમારી પર્યાય બીજી છે અને મારી પર્યાય કહેવા વખતે બીજી છે. આહાહા ! એની શૈલી તો અલૌકિક છે. એ તો જરી આ બેમાં બહુ વિચાર નહોતો ને શ્વેતાંબર અને દિગંબરની ભિન્નતા એનો અર્થ થયો પણ બેની ભિન્નતા પણ છેલ્લે કરી નાંખી છે. જ્યાં સૂત્રના નામ આપ્યા પણ ઇ લોકો એના ભક્તો ન માની શકે. ઘણાં વરસથી આગ્રહમાં પડયા હોય, જ્યાં છેલ્લા સૂત્રોના નામ આપ્યા ત્યાં, ઓગણીસ

તો દિગંબરના શાસ્ત્રોના નામ. એક શાસ્ત્રનું શ્વેતાંબરનું એક શાસ્ત્રનું નામ નહિં, એક ગ્રંથ છે એનું નામ આપ્યું છે વીસમું, એમાં ઓગણીસ તો સિધ્ધાંત છે. એમાં કોઇ દસવૈકાલિક કે ઉત્તરાધ્યયન એમ નામ નથી આપ્યું. પછી ખ્યાલમાં વાત આવી ગઇ એને, કે આ વસ્તુ સાચી. શ્વેતાંબરના શાસ્ત્રો સત્ય નથી. આહાહા!

ઝીણી વાત છે હોં! કોઇને શ્વેતાંબર હોય એને દુઃખ થાય એને માટે આ વાત નથી, આ તો સત્યની સ્થિતિ કેમ ઉભી થાય એમ વાત છે. આહાહા! આંહી કહે છે જીવ ભક્તિને મોક્ષનું કારણ જાણી આહાહા! તેમાં અતિ અનુરાગી થઇ પ્રવર્તે, એણે એમાં એકમાં લખ્યું છે કે નિશ્ચય અધ્યાત્મની વાત ઓલી થઇ જશે, એટલે એણે ભક્તિમાં આવવું એમ લખ્યું છે એક પત્રમાં. ઇ તો વહેવાર આવે એ જણાવે છે. બાકી આવવું એટલે કંઇ ફરજ છે અને કર્તવ્ય છે એમ નથી, પણ એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. પૂર્ણ વીતરાગ ન હોય એને દ્રવ્યનું જોર દૃષ્ટિમાં હોવા છતાં જેના દ્રવ્યમાં પર્યાય નથી એવું ભાન હોવા છતાં, એ દ્રવ્ય પર્યાયનોય કર્તા નથી એવું ભાન હોવા છતાં આહાહા! શુભભાવ આવે પણ એને હેય તરીકે જાણીને તેમાં લક્ષ રાખ્યું છે એ પણ હેય તરીકે લક્ષ રાખ્યું છે. આવો મારગ આકરો. અરે! દુઃખી છે અનંતકાળથી. આહાહા! એની એને ખબર નથી.

અતીન્દ્રિય આનંદનો નાથ આનંદને પાટલેથી ખસી ગયો આ પાટલે બેઠો હોય ને માણસ ખસી જાય. આહાહા! એક બાઇને પાટલે બેઠી'તી ને રસોઇ કરતી'તી ને વૈષ્ણવ હતી. કપડું એક પહેરેલું એમાં વીંછી કરડયો અંદર પૂંઠે, વીંછી કરડયો ત્યાં બરાબર, પાટલામાં કાણું હશે ને કાંઇક એક લૂગડું પહેરેલ, વૈષ્ણવ ખરાને! રાંધવા વખતે ઝાઝા કપડાં ન પહેરે, એક પાતળું અને એ પાટલામાંથી કાણાના હેઠેથી વીંછી ડંખ્યો, રાડ નાંખી, ઓલા તડમાંથી આવ્યોને! સળંગ હોય તો તો ન આવે એમ અખંડ ચૈતન્યના ધ્રુવ પાટલે અખંડપણે જો બેસે, બેસે તો તો કંઇ રાગાદિ આવે (નહિં) આહાહા! પણ ત્યાંથી ખસે એટલે રાગ (આવે) વીંછી નો ડંખ છે ઇ. આહાહા! આકરું કામ. રાગ જે વિષકુંભ કહ્યો છે ને? ઝેરનો ઘડો કહ્યો છે. હેં? આહાહા! વિષકુંભ કહ્યો જુઓને આ તો. આહાહા! વીતરાગ સંતોની વાણી તો જુઓ જરી. કહે છે કે અમારી ભક્તિનો રાગ તને આવે, ત્રિલોકનાનાથનો રાગ આવે, એને ઝેરનો ઘડો કહીએ. અરેરે! એ વીતરાગી મુનિઓ કહે હોં! આહાહા! હેં? આહાહા!

સત્‌ની સ્થિતિ જ આવી છે ત્યાં શું થાય? સત્‌નું સ્વરૂપ જ એવું છે. આનંદનો નાથ પૂર્ણ આનંદના લક્ષમાં તો હતી દૃષ્ટિ, ત્યાં સુધી તો એને આદર અખંડઆનંદ

પૂર્ણનો હતો. આહાહા ! અને તેના આદરમાં રહીને પણ રાગ આવે પણ તેને ઝેર સમાન, દુ:ખ સમાન જાણે છે. આવે માટે સારો છે એમ નહિં. ઇ તો કહી ગયાને ? તેને ભલો માનતો નથી. ઉપરના પેરેગ્રાફમાં (ત્રણ), તેને સ્વામીત્વ કે કર્તાપણું બુધ્ધિ નથી તેને તે રાગ હેય બુધ્ધિએ વર્તે છે. આહાહા ! આવી તકરાર કરે. આહાહા ! સોગાનીજીની દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર બહુ હતું. બે ઠેકાણે લખે પણ છે નહિં ? બે ઠેકાણે શું ? આ અમારી પધ્ધતિ દ્રવ્ય પ્રધાન કથનની છે. શરૂઆતમાં છે, છે ને ? એ છે ક્યાંક ? પત્રમાં ? હા ઇ છે, ઇ છે. આવ્યું 'અપની તો યહી દૃષ્ટિ પ્રધાન હી શૈલી હૈ' એમ શૈલી. એને કાંઇ ઉપદેશ કરવો નહોતો એને કંઇ દુનિયામાં, રાજી થાય અને સભાઓ ભરાય એવું કાંઇ નહોતું છે ને ?

પ્રશ્ન છે કે આપ શુધ્ધ પર્યાયકો દૃષ્ટિકી અપેક્ષાસે ભિન્ન કહતે હો કે જ્ઞાનકી અપેક્ષાસે ?(બોલનં.૨ દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ)

જવાબ: દૃષ્ટિ કી અપેક્ષાસે ભિન્ન કહતે હૈ, જ્ઞાનકી અપેક્ષાસે નહિં. કેમ કે જ્ઞાન જાણે છે એમ. દૃષ્ટિમાં ભેદ નથી ને ? દૃષ્ટિ કરનેકા પ્રયોજનમેં ભિન્નતાકા જોર દિયે બિના દૃષ્ટિ અભેદ નહિં હોતી, તો દૃષ્ટિકી અપેક્ષાસે ભિન્ન કહેતે હૈ ઔર અપની તો યહી દૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ પ્રધાન યહી દૃષ્ટિ પ્રધાન શૈલી હૈ, સો ઐસે હી કહેતે હૈ. ૪૩૫(ચારસો પાંત્રીસ)માં છે. પ્રશ્નમાં ૪૩૫(ચારસો પાંત્રીસ) હોં ! મુઝે દ્રવ્યકા બહુત પક્ષ હો ગયા હૈ. એટલે મારું લક્ષ વધારે જોર ત્યાં છે. ઇસલિયે કથનમેં દ્રવ્યસે કૌંસમાં લખ્યું છે ભાઇએ, લાલભાઇએ કે દ્રવ્યકી પ્રધાનતાસે હી સબ બાત આતી હૈ. બે ઠેકાણે આવ્યું ને ? પહેલું પ્રશ્ન ૨જો(બીજો) અને આ ૪૩૫(ચારસો પાંત્રીસ) ઇ તો યથાર્થ છે.

વળી કોઇ જીવ ભક્તિ ને મોક્ષનું કારણ જાણી, ભગવાનની ભક્તિ અને પૂજા ઓહો ! મોક્ષનું કારણ છે એમાંથી હળવે હળવે આગળ વધશું. શાંતિભાઇ ! આવો મારગ છે બાપુ ! અરે ! લોકોને સત્ સાંભળવા મળે નહિં એ સત્ના વિચાર અને સત્ની રુચિમાં ક્યારે જાય ? અરે દુર્લભ પડયું અને સંસાર ચોરાશી લાખ ભવસિંધુના તળીએ જઇને પડયો છે. આહાહા ! રાગને એકત્વ માનનારો ભવસિંધુને તળીએ ઉંડો પડયો છે. આહાહા ! એનો ઉધ્ધાર સહજ સ્વભાવ સાગર સિંધુ એના આશ્રય વિના એનો ઉધ્ધાર થાય એવું નથી. આહાહા !

જુઓને ! નિગોદના ભવ અઢાર. એક શ્વાસમાં આ શું કહે છે આ ? એને વિચાર કરીને અસ્તિપણે એને શ્રધ્ધવામાં આવવું જોઇએ. આહાહા ! સમજાણું કાંઇ ? લ્યો સાડા ત્રણે આવ્યા, લાલભાઇ આવ્યા ? હેં ? નથી આવ્યા ? ઠીક. આવવાના હતા એવો

કાગળ હતો. (આવવાના હતા. અઠવાડિયા પછી આવશે) હા, ઠીક. આહાહા! અજ્ઞાની શુભરાગ, કોઈ જીવ ભક્તિને મોક્ષનું કારણ જાણી એમાં અતિ અનુરાગી થઈ, બસ અનુરાગી, ધર્માનુરાગી, ધર્મ અનુરાગી એમ, ધર્મના પ્રેમમાં અનુરાગ એ તો રાગ છે. આહાહા! પ્રવર્તે છે પણ તે તો જેમ અન્યમતિ ભક્તિથી મુક્તિ માને છે તેવું આનું પણ શ્રદ્ધાન થયું. આહાહા! ભક્તિ તો રાગરૂપ છે અને રાગથી તો બંધ છે. આ મોક્ષમાર્ગનું. માટે તે મોક્ષનું કારણ નથી. રાગનો ઉદય આવતા જો ભક્તિ ન કરે તો પાપાનુરાગ થાય છે. ઓલો ધર્માનુરાગ છે. છે શુભ. આહાહા! એટલા માટે અશુભ રાગ છોડવા અર્થે જ્ઞાની ભક્તિમાં પ્રવર્તે છે. પણ આ મોક્ષમાર્ગમાં બાહ્ય નિમિત્ત માત્ર પણ જાણે નિમિત્ત છે ઈ તો નિમિત્ત છે એનો અર્થ ? ઈ કે એનાથી થાતું નથી.

મોક્ષમાર્ગમાં બાહ્ય નિમિત્ત ભાષા એમ લીધી છે ને ? આહાહા! નિમિત્ત છે એક રાગ મંદ એટલું. એનાથી અહીં શુધ્ધતા પ્રગટે કે એનાથી શુધ્ધોપયોગ પ્રગટે. શુભરાગથી શુભરાગ કરતાં, વિશેષ કરતાં શુધ્ધતા પ્રગટે. તદ્દન વિરૂધ્ધ માન્યતા. મિથ્યાદષ્ટિની માન્યતા છે એ. આહાહા! ભારે કામ આવું. અરે! ચોરાશીના આતાપ માં તપી રહ્યો છે બાપુ! એની આકુળતાના દુઃખની એને ખબર નથી. આનંદનો અનુભવ વિના આકુળતાનું એને દુઃખ ક્યાં લાગે ? કોની હારે એ મેળવે ? શુભઅશુભ ભાવ કષાય છે, અગ્નિ છે, ભઠ્ઠી છે. આહાહા! ભગવાન આનંદ અને શાંતિની ભઠ્ઠી છે પ્રભુ. એના વિરૂધ્ધનો અશુભભાવ દુઃખરૂપ છે. મોક્ષમાર્ગ ને જાણે. પરંતુ ત્યાં ઉપાદેયપણું માની સંતુષ્ટ થતો નથી. આહાહા! પણ શુધ્ધ ઉપયોગનો ઉદ્યમી રહે છે. શુધ્ધ ઉપયોગ જે સ્વભાવ સન્મુખ થઈને શુધ્ધ થાય તે મોક્ષનું કારણ છે. આહાહા!

**હવે પંચાસ્તિકાયની ૧૩૬(એકસો છત્રીસ)ની ટીકા** : આ ભક્તિ કેવળ ભક્તિ જ છે પ્રધાન જેને, જેને ઈ ભક્તિ જ અંદર મુખ્યતા થઈ ગઈ છે જેને દૃષ્ટિમાં આહાહા! એવા અજ્ઞાની જીવોને જ હોય છે. આ ભક્તિ કેવળ ભક્તિ જ છે પ્રધાન આહાહા! સ્વના આશ્રયથી જ્ઞાતા-દૃષ્ટાપણું છે નહિં જેને, એવા અજ્ઞાની જીવોને જ હોય છે. આહાહા! તીવ્ર રાગ જ્વર મટાડવા અર્થે, તીવ્ર અશુભરાગ મટાડવા ..... વહેવારથી કથન છે ને ? બાકી એ સમયે શુભ આવે પણ વિકલ્પમાં એમ આવે ને કે શુભ થાય, અશુભ ન થાય એમ, એવો વિકલ્પ આવે. થાય તો એને યોગ્યતાના કાળે એને કારણે. પણ વહેવારમાં એવો વિકલ્પ કે અશુભભાવ ન થાય. એ અશુભભાવ વંચનાર્થે છે ? મટાડવા અર્થે રાગ જ્વર વા અસ્થાનનો રાગ નિષેધવા અર્થે, બીજામાં રાગ ન જાય એ ખાતર ત્યાં કદાચિત જ્ઞાનીને પણ હોય છે ભક્તિ.

એટલે કે જ્ઞાની જ્યારે સ્વરૂપમાં સ્થિર થઇ શક્તો નથી, (ઉપયોગ) દૃષ્ટિમાં તો દર્શન શુધ્ધતા પૂર્ણ ઇ વર્તી જ રહી છે નિરંતર, પણ ઉપયોગ એમાં નથી જામતો, ચારિત્રની અપેક્ષાએ ઉપયોગ જામતો નથી અંદર. જ્યારે સ્વરૂપમાં સ્થિર થતો નથી ત્યારે, તેને આવી ભક્તિ હેય બુધ્ધિએ હોય છે. કહો સમજાણું કાંઇ? વાતના વલણ બીજા, શરીરના વલણ બીજા. આહાહા! અંતરનું વલણ બીજું. અજ્ઞાનીઓ ઇચ્છાથી નિરિચ્છક શુધ્ધ ઉપયોગનું માપ ન કરી શકે અથવા શુદ્ધલબ્ધિ છે પ્રાપ્ત જીવના ઉપયોગને પ્રાપ્ત થવાને લાયક એવી લબ્ધિનું માપ સાધારણ ઇચ્છાવાળા ન કરી શકે. આહાહા! સમજાણું કાંઇ? જ્યારે તેને હવે જે આત્મસ્વરૂપમાં જાગે છે તે મુક્તિ પામે છે તે કહે છે હવે. ૭૯માં(ઓગણ્યાએંસીમાં). એમાં તો કહ્યું'તું ને ૭૮માં(ઇઠ્ઠયોત્તેરમાં) તો व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे વહેવારના રાગનો રસ જેને ઉડી ગયો છે, રસનો જેને આદર નથી, એ આત્મામાં, આત્માના સ્વભાવ સન્મુખ થઇ શકે છે. जागर्ति व्यवहारे પણ રાગના રસમાં (જાગી) જાગતો રહે છે. सुषुप्त आत्म गोचरे એ આત્માના અંતરવલણમાં જાગ્રત એને થતો નથી. આહાહા! બહુ ટૂંકામાં પણ વહેવારના રસમાં જાગે છે તે નિશ્ચયના રસમાં સૂતો છે. નિશ્ચયના રસમાં જાગે છે તે વહેવારમાં સૂતો છે. હોય છે ખરો પણ એની જાગ્રતા નામ એકાગ્રતા હોતી નથી. આહાહા! ગાથા ૭૯(ઓગણ્યાએંસી).

**यश्चात्मगोचरे जागर्ति स मुक्तिं प्राप्नोतीत्याह -**

**आत्मानमन्तरे दृष्ट्वा दृष्ट्वा देहादिकं बहिः**
**तयोरन्तरविज्ञानादभ्यासादच्युतो भवेत् ।। ७९ ।।**

**અંદર દેખી આત્મને, દેહાદિકને બાહ્ય,**
**ભેદજ્ઞાન-અભ્યાસથી, શિવપદ-પ્રાપ્તિ થાય. ।। ૭૯ ।।**

आत्मानमन्तरेऽभ्यन्तरे दृष्ट्वा देहादिकं बहिर्दृष्ट्वा तयोरात्मदेहयोरन्तरविज्ञानात् भेदविज्ञानात् अच्युतो मुक्तो भवेत् । ततोऽच्युतो भवन्नप्यभ्यासाद्भेदज्ञानभावनातो भवति न पुनर्भेदविज्ञानमात्रात् ।। ७९ ।।

જે આત્મસ્વરૂપમાં જાગે છે, તે મુક્તિ પામે છે, તે કહે છે :-

**અન્વયાર્થ** : (अन्तरे) અંતરંગમાં (आत्मानं) આત્માના વાસ્તવિક સ્વરૂપને (दृष्टवा) જોઇને અને (बहिः) બાહ્યમાં (देहादिकं) શરીરાદિ પર ભાવોને (दृष्टवा) જોઇને (तयोः) બન્નેના - આત્મા અને શરીરાદિકના - (अन्तरविज्ञानात्) ભેદવિજ્ઞાનથી તથા (अभ्यासात्) તેના અભ્યાસથી (अच्युतः भवेत्) અચ્યુત એટલે મુક્ત થવાય.

**ટીકા :** આત્માને અંતરમાં - અભ્યંતરમાં જોઈને અને દેહાદિકને બાહ્ય જોઈને, તે બન્નેના અર્થાત્ આત્મા અને દેહના અંતરવિજ્ઞાનથી એટલે ભેદવિજ્ઞાનથી (જીવ) અચ્યુત એટલે મુક્ત થાય. તેથી એકલા ભેદજ્ઞાનથી જ અચ્યુત થાય એમ નહિં, પણ તેના (ભેદજ્ઞાનના) અભ્યાસથી - ભેદજ્ઞાનની ભાવનાથી અચ્યુત થાય.

**ભાવાર્થ :** આત્મા અને દેહના ભેદજ્ઞાનથી અને તેના નિરંતર અભ્યાસથી અર્થાત્ ભેદજ્ઞાનની નિરંતર ભાવનાથી-એ બન્નેથી જ સંસારથી મુક્ત થવાય, કારણકે અભ્યાસથી ભેદજ્ઞાનમાં દઢતા આવે છે અને દઢતાથી આત્મસ્વરૂપમાં સ્થિરતા પામી મુક્ત થવાય છે.

## વિશેષ

જ્યારે જીવ અંદરના આત્માને અને બાહ્ય શરીરાદિક પર પદાર્થોને તેમનાં લક્ષણો દ્વારા એક બીજાથી ભિન્ન ભિન્ન સમજે છે - બન્નેનું ભેદવિજ્ઞાન કરે છે, ત્યારે તેની પરિણતિમાં પલટો આવે છે. તે બાહ્ય વિષયોથી હઠી અંતર્મુખ થાય છે અને પોતાના ઉપયોગને ઇન્દ્રિયોના વિષયોમાં નહિં ભમાવતાં તેને હવે સ્વસન્મુખ વાળી આત્મસ્વરૂપમાં એકાગ્ર થવા અભ્યાસ કરે છે. આત્મસાધનનો અભ્યાસ વધારતાં વધારતાં એને આત્મસ્વરૂપમાં એટલી દઢતા-સ્થિરતા પ્રાપ્ત થાય છે કે તે ફરીથી આત્મસ્વરૂપથી ચ્યુત થતો નથી, અને આત્મિક ગુણોનો પૂર્ણ વિકાસ થતાં તે મોક્ષપદ પ્રાપ્ત કરે છે.

ભેદ-વિજ્ઞાન એ મુક્તિનું પ્રથમ પગથિયું છે. તેના વિના મુક્તિ કદી પ્રાપ્ત થાય નહિં. માટે ભેદ-વિજ્ઞાન કરી તેનો અભ્યાસ ત્યાં સુધી જારી રાખવો કે જ્યાં સુધી જ્ઞાનનો ઉપયોગ પર પદાર્થોથી હઠી આત્મસ્વરૂપમાં સ્થિર થાય. [૩]

''જે કોઇ સિદ્ધ થયા છે તે ભેદ-વિજ્ઞાનથી સિદ્ધ થાય છે; જે કોઇ બંધાયા છે તે તેના જ (ભેદ-વિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે''[૪]

**ભેદજ્ઞાન-જ્યોતિને કેવલજ્ઞાનને ઉત્પન્ન કરનારી કહી છે.[૫]**
**અવિચળ આત્માનુંભૂતિનું મૂળ કારણ ભેદવિજ્ઞાન છે. ।। ૭૯ ।।**

---

૩-૪. શ્રી સમયસાર કલશ ૧૩૦, ૧૩૧.
૫. જુ શ્રી સમયસાર ગાથા ૨ની ટીકા.

# પ્રવચન – ૯૨

પણ આત્મા અંતરે દષ્ટવા એ દષ્ટવા દેહાદિક બર્હિ એમ. तयो अंतरविज्ञानात् अभ्यासात् अच्युतो भवेत् ટીકા : આત્માને અંતરમાં અભ્યંતરમાં જોઈને, અંતરાત્મા કહ્યો ને ઈ ? વસ્તુ જે અંતરમાં શુધ્ધ આનંદકંદ પ્રભુ વર્તે ઈ અંતરાત્મા. એની જેને દષ્ટિ થઈ છે તે અંતરાત્મા. ઈ અંતરાત્મા જે પર્યાયની પાછળ આખો આત્મા પૂરણ ધ્રુવ, શુધ્ધ, અભેદ, અખંડ આનંદનો નાથ એને જેણે જોયો, માન્યો, જાણ્યો અને દેહાદિ બાહ્ય જોઈને એ જીવ દેહાદિ બાહ્ય જોઈને આહાહા ! બન્નેના આત્મા અને દેહના અંતરવિજ્ઞાનથી એટલે ભેદ વિજ્ઞાનથી તે અચ્યુત થતો, અચ્યુત એટલે મુક્ત થાય છે. ભેદ વિજ્ઞાનથી ચ્યુત થતો નથી એમ એટલે મુક્ત થાય છે. આહાહા ! આત્મા અભ્યંતરમાં વસ્તુ છે. શુધ્ધ ચિદાનંદ સ્વરૂપ એ અંતર અભ્યંતર દષ્ટિનો વિષય છે. તે અભ્યંતર જોઈને, આહાહા ! દેહાદિકને બાહ્ય જોઈને દેહ, વાણી, મન, રાગ આદિ, તે બન્નેના એટલે આત્માના અને દેહના અંતર વિજ્ઞાનથી એટલે કે ભેદ વિજ્ઞાનથી જીવ અચ્યુત એટલે મુક્ત થાય છે. આહાહા !

એકલા ભેદજ્ઞાનથી જ અચ્યુત થાય એમ નહિં પણ તેના ભેદજ્ઞાનના અભ્યાસથી આહાહા ! અભ્યાસાત્ શબ્દ છે ને પાઠમાં ? એનો અભ્યાસ ભેદ થયા પછી પણ, વારંવાર ભેદનો અભ્યાસ હોય એમ. આહાહા ! ભેદના અભ્યાસથી ભેદજ્ઞાનની ભાવનાથી અચ્યુત થાય છે એટલે મોક્ષને પામે છે. આહાહા ! રાગથી ભિન્ન પડીને આત્માના અભ્યંતર આનંદના સ્વરૂપનો અનુભવ કરીને તે મુક્તિને પામે છે. રાગથી ભિન્ન પડેલો અને રાગથી ભિન્ન પડવાના અભ્યાસવાળો. પહેલો રાગથી ભિન્ન પડયો પછી પણ રાગ છે એનાથી ભિન્ન પડતો જાય છે તે અચ્યુત મોક્ષને પામે છે. આહાહા ! રાગમાં રહેલો ઈ મુક્તિને પામતો (નથી). એને વહેવાર તે મુક્તિનું કારણ નથી એમ કીધું. (શ્રોતા : પરંપરા કારણ છે) બિલકુલ કારણ ફારણ છે નહિં. ઈ તો અશુભ ટાળ્યો છે ને ટાળશે એ અપેક્ષાએ કથન આવે. પરંપરા... પણ રાગ તો પરંપરા અનર્થનું મૂળ છે, આવે છે બાર ભાવનામાં કુંદકુંદ આચાર્યની, વંચાઈ ગઈ છે આપણે.

રાગ તો પરંપરા અનર્થનું મૂળ છે. વર્તમાન દુ:ખદાયક છે અને ભવિષ્યમાં પણ રાગના ફળ તરીકે પુણ્ય બંધાય અને પુણ્યના ફળ તરીકે સંયોગ મળે, સંયોગ ઉપર લક્ષ જાય એટલે રાગ જ થાય એને. આહાહા ! ભારે આકરું કામ. એ વીતરાગની વાણી મળે એ પણ સંયોગ છે. સંયોગી ચીજ છે ને ઈ. તેમાંથી તો સંયોગીભાવ જ ઉત્પન્ન થાય એના લક્ષે તો, એના લક્ષે સ્વભાવ ભાવ ન થાય. હવે આમાં ચર્ચા વાર્તા ક્યાં કરે ? પણ જે માનીને બેઠો હોય, હવે એની માન્યતા ન ફેરવે ત્યાં સુધી આ વાત એને કેમ ગળે ઉતરે ?

(શ્રોતા : ઈ બેસે જ નહિં.) આહાહા! શું કહે છે આ તો એકાંત નિશ્ચયની જ વાત છે. શ્રીમદ્જી એમ કહે છે કે અનેકાંત પણ સમ્યક્ એકાંત વિના... આવે છે ને ? ઈ વહેવારની ઉપેક્ષા થઈ એ જ વહેવાર આવી ગયો. ઉપેક્ષા થઈ એ જ વહેવાર આવી ગયો. કહે છે કે વહેવાર કારણ છે નહિં. આહાહા! પણ એકલા નિશ્ચયથી જ મુક્તિ થાય છે. એમાં વહેવારની ઉપેક્ષા આવી ગઈ, અપેક્ષા નહિં. આહાહા!

(શ્રોતા : ઉપેક્ષા એટલે ?) ઉપેક્ષા એટલે વહેવાર જાણ્યો છે, રાગ જાણ્યો છે. કીધું ને આંહી ન કીધું ? દેહાદિકને બાહ્ય જોઈને રાગાદિ પણ વહેવાર છે બાહ્ય જોઈને જોયું ? બેઉ આવી ગયું છે અંદર. કહ્યું'તું એ વખતે એ તો દેહાદિક નહિં રાગાદિકપણે. આત્માને અંતરમાં અભ્યંતરમાં જોઈને અને દેહાદિકને બાહ્ય જોઈને, આહાહા! તે બન્નેના આત્માને અને દેહના અંતરવિજ્ઞાનથી, અંતરવિજ્ઞાનથી એટલે ભેદવિજ્ઞાનથી મોક્ષ પામે છે. આહાહા! એકલા ભેદજ્ઞાનથી અચ્યુત થાય એમ નહિં પણ તેના અભ્યાસથી, ભેદજ્ઞાનની ભાવનાથી અચ્યુત થાય છે. न पुनर्भेदविज्ञानमात्रात् એમ છે ને સંસ્કૃતમાં ? भवति अपि भेदज्ञान भावनातो भवति એમ આવે છે ને ? भेदविज्ञानतः सिध्धा सिध्धा ये किलकेचनः છેક ભેદવિજ્ઞાન કરતાં કરતાં કરતાં પરથી ખસીને અંદર જાય છે ત્યારે એને મુક્તિ થાય છે. (શ્રોતા : ભેદજ્ઞાન પૂર્ણ થાય ત્યારે) પૂરું થાય ત્યારે. પૂરું તો ક્યારે થાય ? કે રાગ રહિત થઈને ઠરે ત્યારે પૂરું થાય. આહાહા! આવો મારગ આ. એ કરતાં એવું હતું ને પોપટભાઈ!

એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચૌરિંદિયા, પંચિદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, તસ્સ મિચ્છામિ દુક્કડં. કાંઈ છે એમાં ? (શ્રોતા : ઘડિયા બોલે) હેં! અને તસ્સઉત્તરી કરણેણં તાવ કાયં ઠાણેણં મોણેણં જાણેણં અપ્પાણં વોસિરામી. લ્યો થઈ ગઈ સામાયિક. આહાહા! અરે બાપુ! એ સામાયિક એમ ન થાય. સામાયિક તો સમતાનો લાભ મળે, વીતરાગતાનો લાભ મળ્યે સામાયિક થાય. વીતરાગતાનો લાભ ક્યારે મળે ? જિનસ્વરૂપી પ્રભુ શુધ્ધ દળ છે આત્મા, એ અભ્યંતર એનો આશ્રય કરે ત્યારે એને આત્મામાં વીતરાગતાનો લાભ થાય. આહાહા! ત્યારે એને સાચો કાયોત્સર્ગ થાય. રાગ ને કાયાના લક્ષને છોડી અને પૂર્ણાનંદના નાથમાં સ્થિર થાય ત્યારે એને કાયોત્સર્ગ થાય. આ તો આ ભગવાનને વંદન કરે ને ત્યારે જરી ઉભા રહીને ચૈતન્યવંદન કરે ત્યારે થોડીવાર પણ ઈ તો હજી વિકલ્પ છે. આહાહા!

**ભાવાર્થ** : આત્મા અને દેહના ભેદવિજ્ઞાનથી, અને તેના નિરંતર અભ્યાસથી, બે વાત છે ને ? ભેદજ્ઞાનની નિરંતર ભાવનાથી અભ્યાસની વ્યાખ્યા. એ બન્નેથી સંસારથી મુક્ત

થવાય કારણકે અભ્યાસથી ભેદજ્ઞાનમાં દઢતા આવે છે. રાગથી ભિન્ન પડતાં ભાન થયું છતાં એમ ને એમ ભિન્ન પડતાં દઢતા વિશેષ સ્થિરતા ભેદજ્ઞાનથી થાય છે અને દઢતાથી આત્મસ્વરૂપમાં સ્થિરતા પામી મુક્ત થવાય છે. આહાહા ! આ તો મોટા વરઘોડા, ગજરથને, ૨૫-૨૫(પચ્ચીસ-પચ્ચીસ) હજાર માણસો હોય ને, ૧-૧(એક-એક) હજાર માણસોમાં ૧-૧(એક-એક) બેંડવાજા હોય હેં ? ૨૫(પચ્ચીસ) હજાર માણસો હોય એટલે ૨૫(પચ્ચીસ) બેંડવાજા કેટલા ? આહાહા ! જયપુરમાં કીધું'તું ને છેલ્લે. ૨૧(એકવીસ) હાથી પણ એ તો એક હારે હોં ! એક સાથે બહાર મોઢા આગળ ૨૧(એકવીસ) હાથી ચાલે, પાછળ ૪૦(ચાલીસ) હજાર માણસ.

(શ્રોતા : ઘણો લાભ થયો) આહાહા ! એ તો પરની ક્રિયા થઇ અને એમાં લક્ષ રહે તો ઇ શુભભાવ છે ઇ તો. ક્યાં એમાં આત્મા ક્યાં આવ્યો ? હેં ? (શ્રોતા : એ ધર્મની પ્રભાવના) ઇ ધર્મની પ્રભાવના અંદર થાતી હશે કે બહાર ? હેં ? (શ્રોતા : નિશ્ચયને વહેવાર બે પ્રકારની પ્રભાવના) વહેવારનો અર્થ એને શુભભાવ થાય ઇ વહેવાર. બહારમાં બીજો સમજે તો વહેવાર એમ વહેવાર છે ? શુધ્ધતાનો લાભ એ નિશ્ચય અને શુભનું થવું તે વહેવાર. પણ શુભ થયું માટે બીજાને ધર્મ પામ્યો અને આંહી ધર્મ પ્રભાવના થઇ ને એનો અહીં લાભ થયો એમ છે ? આહાહા ! ભારે કામ ભાઇ ! મારે ભલે એકાદ બે ભવ કરવા પડે પણ જગતને હું તારવા રોકાણો. (શ્રોતા : કોણ જગતને તારે ?) દૃષ્ટિ જ મિથ્યા છે. આહાહા ! એ વિકલ્પમાં જોર છે હજી ભવ કરવાનો અને બીજાનું કરી દઉં. આહાહા ! એ વહેવારના એકલા રસીલા એને આત્મા આશ્રયનું ભાન છે નહિં. આહાહા !

## વિશેષ

જ્યારે જીવ અંદરના આત્માને, અંદરના આત્માને એટલે ધ્રુવ, સહજ આનંદ દળ, સહજજ્ઞાન પ્રકાશનું સત્વ એવો જે અભ્યંતર આત્મા એને અને બાહ્ય શરીરાદિ પર પદાર્થને. આવ્યું ને વચ્ચે ? આત્માનું લક્ષણ ચૈતન્ય અને બંધનું લક્ષણ રાગ. સર્વ વિશુધ્ધમાં આવ્યું છે, રાગ લક્ષણ છે ઇ. આહાહા ! આંહી પણ આવ્યું. વહેવારનું લક્ષણ વિકલ્પ. આહાહા ! કહ્યું છે ને ? લક્ષણ કહ્યું છે જુઓ. આહાહા ! विकल्प अभिराम लक्षणे વહેવાર એટલે વિકલ્પ. જેનું વિકલ્પ નામ એવું જ એનું લક્ષણ છે. વિકલ્પ જેનું નામ એવું લક્ષણ. આહાહા ! આહાહા ! જીવ અંદરના આત્માને અને બાહ્ય શરીરાદિ પર પદાર્થને, સ્વ અભ્યંતર આત્માને જાણ્યો, એ જીવ રાગાદિ બાહ્યને એના લક્ષણથી જાણે છે. એકબીજાથી ભિન્ન ભિન્ન સમજે છે. પોતાનું આનંદ સ્વરૂપ એનાથી રાગ ભિન્ન છે,

રાગથી આત્મા આનંદ સ્વરૂપ ભિન્ન છે. આનાથી એ ભિન્ન અને એનાથી એ ભિન્ન. વહેવારથી નિશ્ચય ભિન્ન અને નિશ્ચયથી વહેવાર ભિન્ન, એ બન્નેનું ભેદવિજ્ઞાન કરે છે ત્યારે તેની પરિણતિમાં પલટો આવે છે ત્યારે તેની પરિણતિ દ્રવ્ય ઉપર જાય છે. (પર્યાય તો કાર્યમાં થાય છે ને ?) કાર્ય તો પર્યાયમાં થાય છે ને ? એટલે પલટો ખાય છે. પર્યાય આમ જાય છે એ આમ જાય છે. આહાહા !

જે પર્યાય રાગ ઉપર જાય છે એ પર્યાયને દ્રવ્ય ઉપર મૂકી, અંતર વાળી, એટલે પલટો ખાધો. પરિણતિમાં પલટો આવે છે તે બાહ્ય વિષયોથી હઠી, લ્યો વિષયોમાં તો બધું આવી ગયું. વીતરાગની વાણી, વીતરાગ પોતે બાહ્ય વિષય છે. આહાહા ! બાહ્ય વિષયોથી હઠી અંતર્મુખ થાય છે, અને પોતાના ઉપયોગને ઇન્દ્રિયોના વિષયોમાં નહિં ભમાવતા લ્યો, તેને હવે સ્વ સન્મુખ વાળી, આત્મ સ્વરૂપમાં એકાગ્ર થવા અભ્યાસ કરે છે. આત્મ સાધનનો અભ્યાસ વધારતાં, અંતરમાં એકાગ્રતાની સન્મુખતાને વધારતાં વધારતાં એને આત્મ સ્વરૂપમાં એટલી દઢતા - સ્થિરતા પ્રાપ્ત થાય છે કે તે પછી ફરીથી આત્મસ્વરૂપથી ચ્યુત થતો નથી. ચ્યુત થતો નથી એટલે મુક્તિ થાય છે. આહાહા ! અને આત્મિક ગુણોનો પૂર્ણ વિકાસ થતાં તે મોક્ષપદ પ્રાપ્ત કરે છે.

ઘણી વાત સરળ અને સીધી. અભ્યંતર ભગવાન આત્મા, જે વિકલ્પમાંય નથી, એક સમયની પર્યાયમાંય એ અભ્યંતર તત્ત્વ છે નહિં. આહાહા ! અભ્યંતર દ્રવ્ય સ્વભાવ, એના સન્મુખ દૃષ્ટિને પર્યાયને વાળતાં, આત્મિક ગુણોનો વિકાસ થાય છે અને એમાં અભ્યાસથી આત્મસ્વરૂપથી ચ્યુત થતો નથી. ભેદ વિજ્ઞાન એ મુક્તિનું પ્રથમ પગથિયું છે. લ્યો, ભગવાન આત્માને રાગથી માંડીને પરચીજ બધાથી ભેદજ્ઞાન એ પહેલું પગથિયું છે. વહેવારથી નિશ્ચય થાય એવું પગથિયું છે નહિં. એનાથી ભિન્ન પાડવું એ પગથિયું છે એમ કહે છે. આહાહા ! જે બહિં લક્ષે થયેલો રાગ, એને અંતર લક્ષે થયેલી અરાગ દશા બે ભિન્ન દશા છે. આહાહા ! એ મુક્તિનું પહેલું પગથિયું છે. મુક્તિનો પહેલો ઉપાય ભક્તિ ને વ્રત ને તપને કરો, કરતાં કરતાં નિશ્ચય થાશે, એમ આંહી ના પાડી. એ પગથિયું જ નથી. આહાહા !

મેડીએ જવા માટે એ ભોંયરે ઉતર્યો એ તો ! (શ્રોતા : છેટું રહી ગયું) છેટે પડે. વચ્ચે ઓરડો હોય, નીચે ભોંયરું હોય અને માથે મેડી હોય. હવે મેડીએ જાવું છે તો એને પહેલો હેઠે ઉતરે, અભ્યાસ થાય હેઠે ઉતરવાનો તો એને ઉપર ચડવાનો અભ્યાસ થાય. હેં ? (શ્રોતા : એમ જ માન્યું'તું) આહાહા ! હેઠે ઉતરવામાં તો પડતું મૂકવું છે આખું

એમ ને એમ, એટલે એમાં કાંઇ જોર નથી. ઉપર ચડવામાં તો પગને આખું આમ જોર મૂકવું પડે છે. આ ગિરનાર જે જાય ને એ ચડતા વખતે એને બહુ મહેનત પડે પણ ઉતરતાં પછી કાંઇ પગથિયા ઉપર શરીર પડતું મૂકવું છે ને આમ ફટફટ, ફટફટ. ઓલું તો ઉપાડવું છે આમ બધું, એમ આત્મામાં અંદર ઉર્ધ્વપણે (જાવું) જાતાં અંદર પુરુષાર્થની ઉગ્રતા છે ત્યાં, ને રાગમાં જાવું એ તો હેઠે, ભોંયરે જાવું પડતાં મૂકવું એમ છે. આહાહા ! જ્યાં સુધી ભેદવિજ્ઞાન કરી તેનો અભ્યાસ ત્યાં સુધી ધારી રાખવો કે જ્યાં સુધી જ્ઞાનનો ઉપયોગ પર પદાર્થથી હઠી આત્મસ્વરૂપમાં સ્થિર થાય. લ્યો, છે ને ઇ કળશ ને ઇ ?

વિશેષ કહેશે......

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

સૂર્યનો પ્રકાશ ને અંધારું એ બે વસ્તુ તદ્દન જુદા છે, તેમ સહજાત્મકસ્વભાવ તે એકલો જ્ઞાનસ્વભાવ છે, સૂર્ય સમાન છે ને દયા -દાન આદિના વિકલ્પો તે અંધકાર સમાન છે, તેને જ્ઞાન - સૂર્યથી તદ્દન જુદાઇ છે. સહજાત્મસ્વરૂપ એટલે સ્વાભાવિક છે, અણકરાએલી છે, અકૃત્રિમ છે. એ સ્વભાવને અને રાગને એકતા ત્રણકાળમાં નથી. શું થાય ! કેવળીઓના વિરહ પડયા, અવધિજ્ઞાની પણ કોઇ રહ્યા નહિં. જગતને ચમત્કાર લાગે તેવું કાંઇ રહ્યું નહિં. સત્યને સ્વીકારવું જગતને કઠણ પડે છે, આવું પરમ સત્ય સ્વીકારનાર પણ મહા ભાગ્યશાળી છે.

દ્રષ્ટિનાં નિધાન ૩૬૭.

# પ્રવચન – ૯૩

## શ્લોક – ૭૯ અને ૮૦

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૧૮.૦૭.૭૫**

**यश्चात्मगोचरे जागर्ति स मुक्तिं प्रप्नोतीत्याह -**
**आत्मानमन्तरे द्दष्ट्वा द्दष्ट्वा देहादिकं बहिः**
**तयोरन्तरविज्ञानादभ्यासादच्युतो भवेत् ।। ७९ ।।**

**અંદર દેખી આત્મને, દેહાદિકને બાહ્ય,**
**ભેદજ્ઞાન-અભ્યાસથી, શિવપદ-પ્રાપ્તિ થાય. ।। ૭૯ ।।**

यस्य च देहात्मनोर्भेददर्शनं तस्य प्रारब्धयोगावस्थायां निष्पन्नयोगावस्थायां च कीद्दशं जगत्प्रतिभासत इत्याह -

**पूर्वं द्दष्टात्मतत्त्वस्य विभात्युन्मत्तवज्जगत् ।**
**स्वभ्यस्तात्मधियः पश्चात् काष्ठपाषाणरुपवत् ।। ८० ।।**

સ્વાત્મદર્શીને પ્રથમ તો, જગ ઉન્મત્ત જણાય;
દૃઢ અભ્યાસ પછી જગત્, કાષ્ટ-દષદ્વત્[૧] થાય. ।। ૮૦ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।

---

૧. દષદ્ – પત્થર, પાષાણ.

મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

---

ગાથા ૭૯(ઓગણએંસી) સમાધિતંત્ર વિશેષ - છેલ્લી ૪(ચાર) લાઈન. આધાર આપ્યો છે સંવર અધિકારનો. જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદ વિજ્ઞાનથી સિદ્ધ થયા છે. સંવરની ગાથા છે આ. એ કહ્યું'તું ને ? ભેદ-વિજ્ઞાન, 'ભેદ જ્ઞાન તે જ્ઞાન છે બાકી બૂરો અજ્ઞાન. ધર્મદાસ ક્ષુલ્લક કહે એમ રાગ તું માન'. પૂનમચંદ નથી ? ક્યાં ગયા ? દેખાતા નથી અહીં, ન્યાં બેઠા (પાછળ). ઈ ગાથા કાલ હતી એ હારે હતા. આહાહા ! રાગથી શરીર તો ભિન્ન છે, નિમિત્તનું લક્ષ છોડી દઈ, રાગનું લક્ષ છોડી દઈ, અને પર્યાયમાં અંશબુધ્ધિ છે એને છોડી દઈ, એનાથી ભિન્ન ચૈતન્ય ધ્રુવ એનું જે જ્ઞાન કરે છે, એ ભેદજ્ઞાન છે, અને એ ભેદજ્ઞાનથી જેટલા સમકિત પામ્યા, જ્ઞાન પામ્યા, ચારિત્ર પામ્યા ને કેવળ પામ્યા એ એનાથી પામ્યા છે. (શ્રોતા : કોઈ ઠેકાણે એમ કહ્યું કે સમ્યગ્દર્શનથી પામ્યા) એ સમ્યગ્દર્શનનો અર્થ થ્યોને એ. સમ્યગ્દર્શનની હારે જ્ઞાન ચારિત્ર હોય છે. ભેદજ્ઞાન થ્યું ને એ ભેદજ્ઞાન સમ્યક્જ્ઞાનની વાત થાય ત્યાં આ ભેદજ્ઞાન છે.

પ્રતીતની વાત થાય ત્યાં ધ્રુવની પ્રતીતિ. એક સમયના અંશ તરફનું વલણ તો અનાદિનું છે. શાસ્ત્રનું જ્ઞાન પણ એ પર્યાયમાં થાય છે અને પર્યાય ઉપર બુધ્ધિ છે ત્યાં સુધી આત્મા શું છે એને એણે જાણ્યો નથી. આત્મા તો એને કહીએ જે પર્યાયથી પણ ભિન્ન, શુદ્ધ, અખંડ, અભેદ, ચૈતન્ય વસ્તુ, એને આત્મા કહીએ. એ આત્મા ઉપર દૃષ્ટિ પડતાં પર્યાય બુધ્ધિ, રાગ બુધ્ધિ, નિમિત્ત બુધ્ધિ છૂટી જાય છે એવી વાત છે. હવે આ તો હજી સાંભળવાથી વાંધા કાઢે છે. હેં ? આહાહા ! સાંભળવું તો ક્યાંય રહી ગયું. ભગવાનની વાણી સાંભળવી એ કાંઈ સમ્યગ્દર્શનનું સાધન નથી. આહાહા ! આવી વાતું બાપુ ! કેમકે જ્યાં સુધી પર્યાય બુધ્ધિમાં હોય છે, સાંભળવું એ તો એક કોર રહી ગયું પણ સાંભળ્યું છે એનું જે જ્ઞાન પોતાથી થયું છે, એમાં પણ બુધ્ધિ જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એને આત્માનો- આનંદનો સ્વાદ આવતો નથી. ત્યાં સુધી એને દુઃખનો સ્વાદ છે. એવી વાત છે ભાઈ !

જેંતીભાઇ ! જ્યારે એ ભેદજ્ઞાન કરે છે એટલે પરથી ભિન્ન પડી પર્યાયમાંથી પણ ભિન્ન પડી આહાહા ! પર્યાય પોતે પર્યાયથી ભિન્ન પડીને એમ સ્વભાવને પકડે છે. આહાહા ! ભારે મારગ ભાઇ ! એ લોકોને આ ભાઇ એકાંત લાગે બધું એવું છે. (શ્રોતા : લોકોને લાગે શું ?) લોકોને શું ? પાત્ર જીવને ન લાગે. આહાહા ! એટલે આ ઝઘડા એમના ઉભા રહે. આહાહા ! ભગવાનની વાણીથી જ્ઞાન થાય એ તો છે નહિં, આહાહા ! સાંભળવાથી જ્ઞાન થાય એ તો છે નહિં, પણ સાંભળવાથી જે જ્ઞાનનું લક્ષ પોતાને કારણે જે ક્ષયોપશમ થયો એને કારણે પણ ધરમ ન થાય. આહાહા ! આંહી તો વસ્તુ સ્થિતિ એક સમયમાં ભગવાન ધ્રુવ આનંદનો કંદ પ્રભુ છે એને સન્મુખ થઇને સ્પર્શે નહિં જ્યાં સુધી, ત્યાં સુધી એને ધરમ ન થાય, ત્યાં સુધી એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ ન આવે, અને સ્વાદ ન આવે ત્યાં સુધી એને ધરમ ન થાય. આહાહા ! આવી વાત ભારે !

એ સ્વાદ તો જે વસ્તુમાં પડી છે ચીજ એની સન્મુખ થઇને એકાગ્ર થાય તો સ્વાદ આવે. એ ભગવાનની સામું જોઇને જ્ઞાન થાય એમાંથી આ ? ન્યાં સુખ છે ? આહાહા ! (શ્રોતા : બધો વહેવાર આપ ઉડાડો છો) વહેવારને ઉડાડયા વિના નિશ્ચયમાં જાશે નહિં. કાંતિભાઇ ! વસ્તુ આવી છે ભાઇ ! આહાહા ! જેને ચૈતન્ય દળ જે આનંદકંદ પ્રભુ એના ઉપર જાવું ત્યારે તો એની દ્રષ્ટિમાંથી પરથી બધેથી ખસી જવું પડે. સમજાણું કાંઇ ? ત્યારે એને ભેદજ્ઞાન કહેવાય. એ પરથી જુદો ને એ અપેક્ષાએ, આમ સ્વભાવમાં એકતા થઇ એ તો અભેદ થયો, પણ પરની અપેક્ષાથી એને ભેદજ્ઞાન કીધું. આહાહા ! અરે ! ભેદવિજ્ઞાનથી સિધ્ધ થયા એટલા બધા એનાથી સિધ્ધ થયા છે કહો. સિધ્ધ થયા એટલે સમ્યગ્દર્શનથી પામીને કેવળજ્ઞાનને જે પામ્યા, એ બધા ભેદ વિજ્ઞાનથી પામ્યા છે. એટલે એકલા સિધ્ધ થયા એમ નહિં પણ નીચેથી, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર, શુક્લધ્યાન કે આદિ એટલે કે કેવળ, એ બધું પરના આશ્રય છોડીને, સ્વના આશ્રયથી પામ્યા છે. કાંતિભાઇ ! આવી વાત છે બાપુ ! સહેલું કરીને બીજી રીતે કહેશે તો એ મારગ એમ હાથ નહિં આવે. આહાહા ! રાજી થાય લોકો, લોકો હોં ! આહાહા !

આ વહેવાર કાંઇક સાધન તો જોઇએને ? એમ કહેતા ન્યાં શ્રીમદ્‌માં અગાસ ગયા ને જ્યારે, ત્યારે કહ્યું નિશ્ચયથી એ પણ એનું કંઇ સાધન ? ભક્તિ યા વાંચન બખબખિયા કરવા, ભગવાનની સવારમાં સ્તુતિ કરવી, રાગડા તાણવા, આહાહા ! કંઇ સાધન નહિં ? ભાઇ ! સાધન તો પરથી ભિન્ન પાડવું એવી પ્રજ્ઞા જ્ઞાન બુધ્ધિ એ સાધન છે. આહાહા ! એ શાસ્ત્રના લાખ જ્ઞાન કર્યા હોય, ૧૧(અગિયાર) અંગને ૯(નવ) પૂર્વ એ

જ્ઞાન પણ કંઈ જ્ઞાન નથી, આહાહા ! ભેદજ્ઞાન તે જ્ઞાન છે. બાબુભાઈ ! આહાહા ! આવી વાત છે બાપુ ! એ શાસ્ત્રના ભણતર કર્યા, લાખ કરોડ શ્લોક કર્યા કંઠે અને શાસ્ત્ર (શ્રોતા : ૧૧(અગિયાર) અંગ ને ૯(નવ) પૂર્વ) શાસ્ત્ર કર્યા બનાવ્યા લ્યોને તોય શું છે ? એ વસ્તુ કાંઈ સમ્યગ્દર્શન ને એ ભેદજ્ઞાન નથી હજી. આહાહા ! એથી કહે છે કે જે કોઈ સિધ્ધ થયા, અનંતજીવો સિધ્ધ થયા આહાહા ! છ મહિના ને આઠ સમયમાં ૬૦૮(છસ્સો આઠ) સિધ્ધ દશાને પામે. સંસારનો અંત લાવીને, ઉદયભાવનો અંત લાવીને, સ્વભાવ ભાવને પ્રગટ કરે. આહાહા !

એ જે કોઈ સિધ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિધ્ધ થયા છે. અને જે કોઈ બંધાયા છે, ભાષા તો જુઓ ઓહોહો ! તે તેના જ અભાવથી બંધાયા છે, કર્મથી બંધાયા છે ને ફલાણાથી બંધાયા છે એમ નહિં. આહાહા ! જેણે પર્યાય બુધ્ધિ છોડી નથી, રાગબુધ્ધિ છોડી નથી તે બંધાયા છે. સમજાણું કાંઈ ? પ્રભુ ! એક સમયમાં પરમાત્મ સ્વરૂપે બિરાજમાન છે જેને એને આત્મા કહીએને ? ૩૮(આડત્રીસ) ગાથામાં તો એ લીધું ને, નહિં ? નિયમસાર. આ આત્મા ધ્રુવ, અભેદ, શુધ્ધ, ચૈતન્યઘન તે આત્મા. પર્યાયને અહીંયા લીધી નથી. આહાહા ! એવો જે ભગવાન પૂર્ણ સ્વરૂપ ચૈતન્ય દળ, એ પર્યાયમાં આવતો નથી. ભાઈએ દાખલો આપ્યો છે ને ? ન્યાલભાઈએ. અરીસાનો નહિં ? અરીસાનો દાખલો આપ્યો છે. અરીસો છે એની પર્યાયમાં આ બધું ભાસે છે. એનું દળ જે રહે છે એ પર્યાયમાં આવતું નથી. આહાહા ! અને એ પર્યાય જે છે એમાં આ ભાસેને ? સર્પ, કોલસા, અગ્નિ, બરફ. છે તો એની પર્યાય એમ ઈ નહિં પણ એ પર્યાયમાં એ ભાસે છે. આમ પણ એ પર્યાયમાં આખું દળ ચૈતન્ય આવ્યું નથી. કારણ કે આ તો પલટતી દશા છે અને ઓલી તો એકરૂપ દશા વસ્તુ છે. આહાહા ! તો એ પર્યાયમાં દળ નથી. દળ તો દળમાં છે. આહાહા ! એવું જેને ભેદજ્ઞાન નથી એ બંધાણા છે એમ કહે છે.

કર્મને લઈને બંધાણા છે ને ફલાણાનો ઉદય એવો આવ્યો એમ નથી કહ્યું આંહી ? આહાહા ! જેણે રાગને પર્યાયથી ભિન્ન, ભગવાનને ભેદ પાડીને અનુભવ્યો નથી આહાહા ! એ જીવો સંસારમાં બંધાયેલા છે. કહો રતિભાઈ ? આહાહા ! આવી વાત છે. તે તેના અભાવથી બંધાયા છે. છે ? ઈ પહેલાને બીજો બે શ્લોક છે ને ? ૧૩૦(એકસો ત્રીસ), ૧૩૧(એકસો એકત્રીસ). ૧૩૦(એકસો ત્રીસ)માં એમ કે ભેદવિજ્ઞાન ત્યાં સુધી કરવું કે જ્યાં સુધી પૂરું ન થાય ત્યાં સુધી. એ ૧૩૦(એકસો ત્રીસ) કળશ છે. આ ૧૩૧(એકસો એકત્રીસ) છે. આહાહા ! એક એક શ્લોકે હેં ? ઓહોહો ! એક ને એક બે વાત. એટલે કે

પરથી ભિન્ન પાડવું એ બે થઇ ગ્યા. બેમાંથી એક જુદો પાડીને, એકના ઉપર દૃષ્ટિ દેવી, આહાહા! એનાથી સમ્યગ્દર્શન, એનાથી સમ્યગ્જ્ઞાન, એનાથી ચારિત્ર, એનાથી શુક્લ ધ્યાન ને એનાથી કેવળજ્ઞાન. અને એ ભેદવિજ્ઞાનનો અભાવ, રાગમાં ને પર્યાયમાં રાજીપો. જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન થયું શાસ્ત્રનું અને એમાં એને કાંઇક રાગની મંદતા જેવું દેખાય એથી સંતોષપણાને માને, એ સંતોષ નથી એ તો દુ:ખ છે. આહાહા!

જેમ લક્ષ્મીના લક્ષથી મમતા અને દુ:ખ છે એમ પર તરફના જ્ઞાનના જાણપણામાં પણ દુ:ખ છે. આહાહા! કેમ કે જ્યાં સુખ ન આવ્યું પરના લક્ષે સુખ ક્યાંથી આવે? એમ એમાં ક્યાં સુખ હતું? આહાહા! શાસ્ત્રના જ્ઞાનની પર્યાયમાં સુખ ક્યાં હતું? આહાહા! આવી વાત છે. જ્ઞાન, આનંદ અને સુખતો ધ્રુવ સ્વરૂપમાં છે. પર્યાયમાં આવે તો એ ધ્રુવના સ્વરૂપમાં જાય ત્યારે પર્યાયમાં આવે આનંદ, કે પર્યાયમાં રહીને પર્યાયમાં (દુ:ખ) સુખનો આનંદ આવે. આનંદ આવે એમ હોય નહિં. આહાહા! શું પણ સંવરની ક્રિયા, આ સંવર. પેલા પાંચ આહાર વોસિરાવેને! લ્યો કોઇ કહે કેટલું ઘટયું ફલાણામાં કેટલું ઘટયું? શું ઘટે? ધૂળ ઘટે? સાંભળને. આહાહા! જેણે **णाण सहावो अधियं** પર્યાયને રાગથી પણ ભિન્ન જુદો પૂરણ એવું જેને ભેદજ્ઞાન નથી એ બંધાયેલા નરક ને નિગોદના ભાવને કરે છે ઇ. આહાહા! આવી વાત છે સુજાનમલજી!

દુનિયાને સમજાવતાં આવડયું, લાખ, ૨(બે) લાખ માણસ ભેગા થાય અને રાજી થાય એથી તને શું? આહાહા! જ્યાં સુધી તારી બુધ્ધિ પર્યાયમાં અને રાગ ઉપર પડી છે ત્યાં સુધી એ બંધાયેલો છે અને જેની બુધ્ધિ રાગ ને પર્યાયથી ખસીને (પર્યાય) દ્રવ્યમાં જાય છે એને સુખની અંકુરદશા સુખની ફૂટે છે. આહાહા! હવે આંહી તો હજી કહે કે જિનવાણીથી આ સુખ થાય, ધરમ થાય. અરે ભાઇ! તે સાંભળી નથી પ્રભુ વાત! જિનવાણી તો પરદ્રવ્ય છે. આહાહા! ભગવાન પરદ્રવ્ય છે, જિનવાણી પરદ્રવ્ય છે, આહાહા! અને પરદ્રવ્ય ઉપર લક્ષ જતાં વિકલ્પ જ થાય છે. વહેવાર ન આવ્યો? વહેવાર એટલે અભિરામ વિકલ્પ જેનું લક્ષણ છે. આહાહા! વહેવાર એટલે વિકલ્પ જેનું લક્ષણ છે એટલે કે રાગ જેનું લક્ષણ છે, એટલે કે બંધ જેનો ભાવ છે. આહાહા! રાગ એ બંધભાવ છે ને? બંધ લક્ષણ છે ને? સમજાણું કાંઇ? બહુ સરસ આવી ગયું છે. વહેવાર નહિં? હેં? કેટલામું? વહેવારે ૭૮(ઇઠયોતેર) ગાથા.

વહેવારે વિકલ્પ અભિરામ લક્ષણે. આહાહા! વહેવાર એટલે રાગનું નામ લક્ષણવાળું, જેનું રાગ લક્ષણવાળું સ્વરૂપ છે. આહાહા! એ વહેવારથી જીવને નિશ્ચય

થાય. બહુ મિથ્યા બુદ્ધિ હેં? આહાહા! ભાઈ, આ તો મારગ અંતરના છે. એ કોઈ બહારની વિદ્વતા ને પંડિતાઈને બહારના બધા ત્યાગના ખોખા, વ્રત ને તપ એ કાંઈ સાધન નથી ધરમનું. સમજાણું કાંઈ? ભેદજ્ઞાન જ્યોતિને કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી કહી છે. ૨જી(બીજી) ૨જા(બીજા) અધ્યાય, ૨જી(બીજી) ગાથામાં સમયસારની ૨જી(બીજી) ગાથા. એમાં ભેદજ્ઞાન જ્યોતિને કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી કહી છે. આહાહા! ઠીક પણ મેળવ્યું છે ભાઈએ હોં. છોટાભાઈએ મહેનત સારી કરી છે. મેળવ્યું છે બધું. આવે છે ને ૨જી(બીજી) ગાથામાં? આવે છે. કેવળજ્ઞાન ઉત્પન્ન કરનાર ભેદજ્ઞાન જ્યોતિ છે. આહાહા! એ ભેદજ્ઞાન તે જ્ઞાન છે અને તેથી રાગ ને પર્યાયમાંથી બુદ્ધિ ખસીને પર્યાય જાય છે દ્રવ્યમાં આ બુદ્ધિ. પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે એ નહિં. આહાહા! પર્યાયમાં રહીને દ્રવ્યને શી રીતે જાણે? આ દ્રવ્ય છે ને આ પર્યાય છે એ તો ભેદ થઈ ગયો.

જ્ઞાનની પર્યાય જે જ્ઞાયકમાં જે સ્પર્શે, જ્ઞાયકમાં એકરૂપ થાય. એકરૂપનો અર્થ રાગરૂપી એકત્વ છે. ખરેખર તો પર્યાયમાં એકત્વ બુદ્ધિ છે એ જ મિથ્યાત્વ ને સંસાર છે. એ અહિંયા કહે છે કે ભેદજ્ઞાન જ્યોતિ, એનાથી ભિન્ન પડીને, એ તો અંતરની ભાવનાની વાત છે કે નહિં? કંઈ બહારથી મળે એવું છે ઈ? આહાહા! ભેદજ્ઞાન જ્યોતિને કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી કહી છે. સમયસારની ગાથા ૨જી(બીજી) ટીકા છે ને? આવી ગઈ છે વાત એ. છે ને આપણે? સર્વ પદાર્થો કે સ્વભાવકો પ્રકાશિત કરનેમેં સમર્થ, કેવળજ્ઞાનકો ઉત્પન્ન કરનેવાલી ભેદજ્ઞાન જ્યોતિનો ઉદય હોને સે આહાહા! આરે! આ જીવ એમ કે જીવનું છે ને? સવારમાં આવ્યું'તું ને કે રહસ્યપૂર્ણમાં 'આત્મા'. રસના અભાવ સ્વભાવરૂપ આત્મા એ નાસ્તિથી પહેલી વાત કીધી છે. આહા! પછી એ 'આત્મા' આહાહા! ચેતન લક્ષણે લક્ષિત, જે ચેતનપણું સ્વદ્રવ્યને આશ્રયે છે, ન્યાં જીવ મૂક્યો છે ત્યાં. પહેલો આત્મા કહ્યો તો કોઈ એમ કહે કે આત્માને જીવ જુદા એમ નથી, ભાષા એમ મૂકી છે. પહેલો આત્મા મૂક્યો છે.

'આત્મા' રસના અભાવ સ્વભાવવાળો એમ કહીને છેલ્લે એ 'આત્મા' એટલે કે જીવ ચૈતન્ય લક્ષણે લક્ષિત, એ ચૈતન્યપણું જીવને આશ્રયે છે. સમજાણું કાંઈ? આંહી એ કહ્યું'તું. જબ યહ જીવ સર્વ પદાર્થોકે સ્વભાવકો પ્રકાશિત કરનેમેં સમર્થ કોણ? કેવળજ્ઞાન. સર્વ પદાર્થોકે સ્વભાવકો, સ્વભાવકો પ્રકાશિત કરનેમેં સમર્થ, કેવળજ્ઞાનકો ઉત્પન્ન કરનેવાલી, ભેદજ્ઞાન જ્યોતિનો ઉદય હોનેસે, સર્વ પરદ્રવ્યોસે છૂટકર, દર્શન-જ્ઞાન સ્વભાવમેં નિયત, દર્શન જ્ઞાન સ્વભાવ એમાં નિયત (એ ચારિત્ર) વૃત્તિરૂપ (અસ્તિત્વ

રૂપ) આત્મતત્ત્વકે સાથ એકત્વરૂપમેં લીન હોકર, આત્મતત્ત્વકે સાથ; પર્યાયની એકત્વબુદ્ધિ છોડીને આત્મતત્ત્વકે સાથ, એકત્વરૂપમેં લીન હોકર પ્રવૃત્તિ કરતા હૈ તો દર્શન, જ્ઞાન, ચારિત્રમેં સ્થિત હોનેસે અપને સ્વરૂપકો એકત્વરૂપસે એકહી સમયમેં જાનતા ને પરિણમતાં હુઆ સ્વસમય હૈ. ઓહો! કેટલું ભર્યું છે.

વહેવારના રસમાં પડયા એને આ કઠણ પડે માણસને. હેં? કારણકે ઊંડે અંતરમાં જાવું છે એને બહારની કોઈ અપેક્ષા છે નહિં. ઊંડે એટલે કે આ અંદર ધ્રુવ તત્ત્વમાં જાવું છે ને? એની બાહ્યની પર્યાય જે બાહ્યરૂપ છે, એમાંથી અંતરમાં ધ્રુવ સ્વભાવમાં જાવું છે એને. આહાહા! એ કાંઈ પ્રયત્ન ને પુરુષાર્થ ઓછો છે? આહાહા! એથી કહે છે કે ભેદજ્ઞાન જ્યોતિને કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી કહી છે. આહાહા! ક્યારેક એમ કહે કે, પણ જ્યાં સુધી અમારે એ ન થાય ત્યાં સુધી અમારે શું કરવું? વળી એમ પૂછે. પરથી ભેદ પાડવાનો પ્રયત્ન કરવો. આહાહા! હિંમતભાઈ! આવી વાતું છે. દુનિયા તો કહેશે આવું હોં! ધરમીને દુનિયા પાગલ દેખાય પહેલે, જ્યાં સુધી વિકલ્પની દૃષ્ટિ છે પણ વિકલ્પ છે ત્યાં સુધી એને આહાહા! પછી તો ઠરતાં તો એને દુનિયા લાકડા જેવી એટલે કે અચેતન વસ્તુ છે આખી દુનિયા, આ ચેતન ત્યાં નથી. આમાં કહેશે ૮૦(એંસી)માં. આહાહા!

અવિચળ આત્માનુભૂતિનું મૂળકારણ ભેદવિજ્ઞાન છે. સરવાળો કર્યો. અવિચળ-ચળે નહિં એવી આત્માનુભૂતિ, આત્માને અનુસરીને થતું જ્ઞાન ને વેદન ને અનુભવ, એ મૂળ કારણ વિજ્ઞાન છે. એનું મૂળ કારણ ભેદવિજ્ઞાન છે. આહાહા! એમ ને એમ સાધારણ બુધ્ધિમાં જીંદગી ગાળે, વેપારમાં હુંશિયાર ગણાય. હિંમતભાઈ! ૫-૫૦(પાંચ-પચાસ)હજાર પેદા કરતા હોય, મૂડી હોય ૨(બે), ૫(પાંચ), ૧૦(દસ) લાખની બસ થઈ રહ્યું હવે એ તો. કાંઈક આગળ વધ્યો એમ કે કાંઈક બીજા કરતા. બાબુભાઈ! બાબુભાઈએ તો સાંપી દીધું છે હવે કહે છે એવું કો'ક કહેતું'તું. એના ભાઈને સોંપી દીધું. વેપાર, ધંધા. તમારા બાબુભાઈની વાત છે. આહાહા! કોણ કરતું'તું તે સોંપે? આહાહા! એ તો એને કારણે. આહાહા!

ભોંયરામાં માલ હોય ત્યાં જાય ત્યારે એ માલ મળે ને? હેં? કે મેડી ઉપર રહીને ભોંયરામાં માલ મળે એને? આહાહા! એમ અંતરમાં ભોંયરે પડયો છે ભગવાન અંદર. એને ઉપર જતાં પર્યાયમાં ને રાગમાં જતાં એ પ્રાપ્ત થાય? આહાહા! એકજણે કહ્યું છે હમણા, ક્ષમાસાગરનો કાગળ આવ્યો છે છેલ્લો? ખંભાતથી આવ્યો છે. કે અમને ટોડરમલની હૂંડી, લખ્યું છે કે અધ્યાત્મ પુરુષ ટોડરમલ એમ લખ્યું છે. અધ્યાત્મ પુરુષ

ટોડરમલની હૂંડી અને એનો ગુજરાતી અનુવાદ સંસ્થા તરફથી બહાર પડયો છે તે મોકલો. એ તો જિજ્ઞાસા હોય ને લોકોને ભલે શ્વેતાંબર હોય પણ એને કે આ શું છે આ? આ દિગંબરનું વાતું કરે છે ને ટોડરમલની અને હવે તો ક્યાંય ગુપ્ત વાત રહી નથી. આહાહા!

અવિચળ આત્માનુભૂતિનું મૂળ કારણ આહાહા! એટલે આત્મદ્રવ્યની અનુભૂતિ, અનુભવ થવો એનું મૂળકારણ પરથી ભેદવિજ્ઞાન તે છે. પરથી ભેદ થતાં સ્વરૂપનો અનુભવ થાય, એમ કહે છે. આહાહા! જ્યાં વહેવારના વિકલ્પ પણ જ્યાં મદદગાર નથી. આહાહા! પર્યાયમાં એટલા ૧૧(અગિયાર) અંગ અને ૯(નવ) પૂર્વના જાણપણા કર્યા એ પણ ઉપરને ઉપર રહ્યાં અંદરમાં કામ ન કરે ઈ કહે છે. આહાહા! આવો મારગ વીતરાગનો અને જૈનને નામે લોકોએ બીજો કરી નાંખ્યો છે. મારગ તો મારગ છે કાંઇ બીજો મારગ થતો નથી પણ એણે કલ્પ્યો છે એવી રીતે. આહાહા! બીજો એણે માન્યો છે. આ વહેવારથી થાય ને રાગથી થાય ને. વહેવાર સાધન કહ્યું છે ને? નિશ્ચય સાધ્ય અને વહેવાર સાધક કહ્યો છે ને? બાપુ! એ તો જ્ઞાન કરાવવાની વાત છે. ભાઈ! નિશ્ચયની દૃષ્ટિ અને અનુભવ છે ત્યાં રાગની મર્યાદા કેટલી છે એનું જ્ઞાન કરાવ્યું છે. સાધક, સાધક એ છે જ નહિં. આહાહા!

જે જે જ્યાં સાધક છે તે તે ત્યાં બાધક છે આવે છે ને? તો રાગ દ્વેષની વાતો શું કરવી કહે છે ભાઈ! આહાહા! જે નય નિક્ષેપને પ્રમાણથી, જે વસ્તુનો નિર્ણય કરવા જાય છે, એ પણ વિકલ્પ જ્યાં સાધક કહો એ બાધક છે ત્યાં. આહાહા! તો રાગ ને દ્વેષના સ્થૂળ શુભ વિકલ્પો ને શુભ ઉપયોગ, એની શું વાત કરવી? એનાથી એ સાધન છે જ નહિં. આહાહા! હવે આ બધું તમે શું કરો છો અત્યારે આ? આ અષ્ટાનિકા ૮(આઠ) દિ' લ્યો ૩જો(ત્રીજો) દિ' છે ને આજે. ૮(આઠ), ૯(નવ), ૧૦(દસ)નો ૩જો(ત્રીજો) દિ' આહાહા! પ્રવિણભાઈ તરફથી છે ને? મૂળશંકરભાઈ ને પ્રવિણભાઈ બચારા ગુજરી ગ્યાને? લાગણી વાળા હતા હોં! આંહી રહ્યા'તાને ૧૨(બાર) વરસ. નાની ઉંમરે હોં! ૫૦(પચાસ) વરસની ઉંમરે દેહ છૂટયો એના તરફથી છે ને કંઈ? ૧૦(દસ) ૮(આઠ) ૮(આઠ) દિ' ને? ૧૦(દસ) દિ' તો ઓલા પજુસણના નહિં? ઓહોહો! ભાઈ એવો શુભરાગ હોય છે પણ એ શુભરાગ છે તે હેય છે. આહાહા!

આવી વાત બાપુ! એનું ભેદ કરે તો લાભ થાય, એ પોતે ચીજથી લાભ થાય એમ નહિં. ગીરધરભાઈ! આ ગીરધરભાઈને અત્યારે તો મોટું મંદિર થાય છે અત્યારે તો (શ્રોતા : પોતે બનાવે છે ને) ઈ જ બનાવે છે, ગીરધરભાઈ જ છે ને કર્તા ન્યાં

તો. શેઠિયા ઘરના ને ગામના હતા ને વળી આમાં એને પ્રેમ થઇ ગયો. એટલે તોય કર્તા તો ઈ છે ને અત્યારે? આહાહા! પણ એ તો થવા કાળે થાય છે એમાં શુભભાવ આવે, હોય છે શુભભાવ, પણ એ નિશ્ચયથી તો હેય છે.

આહાહા! આવો મારગ વીતરાગનો સીમંધર ભગવાન પાસે ગ્યા ને સાંભળ્યો અનુભવતો હતો, ચારિત્ર હતું પણ આ વિશેષ સ્પષ્ટ થઇ ગયું. આયે ગ્યા'તા. પૂજ્યપાદ સ્વામીય ગ્યા'તા ત્યાં ભગવાન પાસે, ભરત ક્ષેત્રના માનવી, મનુષ્ય, સાધુપણે આહાહા! જેને દેહથી, એ દેહે દેહથી ત્યાં જાત્રા થઇ આહાહા! હેં? એવા સંતોએ આ શાસ્ત્ર રચ્યા એમાં સ્પષ્ટ મૂક્યું છે. કોઇ સમાજને સમતોલ રહે કે નહિં એને ઠીક પડે કે નહિં? હેં? આંહી તો ઉડાડી દીધું. વહેવારથી ભગવાનની ભક્તિ ને વહેવાર ને બધું. એનાથી ભેદજ્ઞાન કરે તો થાય. એને રાખીને થાય? (શ્રોતા : બને નહિં) આહાહા! મુનિઓને કાંઇ પડી નથી, દિગંબર સંતોને કે આ સમતોલ રહેશે કે નહિં માણસો, સમાજમાં આ વાત રહેશે સંઘરશે કે નહિં? વિરોધ થશે કે નહિં? એ તો સ્વતંત્ર જીવ છે. મારગ તો આ છે. આહાહા! સમજાણું કાંઇ?

જેને દેહ અને આત્માનું ભેદ દર્શન છે, તેને પ્રાથમિક યોગ અવસ્થામાં અને પૂરણ સિદ્ધ અવસ્થામાં જગત કેવું પ્રતિભાસે તે હવે કહે છે. ૮૦(એંસી) ૮૦(એંસી).

यस्य च देहात्मनोर्भेददर्शनं तस्य प्रारब्धयोगावस्थायां निष्पन्नयोगावस्थायां च कीदृशं जगत्प्रतिभासत इत्याह -

पूर्वं दृष्टात्मतत्त्वस्य विभात्युन्मत्तवज्जगत् ।
स्वभ्यस्तात्मधियः पश्चात् काष्ठपाषाणरुपवत् ।। ८० ।।

**સ્વાત્મદર્શીને પ્રથમ તો, જગ ઉન્મત્ત જણાય;**
**દૃઢ અભ્યાસ પછી જગત્, કાષ્ટ-દષદ્‌વત્[૨] થાય. ।। ૮૦ ।।**

ટીકા : पूर्वं प्रथमं दृष्टात्मतत्त्वस्य देहाद्भेदेन प्रतिपन्नात्मस्वरुपस्य प्रारब्धयोगिनः विभात्युन्मत्तवज्जगत् स्वरुपचिंतनविकलत्वाच्छुभेतरचेष्टायुक्तमिदं जगत् नाना - बाह्यविकल्पैरुपेतमुन्मत्तमिव प्रतिभासते। पश्चान्निष्पन्नयोगावस्थायां सत्यां स्वभ्यस्तात्मधियः सुष्ठुभावितमात्मस्वरुपं येन तस्य निश्चलात्मस्वरुपमनुभवतो जगद्विषयचिन्ताभावात् काष्ठपाषाणवत्प्रतिभाति । तत्र परमौदासीन्यावलम्बात् ।। ८० ।।

જેને દેહ અને આત્માનું ભેદ-દર્શન છે, તેને પ્રાથમિક યોગાવસ્થામાં અને

૨ : દષદ્ – પત્થર, પાષાણ.

પૂર્ણ (સિદ્ધિ) યોગાવસ્થામાં જગત્ કેવું પ્રતિભાસે છે ? તે કહે છે :-

**અન્વયાર્થ** : (पूर्वं) પ્રથમ અર્થાત્ યાગાભ્યાસની પ્રાથમિક અવસ્થામાં, (दृष्टात्मतत्त्वस्य) જેને આત્મદર્શન થયું છે એવા અંતરાત્માને (जगत्) જગત્ (उन्मत्तवत्) ઉન્મત્ત જેવું-પાગલ જેવું (विभाति) જણાય છે, અને (पश्चात्) પછીથી અર્થાત્ યોગની પરિપકવ અવસ્થામાં, (स्वभ्यस्तात्मधियः) આત્મસ્વરૂપના અભ્યાસમાં પરિપકવબુદ્ધિવાળા અંતરાત્માને આ જગત્ (काष्ठपाषाणरुपवत्) કાષ્ઠ-પાષાણ જેવું (નિશ્ચેષ્ટ) ભાસે છે.

**ટીકા** : પ્રથમ, જેણે આત્મ-તત્ત્વ જાણ્યું છે અર્થાત્ દેહથી આત્મસ્વરૂપ ભિન્ન છે એવું જેને પ્રથમ જ્ઞાન થયું છે તેવા યોગનો આરંભ કરનાર યોગીને જગત્ ઉન્મત્ત જેવું (પાગલ જેવું) લાગે છે-અર્થાત્ સ્વરૂપ-ચિંતનના વિકલપણાને લીધે શુભ-અશુભ ચેષ્ટાયુક્ત આ જગત્ વિવિધ બાહ્ય વિકલ્પયુક્ત ઉન્મત્ત જેવું લાગે છે. પછીથી એટલે જ્યારે યોગની પરિપકવ અવસ્થા થાય, ત્યારે જેને આત્મબુદ્ધિનો સારો અભ્યાસ થયો છે અર્થાત્ જેણે આત્મસ્વરૂપની સારી પેઠે ભાવના કરી છે, તેવા નિશ્ચલ આત્મસ્વરૂપનો અનુભવ કરનારને, જગત્ સંબંધી ચિંતાના અભાવને લીધે અર્થાત્ પરમ ઉદાસીનપણાના અવલંબનને લીધે તે (જગત્) કાષ્ઠ-પાષાણવત્ પ્રતિભાસે છે.

**ભાવાર્થ** : જેને સ્વ-પરનું ભેદજ્ઞાન થયું છે તેવા અંતરાત્માને, આત્માનુભવની પ્રથમ ભૂમિકામાં અર્થાત્ યોગના આરંભકાલમાં આ સચેષ્ટ અને વિકલ્પારૂઢ જગત્ ઉન્મત્ત જેવું-પાગલ જેવું લાગે છે, પરંતુ બાદમાં જ્યારે તે યોગના પરિપકવ અભ્યાસ દ્વારા આત્મસ્વરૂપમાં સ્થિર થઇ જાય છે, ત્યારે તેને આ જગત્ સંબંધી બુદ્ધિપૂર્વક કાંઇ વિકલ્પ ઊઠતો નથી. કારણ કે તેને તે સમયે નિર્વિકલ્પ દશા વર્તે છે.

## વિશેષ

પ્રથમ ભૂમિકામાં અર્થાત્ સવિકલ્પ દશામાં જ્ઞાનીનો ઉપયોગ બાહ્ય પદાર્થો તરફ જાય છે અને તેથી વિવિધ વિકલ્પો થાય છે, પરંતુ જેમ જેમ તે સ્વરૂપ-સ્થિરતાનો અભ્યાસ વધારતો જાય છે, તેમ તેમ ઉપયોગનું પર તરફનું વલણ છૂટતું જાય છે અને તે સ્વરૂપમાં સ્થિર થતો જાય છે. અભ્યાસના બળે છેવટે આત્મસ્વરૂપમાં ઉપયોગની સ્થિરતા એટલી જામે છે કે તેને તે સમયે બાહ્ય જગત્નો બિલકુલ વિચાર પણ આવતો નથી.

''વળી જે જ્ઞાન પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા પ્રવર્તતું હતું તે જ્ઞાન સર્વ બાજુથી સમેટાઇ નિર્વિકલ્પ અનુભવમાં કેવળ સ્વરૂપસન્મુખ થયું, કેમ કે આ જ્ઞાન

ક્ષયોપશમરૂપ છે, તે એક કાળમાં એક જ્ઞેયને જ જાણી શકે; હવે તે જ જ્ઞાન સ્વરૂપ જાણવાને પ્રવર્ત્યું ત્યારે અન્યને જાણવાનું સહેજે જ બંધ થયું. ત્યાં એવી દશા થઇ કે બાહ્ય અનેક શબ્દાદિક વિકાર હોવા છતાં પણ સ્વરૂપ-ધ્યાનીને તેની કાંઇ ખબર નથી....''૮૦.[૨]

## પ્રવચન – ૯૩

પત્થર દષદ્ એટલે પત્થરને ? હા પત્થર પાષાણ છે ને ? કાષ્ટ, પાષાણ. દષદ્ શબ્દ મૂક્યો છે ને ? કોનો શ્લોક છે આ ? એણે કર્યો છે આ. નીચે આ છોટાભાઇ ? આ તો ઓલો દષદ્ શબ્દ મૂક્યો છે ને ? પત્થરના અર્થમાં પત્થર પડયો માથે. પાષાણ મૂક્યો છે એમાં દષદ્ છે. હોય ને ? વ્યાકરણ ભણેલા ખરાને ? વ્યાકરણના.

**ટીકા** :- પ્રથમ જેણે આત્મતત્ત્વ જાણ્યું છે, અર્થાત્ દેહથી આત્મસ્વરૂપ ભિન્ન છે, ભિન્ન છે એમ અનુભવ્યું છે એને જાણ્યું કહેવાય. આહાહા ! સમજાણું કાંઇ ? આત્મા દેહથી ભિન્ન છે એમ ધાર્યું છે એ, એ ભિન્ન નથી. આહાહા ! આ આત્મા દેહથી ભિન્ન છે એમ જેણે અનુભવ્યું છે, જાણ્યું છે એટલે અનુભવ્યું છે. એવું જેને પ્રથમ જ્ઞાન થયું છે તેવા યોગનો આરંભ કરનાર યોગીને આહાહા ! દેખો સમકિતી પણ યોગી છે. સ્વરૂપમાં જોડાણ કરે તે યોગી. યોગ કરે તે યોગી. એવા સ્વરૂપ યોગીને જગત ઉન્મત્ત જેવું, પાગલ જેવું લાગે છે. આહાહા ! શું આ કહે છે ? શું બોલે છે આ ? હેં ?

વિકલ્પના કોલાહલ વાળું જગત, વિકલ્પના કોલાહલથી પુષ્ટિમાં પડયું છે જગત આખું. એ તો પાઠ છે ઉન્મત્ત પાગલ જેવું છે એને ખબર નથી. વિકલ્પથી પણ પાર છે આત્મા અને વિકલ્પથી પમાય એવો નથી. એને આ વિકલ્પથી પામશે અને વિકલ્પની જાળમાં ઉભા જ્ઞાનીને કહે છે કે પ્રથમ શરૂઆતવાળાને વિકલ્પ હોય છે ને હજી, એટલે એને પાગલ જેવા દેખાય છે કહે છે. આહાહા ! દિગંબર સાધુ હોય પણ એ વિકલ્પથી લાભ માનતા હોય તો એ પણ પાગલ જેવા દેખાય એમ કહે છે આંહી તો. સમજાણું કાંઇ ? વહેવારથી વાત લેતા આવ્યા છે ને ? ૭૮(ઇઠ્ઠયોતેર), ૭૯(ઓગણ્યાએંસી) ને ૮૦(એંસી). વહેવાર એટલે જેનું અભિરામ વિકલ્પ લક્ષણ છે એટલે જે વિકલ્પો છે એમાં પડયા છે, ને એનાથી આત્માનું સાધન કરીએ છીએ, એમ માનનારા ધર્મીને પાગલ જેવા શરૂઆતમાં, વિકલ્પ ઉઠે એટલે એને દેખાય છે એમ કહે છે. આહાહા ! હવે આવું છે.

૨. શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક – શ્રી ટોડરમલ્લજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી – પૃ.૩૪૫ (ગુ.આવૃત્તિ)

પાગલ અર્થાત્ સ્વરૂપ ચિંતવનના વિકલ્પપણાને લીધે, શુભ અશુભ ચેષ્ટાયુક્ત, આ જગત વિવિધ બાહ્ય વિકલ્પ યુક્ત, સ્વરૂપ ચિંતવનના વિકલ્પપણાને લીધે, રાગને લીધે, શુભ-અશુભ ચેષ્ટા યુક્ત, આ જગત વિવિધ બાહ્ય વિકલ્પ રાગ સહિત ઉન્મત્ત જેવું લાગે છે. આહાહા! ત્યાં તો ત્યાં સુધી કીધું, પહેલાં આવી ગ્યું'તું કે ઉપદેશનો વિકલ્પ ઉઠે છે ઈ પાગલ જેવું છે આહાહા! મુનિને હોં! સમ્યગ્દષ્ટિને. પાગલ જેવું દેખાય છે આહાહા! કારણકે વસ્તુ છે ઈ તો જ્ઞાનમૂર્તિ, વીતરાગ મૂર્તિ, અને આ બધી વિકલ્પની જાળ. આહાહા! ઓલ્યા ઉપદેશ દેવાની હોશું કરે, આ કહે છે કે ઉપદેશ દેવાનો વિકલ્પ આવ્યો એ પાગલપણું છે. આહાહા! બહુ ફેર. વિકલ્પ છે ને? સ્વરૂપનું ચિંતન કરતા સ્થિર થયો નથી જ્યાં સુધી પૂરણ, ત્યાં સુધી વિકલ્પ આવે જ્ઞાનીને, એની ચિંતવનામાં વિકલ્પને લઈને, ઓલા વિકલ્પવાળા જેવો જે છે. આહાહા! એ એને પાગલ જેવા દેખાય છે.

ક્યાં ભગવાન ત્રણલોકનો નાથ, આનંદનો સાગર, જેમાં તીર્થંકર ગોત્ર બાંધવાનો ભાવ પ્રવેશ કરે નહિં, બંધનું કારણ, નુકશાનનું કારણ. આહાહા! કાંતિભાઈ! કહો ભાવ એ શુભ છે ને? તીર્થંકર બાંધવાનો શુભ રાગ છે. વિકલ્પ આવે કહે છે, પણ એ વિકલ્પના કાળમાં એને વિકલ્પથી લાભ માનનારા, અને વિકલ્પમાં જ પડયા છે, એને એ પાગલ જેવા દેખાય છે એમ કહે છે. હોય મોટા ડાહ્યા જગતને સમજાવવામાં અને મોટા પંડિત કહેવાય, પણ જેને વિકલ્પની જાળથી એમાં રોકાઈ ગયા છે એ બધા પાગલ છે. ભગવાને તો એમ કહ્યું કે અમારી ભક્તિના રાગમાં રોકાયેલો છે. આહાહા! એ જ અમને લાભદાયક (એવું માને તે) પાગલ છે કહે છે. ભગવાન એમ કહે છે, સંતો એમ કહે છે, એ ભગવાન એમ કહે છે ને? આહાહા! અમારી ભક્તિ ને અમારી પૂજાનો ભાવ તને જે થાય છે અને એમાંથી તું લાભ માને છો. જ્ઞાનીને ચિંતવનમાં વિકલ્પ આવ્યો પણ ઈ તો ભિન્ન તરીકે આવ્યો છે. સમજાણું? અને અજ્ઞાનીના જે વિકલ્પ છે એ તો એકત્વ બુધ્ધિથી છે એના, એથી ચિંતવનના કાળમાં વિકલ્પ આવ્યો એને આ પાગલ જેવી દુનિયા દેખાય છે એમ કહે છે. આહાહા!

સનેપાત થયો એ હસે ને? એટલે એ સુખી છે? એ તો પાગલપો છે, પાગલ. કેમ કે દુઃખની પરાકાષ્ટા વધી ગઈ છે એટલે બેભાન થઈ ગયો છે. આહાહા! એમ અજ્ઞાની શુભના વિકલ્પમાં લીન થયેલા, ઈ અણાત્મામાં લીન થયેલા, એને જ્ઞાનીને શરૂઆતમાં વિકલ્પ છે હજી, ભિન્ન પડયો છતાં સ્થિરતા પૂર્ણ ચારિત્રની નથી એ કાળે એને પાગલ જેવા દેખાય એમ કહે છે, પછી ફેરવશે. આહાહા! જુઓ સંતોની વાણી તો

જુઓ. ઓહો! (શ્રોતા : અલૌકિક છે) હેં? આહાહા! જ્યાં વીતરાગતાનું ઘોલન જ્યાં છે વીતરાગતાનું, એમાં જે વિકલ્પ ઉઠયો છે કહે છે હજી તદ્દન સ્થિર નથી થ્યો. એવા વિકલ્પની જાળના ચિંતનમાં, જગતના જીવો રાગથી હરખ ને હોંશુમાં પડયા છે એનાથી અમારું કલ્યાણ થશે આહાહા! એ પાગલ છે. આહાહા! આને કાંઇ મુનિને કાંઇ પડી નથી એવાને પાગલ કહેતાં? આહાહા! (શ્રોતા : પાગલની વ્યાખ્યા કરી) પાગલનું સ્વરૂપ સમજાવ્યું ને? આહાહા!

મહાપ્રભુ ચૈતન્ય વસ્તુ તરીકે મહા પ્રત્યક્ષ છે. પર્યાયની અપેક્ષાએ અપ્રગટ કહેવાય, પણ વસ્તુની અપેક્ષાએ પ્રગટ પ્રસિધ્ધ છે. આહાહા! પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત કીધું છે ને? ઓલા ૬(છઠ્ઠા) બોલ, ૬(છ) બોલમાં અવ્યક્તના. પણ પોતે એ તો આની આમ પર્યાયમાં આવ્યું નથીને બહાર એને એથી અવ્યક્ત કીધું, પણ વસ્તુમાં છે એ તો પોતે પ્રગટ જ છે, પ્રસિધ્ધ છે. આહાહા! આહાહા! એવા આત્માને આત્મા તરીકે નહિં જાણનારા, અને વિકલ્પની જાળું દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ એમાં મશગુલ ને હરખના, હરખના સનેપાત છે એને, એને જ્ઞાનીને પાગલ દેખાય છે પાગલ. શું કરે છે આ? આહાહા! આવો મારગ છે ભાઇ!

પરમાત્મ પ્રકાશમાં તો એમેય કહ્યું છે કે જગતને જ્ઞાની પાગલ જેવું દેખે છે. જગત ધરમીને પાગલ દેખાય છે. આ શું વાતું કરે છે આ? પરમાત્મા પૂર્ણાનંદને અત્યારે શુધ્ધ, શુધ્ધ, શુધ્ધ, ધ્રુવ પૂર્ણાનંદનો નાથ આહાહા! એ શુધ્ધ જ છે. ત્રિકાળ શુધ્ધ છે. નિગોદમાં હો કે સિધ્ધમાં હો વસ્તુ તો શુધ્ધ જ છે. આહાહા! એવું શુધ્ધનું જ્યાં ભાન થયું છે, એ ભાનવાળાને હજી કાંઇ વિકલ્પ તો આવે, અસ્થિરતા પૂરણ સ્થિર થયો નથી એટલે, એમાં એમ કે આ જગતના પ્રાણીને જોઇ આહાહા! એને પાગલ જેવા દેખાય છે. સમજાણું કાંઇ? ચેષ્ટા છે ને? શુભ અશુભ ચેષ્ટા યુક્ત એમ કહ્યું ને? प्रारब्धयोगिनः विभात्युन्मत्तवज्जगत् स्वरुपचिंतन विकलत्वाच्छुभेतरचेष्टायुक्तमिदं जगत् સંસ્કૃત છે. સારું કર્યું છે. યોગનો આરંભ કરનાર યોગી ધરમી જીવને જગત ઉન્મત્ત જેવું, સ્વરૂપ ચિંતવનના વિકલ્પપણાને લીધે શુભ અશુભ ચેષ્ટા યુક્ત આ જગત વિવિધ બાહ્ય વિકલ્પયુક્ત. આહાહા! ઉન્મત્ત જેવું લાગે છે. આહાહા!

પછીથી એટલે જ્યારે યોગની પરિપકવ અવસ્થા થાય એટલે સ્થિર થાય અંદર, ત્યારે જેને આત્મબુધ્ધિનો સારો અભ્યાસ થયો છે, જેણે આત્મસ્વરૂપની સારી પેઠે ભાવના કરી છે, ભાવના શબ્દે એકાગ્રતા. તેવા નિશ્ચળ આત્મ સ્વરૂપનો અનુભવ કરનારને,

ચળે નહિં એવી સ્થિરતા જ્યાં જામી છે. આહાહા! એકલા આનંદના જ્યાં ઘૂંટડા પીવે છે. ભાઈએ દાખલો આપ્યો છે ને ઇ? શેરડીના રસનો, ન્યાલભાઈએ. ગન્ના, ગન્ના, ગન્નાનો રસ આમ શેરડીનો તૃષા લાગી હોય તો ગટ ગટ ગટ ગટ ગટ ગટ ગટ ગટ આહાહા! એમ અનુભવના કાળમાં આનંદનો શેરડીના રસની જેમ ગટ ગટ અનુભવ. આહાહા! જેને સ્વરૂપની તૃષા લાગી છે, એને સ્વરૂપમાં જતાં એને આનંદની પિપાસા આનંદ દશા જાગે છે એના ઇ પિપાસા તૂટી જાય છે. આહાહા!

વસ્તુ તો આ છે. એ સિવાય બધી વાતું જેટલી શાસ્ત્રમાં ચરણાનુયોગની આવે, ચરણાનુયોગની આવે ત્યારે ઓલો વળી એમ કીધું ભાઈએ કો'કે કુંદકુંદાચાર્યને તમે કરવા જશો બીજા આચાર્યોને બલિદાન થશે. અરે પ્રભુ! બીજા આચાર્યો પણ એ જ કહે છે. વહેવારનું સ્વરૂપ જણાવે છે પણ જણાવતાં એનો નિષેધ કરીને આત્માના ઉપર લાવવું એમ બતાવે છે. આહાહા! ચરણાનુયોગમાંય એ બતાવે તો ખરીને એ વ્યાખ્યાઓ તો. આમ વ્રત હોય એનો અતિચાર આમ ટાળવા એમ બધું બતાવે પણ એનું પ્રયોજન? અંતરમાં જાવું, વીતરાગતા પ્રગટ કરવી એ એનું પ્રયોજન છે. એ બતાવીને એમાં રાખવાનું પ્રયોજન નથી. આહાહા!

જેણે આત્મસ્વરૂપની સારી પેઠે ભાવના કરી છે, તેવા નિશ્ચળ આત્માનો અનુભવ કરનારને, જગત સંબંધી ચિંતાના અભાવને લીધે એમ, પછી વિકલ્પ નથીને એટલે પહેલા જે સ્વરૂપનું ચિંતન વિકલ્પ હોય છે ત્યારે આ જગત ઉન્મત્ત જેવું દેખાય. પણ જ્યારે ચિંતાના અભાવને લીધે પરમ ઔદાસીનપણાના આલંબનને લીધે. આહાહા! તે જગત કાષ્ટને પાષાણવત્ પ્રતિભાસે છે. આહાહા! જેમાં ચૈતન્યની જાગૃતિનો અભાવ છે એવા પથરા ને લાકડા જેવા દેખાય કે જગત. આહાહા! જેને ચૈતન્યની જાગૃતિનો અભાવ છે આહા! ચાલતાં મડદાં દેખાય એમ નથી ત્યાં આવ્યું? મોક્ષ અધિકાર અષ્ટપાહુડમાં ચાલતા શબ છે, ચાલતા મડદાં. ઓલા ઠાઠડીમાં બાંધીને ઉપાડે. આહાહા! આનંદનો નાથ જેને જાગ્યો નથી, આનંદનું શરણ લીધું નથી, આનંદના જેને સ્વાદ આવ્યા નથી. આહાહા! એટલે કે જીવ જાણ્યો નથી એમ. આહાહા!

જીવ તો આવો છે આહા! એવા જે વિકલ્પની જાળમાં પડયા છે એને જ્ઞાનીને પ્રથમ કલ્પનાની ચિંતાના અવસરમાં એ ઉન્મત્ત જેવા દેખાય. પછી આનંદમાં અંદર રહે એટલે પછી પત્થરને લાકડા જેવા છે બધા. આહાહા! આવું બધું કહેતાં જગતને ઠીક નહિં લાગે એવું મુનિઓને નહિં? કરૂણા બુધ્ધિ છે એમાં વિકલ્પથી ભાઇ!

આહાહા! તારો ચૈતન્ય જાગૃત સ્વભાવનો પિંડ એને તેં જગાડયો નહિં અને રાગના પુણ્ય ને પાપના વિકલ્પની જાળમાં ગૂંચાઇ ગયો છે ભાઇ! પત્થર જેવા લાકડા જેવા છે. આહાહા! એ બધા અણાત્મા છે. આહા! એમ કહે છે. આત્માને આત્મા થઇને જેણે જાણ્યો નથી એવા વિકલ્પમાં રોકાયેલા જીવો લાકડા ને પથરા જેવા દેખાય કહે છે એય! આહાહા!

જૈન દર્શન આમ કહે છે ને ફલાણા દર્શન એમ કરીને કેટલાક લખે છે લેખ. પણ જૈનદર્શન કહે જૈન દર્શન વસ્તુનું સ્વરૂપ જ આ છે. હેં? અમરચંદજી લખે છે ત્યાં ઇ લખે છે જૈન દર્શનમાં આમ કહેવાનું, જૈન દર્શનમાં આમ કહે છે.

વસ્તુનું સ્વરૂપ જ આ છે ત્યાં જૈન દર્શન એટલે શું? આ એનો શું અર્થ? મહાવીરને ચીતર્યા છે આમાં મોટા, આમ હતાં ને તેમ હતા ને ફલાણું હતું ને અને એ મહાવીર પોતે સમકિતી ને ત્રણ જ્ઞાન લઇને આવ્યા હતા. હવે એને એક ફક્ત સ્વરૂપનું સાધન અંતર કરવું'તું એ બાકી હતું એ આંહી કર્યું. એ કર્યું એણે બીજું કાંઇ કર્યું નથી. ઉપદેશે આપ્યો નથી ને સમવશરણ રચાણા નથી. આહાહા! એ તો બધું પરમાં થયું એમ. જ્ઞાનમાં ઉપદેશની વાણી નીકળતાં જ્ઞાનમાં ખબર નથી? જ્યારથી કેવળજ્ઞાન થયું ત્યારથી ખબર છે કે આ સમયે આ વાણી નીકળશે હેં? એને નવું જાણવું રહ્યું છે? આહાહા! હેં? આવો ઉપદેશ આપ્યો ને આમ કર્યું ને. જગતને બહુ હિંસા હતી એટલે બૌદ્ધ મહાવીરે બેયે હિંસા ઠારી ને આ આરે! હક્ક અપાવ્યા. બધાને સરખો, સ્ત્રીઓને ને બધાને સરખો હક્ક. આહાહા! અહીં કહે છે જગત પરમ ઉદાસીનપણાના અવલંબનને લીધે કાષ્ઠ પાષાણવત્ પ્રતિભાસે છે.

**ભાવાર્થ** : જેને સ્વપરનું ભેદજ્ઞાન થયું છે તેવા અંતરાત્માને એમ, આત્માનુભવની પ્રથમ ભૂમિકામાં યોગના આરંભકાળમાં આ સચેષ્ટ અને વિકલ્પરૂપ જગત ચેષ્ટાવાળું ને વિકલ્પવાળું જગત ઉન્મત્ત જેવું પાગલ જેવું લાગે છે. આહાહા! હોંશું ને હરખ વિકલ્પમાં કરે છે એ બધા પાગલ જેવા પથરા જેવા છે એમ કહે છે આંહી. આહાહા! પરંતુ બહારમાં જ્યારે તે યોગના પરિપકવ અભ્યાસ દ્વારા, આત્મ સ્વરૂપમાં સ્થિર થઇ જાય છે, અતીન્દ્રિય પ્રચુર આનંદના સ્વાદમાં જ્યાં આવી જાય છે ત્યારે તેને આ જગત સંબંધી બુધ્ધિપૂર્વક કાંઇ વિકલ્પ ઉઠતો નથી. કારણકે તેને તે સમયે નિર્વિકલ્પ દશા વર્તે એમ. કાષ્ટ પાષાણનો અર્થ કે એ ચીજમાં આત્મા નથી અને એ ચીજ મારામાં નથી એવું સહેજે જ્ઞાન થઇ જાય છે. પથરા જેવા છે પથરા. આહાહા!

વિશેષ કહેશે....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૯૪

## શ્લોક – ૮૦ અને ૮૧

**સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૧૯.૦૭.૭૫**

**पूर्वं दृष्टात्मतत्त्वस्य विभात्युन्मत्तवज्जगत् ।**
**स्वभ्यस्तात्मधियः पश्चात् काष्ठपाषाणरुपवत् ।। ८० ।।**

સ્વાત્મદર્શીને પ્રથમ તો, જગ ઉન્મત્ત જણાય;
દઢ અભ્યાસ પછી જગત્, કાષ્ટ-દષદ્વત્[1] થાય. ।। ૮૦ ।।

**श्रृण्वन्नप्यन्यतः कामं वदन्नपि कलेवरात् ।**
**नात्मानं भावयेद्भिन्नं यावत्तावन्न मोक्षभाक् ।।८१।।**

બહુ સુણે ભાખે ભલે, દેહભિન્નની વાત;
પણ તેને નહિં અનુભવે, ત્યાં લગી નહિં શિવલાભ. ।। ૮૧ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

---

૧ દષદ્ – પત્થર, પાષાણ.

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

---

સમાધિતંત્ર ગાથા ૮૦(એંસી) એનું વિશેષ. ટીકા અને ભાવાર્થ થઈ ગયો છે. કહે છે કે ધર્મીજીવને પહેલું ધરમ કેમ પમાય? એ વાત તો આવી ગઈ છે કે આત્મા જે દ્રવ્ય સ્વભાવ છે નિત્ય ત્રિકાળ, એમાં એની દૃષ્ટિ પ્રસરતાં એને દ્રવ્ય સ્વભાવનો લાભ પર્યાયમાં થાય એને ધરમ કહેવામાં આવે છે. પ્રથમ કરનારને શું કરવું? કે દ્રવ્ય સ્વભાવ સન્મુખ થવું. જે પર્યાય વર્તમાન પર તરફ વળેલી છે એને પર્યાયની અપેક્ષાએ એમ કહેવામાં આવે કે એને અંતરમાં વાળવી. આહાહા! આ એને પ્રથમમાં પ્રથમ કરવાનું છે. કેમ કે જેમાં અનંત શક્તિનો સંગ્રહ પડયો છે એવું પરમાત્મ સ્વરૂપ, એમાં દૃષ્ટિ આપ્યા વિના અને શ્રદ્ધાને એમાં પ્રસરાવ્યા વિના એનો લાભ, આત્મલાભ પર્યાયમાં થાય નહિં. વસ્તુ તો વસ્તુ છે પણ પર્યાયમાં એનો લાભ ક્યારે થાય? કે એના સન્મુખમાં એકાગ્ર થતાં, સંયોગ, રાગ અને પર્યાય ઉપરનું પણ લક્ષ છોડી દઈ, કેમકે પર્યાયની એકતા તો અનાદિની માનેલી છે પણ દ્રવ્ય સ્વભાવની એકતા એણે કદી કરી નથી. આહાહા! આવી વાત છે. એથી એણે પ્રથમ આત્માને દૃષ્ટિમાં લઈ અનુભવ કરવો.

હવે એ અનુભવ કરનારને પ્રથમ ભૂમિકામાં સવિકલ્પદશા હોય જ્યારે, અંતરનો અનુભવ છૂટી અને રાગ ને વિકલ્પમાં આવે ત્યારે બાહ્ય પદાર્થો તરફ વિકલ્પ જાય. સ્વરૂપનો ઉપયોગ અંતરમાં ન હોય ત્યારે વિકલ્પ આવે તો વિકલ્પનું તો લક્ષ બહાર ઉપર જાય. વિકલ્પનું લક્ષ કંઈ અંતર ઉપર જાય એવો એનો સ્વભાવ નથી. એથી ધર્મીને પણ દ્રવ્યદૃષ્ટિ, વસ્તુનીદૃષ્ટિ, વસ્તુની પર્યાયમાં તેનું ભાન ભાવભાસન, ભાવમાં તેનું ભાસન જ્ઞાન થયું. આહા! એને પણ જ્યારે વિકલ્પ ઉઠે છે ત્યારે બાહ્ય તરફ જાય છે તેથી વિવિધ વિકલ્પો થાય છે. આહાહા! બહુ મારગને ઝીણો એવો. આ કંઈ કરવાનું કહે, આ કરવાનું નથી? આહાહા! હેં? આમ કરે દયા પાળે, વ્રત કરે, અપ્પા કરે, ભક્તિ કરે, જાત્રા કરે હેં? એવું કરવાનું હોય તો તો ઠીક, પણ જ્યાં કરવું છે એ માન્યતા છે એ જ સ્વરૂપનું મરણ છે.

(શ્રોતા : કરવું એ મરવું છે) જ્ઞાનાનંદ સ્વરૂપને કરવું. રાગ કરું એ તો દૃષ્ટિ વિપરીત છે કેમકે જે વસ્તુ સ્વભાવમાં નથી, એ તો વાત આવી ગઈ છે ત્રણની

એકવાર. કે શરીર આત્મામાં નથી એનો અભાવ છે તો અભાવનો કર્તા શી રીતે થાય? અને એમ રાગ અને વિકારનો ભાવ પણ સ્વભાવમાં અભાવ છે તો એ અભાવ છે એનો કર્તા શી રીતે થાય એ? આહાહા! અને આઘી લઇ જતાં વાત, એક સમયની પર્યાય પણ દ્રવ્યમાં તો અભાવ છે, તો જેનો અભાવ છે એને કરે શું એ? આહાહા! મારગ એવો છે બાપા ઝીણો બહુ ભાઇ! અને એનું ફળ પણ આનંદ છે ને? આહાહા! જેણે અતીન્દ્રિય આનંદ અનંતકાળમાં જાણ્યો નથી, જોયો નથી, વેદયો નથી. આ સંસારના કલ્પનાના સુખ ઝેર જેવા દુ:ખ એને એણે વેદયા છે. નરકમાં પણ દુ:ખ વેદયું, ને સ્વર્ગમાં પણ દુ:ખને વેદયું છે.

આ શેઠાઇ અને પાંચ પચાસ લાખ જડના દસ લાખ વીસ લાખ હોય એ પણ દુ:ખને વેદનાર છે, આહાહા! એ લક્ષ્મીને નહિં. એ લક્ષ્મી તરફના વલણવાળો જે, આ મારી ચીજ છે હું રહ્યો મારા પૈસા એવો જે મિથ્યાત્વભાવ આહાહા! એનું એને વેદન છે. એમાં એણે ભગવાન આત્માનો અતીન્દ્રિય આનંદ, જે જેનો ધરમ અને સ્વભાવ છે એ સ્વભાવ સન્મુખ થઇને ધરમની પ્રગટ દશાના આનંદનો સ્વાદ તો કોઇ 'દિ લીધો નથી. એથી કહે છે સ્વરૂપમાં ભાન થયું, દૃષ્ટિ થઇ, છતાં તે તરફ વિકલ્પ ઉઠે ત્યારે પર તરફ વલણ જાય એ સંસાર છે. આહાહા! પરંતુ જેમ જેમ તે સ્વરૂપ સ્થિરતાનો અભ્યાસ વધારતો જાય હવે રાગ ઘટાડું, વિકલ્પ ઘટાડું એમ નહિં, પણ સ્વરૂપમાં જેમ જેમ સ્થિર થતો જાય તેમ તેમ રાગની ઉત્પત્તિ ઘટતી જાય, સ્થિર થતો જાય આહાહા! તેમ ઉપયોગનું પર તરફનું વલણ છૂટતું જાય છે.

અંતર સ્વરૂપનો અનુભવ અને દૃષ્ટિ હોવા છતાં અસ્થિરતાને કારણે જે વિકલ્પ ઉઠયા એથી એનું લક્ષ તો પર ઉપર જાય, એને સ્વભાવ સન્મુખની વિશેષ દશા પ્રગટ કરતાં એ રાગ ઘટી જાય, વિકલ્પો મંદ પડી જાય, ઓછા થઇ જાય, આહાહા! અને તે સ્વરૂપમાં સ્થિર થતો જાય છે આવી વાત છે. આહાહા! જાણપણાનું વિશેષપણું હો કે ન હો એની સાથે સંબંધ નથી. આહાહા! એ વસ્તુના સ્વરૂપનું ભાવ દ્રવ્યભાવ એનું ભાસન જ્ઞાનમાં પ્રત્યક્ષ થયું આહાહા! એને અંતરમાં સ્થિર થતાં થતાં વિકલ્પો ઘટી જાય છે આહાહા! અભ્યાસના બળે છેવટે આત્મ સ્વરૂપમાં ઉપયોગની સ્થિરતા એટલી જામે છે કે તેને તે સમયે બાહ્ય જગતનો બિલકુલ વિચાર પણ આવતો નથી. આહા! દેવ ગુરુ ને શાસ્ત્રને સાંભળવાનો પણ વિકલ્પ આવતો નથી. આહાહા! વળી મોક્ષમાર્ગનો દાખલો આપે છે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીનો.

જે જ્ઞાન પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા પ્રવર્તતું હતું, જ્ઞાનની જે અવસ્થા પર્યાય પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા પ્રવર્તતું હતું, તે જ્ઞાન સર્વ બાજુથી સમેટાઇ, નિર્વિકલ્પ અનુભવમાં કેવળ સ્વરૂપ સન્મુખ થયું. આહા! પાંચ ઇન્દ્રિય અને મનમાં પ્રવર્તતુ હતું ને? સાંભળવામાં, ભગવાનના દર્શનમાં આહા! જે વિકલ્પો પ્રવર્તતા હતા જે જ્ઞાન, એ સર્વ બાજુથી સમેટાઇ અંતર તરફ જાય છે, નિર્વિકલ્પનું કેવળ સ્વરૂપ સન્મુખ થયું. આ એની ક્રિયા અને આ એનો ધરમનો ઉપાય. આહાહા! વાત પહેલી એ છે કે જેણે આનંદ સ્વરૂપ છે આત્મા એવું જેને ભાન ભાસનમાં આવ્યું, એ પછી આનંદમાં રહેવા માટે વારંવાર પ્રયાસ કરે છે. સમજાણું કાંઇ? એ વારંવાર અભ્યાસ કરતાં આનંદમાં સ્થિર થાય છે ત્યારે રાગના વિકલ્પો ઘટી જાય છે. તદ્દન ઉપયોગમાં સ્થિર થાય ત્યારે વિકલ્પ રહેતો નથી, આહાહા! એથી જગત ઉપરનું લક્ષ પણ ત્યાં રહેતું નથી કેમકે આ જ્ઞાન ક્ષયોપશમરૂપ છે.

રહસ્યપૂર્ણ ચિઠ્ઠીની છે આ વાત. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. કાલ કાગળ આવ્યો છે ને કોઇ ખંભાતથી આવ્યો છે. ક્ષમાસાગર સાધુ કોઇ દેરાવાસી છે. કાગળ આવ્યો છે આંહી કે અધ્યાત્મ પુરુષ ટોડરમલજીની હુંડી. હુંડીનો અર્થ આ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી એમ લાગે છે ને ભાઇ! અને એનો ગુજરાતી અનુવાદ થયો છે સંસ્થા તરફથી તો એક નકલ મોકલવા ઘટતું કરશો. ઘટતું એટલે જેમ બને એમ એનો અર્થ. ભાષા એની નરમ છે અને તે પણ અધ્યાત્મમય ટોડરમલ એમ શબ્દ વાપર્યો છે, શ્વેતાંબર તરીકે છે છતાં હેં? અધ્યાત્મયી પુરુષ ટોડરમલજીની હુંડી અને એનો ગુજરાતી અનુવાદ સંસ્થા તરફથી થયો છે તો સંસ્થાના મુખ્ય માણસને અમે કહીએ છીએ કે એક આ મોકલવા ઘટતું કરશો એ આ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આ છે.

ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. એ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીને ભાઇ હુંડી કહે છે. એને હુંડી એમ લખ્યુ લાગે છે. એ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીનો આ બોલ છે. પણ આ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે ને? એ તો આવે છે લખાણ, આ હુંડીમાં આ લખાણ છે. સમવાયમાં આવે છે ને? પણ આને એ હુંડી, આને કંઇ એમાં હુંડી શબ્દ નથી પણ એને રહસ્યનું રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે. આ હુંડીનું આવ્યું હુંડીનું, ક્યાં ગયા જેંતિભાઇ? ગયા? હેં? ભાવનગર ગયા. આ હુંડીનો ધંધો છે ને તમારે? હેં? આહાહા! (શ્રોતા : આ અધ્યાત્મ હુંડી) એમાં પણ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી પાછી, એ ચિઠ્ઠીને હુંડી કહેતા હશે હોં ચિઠ્ઠીને. દેરાવાસી સાધુ છે. ખંભાતમાં છે ક્ષમાસાગર નામ સારું એટલુંય બિચારા વાંચવા માંગે છે અધ્યાત્મ પુરુષ

તરીકે ટોડરમલજીને દિગંબરના જેણે શ્વેતાંબરને ગૃહિત મિથ્યાત્વી ઠરાવ્યા છે. અન્યમતિ ઠરાવ્યા છે. એને અધ્યાત્મ પુરુષ કહે એટલું તો હેં? (શ્રોતા : એના ઉપરનું વિવેચન મંગાવ્યું છે) વિવેચન, ગુજરાતી આપણે થયું છે ને? અધ્યાત્મ સંદેશ એ મંગાવે છે મૂળ તો એ મંગાવે છે અધ્યાત્મ સંદેશ, આપણે છપાણું છે ને? આહાહા!

ઠીક પણ હવે એટલું વિચારે વાંચવાનો ભાવ છે. જેઠાભાઇ! ક્ષમાસાગર છે કોઇ શ્વેતાંબર છે કોઇ ક્ષમાસાગર હેં? એમાં હશે કો'ક ત્યાં ખંભાત, શીહોર હતાને? શીહોર હતા એ આપણે આવ્યા'તા ને? ભાઇ ગ્યા'તા ને? ચીમનભાઇ, બે મહિના ગ્યા'તા નહિં? ચીમનભાઇ ત્યાં. અને સરવાળો પાછો કાંઇ નીકળ્યો નહિં એનો અહીં આવ્યા. કીધું આવી વાત શ્વેતાંબરમાં છે કે ના એ વાત નથી. શ્વેતાંબર હોય તો બે મહિના સાંભળ્યું શું? ન્યાં તમારામાં હોય તો આનું સાંભળ્યું શું બે મહિના, વળી આચાર્ય તમે નામ ધરાવો છો મોટા. પણ લોકોને આગ્રહ મૂકવો ભારે કઠણ. આહાહા! (શ્રોતા : આગ્રહ મૂકી દે તો રોટલા કોણ દે?) હેં? એ તો જેના નસીબમાં દાણે દાણે નામ લખ્યું છે એ તો આવશે જ તે. આહાહા!

પ્રાણજીવન માસ્તરે એમ કહ્યું'તું ત્યાં કેવું ગામ કીધું? ઘંટેશ્વર. તે'દિ રામજીભાઇનું હતું ને? માણસોને બધાને જમણ રામજીભાઇ તરફથી હતું તે'દિ. એ ન્યાં ઘંટેશ્વરમાં બોલ્યા'તા મહારાજ આ છોડશો પછી રોટલાનું શું થશે? અરે ભગવાન! આવી ભાષા અરે! રોટલા ને આહાર ને ઓલોય કહેતો હતોને? ઇ આવ્યો હતો. બે દિવસ પહેલા કહે આ બધા રોટીના દુકાનદાર છે. મેં પણ એ ધંધો માંડયો છે. મેં પણ દુકાનદારીનો ધંધો માંડયો છે એમ કહેતો'તો. અરે બાપુ! આહાહા! લોકો માન આપે એમ કહે એ. પુસ્તક છપાવે આમ માસિક કાઢે. સ્વયં અંબર સર્વાંબર એવું માસિક કાઢે. લોકો પૈસા આપે એમાં આત્માને શું થયું ભાઇ! આહાહા! ભાઇએ દાખલો નથી આપ્યો ન્યાલભાઇએ! કે બાગમાં કે જંગલમાં કે ગામમાં ફૂલ હોય અને એ ફૂલને કોઇ સૂંઘે કે ન સૂંઘે એ ઉપર એની કિંમત છે? કોઇ સૂંઘે તો એ ઊંચુ કહેવાય અને ન સૂંઘે તો એ હેઠું કહેવાય એમ એની કિંમત છે? બાબુભાઇ! એનામાં છે ઇ. એમ આત્માને કોઇ પસંદ કરે કે વાહ તમારી વાત દૃષ્ટિની બહુ સારી છે તો એની કિંમત છે? આહાહા!

આંહી કહે છે કે જ્ઞાન જે પરમાં પ્રવર્તતું હતું તે એક કાળમાં, એક જ્ઞાનને જાણી શકે ક્ષયોપશમ જ્ઞાન છે તે. આહાહા! હવે વિકલ્પ કેમ ઘટે એની વાત કરે છે કે તે જ જ્ઞાન સ્વરૂપ જાણવાને પ્રવર્ત્યું ત્યારે અન્યને જાણવાનું સહેજે બંધ થયું. ત્યાં એવી

દશા થઇ કે બાહ્ય અનેક શબ્દાદિ વિચાર વિકાર હોવા છતાં પણ સ્વરૂપ ધ્યાનીને તેની કાંઇ ખબર નથી. લ્યો આ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ટોડરમલજીની. ગૃહસ્થ હતા. ગૃહસ્થ હતા એટલે શું ? વસ્તુમાં ક્યાં ગૃહસ્થપણું છે ? આહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશક, રહસ્યપૂર્ણ ચિઠ્ઠી પૃષ્ઠ ૩૪૫ કેમકે જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ એક જ્ઞેયમાં પ્રવર્તે, ત્યારે જ્યારે આત્માના ઉપયોગમાં પ્રવર્ત્યો, ત્યારે બહારના ઉપયોગમાંથી હટી ગયો આહાહા ! એમ સિદ્ધ કર્યું છે એથી એને પછી વિકલ્પ રહેતા નથી.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે 'સ્વભ્યસ્ત આત્મધિય' એ પદ વ્યર્થ છે તમારું. 'સ્વ અભ્યસ્ત આત્મધિય' પોતાના અભ્યાસથી આત્માનું જ્ઞાન થાય છે એ વ્યર્થ પદ છે તમારું. શિષ્ય પ્રશ્નકાર કહે છે કેમકે શરીરથી આત્મા ભિન્ન છે એવું તેના સ્વરૂપના જાણનારાઓ પાસેથી સાંભળવાથી, જાણનારાઓ પાસેથી સાંભળવાથી જાણ્યું. એમાં વળી 'સ્વ અભ્યસ્ત આત્મધિય' આવ્યું'તું ને ? એ ૮૦(એંસી)નો શબ્દ છે. ૮૦(એંસી)નો એ શબ્દ છે. 'સ્વ આત્મધિય' ત્રીજું પદ છે આહાહા ! ભગવાન આત્માને આનંદના નાથને અભ્યાસમાં જેણે લીધો, અંતરનો અનુભવ થાય તેને આત્મજ્ઞાન થાય. સાંભળ્યું માટે એને આત્મજ્ઞાન થયું છે. આહાહા ! ભિન્ન છે એવું તેના જાણનારાઓ પાસેથી સાંભળવાથી અથવા સ્વયં બીજાઓને તેનું સ્વરૂપ સમજાવવાથી, બીજાઓને કહે કે આત્મા આવો છે ને આત્મા આવો છે ને આત્મા આવો છે એથી શું થયું કહે છે. આહાહા ! મુક્તિ થઇ શકે છે એમ કહે છે શિષ્ય સ્વના અભ્યાસનો શું કામ ત્યાં વળી.

આનંદ સ્વરૂપ ભગવાન આત્મા એના સન્મુખ થઈને એનું જ્ઞાન કરવું એને ધ્યાનમાં લેવો એનું શું કામ છે ? સમજનારાઓ પાસેથી સાંભળ્યું અને સાંભળીને જાણ્યું, અને બીજાને જણાવાનો પણ એવો ઉપદેશ કરે તો એની મુક્તિ થાય. આહાહા ! મુદ્દાની વાત લીધી છે. જેણે આત્મા આનંદ સ્વરૂપ છે તેનો રાગથી ને શરીરથી ભિન્નપણાનો અનુભવ કરવો ઈ તમે જે કહ્યું ઈ વાત એમ નહિં. શિષ્ય પ્રશ્ન કરે છે આ શું ? એ તો બીજા પાસે સાંભળ્યું કે આત્મા રાગથી ને શરીરથી ભિન્ન છે અને પોતે પણ શરીરથી ભિન્ન છે એવું સમજાવવામાં હોંશિયાર છે આહાહા ! એથી એને આત્મજ્ઞાન થયું. એને સ્વનો અભ્યાસ કરે તો આત્મજ્ઞાની કહેવો એ વાત અમને બેસતી નથી કહે છે. આહાહા ! સમજાણું કાંઇ ? બહુ મુદ્દાની રકમની વાત લીધી છે.

ननु स्वभ्यस्तात्मधियः इति व्यर्थम् । शरीराद्भेदेनात्मनस्तत्स्वरूपविद्भ्यः श्रवणात्स्वयं वाऽन्येषां तत्स्वरूपप्रतिपादनादनान्मुक्तिर्भविष्यतीत्याशङ्कयाह –

**श्रृण्वन्नप्यन्यतः कामं वदन्नपि कलेक्शत् ।**
**नात्मानं भावयेद्भिन्नं यावत्तावन्न मोक्षभाक् ।।८१।।**

**બહુ સુણે ભાખે ભલે, દેહભિન્નની વાત;**
**પણ તેને નહિં અનુભવે, ત્યાં લગી નહિં શિવલાભ. ।। ૮૧ ।।**

टीका : अन्यत उपाध्यायादेः कामं अत्यर्थं श्रृण्वन्नपि कलेवराद्भिन्नमात्मानमाकर्णयन्नपि ततो भिन्नं तं स्वयमन्यान् प्रति वदन्नपि यावत्कलेवराद्भिन्नमात्मानं न भावयेत् । तावन्न मोक्षभाक् मोक्षभाजनं तावन्न भवेत् ।।८१।।

'स्वभ्यस्तात्मधियः'એ પદ વ્યર્થ છે, કારણ કે 'શરીરથી આત્મા ભિન્ન છે' તેવું તેના સ્વરૂપના જાણનારાઓ પાસેથી સાંભળવાથી અથવા સ્વયં બીજાઓને તેનું સ્વરૂપ સમજાવવાથી મુક્તિ થઇ શકે છે - એવી આશંકા કરી કહે છે :–

**અન્વયાર્થ** : આત્માનું સ્વરૂપ (अन्यतः) બીજા પાસેથી (कामम्) બહુ જ (शृण्वन् अपि) સાંભળવા છતાં તથા (कलेवरात्) મુખથી (वदन् अपि) બીજાઓને કહેવા છતાં પણ (यावत्) જ્યાં સુધી (आत्मानं) આત્માને (भिन्नं) શરીરાદિથી ભિન્ન (न भावयेत्) ભાવે નહિં, (तावत्) ત્યાં સુધી (मोक्षभाक् न) જીવ મોક્ષને પાત્ર થતો નથી.

**ટીકા** : બીજા પાસેથી એટલે ઉપાધ્યાયાદિ પાસેથી બહુ જ સાંભળવા છતાં અર્થાત્ શરીરથી આત્મા ભિન્ન છે એવું શ્રવણ કરવા છતાં, તેનાથી (શરીરથી) તે (આત્મા) ભિન્ન છે એવું સ્વયં બીજાઓ પ્રતિ કહેવા છતાં, જ્યાં સુધી શરીરથી આત્મા ભિન્ન છે એવી ભાવના ન કરે, ત્યાં સુધી જીવ મોક્ષભાજન-મોક્ષપાત્ર થઇ શકે નહિં.

**ભાવાર્થ** : 'શરીરાદિથી આત્મા ભિન્ન છે' એ વાત ઘણી વાર ગુરુમુખેથી સાંભળે તથા બીજાઓને તેવો ઉપદેશ પણ વારંવાર આપે, છતાં જ્યાં સુધી આત્માને શરીરાદિથી દૃઢપણે ભિન્ન અનુભવે નહિં અર્થાત્ જ્યાં સુધી સ્વસન્મુખતાપૂર્વક તેનું તેને ભાવ-ભાસન થાય નહિં, ત્યાં સુધી જીવ મુક્તિ લાયક બની શકે નહિં.

### વિશેષ

ભેદ-વિજ્ઞાનદ્વારા સ્વસન્મુખતાપૂર્વક જીવ-અજીવાદિ તત્ત્વોનું ભાવ-ભાસન થવું - સાચી પ્રતીતિ થવી - તે જ નિશ્ચય સમ્યક્ત્વ છે, તે વિના જીવ મોક્ષને પાત્ર થાય નહિં.

''વળી શાસ્ત્રમાં 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' (મોક્ષશાસ્ત્ર અ.૧, સૂત્ર ૨) એવું વચન કહ્યું છે, તેથી શાસ્ત્રોમાં જેમ જીવાદિ તત્ત્વ લખ્યાં છે તેમ પોતે શીખી લે છે, ત્યાં જ ઉપયોગ લગાવે છે તથા અન્યને ઉપદેશ આપે છે, પરંતુ પોતાને તેનો 'ભાવ ભાસતો' નથી; અને ત્યાં તો તે વસ્તુના ભાવનું જ નામ તત્ત્વ કહ્યું છે, એટલે ભાવ ભાસ્યા વિના તત્ત્વાર્થશ્રદ્ધાન ક્યાંથી હોય?''

''વળી કોઇ વખત શાસ્ત્રાનુસાર સાચી વાત પણ બતાવે, પરંતુ ત્યાં અંતરંગ નિર્ધારરૂપ શ્રદ્ધાન નથી; તેથી જેમ કેફી મનુષ્ય માતાને માતા પણ કહે, તો પણ તે શાણો નથી; તેમ આને પણ સમ્યગ્દૃષ્ટિ કહેતા નથી.''

''વળી જેમ કોઇ બીજાની જ વાતો કરતો હોય તેમ આત્માનું કથન કરે છે, પરંતુ 'એ આત્મા હું જ છું' એવો ભાવ ભાસતો નથી. વળી જેમ કોઇ બીજાને બીજાથી ભિન્ન બતાવતો હોય તેમ આ આત્મા અને શરીરની ભિન્નતા પ્રરૂપે છે, પરંતુ 'હું એ શરીરાદિથી ભિન્ન છું' એવો ભાવ ભાસતો નથી...''[૨]

માટે આત્મા શરીરથી ભિન્ન છે એવું જાણવા છતાં, જો તેનું ભાવ-ભાસન ન થાય અર્થાત્ અનુભવમાં ન આવે તો તે જાણવું કાર્યકારી નથી. ૮૧

शरीराद्भिन्नमात्मानं शृण्वन्नपि वदन्नपि ।
तावन्न मुच्यते यावन्न भेदाभ्यासनिष्ठितः ।। (જ્ઞાનાર્ણવ)

'શરીરથી આત્મા ભિન્ન છે' એમ સાંભળવા તથા બોલવા છતાં, જ્યાં સુધી તે (બન્નેના) ભેદાભ્યાસમાં નિષ્ઠિત (પરિપકવ) થતો નથી ત્યાં સુધી તે મુક્તિ પામતો નથી.

૨. જુઓ - મોક્ષમાર્ગ પ્રકાશક - ગુ. આવૃત્તિ પૃ.૨૨૮,૨૨૯.

# પ્રવચન – ૯૪

**ટીકા** : આહાહા ! બીજા પાસેથી એટલે ઉપાધ્યાયાદિ પાસેથી બહુ સાંભળ્યું, સાંભળ્યું લો કહે છે. આહાહા ! અરે ! ભગવાન પાસેથી સાંભળ્યું સમોવશરણમાં, એથી શું થયું ? તથા શરીરથી આત્મા ભિન્ન છે એવું શ્રવણ કરવા છતાં, તેનાથી તે આત્મા ભિન્ન છે એવું સ્વયં બીજાઓને કહેવા છતાં અને કથનમાં એ જ મૂકે વાત. ભાઈ ! શરીરથી આત્મા જુદો છે, એથી શું થયું ? કહે છે. એને સ્વનો અભ્યાસ નથી એ તો પરનો અભ્યાસ છે. આહાહા ! સમજાણું કાંઈ ? સ્વ ચૈતન્ય મૂર્તિ આનંદનો નાથ દ્રવ્ય સ્વભાવ એનો જેને આત્મધી આત્મજ્ઞાન થયું નથી, એ સાંભળવાને આ કહે અને સાંભળે, બીજા પાસેથી સાંભળે ને જગતને કહે એથી તે આત્મજ્ઞાન નથી. આહાહા ! એ આત્મધી નથી. આત્માની બુદ્ધિ નથી. આત્મજ્ઞાન નથી. આહાહા ! શું કહ્યું સમજાણું ? કે બીજા પાસેથી એટલે ઉપાધ્યાયાદિ. આદિમાં બધુ લેવું ઉપાધ્યાય સમજાવનાર છે ખરાને ? બહુજ સાંભળ્યા છતાં પાછું એમ, ઘણી વાર સાંભળ્યું, સેંકડો વરસ સાંભળે. બહુજ સાંભળવા છતાં ભાષા આંહી વજન છે ઘણું સાંભળવા છતાં. આહાહા !

શરીરથી આત્મા ભિન્ન એવું શ્રવણ કરવા છતાં આહાહા ! અને તેનાથી (શરીરથી) તે (આત્મા) ભિન્ન છે એવું સ્વયં બીજા પ્રત્યે કહેવા છતાં, આહાહા ! જ્યાં સુધી શરીરથી આત્મા ભિન્ન છે એવી ભાવના ન કરે, એટલે કે અંતર આનંદ સ્વરૂપમાં એકાગ્રતા ન કરે, આહાહા ! ત્યાં સુધી એણે ભિન્ન જાણ્યો નથી. સમજાણું કાંઈ ? દેહથી લક્ષ છોડી, કથનથી અને રાગથી લક્ષ છોડી, એને જેણે પર્યાયના લક્ષમાં પડયો છે એણે આ બધું સાંભળ્યું છતાં એ પર્યાયને દ્રવ્ય તરફ ઢાળીને, ભગવાન શુદ્ધ ચૈતન્યના અભ્યાસથી ભાવભાસન નથી એની મુક્તિ નથી. ઓલો કહે કે સાંભળ્યું અને કહે એટલે એની મુક્તિ થઈ જશે. ઓલામાં આવે છે નહિં નિયમસારમાં એક ગાથા. શેમાં આવે છે ? નહિં ? બીજાને કહે છે એ ગાથા એક આવે છે. લાલભાઈએ વખતે કીધી'તી નિયમસાર હોં. એ નહિં. કહે છે એમ એવું આવે છે શબ્દ કહેવાનો કથન એ શબ્દ છે. ક્યાંક આંહી છે આ બાજુમાં છે. આ આવ્યું લ્યો હવે ૭૪(ચુમ્મોતેર)મો કળશ ૫૦(પચાસ)મી ગાથાનો કીધું આંહી છે.

શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલ દ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી. આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વસિદ્ધિને પામે છે. મેં કીધું કહે છે નો અર્થ આમ નથી આંહી. આ ચર્ચા થઈતી લાલભાઈ સાથે એમ કે તત્ત્વવેદી

સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વ સ્થિતિને પામે છે તો અહીં તો આવ્યું કે તત્ત્વને કહે છે છતાં મુક્તિને પામતો નથી. કહે છે નામ (એટલે) ભાવે છે. ભાઇ! આ ગાથા છે ૭૪(ચુમ્મોતેર), ૭૪(ચુમ્મોતેર)નો કળશ, એ તો આવવું એને હાથ આવવું હોય ત્યારે આવે ને કાંઇ ? આવ્યું બરાબર આ ઠેકાણે છે કીધું એ.

न ह्यस्माकं शुद्धजीवास्तिकाया दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः।
इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम् ।। ७४ ।।

જે આમ કહેશે, કહે છે તે મુક્તિને પામશે એનો અર્થ એ કે એ ભાવને અંદરમાં પરિણમાવે છે, કહેવાનો હતો એ તો એક શબ્દ છે, સમજાણું ? તે મુક્તિને પામશે એમ એનો અર્થ છે. લ્યો આવી ગયું ૭૪માં(ચુમ્મોતેરમાં), છે ૫૦માં (પચાસમાં) પણ ૭૪નો(ચુમ્મોતેરનો) શ્લોક છે. વ્યક્તિ શબ્દ છે ને ? इत्थं व्यक्तं व्यक्ति સ્પષ્ટપણે જે કહે છે તે મુક્તિને પામે છે કીધું કહે છે એનો અર્થ એમ નથી. એ રીતે જે અનુભવે છે સમજાણું ? નહિં તો કહે છે તે અહીં આવ્યું હેં ? છે ને ? લ્યો તાકડે ઠીક યાદ આવી ગયું આ વળી. હેં ? ભાવની રમણતા જેને છે એ આહાહા ! એ રમણતા છે કહે છે એ તો વિકલ્પમાં આવે ને કહે એ તો જુદી વસ્તુ છે ઇ, પણ અંદર કહે છે એવું વાચ્ય જે છે એને એ અનુભવે છે - નિર્વિકલ્પપણે, એની મુક્તિ થાય છે. સમજાણું કાંઇ ? પોતે સાંભળે અને સાંભળેલું છે માટે એણે ભેદજ્ઞાન થયું અને બીજાને કહે છે માટે ભેદજ્ઞાન છે એમ નથી. આહાહા ! સમજાણું કાંઇ ? શાંતિભાઇ ! આવો મારગ છે. ભાગ્યશાળી બાપા ! આહાહા !

મૂળના સ્પર્શ વિના બાપુ કાંઇ છે નહિં એમ કહે છે. ગમે તે પ્રરૂપણા કરતા આવડે, બોલતા આવડે, લાખો માણસને કહે અને સાંભળવાથી એને ખ્યાલમાં પણ આવ્યું હોય એ કાંઇ વસ્તુ નથી. આહાહા ! શરીરથી આત્મા ભિન્ન છે એવી ભાવના ન કરે એમ, અંતરમાં ચૈતનને શરીરથી ભિન્ન, અશરીરી ભગવાન આત્માને અનુભવે નહિં આહાહા ! ત્યાં સુધી એની મુક્તિ એટલે ધરમ નથી ને મુક્તિ નથી એમ, એમ કહે છે. સમજાણું કાંઇ ? સમાધિતંત્ર છે ને આ ? સમાધિ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી મુક્તિ નથી. વાત ભલે કરે, લાખો માણસને કહે, શાસ્ત્ર વાંચે ને ધારે ને, ધારણાથી વાત કરેને આહાહા ! પણ ભગવાન આત્મા નિજ અભ્યાસથી આહાહા ! સાંભળવાનો અભ્યાસ ઇ નહિં અને કહેવાનો અભ્યાસ એય નહિં. આહાહા ! હેં ? આહાહા !

(શ્રોતા : કઠણ પડે) કઠણ વસ્તુ એવી છે ત્યાં. કઠણ એટલે શું ? જેવું સત્ છે તેવું એણે રાગથી, શરીરથી ભિન્ન કરીને જાણ્યું અનુભવ્યું નથી એની મુક્તિ ક્યાંથી

હોય ? ગમે તેટલું સાંભળ્યું ને ગમે તેટલાને સમજાવે આહાહા ! એટલે કે એને ધરમ નથી એમ કહેવું છે. મુક્તિ નથી તે અહિંયા પણ સમ્યગ્દર્શન થતાં, ભિન્ન થતાં ત્યાં મુક્તિનો અંશ પ્રગટ થાય છે, એની મુક્તિની શરૂઆત થઇ ગઇ એને. એ મુક્તિની શરૂઆત બીજા પાસેથી સાંભળીને ધારે, અને બીજાને સંભળાવે એથી ત્યાં મુક્તિની શરૂઆત થાય એમ નથી કહે છે. સમજાણું કાંઇ ? આહાહા ! ભારે વાત કરી ભાઇ ! ન્યાલભાઇએ લખ્યું છે એક ઠેકાણે સાંભળનારને તો લગની તો ઘણી છે સાંભળવાની ને એની, છે એક ઠેકાણે, પણ અંતરમાં ઉતરવાના ઠેકાણા નથી. એવી વાત છે. જ્યાં પ્રભુ છે પૂર્ણાનંદ ત્યાં દૃષ્ટિ ગઇ નહિં, અભેદ થઇ નહિં ત્યાં સુધી એની મુક્તિ ક્યાં છે ? એટલે એને ધરમ ક્યાં છે એમ. આહાહા ! ઝીણી વાત બાપુ ! આ તો મૂળ ચીજ છે. સમજાણું કાંઇ ?

જ્યાં સુધી જીવ મોક્ષભાજન મોક્ષપાત્ર થઇ શકે નહિં જોયું ? મોક્ષને પાત્ર થઇ શકે નહિં यावत् न मोक्षभाक् એમ શબ્દ છે ને ? ત્યાં લગી નહિં શિવ લાભ. મોક્ષ પાત્ર થઇ શકે નહિં એવો અર્થ કર્યો. तद मोक्षभाक् मोक्षभाजनम् સંસ્કૃતમાં છે ને ? भाक् નો અર્થ भाजनम् સાચી વાત છે, એ ઠીક છે હજી. શરૂઆત જ ત્યાં મોક્ષનું ભાજન નથી એમ આહાહા ! મોક્ષ થઇ શકે એવો એ પાત્ર જ થયો નથી. આહાહા ! સમજાણું કાંઇ ? શરીરથી ભિન્ન ચૈતન્યનો અભ્યાસ નથી ચૈતન્યનો અભ્યાસ નથી. સાંભળવાનો અભ્યાસ અને કહેવાનો અભ્યાસ એ નહિં. આહાહા ! એમ શબ્દ છે ને મૂળ ? पूर्वम् दृष्टांत आत्मतत्त्व विभावति जगत स्व स्वाध्यायं પોતાનો અભ્યાસ આત્માનો. આહાહા ! પૂરણ ધ્રુવ શુદ્ધ આનંદનું ધામ ભગવાન, એવા આનંદનો જેણે અંતરમાં પ્રયત્નનો અભ્યાસ કર્યો નથી તો એ મોક્ષને પાત્ર નથી. એને મોક્ષ થઇ શકે નહિં અને મોક્ષનું પાત્ર એ નથી. આહાહા ! કહે કે બહુ સમજાવતા આવડ્યું જગતને અને પોતે બહુ સાંભળ્યું હજારો વર્ષો માટે તે મોક્ષને પાત્ર થાય છે એમ નથી. આહાહા !

સમાધિતંત્ર છે ને ? ઇ સમાધિભાવ પ્રગટયો નથી તેને મુક્તિનો પાત્ર કેમ કહેવાય કહે છે. આહાહા ! સમજાય છે કાંઇ ? ક્યાં ગયો તમારો રસિક ? બધું સાંભળવા જેવું છે હોં આ એમ ન કાઢી નાંખવું હોં કે ભાઇ ઊંચુ છે ને અમે તો નાના બાળક છીએ. આહાહા ! (શ્રોતા : સંસ્કાર પડે કે નહિં) એ સંસ્કાર પડે છે એ કઇ જાતના એ પડે છે તો એને સાક્ષીમાં અંદર આવવું જોઇએને ? એ તો બીજો કહે એમ, પણ એને થવું જોઇએ કે આ સંસ્કાર સ્વ તરફ ઢળવાના પડે છે. સમજાણું કાંઇ ? આહાહા ! (શ્રોતા : એમ કહે કે સાંભળે તો સંસ્કાર પડે ને ને સંસ્કાર પડે તો સ્વસન્મુખ થાય ને) ઇ એમ નથી, એમ નથી.

ઈ સંસ્કાર કહેવાય નહિં. સંસ્કાર તો(શ્રોતા...) ઈ તો પણ અંદરમાં પરિણમ્યું છે એને અહીં સંસ્કાર કહેવામાં આવે છે. આહાહા!

અંતર આનંદનો ધામ પ્રભુ એવું જે પરમ સ્વરૂપ એમાં જેની દૃષ્ટિ જામી છે અંદર, પહેલી શરૂઆતથી એને જામતાં જામતાં જામતાં એને અનુભવ થાય છે. અને અનુભવ થતાં પછી સ્થિરતા થાય ત્યારે (મુક્તિનો) મુક્તિ થાય અને આંહી મુક્તિનો પાત્ર થાય છે. આહાહા! આંહી તો સમાધિતંત્ર છે ને? કહે છે કે એ સાંભળ્યું માટે સમાધિ પ્રગટી અને સંભળાવ્યું માટે સમાધિ પ્રગટી, સમાધિ એટલે ધરમ આહાહા! એમ નથી.

**ભાવાર્થ** : શરીરાદિથી આત્મા ભિન્ન આદિ શબ્દ પડયો છે ને? એટલે રાગથી ભિન્ન 'ક્લેવરાદિ' છે ને શબ્દ સંસ્કૃતમાં? ક્લેવર આદિ. ભિન્ન નહિં? છે? ક્લેવર છે. નહિં? (ક્લેવર આદિ ભિન્ન) પણ એ તો શરીરથી ભિન્ન એનો અર્થ થયો. રાગથી ભિન્ન એમાં આવી ગયું. ઈ તો શરીરનું લક્ષ છોડીને ભિન્ન અહીં થયો'તો રાગથી પણ ભિન્ન થઈ ગયો. એવું જેણે ભિન્ન કર્યું નથી આહાહા! એમ કહેવું છે આંહીતો. ભલે શરીરથી તો છઠ્ઠી ગાથામાં એમ કીધું ને? પર દ્રવ્યના ભાવ-દ્રવ્ય અને દ્રવ્યના ભાવથી લક્ષ છોડીને ઈ રાગથી છોડીને એમ નથી ત્યાં.... છઠ્ઠી ગાથામાં પર દ્રવ્ય અને એના ભાવ એટલે આ રાગના ભાવ એમ નહિં, કરમના ઉદયનો ભાવ, એનું લક્ષ છોડીને જેણે આત્માની ઉપાસના કરી એટલે તો અહીં લક્ષ છોડયું એટલે અહીં લક્ષ ગયું એટલે એ રાગથી પણ લક્ષ છૂટી ગયું છે આમાં. આહાહા!

પણ એમ કેમ કહ્યું કે સર્વથા રાગથી, અસ્થિરથી છૂટયો નથી માટે એને શરીરના લક્ષમાંથી છોડતાં અહીં લક્ષમાં ગયો ત્યારે એને ઉપાસના દ્રવ્યની થઈ. રાગથી સર્વથા છૂટયો નથી અસ્થિરતાથી એમ, પણ રાગથી ભિન્ન છું એમ ભાન થયું. સમજાણું કાંઈ? આહાહા! આ તો અંતર અધ્યાત્મની રચના, અલૌકિક વાત છે. એ સાધારણ શબ્દોથી પકડી લ્યે અને સમજાય એવી વાત નથી બાપુ! જેઠાભાઈ! આહા! આવી વાતું છે. એવો એણે નિર્ણય કરવો જોઈએ કે આત્માનો અંતર અભ્યાસ થયા વિના, આ સાંભળવા માત્રથી અને કહેવા માત્રથી મારું કલ્યાણ થઈ જશે, કે સમકિત થશે આહાહા! એમ નથી. એ તો સંસારનો ભાજન રહેશે એમ કહે છે આહાહા! અને ભિન્ન પાડેલો અભ્યાસના ભાન વાળો તે મોક્ષને માટે પાત્ર થઈ ગયો. સંસાર ભાજન ખસીને આહાહા! કહો સુજાનમલજી આવી વાતું છે બાપુ!

મૂળ તો આ વાત છે ભાઈ! 'ક્લેવરાત્' એમ છે ને? ક્લેવરાત છે ઈ પણ

એમાં આવી ગયું 'ભિન્ન આત્મનૂ' અજીવથી ભિન્ન જાણ્યો એમ આશ્રવથી ભિન્ન જણાઇ ગયો એમાં. આહાહા! અંતરના ચૈતનના જ્ઞાયક ભાવના અંતર અભ્યાસથી અજીવથી ભિન્ન ભાસ થયો એવો આશ્રવથી ભિન્ન ભાસ થયો અંદર, ભાસન થયું, ભિન્ન સ્વરૂપનું જ્ઞાન થયું, ઓલી ધારણા હતી એ નહિં. આહાહા! સમજાણું કાંઇ? આ ધારણા થઇને માની લીધું કે આપણે કંઇક હવે સમજ્યા છીએ, આગળ વધ્યા છીએ. એ તો અટકી ગયો બસ ત્યાં હેં? રોકાઇ ગયો ઇ તો ત્યાં. શરીર આદિથી આત્મા ભિન્ન છે, ભાઇએ વધારે ખુલાસો કર્યો, એ વાત ઘણી વાર ગુરુમુખેથી સાંભળે. લ્યો ઠીક. अत्यर्थं એમ છે ને? उपाध्याय आदि कामं अत्यर्थं બહુ વાર, અત્યર્થં એટલે બહુવાર.

ઘણું, ઘણું સાંભળે कामं अत्यर्थं આહાહા! જુઓને સમ્યગ્દષ્ટિ છે સર્વાર્થ સિદ્ધના દેવો ૩૩ સાગર સુધી ચર્ચા કરે છે સ્વર્ગના દેવ. સર્વાર્થ સિદ્ધના દેવ છતાં એને સ્થિરતા થતી નથી. અને ન્યાંથી છૂટીને મનુષ્ય થતાં, આત્મજ્ઞાન પામીને જ્યાં સ્થિરતા અંતરમૂહુર્ત કરે છે ત્યાં કેવળજ્ઞાન થાય છે. તેત્રીસ(૩૩) સાગર તત્ત્વની ચર્ચામાં રોકાતા છતાં આગળ વધતા નથી. આહાહા! સમજાણું કાંઇ? તેત્રીસ(૩૩) સાગર કોને કહે? એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ અને એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વરસ એટલું બોલતાય આવડવું મુશ્કેલ પડે સામું. એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, દસ ક્રોડાક્રોડી, એક ક્રોડાક્રોડી, એક ક્રોડ એમેય નહિં એક ક્રોડાક્રોડી નહિં.

દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગર, ને એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એટલા ૩૩સાગર એવા એવી ચર્ચા કરી એણે આહાહા! પણ ગુણઠાણું ફર્યું નહિં. કેમકે અંદરનો આશ્રય કર્યા વિના ગુણસ્થાન ફરે નહિં. આહાહા! બહારના આશ્રયથી એટલી ચર્ચા ૩૩(તેત્રીસ) સાગરો સુધી કરી. આહાહા! ૩૩(તેત્રીસ) સાગર કેટલી ચર્ચા કરતા હશે? કેવી? અને એને કાંઇ રાંધવું નથી, ખાવું નથી, દુકાન નથી, વેપાર નથી, બાયડી નથી, કાંઇ નથી લ્યોને ૩૩(તેત્રીસ) સાગર. આને તો હજુ ધંધામાં કેટલો રોકાય પાપમાં ૨૦-૨૨(વીસ-બાવીસ) કલાક, ૮(આઠ) કલાક ઊંઘમાં, ને ૧૦(દસ) કલાક ધંધામાં, ૧-૨(એક-બે) કલાક દિશાપાણીમાં ને કલાક એક હોય તે સાંભળવામાં આવે. એમાંય તે ઓલો બેઠો હોય તે સંભળાવે. જય નારાયણ બસ એ પ્રમાણ વચન! કંઇ ભાન ન મળે.

'દસ બોઘા દસ બોઘણી દસ બોઘાકા બચ્ચા ભેગા થયા હોય, માથે કહે ગપ્પા એ કહે કે સચ્ચા'. પ્રમાણ વચન. શું પ્રમાણ વચન પણ? શું કહ્યું અને શું કહે છે

એની તને ખબર નથી કંઇ. એ સુજાનમલજી ! તને પ્રમાણ થયું છે કે નહિં ? આહાહા ! રાગથી ભિન્ન પડીને ચૈતનનું ભાન થઇને પ્રમાણ થાય ત્યારે કીધુંને પોતે ? પાંચમી ગાથામાં तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। મારા વૈભવથી હું કહીશ, કહીશ છતાં તું સાંભળીશ આહાહા ! છતાં તું પ્રમાણથી અનુભવથી પ્રમાણ કરજે. આહાહા ! ભાષા તો જોવો એક સમયસારની એક એક પદની. तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। મારો ભગવાન એકત્વ સ્વભાવથી છે, અને રાગથી ભિન્ન છે એમ મને અનુભવ છે. એવા મારા નિજ વૈભવથી ભગવાને કીધું માટે કહીશ એમ નહિં. આહાહા ! મારો ભગવાન જ જાગ્યો છે અંદરથી આહાહા ! અને એવા જાગવાના ભાવની ભૂમિકાથી હું તમને કહીશ. આહાહા !

तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज પાછું વળી કીધું. પાછું દેખાડવામાં આવે વખતને, સમયને, વાણીને બધો જોગ હોય ને ? जदि दाएज्ज पमाणं આહાહા ! પહેલું તો એમ કીધું तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। દેખાડીશ મારા વૈભવથી, પણ પાછું દેખાડવાનો વખત કેટલો રહે અને કેમ છે એમ કહી ને કહી દીધું दाएज्ज દેખાડવાના પ્રસંગમાં આવું આહાહા ! પ્રમાણ કરજે. जदि दाएज्ज पमाणं એ ત્રીજું પદ છે जदि दाएज्ज આહાહા ! જ્યારથી આ તે સાંભળ્યું આહાહા ! ત્યારથી અંદર ઉતરજે એમ કહે છે આહાહા ! ભારે વાત. કુંદકુંદ આચાર્ય ગજબ કામ કર્યું છે जदि दाएज्ज દેખાડું તો પ્રમાણ કરજે.

चुक्केज्ज छलं ण घेत्तव्वं ભાષાના કોઇ પ્રસંગમાં ભૂતકાળ અને ભવિષ્યકાળને એવા ભંગમાં ભૂલ પડી જાય, અને તને એ જાતના વ્યાકરણનું જ્ઞાન હોય, તેથી તું લક્ષ એમ ન રાખીશ. અમારે જે કહેવું છે તે ઉપર લક્ષ રાખીને પ્રમાણ કરજે. આહાહા ! હેં ? આહાહા ! કારણ વ્યાકરણનો જાણનારો ઓલો સાંભળનારો હોય એટલે અમે એમાં કાંઇ ઘણા પ્રકાર વ્યાકરણના ઘણાં છે ને જુવોને વ્યાકરણ બનાવ્યું છે ને ? નહિં ? કેટલો એક તો ગ્રંથ બનાવ્યો છે મોટો વીસહજાર(૨૦,૦૦૦) શ્લોકનો વ્યાકરણનો. આમાં આ રૂપ અને આમાં આ રૂપ. રામઃ રમૌ રામઃ ! એવું આવે છે ને કાંઇ ? બહુ સ્પષ્ટીકરણ કર્યું છે એમાં આત્માને શું ? એવા વ્યાકરણના પ્રોફેસરો હોય જાણનારા અને આ વાત હું કહું છું પ્રભુ.

આત્મા આનંદના સ્વભાવથી એકત્વ છે અને રાગથી તે વિભક્ત છે. અનુભવથી પ્રમાણ કરજે, વાણી સાંભળીને હા, એમ નહિં એમ કહે છે. આહાહા ! જોયું ? વાણી સાંભળવામાં તો વિકલ્પ છે. વિકલ્પના ખ્યાલમાં તને આવ્યું કે આમ કહે છે એ વસ્તુ નથી. આહાહા ! સમજાણું કાંઇ ? चुक्केज्ज छलं ण घेतवां ચૂકવું એટલે મૂળ ચીજથી નહિં, પણ વ્યાકરણ આદિ વ્યુત્પત્તિ આદિના બોલોમાં આવી જાય ભાષામાં, અને તું એનો જાણનારો, સંસ્કૃતનો ને વ્યાકરણનો તો ત્યાં અટકીશ નહિં કે જો આમાં ફેર પડયો, જો આમાં

ફેર છે. હવે સાંભળને ફેર પડયો. શિવભૂતિમુનિ લ્યો. શબ્દેય યાદ રહેતા નહોતા. હેં? ભાવભાસન હતું मा रुष मा तुष એમ ગુરુએ કહ્યું. એ શબ્દોય યાદ ન રહ્યા मा रुष मा तुष.

બાઇ ઓલી અડદની દાળ, (પલળેલી) પલાળેલી છડીદાળ ફોતરા કાઢતી હતી પછી બીજી બાઇ પૂછે કે બેન શું કરો છો? તુષ માસ. ફોતરાથી દાળને જુદી કરીએ છીએ. તે એને એટલા શબ્દોમાંથી ભાવનું ભાસન તો હતું. તુષ નામ ફોતરું એમાંથી માસ નામ અડદની કસવાળી દાળ જુદી છે. આને થયું ઓહો! આ વિકલ્પ છે ફોતરુ છે આહા! માલ ભગવાન આનંદનો નાથ પ્રભુ છે અંદર. બસ એમાં ગયા તો કેવળજ્ઞાન થઇ ગયું લ્યો. આહાહા! તેત્રીસ સાગર સુધી ચર્ચા કરે વિકલ્પથી તો ગુણઠાણું ન ફરે કારણકે સ્વનો આશ્રય વધવો જોઇએને? પરના આશ્રયની ગમે તેટલી ચર્ચા હોય, પણ સ્વનો આશ્રય વધ્યા વિના ગુણસ્થાન વધે નહિં. આહાહા! પરને આશ્રયે ગુણસ્થાન વધે? પાંચમું કે સાતમું થાય પછી છઠ્ઠું આવે છે ને? આહાહા! બહુ વાત, અલૌકિક વાત. પધ્ધતિ પધ્ધતિ અમૃતના સાગરને ખોલીને મૂક્યો છે. આહાહા! બાપુ! તું અમૃતનો સાગર છો પ્રભુ! તારા આનંદનું ધામ તું છો.

શ્રીમદ્દે કહ્યું ને 'સ્વયં જ્યોતિ સુખધામ' ચૈતન સ્વયં જ્યોત વસ્તુ છે ને? કોઇથી નહિં કરાયેલી ને સત્ રૂપે છે ને? આહાહા! અને 'સ્વયં જ્યોતિ સુખધામ' તે આનંદનું સ્થળ છે. આહાહા! હવાપાણી કરવા સાટું(માટે) નથી જતાં બહાર? ફલાણું ને શું આ કહેવાય આ? હેં? કાશ્મીર. હવાફેર માટે કાશ્મીર જાય, આબુ જાય બાપુ! આનંદનો ધામ ત્યાં જાને અંદર તું. આહાહા! આ સંસારનો થાક ઉતારવો હોય તો ત્યાં જા અંદર. આહાહા! આંહી એ કહે છે શરીરથી ગુરુમુખે ઘણીવાર સાંભળ્યું, બીજાઓને તે ઉપદેશ પણ વારંવાર આપે, દસ લક્ષણી પર્વમાં જઇને. આવો આત્મા, આવો આત્મા, આમ છે એમ વાતું કરે, આહાહા! છતાં જ્યાં સુધી આત્માને શરીર આદિથી દ્રઢપણે ભિન્ન અનુભવે નહિં, અંતરમાં અનુભવ કરે નહિં તો જ્યાં સુધી સ્વસન્મુખતા પૂર્વક તેનું તેને ભાવ ભાસન થાય નહિં. દ્રવ્ય સ્વભાવનું ભાવરૂપ ભાસન, દ્રવ્ય સ્વભાવનું ભાસન પર્યાયમાં - જ્ઞાનમાં. એ જ્ઞાનમાં આ શુદ્ધ ચૈતન છે એવું ભાસન ન થાય ત્યાં સુધી જીવ મુક્તિ લાયક બની શકે નહિં. આહાહા! દ્રવ્યનો ભાવ, વસ્તુનો ભાવ, એનું ભાસન, કહેવું એ નહિં, ધારવું એ નહિં, એમ કે આંહી તો ભાસન, એની જ્ઞાનની દશામાં એ ભાસે. આહાહા! ત્યારે તે મુક્તિને લાયક થાય છે.

વિશેષ કહેશે...........

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન - ૯૫

## શ્લોક - ૮૧ અને ૮૨

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૦.૦૭.૭૫**

ननु स्वभ्यस्तात्मधियः इति व्यर्थम् । शरीराद्भेदेनात्मनस्तत्स्वरूपविद्भ्यः श्रवणात्स्वयं वाऽन्येषां तत्स्वरूपप्रतिपादनादनान्मुक्तिर्भविष्यतीत्याशङ्क्याह –

श्रृण्वन्नप्यन्यतः कामं वदन्नपि कलेवरात् ।

नात्मानं भावयेद्भिन्नं यावत्तावन्न मोक्षभाक् ।।८१।।

બહુ સુણે ભાખે ભલે, દેહભિન્નની વાત;
પણ તેને નહિં અનુભવે, ત્યાં લગી નહિં શિવલાભ. ।। ૮૧ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

સમાધિતંત્ર ૮૧(એક્યાસી) ગાથા એનું વિશેષ : ભેદવિજ્ઞાન દ્વારા એટલે કે અજીવ અને રાગથી આત્મા ચિદાનંદ સ્વરૂપ, એને રાગ ને શરીરથી ભેદજ્ઞાન દ્વારા, પરથી ભિન્ન દ્વારા, સ્વસન્મુખતા પૂર્વક સ્વમાં અભેદ દ્વારા, અભેદ એટલે સ્વસન્મુખતા. ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ ધ્રુવ સ્વભાવ, એમાં તત્પરતા. પ્રયત્નની તત્પરતા કહો, સ્વસન્મુખ કહો, કે વસ્તુ સાથે પર્યાયની અભેદતા કહો, એવા સ્વસન્મુખતા પૂર્વક, જીવ અજીવ આદિ તત્ત્વોનું ભાવભાસન થવું એ સાચી પ્રતીતિ થવી તે જ નિશ્ચય સમકિત છે. સાચું સમકિત એ કહેવાય કે સ્વસન્મુખ થઈને પરથી ભિન્ન પાડી ને પોતાના સ્વભાવ સન્મુખ થઈને. ઝીણી વાતું બહુ ભાઈ ! મારગ તો એવો છે એને અનાદિનો અભ્યાસ નથી એથી ચીજ જે છે વસ્તુ નિત્યાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ સ્વભાવ એનો, એની સન્મુખ થઈને અને પર પર્યાય, રાગ ને નિમિત્તથી પણ વિમુખ થઈને, સ્વસ્વભાવમાં અભેદતાને પામે એટલે કે સ્વસન્મુખ થઈને તે પર્યાય તેમાં રમે. આહાહા ! આવી વાત છે શશીભાઈ !

એવા ભાવભાસન થવું એટલે ભાવ નામ સ્વભાવ જે ચૈતન્ય શુદ્ધ અખંડ આનંદ એવો ભાવ એનું ભાસન થવું. જ્ઞાનમાં તે ભાવનું ભાન થવું આહાહા ! સાચી પ્રતીતિ થવી. પ્રભુ ચિદાનંદ નિત્યઆનંદ છે એવી વર્તમાન પર્યાયમાં સ્વ સન્મુખને કરતાં જે સ્વ છે, એ ભાસન પર્યાયમાં ભાન થયું એની જે સાચી પ્રતીતિ થવી આહાહા ! એ સાચું સમકિત છે. એ નિશ્ચય સમકિત છે. ભારે ભાઈ આવું ! આ તો ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. આહાહા ! કે જે વસ્તુ ભગવાન પૂર્ણ આનંદને પૂર્ણ જ્ઞાયક ભાવ સ્વરૂપ ધ્રુવ એને પરથી ભિન્ન પાડી, એટલે પરનું લક્ષ છોડી, અંતરના ત્રિકાળી સ્વભાવનું લક્ષ કરી, અને પર્યાયને અભેદ કરી એટલે કે વસ્તુને પર્યાયને વસ્તુ તરફ સન્મુખ કરી. આહાહા !

જે ભાવનામ જ્ઞાયકભાવ, આનંદભાવ, શાંતભાવ, શુદ્ધભાવ એનું જ્ઞાનમાં ભાસન નામ જ્ઞાન થવું, ભાવનું ભાસન નામ જ્ઞાન થવું આહાહા ! અને એમાં પ્રતીતિ થવી કે આ વસ્તુ જે જ્ઞાયક પર્યાયમાં જણાણો એની પ્રતીતિ થવી એનું નામ સાચું સમકિત છે. આહાહા ! આ મારગ છે એ વિના એના જ્ઞાન ને વર્તન ને વ્રત ને તપ બધા એકડા વિનાના મીંડા છે. આહાહા ! સમજાણું કાંઈ ? તે વિના જીવ મોક્ષને પાત્ર થાય નહિં. જોયું ? માળે નાંખ્યું છે બધું ત્યારે તો મોક્ષ થવાને પાત્ર થાય એ. ભગવાન આત્મા બહારથી વૃત્તિને સમેટી ને અંતરસ્વભાવમાં પરિણતિને અભેદ કરે. આહાહા ! કેટલી ધીરજ ને કેટલી ત્યાં નિવૃત્તિ જોઈએ. આહાહા ! એ કોઈ બહારથી મળે એવી ચીજ નથી. એ જેંતિભાઈ ! આ શું માંડયું છે ત્યારે અત્યારે તમે બધા સામાયિક અને પોહા ને પડિક્કમણા કર્યા હતાને ? આહાહા !

કહે છે કે એ વસ્તુ આવી છે ને રાગથી ભિન્ન પડીને સ્વસન્મુખ થવું એવી ધારણા કરી હોય તો પણ એ નિષ્ફળ છે. એ તો સ્વસન્મુખ થઈને આત્મ આનંદ સ્વરૂપ ને જ્ઞાયક સ્વરૂપ એવું એની પર્યાયમાં ભાસન, ભાવનું ભાસન. ભાવ તો દ્રવ્યને કહેવાય, ગુણ ને કહેવાય અને પર્યાયને પણ કહેવાય. પણ આંહી ભાવ એટલે વસ્તુ ત્રિકાળી, એનું જ્ઞાનની વર્તમાન દશામાં, સ્વસન્મુખ થઈને, આ વસ્તુ શુદ્ધ અખંડ અભેદ છે એવું જે પર્યાયમાં ભાન થવું એની પ્રતીતિ સાચી થવી એનું નામ સાચું સમ્યગ્દર્શન છે, એ હવે મોક્ષને પાત્ર થયો. આહાહા!

વળી શાસ્ત્રમાં 'तत्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' (૧) પહેલું સૂત્ર છે ને? પહેલાનું બીજુ સૂત્ર. એવું વચન કહ્યું છે તેથી શાસ્ત્રોમાં જેમ જીવાદિ તત્ત્વ લખ્યાં છે તેમ પોતે શીખી લે. આહાહા! શાસ્ત્રમાં લખ્યા એ રીતે શીખી લે ત્યાંજ ઉપયોગ લગાવે એટલે કે જીવ અજીવ આદિ શું છે એમ, એકલા જીવમાં એની વાત નથી અત્યારે. જીવાદિ તત્ત્વો લખ્યાં એમ શીખી લે અને નવ તત્ત્વમાં ઉપયોગ લગાવે આ તો આ આસ્ત્રવ કહેવાય ને આ સંવર કહેવાય ને આ જીવ કહેવાય. સમજાણું કાંઈ? આહાહા! ત્યાં જ ઉપયોગ એટલે જીવાદિ નવ, જેમ છે તેમ લખ્યાં એમ જાણ્યા અને ત્યાં ઉપયોગ નવમાં લગાવે તથા અન્યને ઉપદેશ આપે, અન્યને ઉપદેશ પણ આપે આહાહા! પરંતુ પોતાને તેનો ભાવ ભાસતો નથી.

પણ એને ઇ ચીજ શું છે? નવ શું છે? કેમ છે? જ્ઞાયકભાવનું ભાસન થઈને એમાં આ પર્યાયોનો અભાવ છે એવા એક જ્ઞાયકભાવને ભાસન થતાં એની બીજી પર્યાયનો અભાવ છે એવું તેને જ્ઞાનમાં સ્વભાવનું ભાસન થતાં, આ પ્રકારે એને સાચું જ્ઞાન અને સાચી પ્રતીતિ થાય. આહાહા! ત્યારે તો એને ધર્મની શરૂઆત થાય. એ પૂજા ને, ભક્તિ ને લાખ કરે ને, લાખ જાત્રાઉં કરેને, અબજો રૂપિયા ખર્ચે ને મંદિરો બનાવે ને, શું કહેવાય આ પૂજા કરે એ ચેતનજી હેં? શાંતિ આ એ શાંતિ પૂજા, સિદ્ધની પૂજા, કર્મપૂજા ને એ બધા આવે છે ને? લાખ કરે ને ઇ અને અબજો રૂપિયા ખર્ચેને એ એમાં ધર્મ નથી. આહાહા! શાંતિભાઈ! એ તમારા દિગંબરને બેસતું નથી ત્યાં. આહાહા! હેં? (શ્રોતા : વાત અલૌકિક છે) આવી વાત છે બાપુ! આહાહા!

હજી જેના જ્ઞાનમાં આ પ્રમાણે નથી એના તો જ્ઞાન સાચા થાય જ નહિં. જેના જ્ઞાનમાં કે આત્માના સન્મુખ થાય, ભાવભાસન થાય એની પ્રતીતિ એનું નામ સમ્યગ્દર્શન, એવું જેને હજી જ્ઞાને નથી પરલક્ષી સમજાણું કાંઈ? વિકલ્પના રાગ મિશ્રિત

વિચારમાં પણ આ વાત આ રીતે જાણી નથી એને તો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન નિશ્ચય થાય જ નહિં. અને એવું વિકલ્પથી જાણ્યું માટે થાય એમેય નહિં. આહાહા ! પણ પ્રથમ વિકલ્પથી એવી વાત આ શું ચીજ છે આ ? વસ્તુ શું છે ? ગુણ શું છે ? એની અવસ્થા શું છે ? વિકાર શું છે ? એ નવે તત્ત્વ આવી ગયા એમાં. સમજાણું કાંઇ ? એવો વિકલ્પથી રાગ મિશ્રિત સ્વસન્મુખ વિના, રાગ મિશ્રિત વિચારમાં, આવો જેને નિર્ણય નથી એ તો અંદરનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન કરી શકશે જ નહિં. આહાહા ! સમજાણું કાંઇ ? અહીંયા તો હજી ધર્મની પહેલી સીઢી. આહાહા ! ધર્મનું પહેલું પગથીયું. ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ. આહાહા !

આજે એક લેખ આવ્યો ભાઇ ઓલામાં. વાંચનારે આમ ન કરવું ઠીક સારું લખ્યું છે હરિભાઇએ હેં ? હરિભાઇએ લખ્યું સારું લખ્યું છે, વાહ ! આ છે ને શું કહેવાય ? આત્મધર્મ. છેલ્લા પેરેગ્રાફમાં આવ્યું છે. હરિભાઇ નથી આવ્યા ? આ લખ્યું છે, વાંચનારાઓએ આક્ષેપ કરવા કે અને સાધારણ સાંભળનારા હોય અને પોતે કહે એટલે આ બધી તોછડાઇ કરવી એવું, એવું ન હોય, એવું ન હોય. સમજાણું ? અને એવી વ્યક્તિઓને ઉતારી પાડવા એકદમ. સત્ય કહેવું એ સત્યની રીતે મીઠી મધુરી ભાષાથી કહેવું, પણ તિરસ્કારની દૃષ્ટિથી એમ ન હોય. કોઇ વ્યક્તિ સાથે વિરોધ ન હોય એ પણ ભગવાન આત્મા સત્વેષુ મૈત્રી. બધા આત્મા પ્રત્યે મૈત્રી હોય એને દ્વેષથી ન જોવું જોઇએ. સમજાણું કાંઇ ?

વાંચનારને ભલામણ એમ છે કાંઇ લખ્યું છે ને ભાઇએ. વાંચનારને હેં ? (શ્રોતા : વાંચનારાઓની જવાબદારી) જવાબદારી. ઠીક કીધું આવ્યું. ક્યાંક હશે કો'કનું અંદર આવ્યું હશે. આહાહા ! આ તો બાપા મારગ પોતાનો અંદર ઠરી ઠરીને જવાનો મારગ છે. હેં ! એમાં આવા વેગ ને જોર આવીને, વસ્તુના સ્વરૂપ જણાવતાં મીઠી ભાષાથી બોલે. કોઇ વ્યક્તિ પ્રત્યેથી વેર વિરોધ વિના આત્મા છે ઇ, ભૂલ્યા છે એ. ભૂલ્યાએ (શ્રોતા : વક્તા હોય તો જોર આપવું જોઇએને પર્યાયમાં) જોર પણ કઇ રીતે જોર ? જરા કષાય હેં ? (શ્રોતા : હરિભાઇએ ખુલાસો કર્યો છે).

ચેતનજી ! વાંચ્યું ? નહિંતર આ રહ્યું હમણાં વાંચ્યું ન્યાં. આ કાલે સવારના આવ્યું કે કાલે આવ્યું નહિં ? કાલે આવ્યું, ગઇ કાલે સાંજે, હાં. મેં હમણાં, અત્યારે હમણાં વાંચ્યું, સારું લખ્યું છે. લ્યો આંહી જુઓ તમારી પાસે ? લો. આતમધર્મ, આપણી પ્રિય અધ્યાત્મ પત્રિકા ઇ છેલ્લે પાને, જિનવાણી વાંચનકારોની જવાબદારી. બહુ સારું લખ્યું છે. કડવા શબ્દો નહિં, એ આત્મા છે, વસ્તુ સમજાવતાં કુદેવ, કુગુરુ,

કુશાસ્ત્રને સમજાવે અને સુદેવ, સુગુરુ અને સુશાસ્ત્રને સમભાવથી સમજાવે એથી કોઈનો તિરસ્કાર કે દ્વેષ ન હોય. હેં? (**શ્રોતા** : એનું જોર છે માટે) એ જોર તે શેમાં જોર છે? વાણીમાં? આહાહા! હેં?

(**શ્રોતા** : દૃષ્ટિની તીખાશ હોય તો) એ દૃષ્ટિની તીખાશ અંદર માટે હોય કે બહાર માટે? ક્યાંક આવ્યું હશે એને સાંભળવામાં. આવ્યું'તું ક્યાંક? આવ્યું હશે એમ લાગે છે. વાંચનારાઓમાંથી કો'કની કડવાશની ભાષાની એમ ન હોય. આ તો મીઠો મહારામણો ભગવાન ચિદાનંદનો નાથ, એની વાત કરતાં પણ એની એમાં કડવાશ ને તીખાશ ન આવવી જોઈએ. આહાહા! ઈ કહેવું છે એ કાંઈ બીજાને સમજાવા માટે છે? વિકલ્પ આવ્યો છે, વાણી નીકળે છે, વાણી. આહાહા! (**શ્રોતા** : એવી વાણી નીકળે એમાં એનો શું દોષ?) પણ આ તો સમજાવવા માટે વિકલ્પ આવ્યો ને વાણી નીકળે એમ કીધું. પણ કડવાશથી કહેવું ને એવો વિકલ્પ આવે એ કાંઈ વસ્તુ છે? સમજાણું કાંઈ? આહાહા! કોઈ પ્રત્યે હોય, અરે! અભવી જીવ હો ભલે તેથી એના પ્રત્યે શું? જીવ છે 'સર્વ જીવ છે સિદ્ધ સમ' એનું સ્વરૂપ તો પરમાત્મા સ્વરૂપે જ બિરાજમાન છે. જેની પર્યાયદૃષ્ટિ ગઈ એ બીજાને પર્યાયનું જોર શું કરવા દયે? હેં? (**શ્રોતા** : દ્રવ્યદૃષ્ટિથી જુએ) દ્રવ્યથી જુએ એનો ભગવાન આત્મા ભગવાન ભૂલ્યો છે. એ ભૂલને ટાળીને ભગવાન થશે. આહાહા!

આંહી કહે છે ભાવ ભાસતો નથી જ્યાં સુધી વસ્તુના ભાવનું નામ તત્ત્વ કહ્યું છે તત્વાર્થ કહ્યું છે ને તત્ત્વાર્થ તો અર્થ એટલે વસ્તુ, અને તત્ત્વ એટલે એનું સ્વરૂપ એનો ભાવ. तत्त्वार्थ श्रद्धानं सम्यक् એમ કીધું ને 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' તો તત્ત્વ એ ભાવ અને અર્થ એટલે દ્રવ્ય, ગુણ ને પર્યાય એવી વસ્તુ એનો ભાવ, એનો ભાવભાસન. આહાહા! એનું સ્વરૂપ જ એવું છે. વસ્તુનું જ્ઞાયકભાવનું સ્વરૂપ છે, એના ગુણનું સ્વરૂપ છે.

એક વાક્ય ૫૪મી(ચોપ્પનમી) ગાથામાં આવી ગયું છે આપણે. પ્રવચનસારમાં કે પર્યાયને અંતરમાં વાળતાં કારણકે પર્યાય છે બાહ્ય છે અને વસ્તુ છે એ અંતર છે. સમજાણું કાંઈ? આહાહા! પર્યાય પ્રગટરૂપ બાહ્ય છે. ખરેખર તો પર્યાયની એકતાબુદ્ધિ એ પણ મિથ્યાત્વ છે. આહાહા! એને દ્રવ્ય સાથે એકત્વ કરવું છે પર્યાયને હવે અહીંયા તો એ પર્યાય છે એ વસ્તુ છે અંતર, ત્યાં જાય છે આમ અંતર પર્યાય અંદર ત્યારે એ તો દ્રવ્યની ઉપર લક્ષ જાય છે ત્યારે દ્રવ્યનું જ્ઞાન થાય છે, ગુણનું જ્ઞાન થાય છે, અને ઈ પર્યાય પોતે પણ કેમ છે એનું પણ જ્ઞાનમાં તો છે ને? શ્રદ્ધામાં નિર્વિકલ્પતામાં એકલો ધ્યેય

દ્રવ્ય છે, પણ એની સાથે જે જ્ઞાન થાય એ તો બધાંને જાણે છે. જ્ઞાનનું ઘણું જાણવું એ કાંઇ રાગનું કામ નથી. આહાહા!

એ વસ્તુ છે આ તો પોતાના આત્માને માટે વાત છે. દુનિયાને સમજાવું ને એને કહું ને એ માટે ધારણા કરે ને તો બીજા પાસે મને આવડે છે એમ તારે પાડવું છે બાહર? આહાહા! પોતાના આત્મા માટે આ તો કરવાની વાત છે આંહી તો. સમજાણું કાંઇ? કહે છે તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્ એવું જે ઉમાસ્વામીનું બીજું સૂત્ર, પહેલું સૂત્ર સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણી ઓલું કાળનું જોયું ભાઇ આજ હોં. કાળનું. ચંદુભાઇ લાવ્યા'તા કળશ એકે, હા. એ દિગંબરમાં કાળ બસ એટલું જ છે અને શ્વેતાંબરમાં કળશ એકે. (**શ્રોતા** : કેટલાક માને કેટલાક ન માને) એમ ન હોય એવી વાત છે આંહી તે, (**શ્રોતા** : પણ ભગવાને શું કીધું એ તો આશ્ચર્યની વાત છે) એનો અર્થ ઇ સંશય. સંશય માટે, આ માટે કહ્યા છે. આહાહા!

કાળ દ્રવ્ય માનતા નથી ને શ્વેતાંબરમાં. કોઇ કાળ કહે છે એવું એના તત્ત્વાર્થસૂત્રમાં આપ્યું. સૂત્ર ફેરવી નાંખ્યું આંહી તો કાળ છે એ આંહી આપણા ઘણું પ્રવચનસારમાં ઘણું સિદ્ધ કર્યું છે કે જે પર્યાય છે એક સમયની, પ્રદેશાત્મક જે પરમાણુ છે, એક પ્રદેશથી પ્રદેશ એવો આકાશમાં ન્યાંથી બીજે પ્રદેશે આમ જાય છે, તેમાં એક સમયનું માપ આવી જાય છે. સમયનું કાળનું માપ આવી જાય છે તો એ સમયનું માપ આવે છે ઇ પર્યાય છે. ઇ પર્યાય છે જેટલામાં પર્યાય છે તેટલામાં એનું દ્રવ્ય છે, આ કાળ નામનો પદાર્થ છે, વસ્તુ છે. કાળ એક એક કોઇ કહે છે એમ. 'છે' આહાહા! અરે! ક્યાં જગતને સત્ય શું છે? એને કેમ અંતર શોધવું? એ પોતા માટેની વાત છે આંહી.

મને આવું આવડશે માટે હું બીજાને શીખવીશ અને એને વિસ્મયતા પમાડીશ કે ઓહોહો! ભારે વાત ભાઇ તમારી. એ તો બધાં લખ્ખણ બીજી જાતના છે. શશીભાઇ! આવી વાત છે જરી. આહાહા! એમ કે એવી વાત હું કરું કે એને એમ લાગે આહાહા! ભારે જ્ઞાન તમારું હોં. અને ભારે થોડામાં બહુ કાઢો છો તમે. એ છોટાભાઇ! એ દૃષ્ટિમાંય વિપરીતતા છે. બીજાઓ એમ કહે ને વિસ્મય પામે એને માટે કહેવું, એને માટે ધારવું એ દૃષ્ટિ વિપરીત છે. આહાહા! એવી વાતો છે બાપુ! અહીંયા તો ભાવભાસન, તત્ત્વ અર્થ, દ્રવ્ય ગુણ અને પર્યાય એ તત્ત્વ કહેવાય છે અને એનું સ્વરૂપ જે ભાવ, જ્ઞાયકભાવ, જ્ઞાનભાવ, પર્યાયભાવ, આહાહા! એનું આ તો મારગ એવો બાપા! તીર્થંકર કેવળીનો મારગ એટલે આહાહા! જેની સભામાં ૧૦૦-૧૦૦ (સો-સો) ઇન્દ્રો ભેગા થાય, એકાવતારી

ઇન્દ્રો અને સિંહ ને નાગ. આહાહા ! આ કેસરિયા સિંહ સેંકડો આવીને ઊભા રહે સભામાં, ઇ કેવી વાણી હોય ત્યાં ? હેં ? આહાહા ! શાંત, શાંત, શાંતિથી સાંભળે. આહાહા !

કહે છે કે એને ભાવનું ભાસન થવું જોઇએ. એમ છે ને વચન આંહી ? અન્યને ઉપદેશ દે પરંતુ પોતાને તેવો ભાવ ભાસતો નથી. આહાહા ! જ્ઞાયક સ્વરૂપ વસ્તુ આ એનું જ્ઞાન આદિ ગુણને પર્યાય આ એવું ભાવનું અંદર ભાસન એટલે તે સન્મુખ થઇને અભેદ થઇ નથી દશા. આહાહા ! એને ભાવભાસન નથી આહાહા ! બાપુ ! આ તો ધરમની વાત છે ભાઇ, આ કોઇ કથા નથી સંસારની. ત્રણલોકના નાથ તીર્થંકર આ જગતના વીતરાગ મૂર્તિ પ્રભુ. આહાહા ! એ વીતરાગની દશા જેને પૂરણ દશા પ્રગટી, જ્ઞાન જેને એક સમયમાં પૂરણ જાણે ત્રણકાળ. બાપુ ! ઇ ભાષા છે ઇ જુદી વાત છે. એને લક્ષમાં લઇને આવો ભાવ જગતમાં છે. આહાહા !

એવું ક્યારે થાય કે પોતાના સામર્થ્યના ભાવનું જેને ભાસન થાય. આહાહા ! એના ગુણનું ભાસન થાય કે આ શક્તિઓ એટલી સામર્થ્ય વાળી છે કે તેને પ્રતીતમાં લેતાં તે શક્તિ વ્યક્તરૂપે થઇને પૂર્ણઆનંદની પ્રાપ્તિ કરશે. સમજાણું કાંઇ ? આહાહા ! માણસો એમ કહે છે કે આ સોનગઢવાળાએ સમકિતને મોંઘુ કરી નાંખ્યું. (શ્રોતા : મોંઘુ મળ્યું, ભલે રહ્યું ને) બાપુ ! સોંઘુ મોંઘુ પણ જેમ છે એમ છે. (શ્રોતા : એમ જ છે) આહાહા ! ઓલા શાકવાળા હોયને આખો દિ' વેંચે મણ એક લઇને આવ્યો હોય ગામડામાંથી. એમાં પાંત્રી(પાંત્રીસ/૩૫) શેર ખપી ગયું હોય. પાંચ શેર રહ્યું હોય, ટૂવાવાળું, ટૂવાવાળું. આ ભીંડા કે કારેલા કે એવું હોય ને જરીક એમ તો ઓલા વાણિયા શોધીને લે.

છોટાભાઇ જેવા હોય. હેં ? (શ્રોતા : હિંમતભાઇ જેવા હશે) હેં ના એના બાપાનું નામ નથી લીધું છે. બરાબર જોઇ જોઇને લે ને ? આહાહા !

એમાં ઓલા ૫(પાંચ) શેર રહી ગયું ટૂંવાવાળું, વાણિયો આવ્યો એક લોભી, ઓલાએ કહ્યું કે જો ભાઇ અમારે મણ લઇને આવ્યા છીએ હવે ૫(પાંચ) શેર વધ્યું છે આ એ લઇને ઘરે જવું એ કરતાં અમે ૪આના(ચારઆના) શેર આપ્યું છે, તમને ૩આના(ત્રણઆના) શેર આપીએ લ્યો. ટૂંકૂવો તો છે જરી. ઓલો લોભી. સોંઘુ મળ્યું ને ૫(પાંચ) શેર લીધું ૧૫આનાનું(પંદરઆનાનું). ઘરે જાય ત્યાં આખો ટૂંવો. આખો ભીંડો ને કારેલા. આ સોંઘુ મળ્યું એને હેં ? સોંઘુ ને મોંઘુ તો બાપુ જેમ છે એમ છે ભાઇ ! આહાહા ! વસ્તુ જ્યાં આવી છે ત્યાં એને મોંઘુ ને સોંઘુ શું કહેવું ?

એને આમથી તમે માનો તો તમને આમ થઇ જાય છે અને આને આમ થઇ જશે. શેત્રુંજયની જાત્રા કરો તો તમારું કલ્યાણ થઇ જશે, સમ્મેદ્શિખરની જાત્રા કરશો તો તમારે ૪૯(ઓગણપચાસ) ભવે, એક જણો કહેતો'તો સાધુ મારી પાસે એક લખાણ છે. એ શાસ્ત્ર ભગવાનનાં નહિં કીધું. સમ્મેદ્શીખર ને પરદ્રવ્યના જાત્રાથી ભવ ઘટે એ શાસ્ત્ર શાસ્ત્રનું વચન વીતરાગનું નહિં. તો પછી કહે ના, ના ના વાતુ એ ગયું કીધું હવે તો કે આશય હતો એ આવી ગયો એમાં. ભગવાન ચિદાનંદનો નાથ જેમાં ભવનો ભાવ ને ભવ નથી, એવી ચીજના અનુભવ વિના ભવ ઘટે ૩(ત્રણ) કાળમાં ઘટે નહિં.

એ કરોડવાર સમ્મેદ્શિખર જાય અને શેત્રુંજય કારતક સુદ પુનમેને ચૈત્ર સુદ પુનમે અને વારંવાર હંમેશા જાય, કેસરિયાજી કેટલાક જાય છે. એય જેંતીભાઇ! ઓલા નહિં તમારે ભોગીભાઇ છે ને, હેં? આપણે કોન્ટ્રાક્ટરનો બાપ, એ બહાર જાય છે એ કેસરિયા. ૧વાર(એકવાર) જાય, ૨વાર(બેવાર) જાય, ૩વાર(ત્રણવાર) જાય, કેસરિયાજી શું સાક્ષાત્ સમોવસરણમાં જાય ને અનંતવાર એથી શું ધરમ થાય છે. આહાહા! કેમ કે જ્યાં પરદ્રવ્યનો આશ્રય છે ત્યાં તો વિકાર જ ઉત્પન્ન થાય છે. આકરું લાગે છે માણસને. આંહી તો સ્વદ્રવ્યનું ભાન થવું, ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદનો નાથ આહાહા! એવી ચીજ આત્મા છે. અનંતી સિદ્ધની પર્યાયથી પણ જેમાં અધિકપણું એવી અનંતી સિદ્ધ પર્યાય જેને શક્તિમાં પડી છે એવો આ ભગવાન આત્મા. આહાહા!

અરે! જગતને ક્યાં સમકિત કેમ માનવું કેમ એની ખબરું ન મળે અને એના વિના વ્રત લઇને બેઠાં, તપસ્યાયું કરી એ નિર્જરા ને ચારિત્ર લીધાં એ સંવર. ધૂળેય નથી બધાં એકડા વિનાનાં (મિંડા છે), રણમાં પોંક મૂકવા જેવું છે. એ પોંક કોઇ સાંભળે નહિં ને એનું રૂદન બંધ રહે નહિં, આહાહા! આવો મારગ બાપા! ભાવ ભાસતો નથી. ત્યાં તો તે વસ્તુના ભાવનું નામ તત્ત્વ કહ્યું છે. 'તત્ત્વાર્થશ્રદ્ધાન'માં વસ્તુનો સ્વભાવ જેવો ભાવ જેવી અસ્તિ છે, તેનું જ્ઞાનમાં ભાન થવું, તેને તત્ત્વ કહ્યું છે. એટલે ભાવ ભાસ્યા વિના 'તત્ત્વાશ્રદ્ધાન' ક્યાંથી હોય? એ મોક્ષમારગની વાત છે. ગુજરાતી આવૃત્તિ ૨૨૮(બસ્સો અઠ્ઠાવીસ) ને ૨૨૯(બસ્સો ઓગણત્રીસ). વળી કોઇ વખત શાસ્ત્રાનુસાર સાચી વાત પણ બતાવે. આહાહા!

શાસ્ત્રાનુસાર સાચી વાત પણ કહે પરંતુ ત્યાં અંતરંગ નિર્ધારરૂપ શ્રદ્ધાન નથી. અંતરંગ નિશ્ચયરૂપ સ્વભાવના ભાનવાળી જે નિશ્ચયરૂપ શ્રદ્ધા એ નથી એને. આહાહા! સમજાણું કાંઇ? આરે! આવી વાત ક્યાં? એથી જેમ કોઇ કેફી મનુષ્ય

માતાને માતા પણ કહે. અફીણના કેફમાં મા ને મા કહે તો પણ તે શાણો નથી. કારણકે એમાં મા કહી દે છે ને કોઈવાર બાયડી કહી દે એને. એને ક્યાં ભાન છે? આહાહા! સમજાણું કાંઈ? આહાહા! ભાન થાય કે આ તો મારી મા છે એ માતા છે એવું જ્ઞાન યથાર્થ થાય કેફીને ક્યાં થાય? આહાહા! એક મોઢની વાત નહોતી કરી? બોટાદની, મોઢવાણિયો હતો. એની નવી મા હતી. નવી મા હતી પછી એની વહુ ગઈ'તી નહાવા, પણ વહુના લૂગડાં પહેરીને એની નવી મા સૂતેલી.

વહુના લૂગડાં એટલે આને વિષયની ભાવના થયું ને એ જાણે કે આ વહુ છે મારી. લૂગડાં પહેરેલા વહુના એ ઠેબુ માર્યું ઉઠાડવા, ઓલી બાઈ કહે કેમ બેટા? કેમ, વહુ ગઈ છે નહાવા વૃત્તિ એકદમ ખેંચાઈ ગઈ. આહાહા! કેમ ભાઈ! વહુ ગઈ છે નહાવા અભિપ્રાય ફરી ગયો એકદમ, હેં? આમ સ્ત્રી માની ને જે ઠેબું માર્યું. અરે! આ તો મા, ભલે નવી મા પણ માતા છે ને? હેં? અરે ભાઈ! વહુ ગયા છે નહાવા, આટલું જ્યાં કીધું એકદમ વૃત્તિ ફરી ગઈ, ભાવનો ખ્યાલ આવી ગયું કે આ તો માતા, મા છે. લૂગડાં પહેર્યા છે એ સ્ત્રીના, મારી સ્ત્રીના, કારણ કે ધોવા ગઈ'તી, કપડાં મૂકી ગઈ હશે અને આણે પહેર્યા છે. એ કપડાં આંહી ધોવા ગઈ હશે. આહાહા!

એમ, આત્મામાં રાગ ને ભેદ ને વિકલ્પને છોડીને. આહાહા! એણે રાગના ને ભેખ પહેર્યા છે જીવે. રાગના વિકલ્પનો ભેખ છે એને ઈ અજ્ઞાની અનાદિથી આત્મા માની રહ્યો છે પણ જ્યારે એને ભાન થયું અરે! (શ્રોતા : ઓહોહો!) રાગનો ભેખ એ તો પર વસ્તુ છે. એ મારી એ ભેદ કીધું ને પહેલું? આહાહા! એ તો વિકારી ભેખ છે. વસ્તુની પર્યાય એ નહિં. આહાહા! વસ્તુની દશા તો નિર્વિકલ્પ અને નિર્વિકારી હોય એમ જ્યાં ભાન ભાવનું અંદર થાય એમાં પ્રતીતિ થાય તેને સમકિત કહેવામાં આવે છે. આહાહા! તેથી જેમ મનુષ્ય માતાને માતા પણ કહે કેફમાં, ત્યાં લીધું છે ને તત્ત્વાર્થસૂત્રમાં નહિં! પહેલા અધ્યાયમાં લીધું છે તો પણ તે શાણો નથી તેમ આને પણ સમ્યગ્દૃષ્ટિ કહેતા નથી. આહાહા!

શાસ્ત્રાનુસાર સાચી વાત બતાવે પણ અંતરમાં જ્ઞાયકભાવ પૂર્ણાનંદનો નાથ. એનું ભાવનું એના ભાવનું જ્ઞાન તો અંદર આવ્યું નથી. આહાહા! એથી તેને સમકિતી કહીએ નહિં. આહાહા! વળી જેમ કોઈ બીજાની વાત કરતો હોય, આ મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. જેમ કોઈ બીજાની વાત કરતો હોય તેમ આત્માનું કથન કરે પરંતુ એ આત્મા હું છું આવો જે જ્ઞાનાનંદ સ્વભાવી વસ્તુ તે હું છું એવું તે સન્મુખ થઈને પ્રતીતિ કરતો નથી, એવો ભાવ એને ભાસતો નથી. આહાહા! બહુ વાત સારી લીધી. માળે

છોટાભાઈએ પણ મેળવ્યું છે ને ? બહુ સારું મેળવ્યું છે. અભ્યાસી હતા, નહિં ! કેવા હતા ? અંગ્રજી કાંઈ બી.એસ. તમારી જેમ ? બી.એસ. નહિં ? તમે બી.એસ. નહિં (શ્રોતા : બી.એ.) ઠીક હશે કાંઈ ? પણ લગનવાળો માણસ. છોટાભાઈ આપણા આવતા આંહી વ્યાખ્યાનમાં, છેલ્લી સ્થિતિ હતી. ત્યાં ગ્યા'તા અમે ડેલામાં, નહિં ! માંદા હતાં ને ગયા હતા અમે. છેલ્લી સ્થિતિ હતી. આહાહા ! સારો મેળ કર્યો છે.

જેમ કોઈ બીજાની વાતો કરતો હોય એમ આત્માનું કથન કરે. આહાહા ! પણ એ આનંદનો નાથ અને પૂર્ણ શુદ્ધ તે હું છું એવું એને અંતર ભાસ્યું નથી. આહાહા ! આત્મામાં આનંદ છે પરમાં આનંદ નથી એમ વાતુ કરે પણ આનંદ છે એ ભાસ્યો તો નથી. આહાહા ! એ તો કલ્પનાથી આ એમ કહે છે. સમજાણું કાંઈ ? આહાહા ! પરંતુ તે આત્મા આ આનંદ તે આ હું છું એવું એની પર્યાયમાં એને ભાવ ભાસ્યો નથી. આહાહા ! જેમ રેકર્ડમાં બોલે એને ભાવની ખબર છે ? રેકર્ડ તો બરાબર બોલે, હેં ? આહાહા ! આ વાણી ને આ રેકર્ડ છે પણ એની જરી રેકર્ડમાં આવે ત્યાં ઓલો આત્મા. આ જે કહું છું તે આ આત્મા. એમ સન્મુખ થઈને નિર્ધાર કર્યો નથી. ભાવભાસન નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

વળી જેમ કોઈ બીજાને બીજાથી ભિન્ન બતાવતો હોય, તેમ આ આત્માને શરીરની ભિન્નતા પ્રરૂપે. શરીર જુદું છે ભાઈ, વાણી જુદી છે, કર્મ જુદા છે. એથી શું થયું કે ? અંતરમાં ચૈતન્યમૂર્તિથી શરીર ભિન્ન છે એવું ભાવનું તો ભાસન થયું નથી. આહાહા ! (શ્રોતા : કોઈ મહારાજ કાંઈ ખોટું કહે) અરે ! ૩લોક(ત્રણલોક)નો નાથ કહે તો એ એને ભાસ્યો નથી. એ તો ૧૧(અગિયાર) અંગને અનંતવાર ધાર્યા છે. આહાહા ! એ તો બધું પરલક્ષી જ્ઞાન છે. સ્વના ભાવના ભાસનનું જ્ઞાન નથી. આહાહા ! 'એક જાણ્યો એણે સર્વ જાણ્યું' આહાહા ! ભલે બીજું જ્ઞાન થોડું હોય, સમજાવતા ન આવડે. સમજાણું ? હેં ? આહાહા !

એટલે કેટલાકને એમ, એમ કે આમને તો સમજાવતા આવડતું નથી, બોલતા આવડતું નથી. હવે સમજાવવું ને બોલવું એ પરચીજ છે. સાંભળને ! એની હારે શું સંબંધ છે ? સમજાવતા આવડયું માટે એ જ્ઞાની છે ને ધરમી છે એમ છે ? અને સમજાવતા ન આવડે એથી અનુભવી નથી એમ ટળે છે ? સમજાણું કાંઈ ? આ તો મુદ્દાના રકમની વાત છે ભાઈ આતો. બીજાને બીજાથી જેમ ભિન્ન બતાવતો હોય, આ છોકરો એના બાપનો આ છે એમ બતાવે એમ આ શરીર ભિન્ન છે પણ ભાવ ભાસ્યો નથી અંદર. શરીરથી ભિન્નતા પ્રરૂપે હું એ શરીરાદિથી ભિન્ન છું. મારી ચીજમાં એ શરીર જ નથી. (શ્રોતા : ઓહોહો !) અરે ! મારી ચીજમાં રાગેય નથી એવા સ્વઅસ્તિત્વમાં રાગની નાસ્તિ છે એમ અનુભવ કર્યા વિના એની ધારણામાં વાત લીધી પણ એને ભાવ ભાસ્યો નથી.

આહાહા ! આ તો ગર્વ ઉતારી નાંખે એવી વાત છે બધી સુજાનમલજી !

(શ્રોતા : બરાબર પૂર્ણ સત્ય વાત) હેં ? આ તો પોતાને માટે છે કે કાંઇ પરને સમજાવવા માટે છે આ વાત ? (શ્રોતા : પોતાને માટે) એ તો પોતાનું થયા પછીનો વિકલ્પ આવે ત્યારે વાણીમાં આવે તો આવવું હોય એ આવે. એવી વાતો ઝીણી બાપુ ! આહાહા ! હજી અશુભમાં પણ જેને રસ રહે છે ઈ જે શાસ્ત્રની વાતો કરે કે આમ છે એ અહીં કેમ ઈ વાત બેહે(બેસે) અંદર ? આહાહા ! સમજાણું કાંઇ ? આ સંસારના ધંધા, હિંસા, જૂઠું, ચોરી, ધંધો, વેપાર એવા પાપ એવા અશુભ ભાવમાં પણ જેને વિષય વાસના એમાં જેને રસ છે એને આ વાત શી રીતે બેહે(બેસે) ? ભલે વાત કરે પણ એને બેઠી નથી એને એમ કહે છે. સમજાણું કાંઇ ?

બીજા વખાણ કરે, પ્રશંસા કરે ઓહોહો ! તમે તો ભારે હેં ! આહાહા ! અને લોકો પછી જન્મજયંતિ ઉજવે એની. એને કાંઇ ન હોય. આ ઘણાંને અત્યારે ઈ થયું છે ને જુઓને. અમે આવા છીએ માટે લોકો પછી જન્મજયંતિ ઉજવે. ઓહોહો ! બધી દશા બાપુ, આવી વાતુ છે. જન્મ જયંતિ તો જેને આનંદનું ભાન થયું છે અને મોક્ષનો નિશ્ચય થઇ ગયો છે. અહીંયા તો શાસ્ત્ર તો એમ કહે છે જેને મોક્ષ થઇ ગયો છે એની જન્મજયંતિ હોય. સમજાણું કાંઇ ? જેણે જનમને સફળ કર્યો છતાં કોઇને મોક્ષ થયો નથી પણ મોક્ષ અને સમ્યગ્દર્શન જ્ઞાન આદિ અંતરથી અનુભવમાં આવ્યું છે તો તેને અલ્પકાળે મોક્ષ તો થવાનો છે ચોક્કસ જેને થઇ ગયું છે. સમજાય છે કાંઇ ? આહાહા !

જેમ કુંદકુંદ આચાર્ય લ્યો. જેને સંસારને આસન નિકટ આવ્યો, સંસારનો કાંઠો જેને નજીક છે. આમ પગ મૂકે એટલે જાણે આમ ભવથી અભાવ થવાનો છે. આહાહા ! અમૃતચંદ્ર આચાર્ય કે પોતે મુનિ પંચમહાવ્રત ધારી. હજાર વર્ષ પહેલા સંતની વાત કરતા એના કાળજા જોઇ લીધાં. આહાહા ! જેને સંસારનો કાંઠો સિંધુ, ભવસિંધુ ચોરાસીમાં ડૂબકા મારતો મારતો અનંત ભવ કર્યા હવે એનો કાંઠો આવી ગયો છે. જુઓને એ કુંદકુંદ આચાર્ય આહાહા ! છે ને આમાં, પ્રવચનસારમાં પહેલી ગાથામાં આહાહા ! ભવના કિનારા દેખાણા. હવે કહે છે આ ૧(એક) કે ૨(બે) ભવે સિદ્ધપદ છે. આહાહા !

એવું જેને ભાવભાસન થયું એને સાચું સમકિત કહેવામાં આવે છે. આહાહા ! પરંતુ હું એ શરિરાદિથી ભિન્ન છું. શરિરાદિ રાગાદિ એમ એવો ભાવ ભાસતો નથી, માટે આત્મા શરીરથી ભિન્ન છે એવું જાણવા છતાં જો તેનું ભાવભાસન ન થાય એ અજીવ છે, રાગ છે. જીવના સ્વભાવમાં નથી એવું જ્ઞાનનું ભાવનું ભાસન ન થાય.

આહાહા! અનુભવમાં ન આવે તો તે જાણવું કાર્યકારી નથી, તો તે જાણવું કાર્યકારી નથી. આહાહા! સમજાણું કાંઇ ? હીરાભાઇ! આવી વાતુ છે. જે ભાવનામાં પ્રવૃત્ત થઇ તેણે અંતરાત્માએ શું કરવું ? ત્યારે હવે શું કરવું એણે ઇ વાત છે.

तद्भावनायां च प्रवृत्तोऽसौ किं कुर्यादित्याह -

**तथैव भावयेद्देहाद्व्यावृत्त्यात्मानमात्मनि ।**
**यथा न पुनरात्मानं देहे स्वप्नेऽपि योजयेत् ।।८२।।**

**નિજને તનથી વાળીને, અનુભવવો નિજમાંય;**
**જેથી તે સ્વપ્નય પણ તનમાં નહિં જોડાય. ।। ૮૨ ।।**

**टीका** : देहाद्व्यावृत्त्य शरीरात्पृथक्कृत्वा आत्मानं स्वस्वरूपं आत्मनि स्थितं तथैव भावयेत् शरीराद्भेदेन दृढतरभेदभावनाप्रकारेण भावयेत् । यथा पुनः स्वप्ने स्वप्नावस्थायां देहे उपलब्धेऽपि तत्र आत्मानं न योजयेत् देहमात्मात्मतया नाध्यवस्येत् ।।८२।।

તે ભાવનામાં પ્રવૃત્ત થઇ તેણે (અંતરાત્માએ) શું કરવું ? તે કહે છે :–

**અન્વયાર્થ** : અંતરાત્માએ (देहात्) દેહથી (आत्मानं) આત્માને (व्यावृत्य) પાછોવાળી અર્થાત્ ભિન્ન અનુભવીને (आत्मनि) આત્મા વિષે (तथा एव) એવી રીતે (भावयेत्) તેની (આત્માની) ભાવના કરવી (यथा पुनः) કે જેથી ફરીથી (स्वप्नेऽपि) સ્વપ્નમાં પણ (देहे) દેહમાં (आत्मानं) આત્માને તે (न योजयेत्) યોજે નહિં, અર્થાત્ શરીરમાં આત્મ-બુદ્ધિ કરે નહિં.

**ટીકા** : દેહથી આત્માને વ્યાવૃત્ત કરીને (ભિન્ન અનુભવીને)-શરીરથી પૃથક્ કરીને (અનુભવીને) આત્મા વિષે સ્થિત સ્વસ્વરૂપને એવી રીતે ભાવવું (અનુભવવું)-અર્થાત્ શરીરથી ભેદ કરીને (ભિન્ન કરીને) દ્રઢતર ભેદભાવનાના પ્રકારે (એવી રીતે) ભાવવું કે ફરીથી સ્વપ્નમાં - સ્વપ્નાવસ્થામાં - દેહની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) થાય તો પણ તેમાં (દેહમાં) આત્માનું જોડાણ થાય નહિં અર્થાત્ દેહને આત્મસ્વરૂપે માનવામાં આવે નહિં.

**ભાવાર્થ** : શરીરથી આત્માને ભિન્ન જાણી અર્થાત્ આત્માને આત્મારૂપે જ જાણી, શરીરરૂપે નહિં જાણી, તેની એવી દ્રઢ ભાવના કરવી કે સ્વપ્નમાં પણ ફરીથી દેહને આત્મા માનવાનો અધ્યવસાય થાય નહિં.

## વિશેષ

સ્વ-પરને ભિન્ન જાણવાનું ચિન્હ તો જ્ઞાન-વૈરાગ્યશક્તિ છે. ભેદ-વિજ્ઞાનની

ભાવનાથી એ વૈરાગ્યભાવ એટલે રાગથી વિરુદ્ધ ભાવ - પર પદાર્થોમાં ઉપેક્ષા ભાવ જો શ્રદ્ધા અને જ્ઞાનમાં પણ ન હોય તો તે ભાવના કાર્યકારી નથી.

''સમ્યગ્દષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યશક્તિ હોય છે; કારણ કે તે (સમ્યગ્દષ્ટિ જીવ) સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ કરવા માટે 'આ સ્વ છે (અર્થાત્ આત્મસ્વરૂપ છે) અને આ પર છે' એવો ભેદ પરમાર્થે જાણીને સ્વમાં રહે છે (ટકે છે) અને પરથી રાગના યોગથી-સર્વ પ્રકારે વિરમે છે.''[૧]

ભેદ-વિજ્ઞાનની દઢ ભાવનાથી અંતરાત્મા શરીરાદિ પર પદાર્થો પ્રત્યે ઉપેક્ષાભાવ સેવે છે. ૮૨

## પ્રવચન – ૯૫

સપનામાં પણ ન આવે એને કે આ શરીર હું છું. સપનામાં પણ એમ આવે કે હું તો ચૈતન્ય ચમત્કાર ભિન્ન છું. આહાહા! સમજાણું કાંઈ? એવી કહે છે કે એની લગની અંતરની લાગવી જોઈએ. આહાહા! નીચે શ્લોક આપ્યો છે જ્ઞાનાર્ણવનો. શરીરથી આત્મા ભિન્ન છે એમ સાંભળવા ઉપરની હારે(સાથે) મેળવવા અને બોલવા છતાં, છે? शरीरादिन्नमात्मानं शऋण्यन्नपि वदन्नपि બોલવા છતાં ને સાંભળવા છતાં भेदाभ्यासमानिष्ठित થતો નથી. એનાથી જુદી (જુદો) પડીને આત્માના આનંદમાં આવતો નથી, પરિપકવ થતો નથી એટલે અનુભવ થતો નથી ત્યાં સુધી તે મુક્તિને પામતો નથી. આહાહા!

૧૧(અગિયાર) અંગ ભણ્યો હશે અનંતવાર, તેના આત્માની ખબર નહિં હોય એને? એને માહાત્મ્ય આવ્યું છે પણ ધારણામાં આવ્યું છે. સ્પર્શ કરીને આવ્યું નથી. ત્રિકાળીને સ્પર્શયો નથી. આહાહા! આમ દયે(છયે) દ્રવ્યને જાણે છે કે નહિં તેમાં જીવ દ્રવ્ય આવતું નથી? જ્ઞાનમાં શાસ્ત્રે કહ્યું તે પ્રમાણે એને જ્ઞાનમાં આવ્યું છે. ધારણા કે આ જીવ તો અભેદ છે, શુદ્ધ છે, અખંડ છે એવી ધારણા થઈ. પરોક્ષ રીતે મહિમા પણ આવી. જીવ આ અખંડ પૂર્ણ અનંતગુણનો પિંડ છે એવું અનંત અચિંત્ય સામર્થ્ય પરોક્ષ રીતે મહાત્તમ પણ આવ્યું છે. એટલું ભણે ને પણ અંદર પ્રત્યક્ષ વેદનમાં આવ્યું નથી એને આહાહા! આવો મારગ છે ભાઈ! એ મુક્તિને પામતો નથી.

૧. શ્રી સમયસાર - કલશ ૧૩૬.

**ટીકા** : હવે ૮૨(બ્યાંસી) ગાથા. દેહથી આત્માને વ્યાવૃત્ત કરીને, વ્યાવૃત્ત શબ્દ ભાઈએ કીધો'તો ને ? વ્યાવૃત્ત શબ્દ છે ને ? વ્યાવૃત્ત. દેહાત્ત વ્યાવૃત્ત બરાબર છે. દેહથી ભગવાન આત્માને જુદો પાડીને, ભિન્ન અનુભવીને રાગને શરીરથી પ્રભુ આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર એવું જેણે અનુભવ્યો. આહાહા! શરીરથી પૃથક કરીને, અનુભવીને કરીને હવે અંદર વાત આવી આ તો. બોલીને ધારણા કરીને સમજાવીને એમ નહિં. સમજાણું કાંઈ ? દેહથી આત્માને વ્યાવૃત્ત કરીને શરીરથી પૃથક કરીને અનુભવીને આત્મા વિષે સ્થિત સ્વસ્વરૂપ ને એવી રીતે ભાવવું, આત્મા આનંદ સ્વરૂપને વિષે સ્થિત સ્વસ્વરૂપને એવી રીતે ભાવવું, અનુભવવું, કે શરીરથી ભેદ કરીને, ભિન્ન કરીને, દઢતર ભેદભાવનાના પ્રકારે, દઢતર પરથી ભેદ અને સ્વમાં એકાગ્રતાના પ્રકારે ભેદભાવના છે ને ? રાગ ને શરીરથી ભિન્ન પડીને સ્વની એકાગ્રતા એ ભાવના, એ ભેદ ભાવના. આહાહા!

માળે આવી વાતુ લ્યો. આમાં તો એકીંદીયા, બેઈંદીયા, તેઈંદીયાની તો કાંઈ વાતો આવી નહિં. એ સ્વરૂપભાઈ ! એ ચીમનભાઈ ! શું કહ્યું હતું અત્યાર સુધી ત્યાં તમે બધું ? હેં ? એકેન્દ્રિય. એવું છે. અનાદિ અભ્યાસ નહિં વસ્તુનું. સ્વનું માહાત્મ્ય એને આવ્યું નથી અંદરમાં. આમ શાસ્ત્ર વખાણે આત્મા આવો છે, આવો છે એમ કરીને તો ધારણામાં મહાત્તમ આવ્યું, પણ અંદર ભાવ ભાસ્યા વિના મહાત્તમ યથાર્થ આવતું નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આવો ઉપદેશ લ્યો. હવે આ હવે માંડ માંડ સમજે મારે છોકરો કહેતો'તો ત્યાં આપણો બોર્ડિંગનો કે મહારાજ ઝીણું બહું. મે કહ્યું વાત તો સાચી બાપા ! ઝીણું તો છે ભાઈ ! આહાહા !

ઝીણા મોતી પકડવામાં સાણસા કામ આવે ? આ દીકરીયું કરે છે ને આ તોરણ કરે, નાળિયેર મોતીના ભરે નાળિયેરે આવે છે અમારે છે ન્યાં તો ભરેલા, મોતી બોતીના આવે છે ને ? આવે છે. મૂકે છે મોતીના ભરેલા મૂકીને એમાં ચિત્રો હોય, સાથિયો હોય તે એ સાણસે મોતી મૂક્યા એમાં ? સાથિયો આમ પૂરવો હોય તો લાલ, લાલ, લાલ, લાલ આમ કરે ને પછી આમ કરે ને પછી આમ આમ ટપકાં કરે તો ઝીણા મોતી પણ સાણસે ન પકડાય તો આ ઝીણી વાતુ વિકલ્પથી કેમ પકડાય ? (**શ્રોતા** : ઓહોહો !) એવી વાતુ બાપુ ! આ તો જનમ મરણના અંત લાવવાની વાતુ છે.

બહારથી રાજી રાજી થઈને બધા ફરે. ૨-૫(બે-પાંચ) લાખ ખરચે, ધરમધુરંધરનું બિરૂદ આપી દે એને અને તકતી લગાવે આરસપહાણમાં. એ પોતે તસ્દી બહુ લે તકતી લગાડવામા સાટું. જુઓ આપણે ૫(પાંચ) લાખ ખરચ્યા છે. પોતે બીજા ન

કરે તો બીજાને ઊભા કરે. એના પ્રમાણમાં કાંઇ કરવું જોઇએ ને તમારે અપાસરામાં ૨(બે) લાખ ખરચ્યા જુઓ. નાખો તકતી એના નામની. એણે મહેનત કરી તકતી લગાડવા એમાં એનું શું થયું એમાં ? આહાહા ! આત્મામાં અનુભવની કોતરણી ન કરી જેણે એણે લક્ષ્મી પોતાની અનંતગુણવાળી લક્ષ્મી છે એની એણે સંપદાની પ્રતીત ન કરી. એને વાપરતા આવડયું નથી. આહાહા ! અનંતગુણનો ધણી જેને એકાગ્ર થઇને વાપરતા આવડે એને પોતાની લક્ષ્મીને વાપરતા આવડે અનુભવમાં આહાહા ! સમજાણું કાંઇ ? આવી વાતુ ભાઇ ભારે !

જુઓ ભાવનગર આ બધાં આવે છે રવિવારે ભાવનગરવાળા પછી આવી વાતુ ઝીણી આવે ચીમનભાઇ ! મારગ બાપા આવો છે. બીજા કોઇ છેતરશે આવો હલકો કરીને બતાવશે. છેતરાઇ જશે ભાઇ, જીંદગી ચાલી જશે આહાહા ! ઓલા આંધળાનું નહોતું કહ્યું ? અમારે દાખલો આપતાં હીરાજી મહારાજ. ભરુચથી ઓલીકોર જવું હોય નર્મદાને ઓળંગીને કોઇ જાત્રાળું કાંઇ હશે ધામ. ત્યાં આ છોકરો ને એની મા બે જણા, એનો બાપ મરી ગયેલો, આ છોકરો આંધળો, પછી વહાણ પડેલા ફૂટલાં. કાગળ દ્વારા ચોડીને કર્યા વહાણ સારા અને ૫(પાંચ) રૂપિયા આ આ કાંઠેથી લઇ જવાના ઓલે કાંઠે ૫(પાંચ) રૂપિયા દેતા બીજા સારા.

આ કહે કે ૨(બે) રૂપિયા, બેઠાં અને એ જ્યાં ઓલા વહાણ કાગળ ચોડીને કાણાંને સાજા કર્યા હતા હેં ? એટલે પાણી આવવા માંડયા જ્યાં આગળ તો ભાઇ કહે ભાઇ, તમે જાણતા નથી ઇ ૫ને(પાંચને) અમે ૨(બે) એમાં કાંઇક દગો છે એમ ખબર છે તમોને. હું તો આંધળો જુઓ આ ચશ્મા કાઢી નાંખ્યા. હું તો આંધળો તમેય આંધળા કે ૫(પાંચ) રૂપિયા આમ કાંઠેથી ઓલે કાંઠે લે છે ને હું ૨(બે) લઉં છું. એમ આ સોંઘુ બતાવે છે માણસો બીજાને કે દયા પાળો, ભક્તિ કરો, દાન કરો, વ્રત કરો, અપવાસ કરો તો તમારે કલ્યાણ થશે એ બધાં આંધળાના વહાણમાં બેઠાં છે.

એ કપુરભાઇ ! એ રીતે ભાવવું કે ફરીથી સપનામાં પણ આહાહા ! દેહની ઉપલબ્ધિ થાય તો પણ એટલે દેહ મળે ભલે એમ કહ્યું. શરીર બીજું મળે એક બે ભવનું પણ તેમાં આત્માનું જોડાણ થાય નહિં. દેહને આત્મા સ્વરૂપે માનવામાં આવે નહિં. એવું દઢતર આત્માના અંદરમાં સ્વભાવનું ભાન કરીને દઢ થાય કે સ્વપ્ને પણ દેહ ફરીને મળે તો એ મારું છે એમ સપનામાં પણ થાય નહિં, એને ભેદજ્ઞાન કહેવામાં આવે છે.

વિશેષ કહેશે....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૯૬

## શ્લોક – ૮૨ અને ૮૩

**સ્થળ : સુવર્ણપુરી　　તારીખ : ૨૧.૦૭.૭૫**

तद्भावनायां च प्रवृत्तोऽसौ किं कुर्यादित्याह -

**तथैव भावयेद्देहाद्व्यावृत्त्यात्मानमात्मनि ।**
**यथा न पुनरात्मानं देहे स्वप्नेऽपि योजयेत् ।।८२।।**

નિજને તનથી વાળીને, અનુભવવો નિજમાંય;
જેથી તે સ્વપ્નય પણ તનમાં નહિં જોડાય. ।। ૮૨ ।।

**अपुण्यमव्रतैः पुण्यं व्रतैर्मोक्षस्तयोर्व्ययः ।**
**अव्रतानीव मोक्षार्थी व्रतान्यपि ततस्त्यजेत् ।।८३।।**

પુણ્ય વ્રતે, અઘ[1] અવ્રતે, મોક્ષ ઉભય[2]નો નાશ;
અવ્રત જેમ વ્રતો તણો, કરે શિવાર્થી ત્યાગ. ।। ૮૩ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

---

૧. અઘ – પાપ;　૨. ઉભયનો –બન્નેનો.

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

---

સમાધીતંત્ર ૮૨(બ્યાસી) ગાથાનો ભાવાર્થઃ શરીરથી આત્માને ભિન્ન જાણી, આત્માના અવયવોથી પણ ભગવાન આત્માને જુદો જાણી આ બધા અવયવો છે ઈ પણ શરીર છે ને ? કાન, નાક, આંખ એ બધા શરીરથી (ભિન્ન) ધ્રુવ સ્વભાવનું લક્ષ કરીને નિત્યાનંદના ધ્યાનમાં આવીને જે શરીરથી ભિન્ન આત્માને જાણે છે. આત્માને આત્મારૂપે જાણી, જ્ઞાયકભાવ, ચૈતન્ય ભાવ એવો જે સ્વભાવ, એને શરીરથી ભિન્ન જાણી, એ શરીર રૂપે નહિં જાણી આત્માને આત્મા રૂપે જાણી, અને શરીર રૂપે નહિં જાણી આહાહા ! એને ધ્રુવનું અંદર બહુમાન આવવું જોઈએ.

પર્યાય કરતાં પર્યાયમાં એકત્વબુદ્ધિ છે. શરીરમાં એકત્વબુદ્ધિ એ તો એકકોર રાખો અને એક સમયની પર્યાયમાં પણ જેની એકત્વબુદ્ધિ છે, ઈ શરીરથી ભિન્ન નહિં જાણી શકે. એથી વસ્તુ જે છે (એને) એમાં દૃષ્ટિને પ્રસારી, શરીરથી આત્માને ભિન્ન જાણી ને આત્માથી શરીરને ભિન્ન જાણી આહાહા ! આવો ધરમ છે. તેની એવી દૃઢ ભાવના કરવી, પોતાનું જે અસ્તિત્વ છે ઈ શરીરથી તો એની હૈયાતિ ભિન્ન છે. શરીરની હૈયાતિ શરીરને કારણે છે, આત્માની હૈયાતિને કારણે શરીરની હૈયાતિ નથી. આહાહા ! મૂળ ઉપર ઘા આવ્યા વિના ભિન્ન પડી શકે એવું નથી એમ કહે છે અહીંયા. આ કઠણ પડે ને માણસને પણ કઠણ પડે (કેમ કે) એ અભ્યાસ નથી. હેં ? અભ્યાસે કઠણ ન પડે આહાહા !

જ્ઞાયકભાવ ચૈતન સ્વરૂપ એ અતીન્દ્રિય આનંદનું દળ છે. પ્રદેશે પ્રદેશે અનંત આનંદ પડયો છે એમાં. આહાહા ! જેને આનંદની પિપાસા છે તે જ્યાં આનંદ છે ત્યાં તેને ગોતે, ઢૂંઢે. આહાહા ! એ ઢૂંઢતા શરીરથી ભિન્ન આત્માને જાણે, ને આત્માથી ભિન્ન શરીરને જાણે. આહાહા ! બહુ મારગ આવો બાપુ ! નકર વર્તમાન માણસને તો ક્રિયાકાંડમાં એવા દોરાઈ ગયા. આહાહા ! એને આ સાંભળવું ય કઠણ પડે મુશ્કેલીથી, વસ્તુ એવી ઝીણી છે. તત્ત્વ છે ને ! કહે છે કે ફરીને સપનામાં પણ ફરીથી દેહને આત્મા માનવાનો અધ્યવસાય થાય નહિં. આહાહા !

જેણે ભગવાન આત્માને શરીરથી ભિન્ન જાણ્યો તો મારા જ્ઞાયકભાવના અસ્તિત્માં શરીરપણાની નાસ્તિ છે. અભાવ આવ્યો'તો ને ? શરીરનો તો એમાં અભાવ

છે. ભાવવાનને અનુભવતાં, શરીરનો અભાવ એમાં અનુભવમાં આવી જાય છે. સમજાણું કાંઇ ? આવી વાત છે ભાઇ ! આહાહા ! વસ્તુ સ્થિતિ જ એવી છે ત્યાં. ભલે આ એકક્ષેત્રે આ બધું દેખાય, પણ રજકણે રજકણની અવસ્થા ભગવાન આત્માથી ભિન્ન છે. આહાહા ! એવું જાણીને સપનામાં પણ ફરીને દેહ તે હું અને દેહ તે મારો એમ ન આવે અધ્યવસાય એવી દૃઢ શ્રદ્ધા અને દૃઢ અનુભવ કરવો એમ કહે છે. આહાહા !

## વિશેષ

એ સમયસારનું જરી નાંખે છે. સ્વ-પરને ભિન્ન જાણવાનું ચિન્હ આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપ છે, અને શરીર એ જડ અને અજીવ છે, એવા ભિન્ન જાણવાનું લક્ષણ, એંધાણ, ચિન્હ શું ? જ્ઞાન વૈરાગ શક્તિ છે. આહાહા ! સ્વરૂપનું અસ્તિત્વનું જ્ઞાન અને રાગથી અભાવ સ્વભાવ રૂપનું ભાન એ વૈરાગ. ભેદ વિજ્ઞાનની ભાવનાથી એ વૈરાગ ભાવ એટલે રાગથી વિરૂદ્ધ ભાવ. આહાહા ! આત્મા રાગથી ભિન્ન ભાસતાં રાગ તદ્દન આત્માથી ભિન્ન છે એવું અંદરમાં ભાન થાય છે. આહાહા ! એવો વૈરાગ કરવો, કે ભેદ વિજ્ઞાનની ભાવનાથી વૈરાગ ભાવ એટલો થાય, કે રાગથી વિરૂદ્ધ ભાવ પર પદાર્થમાં ઉપેક્ષાભાવ. આહાહા ! જો શ્રદ્ધા અને જ્ઞાનમાં પણ ન હોય, પર પદાર્થની ઉપેક્ષા, એવા શ્રદ્ધા અને જ્ઞાનમાં ન હોય અને શરીરાદિ અને વાણી આદિ પર ચીજો એની અપેક્ષાથી હું છું, એવી જેને ભાવના છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા !

રાગથી વિરુદ્ધભાવ પર પદાર્થોમાં ઉપેક્ષાભાવ જો શ્રદ્ધા અને જ્ઞાનમાં ન હોય તો તે ભાવના કાર્યકારી નથી. ભાવના તો સ્વભાવ પૂર્ણ છે તેમાં એકાગ્ર થતાં પરપદાર્થની ઉપેક્ષા એમાં આવી જાય છે. આહાહા ! ઇન્દ્રના ઇન્દ્રાસન ને ઇન્દ્રપદ હો, ચક્રવર્તીના ચક્રવર્તીપદ હો તો પણ સ્વભાવનું ભાન થતાં જ્ઞાન અને પરથી, રાગથી એકત્વ છૂટતાં, એને પરની ઉપેક્ષા થઇ જાય છે. છ ખંડના રાજમાં ચક્રવર્તીનું રાજ્ય સમ્યગ્દૃષ્ટિને અંતરના સ્વરૂપનું અસ્તિત્વનું અસ્તિનું જ્ઞાન છે, અને રાગના અભાવનો ત્યાં નાસ્તિપણાનો વૈરાગ છે. આહાહા ! રાગ મારામાં નથી તો પછી આ ચક્રવર્તીના પદ ક્યાંથી આવ્યા મારામાં ! આહાહા ! એવી વાત છે ભાઇ ! મુદ્દાની રકમની દૃષ્ટિ, અને પરથી વૈરાગ એ મૂળ ચીજ છે. પરમાં ઉલ્લસિત વીર્ય થઇને ઉલ્લાસ આવે, એને ચૈતનના સ્વભાવનું પ્રતિ ભાન નથી. સમજાણું કાંઇ ?

એક ફેરી એમ વિચાર કે ભગવાનના શરીરને હજાર આંખે જોતાં ઇન્દ્ર, એ તો એક વિકલ્પ કાળ હોય ત્યારે એને બાકી અંદરની જ્ઞાન નેત્રથી અનંતચક્ષુ ખોલીને

આત્માને જોવે અંદર. આહાહા ! ઓલા તો ભગવાનનું શરીર એટલું સુંદર અને એટલું નમણાઇ અને એટલી એક શરીરના એકે એક અવયવો શાંત રસના પરિણમનવાળા ઇ એમાં ઇ જાતના એવા જ પરમાણું ત્યાં આવ્યા હશે એને જોવાને ઇન્દ્ર હજાર આંખ કરે છે એનું રૂપ ઇ વિકલ્પનો કાળ થયો. આહાહા ! આંહી કહે છે કે અનંતગુણનો પિંડ એનું રૂપ જોવામાં આત્માનું, નેત્રને ઘણા જ ખિલવટ કરી અને એણે આત્માને અંદર જોવો, એને જાણવો. આહાહા ! જેથી એને જ્ઞાન અને વૈરાગ શક્તિ બેય હારે(સાથે) પ્રગટે.

આ માણસ કહે છે આવું પણ ભાઇ અમારે આ સંસારમાં રહેવુ, બાયડી છોકરામાં રહેવું, હવે આવા ધંધા કરવા અને આવી તમે વાત કરો છો. આહાહા ! ભાઇ ! તું બહારનું કરી ક્યાં તું શકે છે ? તારા ભાવમાં એનું અસ્તિત્વ ક્યાં છે ? એથી શું ત્યાં રોકાઇને શું તે કર્યું ત્યાં ? તારી દૃષ્ટિ ત્યાં રોકી, કર્યું તો કાંઇ નથી પરનું. આહાહા ! આહાહા ! એ દૃષ્ટિને રાગથી પણ છોડી અને દૃષ્ટિનો વિષય જે પરમાત્મ સ્વરૂપ ભગવાન પોતે, એમાં દૃષ્ટિને પ્રસારીને જ્ઞાન થયું ત્યારે આંહી પસારી જ્ઞાન થયું, ત્યારે રાગના અભાવ સ્વરૂપ વૈરાગ થયો. આહાહા ! એનું નામ વૈરાગ. દૃષ્ટિના વિષયને પૂરણ તરીકે પ્રતીતમાં - અનુભવમાં લીધું એને પર તરફનો વૈરાગ થયો, એને વૈરાગ કહેવામાં આવે છે. શુભ અશુભ ભાવ છે ને ? રાગથી વિરૂદ્ધભાવ પર પદાર્થના ઉપેક્ષાભાવ જો શ્રદ્ધા જ્ઞાનમાં આમ ન હોય તો એ સ્વરૂપની ભાવના કાર્યકારી છે જ નહિં. એ સ્વરૂપની ભાવના જ નથી એમ કહે છે. આહાહા !

હવે આ શું કહે છે ? શ્લોક છે ને ? કળશ ૧૩૬(એકસો છત્રીસ) સમયસાર. સમ્યગ્દૃષ્ટિને વસ્તુ પૂર્ણાનંદનો નાથ જેને પકડાઇ ગયો અંદરમાં, એટલે કે એને પકડ થઇ, અનુભવ થયો, ગ્રહણ કર્યો, એ જેવી જેટલી જે પ્રકારે સ્વભાવના મહાત્તમવાળી ચીજ છે, એ રીતે જેની દૃષ્ટિમાં આવી ગઇ ચીજ, એ સમ્યગ્દૃષ્ટિ એટલે સાચી દૃષ્ટિવાળો, નિયમથી જ્ઞાન અને વૈરાગ શક્તિ હોય છે. આહાહા ! સ્વરૂપનું જ્ઞાન અને રાગથી અભાવ એવો વૈરાગ. ઓલામાં તો નાંખ્યું છે ને ? જ્ઞાનને રાગની મૈત્રી જયસેન આચાર્યે એ નાંખ્યું છે ત્યાં. એ તો નિમિત્ત તરીકે એવો રાગ હોય એમ કહ્યું છે અને અર્થમાં તો પછી ભાઇએ આ કળશમાંથી તો કાઢી નાંખ્યું છે. પૂર્ણ શુદ્ધ છે તેનો અનુભવ પ્રતીત તે જ્ઞાન અને અશુદ્ધતાનો અભાવરૂપ પરિણમન તે વૈરાગ. આહાહા ! આવી વ્યાખ્યા છે ભાઇ !

એણે અનંતકાળ ગાળ્યો. ઊંધી શ્રદ્ધા અને બહુ તો આ જાણપણાના ભાવ થાય શાસ્ત્રના અને એમાં એને સંતોષાઇ જાય અટકી ગયો ત્યાં. સંતોષ કે અમને કાંઇ

જાણવું છે, ધારણા થઇ છે, આહાહા! એ પર્યાયમાં એકત્વ બુદ્ધિમાં રોકાઇ ગયો છે. ક્ષયોપશમ જ્ઞાનના અંશની પણ જેને અધિકતા લાગે એને પૂર્ણાનંદના નાથની ક્ષયોપશમથી અધિકતા એને ન લાગે. આહાહા! સમજાણું કાંઇ? આ આવો ધરમ ક્યારે થાય? એય ગોપાણી! ક્યાં આમાં પાળીયાદમાં કાંઇ હતું ન્યાં આવું? આ વળી ભાગ્યશાળી ને પાળિયાદનો ........ વીશાશ્રીમાળી ને એમના દાદા હતા. શેઠ હતા, સ્થાનકવાસીના શેઠ, પાળિયાદમાં શેઠ, બિચારા ખાનદાન માણસ હોં, પણ આ વાત નહોતી ત્યાં. આહાહા! (શ્રોતા : આ વાત હોય ને તો સંપ્રદાયમાં રહેવા ન દે) રહેવા ન દે. એમ એમના બાપના બાપ બહુ ખાનદાન ભાઇ છે. આ સ્થિતિ સાધારણ પણ શઠિયાઓના શેઠ, સ્થાનકવાસીના અગ્રેસર પણ આ ચીજ નહોતી ત્યાં. આહાહા!

હીરાજી મહારાજ પોતે એણે સાંભળેલી નહિં જ્યાં આહા! એ તો આ ક્રિયા કરીએ દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા, આ ભક્તિ પૂજા તો ક્યાં હતી? અને દયા, વ્રત, તપ, અપવાસ બસ એ ધરમ. આહાહા! અરે ભગવાન આત્મા પૂરણ શક્તિનો પર્યાપ્તથી ભરેલો, આ ૬(છ) પર્યાપ્તિ એ બીજી ચીજ છે. હેં? આ તો પરિપૂર્ણ પર્યાપ્ત અનંતગુણોથી પરિપૂર્ણ પર્યાપ્ત વસ્તુ અંદર છે. આહાહા! ૬(છ) પર્યાપ્તિ બાંધી ન હોય ત્યાં સુધી અપર્યાપ્તો કહેવાય અને ૬(છ) પૂરી બાંધે ત્યારે પર્યાપ્ત. એ તો જડની અપર્યાપ્ત ને પર્યાપ્ત. આહાહા! પણ ભગવાન આત્મા પૂરણ એક એક પ્રદેશે અનંત આનંદનો ખાણ ખાણ છે ઇ, એવા અસંખ્ય પ્રદેશથી વ્યાપક, અતીન્દ્રિય આનંદના રસથી પરિપૂર્ણ ભરેલો પ્રભુ, એની દૃષ્ટિમાં એ ન આવે જ્યાં સુધી, ત્યાં સુધી તેનું જ્ઞાન સાચું ન થાય અને તેને રાગથી અભાવરૂપ વૈરાગ પણ હોઇ શકે નહિં. આહાહા!

૬(છ) ખંડના રાજ્યમાં રહ્યો છતાંય એ વૈરાગી હોય. ન્યાલભાઇએ તો કહ્યું છે ને ત્યાં ચક્રવર્તી ૬(છ) ખંડ સાધે, એય રતિભાઇ! પછી? હેં? અખંડને સાધે છે યાદ છે? ઇ ૬(છ) ખંડને નથી સાધતા અખંડને સાધે છે. આહાહા! જેની દૃષ્ટિમાં પરમાત્મા અખંડ સ્વરૂપ જ્યાં અંદર અનુભવાઇ ગયો. આહાહા! એ તો અખંડને સાધે છે. એવા ભલે પ્રસંગ હોય બહાર લડાઇના આદિનાં પણ ત્યાં તો અખંડ ઉપર જ જેનું સાધકપણું થયું છે. આહાહા!

કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ જુઓ આ. સ્વરૂપનું ગ્રહણ તે જ્ઞાન, પરનો ત્યાગ તે વૈરાગ. આહાહા! રાગનો ત્યાગ તે વૈરાગ હોં, આ બહારનો ત્યાગ નહિં. આહાહા! સ્વરૂપનું ગ્રહણ એટલે પકડવું અને પરના ત્યાગ કરવાની વિધિ વડે રાગના અભાવ સ્વભાવરૂપ વિધિ વડે, આહાહા! પોતાના વસ્તુત્વનો -

પોતાનો વસ્તુત્વ વસ્તુના સ્વરૂપનો. વસ્તુ છે ને ? એનું વસ્તુપણું એમ. આનંદપણું, જ્ઞાનપણું, શાંતિપણું, વીતરાગતાપણું, સ્વતંત્રપણું આદિ અનંતગુણોનું પણું - સ્વરૂપ અભ્યાસ કરવા માટે. આ એનો અભ્યાસ, શાસ્ત્રનો અભ્યાસ એ નહિં. આહાહા !

આ સ્વ છે અને આ પર છે એવું અંદર ભાસન થવું, ભાવનું ભાસન થવું. સ્વ ચૈતન જ્ઞાયક સ્વભાવ એવા ભાવનું જ્ઞાન થવું. જ્ઞાનની પર્યાયમાં આ પૂરણ આનંદ છે, પૂરણ સ્વરૂપ છે તેનું જ્ઞાન થવું. એ પર્યાયમાં દ્રવ્ય આવે નહિં પણ, પર્યાયમાં દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે તેનું જ્ઞાન આવે. સમજાણું કાંઇ ? અને એ આ સ્વ છે અને આ પર છે એવો ભેદ પરમાર્થે જાણીને રાગ આદિનો વિકલ્પ પણ પર છે, ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ રાગથી તદ્દન ભિન્ન ચીજ છે. રાગ તે અજીવ છે. આહાહા ! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવો વિકલ્પ છે તે અજીવ છે. અજીવ આવે છે ને ? પેલા જીવ, અજીવ અધિકારમાં એ આવે, એમ જ આવે ને પણ વસ્તુ તો, એ જીવ નહિં. જીવ તો અનંત આનંદ અને અનંત ગુણનો પિંડ પ્રભુ, શુદ્ધ સ્વભાવથી ભરેલો, એનો આશ્રય લઇને જે શુદ્ધ ઉપયોગ થાય, તે પર્યાયમાં તે દ્રવ્યનું જ્ઞાન આવે અને તે પર્યાય રાગથી વિરક્તપણે પરિણમે. આહાહા !

ગમે તે પ્રસંગમાં શ્રદ્ધા ને જ્ઞાન થયા એ શ્રદ્ધા ને જ્ઞાનનું કાર્ય તો થયા કરે કે નહિં ? ભલે રાગ હો, લડાઇ હો, વિષય વાસના નો વિકલ્પ હો પણ એ વખતે શ્રદ્ધા જ્ઞાનનું કાર્ય પરિણમન છે કે નહિં ? આહાહા ! એ વખતે પણ હું તો પૂરણ આનંદ છું એવી શ્રદ્ધા, અને આ રાગપણે નથી એવી શ્રદ્ધા અને એવું જ્ઞાન, આહાહા ! એ શ્રદ્ધા અને જ્ઞાનનું કાર્ય, શ્રદ્ધા અને જ્ઞાનપણે પરિણમવું એ પરિણમન કાર્ય તો સદા નિરંતર હોય છે. આહાહા ! સમજાણું કાંઇ ? આવી વસ્તુની સ્થિતિ આ છે. આહાહા ! સ્વ આ છે. આ તો જેને સ્વનું હિત કરવું હોય એની વાત છે. આહાહા ! જેને આ વાતું કરવી હોય ને જગતમાં દેખાવ કરવો હોય એને માટે તો આ વાત છે નહિં. આહાહા ! આવું છે.

આ દાખલો નહોતો આવ્યો ? ભાઇ ન્યાલભાઇએ આપ્યો'તો કે જંગલમાં કે બાગમાં ફૂલ હોય એને સૂંઘે કોઇક તો એની કિંમત થાય તો સુગંધપણે રહે ? અને સુંઘે નહિં તો સુગંધપણે ન રહે ? હેં ? એ તો સુગંધ સ્વરૂપે જ છે. આહાહા ! એમ ભગવાન આત્મા પૂરણ સ્વરૂપનું જ્ઞાન અને રાગના અભાવ સ્વભાવનો વૈરાગ, એને કોઇ જાણે કે આ આવો છે તો જ એ ત્યાં રહે વસ્તુ ? અને કોઇ એને ન જાણે તેથી વસ્તુ વઇ જાય ત્યાંથી ? આંહી તો કહે છે કે સ્વ છે અને પર છે, એવો ભેદ પરમાર્થે જાણીને સ્વમાં જ રહે છે. ભલે રાગ હો, પણ એ રાગથી અભાવ સ્વભાવ રૂપમાં જ હોય છે ઇ, રાગના ભાવમાં એ હોતો (નથી). આહાહા !

આવો ધરમ અને આ રીત છે. માણસને સાંભળતા એવું લાગે કે નવાને તો કે આ શું નવી જાતનો ધરમ કાઢયો આ ? વીતરાગનો મારગ જ આ છે. ત્રણલોકના નાથ તીર્થંકરદેવ એણે આ મારગને જાણ્યો અને એવો અનુભવીને પૂરણ કર્યો ત્યારે આ વાણી આવી બધી. આહાહા ! તીર્થંકર છદ્મસ્થ હોય ત્યાં સુધી ઉપદેશ ન આપે કોઇ સાધારણ ભાષા છે ? ઉપદેશ તો કેવળજ્ઞાન થાય ત્યારે આવે. ત્યારે ઉપદેશનો વિકલ્પ ને ઉપદેશ, વિકલ્પ તો તૂટી ગયો છે, પણ ઉપદેશની વાણીનો યોગ ત્યારે એને હોય છે. કહે છે પરથી રાગના યોગથી સર્વ પ્રકારે વિરમે છે. આહાહા ! પરમાર્થે સ્વને આ પર એવો ભેદ પરમાર્થે જાણી પરમાર્થે જાણી. આહાહા ! સ્વમાં રહે છે અને પરથી- રાગના યોગથી સંબંધથી સર્વ પ્રકારે વિરમે છે. આહાહા ! સ્વભાવને અને રાગને સંબંધ જ નથી. આહાહા ! એવો જે વૈરાગ રૂપે પરિણમવું એનું નામ પરથી ઉદાસીન અને પોતામાં ઠરે છે ઇ એનું નામ કહેવાય છે. આહાહા ! સમજાણું કાંઇ ?

ભેદ વિજ્ઞાનની દ્રઢ ભાવનાથી શરીર અને રાગથી ભિન્ન પાડવાની દ્રઢ એકાગ્રતાથી આહાહા ! ભાવના એટલે એકાગ્રતા હોં. વિકલ્પથી આમ, આમ લાવો એમ નહિં, એ ભાવના નહિં, વસ્તુ જે છે મહાપ્રભુ જેની કિંમત પર્યાયના એક સમયથી આગળ મહા કિંમતી ચીજ છે ઇ. એક સમયની પર્યાયની કિંમત કરતાં નિર્મળ પર્યાય, સિદ્ધની પર્યાય આહાહા ! એથી પણ પ્રભુ મહા હીરો કિંમતી માં કિંમતી ચીજ એ છે જેની કિંમત આંકી શકાય નહિં. આહાહા ! એવી બેહદ ચીજને પરથી ભિન્ન પાડીને પોતાની દ્રઢભાવના એટલે સ્વભાવમાં એકાગ્રતાથી અંતરાત્મા શરીરાદિ પર પદાર્થો પ્રત્યે ઉપેક્ષાભાવ સેવે છે. આહાહા ! એનું નામ સમાધિ. રાગથી ઉપેક્ષા અને સ્વ પૂરણ સ્વરૂપની અપેક્ષા. હેં ? આહાહા !

પૂરણ ધ્રુવ સ્વરૂપ નિત્યાનંદની અપેક્ષા અને રાગની ઉપેક્ષા એ જ્ઞાન અને વૈરાગ. આહાહા ! આવી વાત છે ભાઇ ! લોકોને ઠીક પડે ન પડે પંડિતોને ને. વસ્તુ તો આ રીતે છે. એ ૮૨(બ્યાસી) ગાથા થઇ, ૮૩ (ત્ર્યાસી) ગાથા. આત્મા સિવાયની બહાર ચીજો રાગ આદિ કે પર એની કોઇપણ સ્વચ્છતા ને અનુકૂળતા કે માહાત્તમ એનું જેને આવે ઓહોં ! સુંદર શરીર, વાણી સુંદર, આંખ્યું ને પાંચ ઇન્દ્રિય નમણી ને રૂપાળી ને આહાહા ! એની જેને વિસ્મયતા કુતૂહલતા આવે એને આત્માની ખબર નથી એને. સમજાણું કાંઇ ?

આવી વાત છે. આમાં શું કરવું અમારે ? એમ કેટલાક કહે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરીએ એને તો તમે પણ ધરમ કહેતા નથી, હવે કરવાનું અમારે શું ત્યારે ? આ કરવાનું નથી ભાઇ ? પૂરણ સ્વરૂપને શ્રદ્ધામાં લેવું એ કાર્ય નથી ? અને રાગના

અભાવ સ્વભાવરૂપે પરિણમન કરવું એ વૈરાગનું કાર્ય નથી ? આહાહા ! પણ એ કાર્યની સૂઝ પડતી નથી અને આ બહારના કાર્યમાં સૂઝ પડીને કાંઈક અમે કરીએ છીએ. આહાહા ! એમ કરવું છે એને, રાગ આદિ ને કરીને માને છે ઈ પોતે હણાઈ જાય છે એમાં એની એને ખબર નથી. આહાહા !

આંહી તો હવે વિશેષ કહે છે. જેમ પરમ ઉદાસીન અવસ્થામાં સ્વ પરનો વિકલ્પ ત્યાગવા યોગ્ય છે. આત્માના આનંદમાં લીન થતાં એને રાગના અભાવરૂપી અવસ્થા થઈ જાય છે એટલે ત્યાં વિકલ્પનો ત્યાગ થઈ જાય છે તેમ વ્રતનો વિકલ્પ પણ ત્યાગવા યોગ્ય છે. આહાહા ! કહો આ વ્રત, વ્રત, બાર વ્રત પણ સમકિત થયા પછીની વાત છે. આત્મા પૂરણ આનંદનો નાથ એનો અનુભવ થયો સમ્યક્ નામ સત્યતા એવી પ્રતીતમાં સત્યનું સ્વરૂપ છે તેવું પ્રતીતમાં આવ્યું એને હવે કહે છે કે આગળ વધતાં જ્યારે વ્રતનો વિકલ્પ આવે, પમે(પાંચમે) હોય, છટ્ઠે(છઠ્ઠે) હોય, વ્રતનો વિકલ્પ એ પણ ત્યાગવા યોગ્ય છે. એ વ્રતનો વિકલ્પ પણ આદરવા જેવો નથી. આહાહા ! કારણ ગાથા ૮૩(ત્ર્યાંસી)

यथा परमौदासीन्यावस्थायां स्वपरविकल्पस्त्याज्यस्तथा व्रतविकल्पोऽपि । यतः–

**अपुण्यमव्रतैः पुण्यं व्रतैर्मोक्षस्तयोर्व्ययः ।**
**अव्रतानीव मोक्षार्थी व्रतान्यपि ततस्त्यजेत् ।।८३।।**

**પુણ્ય વ્રતે, અઘ[3] અવ્રતે, મોક્ષ ઉભયનો[4] નાશ;**
**અવ્રત જેમ વ્રતો તણો, કરે શિવાર્થી ત્યાગ. ।। ૮૩ ।।**

**टीका** : अपुण्यमधर्म अव्रतैर्हिंसादिविकल्पैः परिणतस्य भवति । पुण्यं धर्मो व्रतैः हिंसादिविरतिविकल्पैः परिणतस्य भवति । मोक्षः पुनस्तयोः पुण्यापुण्ययोर्व्ययो विनाशो मोक्षः । यथैव हि लोहश्रृङ्खला बंधहेतुस्तथा । सुवर्णश्रृङ्खलाऽपि । अतो यथोभयश्रृङ्खलाभावाद्व्यवहारे मुक्तिस्तथा परमार्थेऽपीति । ततस्तस्मात्मोक्षार्थी अव्रतानीव । इव शब्दो यथाऽर्थः यथाऽव्रतानि त्यजेत्तथा व्रतान्यपि ।।८३।।

જેમ પરમ ઉદાસીન અવસ્થામાં સ્વ-પરનો વિકલ્પ ત્યાગવા યોગ્ય છે, તેમ વ્રતનો વિકલ્પ પણ (ત્યાગવા યોગ્ય છે) કારણ કે :–

**અન્વયાર્થ** : (अव्रतैः) હિંસાદિ પાંચ અવ્રતોથી (अपुण्यम्) અપુણ્ય થાય છે અને (व्रतैः) અહિંસાદિ વ્રતોથી (पुण्यम्) પુણ્ય થાય છે. (तयोः) બન્નેનો -પુણ્ય અને પાપનો-(व्ययः) નાશે તે (मोक्षः) મોક્ષ છે; (तत्ः) તેથી (मोक्षार्थी) મોક્ષના અભિલાષી પુરુષે (अव्रतानी

૩. અઘ – પાપ; ૪. ઉભયનો –બન્નેનો.

इव) અવ્રતોની માફક (व्रतानी अपि) વ્રતોનો પણ (त्यजेत्) ત્યાગ કરવો.

**ટીકા** : અવ્રતોથી એટલે હિંસાદિ વિકલ્પોથી પરિણત (જીવ)ને અપુણ્ય-અધર્મ થાય છે અને વ્રતોથી અર્થાત્ અહિંસાદિ વિકલ્પોથી પરિણત (જીવ)ને પુણ્ય-ધર્મ થાય છે. મોક્ષ તો તે બન્નેનો એટલે પુણ્ય અને અપુણ્યનો વ્યય એટલે વિનાશ તે મોક્ષ છે. જેમ લોઢાની સાંકળ (બેડી) બંધનું કારણ છે (એટલે એનાથી બંધ થાય છે), તેમ સુવર્ણની સાંકળ (બેડી) પણ (બંધનું કારણ છે); માટે જેમ બેઉ સાંકળના અભાવે, વહેવારમાં મુક્તિ (છૂટકારો) છે, તેમ પરમાર્થમાં પણ (પુણ્ય-પાપ ના અભાવે મોક્ષ છે). તેથી મોક્ષના અર્થીએ અવ્રતોની જેમ (इव શબ્દ यथाના અર્થમાં છે) વ્રતોને પણ છોડવા.

**ભાવાર્થ** : મોક્ષમાર્ગમાં હિંસાદિ પાંચ અવ્રતભાવોની જેમ પાંચ અહિંસાદિ વ્રતભાવો પણ બાધક છે, કારણ કે અવ્રતભાવ તે અશુભ ભાવ છે, તે પાપબંધનું કારણ છે અને વ્રતભાવ તે શુભભાવ છે, તે પુણ્યબંધનું કારણ છે. પુણ્ય અને પાપ એ બન્નેનો નાશ થાય ત્યારે જ મુક્તિ થાય છે. માટે મોક્ષાર્થીએ લોઢા અને સોનાની બેડીની જેમ અવ્રતભાવોનો તેમ જ વ્રતભાવોનો પણ ત્યાગ કરવો જોઈએ.૧

પુણ્ય અને પાપ - બન્ને વિભાવ પરિણતિથી ઉપજ્યા હોવાથી બન્ને બંધરૂપ જ છે; બન્ને સંસારનું કારણ હોઈ એકરૂપ જ છે. માટે મોક્ષાર્થીએ તો એ બન્નેનો ત્યાગ કરી શુદ્ધોપયોગની નિરંતર ભાવના ભાવી આત્મસ્વરૂપમાં સ્થિર થવાનો પ્રયત્ન કરવો યોગ્ય છે. ૮૩

---

## પ્રવચન – ૯૬

**ટીકા** : અવ્રતોથી એટલે હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ અને પરિગ્રહની માન્યતા એવા વિકલ્પોથી તો પરિણત અપુણ્ય અને અધર્મ થાય છે. અપુણ્ય એટલે અધર્મ. હિંસા, જૂઠું, ચોરી, વિષયની વાસના અને પરિગ્રહના ત્યાગની વૃત્તિ, શુભ પરિગ્રહના અત્યાગનો ભાવ એ વિકલ્પ પરિણત જીવને અધર્મ થાય છે. આહાહા! અવ્રતમાં આ પરિગ્રહ મારો આદિ જે ભાવ એ બધો અધર્મ, અપુણ્ય છે. અપુણ્ય એટલે અધર્મ. પુણ્યને અહિંયા ધરમ તરીકે ગણીને વહેવારે એને અધર્મ કીધો છે અને વ્રતોથી અહિંસા, સત્યદત્ત બ્રહ્મચર્ય ને અપરિગ્રહ. આહાહા!

અત્યારે આ બહુ વાતુ કરે છે ને ? ભગવાનનો મારગ અહિંસા, અપરિગ્રહ અને અનેકાંત ત્રણ ઉપર વાતું ચારેકોર હેં ? અર્થ બધા એની કલ્પનાથી કરે. અહિંસા, અપરિગ્રહ અને અનેકાંત. અહિંસાની વ્યાખ્યા કરે કે પર જીવને ન મારવો. અપરિગ્રહ પરિગ્રહનો સંગ્રહ ન કરવો જેથી પરિગ્રહ બીજાને ન મળે, આહાહા ! અને અનેકાંત આમેય હોય અને આમેય હોય. (શ્રોતા : આમ હોય ને આમ ન હોય) આહાહા ! એટલી બધી વાતું અત્યારે પુસ્તક છપાણા છે. એક બિચારા સુખ સાગર છે, સાધુ, આચાર્યના સંઘમાં રહેતા પહેલા, નહિં, ધર્મસાગરમાં રહે મહારાજ, એના ગુરુ હતા વીરસાગર. શીવસાગર એમાં રહેતા પછી જુદા પડી ગયા. એણે લખ્યું એક ઠેકાણે કે અત્યારના પુસ્તકો તો એવા બહાર પડે છે કે બધું કથન વિરોધ આવે છે. એમ લખ્યું બિચારાએ. હેં ? આહાહા !

જે હોય તે પુસ્તક બહાર પાડીને પોતાનું નામ આગળ રાખવા, આગળ પડવા અમે આમ કર્યું છે, અમે આમ કર્યું છે, અને અમે આમ કર્યું છે એના પૈસા આપો. આજે મોટું આવ્યું છે એકઠેકાણેથી. ક્યાંથી કીધું ઇ આબુ, આબુ, આબુ છે ને ? ન્યાંથી આવ્યું છે. મોટો કાગળ આવ્યો છે અહિંયા અમે એક માનસ્તંભ કરીએ છીએ અને અહિંયા એક શિક્ષણ શિબિર કરીએ છીએ ને ગરીબોને કેમ્પ મદદ કરવી ને એ બધું મોટું ફંડ કરીએ છીએ. વીસ હજારનું થયું છે ને બધા પાસે અમે પૈસાની માગણી કરીએ છીએ કે પૈસા આપો. એવું માને કે આ બધું પચ્ચીસો વર્ષને ઉજવ્યાનો આ ધરમ. આરે ! આહાહા ! આંહી તો મહાવીર ભગવાનનું... આવે છે ને આ ઉદય શું ? એકમ દિવ્ય ધ્વનિનો દિવસ હેં ?

એકમે દિવ્ય ધ્વનિનો દિવસ આવે છે. ગુરુવાર, ગુરુવાર, મંગળ અને બુધ બે દિ' છે પછી અષ્ટાન્હિકા, તો દિવ્યધ્વનિમાંથી આ કહ્યું. દિવ્યધ્વનિમાં તો કહે છે કે જેમ અવ્રત પાપ છે એટલે અધર્મ છે, એમ વ્રતનો વિકલ્પ પણ પુણ્ય છે એ છોડવા જેવો છે. નિશ્ચયવ્રત જે સ્વરૂપમાં રમણતાની સ્થિરતા એ જુદી વસ્તુ છે. પણ આ જે વિકલ્પ ઉઠે છે હું વ્રત પાળું, અવ્રત છોડું ને આ કરું એ બધો રાગનો ભાગ છે. આહાહા ! સમકિતીને જ એ વ્રતનો વિકલ્પ ઉઠે એની વાત છે. મિથ્યાદષ્ટિને તો હોય જ નહિં એ. આહાહા ! સમ્યગ્દર્શન અને શ્રદ્ધા જ્ઞાનના પરિણમન કાળમાં પણ આગળ વધેલો છે. એને આવો વિકલ્પ આવે પણ એ વ્રતનો વિકલ્પ પણ છોડવા જેવો છે તો આ લોકો તો એમ માને કે એ વ્રત છે, એ જ સંવર છે. આહાહા !

દીક્ષા લીધી એ વ્રત છે. હવે બાયડી છોકરા છોડયા, કુટુંબ છોડયું, દુકાનનો ધંધો છોડયો અને બાઇયું હોય તો રાંધવું છોડયું, હેં ? છકાયના કૂટોથી બચ્યા. ધૂળેય બચ્યો

નથી સાંભળને! આહાહા! તારો કૂટો શું થાય છે એની તને ખબર નથી. ઓહો! એકલો જ્ઞાયક સ્વભાવથી ભરેલો આનંદના સ્વભાવથી છલોછલ પૂરણ ભરેલો પ્રભુ, એને જ્યાં આનંદને ગોતવા પરમાં જાય છે એ મોટી હિંસા છે. જીવનું જીવન આવું છે એને એણે નકાર કર્યો, આ તો પરમાં સુખ બુદ્ધિ થઈ. એના વખાણ થાય ત્યાં રાજી થાય. નિંદા કરવામાં રાજી થાય, આહાહા! એ બધી આત્માની હિંસા છે.

આંહી તો કહે છે કે એવું ભાન થયું એને પંચમગુણસ્થાનમાં જતાં શાંતિ સ્થિરતા વધી, એને જે વ્રતનો વિકલ્પ આવે અને એથી આગળ જતાં મુનિને શાંતિ સ્થિરતા વધી અંદર, એવા કાળે એને પંચ મહાવ્રતનો વિકલ્પ આવે. લ્યો, ઓલા દ્રવ્યલિંગ અને ભાવલિંગ ગ્રહણ કરવું એમ આવે ચરણાનુયોગમાં. પ્રવચનસારમાં આવે છે. અમને દ્રવ્યલિંગ અને ભાવલિંગ આપો પ્રભુ! અને એ આપે છે એમ કહે એ તો બધા વહેવારની વાતું છે. ચરણાનુયોગની વાતું હેં? એ વહેવાર કહેવાય છે એને વિનય છે પ્રભુનો પછી ગુરુએ આપ્યું, શું આપ્યું એને? એને એમ કહે તું તારા સ્વરૂપમાં સ્થિર થા. અનુભવ અને દૃષ્ટિ તો છે. એને માટેની આંહી વાત નથી. મુનિપણાની વાત નથી, એમાં સ્થિર થા. એ તારું ચારિત્ર છે અને એ તારા નિશ્ચય વ્રત છે.

આવો જે વહેવારનો વ્રત દ્રવ્યલિંગનો તરીકે આવે એને ગ્રહણ કરજે એમ કહે. પરમાર્થ કહે કે એ દૃષ્ટિમાંથી શ્રદ્ધા અને જ્ઞાનનું જે કાર્ય છે એ તો રાગને છોડવાનું કાર્ય છે. આહાહા! અરે! બહુ વાતું ફેર. અરે જીંદગીયું જાય જગતની. આહાહા! સત્‌ના પંથે આવે નહિં અને સત્‌ના પંથે આવ્યા વિના સત્‌નું પૂરણ ફળ એને મળે (નહિં). પૂરણ ફળ એટલે મોક્ષ. આહાહા! અવ્રતોથી એટલે હિંસા, જૂઠું આદિ વિકલ્પથી હોં! પરિણીત જીવને અધર્મ અપુણ્ય છે. વ્રતોથી એટલે અહિંસા સત્યદત્ત બ્રહ્મચર્ય એવો પંચમહાવ્રત ને બારવ્રતનો વિકલ્પ જીવને પુણ્ય એટલે ધરમ થાય, વહેવાર ધરમ. ઓલું નિશ્ચય સ્વભાવનું ભાન થયું છે ને?

એવો ધર્મ વીતરાગી દશા, વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન, વીતરાગી અંશની સ્થિરતા આવી છે, એને જે આ વહેવાર રાગ આવે એને વહેવાર ધરમ કહેવામાં આવે છે. મોક્ષ તો તે બન્નેનો એટલે પુણ્ય અને અપુણ્ય, વ્રતનો વિકલ્પ અને અવ્રતનો વિકલ્પ, વ્યય એટલે વિનાશથી મોક્ષ છે. લ્યો એ આવ્યું व्रतैर्मोक्षस्तयोर्व्यय એને વ્યય. બન્નેનો પુણ્ય અને અપુણ્યનો વ્યય, એટલે વિનાશ તે મોક્ષનું કારણ છે. આહાહા! વ્રતને તો શાસ્ત્રમાં આસ્ત્રવમાં નાંખ્યા છે. દ્દ્ઠા(છઠ્ઠા) અધિકાર 'તત્ત્વાર્થ સૂત્ર'માં લ્યો. હવે

એને પાછું છે તો એ 'તત્ત્વાર્થ સૂત્ર' દિગંબરનું કરેલું કાંઇ શ્વેતાંબરનું કરેલું નથી. છતાં એને લઈને પાછું એમાં અધિકાર ચોખ્ખો છે કે વ્રત તે આસ્ત્રવનો અધિકાર છે.

હવે એને પાછા સંવર બનાવ્યા અનેઠાંણાંગમાં પાઠ છે કે પંચમહાવ્રત છે એ નિર્જરાનું કારણ છે. હવે ન્યાં એણે ઠરાવ્યું આંહી (શ્રોતા : ..........) ઈ તો આ વ્રતની વાત છે, તો આ 'તત્ત્વાર્થ સૂત્ર'ને માન્ય રાખે તો એમાં વ્રતના વિકલ્પને આસ્ત્રવ કહ્યો છે, પુણ્ય આસ્ત્રવ. બંધનું કારણ વ્રતનો વિકલ્પ છે એ આહાહા! ચારિત્રનું કાર્ય નથી. ચારિત્ર તો સ્વરૂપમાં જે પૂરણ સ્વરૂપ શ્રદ્ધામાં આવ્યું છે પરિણમનમાં અને પૂરણ સ્વરૂપનું જે જ્ઞાન થયું છે એમાં ઠરે છે, એમાં ઠરે છે, સ્થિરતા થાય છે એ ચારિત્ર છે. આ વ્રતનો ભાવ એ કાંઇ ચારિત્ર નથી. આહાહા!

જેમ દાખલો આપે છે લોઢાની સાંકળ-બેડી બંધનું કારણ છે એટલે તેનાથી બંધ થાય છે, તેમ સુવર્ણની સાંકળ બેડી પણ બંધનું કારણ છે. માટે જેમ બેઉ સાંકળના અભાવે વહેવારમાં મુક્તિ છે. છૂટકારો, સાંકળનું બંધન નહિં તો એ છૂટયો એકલો એમ કહેવાય વહેવારે, તેમ પરમાર્થમાં પણ આહાહા! પુણ્ય પાપના અભાવે મોક્ષ છે. શ્રદ્ધા જ્ઞાને તો પૂર્ણાનંદની શ્રદ્ધા કરી છે, જ્ઞાને પૂર્ણાનંદને સ્વીકાર્યો છે. હવે એમાં ઠરવું ત્યારે તો વ્રતનો વિકલ્પ પણ છોડે ત્યારે તે સ્થિર થાય. આહાહા! અને તે ચારિત્ર તે પછી મુક્તિ છે. વ્રતના વિકલ્પથી તો બંધ જ છે. આહાહા! આહાહા! પણ એક જણો કહે છે કે દિગંબરમાં એને આસ્ત્રવ કહ્યો છે. અમારા શાસ્ત્રમાં તો એને સંવર કહ્યો છે લે, આહાહા! અરે! મારીના શું કરે છે આ? ક્યાં જાશે? બોલતા કાંઇ આવડે બોલતા ભાષા એ આહાહા!

મકોડાને પાંખો આવે ને ઊડીને પડે દરિયામાં, હેં? એ પાંખો મરવા માટે આવી છે. એમ આ શાસ્ત્રોની ધારણા ને વાતું ઊંધી બધી. શ્રદ્ધા જ્ઞાનની પાંખો આવી ખરી જાણવાની પણ એ બૂડવા માટે છે એને આહાહા! ભાઇ! ત્યાં કાંઇ કુદરતના નિયમમાં સત્ય હશે તે રહેશે. તમે વાડાથી માની બેસો કે અમારા વ્રત તે સંવર છે. દિગંબરમાં આમ કહે કે વ્રતને આશ્રવ કહ્યા. આહાહા! (**શ્રોતા** : શ્વેતાંબરના તત્ત્વાર્થસૂત્રમાંય છે) એના એનામાં છે ને પણ ઈ આને માન્ય નથી ને સ્થાનકવાસીને માન્ય નથી ને? ઓલો મેળ પડવા મંડયો ને સ્થાનકવાસી માને જ નહિં. એને ઈ તો ઈ એણે કર્યું છે સમન્વય એણે ભઈ!

આ સ્થાનકવાસી માને નહિં એના સૂત્રને માને નહિં, તત્વાર્થ સૂત્ર જ દિગંબરનું કરેલું એટલે માને નહિં. એ આત્મારામે જરી સમન્વય કર્યો છે પણ સમન્વય મેળ વિનાનો છે. શ્વેતાંબરના શાસ્ત્રો હારે(સાથે) દિગંબરના શાસ્ત્રોનો મેળ કોઇ રીતે

નહિં થાય. શું થાય ભાઈ! હળવો મારગ બતાવી અને એનાથી કલ્યાણ થાય એમ બતાવ્યું. (શ્રોતા : બેયનું કેટલુંક તો મળતું આવે ને) એ બધું મળતું આવે એ વસ્તુ નહિં. એ આવે કેટલીક વાતો હોય ને એમાં ૬(છ) દ્રવ્ય કહે એમાંય ફેર છે. કાળ દ્રવ્યની ના પાડે છે. પ્રદેશોમાં ફેર છે, દ્રવ્યમાં ફેર છે, ગુણમાં ફેર છે. આહાહા! બહુ ફેર છે ભાઈ!

આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એના કથનનો પ્રવાહ તે આ દિગંબર ધર્મ છે. આહાહા! જેમ માટે જેમ બેઉ સાંકળના અભાવે વહેવાર છૂટકારો છે તેમ પરમાર્થમાં પણ પુણ્ય પાપના અભાવે મોક્ષ છે. આહાહા! પાછું એમાં એમ કહે છે કે જે મોક્ષનો મારગ છે ને એના અભાવે મોક્ષ થાય છે ને? એમ અમારા વ્રતને અભાવે મોક્ષ થાય તો એક જાત છે. શું કહે છે સમજાણું? મોક્ષ થાય એ મોક્ષના મારગનો અભાવ થઈને થાય છે ને? એનો વ્યય થાય છે એમ જ્યારે મોક્ષમાર્ગનો પણ વ્યય થાય ને મોક્ષ થાય છે, એમ અમારા વ્રતનો પણ એ રીતે જ છે. અરે! એવી વાત કરે છે માણસો, સાંભળી છે. આહાહા! અરે ભાઈ! એમ તું ઊંધુ માર તેથી કાંઈ સત્ય નહિં થઈ જાય. લોકો રાજી થશે, લોકો રાજી થાયને?

આ બિચારા જુઓને દીક્ષામાં પડે છે ને? હેં! પતંગીયાની જેમ પડે છે, અગ્નિમાં એમ પડે છે ફડાગ દીક્ષાઓ, દીક્ષા? કોને દીક્ષા? હજી તો મિથ્યાદૃષ્ટિ ગૃહિત, એને શ્રદ્ધા જ હજી મિથ્યાત્વની છે એને દીક્ષા કેવી? આંહી તો સાચા સમકિતીને જ્ઞાનીને જે વ્રતનો વિકલ્પ ઊઠે એ પણ વસ્તુ નહિં, છોડવા જેવું છે. આહાહા! તેથી મોક્ષના અર્થી એ અવ્રતોની જેમ इव શબ્દ યથાના અર્થમાં છે. યથા થઈ अव्रतानीव છે ને ત્રીજું પદ? अव्रतानीव मोक्षार्थी व्रतान्यापि ततस्त्यजेत એમ એવું નાંખ્યું એમાં. इव શબ્દ યથાના અર્થમાં છે એમ. એની જેમ વ્રતોને પણ છોડવા. વ્રતના વિકલ્પ વખતે પણ શ્રદ્ધામાં એને છોડવા લાયક છે એમ જાણવું. આહાહા!

એ વ્રતનો વિકલ્પ છે તે આસ્ત્રવ છે, ભલે પુણ્ય આસ્ત્રવ છે પણ આસ્ત્રવ છે. ખરેખર તો ભગવાન આનંદ સ્વરૂપથી ખસી જતાં એ ભાવ પાપ છે એમ કીધું નથી? પુણ્ય પાપને અધિકારે છેલ્લો અધિકાર લીધો છે. આહાહા! આનંદને ઓટલેથી લપસી જવું, ખસી જવું ત્યારે એને વહેવાર રત્નત્રયનો વિકલ્પ આવે. આહાહા! એ વિકલ્પને ખરેખર સ્વરૂપથી ખસે છે માટે તેને પાપ જ કહેવામાં આવે છે. એ તો ઓલા અવ્રતની અપેક્ષાએ પુણ્ય એને કહ્યું પણ પરમાર્થે સ્વભાવમાંથી ખસે છે એથી ખરેખર તો એ પાપ જ છે. આહાહા!

મોક્ષ મારગમાં હિંસાદિ પાંચ અવ્રત ભાવોની જેમ પાંચ અહિંસાદિ વ્રત ભાવો પણ બાધક છે. અવ્રત જેમ વિઘ્ન કરનારા છે એમ વ્રત પણ સ્વરૂપને વિઘ્ન કરનારા છે. આહાહા! સંપ્રદાયમાં તો આ જ ચાલે વાત સાંભળવા. વ્રત લ્યો, વ્રત લ્યો, ત્યાગ કરો, આ કરો, આ કરો એ સંયમ છે. ધૂળેય નથી સંયમ. મોક્ષમાર્ગમાં હિંસા, જૂઠું, ચોરી, વિષય અને પરિગ્રહનો ભાવ એ અવ્રત ભાવો છે એમ પાંચ અહિંસા, સત્યદત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો વિકલ્પ એ વ્રત ભાવો પણ બાધક છે. આહાહા! જે જે કહ્યા સાધક તે તે ખરેખર બાધક છે. એ આવે છે સમયસાર નાટકમાં. વહેવાર સાધક છે ને નિશ્ચય સાધ્ય છે. એમ આવે છે ને પંચાસ્તિકાયમાં? પણ એ જે સાધક કહ્યા એ જ બાધક છે. આહાહા! કારણકે અવ્રતભાવ તે અશુભ ભાવ છે, પાપબંધનું કારણ છે. વ્રતભાવ તે શુભભાવ છે. આહાહા! બંધ ભાવ છે. તે પુણ્યબંધનું કારણ છે. બન્ને બંધના કારણ છે. આહાહા!

કોઈ એમ કહે છે કે કુંદકુંદ આચાર્યે કેમ પાળ્યા તો એને, એમ કહે છે એ દિગંબરમાં એમ કહે છે. એ તો નબળાઈથી હતા, પાળ્યા નથી, હતાં. એનો રાખવાનો ભાવ નથી પણ એ ભૂમિકામાં એવા વિકલ્પો હતા. એટલે વહેવારનયના શાસ્ત્રોની અપેક્ષાએ પાળ્યા એમ કહેવામાં આવે છે. વહેવારનયના ગ્રંથો હોય ચરણાનુયોગના પણ એ પાળ્યા નથી. રાગને પાળે કે રાગને જાણે? આહાહા! આ ગરબડ કરી નાંખી, બહુ ગરબડ આવી. અરે ભાઈ! આ મરણના ટાણા આવશે. ભાઈ! ભીંસાઈ જઈશ નાથ. રાગથી ધરમ માનનારા દેહ છૂટવાને કાળે ફાંસો મળશે એને. આહા! ફાંસીએ ચડાવે એમ ફાંસીએ ચડશે ત્યાં, કારણકે રાગની એકતાબુદ્ધિ. આહાહા! દુઃખમાં આમ દબાઈ જશે. એ રાગ છે એ દુઃખ છે, વિકલ્પ છે. હવે એની જેને એકતા અને એમાં લાભ માને આહાહા!

મરણ ટાણે દેહ છોડવા ટાણે શરણ કોણ? શરણ તો એ વ્રત અને અવ્રતના વિકલ્પથી રહિત પ્રભુ શરણ છે. એને તો વ્રતથી તે લાભ માન્યો તેને અને જેનાથી લાભ માન્યો એને છોડે કેમ દૃષ્ટિમાં? આહાહા! કામ ભારે. પુણ્ય અને પાપ બન્નેનો નાશ થાય ત્યારે મુક્તિ થાય છે. માટે મોક્ષાર્થીએ પરમાનંદનું ધ્યેય જેને પ્રાપ્ત કરવાનું છે પરમ આનંદરૂપી મોક્ષના લાભ માટે જેનો પ્રયત્ન છે. આહાહા! એવાએ લોઢા અને સોનાની બેડીની જેમ, અવ્રત ભાવોનો તેમજ વ્રતભાવોનો પણ ત્યાગ કરવો જોઈએ. ગાથા ૧૪૫(એકસો પિસ્તાલીસ) સમયસાર પુણ્ય પાપ અધિકારની નીચે છે ને? પુણ્ય પાપ અધિકારની ગાથા છે.

ચંડાલિનીના બે પુત્રો એવો દાખલો આપ્યો છે ને ત્યાં? એક ઉછર્યો બ્રાહ્મણને ઘરે અને એક ઉછર્યો ચંડાલના ઘરે પણ છે તો બન્ને ચંડાલણીના. એમ અવ્રત છે ઇ

ચંડાલણીના ઘરે ઉછર્યો પુત્ર એનો અને વિભાવનો પુત્ર ત્યાં ઉછર્યો અને વ્રત છે ઈ બ્રાહ્મણના ઘરે એટલે કે આ મને ખપે નહિં, આ મને ખપે નહિં, ફલાણું આ ખપે નહિં અમારે આ ખપે નહિં એવો ભાવ શુભ, આ મને ખપે નહિં એ વિકલ્પ છે, રાગ છે. એ ચંડાલણીનો દિકરો છે એ. આવી વાતું છે. એમ લખ્યું છે હોં! એમાંય એમ કે આ મને ખપે નહિં, આ મને ખપે નહિં એ ભાવ જ તારો રાગ છે.

અવ્રત ભાવોનો તેમ જ વ્રત ભાવોનો પણ ત્યાગ કરવો જોઈએ. આહાહા! પુણ્ય અને પાપ બન્ને વિભાવ પરિણતિથી ઉપજ્યા. જો આવ્યું. જોયું? વિકારીભાવ, વિભાવભાવ એવી પર્યાયથી ઉપજ્યા હોવાથી આહાહા! એ કાંઈ સ્વભાવભાવથી ઉત્પન્ન થયા નથી. ભગવાન આત્માનો જે આનંદ ને જ્ઞાન શાંત સ્વભાવ એમાંથી એ ઉત્પન્ન થયા નથી. એ તો વિભાવમાંથી ઉત્પન્ન થયેલા છે બેય. આહાહા! બન્ને બંધરૂપ જ છે. આહાહા! બન્ને સંસારનું કારણ હોઈ એકરૂપ જ છે. અવ્રત પણ સંસારનું કારણ ને વ્રતનો વિકલ્પ પણ સંસાર છે, સંસારનું કારણ છે માટે મોક્ષાર્થીએ તો એ બન્નેનો ત્યાગ કરી શુદ્ધ ઉપયોગની નિરંતર ભાવના ભાવવી.

શુદ્ધ ઉપયોગની નિરંતર ભાવના એટલે કે શુદ્ધભાવ ત્રિકાળ છે. તેની ભાવના એટલે એકાગ્રતા કરી, આહાહા! આત્મ સ્વરૂપમાં સ્થિર થવાનો પ્રયત્ન કરવો. આત્મસ્વરૂપ જે આનંદ ને શાંત વીતરાગ મૂર્તિ અનંતગુણનું ધામ તેમાં એકાગ્રતા કરવી, તેમાં તત્પર થવું, તેના સ્વભાવની સન્મુખ થઈને એકાકાર થવું, આહાહા! એ મોક્ષનું કારણ છે. વ્રતાદિના વિકલ્પ એ મોક્ષનું કારણ નથી. આહાહા! કહો જેઠાભાઈ! તો આ બધા વ્રત બ્રત કરતા'તા ને તમે પાળિયાદ, આ ખાવું ને ન ખાવું ને. તમારું આવ્યું છે હોં! આ મહિને આત્મધર્મમાં કે એક જૈન એમ કહેતા કે ભઈ કરમથી વિકાર થાય એ અમારે માન્ય નથી એટલે તમે, આમાં આવ્યું છે આમાં આપણે આત્મધર્મ છે ને? નામ નથી આપ્યું. વાંચ્યું નહિં? વાંચ્યું ને એમાં છે ઈ તમારું તો બીજો કહે કે ના કરમથી વિકાર થાય એમ માનો તો ચર્ચા કરીએ. (શ્રોતા : આ ભાઈની વાત છે) એની જ વાત છે, આવ્યું છે આપણા આત્મધર્મમાં આવ્યું છે. હવે જોયું છે. આહાહા!

આંહી તો શુદ્ધઉપયોગની નિરંતર ભાવના ભાવવી. આત્મસ્વરૂપમાં સ્થિર થવાનો પ્રયત્ન કરવા યોગ્ય છે. આહાહા! જ્યાં ભગવાન પૂર્ણાનંદથી બિરાજે છે એને શ્રદ્ધા જ્ઞાનમાં લીધો ત્યાં ઠરવું એણે, એ ચારિત્ર છે અને એ મુક્તિનું કારણ છે.

વિશેષ કહેશે...

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૯૭

## શ્લોક – ૮૪

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૨.૦૭.૭૫**

कथं तानि त्यजेदिति तेषां त्यागक्रमं दर्शयन्नाह –

**अव्रतानि परित्यज्य व्रतेषु परिनिष्ठितः ।**
**त्याज्जेत्तान्यपि संप्राप्य परमं पदमात्मनः ।।८४।।**

અવ્રતને પરિત્યાગીને, વ્રતમાં રહે સુનિષ્ઠ;
વ્રતને પણ પછી પરિહરે, લહી પરમ પદ નિજ. ।। ૮૪ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

સમાધિતંત્ર ૮૪(ચોર્યાસી) શ્લોક. તે કેવી રીતે તજવાં તેનો ત્યાગ ક્રમ દર્શાવી કહે છે અવ્રત અને વ્રત બેયને છોડવા પણ કેવી રીતે?

कथं तानि त्यजेदिति तेषां त्यागक्रमं दर्शयन्नाह –

**अव्रतानि परित्यज्य व्रतेषु परिनिष्ठितः ।**
**त्याज्जेत्तान्यपि संप्राप्य परमं पदमात्मनः ।।८४।।**

**અવ્રતને પરિત્યાગીને, વ્રતમાં રહે સુનિષ્ઠ;**
**વ્રતને પણ પછી પરિહરે, લહી પરમ પદ નિજ. ।। ૮૪ ।।**

**टीका** : अव्रतानि हिंसादिनि प्रथमतः परित्यज्य व्रतेषु परिनिष्ठितो भवेत् । पश्चात्तान्यपि त्यजेत् । किं कृत्वा? सम्प्राप्य । किं तत्? परमं पदं परमवीतरागतालक्षणं क्षीणकषायगुणस्थानं । कस्य तत्पदं? आत्मनः ।।८४।।

તે કેવી રીતે તજવાં તેનો ત્યાગ-ક્રમ દર્શાવી કહે છે :–

**અન્વયાર્થ** : (अव्रतानि) હિંસાદિક પાંચ અવ્રતોને (परित्यज्य) છોડીને (व्रतेषु) અહિંસાદિક વ્રતોમાં (परिनिष्ठितः) નિષ્ઠાવાન રહેવું - અર્થાત્ તેનું દૃઢતાથી પાલન કરવું; પછી (आत्मनः) આત્માના (परमं पदं) પરમ વીતરાગ પદને (प्राप्य) પ્રાપ્ત કરીને (तानि अपि) તે વ્રતોને પણ (त्यजेत्) ત્યજવાં.

**ટીકા** : પ્રથમ હિંસાદિ અવ્રતોનો પરિત્યાગ કરીને અવ્રતોમાં પરિનિષ્ઠિત થવું. પછી તેનો પણ ત્યાગ કરવો. શું કરીને? પ્રાપ્ત કરીને. શું (પ્રાપ્ત કરીને)? પરમ પદને અર્થાત્ પરમ વીતરાગતારૂપ ક્ષીણકષાયગુણસ્થાન (પ્રાપ્ત કરીને). કોના તે પદને? આત્માના.

**ભાવાર્થ** : અવ્રત અશુભ ભાવ છે તથા વ્રત શુભ ભાવ છે, બન્ને આસ્રવો છે. તે બન્ને છોડવા યોગ્ય છે તેવી શ્રદ્ધા તો અંતરાત્માને છે, પણ તે બન્ને એકી સાથે છોડી શકાતાં નહિં હોવાથી તે પ્રથમ અશુભભાવરૂપ અવ્રતોને છોડી શુભભાવરૂપ વ્રતોમાં અતન્મય ભાવે વર્તે છે. પછી પુરુષાર્થ વધારી વીતરાગ પદની પ્રાપ્તિ માટે આ શુભભાવરૂપ વ્રતોનો પણ ત્યાગ કરે છે.

## વિશેષ

જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ શુદ્ધોપયોગરૂપ ન પરિણમે, ત્યાં સુધી તેને અશુભથી બચવા માટે પૂજા, ભક્તિ, વ્રત, તપ, સંયમ, શીલાદિના શુભ ભાવ આવે છે, પરંતુ તેમાં

તેને હેયબુદ્ધિ વર્તે છે. તેને તે ધર્મ માનતો નથી.

સમ્યક્ત્વ વિના વ્રતાદિના શુભ વિકલ્પોને વહેવારથી ચારિત્ર નામ પણ પ્રાપ્ત થતું નથી, અર્થાત્ મિથ્યાદૃષ્ટિના શુભ વિકલ્પોને તો વહેવારથી પણ ચારિત્ર કહેતા નથી, તે બાલ વ્રત-તપાદિ કહેવાય છે. તેવા શુભ વિકલ્પો સંસારનું કારણ છે. મોક્ષનું કારણ નથી, છતાં કોઇ તેને મોક્ષનું પરંપરા પણ કારણ માને તો તે તેની મૂલમાં ભૂલ છે. ૮૪.

## પ્રવચન – ૯૭

**એની ટીકા:** પ્રથમ હિંસાદિ અવ્રતોનો પરિત્યાગ કરીને વ્રતોમાં પરિનિષ્ઠ થવું એટલે આ તો સમ્યગ્દર્શન પછીની વાત છે. સમજાણું કાંઇ ? જેને ત્રિકાળી સ્વભાવનો અનુભવ થયો છે. ત્રિકાળી સ્વભાવ જે પરમપદ મહા અભેદ કહો, ધ્રુવ કહો, નિત્ય કહો, એકરૂપ કહો, સદૃશ ભાવ કહો, અખંડ કહો એવો જે ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ, એમાં જેની દૃષ્ટિ પ્રસરી છે, એનો જેને અંતરમાં સ્વીકાર થયો છે એવા સમ્યગ્દૃષ્ટિએ પ્રથમ શું કરવું ? એમ અહીં કહે છે આ વ્રત અવ્રતની વચ્ચેમાં. કે પ્રથમ હિંસાદિ અવ્રતોનો પરિત્યાગ કરી એટલે કે ઇ સમ્યગ્દર્શનમાં ચોથે ગુણસ્થાને આવા વ્રત અવ્રતનો ત્યાગ અને વ્રતનો વિકલ્પ અને ગ્રહણ હોય નહિં એમ કહીને એમ કહે છે કે જેણે આત્મા, ધ્રુવ ચિદાનંદ અખંડ ત્રિકાળ સ્વભાવ એને જેણે અનુભવ વડે પકડયો છે, એમાં દૃષ્ટિ અને જ્ઞાનનું પ્રસાર પ્રસર્યું છે, એ વસ્તુમાં એ જીવને અવ્રતનો ત્યાગ કરીને વ્રતનો ત્યાગ કાંઇ એકલા ચોથેજ ગુણસ્થાને અવ્રતનો ત્યાગ થાય અને વ્રતનું ગ્રહણ થાય એમ નહિં.

પાઠ તો એવો છે કે અવ્રતનો ત્યાગ કરીને એનો અર્થ કે એ જીવે સ્વરૂપને વિશેષ આશ્રય લઇને જેણે શાંતિ વિશેષ ચોથા કરતાં પ્રગટ કરી છે. આહાહા ! સમજાણું કાંઇ ? જેને અંતર આત્મા, આનંદનું ધામ એવી જેને દૃષ્ટિમાં પ્રસાર કરીને અનુભવ્યો છે એવા આનંદ સંપન્ન ચોથે ગુણસ્થાને એને અવ્રતનો ત્યાગ કરવો. પણ ઇ ક્યારે થાય એને ? હેં ? (શ્રોતા : પંચમ ગુણસ્થાને) પંચમ, એને શાંતિ થોડી વધી હોય એની વાત છે. એમ ને એમ અવ્રતનો ત્યાગ થઇને વ્રતનું ગ્રહણ થાય ઇ ચોથે ન હોઇ શકે. સમજાણું કાંઇ ? એટલે કે એણે આગળ વધીને સ્વરૂપનો આશ્રય જે ચોથે હતો એના કરતાં ઉગ્રપણે આશ્રય લઇ અને જેને શાંતિનો અંશ ચોથા કરતાં વધ્યો છે અને મુનિને પણ પાંચમાં કરતાં પણ જેને શાંતિની વૃધ્ધિ થઇ છે આ એની વાત છે.

આમ સીધી વાત કરે, અવ્રતને છોડો ને વ્રતને (ગ્રહો) પણ વ્રતને વ્રત કઈ ભૂમિકામાં આવે? હેં? (શ્રોતા : શાસ્ત્રો...) અવ્રત હિંસાદિ અવ્રતોનો પરિત્યાગ કરી, શબ્દ તો એ છે, પડયો છે परित्यज्य સર્વથા પ્રકારે છોડે, ક્યારે છોડે? કે સ્વરૂપ શુદ્ધ ચૈતનનો આનંદનો ઘન પ્રભુ ત્રિકાળ સ્વભાવનો જેને અનુભવ વિશેષ થયો છે. ચોથા કરતાં જેને વ્રતના વિકલ્પ આવે છે, એણે ધ્રુવનો વિશેષ આશ્રય લીધો છે, એથી એને ત્યાં આગળ વહેવારમાં અણુવ્રતાદિ અને મુનિને વ્રતમાં મહાવ્રત આદિના પરિણામ આવે. આહાહા! સમજાણું આમાં? નહિંતર તો આમ કેમ ચોથે થઈને હવે અવ્રતનો ત્યાગ, પણ અવ્રતનો ત્યાગ કઈ ભૂમિકાએ હોય છે? હેં? (શ્રોતા : આલંબન વધે ત્યારે) આલંબન અંદર વધ્યું છે. જેણે ભગવાન આત્માને પરમાનંદ સ્વરૂપનો આશ્રય વિશેષ લીધો છે. આહાહા! એટલે કે જેને ગુણસ્થાન પાંચમું કે (૬)છઠ્ઠું થયું છે. આહાહા!

આંહી તો એકદમ મુનિપણાની અપેક્ષાએ વાત છે. ઈ અવ્રતોનો પરિત્યાગ કરીને, વ્રતોમાં પરિનિષ્ઠ થવું એટલે કે એને શુદ્ધના આશ્રયમાં ઉગ્રપણે થયો છે, એણે અવ્રતનો ત્યાગ કર્યો છે અને એને વ્રતના વિકલ્પોમાં તત્પર રહેવું વહેવારે, પરિનિષ્ઠ શબ્દ છે ને? નિષ્ઠાવાન રહેવું. જેવા વ્રતનો વિકલ્પ છે એને તે પ્રમાણે તેમાં એને રહેવું. શબ્દ તો આ છે ને? परिनिष्ठित એણે અર્થે એમ કર્યો છે. परोनिष्ठितो भवेत એનો અર્થ શુભ ભાવમાં વ્રતનો જે શુભભાવ છે, એ કાળે એને આત્માનો આશ્રય વધ્યો છે, એને આવા વ્રતના વિકલ્પો આવે તો એને એ બરાબર વહેવારે એને પાળવા, નિશ્ચિત રહેવું. એના વ્રતમાં દોષ લાગે કે એની હીણી દશા બીજી થાય એમ ન થવું એમ સમજાણું કાંઈ? આહાહા! આ તો અંતરની વાતું તો અંતરમાં બેસે ત્યારે એને સમજાય એવી વાત છે. આહાહા! આમ કહે કે આપણે શ્રદ્ધા તો છે હવે આપણે અવ્રત છોડો ને વ્રત લ્યો. એમ નહિં.

વસ્તુ જે ત્રિકાળી સ્વભાવ એને ઉત્પાદ વ્યય પર્યાયે તેને પકડયો છે એને. સમજાણું કાંઈ? જેની પર્યાય વસ્તુ સ્વભાવ ત્રિકાળમાં જેની પર્યાય પ્રસરી ગઈ છે, આહાહા! જેના પરિણામ, પરિણામ એટલે પર્યાય. પરિણામી જે ત્રિકાળી સ્વભાવ ત્યાં આગળ ઈ પર્યાય બેઠી છે, પ્રસરી છે આહાહા! એને આગળ વધવા માટે વ્રતનો વિકલ્પ આગળ વધ્યો છે, સ્થિરતામાં એમ કહે છે. આહાહા! એણે વ્રતમાં પરિનિષ્ઠ થવું, નિષ્ઠાવાન થવું એટલે જેમ છે તેમ તેને પાળવા માટે તત્પર રહેવું. બેયમાં પરિ ઓલામાં परित्यज्य અને આ પરિનિષ્ઠિત. આહાહા! પછી તેનો પણ ત્યાગ કરવો એટલે કે એણે આત્માનો ઉગ્ર આશ્રય લઈ, અને ઈ શુભ વિકલ્પના વ્રત છે એ આશ્રવ છે એને પણ એણે છોડવો.

આહાહા! સમાધિતંત્ર અધિકાર છે ને? એટલે જેને સમાધિ પ્રગટી છે ચોથા ગુણસ્થાનમાં એને સમાધિ વિશેષ થઇ છે, એને આ વ્રતનો વિકલ્પ હોય આહાહા! એ પણ આસ્ત્રવ છે.

એકલા આમાં આ વ્રતને છોડયા, વ્રતને ન લીધાં એ સમ્યગ્દર્શન વિના એની શુદ્ધિ, વૃદ્ધિ હોય નહિં અને શુદ્ધિ, વૃદ્ધિ વિના વહેવારનો સાચો વિકલ્પ વ્રતનો એને હોય નહિં. સમજાણું કાંઇ? આવી વાત છે. ઘણાં આમાંથી દાખલો લે છે અવ્રત છોડો ને વ્રત લઇ લો પણ કઇ? કોને? જેને અવ્રતનો ત્યાગ થાય એને સ્વરૂપનો આશ્રય ઉગ્ર વધી ગયેલો હોય છે ચોથા કરતાં. આહાહા! સમજાણું કાંઇ? મારગ એવો છે ભાઇ! સર્વસ્વ વસ્તુ જ પોતે આત્મા આનંદનો નાથ છે, આહાહા! એવા ધ્રુવને ધ્યેય બનાવ્યા વિના અંદર એકાગ્રતા ન થાય. પર્યાયનું લક્ષ અને પરિણામ ઉપર રહે એ બુદ્ધિ તો અનાદિની મિથ્યા બુદ્ધિ છે. સમજાણું કાંઇ? એ પરિણામની બુદ્ધિ છોડી જેણે અપરિણામી દ્રવ્ય સ્વભાવનો આશ્રય લઇ અને જેને અંતર અનુભવનો સ્વાદ આનંદનો આવ્યો છે એ જીવે શું કરવું? એમ કહે છે કે પહેલા એણે અવ્રતને છોડવો એટલે અવ્રતને છોડવો એ કઇ ભૂમિકાએ હોય? ચોથે હોય?

એટલે એણે આગળ સ્વદ્રવ્યનો આશ્રય લઇ અને અવ્રતના પરિણામને છોડવા અને તે આગળ વધેલી દશા એને વ્રતના વિકલ્પ આવે તે ભૂમિકાએ વહેવાર આવે એને બરાબર પાળવો એમ કહેવામાં આવે છે. આહાહા! પછી તેનો ત્યાગ કરવો, શું કરીને? એનો ત્યાગ કરવો એટલે પછી શું? એટલે દ્રવ્યના સ્વભાવનો ઉગ્ર આશ્રય લેવો આહાહા! એથી એ વ્રતના વિકલ્પ એને છૂટી જાય છે. આહાહા! સમાધિતંત્ર છે ને? સમાધિ, શાંતિ. પ્રથમ ચોથે જ ગુણસ્થાને દર્શન પૂર્વક અનંતાનુબંધીનો અભાવ થઇ અને શાંતિ અને પ્રતીતિ બેય આવી છે. હવે એને કહે છે કે આગળ એણે વધવું છે તો એ અવ્રતનો ભાવ છે ઇ છૂટે. ક્યારે? કે જેણે આત્માનો ઉગ્ર આશ્રય લીધો છે. આહાહા! વાત આ છે. ઓલા કળશમાં આવે છે ને? કે ભાઇ બાર અંગનું જ્ઞાન છે વિકલ્પાત્મક, પણ એમાં અનુભૂતિનું કથન છે. હેં? તો એનો અર્થ ઇ કે એમાં ઇ સાર વસ્તુના સ્વભાવને પકડીને અનુભવવો, ઇ અનુભૂતિ સાર છે. બારે અંગમાં એ સાર છે. આહાહા! અનુભૂતિ કહી છે એનો અર્થ દ્રવ્ય જે સ્વભાવ ત્રિકાળ એને અનુસરીને અનુભૂતિ કરવી એવું બાર અંગમાં કહેવામાં આવ્યું છે.

તો આંહી કહે છે કે એને અવ્રતને છોડીને આગળ વધવું. એટલે અવ્રત આમ છૂટે. ભગવાન આત્માનો આહાહા! ઉગ્ર આશ્રય લીધો છે એને શાંતિનો સ્ત્રોત

વિશેષ વહે છે. આહાહા ! એને એ ભૂમિકામાં વ્રતનાં વિકલ્પો હોય છે એને પરિનિષ્ઠપણે નિષ્ઠાપણે બરાબર રાખવા એમ. સમજાણું કાંઇ ? આ તો કહે અવ્રત છોડયા ને બાયડી છોકરા છોડે ને દુકાન છોડી ને અવ્રત થયું. રાંધવું નહિં એનો ત્યાગ કર્યો. રોટલી રાંધે એમાં અગ્નિ બળે અને કહે જીવ બળે ને ? ઇ ત્યાગ કહેવાય ? જેના શુદ્ધ ચૈતન્યના આશ્રયે પ્રથમ દૃષ્ટિનું વેદન થયું છે એ આગળ જ્યાં આશ્રય ઉગ્ર લે છે દ્રવ્યનો આહાહા ! ભગવાન પૂર્ણાનંદનો નાથ એને ઉગ્રપણે અવલંબે છે, એને શાંતિ અને આનંદનો અંશ વધી ગયો હોય છે. એ ભૂમિકામાં એને અવ્રતનો ત્યાગ થઈને વ્રતના વિકલ્પ હોય છે એમ કહે છે. આહાહા !

કહો કાંતિભાઇ ! આ તો આમાં તો એવું એવું નથી લખ્યું. ત્યાં તો અવ્રતનો પરિત્યાગ ને વ્રતોમાં પરિનિષ્ઠ થવું પણ વ્રતના વિકલ્પો કઇ ભૂમિકાએ હોય ? હેં ? આહાહા ! જ્યાં ધ્રુવને આશ્રય લઇ અને શાંતિની આનંદની દશા જેને વધી છે તેથી એણે અવ્રતનો ત્યાગ કરીને વ્રતના વિકલ્પો એને આવે છે. આહાહા ! સમજાણું કાંઇ ? શું કરીને ત્યાગ કરવો ? જોયું ? પરમ પદને પરમ વીતરાગતારૂપ ક્ષીણકષાય ગુણસ્થાનને પ્રાપ્ત કરીને, એટલે ૪થે(ચોથે) થયું કે નહિં. વ્રતના વિકલ્પકાળે એને દ્રવ્યનો આશ્રય પ્રથમ કરતા વધી ગયો છે અને હવે વ્રતના વિકલ્પને છોડવા પ્રસંગમાં જેને દ્રવ્યનો ઉગ્ર આશ્રય થઇ ગયો છે, ત્યારે એને વીતરાગતાનું બારમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. આહાહા ! સમજાણું કાંઇ ?

મૂળચીજના આશ્રય અને દ્રવ્ય દૃષ્ટિ વિના જે કાંઇ કરવામાં આવે એ બધું ફોગટ થાય છે. કહો ચેતનજી ! આહાહા ! લ્યો. અવ્રતને છોડો ને લઇ લ્યો વ્રતને. પણ શી રીતે ? કોને વ્રતના વિકલ્પ હોય ? કઇ ભૂમિકાએ હોય ? એ ભૂમિકામાં કેવી દશા એને હોય ? સમજાણું કાંઇ ? આહાહા ! અવ્રતનો ભાવ એ ૪થે(ચોથે) તો છૂટે નહિં. ૫મે(પાંચમે) અંશે છૂટે અને ૬ઠ્ઠે(છઠ્ઠે) બરાબર છૂટે. તો એનો અર્થ શું થયો ? ભગવાન પૂર્ણાનંદનું અવલંબન ઘણું ઉગ્ર થઇ ગયું છે. જેટલું અવલંબન ઓછું છે એથી એને એવા વ્રતના વિકલ્પો (એને) એ ભૂમિકાએ આવે છે અને ઉગ્ર અવલંબન થઇ જાય અંદર ત્યારે વ્રતનો વિકલ્પ છોડીને એને આ પરમ વીતરાગપદમાં આવવું નિર્વિકલ્પમાં એમ. આહાહા ! આવું ઝીણું લાગે. (શ્રોતા : શરતો અંદર ઘણી) તો અહિંયા છે અંદર, ધ્રુવની શરતું છે ને અંદર. ભગવાનના ભેટા વિનાની વાતું અવ્રતને છોડવો ને વ્રતને હેં ? અને પછી વ્રતને છોડવો ને પરમ પદને પ્રાપ્ત, વીતરાગતાને પ્રાપ્ત. પણ કોને ? કેને વળી ? આહાહા !

જેણે ચૈતન્ય સ્વભાવ, પૂર્ણ ધ્રુવ સ્વભાવ, અમોઘ સ્વભાવ, નિર્મળ સ્વભાવ

એનો જેણે આશ્રય લીધો છે, મોટાની ઓથે ગયો છે એમ કહે છે, મહાપ્રભુ છે એની ઓથે ગયો છે ઇ. સમજાણું કાંઇ ? ભગવાન પૂર્ણાનંદનો નાથ એને પડખે ચડયો છે ત્યારે એને મિથ્યાત્વ જાય છે, અને વિશેષ પડખે જાય ત્યારે એને અવ્રતનો ત્યાગ થાય છે. આહાહા ! આવી શરત છે. સોહનલાલજી ! એક દાખલો આવી ગયો છે ને ન્યાં તડકે ઉભો રહે એ કરતાં છાંયે ઉભા રહેવું (શ્રોતા : સમ્યગ્દર્શન) હેં ? પણ ઇ બધું સમ્યગ્દર્શન પછીની વાત છે. જેને અંતર આ જ્યાં જેમાં ધર્મ કરવો ઇ ચીજ શું છે ? ઇ ધર્મ કરનારો કેવો ધર્મીજીવ શું છે ? એવું ધર્મીનું અંતર્ગત જ્ઞાન અને પ્રતીતિ અંતરમાં આવ્યા વિના એમાં ઠરવું, ઇ ક્યાં છે ? એની તો એને ખબર ન મળે અને ઠરવું છે એ દશામાં એને અવ્રતનો ત્યાગ થઇ ને વ્રતના વિકલ્પો આવે છે. પહેલો જે ઠર્યો છે, ચોથે, ઇ કરતાં વધારે ઠર્યો છે. આહાહા ! મહત્તા તો એની છે પણ આંહી તો અવ્રત છોડીને વ્રતના વિકલ્પમાં આવવું એમ કહેવામાં આગળ વધીને ચૈતન્યનો આશ્રય ઉગ્ર લઇને આહાહા ! સમજાણું કાંઇ ?

અવ્રતને છોડવું તો ઇ અવ્રતને આ રાગ છે, અવ્રત છે એને છોડવું એમ છે ? એનો અર્થ કે જ્યારે સ્વભાવમાં ઉગ્રપણે જ્યારે આશ્રય અને અવલંબન લે છે, ત્યારે તેની દશા અવ્રતના ભાવ વિનાની થઇ જાય છે. ત્યારે તેને આત્મામાં ઉગ્ર આનંદમાં પણ હજી તદ્દન ઉગ્ર આનંદમાં આવે તો - તો વીતરાગ પદ આવે. ઇ કીધું ને ? વ્રતને છોડીને વીતરાગભાવને પ્રગટ કરવું. કારણકે વ્રતનો ભાવ પણ શુભરાગ આસ્ત્રવ છે. દુઃખરૂપ છે. આહાહા ! વ્રતનો ભાવ એ દુઃખરૂપ છે, આહાહા ! પણ અવ્રતના દુઃખના ભાવ કરતાં વ્રતનાં ભાવમાં દુઃખ થોડું છે. શુભ છે ને ? છે તો દુઃખ. એ દુઃખને અંગીકાર કરવું એમ જે કહ્યું. પરિનિષ્ઠિત છે ને ? એનો અર્થ ઇ કે ભાઇ ! તારા નાથને અંદર પડખે વિશેષ જા. આહાહા ! અને વિશેષ પડખે જતાં તને શુદ્ધિ અને શાંતિ વૃદ્ધિ પામશે. એમાં એને આવા વ્રત વિકલ્પ આવે એમાં નિષ્ઠિત રહેજે. હેં ?

અદ્ધર ને અદ્ધર આમ વ્રત છોડીને વ્રત લઇ લે પણ શું અવ્રત છોડીને વ્રત ! સુજાનમલજી ! આહાહા ! તારો દરબાર અંદર પડયો છે મોટો પ્રભુ ! આહાહા ! અનંત ગુણનો સમાજનો દરબાર પોતે પ્રભુ છે. એ દરબારમાં જઇ અને શાંતિ અને સમ્યગ્દર્શન જ્ઞાન થયું છે, એણે આવી દરબારમાં આગળ વધીને આહાહા ! એને અવ્રતનો ભાવ હોતો નથી. પણ તે કાળે તેને શુભ વિકલ્પ વ્રતનો હોય છે, બસ એટલી વાત. સમજાણું કાંઇ ? સુજાનમલજી ! આવો મારગ છે. હેં ? (શ્રોતા : ઘણી ભૂલ આ સબંધીની છે) જ્યાં ત્રિકાળી સ્વભાવ, એ શુભ ઉપયોગ એ ખરેખર તો અચેતન છે, આહાહા ! અવ્રતનો ભાવ એ

અચેતન છે અને વ્રતનો વિકલ્પ એ અચેતન છે, પણ એ અચેતનની મંદતા છે, અશુભમાં અચેતનની ઉગ્રતા છે. સમજાણું કાંઇ ? એટલે કે વ્રતનો વિકલ્પ છે તો અચેતન, અજીવ નિશ્ચયથી તો આહાહા ! પણ એ વ્રતના વિકલ્પની કઇ ભૂમિકા હોય એનું અંદરમાં ગર્ભપણે રાખીને આ વાત કરી છે. સમજાણું કાંઇ ? આહાહા !

જ્યાં દ્રવ્ય સ્વભાવ ભૂલાય અને વાતું થાય કે અવ્રત છોડીને વ્રત ઇ વસ્તુ ક્યાં છે ત્યાં ? સમજાણું કાંઇ ? વસ્તુ સ્વભાવ જે છે આ ચેતન એને ભૂલીને હવે અવ્રતને છોડીને વ્રત લે એમ ક્યાંથી આવે ? સમજાણું કાંઇ ? ઓલા તડકે ઉભો કરતાં છાંયે ઉભા રહેવું. (શ્રોતા : ત્રીજા માણસના આવનારાની વાટ જોવી) વાટ જોવે ઇ જ કહું છું ને હવે ત્રીજો એટલે શુદ્ધતા આવે એની વાટ જોઇને ત્યાં ઉભા રહેવું એનો અર્થ ? છે તો શુદ્ધતાનુંજ વલણ, અંદર ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ, એના જ આશ્રયની ઉગ્રતા છે અને ઇ ઉગ્રતા આવે નહિં ત્યાં સુધી, એણે અવ્રતના ભાવ કરતાં વ્રતમાં આવવું એ છાંયો વહેવારે કહેવામાં આવે છે. આહાહા ! આરે ! આવી વ્યાખ્યા માણસને તો ભાઇ ! મારગ તો એવો છે બાપુ ! આહાહા ! હેં ?

પરમ પદને, પરમ વીતરાગતા રૂપ ક્ષીણકષાય ગુણસ્થાનને પ્રાપ્ત કરીને એનો અર્થ ઇ કે ઉગ્રપણે વીતરાગનો ભાવ જેણે પ્રગટ કર્યો છે સ્વભાવના આશ્રયથી એને પછી વ્રતનો વિકલ્પ પણ છૂટી જાય છે એમ છે. સમજાણું કાંઇ ? આ તો આચાર્યોના વચનો છે. ભાઇએ તો એકવાર નથી કહ્યું ? ન્યાલભાઇએ ? કે સાંભળવું અને સંભળાવવું એ નુકશાનનું કારણ છે. બીજી રીતે પાછું કહ્યું કે પોતાના સ્વના લક્ષે જો આચાર્યના શબ્દોને વાંચે તો ત્યાં તું રસના બિંદુ પોષે છે જુઓ તેમ કહ્યું છે. આહાહા ! (શ્રોતા : બે વિરુદ્ધ વાત કેમ કરી છે ?) વિરુદ્ધ નથી. જેને સ્વના લક્ષ વિના જે કાંઇ સાંભળે ને કરે એને લક્ષ હોય છતાં વિકલ્પ ઉઠે છે તે નુકશાનકારી છે. એ વિકલ્પની અપેક્ષા લઇને વાત કરી અને આંહી સ્વભાવનો આશ્રય લઇને વાત થાય છે ત્યારે એનું વાંચન, શ્રવણ, મનન હોવા છતાં સ્વના આશ્રયના લક્ષમાં એની શુદ્ધિ વધે છે ઇ વિકલ્પને લઇને વધે છે, સાંભળવાને લઇને વધે છે એમ નહિ. આહાહા !

આવી વાત છે ભાઇ ! જરીક પણ જો ન્યાય ફરી જાય તો આખી વસ્તુ ફરી જાય છે. હેં ? આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગ અરિહંત પરમેશ્વર એની આ વાણી ને એનો આ મારગ. આહાહા ! પ્રથમ તો સમ્યગ્દર્શન પ્રગટ કરવું ઇ તો પહેલી વાત આવી. આમાં પ્રથમ જે કીધું એ સમ્યગ્દર્શન પછી પ્રથમની વાત છે. પ્રથમ આવા હિંસાદિને

છોડીને આ પ્રથમ એટલે કોને ? તદ્દન મિથ્યાદ્દષ્ટિ છે એને પ્રથમ અવ્રત છોડીને વ્રત એમ છે ? ભાષા તો એમ છે. પ્રથમતઃ છે ને ભાઇ ? ઓલો તાવત્ શબ્દ નથી કહ્યો ઓલો તાવત્ આવે છે ને પ્રથમ, પણ પ્રથમ કોને ? જેને ધ્રુવનો અનુભવ થયો નથી એને પ્રથમ અવ્રત છોડીને વ્રત (ગ્રહવા) એમ અહીંયા છે ? આહાહા ! પણ જેને ભગવાન આત્માના ભેટા પર્યાયમાં થયા છે, આહાહા ! પર્યાયમાં આખું પૂરણ સ્વરૂપ છે એવું જ્ઞાન આવી ગયું છે. ભલે એ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. સમજાણું કે ? આ મારગ આવા બાપા છે આ.

જગતના જંજાળ રખડવાના ભાવમાં આ છોડવા કેમ ? આહાહા ! પહેલું તો જેમાં એ ભવ ને ભવનો ભાવ નથી એવા અને, સ્વભાવવાળો ભાવ છે શું સમજાણું કાંઇ ? ભવ ને ભવનો ભાવ જેમાં નથી અને જેમાં એકલા અભવ સ્વભાવના ભાવ જ પડયા છે. આહાહા ! એ જ્ઞાન અનંત આનંદ આદિ એ અભવ સ્વભાવ છે ઇ ભવ વિનાનો સ્વભાવ એ છે. આહાહા ! સમજાણું કાંઇ ? બીજી ભાષાથી કીધું અબધ્ધ સ્પૃષ્ટ આહાહા ! એ બધા ગુણોનો પિંડ આખો એ અબધ્ધ સ્વભાવથી ભરેલો છે એમાં બંધ ભાવનો એમાં અભાવ છે. આહાહા ! એવા સ્વભાવનો આશ્રય લીધા વિના પ્રથમ અવ્રતને છોડવા ને વ્રતને ગ્રહણ કરવા એવું હોઇ શકે નહિં. સમજાણું કાંઇ ? ઘણાંને એમ થઇ જાય બસ હવે. બસ થઇ ગયું. જાવ હવે તમારે સમકિત તો છે, શ્રદ્ધા છે. હવે અવ્રત છોડો. પણ શી રીતે ? આ મોટી તકરારની ગાથા છે આ. ગાથા તકરારોની હશે ?

અહીં તો અવ્રતના વિકલ્પનો ત્યાગ અશુભનો, અને શુભના વિકલ્પનું થવું, કઇ ભૂમિકાએ હોય ? એનું ધ્યાન કરાવીને આ વાત કરી છે. સમજાણું કાંઇ ? (શ્રોતા :...) ઇ તો વાત આવી ગઇ હવે. ઇ તો આંહી વાતે ય નથી એની. પ્રથમ સમ્યગ્દર્શન ગ્રહણ કરી મિથ્યાત્વને છોડવું, ઇ તો છૂટી જાય એના ઉદયથી, ઇ વાત તો આંહી છે જ નહિં. ઇ તો થઇ ગયેલો છે એને હવે અવ્રત અને વ્રતની વચ્ચે કેમ રમવું ઇ વાત છે. આવો મારગ ભાઇ ! અરે ! જેના જન્મ મરણના અંત આવે ઇ અંત આવે ઇ વળી વહેવાર છે, પણ જેનાં ફળમાં અતીન્દ્રિય અનંત આનંદ આવે, આહાહા ! થોડો પણ અતીન્દ્રિય આનંદની લહેજતમાં ઇન્દ્રના ઇન્દ્રાસનના ભોગ ઝેર જેવા દેખાય. આહાહા !

સમ્યગ્દ્દષ્ટિને ચક્રવર્તીનો રાગ હો દેખાય ઇ રાગમાં નથી, તેમ એને વિકલ્પ આવે એમાં ઇ નથી. ઇ તો સહજ સ્વરૂપ વીતરાગ પ્રતિમા સ્વરૂપ ભગવાન આત્મા એમાં સમ્યગ્દ્દષ્ટિ હોય છે, પણ એ સમ્યગ્દ્દષ્ટિની ભૂમિકામાં હજી જે અવ્રતનો ભાવ છે ચોથે, એને છોડીને વ્રતનાં ભાવમાં પરિનિષ્ઠ થવું. એ કોને ? કે જેણે આત્માની શાંતિ અંદર

સ્વભાવનો આશ્રય લઈને વધારી છે, પર હારે સબંધ શું છે? આહા! પરદ્રવ્યને અને એને આત્માને કાંઇ સબંધ નથી કે દેવ, ગુરુ, ધર્મને લઈને આંહી શુદ્ધિ પ્રગટે? આંહી તો દિવ્યધ્વનિથી પણ આત્માને લાભ નથી એ વાત છે. લાભ તો ભગવાન લાભ ભંડાર પડયો છે ઈ. આહાહા! અનંત ગુણોનો સમાજનો રાજા છે. આ રાજ્ય તે આવ્યું'તું ને જીવરાજા! ઓહોહો!

'રાજ્ય તે ઈતિ શોભતે ઈતિ રાજા'. જેમ રાજા એની લક્ષ્મીથી શોભે છે એમ આ આત્મા અનંતા ગુણથી, અનંત ગુણથી. એક એક ગુણની શક્તિ અનંત અને અમાપ એવી બેહદ શક્તિ એવી અનંતી શક્તિથી જીવરાજા શોભે છે. ઈ એની લક્ષ્મી છે. આહાહા! એવી રાજલક્ષ્મી એની રાજલક્ષ્મી છે. આહાહા! શોભતી લક્ષ્મી છે. એવા આનંદના નાથને જેણે પરિણામમાં પડી પડીને અનાદિકાળ ગાળ્યો પર્યાયમાં રહીને, એ અગિયાર અંગના જ્ઞાન કર્યા, નવ પૂર્વના જ્ઞાન કર્યા એ બધી પર્યાયમાં રહીને થયું છે, દ્રવ્યમાં આવીને એ થયું નથી એને. આહાહા! સમજાણું કાંઇ? અહીંયા તો ભગવાન દ્રવ્યમાં આવ્યો છે પર્યાયે, પર્યાય ન્યાં જાય છે ને? દ્રવ્ય ક્યાં પર્યાયમાં આવે છે? હેં? વર્તમાન પરિણામ જે છે ઈ પરિણામી ત્રિકાળ અપરિણામી દ્રવ્યસ્વભાવમાં જાય છે, એટલે કે એની સન્મુખ થાય છે. આહાહા! આખા સંસારથી વિમુખ થઈ ગયો અંદરથી દૃષ્ટિની અપેક્ષાએ. હવે એને આગળ વધવું એમ બતાવવું છે આંહી. સમાધિ વધારવી છે ને? આહાહા!

સમાધિ નામ કષાયના અભાવરૂપ પરિણતિ એની વધે તો એ સમાધિ વધી. આહાહા! ઓલા બાવા સમાધિ લે તે અહીં નથી. અહીં તો આધિ - વ્યાધિ - ઉપાધિથી રહિત તે સમાધિ. વ્યાધિ શરીરની જેમાં નથી, ઉપાધિ બહાર સંયોગ ધંધાની નથી અને આધિ નામ સંકલ્પ વિકલ્પ આદિ જ્યાં નથી. આહાહા! એનાથી રહિત પ્રભુ જે આત્મા એને સમાધિ, સમ્યગ્દર્શન એ પણ એક સમાધિ છે. શ્વેતાંબરમાં આવે છે એવું. ચિત્ત સમાધિ હોયે દશ બોલે એ પહેલું શરૂ કર્યું'તું, ૭૮(ઈઠયોતેર)માં બોટાદ, 'દશાસૂત્ર' છે પુસ્તક એમાં ચિત્ત સમાધિ હુએ દશ બોલે એવા દશ બોલ છે. એ ચેતનજી! 'દશાસૂત્ર' દશાસૂત્ર છે ને? વાંચ્યું'તું ને? બધા સાંભળે ત્યાં. ૭૮(ઈઠયોતેર)ની વાત છે. કેટલા વરસ થયા? ત્રેપન(૫૩).

સમ્યગ્દર્શન એ ચિત્ત સમાધિ પહેલી છે. સમજાણું? એવી દશ સમાધિ છે છેલ્લી કેવળજ્ઞાન છે. ઈ આ સમાધિની વાત છે આ. સમાધિ જેને પ્રગટી છે, શાંતિ જેને

પ્રગટી છે, એ સમાધિતંત્ર છે ઈ. સમાધિનો ઈ ધંધો છે ઈ. આ વેપારના પુસ્તકમાં શું નથી કહેતા કાંઈ ? સ્વતંત્ર છે ને ફલાણું છે ને સ્વતંત્ર તો આ છે. સ્વ - તંત્ર હેં ? આહાહા ! જેણે દૃષ્ટિએ પરમાત્માને પકડયો ને કબજે લઈ લીધો. આહાહા ! પર્યાયે પરમાત્માને કબજે લીધી. હવે એ કેવળજ્ઞાન ને બધું થશે. તો આંહી કહે છે કે થશેમાં એને પુરુષાર્થની જાગૃતિ કેવી હોય ? આહાહા ! કોના તે પદને ? એ આત્માના પદને. જોયું ? વ્રતનો વિકલ્પ છોડી આત્મપદને પામવું વીતરાગભાવ એટલે આત્મપદ. એટલે બારમું ગુણસ્થાન એ આત્મપદ. આહાહા !

**ભાવાર્થ** : અવ્રત અશુભભાવ છે, વ્રત શુભભાવ છે. બન્ને આસ્ત્રવો છે. બેય મેલ ને આસ્ત્રવ છે. આહાહા ! મુનિને પણ દ્ક્ઠે(છઠ્ઠે) ગુણસ્થાને મહાવ્રતના જે વિકલ્પ આવે શાંતિ વધી છે, ઉગ્ર થઈ છે તેથી એને મહાવ્રતના વિકલ્પ આવે. ઈ ભૂમિકાને પણ ઈ વિકલ્પ છે. એ તો પોતે દુઃખરૂપ છે, આસ્ત્રવ છે. આહાહા ! બન્ને આસ્ત્રવો છે. તે બન્ને છોડવા યોગ્ય છે. એવી શ્રદ્ધા તો અંતરાત્માને પહેલી હોય છે એમ કહે છે. સમ્યગ્દર્શનમાં અંતરાત્મા જ્યાં પ્રગટયો, અંતરાત્મા જે વસ્તુ છે અંતર એની જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયો તે કાળમાં શુભ ને અશુભ હેય છે એમ અનુભવમાં આવ્યું. બેય છોડવા લાયક છે એવી દૃષ્ટિ થઈ પણ તે બન્ને એક સાથે છોડી શકાતા નથી. આટલો ફેર. ક્રમ પાડવો છે ને ? બન્ને એક સાથે છોડી શકાય નહિં (હોવાથી) તે પ્રથમ અશુભ ભાવ અવ્રતોને છોડી, શુભભાવ વ્રતોમાં અતન્મય ભાવે વર્તે છે, એકાકાર ભાવે વર્તતો નથી. આહાહા !

શુભભાવમાં મુનિ કે સમકિતી અતન્મયપણે વર્તે છે. રાગના સ્વભાવને એકપણે માનીને વર્તતો નથી. આહાહા ! કહો પ્રેમચંદભાઈ ! આવી વાત ક્યાં છે ? આહાહા ! મીઠા વેણના મહેરામણ બોલે છે અંદર, કહે છે કે આહાહા ! તારો નાથ મીઠા મધુરા સ્વાદથી ભરેલો આત્મા છે એની આ વીણા વગાડે છે અંદરથી. આહાહા ! કે જેને અવ્રતના ભાવમાં સમ્યગ્દર્શનની ભૂમિકામાં અવ્રત હોય છે હવે એને અવ્રતને છોડીને શુભમાં આવવું કેમકે અવ્રતને છોડવું ને શુભમાં આવવું એક સમયમાં બેય ભેગું ન થાય, કે અવ્રતને છોડવું ને વ્રતને છોડવું પહેલું અવ્રતને હોય છે. અશુભ ભાવ અવ્રતને છોડી શુભભાવ અતન્મય ભાવે વર્તે છે. પછી પુરુષાર્થ વધારી જુઓ, એટલે કે પૂર્ણાનંદનો નાથ પુરુષાર્થનો પિંડ છે, તેને પર્યાયે આશ્રય લઈને, આહાહા ! ત્રિકાળી પુરુષાર્થનો પિંડ પ્રભુ એને વર્તમાન પુરુષાર્થની પર્યાય એનો આશ્રય લઈને, પરમ વીતરાગ પદની પ્રાપ્તિ માટે આ શુભ ભાવ વ્રતોનો પણ ત્યાગ કરે છે એટલે ઉગ્ર આશ્રય ભગવાનનો લે છે પોતાનો, એટલો વિકલ્પ તેને શુભ રહેતો નથી. શુભ ઉત્પન્ન (એને) થતો નથી એમ કહે છે. એણે

વ્રતને છોડયું એમ કહેવામાં આવે છે. આહાહા!

એક કોર કહેવું સમયસારમાં ૩૫(પાંત્રીસ) - ૩૪(ચોત્રીસ)માં રાગનો ત્યાગકર્તા કહેવું એ પરમાર્થે વાત સાચી નથી. ૩૪(ચોત્રીસ)માં છે. આહાહા! રાગનો ત્યાગ આત્મા કરે એ પરમાર્થે સાચું નથી. લે, આંહી કહે કે વ્રતનો ત્યાગ કર. (શ્રોતા : ગાથામાં છે) આહાહા! કઇ અપેક્ષાએ છે? કે એણે આગળ વધીને ભગવાનનો ઉગ્ર આશ્રય લઇને વ્રતનો વિકલ્પ ઉત્પન્ન ન થાય, એવી ભૂમિકા એણે અંગીકાર કરવી. આહાહા! હવે આવી વાતું છે બધી. સંપ્રદાયમાં આવી વાત ચાલતી નથી. (શ્રોતા :... ) અત્યારે તો દિગંબર સંપ્રદાયમાં ગોટા ઉઠયા છે. શ્વેતાંબર, સ્થાનકવાસી. શ્વેતાંબરમાં તો એ વાત જ નથી આવી, એના શાસ્ત્રમાં જ આવું નથી. કારણકે એ શાસ્ત્રો બધાય કલ્પીત બનાવ્યા. આ તો ભગવાનના શાસ્ત્રો છે. (ભગવાને) કહેલાં. આહાહા! એના વાડામાંય પણ ઠેકાણા વિનાનું થઇ ગયું છે. સમ્યગ્દર્શન વિના આ વ્રત લેવા ને એના પચ્ચખાણ, એમ માને છે હોં! અહીંયા તો સંપ્રદાયની વાત આ તો વસ્તુની છે. આહાહા!

## વિશેષ

જ્યાં સુધી સમ્યગ્દષ્ટિ શુદ્ધ ઉપયોગરૂપ ન પરિણમે જોયું? સમ્યગ્દષ્ટિ આત્માની દૃષ્ટિ અનુભવ થઇ છે અને આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે. આહાહા! ઇ ત્યાં સુધી તેને અશુભથી બચવા માટે પૂજા, ભક્તિ, વ્રત,તપ, સંયમ, શીલ આદિ એ બધો શુભભાવ આસ્ત્રવ છે. અશુભથી બચવા ઇ પંચાસ્તિકાયમાં આવી ગયું છે. અશુભ વંચનાર્થે અને અસ્થાને રાગ ન જાય એ માટે એવો શુભભાવ હોય છે પણ છે એ આસ્ત્રવ, બંધનું કારણ. એ પૂજા, ભક્તિ, વ્રત, તપ, સંયમ ઇન્દ્રિયનો દમન કરવું, આહાહા! શીલ આદિ રાગની મંદતા આદિના શુભભાવ એ શુભભાવ આવે છે. પરંતુ તેમાં તેને હેયબુદ્ધિ વર્તે છે. આહાહા!

સમ્યગ્દષ્ટિને સાચી દૃષ્ટિ જેણે પૂર્ણાનંદનો નાથ પૂરણ છે, ત્રિકાળ સ્વભાવ છે. એ ચૈતન્ય સ્વભાવ છે એવું જ્યાં દૃષ્ટિમાં અનુભવ્યું છે એને આ ભાવ આવો આવે પણ એ હેયબુદ્ધિએ હોય છે, કેમ કે વ્રતનો વિકલ્પ ખરેખર તો અજીવ અને અચેતન છે. આહાહા! એ ચેતનના સ્વભાવનો આદર કરનારને, ચૈતન્ય સ્વભાવનો જ્યાં આદર છે, આહાહા! ત્યાં આગળ એવા અચેતન ભાવનો આદર હોતો નથી. આહાહા! સમજાણું કાંઇ? આવી ધરમકથા. અરે! આવી કેવી કથા કહે છે? એ ધરમકથા ઇ છે કે શુભભાવને ધરમ માને એ અધરમ કથા છે. શુભભાવથી ધરમ થાય, પૂજા, ભક્તિ, વ્રત, તપ, સંયમ

એનાથી ધરમ થાય એમ જે માને એ તો એની બુદ્ધિ મિથ્યાત્વ છે. આહાહા! એ અધરમ બુદ્ધિ છે. એ કથા પણ વિકથા છે. એ ઉપદેશ પણ કુકથા છે. આહાહા! સમજાણું કાંઇ?

જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ શુદ્ધ ઉપયોગ ન પરિણમે, એટલે શુભ અશુભ રહિત જેવો વસ્તુનો સ્વભાવ એવુંજ શુદ્ધ ઉપયોગનું આચરણ ન કરે, આહાહા! ત્યાં સુધી તેને અશુભથી બચવા માટે ભગવાનની પૂજા હોય છે. આ નંદીશ્વર દ્વિપનું ચાલે છે ને અત્યારે જોવોને! ઇ ભાવ શુભ છે. ઇન્દ્રો પણ નંદીશ્વર દ્વિપે જાય છે આઠ દિ' એ ભાવ શુભ છે. આસ્ત્રવ છે ધરમ નહિં, તેમ ધરમનું કારણેય નહિં. એ હેય બુદ્ધિએ વર્તે છે. તેને તે ધરમ માનતો નથી. આહાહા! સમ્યગ્દૃષ્ટિ જીવ સત્ દૃષ્ટિ, સત્ સાહેબ, પૂર્ણાનંદના નાથની જેને દૃષ્ટિ થઇ છે તે સત્ સ્વરૂપ છે. તેની તે રીતે દૃષ્ટિ સત્ દૃષ્ટિ છે. તે જીવ શુભભાવને ધરમ માનતો નથી. આહાહા! સમજાણું કાંઇ? કેટલી ભાષા લીધી જોયું ઓલામાં તો વિચાર સુધ્ધા કળશ ટીકામાં નાંખ્યું છે. વિચાર શબ્દે વિકલ્પ છે.

સમ્યક્ત્વ વિના વ્રતાદિના શુભ વિકલ્પને વહેવારથી ચારિત્ર નામ પણ પ્રાપ્ત થતું નથી. આહાહા! ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં અનંતગુણનો પિંડ પ્રભુ! અનુભવમાં દૃષ્ટિમાં આવ્યો નથી, અને જેની દૃષ્ટિ પર્યાય ઉપર છે એવા સમકિત વિનાના વ્રતાદિના શુભ વિકલ્પને, વહેવારથી ચારિત્ર નામ પણ પ્રાપ્ત થતું નથી. આહાહા! સમજાણું કાંઇ? સત્ દૃષ્ટિ વિના, સત્ સ્વરૂપ ભગવાન પૂરણ શુદ્ધ એ સત્ છે, એની અપેક્ષાએ વિકલ્પ આદિ બધા અસત્ અચેતન છે. આહાહા! એવી ચૈતન્યની દૃષ્ટિ વિના વ્રતાદિના શુભ વિકલ્પને, વહેવારથી પણ ચારિત્ર નામ પ્રાપ્ત થતું નથી. આહાહા! જેને આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ અનુભવમાં દૃષ્ટિમાં આવીને સ્વાદ જેણે ચાખ્યા છે, એને અશુભ ભાવ અને શુભ ભાવ, શુભ ભાવને વહેવાર ચારિત્રની ઉપમા કહેવામાં આવે છે વહેવાર, છે બંધનું કારણ.

મિથ્યાદૃષ્ટિનાં શુભ વિકલ્પને તો વહેવારથી પણ ચારિત્ર કહેતા નથી. જેની દૃષ્ટિ જ સત્ય નથી. આહાહા! ભગવાન સત્ સ્વરૂપ પ્રભુ! એનો જેણે આશ્રય લીધો નથી અને પર્યાય બુદ્ધિમાં પર્યાયનો આશ્રય લઇને પડયો છે એને આવા શુભ ભાવને પણ વહેવાર ચારિત્ર કહેવામાં આવતું નથી. આહાહા! તે તો બાળતપને બાળવ્રત છે. બાળવ્રતને બાળતપાદિ કહેવાય છે. મૂર્ખાઇ ભરેલા વ્રતને મૂર્ખાઇ ભરેલા તપ કહે છે. આહાહા! જ્યાં ભગવાન જાગતી જ્યોત ચૈતન્ય જેની દૃષ્ટિમાં આવ્યો નથી એના આવા વ્રત તપના વિકલ્પને આહાહા! બાળવ્રતને બાળતપ કહેવામાં આવે છે. આવો મારગ વીતરાગનો

બાપુ ! મારગ એવો છે ભાઈ ! તેવા શુભ વિકલ્પો સંસારનું કારણ છે. મિથ્યાદૃષ્ટિના વ્રત આદિના ભાવ એ બધા સંસાર રૂપ છે.

અરે ! સમ્યગ્દૃષ્ટિનો શુભભાવ સંસાર છે રાગ. આહાહા ! જેટલી નિર્મળ દૃષ્ટિ દ્રવ્ય ને આશ્રયે થઈ સમજાણું ? એટલો અસંસાર અને શુભભાવ એને થાય એ મુનિને પંચમહાવ્રતનો વિકલ્પ એ સંસાર છે. જગપંથ છે એમ કીધું છે ને ? સમયસાર નાટકમાં. વો તો જગપંથ આહાહા ! આવે, હોય. પણ એ સંસારમાં ભવ કરવાનો એ મારગ છે. સમજાણું કાંઈ ? આહાહા ! મોક્ષનું કારણ નથી. એ વ્રતને, તપને, ઇન્દ્રિય દમનને, આત્માના અનુભવ સમ્યક્ વિના એ બધા બાળતપ ને બાળવ્રત છે. આહાહા ! આ વરસીતપ કરે છે, નથી કરતી બાઈયું ? શેઠિયાની વહુ ને બધા મોટા એ બધી બાળવ્રત ને બાળતપ છે. સમજાણું ? જેને હજી દેવ, ગુરુ, શાસ્ત્ર કેવા એની ખબર નથી અને આત્મા કેવો ને કોણ છે એની ખબરું નથી એવા ખબર વિનાના માણસો વ્રત, તપ કરે એ બાળવ્રત ને બાળતપ. મૂર્ખાઈ ભરેલ વ્રત છે. આહાહા ! આવું સમાજમાં મૂકાતું હશે ? આ શું મૂક્યું છે ત્યારે ? આચાર્યે સમાજમાં મૂકયું છે કે ગુપ્ત રાખ્યું છે. આ બંધ અધિકારમાં નથી આવ્યું ? એ આને મૂક્યું છે. બાળવ્રત ને બાળતપ બંધ અધિકારમાં છે. આહાહા !

ચૈતન્યના શાંતિ સ્વભાવનો આશ્રય લઈને જે શાંતિ પ્રગટી છે એ શાંતિના પગલા આગળ વધ્યા છે એને, એવા જીવને પણ જ્યારે શુભભાવ આવે, તો એને સંસાર કહેવાય. આહાહા ! પણ જેણે હજી શાંતિના ઘર જોયા નથી, શાંતિના પગલે ચાલ્યો (નથી) એને એવા શુભભાવતો એકલા મૂર્ખાઈ ભરેલા છે કહે છે. આહાહા ! મેળ ન ખાય ભાઈ ! દુનિયા હારે મેળ ન ખાય. સમન્વય કરો, સમન્વય કરો. કોની હારે સમન્વય કરે ? પચ્ચીસ્સે(૨૫૦૦) વરસમાં બહુ હાલ્યું છે અત્યારે સમન્વયનું આ ને તે જેને ઠીક લાગે એવા પુસ્તકો બનાવે છે. આહાહા ! હુકમચંદજી પંડિતને આપણા હિંમતભાઈએ, ત્યાં હુકમચંદજી હવે, એવા શાસ્ત્રો રચાણાં, બહુ સરસ. ૨૫૦૦(પચ્ચિસ્સો) વરસના નામે એમણે કર્યા છે પુસ્તક ઘણાય. આ એક પુસ્તક શું કહે છે ભાઈ ! સર્વોદય (શ્રોતા : ભગવાન મહાવીર ને સર્વોદય) ભગવાન મહાવીર ને સર્વોદય હેં ને ? બહુ સરસ બનાવ્યું છે હુકમચંદજી ! જયપુર.

ભગવાનનો જે મારગ છે તેને પુષ્ટિવાળું શાસ્ત્ર હોય કે એનાથી ઊંધુ હોય એને શાસ્ત્ર કહેવાય ? આહાહા ! (શ્રોતા : અનેકાંત છે ને ?) અનેકાંત એવું આનાથી થાય ને આનાથી ન થાય ઇ અનેકાંત છે. શુભથી પણ થાય અને શુદ્ધથી પણ થાય એ એકાંત

મત મિથ્યાદષ્ટિનો છે. સમજાણું ? સમન્વય કરો એમ કહે બધા આમ. પણ ભગવાનનો મારગ સમભાવી જે છે એવું જેને બેઠું નથી, ઊંધુ બેઠું એની હારે સમન્વય શી રીતે કરવો ? હેં ? આહાહા ! ...બીજાની હારે શું કામ છે ? આહાહા ! જાણે કે આવો મારગ છે જગતમાં એથી એની હારે વેર વિરોધ ન હોય, દ્વેષ એના પ્રત્યે ન હોય. એ પણ ભગવાન છે, ભૂલ્યો છે. તે પર્યાયમાં ભૂલ્યો. વસ્તુ તો છે ઈ છે. આહાહા ! આંહી તો કહે છે મોક્ષનું એ કારણ (નથી) છતાં એને મોક્ષનું પરંપરા પણ કારણ માને, ખુલાસો વધારે કર્યો છે.

સમ્યગ્દષ્ટિના શુભભાવને પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે શાસ્ત્રમાં લ્યો એ કઈ અપેક્ષાએ ? કે અત્યારે અશુભ છોડયું છે ને પછી શુભ છોડશે એ અપેક્ષાએ પરંપરા, પણ શુભ પોતે પરંપરા કારણ છે એમ નથી. બાર ભાવના છે ને ? બાર ભાવના કુંદકુંદઆચાર્યની એમાં તો કહ્યું છે કે આસ્ત્રવ પરંપરા અનર્થનું કારણ છે એવો શ્લોક છે જુઓ. વ્યાખ્યાન થઈ ગયું છે એનું, બાર ભાવનાનું. શુભભાવ પણ અનર્થનું કારણ છે. આહાહા ! ૭૪(ચુમ્મોતેર)માં આવ્યું ને કર્તા કર્મમાં ? કે શુભભાવ વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે કેમ કે શુભથી પુણ્ય બંધાશે અને એનાથી સંયોગી ચીજ મળશે, અને સંયોગ ઉપર લક્ષ જશે, એટલે રાગ જ થશે એને. સ્વભાવના આશ્રય વિના જેટલું સંયોગ ઉપર લક્ષ જશે, આહાહા ! ગજબ વાત છે ભાઈ ! કહે છે કે એવા પુણ્ય બંધાય શુભથી કે ભગવાનની વાણી મળે, સમોશરણ મળે, પણ એ તો સંયોગી ચીજ થઈ અને એના ઉપર લક્ષ જશે એટલે એને રાગ જ થશે. ભલે શુભ રાગ થાય પણ છે એ રાગ અને દુઃખ. આહાહા ! શુભભાવ. સમજાણું ? એ વિશેષ. એ માને તો તેની મૂળમાં ભૂલ છે.

વિશેષ કહેવાશે.......

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

જ્ઞાનની વર્તમાન પર્યાય અંદરમાં વળે એનું નામ જાણપણું છે, ધારણા થઈ ગઈ ઈ જાણપણું નથી. આત્મા અનુભવમાં લેવો એનું નામ ખરું જાણપણું છે.

દ્રષ્ટિનાં નિધાન ૩૩૦.

# પ્રવચન – ૯૮

## શ્લોક – ૮૫

**સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૨૩.૦૭.૭૫**

कुतोऽव्रत-व्रतविकल्पपरित्यागे परमपदप्राप्तिरित्याह –

**यदन्तर्जल्पसंपृक्तमुत्प्रेक्षाजालमात्मनः ।**
**मूलं दुःखस्य तन्नाशे शिष्टमिष्टं परं पदम् ।।८५।।**

**અંતર્જલ્પે યુક્ત જે, વિકલ્પ કેરી જાળ,**
**તે દુઃખમૂળ, તસ નાશથી, ઈષ્ટ-પરમ-પદ લાભ. ૮૫**

**टीका** : यदुत्प्रेक्षाजालं चिंताजालं कथम्भूतं ? अंतर्जल्पसंपृक्तं अंतर्वचनव्यापारोपेतं । आत्मनो दुःखस्य मूलं कारणं । तन्नाशे तस्योत्प्रेक्षाजालस्य विनाशे । इष्टमभिलषितं यत्पदं तच्छिष्टं प्रतिपादितम् ।।८५।।

અવ્રત-વ્રતના વિકલ્પનો પરિત્યાગ કરતાં પરમપદની પ્રાપ્તિ શી રીતે થાય ? તે કહે છે :–

**અન્વયાર્થ** : (अंतर्जल्पसंपृक्तं) અંતરંગ જલ્પયુક્ત (यत् उत्प्रेक्षाजालं) જે વિકલ્પજાલ છે તે (आत्मनः) આત્માના (दुःखस्य) દુઃખનું (मूलं) મૂલ-કારણ છે. (तन्नाशे) તેનો એટલે વિકલ્પજાલનો નાશ થતાં (इष्ट) હિતકારી (परमं पदं शिष्टम्) પરમ પદની પ્રાપ્તિ થાય છે - એમ પ્રતિપાદન કર્યું છે.

**ટીકા** : જે ઉત્પ્રેક્ષાજાલ એટલે વિકલ્પજાલ છે, તે કેવી છે ? અંતર્જલ્પથી યુક્ત અર્થાત્ અંતરંગ વચન-વ્યાપારથી યુક્ત છે, તે આત્માના દુઃખનું મૂલ એટલે કારણ છે. તેનો નાશ થતાં અર્થાત્ તે ઉત્પ્રેક્ષાજાલનો (વિકલ્પજાલનો) નાશ થતાં, જે પદ ઈષ્ટ એટલે અભિલષિત છે (જે પદની અભિલાષા કરવામાં આવી છે) તે શિષ્ટ છે અર્થાત્ તેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

**ભાવાર્થ** : અંતરંગ જલ્પ (સૂક્ષ્મ વચન-પ્રવૃત્તિ) યુક્ત જે અનેક પ્રકારના વિકલ્પરૂપ કલ્પનાજાલ છે તે સંસારી આત્માને દુઃખનું મૂલ છે. તેનો નાશ થાય તો જ પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થાય.

આ જીવ પોતાના ચિદાનન્દમય પરમ અતીન્દ્રિય અવિનાશી નિર્વિકલ્પ

સ્વરૂપને ભૂલી, જ્યાં સુધી બાહ્ય વિષયોના લક્ષે દુ:ખોના મૂલ કારણભૂત અંતર્જલ્પરૂપ અનેક વિકલ્પોની જાળમાં ફસાયેલો રહે છે, ત્યાં સુધી તેને સુખમય પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થતી નથી. તે પદની પ્રાપ્તિ તો તેને હોય જે અંતર્જલ્પરૂપ વિકલ્પોની જાલનો સર્વથા ત્યાગ કરી પોતાના ચૈતન્ય ચમત્કારરૂપ વિજ્ઞાનઘન આત્મામાં લીન થઈ જાય.

હિંસાદિ અવ્રતરૂપ અશુભ વિકલ્પો અને અહિંસાદિ વ્રતરૂપ શુભ વિકલ્પો-બન્ને પ્રકારના વિકલ્પો રાગ-દ્વેષાદિરૂપ હોવાથી આત્મસ્વરૂપના ઘાતક છે. ભગવાનની પૂજા-ભક્તિ, અણુવ્રત મહાવ્રતાદિ તથા તપાદિ કરવાના ભાવ પણ શુભ વિકલ્પ છે. આ સમસ્ત શુભ-અશુભ વિકલ્પોથી હઠી ઉપયોગ જ્યારે આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે જ પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થાય છે.

''આત્માને આત્મા વડે બે પુણ્ય-પાપરૂપ શુભાશુભ યોગોથી રોકીને દર્શન-જ્ઞાનમાં સ્થિત થઈ અને અન્ય વસ્તુની ઇચ્છાથી વિરમી (અટકી) જે આત્મા (ઇચ્છારહિત થવાથી) સર્વ સંગથી રહિત થઈ પોતાના આત્માને આત્મા વડે ધ્યાવે છે - કર્મ અને નોકર્મને ધ્યાતો નથી, પોતે ચેતયિતા (દેખનાર-જાણનાર) હોવાથી એકત્વને જ ચિંતવે છે-ચેતે છે-અનુભવે છે, તે આત્મા આત્માને ધ્યાતો, દર્શન-જ્ઞાનમય અને અનન્યમય થઈ અલ્પકાળમાં જ કર્મથી રહિત આત્માને પામે છે.''[૧]

''...વસ્તુ સ્વરૂપને જેમ છે તેમ જાણીને જ્યાં જ્ઞાન તેમાં એકાગ્ર થાય ત્યાં રાગ કે વિકલ્પની ઉત્પત્તિ જ થતી નથી; એનું નામ જ ચિત્તનો નિરોધ. આ સિવાય 'હું ચિત્તને રોકું, હું વિકલ્પને રોકું' એવી નાસ્તિના લક્ષે કાંઈ વિકલ્પ તૂટતો નથી, પણ વિકલ્પ ઉત્પન્ન થાય છે. 'હું ચૈતન્યમાત્ર સ્વભાવ છું' એમ અસ્તિત્વભાવ તરફ જ્ઞાનનું જોર આપતાં ચિત્તનો નિરોધ સહેજે થઈ જાય છે, સ્વભાવની એકાગ્રતાના જોરે રાગનો-વિકલ્પનો અભાવ થઈ જાય છે; માટે પહેલાં વસ્તુના સ્વભાવને બધાં પડખાથી જેમ છે તેમ જાણવો જોઈએ.

જ્યાં શ્રુતજ્ઞાનને સન્મુખ વાળીને અંદર સ્વભાવમાં એકાગ્ર કર્યું ત્યાં સર્વ વિકલ્પો સ્વયં વિલય થાય છે અને અનંત ધર્મોનો ચૈતન્ય-પિંડલો સ્વસંવેદનમાં આવી જાય છે.''૮૫

ગાથા ૮૫(પંચ્યાસી) આવી છે ને ? અવ્રત - વ્રતના વિકલ્પનો પરિત્યાગ

---

૧. શ્રી સમયસાર – ગુ.આવૃત્તિ – ગાથા ૧૮૭, ૧૮૮, ૧૮૯.

## મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

---

કરતાં પરમપદની પ્રાપ્તિ શી રીતે થાય? તે કહે છે.

**यदन्तर्जल्पसंपृक्तमुत्प्रेक्षाजालमात्मनः ।**
**मूलं दुःखस्य तन्नाशे शिष्टमिष्टं परं पदम् ।।८५।।**

**અંતર્જલ્પે યુક્ત જે, વિકલ્પ કેરી જાળ,**
**તે દુઃખમૂળ, તસ નાશથી, ઈષ્ટ-પરમ-પદ લાભ. ।। ૮૫ ।।**

**ટીકા** : જે ઉત્પ્રેક્ષાજાળ એટલે વિકલ્પજાળ. આહાહા! ભગવાન આત્મામાં જેટલા અંતરમાં વિકલ્પ ઊઠે, દયા, દાન,વ્રત, ભક્તિ, પૂજા કે આત્માના દ્રવ્ય ગુણ પર્યાય આવા એવા વિકલ્પ જે ઊઠે, એ દુઃખનું કારણ છે. આહા! એ વિકલ્પજાળ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ, એને પ્રાપ્ત કરવા માટે આ બધી વિકલ્પની જાળ એણે છોડવી પડશે. આહાહા! એ વિના આત્માની પ્રાપ્તિ નહિં થાય. આહાહા! ઉત્પ્રેક્ષા એટલે વિકલ્પ. ચાહે તો શાસ્ત્રને સાંભળવાનો વિકલ્પ હો. જુઓ એક બાજુ એમ કહે आगम चेट्ठा तदो जेट्ठा આવે છે? (શ્રોતા : પ્રવચનસારમાં) હેં? પ્રવચનસાર. ગાથા ૨૩૨(બસ્સો બત્રીસ)

ચરણાનુયોગમાં એક કોર એમ કહે કે દિવ્યધ્વનિથી પણ આત્માને આત્માનું જ્ઞાન થાય નહિં. એમ હોય? પરમાત્મપ્રકાશ. એ અપેક્ષા નિમિત્ત છે એનું જ્ઞાન કરાવ્યું, બાકી ભગવાનની વાણી સાંભળે, એ તો વિકલ્પ છે અંદર અને એનાથી પરદ્રવ્યથી આંહી જ્ઞાન થાય એમ નથી. આહાહા! બહુ ઝીણું બાપુ!

એને જેને જનમ મરણ મૂકવા છે, જેને જનમ મરણથી છૂટવું છે એનો ઉપાય, એ પરમાત્મ સ્વરૂપે બિરાજમાન આત્મા છે, એને વિકલ્પની જાળથી રહિત અનુભવ કરવામાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન અને ધરમની શરૂઆત થાય, ધરમની વૃદ્ધિ થાય, ને ધરમની પૂર્ણતા થાય. સમજાણું કાંઇ? ક્યાં જગત ને ક્યાં પડયા છે ને શું છે? એ ખબરેય નથી. આંહી તો જાણે કોઇ આંહીથી મળી જશે. આંહીથી મળી જશે. દેવ, ગુરુ ને શાસ્ત્રથી મળી જશે આત્મા. આંહી તો ના પાડી. (શ્રોતા : બીજે ક્યાંય હા પાડી છે) હેં? બીજે હા પાડી છે ને. આ કીધી ને. (आगम चेट्ठा तदो जेट्ठा) હેં? ત્યાં વળી એવું બીજી ગતિ નથી એમ છે. કે આ પદાર્થનું જ્ઞાન થવામાં, સર્વજ્ઞ ભગવાને જે આગમ કહ્યા, એની ચેષ્ઠાથી તે જયેષ્ઠ છે. બીજો કોઇ ઉપાય નથી. આવે છે ને? બીજી કોઇ ગતિ નથી એમ આવે છે. આહાહા!

કઇ અપેક્ષા છે બાપુ! એને પરલક્ષી જ્ઞાન કરવામાં, એ વીતરાગની વાણી, એ જ નિમિત્ત હોય બીજું કોઇ નિમિત્ત હોઇ શકે (શ્રોતા : નહિં). આહાહા! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ દેવ અરિહંત તીર્થંકર જેને ત્રિકાળ જ્ઞાન છે, એની વાણીને પરમ આગમ કહીએ અને એ પરમાગમ, આગમ ને પરમાગમ, આગમ એટલે જીવના ભેદો ને કર્મના ભેદોનું વર્ણન તે આગમ છે, અને એકલા આત્મ અધ્યાત્મની વાતનું સ્વરૂપ તે પરમાગમ છે. એ બધા પરમાગમને આગમ એ આત્મામાં નિમિત્ત થવામાં પરમાગમ જ એક ચીજ છે એમ બતાવવું છે. પણ એથી પરમાગમનું લક્ષ કરીને જે જ્ઞાન થાય તે જ્ઞાનથી આત્મા પમાય એમ નથી. આહાહા! ભારે ઝીણી વાત ભાઈ!

હજી આ તો ધંધા આડે નવરા થાતા નથી. એ કેશુભાઈ! આ બાયડી, છોકરા સાચવવા, એનું આ કરવું, મોટા કરવા, એને પાલવવા. આહાહા! એને પરણાવવાને પાછા, આરે... આરે! મારી નાંખ્યો જીવને. પરની કલ્પનાની જાળમાં કરી શકે નહિં કાંઇ, કલ્પનાની જાળે જીવને રોકી દીધો. આંહી તો એથી આગળ વાત લઇ જાય છે કે અંતરમાં આ આત્મા દ્રવ્ય છે ને આ ગુણ છે ને આ પર્યાય છે ને. ત્રિકાળી તે વસ્તુ છે એની શક્તિઓ તે સ્વભાવ છે, ભાવવાનનો ભાવ છે, ને એની વર્તમાન દશા તે પર્યાય, એવો

વિકલ્પ જે ઊઠે છે આહાહા ! એ અંતર વચન વહેવાર છે કહે છે. કહેશે અહિંયા. છે અંદર ? છે. અંતર્જલ્પ અંતરવચન વ્યાપાર. આમ બોલવું વાણીથી તો જડ છે આ ભાષા, જે ભાષા છે એ તો જડની છે, પણ બોલવામાં જે વિકલ્પ છે રાગ, એ જાળ રાગની છે. આહાહા !

પણ આ તો અંતર્જલ્પ કીધો છે આંહી તો. એનું સ્વરૂપ જે પરમાત્માનું સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ આનંદ ને જ્ઞાન એનો એ સાગર ભગવાન આત્મા છે અંદર. આહાહા ! એને આ ભેદ પાડીને વિકલ્પ કરવો, આહાહા ! એ વિકલ્પજાળથી પણ આત્મા પમાય એવો નથી. આહાહા ! દુઃખરૂપ વિકલ્પ છે તે. આકરી વાત છે ભાઈ ! અનંતકાળમાં એને ધરમ કેમ થાય ? એ વાત વાસ્તવિક રીતે એણે કરી જ નથી. આહાહા ! આ દુનિયાના હેરાન હેરાન ભાવમાં. જુઓને આંહી તો કહે છે કે કેવી છે અંતર્જલ્પથી યુક્ત ? અંતરંગ વચન વ્યાપારથી યુક્ત ? અંતર વચન વ્યાપારથી યુક્ત છે. અંતરનો એ વચનનો વ્યાપાર છે. ભલેને વાણીનો વ્યાપાર બંધ થઈને મૌન પડયો બેઠો હોય. આહાહા ! પણ ભગવાન આનંદનું પ્રભુ સ્વરૂપ છે એ આનંદ ને જ્ઞાનનો એ ગંજ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે. એને અંતર્જલ્પ દ્વારા, વિકલ્પ દ્વારા પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી. કેમ કે એ વિકલ્પ પોતે અંતર વચનનો વ્યાપાર ને દુઃખરૂપ છે. આહાહા ! સમજાણું કાંઈ ? ભારે. હવે આવી ક્યાં અંદર મહેનત આવી કરવી ! અશક્ય નથી પણ છે દુર્લભ.

વસ્તુ છે ઈ પોતે ભગવાન આત્મા સિદ્ધ સ્વરૂપી નિર્વિકલ્પ અભેદ ચીજ છે. આહાહા ! પરમાત્મ પ્રકાશમાં તો ત્યાં સુધી લીધું એક ઠેકાણે નહિં ? લિંગ એનું સ્વરૂપ નથી. આ તો ઓલા લિંગ આવ્યું'તું ને ? લિંગ આપણે હાલે છે ને ? પણ એ લિંગમાં તો ભાવ નિર્વિકલ્પ દશા જે છે, નિર્વિકલ્પ દશા, ભાવલિંગ, એ પણ એનું સ્વરૂપ નથી. પર્યાય છે ને એટલે. લીધું છે ને ? આહાહા ! આંહી તો વિકલ્પજાળની વાત છે કે અંદર આવો છું, ને તેવો છું, ને પૂરણ છું, ને શુદ્ધ છું, ને ધ્રુવ છું, ને અભેદ છું, ને એક છું, ને અખંડ છું એવો જે વિકલ્પ ઉઠે છે એ અંતર વ્યાપાર, વચનનો વ્યાપાર છે. એ વિકલ્પ છે એ દુઃખરૂપ છે. આહાહા ! બહુ કામ, એણે કાંઈ દરકાર જ કરી નથી. હું કોણ છું ? કેમ પ્રાપ્ત થાય એની દરકાર જ કરી નહિં અનંતકાળમાં. આહાહા ! એમ ને એમ ચોર્યાશીની ઘાણીમાં પિલાયો છે.

(**શ્રોતા** : મોજમજા કરે) ધૂળેય નથી. ઈ તો હું હમણાં કહેવાનો હતો કે આ પૈસાવાળા કહેવાય આ, પાંચ પચાસ લાખ પૈસા હોય ને છોકરા પાંચ સાત મોટા, ચાર ચાર - પાંચ હાથના લાંબા, બબ્બે લાખ પેદાશ કરતા હોય ને સુખી ! ધૂળેય નથી.

દુ:ખી છે બિચારા ઈ. (**શ્રોતા** : દુ:ખી ને બિચારા બેય) બિચારા રાંકા છે ઈ. એમ વરાકા કીધું છે. એય ! આ રહ્યા જાદવજી ભાઈ, જુઓને ઘણાં લાખોપતિ છે ઓલો છોકરો ના પાડે છે. ભાઈ ગ્યા ? જેંતિભાઈ ! હવે એનો દીકરો, જેંતિભાઈ ધંધો કરે ન્યાં. ઘણાં લાખોપતિ, હુંડીનો. હવે એનો દીકરો ના પાડે છે. ઈ કહે, મારે ધંધો કરવો નથી, મારે પરણવું નથી. (**શ્રોતા** : આત્માનો ધંધો કરવાનું તો કહે છે) હા. ઈ કહે છે આ નહિં. જાદવજી ભાઈએ કર્યો ને જેંતિભાઈ ને એના બાપે કર્યો એ મારે કરવો નથી હવે. એમ ના પાડે છે.

એ કેશુભાઈ ! એમનો પૌત્ર છે ને દિલીપ, દિલીપ. મળ્યો છે કોઈ દિ' ? જોયો નહિં હોય ? અહીં આવે છે. સોળ વરસની ઉંમર છે, આ સત્તરમું ભાદરવે બેઠું. એને કહો તો કે ના, આપણે લગન કરવા નથી જાવજીવ, ને બાપના પૈસાના ધંધાના આપણે ધંધા કરવાના નથી. બાપુ ! આ ધંધો બીજી જાત છે ભાઈ ! આહાહા ! આવા મનુષ્યપણાનાં ટાણાં મળ્યા, એમાં જો આત્મા શું ચીજ છે એની જો પ્રાપ્તિ દૃષ્ટિમાં અનુભવમાં ન આવી એ ચોર્યાશીના અવતારમાં રખડવાનો છે. એ શેઠિયા મોટા મરીને પણ ઢોરમાં જવાના પાછા. સમજાણું કાંઈ ? આહાહા ! કોને પડી છે પણ એ દરકાર ? (**શ્રોતા** : ઢોર થાય એ તો ઘરડાં થાય ત્યારે ખાટકી ને ત્યાં મોકલે) તે મોકલે ન્યાં ખાટકીને ત્યાં જાશે. એ ગીરધરભાઈ ! આહાહા ! આહાહા ! અમારા કુંવરજીભાઈને કહ્યું'તું ને મેં કહ્યું બાપા, ભાઈ ! મને તો એવું લાગે છે બાપુ ! ઓહોહો !

આ તો છાંસઠ (૬૬) સાલની વાત છે. છાંસઠ (૬૬) વરસ પહેલાં. છાંસઠ વરસ પહેલાં, ૬૬ (છાંસઠ)ની સાલની વાત છે. ૧૯૬૬ (ઓગણીસ્સો છાંસઠ) ભાઈ ! કીધું. આ તને જંજાળ આટલી, એટલી લાગે છે મને તમને. તે દી' તો ૫૦૦૦ (પાંચહજાર)ની પેદાશ હતી ભાઈ વરસની બહુ વધારે નહોતી. પછી મરતાં વધારે પેદાશ બે લાખની પેદાશ દસ લાખ... ભાઈ ! મને એવું લાગે છે આ તમે મરીને જાણે આપણે વાણિયા છીએને એટલે આપણે માંસ, દારૂ છે નહિં એટલે વાણિયા નરકમાં તો નહિં જાવ. એ કેશુભાઈ ! તેમ દેવમાં જવાના લખ્ખણ દેખાતા નથી ભાઈ હોં મને એમ ઉંમર મારી વીસની તે દી' દેહની. વીસ વરસની ઉંમર. છાંસઠ (૬૬) વરસ પહેલાની વાત છે, પણ ભગત કહેવાતા ને એટલે કોઈ ના ન પાડે. ના ન પાડે ઈ. ભગત કહે એ સાંભળો. એની સામું બોલાય નહિં. નહીંતર એ મારાથી મોટા હતા ચાર વરસ. અત્યારે ૮૬ (છયાસી) એને ૯૦ (નેવું). ખુશાલભાઈ તે ૯૦ (નેવું) વરસ. ખુશાલભાઈથી કુંવરજી મોટા હતા થોડા.

ભાઈ ! આ શું છે ? આ શું છે ? આ માંડી છે આ. આટલી આ મમતા, મમતા. આખો દિ' રળવું, રળવું, રળવું. ગામમાં સાધુ આવે તો સાંભળવાનો જોગ નહિં, સાંભળવા જાય તો રાતના આઠે જાય. (**શ્રોતા** : પણ દુકાન બંધ કરીને જાય ને) દુકાન બધું... ઓલું શું કહેવાય ? નામું બામું લખી બધું પછી, સાધુ આવે ને ? રાતડીયા આવ્યા શ્રાવક એમ બોલે ઓલા આરે ! શું છે આ કીધું આ. આવી અવસ્થા આહાહા ! હવે એ પેદા થાય ને, ધૂળ થાય ને. સવારના ઉઠે ૬ (છ) વાગે તે રાતના ૮ (આઠ) સુધી ૧૪ (ચૌદ) કલાક મજૂરી કરે. એ મજૂરી છે કે બીજું શું ? (**શ્રોતા** : એ વિના પૈસા ક્યાંથી મળે ?) એ પૈસા એનાથી મળે છે ? પુણ્ય હોય તો, પૂર્વના પુણ્ય હોય તો મળે છે.

આ અમારે મનહરના ક્યાં ભાઈ, પ્રેમચંદભાઈને ખબર નથી ? મનહરને કેટલી બુદ્ધિ ને કેટલો સાધારણ છે. હવે એની પાસેય ૬૦ (સાઈઠ) લાખ થઈ ગયા હમણાં ૪ (ચાર) મહિનામાં - ૪ (ચાર) વરસમાં ૬૦ (સાઈઠ) લાખ. કોઈક તો કરોડ કે'તો ખાનગી. હા ૫૦ (પચાસ) (૫૦) - ૬૦ (સાઈઠ) લાખ તો છે. આપણે ફાવાભાઈનો દીકરો ધીરુભાઈ. મનહર છે ને ? સુરતમાં છે. હવે બુદ્ધિ જ એવી એવી સાધારણ છે. છોકરાની બુદ્ધિ સાધારણ છે, ફાવાભાઈની સાધારણ, એના બાપની સાધારણ, એના બાપનીય સાધારણ. એટલું જાણીએ છીએ અમે તો લ્યો. મનહર ધીરજલાલ, ધીરજલાલ ગાંડાલાલ, ગાંડાલાલ ફૂલચંદ. ત્યાં સુધી જોયું છે મેં. અમે અહીંથી ૬૯ (ઓગણસાઈઠ)માં ગયા પછી ગુજરી ગયા ઈ, ન્યાં ડોસા ગાંડાભાઈના બાપ. સાધારણ હતા બિચારા. અરેરે ! આ ચીજ છે એ કાંઈ પૈસા મળે એ કાંઈ ડહાપણથી મળે છે ? નહિં કેશુભાઈ ! હોંશિયાર બહુ ધ્યાન રાખે તો મળે એને ? ત્યાં મુંબઈ રોકાય તો મળે ને આંહી રોકાય તો એને મળે ન્યાં પૈસા ?

(**શ્રોતા** : અહીંયા તો ખરચવા પડે) હેં ? આહાહા ! એ તો બાપુ રાગ થાય, રળવાનો રાગ થાય વિકલ્પ, પણ એ પૈસા આવે એ કોઈ રાગથી આવે છે ? એ તો પૂર્વનાં પુણ્ય જ્યારે બાંધેલા એ ખરવાની તૈયારી હોય ત્યારે એવો સંયોગ આવી જાય છે, એમાં આત્માને શું ? આહાહા ! આંહી તો પરમાત્મા એમ કહે છે, સર્વજ્ઞદેવ ત્રિલોકનાથની વાણી પરમાગમની સંતો જગત પાસે જાહેર કરે છે. ભગવાન ! સાંભળ કહે છે. આહાહા ! એ બહારના ધંધાની ક્રિયા તો તારી છે નહિં, શરીરને હલાવવું ને વાણીને બોલવું એ પણ તારી ક્રિયા છે નહિં, પણ અંતરમાં હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગવાસના નો રાગ થાય, એ પાપ રાગ ને તે અધરમ છે એ દુઃખરૂપ છે, એ તારી ચીજ નહિં. આહાહા ! અહીંયા તો દયા, દાન ને વ્રતના વિકલ્પ જે આવે એ પણ તારી ચીજ નહિં, પ્રભુ ! એ તો દુઃખરૂપ

ભાવ છે. આહાહા ! એથી આગળ જઈને અંતરમાં, અખંડપ્રભુ ચૈતન્યમૂર્તિ બિરાજે છે આત્મા, એને ભેદથી વિકલ્પમાં વિચારમાં લાવવો, એ વિકલ્પ પણ દુ:ખરૂપ છે. આહાહા ! સુજાનમલજી ! આહાહા ! બાપુ, ક્યાંય શરણ નથી ભાઈ !

ભવસિંધુનો દરિયો મોટો ચોર્યાશીનો અવતાર, ભવસિંધુ ઊંડે, ઊંડે, ઊંડે ચોર્યાશીના અવતારમાં અનંતા ભવ કરીને મરી ગયો છે ઈ. આહાહા ! ખબર નથી એને ખબર નથી. જરીક કોઈ પાંચ(૫) - પચ્ચીસ(૨૫) લાખ પૈસા થાય, બાયડી છોકરા કાંઈક ઠીક થાય, વેપાર ઠીક ચાલે તો એમ માને કે અમે સુખી છીએ. ધૂળેય નથી સુખી, સાંભળને હવે. આહાહા ! આંહી તો પરમાત્મા ત્યાં સુધી લઈ ગયા વાતને, કે ભગવાન આત્મા નિર્વિકલ્પ ચીજ છે, એને અંતર્મુખમાં પ્રાપ્ત કરવા માટે આવા જે વિકલ્પો જે છે, ગુણગુણીના ભેદના અંતર વિકલ્પનો વચન વહેવાર એ કામનો નથી. એ દુ:ખરૂપ છે. આહાહા ! રોગ શરીરમાં આવે એ દુ:ખરૂપ નથી એ તો દુ:ખમાં નિમિત્ત છે. શું સમજાણું કાંઈ ? નિર્ધનતા, શરીરમાં રોગ, દેહનું ઉત્પન્ન થવું ને દેહનો વિયોગ થવો એ કાંઈ દુ:ખ નથી. એના સંયોગમાં આ સંયોગ મારો છે એવી જે બુદ્ધિ એ દુ:ખ. અને સંયોગના વિયોગ કાળે અરે ! મારી ચીજ ગઈ, એનાથી ગઈ, ગઈ. જાય છે. હું હવે મરી જાઉં છું, શરીરથી રહિત થાઉં છું એવો જે વિકલ્પ છે એ દુ:ખરૂપ છે. આહાહા !

કહે છે કે ઉત્પ્રેક્ષાજાળ - વિકલ્પજાળ. કેવી ? અંતર્જલ્પથી સહિત. અંતરનો વચન વ્યાપારથી યુક્ત. આહાહા ! એ વાંચવું છોડી દીધું, બોલવું છોડી દીધું આહાહા ! બહારનું. પણ અંતરમાં એ વિકલ્પની જાળ ઉઠયા કરે છે. અંતરવચન વેપાર, એને અંતર વચન વેપાર કહ્યો. આહાહા ! એ જ્ઞાતા દૃષ્ટા એવો ભગવાન આત્મા, નિર્મળાનંદ પ્રભુ સચ્ચિદાનંદ સ્વભાવથી ભરેલો પ્રભુ છે, એમાં આ વિકલ્પ ઉઠે કે આ હું આવો છું ને આ તેવો છું ને આ મારામાં રાગ નથી, આ રાગ વિનાની હું ચીજ છું એવી જે વિકલ્પની જાળ ઊઠે છે, આહાહા ! પ્રેમચંદભાઈ ! આવો મારગ છે. ત્યારે તમે કહો કે આવું એકકોર કહો ને વળી ભગવાનની મૂર્તિ ને મંદિરો ઈ શું ? વળી એને પૂજવા ને ભગવાનને પૂજવા એ તો વિકલ્પ છે. ભાઈ ! એ તો અશુભ રાગ ને વંચનાર્થે એવો શુભભાવ આવે પણ એ શુભભાવ એ છે તો દુ:ખરૂપ. આહાહા !

આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપી પ્રભુ છે, એવો અનુભવ હોવા છતાં, અંદર ઠરી ન શકે ત્યારે અશુભના પાપથી બચવાના શુભભાવ હોય, પણ છે એ દુ:ખરૂપ. આહાહા ! કારણકે દુ:ખરૂપ હોય તો કરવા શું કરવા ? પણ એ આવે, થયા વિના રહે

નહિં. નબળાઈ છે. આહાહા! ભગવાનના જન્મનો મહોત્સવ કરે ઈન્દ્રો. તાંડવ નૃત્ય કરે છે ને? ભગવાન જન્મે, વીતરાગ તીર્થંકર દેવ થવાના હોય જેને કેવળી એ ભવમાં. આવે એટલે કુટુંબ ભેગું થયું. ઈન્દ્ર ઘૂંઘરા બાંધીને આમ નાચે. હવે છે સમકિતી, એકાવતારી, બહારમાં હરખ જેવું દેખાય છે આમ. વિકલ્પ છે ને? હરખદાની કરે છે ને અંદરમાં એને એ દુઃખરૂપ લાગે છે. અરે! આત્માના આનંદથી વિપરીત ભાવરૂપ લાગે છે. જેઠાભાઈ! આવું છે માળે. ભારે મારગ બાપા! આહાહા! અરે! એણે મારગની જાતને જાણી નહિં. મારગની રીત શું છે એને પીછાણી નહિં. એમ ને એમ અનંતકાળથી રખડી મરે છે. સાધુ થાય, બહારથી બાયડી છોકરા કુટુંબ છોડીને, એ પણ કહે છે કે અંતરના વિકલ્પજાળથી છૂટે નહિં તો એણે કાંઈ છોડયું નથી. આહાહા!

વચન વ્યાપાર યુક્ત તે આત્માના દુઃખનું મૂળ એટલે કારણ છે. આહાહા! તેનો નાશ થતાં, તે ઉત્પ્રેક્ષાજાળનો - વિકલ્પજાળનો નાશ થતાં, જે પદ ઈષ્ટ છે, આહાહા! ભગવાન વીતરાગ મૂર્તિ પ્રભુ આત્મા, અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે, એવું જે ઈષ્ટ અભિલષિત ધરમીને જે ઈષ્ટ છે, અભિલષિત છે, એ પદની અભિલાષા કરવામાં આવી છે. જે પદની અભિલાષા પૂર્ણ આનંદ સ્વરૂપ પ્રભુ આત્મા તે શિષ્ટ છે. ઈષ્ટ તે શિષ્ટ છે એમ કહે છે. મોક્ષ, વીતરાગી દશા વીતરાગી ભાવ એ ઈષ્ટ છે. અને એ શિષ્ટ છે. અર્થાત્ તેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એ કહેવામાં આવ્યું છે કે પ્રભુ તારી વીતરાગ દશા, પરમ આનંદ દશાની અભિલષિત છે તો એને પ્રાપ્ત કર. એ વિકલ્પની જાળને છોડીને પ્રાપ્ત કર. વિકલ્પની જાળથી એ પ્રાપ્ત થશે (શ્રોતા નહિં) આહાહા!

**ભાવાર્થ** : અંતરંગ જલ્પ સૂક્ષ્મ વચન પ્રવૃત્તિ લ્યો. સૂક્ષ્મજલ્પ અંદરથી. પૂર્ણાનંદનો નાથ પ્રભુ એને અંતર્જલ્પથી, ઓલામાં નથી કહ્યું? જલ્પમાં વર્તે તે મિથ્યાદષ્ટિ છે. નહિં? નિયમસારમાં આવ્યું'તું ને? આજ આવ્યું'તું. બહિર ને અંતર્જલ્પમાં વર્તે તે બહિરાત્મા છે. આહાહા! જુઓ ને વાણી તો જુઓ. અંતર્જલ્પ ને બહિરમાં વર્તે, એમાં વર્તે ને એનું વર્તન છે મારું એમ માને એ મિથ્યાદષ્ટિ છે. આહાહા! એટલે માણસને આ સોનગઢની વાત એવી લાગે છે ને કે ઈ બધી નિશ્ચયની, નિશ્ચયની. હેં? (શ્રોતા : નિશ્ચયનો અર્થ થાય સત્ય) કારણકે નિશ્ચયનો અર્થ એ સત્ય અને વહેવારનો અર્થ અસત્ય ને ઉપચાર કથન બધાં. આહાહા!

ઓલો કહેતો'તો ને તે દિ' ત્યાં. આ વ્રત ને તપસ્યા ને ભક્તિ ને પૂજા એ ભાવને તમે ધરમ કહેતા નથી તો ગલતથી ગલતીથી લોકોનું કલ્યાણ અટકી જાય છે. કહો

જામનરમાં આવ્યું'તું. એ નવલભાઇ ! ખબર છે કે નહિં ? તે દિ' હતા ? એ વખતે પંદર(૧૫) - વીસ(૨૦) માણસ આવ્યા'તા, આમ છે ને આમ છે ને આમ છે. સાંભળો. અમારી હારે ચર્ચા કરો કે વિચાર તો વિચાર. ચર્ચા બર્ચા કોઇ હારે કરતા નથી. આ જે અમે કહીએ છીએ ને માન્યું છે એથી બધું જેટલું જગતમાં બધું વિપરીત છે. બધા ગલતીમાં ને અકલ્યાણને માર્ગે છે. જાઓ ઉઠો. અમારા ગુરુ આમ કહે, હવે તારો ગુરુ હતો ક્યાં ? આહા ! પણ હિંમતભાઇ બિચારા માણસ એવો હોં. હિંમતભાઇ. તંબોળીનો કાકાનો દીકરો. એ શેઠ. ત્યાં શ્વેતાંબરનો શેઠ પણ છોકરો એવો માણસ સજ્જન બહુ. મહારાજ આમ કહે છે હવે તમે શું કરવું છે તમારે ? નહિં તો એનો શેઠ.

બાપુ ! આ મારગ આમ નથી ભાઇ. તમને ખબર નથી માટે તમે ગલત કરી નાંખો. અરે ! વ્રત ને તપ શું ? આંહી તો અંતર્જલ્પનો વિકલ્પ પણ દુઃખનું કારણ છે એમ કીધું આંહી તો. તારા વ્રત ને તપ ને અપવાસ ને એ તો બધો રાગની ક્રિયા - જો રાગ મંદ હોય તો એને પુણ્ય કહેવાય છે એ દુઃખરૂપ છે. આહાહા ! બાબુભાઇ ! શું છે આ બધું ? દેહગામમાં ય બધા બેસે છે આ ? (શ્રોતા : કો'ક ને જ બેસે એવું) આહાહા ! ભાઇ તું કોણ છો ? ક્યાં છો ? તારી તપાસ તો કર. તું કોણ છો ભાઇ ? હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ? એ અંતરમાં આહાહા ! એવી વાત લીધી છે. સમાધિની વાત છે ને ? કે આત્માને સમાધિ એટલે સુખ થાય, ક્યારે ? કે આ વિકલ્પની જાળ છોડે ત્યારે. આહાહા ! આ વ્યાખ્યાન આપે તો એમ અપાય ને બાકી તો સ્વરૂપમાં જાય છે ત્યારે વિકલ્પ ઉત્પન્ન થતા નથી, એને છોડે છે એમ કહેવામાં આવે છે. આહા ! સમજાણું કાંઇ ? આવો મારગ કેવો આ ?

હવે એક કોર આવા ૨૬(છવ્વીસ) - ૨૬(છવ્વીસ) લાખના મંદિર કરવા ને કરોડો રૂપિયા ખર્ચાઇ ગયા છે આંહી ચાલીસ વરસમાં. મંદિરો ને બંગલા ને મકાન હેં ? (શ્રોતા : આ જમીન માગટી છે) જમીન માગટી છે એ તો એને કારણે થયું બાપુ ! એ કોઇએ કર્યું છે ? હેં ? રામજીભાઇ પ્રમુખ છે ને ? પ્રમુખ તો એ હતા કે નહિં ? (શ્રોતા : ખબર નથી પ્રભુ મેં તો ઘણાં વર્ષથી રાજીનામું આપી દીધું છે) અત્યારે રાજીનામું ક્યાં છે ? ઓલા પ્રમુખ તો ત્યાં પડયા બેઠા છે. (શ્રોતા : હમણાં કામ ચાલે છે ને, કામ કોઇનું અટકે છે ?) એ બધું તમને પૂછીને કરે છે બધા. (શ્રોતા : મને શું ?) એય. આહાહા ! પણ કોઇના કર્યા થાય છે આંહી કહે છે. હેં ? આહાહા ! આ શરીરનું આંગળું ઊંચું થવું એ આત્માનું, આત્માથી નહિં ભાઇ તને ખબર નથી. પ્રભુ તું જ્ઞાન - આ ઓલામાં નાંખ્યું છે. ઓલા પરમાત્મપ્રકાશમાં કે જીવ તો પાંગળો છે એમ ભાઇએ નાંખ્યું છે ને ? કર્મને લઇને પરમાં

જાય એવું નાંખ્યું છે ન્યાં. આહાહા!

એકલી ચીજ છે આત્મા આનંદનો નાથ, એ સંસારમાં કેમ જાય? પણ કર્મના સંગમાં પડેલી વૃત્તિ છે ને? એને લઈને એ ચાર ગતિમાં જાય છે. આહાહા! આંહી મોટો ચક્રવર્તી હોય, હજારો રાણીઓ હોય, ૯૬(છન્નુ) હજાર રાણીનો સાહ્યબો એ મરીને સાતમી નરકમાં, રવરવ નરકે જાય. આહાહા! પડદો પડી ગયો. થઈ જાવ. આહાહા! ચૈતન્ય નિર્વિકલ્પ નાથને જાણ્યો નહિં તે. એ વિકલ્પથી તને લાભ થાય એવી માન્યતામાં, મિથ્યાત્વમાં ઘૂંટાણો, અને એવા અશુભભાવ તીવ્ર થયા હોય તો રવરવ નરકે જાય. આહાહા! અને કોઈ શુભભાવ વાળો હોય, સ્વરૂપના ભાન વિનાના વિકલ્પો કર્યા, દયા, દાન, વ્રતના અને આ અંતર્જલ્પના એનાથી શુભભાવ થાય તો સ્વર્ગમાં જાય એથી એને આત્માને શું? ન્યાંય દુઃખી છે, સ્વર્ગમાં દેવો દુઃખી છે. આત્માની શાંતિથી ખસી ગયા છે. ચંદનના લાકડા અગ્નિવાળા હોય તો એ પણ બાળે. એમ ત્યાં સુખના સાહ્યબી ઘણી છે પણ એના ઉપર લક્ષ જાય છે તો રાગ થાય ને એ બાળે છે આત્માને. આહાહા!

આંહી તો કહે છે કે અંતર્જલ્પ - અનેક પ્રકારના વિકલ્પરૂપ કલ્પના જાળ તે સંસારી આત્માને દુઃખનું મૂળ છે. આહાહા! સંયોગ દુઃખનું કારણ નથી. એ તો નિમિત્ત છે, પણ એ પોતાનો જે ભાવ છે ને વિકલ્પની જાત, સ્વરૂપ છે ભગવાન એ તો વીતરાગમૂર્તિ નિર્વિકલ્પ સ્વરૂપ ચૈતન્યનું છે, એમાંથી ખસીને જેટલા વિકલ્પ વૃત્તિઓ ઉઠે એ બધીય દુઃખરૂપ છે. ભગવાન આત્મા આનંદરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ છે ત્યારે આ વિકલ્પ એટલે દુઃખરૂપ છે. આહાહા! ભારે વાતું ભાઈ! દેવ, ગુરુ, શાસ્ત્રને માનવા એ પણ એક વિકલ્પ છે. એ દુઃખરૂપ છે. આવી વાતું ભારે આકરી. ઓલા કહે કે આપણે ગુરુની ભક્તિ કરો. ગુરુ આનંદ ઓલો કહેતો'તો ઓલો બાવળાવાળો હતો ને એક ખોજો હીરાલાલને? હીરાભાઈ નહિં? હેં? (શ્રોતા : હીરાભાઈ) હીરાભાઈ.

એક હતો મુસલમાન નામ ઓલાનું કાસમી. હા. ઈ આંહી વેપાર કરતો'તો. શ્રીમદ્ ના ભગત કહેવાય. ઈ તો એમ કહેતો'તો કે અમારે તો શ્રીમદ્ ને પકડયા, એમને મોક્ષ દેવો હશે તો દેશે કહે. અમારે કાંઈ કરવાનું છે નહિં. ઓહોહો! હેં? (શ્રોતા : અમારે એની ભક્તિ સિવાય બીજું કાંઈ) અમારે બીજું હાં ઈ તો કરી દેશે મોક્ષ કરી દેશે અમારો. કહો, આવા આંધળા આરે! પછી એમાં અમારે એમ જોવાનું નથી કે આ શ્વેતાંબરનું મંદિર છે કે દિગંબરનું. અમે તો બધે જાઈએ એમ કહેતા'તા. આહાહા! અરે જીવ! ક્યાં અટકીને માની બેસે છે ને! એમ ને એમ ભવ, એમ ને એમ ભવ ભ્રમણ અનંતા ઊભા રહે છે માથે.

આહાહા! સંસારી આત્માને દુઃખનું મૂળ છે તેનો નાશ થાય તો જ પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થાય. આહાહા! એ વિકલ્પનો નાશ કરે તો નિર્વિકલ્પ વીતરાગ પદની પ્રાપ્તિ થાય. આહાહા! પહેલો એ વિકલ્પનો નાશ કરે તો સમ્યગ્દર્શનરૂપી વીતરાગી પર્યાય થાય. પછી અસ્થિરતાના વિકલ્પનો નાશ કરે તો સ્થિરતારૂપી વીતરાગ દશા થાય. આહાહા! સહાયક ખરું કે નહિં? સહાયક છે એમ કીધું આવ્યું'તું ને ક્યાંક નહિં? હેં? શુભ સહાયક છે છાપામાં આવ્યું'તું છાપામાં.

આ જીવ પોતાના ચિદાનંદમય પરમ અતીન્દ્રિય અવિનાશી નિર્વિકલ્પ સ્વરૂપ હારે જુઓ. આહાહા! આ જીવ પોતાના ચિદાનંદમય - ચિદ્ નામ જ્ઞાન ને આનંદમય પરમ અતીન્દ્રિય, અવિનાશી, નિર્વિકલ્પ, અભેદ સ્વરૂપને ભૂલી આહાહા! જ્યાં સુધી બાહ્ય વિષયોના લક્ષે, વિષયોના લક્ષે ને વિષય ભગવાનની વાણીને વિષય કીધો. રાગનેય. વાણી, ભગવાન ને વાણી, એ સ્ત્રી ને કુટુંબ બધો પર વિષય છે. ભલે દેવ, ગુરુ, શાસ્ત્રની વાણીનો શુભરાગ હોય પણ એનો વિષય તો પર છે. આહાહા! આકરું કામ ભારે. કહે છે કે બાહ્ય વિષયોના લક્ષે ચાહે તો દેવ, ગુરુ, શાસ્ત્ર હોય ને ચાહે તો મૂર્તિ ને પ્રતિમા, ને શેત્રુંજય ને સમ્મેદ્શિખર હોય. (શ્રોતા : સોનગઢ રહી ગયું) એ સોનગઢ આવી ગયું ને ભેગું એમાં. સોનગઢ તો હમણાં થયું નવું. આહાહા! બાહ્ય વિષયોના લક્ષે દુઃખોના મૂળ કારણભૂત અંતર્જલ્પરૂપ અનેક વિકલ્પોની જાળમાં ફસાયેલો રહે છે. આહાહા! ત્યાં સુધી તેને સુખમય પરમ વીતરાગપદની પ્રાપ્તિ થતી નથી. અતીન્દ્રિય ભગવાન આત્મા આનંદ સ્વરૂપ વીતરાગી આનંદ સ્વરૂપ એ વિકલ્પમાં જ્યાં સુધી રોકાય ત્યાં સુધી એને વીતરાગી આનંદમયની પ્રાપ્તિ થતી નથી. આહાહા!

આ તો બહુ એલ.એલ.બી.ની વાતું છે એમ કહે છે કેટલાક વળી આ તો એલ. એલ. બી. ને બી. એ. ની વાતું છે. શરૂઆત શું? આ શરૂઆતની વાત આ છે, સાંભળને હવે. વિકલ્પથી રહિત થઈને અનુભવ કરવો આત્માનો, એ જ શરૂઆત છે. આહાહા! વસ્તુ છે ચૈતન્ય ભગવાન. આંહી શબ્દ વાપર્યાને જુઓને! પોતાના ચિદાનંદમય પરમ અતીન્દ્રિય અવિનાશી નિર્વિકલ્પ સ્વરૂપ એમ, એને ભૂલીને આહા! જ્યાં સુધી વિષયોના લક્ષે, દુઃખોના મૂળ કારણ અંતર્જલ્પ અનેક વિકલ્પોની જાળમાં ફસાયેલો તેને સુખમય પ્રભુની પ્રાપ્તિ થતી નથી. આહાહા! તે પદની પ્રાપ્તિ તો તેને હોય જે અંતર વિકલ્પની જાળનો સર્વથા ત્યાગ કરે. આહાહા! આ ત્યાગ કરવાનો છે. બાયડી, છોકરા છોડી, દુકાન છોડીને સાધુ થયો, ત્યાગ કર્યો. ધૂળેય નથી ત્યાગ કર્યો. સાંભળને હવે એય!

હેં? (શ્રોતા : ઘરબાર, બાયડી છોકરા ત્યારે બધું છોડે) ક્યાં હતું? પણ એનામાં હતું કે છોડે, એ તો બાહર જ હતું. હતું ક્યાં એનામાં? કે દિ' એણે પકડયું હતું પર્યાયમાં? તે છોડે? આહાહા! બાયડી, છોકરા, દુકાન, ધંધો છોડયા, અમે ત્યાગી થઇ ગયા, હવે ધૂળેય નથી ત્યાગી. સાંભળને.

અંતરના જલ્પને છોડયા વિના મિથ્યાત્વનો ત્યાગ થતો નથી. આહાહા! સમજાણું કાંઇ? અને પહેલો ત્યાગ તો એ છે. મિથ્યાત્વનો ત્યાગ એ પહેલો ત્યાગ છે. જો મિથ્યાત્વના ત્યાગમાં તો નિર્વિકલ્પ આનંદનો અનુભવ કરે, સમ્યગ્દર્શન કરે તો મિથ્યાત્વનો ત્યાગ થાય. આહાહા! (શ્રોતા : ઇ તો વ્રત ધારણ કરેને એ સમકિત હોય) હોય જ તે બધું અજ્ઞાની માને છે. વ્રત લઇને બેઠા માટે આમ સમકિત હોય જ અમારે. એકડા વિનાના મીંડા છે એ તો. વ્રત લીધા ને અમે ચારિત્ર લીધા. ક્યાં વ્રત હતો તારે સાંભળને! મિથ્યા શ્રદ્ધા પડી છે મોટી. આહાહા! આપ્યું છે ને ઓલીની ૩૨(બત્રીસ) ગાથા. ચરણાનુયોગ. પ્રવચનસાર - બત્રીસ(૩૨) એકાગ્રતા તે શ્રમણપણાનું લક્ષણ છે. સ્વરૂપમાં એકાગ્રતા - શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર ત્રણેની એકાગ્રતા છે અંદર, એનું નામ શ્રમણનું લક્ષણ છે ને શ્રમણ સ્વરૂપ છે. હવે એકાગ્રતાની તો ખબર ન મળે. ક્યાં એકાગ્ર થવું? સમજાણું કાંઇ?

બત્રીસ(૩૨)થી શરૂ કર્યું છે ને ચરણાનુયોગમાં? આ તો જરી વિચાર આવ્યો તો કીધું આ આવશે ને આમ તમારો... તમારો શું કહેવાય? (શ્રોતા : ક્લાસ) ક્લાસ. એ વખતે આપણે આ હશે. ચરણાનુયોગ શરૂઆતમાં આવશે ત્યારે કીધું શું વાંચશુ? એવો વિકલ્પ આવ્યો'તો. બત્રીસ(૩૨) ગાથા. સારી વાત છે. મોક્ષમાર્ગની છે ને? એકસો બત્રીસ(૧૩૨). (શ્રોતા : મોક્ષમાર્ગનો પ્રથમ જ ત્યાંથી શરૂ થાય છે) ત્યાંથી શરૂ થાય છે બહુ સરસ. ઓહો! સાધુ એટલે શું? સ્વરૂપ આનંદનો નાથ પ્રભુ એમાં જેની એકાગ્રતા, એની સન્મુખમાં જેની એકાગ્રતા, આહાહા! અને વિકલ્પ જાળ એ તો પર સ્વરૂપમાં એકાગ્રતા છે. સમજાણું કાંઇ? એ ચરણાનુયોગના અધિકારમાં આ વાત મૂકી છે. લ્યો એકાગ્રતા ને એકાગ્રતા પછી ભાઇએ (એમ) લીધું કે આગમના જ્ઞાન વિના એકાગ્રતા થાય નહિં. નિશ્ચય છે ને વસ્તુ આ છે. આહાહા!

જ્ઞાનમાં આત્મા પૂર્ણ છે. નિત્ય ધ્રુવ છે, એવી દૃષ્ટિની એકાગ્રતા થયા વિના એને સમ્યગ્દર્શન ન થાય, અને જ્ઞાન સ્વરૂપી ભગવાનમાં એકાગ્રતા વિના સમ્યગ્જ્ઞાન ન થાય. કાંઇ પરથી જ્ઞાન થાય છે? શાસ્ત્ર ને પાનાથી? આહાહા! અને સ્વરૂપમાં એકાગ્રતા થયા વિના ચારિત્ર ન થાય. સ્વરૂપમાં એકાગ્રતા, સમકિત સ્વરૂપમાં એકાગ્રતા,

જ્ઞાન સ્વરૂપમાં એકાગ્રતા એ ચારિત્ર છે. આહાહા ! આ વિકલ્પ છે એ તો રાગની એકાગ્રતા છે કહે છે. આહાહા ! લ્યો, પ્રાપ્તિ તો હોય, જે અંતર્જલ્પ વિકલ્પની જાળનો સર્વથા ત્યાગ કરે. સુખમય પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થાતી નથી વિકલ્પથી. તે પદની પ્રાપ્તિ તો તેને હોય જે અંતર્જલ્પ વિકલ્પની જાળનો સર્વથા નાશ - સર્વથા ત્યાગ કરે અને પોતાના ચૈતન્ય ચમત્કારરૂપ વિજ્ઞાનઘન. આહાહા ! કેવો છે ભગવાન આત્મા ? ચૈતન્ય ચમત્કારરૂપ એવો ચમત્કાર છે કે એક સમયમાં જેની જ્ઞાનની દશા ત્રણકાળ ત્રણલોકની હૈયાતિને સ્પર્શયા વિના જાણે એવો ચૈતન્ય ચમત્કાર છે. સમજાણું કાંઇ ? બીજા ચમત્કાર જોવા ત્યાં આમ થયું ને આને ઘેર આમ થયું ને એ ચમત્કાર બધા સમજવા જેવા છે. આહાહા !

હમણાં કો'ક આવ્યું'તું કો'ક મોટર લઈને બે દિ' પહેલા. કાંઈક છોકરાને ઠીક નહોતું મેં માનતા કરી છે આંહીની. એ સારું થયું માટે માનતા પગે લાગવા આવ્યા છીએ. આહાહા ! આવાય છે. (શ્રોતા : એ સાજા થઈ જાય છે માનતામાં) એ સાજા તો એના પુણ્યથી થાય છે. (શ્રોતા : પણ પુણ્યમાં નિમિત્ત તો થાવ છો ને આપ) નિમિત્ત તો એનું થાય ત્યારે ને. જ્ઞાન તો કરવું પડેને. એ અહીંયા ઓલી મોટર નથી મોઢા આગળ એક પૈડું ને એવી મોટર હતી હેં ? (શ્રોતા : ટેમ્પો. ત્રણ પૈડાવાળી) હા ત્રણ પૈડા વાળી ત્યાં ઉભી હતી ને હેઠા ઉતર્યા એમ કો'ક કહેતું'તું, બાધા હતી તે ચેતનજી (શ્રોતા : ચેતનજી) હા, અરે ! બહારની ચીજને બહારની બાધાથી મટે ? એ બધી ભ્રમણા છે. (શ્રોતા : સાચી શ્રદ્ધા તો ક્યાંય નથી) સાચી શ્રદ્ધા શેની ? આંકડા (એક ઝાડ) ઉપર સાચી શ્રદ્ધા કરે તો આંબો થઈ જાય ત્યાં ?

(**શ્રોતા** : આંકડો આંકડાનું ફળ આપે) બહુ નક્કી કરે કે આહાહા ! એ આંકડો નથી આંબો છે, આંકડો નથી આંબો છે એમાં સાચી શ્રદ્ધા એ તો આંકડા માંથી આમ કેરી આવે ? (**શ્રોતા** : એ કેરી આવે ખરી પણ એ બીજી જાતની હોય) એ કેરો ક્યાં હતો ? પોલું ભમ હોય હવે એ તો. આંકડાનું ફળ તો પોલું ભમ. આ આંકોડીયા વેંચે ને લાલ - લીલા.અહીંયા તો ચૈતન્ય ચમત્કારરૂપ વિજ્ઞાનઘન આહાહા ! એવો આત્મા. એમાં લીન થઈ જાય ત્યારે એને આત્માનું ભાન થાય ને વીતરાગતા આવે. આહાહા ! આવી વાત ભાઈ !

## વિશેષ

હિંસાદિ અવ્રતરૂપ અશુભ વિકલ્પો - હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ અને પરિગ્રહ એનો ભાવ તે અશુભભાવ તે અશુભ પાપભાવ એ અશુભ વિકલ્પ, અહિંસા - પરની અહિંસા, દયા, સત્ય બોલવું એવો વિકલ્પ હોય અંદર, ચોરી નહિં,

બ્રહ્મચર્ય પાળવું શરીરથી એવો વ્રતરૂપી શુભ વિકલ્પ છે એ તો, શુભરાગ છે. આહાહા! બન્ને પ્રકારનાં વિકલ્પો રાગદ્વેષાદિરૂપ હોવાથી આત્મસ્વરૂપના ઘાતક છે. મહાવ્રતના પરિણામ પણ આત્મસ્વરૂપના ઘાતક છે કહે છે. આહાહા! છે? જુઓ. ભગવાનની પૂજા, ભક્તિ, અણુવ્રત, મહાવ્રત આદિ. છે? એમાં છે. મૂક્યું છે થોડું. શુભરાગ છે એ તો. આહાહા! હોય ભલે પણ એ છે રાગ. એ કાંઈ આત્માનો સ્વભાવ નહિં ને ધર્મનું કારણ નથી. આહાહા!

આ સમસ્ત પૂજા, ભક્તિ, અણુવ્રત તપાદિ કરવાના ભાવ, અપવાસ કરું, ઉણોદરી કરું, રસ છોડું એ બધો શુભ વિકલ્પ - શુભ રાગ છે એ તો. વિકલ્પનું વૃત્તિનું ઉત્થાન છે એ તો પુણ્ય છે, રાગ છે, અધર્મ છે. આહાહા! (**શ્રોતા :** એ રાગ છે ત્યાં.) એ ધર્મ નહિં એટલે અધર્મ છે એમ કીધું. સ્પષ્ટ ભાષા છે. આહાહા! એ ધર્મ નહિં, એ શુભભાવ ને અશુભભાવ બેય ધર્મ નહિં. આહાહા!આ સમસ્ત શુભ - અશુભ વિકલ્પોથી હઠી, ઉપયોગ જ્યારે આત્મસ્વરૂપમાં સ્થિર થાય; આત્મ સ્વભાવ, સ્વરૂપ એટલે ત્રિકાળી સ્વભાવ, આનંદ ને જ્ઞાન એવો ત્રિકાળી સ્વભાવ, એમાં સ્થિર થાય, આહાહા! ત્યારે જ પરમ વીતરાગપદની પ્રાપ્તિ થાય. ત્યારે જ પ્રથમ સમ્યગ્દર્શન થાય, ત્યારે સમ્યગ્જ્ઞાન થાય, સ્વરૂપ આચરણ થાય, પછી વિશેષ સ્થિરતા થાય, પછી પરમપદની પ્રાપ્તિ કેવળજ્ઞાન થાય. આહાહા!

સ્વ શુદ્ધ ચૈતન્યમૂર્તિના આશ્રયથી આ બધું થાય. ઓલા વિકલ્પની જાળ વચમાં આવે - શુભરાગ પણ એનાથી વીતરાગતાની શુદ્ધિ થાય કે વૃદ્ધિ થાય કે પૂર્ણતા થાય, એનાથી ન થાય. આમાં આવ્યું છે ને ઓલું પરંપરા, પરંપરા પણ કારણ આ માને તો તે મૂળમાં ભૂલ છે. અહીંયા ભૂલ કાઢે લોકો પણ લખ્યું છે શાસ્ત્રમાં વહેવારને પરંપરા કારણ કહ્યું છે કહે છે. (શ્રોતા : પણ નિશ્ચય હોય એને) એ તો જેને આત્મજ્ઞાન દર્શન થયું છે આનંદનો સ્વાદ આવ્યો છે એને જ્યારે અશુભથી મટીને શુભમાં આવ્યો છે, એથી એ શુભ મટાડીને આગળ જશે એ અપેક્ષાએ કહ્યું છે. હા, બાકી તો શુભરાગ એ તો બંધનું, દુ:ખનું કારણ છે એ સુખનું કારણ થાય? પરંપરાએ તે પણ? આહાહા!

અરે! આત્માને એવી વિકલ્પ જાળ ઊંધા અર્થ કરી રખડાવી માર્યો એણે. આહાહા! એક દિવસ એવો આવશે બધું છોડવું પડશે એને દેહાદિ ............... જાઓ. વાણી નહિં, દેહ નહિં. આહાહા! બાયડી, છોકરા ને ધૂળ ને મકાન તો ક્યાંય પડયા રહેશે બિચારા. આહાહા! હાલ્યો જશે. પરને પોતાનું માનીને દુ:ખી થઈને ચાર ગતિમાં રખડશે.

આહા ! એને કહે છે કે સુખી થવું હોય તો એકવાર આ તો કર પ્રભુ. આહાહા ! તારી ચીજ તારી પાસે પ્રત્યક્ષ પડી છે. નિર્વિકલ્પ પરમ આનંદમય મૂર્તિ પોતે આત્મા પડયો છે. છે તે પ્રાપ્તની પ્રાપ્તિ કર. આહાહા ! રાગાદિ તો તારામાં છે નહિં. એને પ્રાપ્ત કરવા જાશે તો દુ:ખી થઈશ. સમજાણું કાંઈ ? આવો મારગ તે બેસવો કઠણ પહેલો તો, સાંભળ્યું ન હોય કેટલાકે નવા માણસ જેવા હોય તદ્દન. શું કહે છે આ તે વાત ? આહાહા !

અરે ! આખો દિ' અમે અપવાસ કરીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ, દાન કરીએ, દયા પાળીએ તો કહે છે કે એ ધરમ નહિં. અત્યાર સુધી તો અમે ભાઈ ધરમ, ધરમ માનતા હતા. બાપુ એ તો વૃત્તિનું ઉત્થાન છે. વૃત્તિ ઉઠે છે એ તો વિકલ્પ છે. રાગ છે. એ, એ ધરમ નહિં. આહાહા ! એનું કારણ છે કે એ ચીજ પોતે વિકલ્પ રહિત છે એવી ચીજ છે ઈ વાત એને બેસતી નથી. આ પ્રભુ અંદર છે એ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવ છે. એ વિકલ્પને અડયોય નથી કોઈ દિ'. જે દ્રવ્ય સ્વભાવ છે, ચૈતન્ય સ્વભાવ છે એ વિકલ્પને અડયોય નથી. આહાહા ! સ્વભાવ વિભાવને કેમ અડે ? એવી ચીજ અંદર છે એ વાત બેસતી નથી. સમજાણું કાંઈ ? ને ઓલી જે રમતું કરી છે ને - પુણ્ય પાપના વિકલ્પમાં રમ્યો છે ને એ એને મોઢા આગળ થઈ પડયું છે. હેં ? ઓલી વાત રહી ગઈ આખી. આહાહા !

ત્યારે પરમ વીતરાગ પદની પ્રાપ્તિ થાય છે. આધાર આપ્યો. સમયસાર ગુજરાતી આવૃત્તિ ગાથા ૧૮૭(એકસો સત્યાસી),૧૮૮( એકસો અઠયાસી), ૧૮૯(એકસો નેવ્યાસી) એ હવે આધાર આપ્યો છે. આત્માને આત્મા વડે, ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ, એ ચિદાનંદ સ્વરૂપની પરિણતિ દ્વારા. આહાહા ! બેય પુણ્ય પાપરૂપ શુભાશુભ યોગોથી રોકીને, એ શુભ ને અશુભ બેય પુણ્ય ને પાપ, એનાથી રોકીને દર્શન જ્ઞાનમાં સ્થિત થઈ, આત્માને જે ચિદાનંદ સ્વરૂપ, આત્મા વડે - ચિદાનંદની પરિણતિ દ્વારા આહાહા ! સ્વરૂપમાં ઠરીને, અન્ય વસ્તુની ઈચ્છાથી વિરમી, જે આત્મા ઈચ્છા રહિત થવાથી, સર્વસંગ રહિત થઈ, મુનિપણું લેવું છે ને વિશેષ ન્યાં ! પોતાના આત્માને આત્મા વડે ધ્યાવે છે. આનંદના નાથને આનંદના નાથની દશા - આનંદની દશા દ્વારા ધ્યાવે છે. આહાહા ! જ્ઞાન સ્વભાવને જ્ઞાન સ્વભાવ દ્વારા ધ્યાવે છે. કહો આવું છે.

એક કથન આવે છે શ્રીમદ્‌માં કે ભાઈ ! આ દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિ આદિ સાધન છે. એવું કાંઈ આવે છે, એક કાગળમાં આવે છે ઓલું નહિં ? મોટો કાગળ છે એ તો એક વાત જણાવી. ભક્તિ સાધન એ સાધન નથી. જરીક કઠણ પડે એવી વાત છે.

એમાં, આમાં આવે છે ને 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય'. કયા સાધન ? (શ્રોતા : આત્માની સમીપ જવું એ સાધન, બીજા કયા સાધન ?) વિકલ્પ ને ભક્તિ એ સાધન છે ?ન્યાં અર્થ એવો થયા વિના હાલે, બીજો અર્થ થઇ શકે એવું નથી ત્યાં. એય ! 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય'. ક્યા સાધન ? આ ભક્તિ, વ્રત, તપના ભાવ ને એ બધી ... પણ એ સાધન જ નથી. આહાહા ! બહુ આકરું કામ. કેમ કે વસ્તુ પોતે જ નિર્વિકલ્પ પિંડ પડયો છે આખો. 'જેવો સિદ્ધ એવો હું, એવો હું એવા સિદ્ધ' એ આવે છે ને કે ભક્તિમાં નથી આવતું ?

अहां - तहां, આવે છે ઓલી ભક્તિ. એમાં કાંઇ ફેર નથી. એવો આત્મા છે એ તદ્દન વીતરાગ સ્વરૂપી છે, અકષાય સ્વભાવી છે, પૂરણ જ્ઞાતા દ્દષ્ટા છે, પૂરણ આનંદ છે. પર્યાય ને અલ્પની અહીંયા વાત નથી. ન્યાં તો પૂર્ણ સ્વરૂપ છે એવો આત્મા એની દૃષ્ટિમાં બેસતો નથી. એટલે વિકલ્પની જાળથી કાંઇક થાશે એમ ત્યાં રોકાઇ જાય છે. આહાહા ! પ્રેમચંદભાઇ ! આવી વાત છે બાપુ. આહાહા ! એવો આત્મા છે એ કીધું'તું ને બધું જુઓને કે આત્માને આત્મા વડે, તે આત્મા આવો છે. જ્ઞાન ને આનંદ સ્વરૂપી પ્રભુ આત્મા વડે, એની નિર્મળ પરિણતિ દ્વારા તે પ્રાપ્ત થાય છે. આહાહા ! પણ એવો છે એ એને વિશ્વાસમાં આવતો નથી ને વિશ્વાસમાં આવ્યા વિના સન્મુખ થઇ શક્તો નથી. આહાહા ! અને પર તરફની જે સ્વભાવથી વિમુખતા એમાંથી ખસતો નથી. આહાહા !

આવી ચીજ છે ભાઇ ! તેથી આંહી કહ્યું ને ! આત્મા ને આત્મા વડે એટલે કે આત્મા વડે તે આત્મા જ એવો છે. ઇ જ્ઞાન ને આનંદ ને વીતરાગી સ્વભાવવાળો આત્મા તે આત્મા વડે એટલી એની વીતરાગી પર્યાય દ્વારા. પણ આવો છે એવી વાત બેઠા વિના આત્મા વડે એને ક્યાંથી આવે ? સમજાણું કહું છું એ ? આહાહા ! હેં ? આત્મા આત્મા વડે, પુણ્ય પાપને રોકીને એનો અર્થ એ થયો કે આત્મા જ્ઞાન, દર્શન, આનંદથી પરિપૂર્ણ તત્ત્વ તે આત્મા. એને જ આત્મા કહ્યો ને ૩૮ (આડત્રીસ) ગાથામાં નહિં ? નિર્મળ નિયમસારમાં એ આત્મા. આમાંય કહ્યું આ પરમાત્મ પ્રકાશમાં - ૬૮ (અડસઠ) ગાથા. जीवो न बंध मोखं करेइ જીવ તે બંધ મોક્ષને કરતો નથી. આહાહા ! એને જીવ ને આત્મા કહીએ. આહા ! આનંદ ને જ્ઞાન સ્વરૂપી જ્ઞાતાથી ભરેલો ભગવાન એને આત્મા કહીએ. અને એ આત્મા બેસે એટલે એની પર્યાયમાં પરિણતિ નિર્મળ થાય એ દ્વારા આત્મા જણાય. આહાહા ! સમજાણું કાંઇ ? આવું છે ભાઇ !

દુનિયાને બેસે ન બેસે. વિરોધે ય કરે. સ્વતંત્ર છે બાપુ આહાહા ! આ તો

વહેવારાભાસ થઇ જાય છે. નિશ્ચયાભાસ થઇ જાય છે. વહેવાર રત્નત્રયથી લાભ થાય એવું આવતું નથી. વહેવાર છે ખરો હોં! વહેવારનો વિષય ને વહેવાર છે ખરો, પણ એ લાભદાયક નથી. આંહી કહ્યું ને વિકલ્પ છે ખરા, પણ દુઃખનું દુઃખનું કારણ છે. આહાહા! એટલે વહેવાર ને વહેવારનો વિષય નથી એમ નહિં, પણ છે પણ એ દુઃખરૂપ છે. આહાહા! ભગવાન આત્માની પ્રાપ્તિ દુઃખના કારણે ન થાય. એનો નિર્મળ સ્વભાવ, નિર્મળ પ્રભુ એની પરિણતિ નિર્મળ દ્વારા તેની પ્રાપ્તિ થાય.

વિશેષ કહેશે....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

જેમ કંદોઇને ત્યાં ચૂલામાં ઊંચેથી તેલના ઉકળતા કડાયામાં પડેલો સર્પ અર્ધો બળી ગયો પણ તે બળતરાથી બચવા માટે ચૂલામાં ઘુસી જતાં આખો બળી ગયો. તેમ જગતજીવો પુણ્ય - પાપમાં તો બળી જ રહ્યા છે અને તેમાં એ વિશેષ સુખની લાલસામાં વિશેષ બળાય છે એવા વિષયોમાં ઝંપલાવી સુખ માને છે.

દ્રષ્ટિનાં નિધાન ૨૯૩.

જેમ જમીન જરા ખોદતાં ચરુની ખાણ નજરે પડે તો કેટલો ખુશી થઇ જાય! બે તસુને અંતરે અંદર ચરુ હોય તો જ્યાં ઉપલું પડ ઉખેડતાં એકલા હીરા જ નજરે પડે છે, તેમ રાગ સાથેની એકતા તોડીને જોવે તો આત્મામાં એકલા હીરા જ ભર્યા છે. જેમ ચરુ જોતાં ખુશી થાય છે, તેમ આ આત્મામાં ચૈતન્યહીરાની ખાણ જોતાં આનંદ આનંદ થઇ જાય છે.

દ્રષ્ટિનાં નિધાન ૩૯

# પ્રવચન – ૯૯

## શ્લોક – ૮૫ અને ૮૬

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૨૪.૦૭.૭૫**

कुतोऽव्रत-व्रतविकल्पपरित्यागे परमपदप्राप्तिरित्याह –

**यदन्तर्जल्पसंपृक्तमुत्प्रेक्षाजालमात्मनः ।**
**मूलं दुःखस्य तन्नाशे शिष्टमिष्टं परं पदम् ।।८५।।**

અંતર્જલ્પે યુક્ત જે, વિકલ્પ કેરી જાળ,
તે દુઃખમૂળ, તસ નાશથી, ઈષ્ટ-પરમ-પદ લાભ. ।। ૮૫ ।।

तस्य चोत्प्रेक्षाजालस्य नाशं कुर्वाणोऽनेन क्रमेण कुर्यादित्याह -

**अव्रती व्रतमादाय व्रती ज्ञानपरायणः ।**
**परात्मज्ञानसम्पन्नः स्वयमेव परो भवेत् ।।८६।।**

અવ્રતિ-જન વ્રતને ગ્રહે, વ્રતી જ્ઞાનરત થાય;
પરમ-જ્ઞાનને પામીને, સ્વયં 'પરમ' થઈ જાય ।। ૮૬ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

---

૮૫ (પંચ્યાસી) ગાથા. વિશેષનો બીજો પેરેગ્રાફ. આત્માને આત્મા વડે, આત્માને આત્મા વડે પુણ્ય પાપ રૂપ શુભાશુભ યોગને રોકીને, દર્શન જ્ઞાનમાં સ્થિત થઇ અન્ય વસ્તુની ઇચ્છાથી વિરમી, જે આત્મા ઇચ્છા રહિત થવાથી સર્વ સંગથી રહિત થઇ, છે બધી લાંબી વાત છે ને? આત્મા પોતાના આત્માને ધ્યાવે છે. આહાહા! એટલે કે આત્મા જે પૂર્ણઆનંદ સ્વરૂપ એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે ભક્તિ આદિના વિકલ્પથી રહિત થઇને, આહાહા! પુણ્ય પાપથી રોકીને કીધું ને? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે ભક્તિ એનાથી આત્મા જણાય એવો એ નથી. એનાથી આત્માને સમ્યગ્દર્શન થઇ શકે એવો એ નથી. આહાહા! આહાહા! એ આત્માને આત્મા વડે એટલે કે વિકલ્પ રહિત, રાગ રહિત, નિર્વિકલ્પ સમાધિ દ્વારા. આહાહા! આવી વાત છે. દર્શન-જ્ઞાનમાં સ્થિત થઇ, એટલે કે દર્શન-જ્ઞાન સ્વરૂપ જે ત્રિકાળ સ્વભાવી એમાં સ્થિત થઇ. આહાહા! અન્ય વસ્તુથી વિરમી ઇચ્છાથી પણ વિરક્ત થઇ વિશેષ મુનિપણાની વાત લીધી. રાગના સંગથી રહિત થઇ, પોતાના આત્માને આત્મા વડે ધ્યાવે છે. આહાહા!

સમ્યગ્દર્શનના કાળમાં, સમ્યગ્દર્શનની પ્રાપ્તિના કાળમાં પ્રથમ ધર્મની દૃષ્ટિ અનુભવના કાળમાં આહાહા! એ વિકલ્પો બધાં છે તેનું લક્ષ છોડી દઇ અને પૂરણઆનંદ સ્વરૂપ પૂરણ પરમાત્મ સ્વરૂપી હું છું એવો વિકલ્પ પણ છોડી દઇ એ આત્માને આંહી એ રીતે નિર્વિકલ્પ સમાધિ નામ શાંતિના કાળમાં એ આત્મા જણાય અને મનાય ત્યારે એને સમ્યગ્દર્શન કહેવાય છે. આહાહા! સમજાણું કાંઇ? ૧૪૪માં(એકસો ચુમ્માલીસમાં) લીધું છે ને? ૧૪૪માં(એકસો ચુમ્માલીસ) તે વખતે શ્રદ્ધાય છે. ભગવાન આત્મા પૂરણઆનંદનો નાથ સહજાત્મ સ્વરૂપ પૂરણ શાંતિ ને પૂરણ આનંદનો સાગર છે. આહા! એવા આત્માને આત્મા વડે એટલે કે નિર્વિકલ્પ શાંતિ અને સમાધિ દ્વારા એ આત્મા વડે ધ્યાવાય છે. આવો મારગ ભારે! વહેવારના પક્ષવાળાને તો એવું પડે(માને) લાગે, તો આ બધું કરીએ એ નહિં? આ જાત્રા કરીએ, ભક્તિ કરીએ, ભગવાનનું સ્મરણ કરીએ એ બધાં રાગ ને વિકલ્પ છે એ કાંઇ સમકિત પામવાનું કારણ નથી. આહાહા!

(શ્રોતા : સાધુ થાય તો સમકિત પામે) સાધુ કોને કહેવો ? પણ એ સાધુને ભાન ક્યાં છે કે આત્મા શું છે ? આત્માના નિર્વિકલ્પ અનુભવ વિના તો સમકિત ન હોય, સમકિત વિના જ્ઞાન ને ચારિત્ર હોય નહિં. સાધુ કોને કહેવો આંહી ભાઈ ? આ તો ઓલો તે વખતે છે ને એ યાદ આવ્યું અને ઓલામાં એમ કહ્યું છે ને ? રહસ્યપૂર્ણ ચિઠ્ઠી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે માન્યતા, એ વહેવાર એ જ વહેવારમાં સમકિત નામ ન પામે. આહાહા ! રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં છે ને ? પણ એમાં જ્યારે નિશ્ચય સમ્યગ્દર્શન. આહાહા ! પૂરણઆનંદનો નાથ નિર્વિકલ્પ શાંતિ દ્વારા તે કાળે જે શાંતિ દ્વારા જણાય આત્મા, તે કાળે તેને શ્રદ્ધાય એનું નામ સમ્યગ્દર્શન જ્ઞાન કહેવાય છે. આહાહા ! જગતથી ભાઈ ઊંધુ. બહુ આકરું. વીતરાગનો મારગ છે. આંહી તો કહે બધા સાધન શું ? એમ પૂછતા'તા ત્યાંય. અગાસ. નિશ્ચય પણ એનું સાધન ? એમ પૂછતા'તા બધાં. એક મારવાડી હતો કીધું સાધન ફાધન એ છે. આહાહા !

જેટલા વિકલ્પો છે દયા, દાન, ભક્તિ, વ્રત, તપ એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ને બહુમાનનો વિનય ને એ બધો વિકલ્પ છે, રાગ છે. રાગથી આત્માને રોકી અને આત્મા વડે અંદરમાં દૃષ્ટિ કરે. આહાહા ! આવો મારગ છે ભાઈ ! આજે દિવ્યધ્વનિનો દિવસ છે હેં ? આહાહા ! સુખામૃત, ક્ષમામૃત શાંતરસથી ભરેલો ભગવાન, અકષાય જેનું સ્વરૂપ છે. સહજાત્મસ્વરૂપ, વીતરાગમૂર્તિ જેનું રૂપ છે, એ તો વીતરાગની પર્યાય દ્વારા જ જણાય એવો અને શ્રદ્ધાય એવો છે. સમજાણું કાંઈ ? એને સાધન આ બહારના ભક્તિ ને વ્રત એ સાધન ફાધન છે જ નહિં. આહાહા ! પ્રેમચંદભાઈ ! આવી વાત બહુ આકરી પડે જગતને. વાડા બાંધીને બેઠાં, એને આ એવું લાગે કે અત્યારે એનાથી કાંઈ થાય નહિં, તો પછી કરવું નહિં ને ? કરવું નહિં એ તો આવે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ હોય, પણ એ વિકલ્પ ને રાગ છે. એ કોઈ સમ્યગ્દર્શન પામવાનું કારણ નથી. આહાહા !

પ્રથમ સમ્યગ્દર્શન હજી તો ચોથું ગુણસ્થાન. આહાહા ! એ તો આત્માને આત્મા વડે જે, એમ ભાષા છે. ભગવાન આત્મા નિર્વિકલ્પ સમાધિ આનંદ સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ છે, એવી જ નિર્વિકલ્પ સમાધિ નામ શાંતિ દ્વારા, પુણ્ય પાપના ભાવને રોકીને, આહાહા ! એ તો સહજ રોકાઈ જાય છે ત્યાં, પણ ઉપદેશની શૈલી ચાલે ત્યારે બીજું શું કહેવું ? દર્શન જ્ઞાન એવું ત્રિકાળી સ્વરૂપ, ત્રિકાળી સ્વભાવ, જ્ઞાન ને દર્શનનો સ્વભાવ ત્રિકાળ એમાં જે સ્થિત થાય, એ તો વીતરાગી પર્યાય દ્વારા સ્થિત થવાય. આહાહા ! અન્ય વસ્તુની ઇચ્છાથી અટકી, આત્મા સર્વસંગથી રહિત થઈ, વિશેષ પછી

મુનિપણાની વાત પોતાના આત્માને આત્મા વડે ધ્યાવે છે. આહાહા!

આ સમયસારની છે વાત. ૧૮૭ (એકસો સત્યાસી)-૧૮૮ (એકસો અઠયાસી) આત્માને, પોતાના આત્માને પાછું, ભગવાનનો આત્મા અને દેવ-ગુરુનો આત્મા એ તો પર છે, એનું જ લક્ષ કરવા જશે તો રાગ જ થશે. સમજાણું કાંઇ? આવો મારગ છે. આત્માને આત્મા વડે, નિર્વિકલ્પ શાંતિ દ્વારા ધ્યાનમાં ધ્યેય બનાવીને, ધ્યાનનો વિષય જે આત્મા, આ પર છે એ તો રાગનો વિષય છે. આ તો નિર્વિકલ્પ શાંતિ એનો વિષય તો દ્રવ્ય સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઇ? આત્માને આત્મા વડે ધ્યાવે છે, કર્મને નોકર્મને ધ્યાવતો નથી, એટલે રાગ અને કર્મ તરફનું લક્ષ એને છૂટી જાય છે. પોતે ચેતયિતા, દેખનાર, જાણનાર હોવાથી એકત્વને ચિંતવે છે. એટલે સ્વભાવમાં એકત્વતાનો અનુભવ કરે છે, ચેતે છે, અનુભવે છે. આહાહા!

મારગ આવો (છે). વસ્તુ જે છે આત્મા એ તો વિકલ્પ ને રાગ વિનાની ને કર્મના સંબંધ વિનાની ચીજ છે. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ, શ્રદ્ધાનો રાગ, આ જાત્રાનો રાગ. એ બધાં રાગથી તો પ્રભુ રહિત છે કેમ કે રાગ છે તે આસ્ત્રવ છે, અને ભગવાન આત્મા તો આસ્ત્રવ રહિત જ્ઞાયક છે. આહાહા! આજે એક આવ્યા'તા કો'ક. વયા ગયા હશે. છે? અગાસથી. અગાસ રહું છું અગાસ. મેં કીધું ભાઇ મારગ એવો ઝીણો છે ભાઇ! ન્યાં તો એમ કહે ભગવાનની ભક્તિ કરો, ગુરુની ભક્તિ કરો. લ્યો, ભક્તિ કરતાં કરતાં થઇ જશે એ વીતરાગ મારગ એમ નથી.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની વાણીમાં એમ આવ્યું નથી. (**શ્રોતા** : દિવ્યધ્વનિમાં એમ આવ્યું નથી) હેં? એમ આવ્યું નથી. એની દિવ્યધ્વનિમાં તો એ આવ્યું, સંતો કહે કે દિવ્યધ્વનિ દ્વારા કહે એ બધી એક જ વાત છે. કે ભગવાન આત્મા સમાધિ નામ શાંત, સુખ સ્વરૂપ છે. એને નિર્વિકલ્પ (ભાઇ નથી આવ્યા? પગ ઓલા થઇ ગયા છે, હાલી શક્તા નથી. સવારથી બંધ થઇ ગયું અમારા જીવરાજજીને નબળાઇ છે એવું છે ભાઇ) કહે છે કે એ અંતર સ્વરૂપે આત્મા, આત્મા વડે એમ છે ને? પોતાના આત્માને, આત્મા વડે, ત્યારે આત્મા વડે એટલે શું? દયા, દાન, વ્રત ને ભક્તિનો રાગ, એ રાગ ઈ આત્મા છે? આહાહા!

(**શ્રોતા** : એ અણાત્મા છે) બાપુ! આત્માને તે સમયે આત્મા આત્મા વડે જાણે તે સમયે તેને શ્રદ્ધામાં આવે છે ત્યારે તેને આત્મા જાણવામાં આવે છે એ વિના શાસ્ત્રથી જાણે એ વાત ત્યાં સુધી આત્મા જાણ્યો નથી એણે. આહાહા! કહો સુજાનમલજી

આવી વાત છે. એની શ્રદ્ધાના જ ઠેકાણા નથી. આમ વહેવાર કરીએ કે વહેવાર સુધારીએ તો સાધન થાય, નિમિત્તથી પમાય. રાગને સુધારીએ તો વીતરાગ પર્યાય થાય એ શલ્ય છે મિથ્યા, આહાહા! સમજાણું કાંઇ? કઠણ પડે ભઇ! શું થાય? મારગ તો આવો છે બાપુ!

અનંત તીર્થંકરોએ, અનંત કેવળીઓએ, અનંત સંતો મુનિઓએ ભાવલિંગી સંતોએ તો આ કહ્યું છે. હેં? ઓલામાં આવે છે ને? 'કારણ ગણી પ્રત્યક્ષ' આત્મસિદ્ધિમાં આવે છે ને એક ગાથા. એ બધી વાત વહેવારની છે. સમકિત નથી આવતું? કારણ ગણી પ્રત્યક્ષ (**શ્રોતા :** થાય ત્યારે કારણ કહેવાયને) 'સમકિત તેને ભાખ્યું કારણ ગણી પ્રત્યક્ષ' એય સમકિત નહિં, હેં? વર્તે સદ્‌ગુરુ લક્ષ. એ તો પર છે, પણ એ સદ્‌ગુરુ જે કહે છે એવા અભિપ્રાયમાં આવે. ઇ કહે છે કે તારો આત્મા વીતરાગ પર્યાયે પ્રાપ્ત થશે તને, મારા લક્ષે પ્રાપ્ત નહિં થાય. આહાહા! સમજાણું કાંઇ?

વાત એ પરમાર્થની વાતું એવી ઝીણી છે ને કે જગતમાં લોકોને તો આમ આ તો બધું અરર! આ થયું. આ બધું કરીએ ને આ, આ જાત્રા કરીએ ને કેટલાય માણસ કાલ ભેગા થયા હશે અહિંયા શત્રુંજયમાં ખીચડો એ આ જાત્રા કરશું. એનાથી સમકિત - ધરમ થશે. ધૂળેય ધરમ નથી. હેં? (**શ્રોતા :** વરસમાં એકવાર જાત્રા કરે તો બધા પાપ ધોવાઇ જાય, હવે નવેસર) શું કીધું? (**શ્રોતા :** પાપ બધા ધોવાઇ જાય) ધૂળે ધોવાય નહિં. પાપ તો ખરું પાપ તો મિથ્યાત્વ છે, એ મિથ્યાત્વ પાપ ક્યારે ધોવાય? (**શ્રોતા :** જૈન હોય એને મિથ્યાત્વ ન હોય) હેં? જૈન કહેવા કોને? વાડામાં પડયા એટલે જૈન થઇ ગયા? કોથળામાં કરિયાતા ને માથે લખે સાકર, તે કરિયાતુ મીઠું થઇ ગયું? કોથળા સમજતે હૈ? બોરા ઉપર લખે સાકર અને અંદર હોય કરિયાતુ. કરિયાતુ સમજતે હૈ? કિરાતા. અંદર ભર્યું કરિયાતુ ઉપર લખે સાકર, એમ અંદર મિથ્યાત્વ શ્રદ્ધા પડી ને નામ આપે જૈન. અનુપચંદ ભાઇ! આવી વાતું છે બાપુ! આહાહા!

જેની હજી વહેવાર શ્રદ્ધાના ઠેકાણા નથી કે રાગથી આત્મા પમાય નહિં. નિર્વિકલ્પ સમાધિ દ્વારા જ પમાય, ત્યારે જ જાણ્યો કહેવાય અને ત્યારે જ શ્રદ્ધયો કહેવાય. આહાહા! સમજાણું કાંઇ? આ તો આખા સંસાર સમુદ્રને ઉથલાવી નાંખવો છે ને! આહાહા! એ વિકલ્પ છે એ સંસાર છે. ચાહે તો દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધાનો રાગ, ભક્તિનો ને જાત્રાનો રાગ એ પોતે સંસાર છે. આહાહા! એ સંસારથી વિરક્ત થવું હોય, એણે તો નિર્વિકલ્પ શાંતિ દ્વારા વિરક્ત થાય. આહાહા! અને તે સમયે ઇ 'પરમાત્મપ્રકાશ'માં બહુ લીધું છે હોં, તે સમયે આમ થાય ને તે સમયે એવું બહુ લખ્યું છે. આંહી વખતે છે ને જેમ

આંહી ઈ વખતે કહો કે સમયે કહો. આ ૧૪૪માં (એકસો ચુમ્માલીસમાં) એમ લખ્યું છે કે તે વખતે શ્રદ્ધવામાં ને જાણવામાં આવે છે. રાગથી રહિત થઈ, સ્વભાવની સન્મુખની દૃષ્ટિ થતાં, નિર્વિકલ્પ શાંતિ દ્વારા આ આત્મા જાણવામાં ને શ્રદ્ધવામાં આવે છે તે વખતે, આહાહા! તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન નામ પમાય છે એમ છે. વ્યપદેશ છે ને? આહાહા! મૂળમાં પહેલેથી ભૂલ અને ઉપરથી આ કરી ને આ કર્યા ને આ કર્યા, વ્રત પાળ્યા અને ક્રિયા કરી ને સાધુ થયાને બધાં એ એકડા વિનાનાં મીંડા છે. આહાહા!

આંહી કહે છે આત્માને આત્મા વડે પોતાના હોં પોતાના આત્માને તો ઈ આત્મા પોતે કોણ? વીતરાગ સ્વરૂપી નિર્વિકલ્પ અભેદ શાંત સ્વરૂપ છે. એણે આત્મા વડે એની જાતની દશા, નિર્વિકલ્પ દશા દ્વારા આહાહા! ધ્યાવે છે, કર્મ ને નોકર્મ ધ્યાવતો નથી એ તો નાસ્તિથી વાત કરી. પોતે ચેતયિતા હોવાથી એકત્વને ચિંતવે છે. પોતે જાણનાર દેખનાર હોવાથી, જાણનાર દેખનારને જ અનુભવે છે. આહાહા! શાસ્ત્રના જાણપણાનો ક્ષયોપશમ એ તો ક્યાંય રહી ગયો, પણ જે સમ્યગ્જ્ઞાનનો થયો ક્ષયોપશમ એની પણ જ્યાં દૃષ્ટિ નથી, દૃષ્ટિ એના ઉપર નથી. કેવળજ્ઞાનની પર્યાય ઉપર જ્યાં દૃષ્ટિ નથી, કેવળજ્ઞાન તો પર્યાય છે.

આ વસ્તુ આત્માને, આત્મા વડે, આત્માને આહા! સમજાણું કાંઈ? આહાહા! આ ભગવાનની દિવ્યધ્વનિમાં આ દેશના આવી હતી. વિપુલાચલ પર્વત ઉપર ભગવાનને કેવળજ્ઞાન તો પહેલું થયું હતું વૈશાખ સુદ દસમે. તો આજ શ્રાવણ વદ એકમે દિવ્યધ્વનિ થઈ હતી. ગણધર પદ આજ મળ્યું હતું એટલે તીર્થના નાયક આ થયા એટલે તીર્થ સ્થાપ્યું એમ કહ્યું. તિત્થયરાણં આવે છે ને? નમોત્થુણં નહિં? નમોત્થુણં, અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં, તિત્થયરાણં એ તીર્થનું સ્થાપન મૂળ તો ગણધર છે. ત્યાં તીર્થ સ્થપાણું તે દિ' આજ આહા! અને ભગવાન ગણધરે પોતે શાસ્ત્ર ને આગમની રચના કરી. (શ્રોતા : અંતર્મુહૂર્તમાં) અંતર્મુહૂર્તમાં આહાહા! ચૌદપૂર્વ અને બાર અંગની રચના એ આજનો દિ' છે.

એ સાંભળ્યું એમાંથી કેટલુંક લીધું હોય એણે? સાંભળ્યું એ તો વાણી છે અને ઈન્દ્રિયનું લક્ષ ત્યાં જાય છે એટલે વાણીને સાંભળે એ કાંઈ જ્ઞાન નથી. આહાહા! જ્ઞાન તો સ્વ આત્મા વડે આત્માને અનુભવતાં, જે જ્ઞાન થાય તે જ જ્ઞાનને જ્ઞાન કહે છે. આહાહા! પછી હજારો શાસ્ત્રો રચે ને બનાવે પણ આ આત્મા વડે આત્માને જાણે નહિં ત્યાં સુધી એણે આત્મા જાણ્યો નથી. આહાહા! કહો સમજાણું કાંઈ? એકત્વને એટલે તે

આત્મા આત્માને ધ્યાતો, દર્શન જ્ઞાનમય અનન્યમય થઇ, અનેરાપણે ન થઇને અનન્યમય એકપણે થઇ, આહાહા! દર્શન-જ્ઞાનસ્વરૂપ ભગવાન એમાં એકત્વ થઇ નિર્મળ પર્યાય દ્વારા, વીતરાગી પર્યાય દ્વારા એકત્વ થઇ, અલ્પકાળમાં કર્મથી રહિત આત્માને તે પામે છે. પહેલો સમ્યક્ પામે છે. પછી નિર્વિકલ્પ ઉગ્ર પર્યાય દ્વારા આત્માને ધ્યાવે છે, ત્યારે કેવળજ્ઞાનને પામે છે. આહાહા!

એમ આંહી તો બેય વાત લીધી કે ભાઇ, સમ્યગ્દર્શન પામવા કાળે આત્મા દ્વારા આત્મા પમાય છે અને પછી કેવળજ્ઞાન પમાય એ પણ આત્માની પર્યાય દ્વારા આત્માને પમાય છે. આહા! કોઇ સંઘયણ મજબૂત હતું. વજ્રનારાચ સંઘયણ મનુષ્ય દેહ માટે તે કેવળજ્ઞાનને પામ્યો એમ નથી. એ આત્માના નિર્મળ પર્યાય દ્વારા આત્માને ધ્યાતા કેવળજ્ઞાનને પામે છે. આહાહા! આવું તો એવું લાગે, સૂક્ષ્મ લાગે. હેં? માણસને એવું લાગે. આહાહા! ઓલા સ્થાનકવાસીમાં તો કહે કે દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો, દેરાવાસીમાં ભક્તિ કરો, જાત્રા કરો ને પૂજા કરો, દિગંબરમાં કહે લૂગડાં છોડો, આ ખપે, ન ખપે આહાર ને આહાહા! અને ભક્તિ પંથમાં બધાં દેવ-ગુરુની ભક્તિ કરો. (**શ્રોતા :** હમણાં કરશે) આંહી થશે આજ તો દિવસ છે ને? દિવ્યધ્વનિનો થશે. ઇ વિકલ્પ હોય છે. અશુભથી બચવા ભાવ હોય છે પણ એ ભાવ સમ્યગ્દર્શનનું કારણ છે, કે શુદ્ધિને ટકાવાનું કારણ છે, કે શુદ્ધિને વૃદ્ધિનું કારણ છે, કે શુદ્ધિને ઉત્પત્તિનું કારણ છે એમ નથી. આહાહા! આવો મારગ. આહાહા!

આ શું શાસ્ત્રમાં છે કે આ શું આ વાત છે? આ તો સમયસારની ગાથા છે. પછી નયપ્રજ્ઞાપનની વાતું છે. વસ્તુ સ્વરૂપને જેમ છે તેમ જાણીને, ત્યાં જ્ઞાન તેમાં એકાગ્ર થાય, ત્યાં રાગ કે વિકલ્પની ઉત્પત્તિ જ થતી નથી એનું નામ ચિત્તનો નિરોધ કહેવામાં આવે છે. ચિત્તનો નિરોધ કરો, ઇચ્છાનો નિરોધ કરો એટલે શું? આનંદ સ્વરૂપને ધ્યાનમાં લેતાં નિર્વિકલ્પ દ્વારા ધ્યાનમાં આવતાં ચિત્તનો વિકલ્પ ત્યાં ઉત્પન્ન થતો નથી. આહાહા! એવી વાત છે. વાતે વાતે ફેર. ચાલતા પ્રવાહમાં સંપ્રદાયનો પ્રવાહ ચાલે છે એ કરતાં ભગવાનનો સંપ્રદાય આખી જાત જુદી છે. આહાહા!

વીતરાગ તો આમ કહે છે, અરિહંતદેવ ત્રિલોકનાથ. આ સિવાય હું ચિત્તને રોકું કે વિકલ્પને રોકી એવી નાસ્તિના લક્ષે કાંઇ વિકલ્પ તૂટતો નથી. આહાહા! ખુલાસો કર્યો છે, પણ વિકલ્પ ઉત્પન્ન થાય છે એ તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. વિકલ્પને તોડું તો વિકલ્પ તૂટતો નથી. એ તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. આહાહા! પણ હું ચૈતન્ય

માત્ર અસ્તિથી વાત લે છે હવે. હું ચૈતન્ય માત્ર સ્વભાવ છું. મારો જ્ઞાન દર્શન સ્વભાવ ત્રિકાળ સ્વભાવ છે. ત્રિકાળી સ્વરૂપ છે અવિનાશી એવું જે અસ્તિત્વ સ્વભાવ તરફ જ્ઞાનનું જોર આવતાં, જ્ઞાનનું જોર એટલે જ્ઞાનમાં જ્ઞાન એકાગ્ર થતાં ચિત્તનો નિરોધ સહેજે થઈ જાય છે. વિકલ્પની ઉત્પત્તિ થતી નથી. એ ચિત્તનો નિરોધ કર્યો એમ કહેવામાં આવે છે.

'એકાગ્ર ચિંતા નિરોધ ધ્યાનમ્' એનો ખુલાસો કર્યો છે. સ્વભાવની એકાગ્રતાના જોરે, ભગવાન સ્વભાવ, સ્વભાવ, સ્વભાવ વસ્તુનો આનંદ જ્ઞાન સ્વભાવ, અવિનાશી સ્વભાવ, ત્રિકાળ સ્વભાવ, અભેદ સ્વભાવ, એકરૂપ સ્વભાવ એવો ચૈતન્યનો અખંડ સ્વભાવ આહાહા! છે? સ્વભાવની એકાગ્રતાના જોરે આ સ્વભાવની એકાગ્રતાના જોરે રાગનો વિકલ્પનો અભાવ થઈ જાય છે. રાગની ઉત્પત્તિ થતી નથી તો અભાવ થઈ જાય છે. આહાહા! આહાહા! ઘણાંને આવું સાંભળીને ઈ જ પૂછે કે એ તો તમારી નિશ્ચયની વાત છે પણ એના કોઈ ઉપાય? સાધન? આ સાધન નથી કહેતા? આહાહા! એવા તો અનંતવાર સાધન કર્યા બહારના વ્રત કીધા, તપ કર્યા, ભક્તિ કરી, ભવે ભવે વીતરાગને પૂજ્યા. સમોવસરણમાં અનંત તીર્થંકરોની પાસે ગ્યો અને ભગવાનની ભક્તિ ને પૂજા સાક્ષાત્ સમોવસરણમાં કરી તોય કાંઈ વળ્યું નહિં. (**શ્રોતા :** કાંઈ વળ્યું નહિં) ધૂળે વળ્યું નહિં કાંઈ. એ તો પરલક્ષી ભાવ છે બધો.

સ્વલક્ષી એ તો સવારના આવ્યું નહોતું? ઉપયોગ જેનું લક્ષણ છે એ તો લક્ષનું લક્ષણ કરતાં લક્ષનું લક્ષણ ઉપયોગ કરતાં જે લક્ષણ ઉત્પન્ન થાય એ પરના લક્ષે ઉત્પન્ન થાય ઉપયોગ? એ ઉપયોગને તો અણઉપયોગ કહ્યો. સવારમાં કહ્યું હતું ને? આહાહા! આ વીતરાગની વાણી! વીતરાગને સાંભળવા ને વીતરાગના દર્શન કરવા એ ઉપયોગ તે અણઉપયોગ છે. એ જીવની જાતનો ઉપયોગ નહિં. આહાહા! આવું ભારે ભાઈ. બાપુ! આ તો વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર આહાહા! જગતથી અને વાડાના બાંધેલા મારગથી પણ આ તો જુદી જાત છે. હેં? એવી વાત છે. એને એવું પહેલું શ્રદ્ધામાં ને જ્ઞાનમાં એણે નક્કી કરવું પડશે. સમ્યગ્દર્શન થયા પહેલાં. સમજાણું કાંઈ? આહાહા! કે એ તો સ્વભાવના સાધનથી જ પ્રાપ્ત થાય એવો જીવ છે, જીવનું સ્વરૂપ જ એવું છે. આહાહા!

એણે કોઈ બહાર ખૂબ દયા દાન કરે ને મંદિરો બનાવે, બહારની પ્રભાવનામાં આહાહા! બહુ ભક્તિ ધુમ ધુમ લોકો બધાં વગાડે છે. એ તો બધી જડની ક્રિયા છે એમાં રાગ છે ઈ પરલક્ષી તે શુભભાવ છે. આહાહા! એ શુભભાવ પણ ધર્મ સમ્યગ્દર્શન

પામવાને સાધન નથી, એ તો બાધક છે. (**શ્રોતા** : એ તો નપુંસક ભાવ છે એમ કહ્યું છે) એ નપુંસક છે ઈ, ખરેખર તો શુભભાવ એ નપુંસક કેમ કે આત્માનું જે વીર્ય છે એને તો ભગવાને એમ કહ્યું, ત્રિલોકનાથે કે વીર્ય એને કહીએ, કે શુદ્ધ સ્વરૂપની નિર્મળ પરિણતિ રચે એને વીર્ય કહીએ, પણ જે રાગને રચે તે વીર્ય નહિં, જીવનું વીર્ય નહિં. આહાહા! સમજાણું કાંઈ ? આ તો આવો મારગ ભાઈ હવે, મારગ તો આવો છે બાપુ! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' એને બીજી રીતે, ત્રીજી રીતે ખતવવા જાય, જાશે ચારગતિમાં રખડવા. આહાહા!

કહે છે, વિકલ્પનો અભાવ થઈ જાય છે. માટે પહેલાં વસ્તુના સ્વભાવને બધા પડખાથી જેમ છે તેમ જાણવો જોઈએ. (એ તો એણે ખુલાસો કર્યો નયનો) જ્યાં શ્રુતજ્ઞાનને સન્મુખ વાળીને, શું કહે છે ઈ ? જે શ્રુતજ્ઞાન છે, નિર્મળ વીતરાગી પર્યાય શ્રુતજ્ઞાનની એને સન્મુખ વાળીને, વિકલ્પનું જે છે એ તો પરલક્ષનું કાર્ય છે વિકલ્પ. આહાહા! ભાવશ્રુત જ્ઞાનની પર્યાય એને સન્મુખ શુદ્ધ ચિદ્ઘન, આનંદકંદ પ્રભુ એના તરફની નિર્મળ પર્યાયને વાળવી. આહાહા! એમ કહેવામાં પર્યાય ઉપર લક્ષ છોડવા માટે વાત છે. પર્યાયમાં ઊભો રહીને આમ વાળવું એમ ન થાય. સમજાણું કાંઈ ? શ્રુતજ્ઞાનને સન્મુખ વાળીને, આમ પર્યાયને દ્રવ્ય ઉપર ઢાળીને. આહાહા! ભારે કામ ભાઈ! હજી તો પ્રથમ સમ્યગ્દર્શનની વાત છે. જ્ઞાનની નિર્મળતા અને ચારિત્ર એ તો અલૌકિક કોઈ વાતું છે. આહાહા! સમજાણું કાંઈ ?

કહે છે, શ્રુતજ્ઞાનને સન્મુખ વાળીને અંદર સ્વભાવમાં એકાગ્ર કર્યું, કહ્યું ઈ. વસ્તુ નિર્વિકલ્પ સમાધિ સુખરૂપ છે. વસ્તુ-ભગવાન આત્મા અભેદ નિર્વિકલ્પ આનંદરૂપ છે. એની પરિણતિમાં ભેદરૂપ જે પરિણતિ છે. નિર્વિકલ્પ શાંતિ ને આનંદની પર્યાય એને અંતરમાં વાળવી. આહાહા! કહો આવો ધર્મ કઈ જાતનો ? એય સુજાનમલજી! આ અત્યારે જુદું આવું સાંભળીએ છીએ. સમેદ્શિખર જાવ, શત્રૂંજય જાવ, જાત્રા કરો, તમારા પાપના નાશ થશે. આ કઈ જાતની વાત ? બાપુ! આ તો વીતરાગની જાતની વાત છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં તો આ આવ્યું છે લોકો બીજે રસ્તે દોરાઈ ગ્યા. ઓલામાં આવ્યું છે ક્યાંક 'પરમાત્મપ્રકાશમાં' ક્યાંક આવે છે. શું કહેવાય એને ? યશતિલક, યશતિલક એમાં આવ્યું વૃથા કલેશ લોકો કરે છે.

વસ્તુ વાસ્તવિક તત્ત્વ છે. એના અનુભવ કરવાની મૂકી દઈને એવું છે ક્યાંક ? 'પરમાત્મપ્રકાશ'માં છે ક્યાંક ? વૃથા વિકલ્પ કરીને અનેરે માર્ગે ચઢી ગયા છે એવું

છે ક્યાંક ? આ બાજુ છે ક્યાંક ? હેં ? આહાહા ! કલેશ છે. કલેશ છે. આહા ! ભગવાનની ભક્તિ, પૂજા, જાત્રા, રાગ એ કલેશ છે. ભારે આકરી વાત ભાઇ ! (**શ્રોતા** : ઉપદેશ સાંભળવો એય કલેશ છે) ઈ રાગ છે. વિકલ્પ છે. એ કલેશ છે. આહાહા ! રાગ પોતે જ કલેશ છે. વ્રતનો વિકલ્પ છે, અપવાસ કરું એનો વિકલ્પ છે, એ બધો કલેશ છે, રાગ છે. આહાહા ! આ તો અપવાસ કર્યો, થઇ ગઇ નિર્જરા એને. નિર્જરા એટલે ધરમ, ભારે સહેલો ભાઇ ધરમ. આહાહા !

આંહી તો ઉપવાસ નામ ભગવાન શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ, એને શ્રુતજ્ઞાનથી અંતરમાં સમીપને વાળીને આહાહા ! છે ? તો સર્વ વિકલ્પો સ્વયં વિલય થાય છે. સર્વ વિકલ્પો સ્વયં વિકલ્પ વિલય થાય છે. આહાહા ! અને અનંત ધર્મોનો ચૈતન્ય પિંડલો સ્વસંવેદનમાં આવી જાય છે. (નય પ્રજ્ઞાપન. પૃષ્ઠ ૮, ૨૩). ભગવાન આત્મા પોતાના સન્મુખ પર્યાયને કરતાં, પોતાની સન્મુખ પોતે થતાં આહાહા ! અનાદિનો સન્મુખથી વિમુખ છે. જે કાંઇ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આના પરિણામ એ બધાં વિમુખ પરિણામ છે, સ્વભાવના પરિણામ નહિં, સ્વભાવથી વિમુખના છે. આહાહા ! ભારે કામ ભાઇ ! એ ગીરધરભાઇ ! એક જણો બિચારો કહે કે તમે આ નવું કર્યું. અમે તો ભક્તિ કરતાં, જાત્રા કરતાં ને ધરમ માનતા, તમે કહો કે આ ધરમ નહિં. અમે આ બધું અનાદિથી કરતાં આવ્યા છીએ. અમારા બાપ દાદા કરે છે આ બધું. નવ્વાણુ જાત્રા કરવી શત્રુંજયની. નવ્વાણું શું તારી લાખ કરને ! શત્રુંજયની ને સમ્મેદ્‌શિખરની. એ પરદ્રવ્યના લક્ષે તો શુભ રાગ છે. આહાહા !

એ સમ્યગ્દર્શનનું કારણેય નથી અને સમ્યગ્દર્શન સ્વરૂપે ય નથી. આહાહા ! પ્રેમચંદભાઇ ! આવો મારગ ભાઇ ! એ એને જ્યાં આ વાત અંતરથી બેસે. કહ્યું છે ને ? ચૈતન્યની વાત. ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા એ વિકલ્પથી રહિત છે એવી વાત ચિત્તના પ્રસન્નથી જેને એ વાત બેસે એ ભાવિ નિર્વાણ ભાજનમ્. આહાહા ! ચિત્તની પ્રસન્નતા એટલે ? રાગથી રહિત પ્રસન્નતા. આનંદમાં આવી અને આ વાતને જે બેસાડે છે. આહાહા ! એ અલ્પકાળમાં કેવળજ્ઞાનને પામે છે. એ ઉત્પ્રેક્ષાજાળનો નાશ કરનારે આ ક્રમથી કરવું તે કહે છે હવે ૮૬ (છયાંસી) ગાથા.

तस्य चोत्प्रेक्षाजालस्य नाशं कुर्वाणोऽनेन क्रमेण कुर्यादित्याह -

**अव्रती व्रतमादाय व्रती ज्ञानपरायणः ।**
**परात्मज्ञानसम्पन्नः स्वयमेव परो भवेत् ।।८६।।**

**અવ્રતિ-જન વ્રતને ગ્રહે, વ્રતી જ્ઞાનરત થાય;**
**પરમ-જ્ઞાનને પામીને, સ્વયં 'પરમ' થઈ જાય ।। ૮૬ ।।**

**टीका** : अव्रतित्वावस्थाभावि विकल्पजालं व्रतमादाय विनाशयेत् । व्रतित्वावस्थाभावि पुनर्विकल्पजालं ज्ञानपरायणो ज्ञानभावनानिष्ठो भूत्वा परमवीतरागतावस्थायां विनाशयेत् । संयोगिजिनावस्थायां परात्मज्ञानसम्पन्नः परं सकलज्ञानेभ्यः उत्कृष्टं तच्चा तदात्मज्ञानं च केवलज्ञानं तेन सम्पन्नो युक्तः स्यमेव गुर्वाद्युपदेशानपेक्षः परः सिद्धस्वरूपः परमात्मा भवेत् ।।८६।।

તે ઉત્પ્રેક્ષાજાલનો નાશ કરનારે આ ક્રમથી કરવું - તે કહે છે :–

**અન્વયાર્થ** : (अव्रती) હિંસાદિક પાંચ અવ્રતોમાં અનુરક્ત માણસે (व्रतं आदाय) અહિંસાદિક વ્રતોનું ગ્રહણ કરીને અવ્રતાવસ્થામાં થતાં વિકલ્પોનો નાશ કરવો તથા (व्रती) અહિંસાદિક વ્રતોના ધારકે (ज्ञानपरायणः) જ્ઞાનસ્વભાવમાં લીન થઈ વ્રતાવસ્થામાં થતા વિકલ્પોનો નાશ કરવો અને પછી અરહંત-અવસ્થામાં (परमात्मज्ञानसम्पन्नः) કેવળજ્ઞાનથી યુક્ત થઈ (स्वयम् एव) સ્વયં જ (परः भवेत्) પરમાત્મા થવું-સિદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરવું.

**ટીકા** : અવ્રતીપણાની અવસ્થામાં થતાં વિકલ્પોની જાલનો, વ્રત ગ્રહણ કરીને, વિનાશ કરવો તથા વ્રતીપણાની અવસ્થામાં થતાં વિકલ્પોની જાલનો, જ્ઞાનપરાયણ થઈને, અર્થાત્ જ્ઞાનભાવનામાં લીન થઈને પરમ વીતરાગતાની અવસ્થામાં (તેનો) વિનાશ કરવો. સંયોગીજિન અવસ્થામાં પરાત્મજ્ઞાનસંપન્ન અર્થાત્ પર એટલે સર્વ જ્ઞાનોમાં ઉત્કૃષ્ટ જે આત્મજ્ઞાન - જે કેવળજ્ઞાન - તેનાથી સંપન્ન એટલે યુક્ત થઈને સ્વયં જ અર્થાત્ ગુરુ આદિના ઉપદેશની અપેક્ષા રાખ્યા વિના (નિરપેક્ષ થઈને) પર એટલે સિદ્ધસ્વરૂપ પરમાત્મા થવું.

**ભાવાર્થ** : વિકલ્પ-જાલનો નાશ કરી સિદ્ધસ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે કરવી તેનો નીચે પ્રમાણે આચાર્યે ક્રમ બતાવ્યો છે:-

૧. અવ્રત અવસ્થામાં હિંસાદિ પાપોના જે વિકલ્પો થાય તેનો અહિંસાદિ વ્રતોનું ગ્રહણ કરી નાશ કરવો.

૨. વ્રત અવસ્થામાં અહિંસાદિ શુભભાવરૂપ જે વિકલ્પો થાય તેનો જ્ઞાનપરાયણ થઈ અર્થાત્ જ્ઞાન ભાવનામાં લીન થઈ વિનાશ કરવો.

૩. જ્ઞાન ભાવનામાં લીન થતાં પરમ વીતરાગ તથા કેવળજ્ઞાનયુક્ત જિન દશા (અરહંત અવસ્થા) પ્રગટે છે;

૪. અને સ્વયં જ સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

**વિશેષ**

"...વ્રત-અવ્રત એ બન્ને વિકલ્પરહિત જ્યાં પર દ્રવ્યના ગ્રહણ-ત્યાગનું કાંઈ પ્રયોજન નથી એવો ઉદાસીન વીતરાગ શુદ્ધોપયોગ છે, તે જ મોક્ષમાર્ગ છે...

...પહેલાં અશુભોપયોગ છૂટી શુભોપયોગ થાય, પછી શુભોપયોગ છૂટી શુદ્ધોપયોગ થાય, એવી ક્રમપરિપાટી છે."[૧]

ધર્મની શરૂઆત ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનથી થાય છે. તે પહેલાં જીવની મિથ્યાત્વ અવસ્થા હોય છે. આ અવસ્થામાં જે વ્રત-તપાદિ કરવાનો વિકલ્પ આવે છે તે બધાં બાલ તપ ગણાય છે.[૨]

અવિરત સમ્યગ્દષ્ટિઓને, દેશવિરત શ્રાવકોને અને મુનિઓને ભૂમિકાનુસાર શુભ-અશુભ વિકલ્પો આવે છે, પરંતુ તેમને ભેદ-વિજ્ઞાન હોવાથી તે વિકલ્પોને તેઓ શ્રદ્ધાજ્ઞાનમાં પોતાનું સ્વરૂપ માનતા નથી, શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં તેમને વિઘ્નરૂપ માને છે અને તે છોડવા માટે પોતાની ભૂમિકાનુસાર પ્રયત્ન કરે છે.

"જેને (સમ્યગ્દષ્ટિ શ્રાવકને) જેટલે અંશે તેને બંધ નથી; જેટલે અંશે રાગ છે તેટલે અંશે તેને બંધ થાય છે.

તેને જેટલે અંશે સમ્યગ્જ્ઞાન છે તેટલે અંશે બંધ નથી અને જેટલે અંશે રાગ છે તેટલે અંશે તેને બંધ થાય છે.

તેને જેટલે અંશે સમ્યક્ ચારિત્ર છે તેટલે અંશે તેને બંધ નથી અને જેટલે અંશે રાગ છે તેટલે અંશે તેને બંધ થાય છે."[૩]

આથી સ્પષ્ટ છે કે સમ્યગ્દષ્ટિને ભૂમિકાનુસાર જે પૂજા, ભક્તિ આદિ તથા વ્રત, મહાવ્રત નિયમાદિનો શુભભાવ આવે છે તે પણ આસ્રવ-બંધનું કારણ છે, પણ

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક - ગુ. આવૃત્તિ પૃ.૨૬૦.

૨. જુઓ - શ્રી સમયસાર ગાથા - ૧૫૨, ૧૫૩.

૩. येनांशेन सुदृष્ટिनांशेनास्य बन्धनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति।।२१२।।
येनांशेन ज्ञानं तेनांशेनास्य बन्धनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति।।२१३।।
येनांशेन चारित्रं तेनांशेनास्य बन्धनं नास्ति।
येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति।।२१४।। (પુરુષાર્થસિદ્ધ્યુપાય - ગા. ૨૧૨ થી ૨૧૪)

તે સંવર-નિર્જરાનું કારણ નથી. સંવર-નિર્જરાનું કારણ તો શુભ અંશો સાથે જે શુદ્ધ અંશ છે તે જ છે. જે શુભ રાગ બંધનું કારણ હોય તે મોક્ષનું કારણ કદી હોઈ શકે નહિં. માટે વ્રતાદિના શુભ વિકલ્પોને પણ અવ્રતાદિ અશુભ વિકલ્પોની જેમ મોક્ષમાર્ગમાં હેય - છોડવા યોગ્ય ગણવામાં આવ્યા છે.

''જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી, ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિને બે ધારા રહે છે - શુભાશુભ કર્મધારા અને જ્ઞાનધારા. તે બન્ને સાથે રહેવામાં કોઇ વિરોધ નથી. તે સ્થિતિમાં કર્મ (અશુદ્ધભાવરૂપ કર્મ) પોતાનું કાર્ય કરે છે અને જ્ઞાન (શુદ્ધભાવરૂપ જ્ઞાનકર્મ) પોતાનું કાર્ય કરે છે. જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે તેટલા અંશે કર્મબંધ થાય છે અને જેટલા અંશે જ્ઞાનધારા છે તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે. વિષય-કષાયના વિકલ્પો કે વ્રત-નિયમના વિકલ્પો-શુદ્ધસ્વરૂપનો વિચાર સુદ્ધાં-કર્મબંધનું કારણ છે; શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે.''[૪]

સાતમા અપ્રમત્ત ગુણસ્થાનથી જે નિર્વિકલ્પ દશા થાય છે તે દશામાં આત્મસ્વરૂપમાં સ્થિરતા જામતી જાય છે અને અંતે શુકલધ્યાનદ્વારા કેવલજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. ૮૬

## પ્રવચન – ૯૯

એક ચોર હતો ચોર. એ હવે ભાગ્યો ને જવું ક્યાં? પછી એક લોઢાનું ભૂંગળું હતું માણસ ઉતરે એવું એમાં પેઠો, આહાહા! અને થઇ રહ્યું. માણસ આ ભૂગળું. હાય! હાય! ત્યાં જઇને શ્વાસે લેવાય નહિં ન્યાં ને ન્યાં મરી ગયો જઇને. જેમ આ ઉંદર પકડાય છે ને? આ ઉંદર. ભીંતની જોડે આ કપાટ હોય ને ભીંતની જોડે કપાટ. બે ચાર તસું છેટું હોય અને ઉંદર નીકળ્યો હોય એમાં આમ ભરાઇ જાય ટાંગા, આમ ત્યાં ને ત્યાં સૂકાઇ જાય હવે. કાંઇ નીકળી શકે નહિં પગમાં આમ... આમ થઇ જાય. એમ ઓલા ભૂંગળામાં ગર્યો, બચાવ માટે. મારી નાંખશે મને આ એમ કરીને, થઇ રહ્યું. ન્યાં મરી ગયો. સૂકાઇ ગયો. આ જુઓને પ્રતિકૂળતામાં એકતાના દુઃખ શરીરની એ અનંતવાર થઇ ગયો છે બાપુ. મિથ્યાત્વના કારણે એવા અનંતા ભવ થયા. લ્યો ચીમનભાઇ આવ્યા. લ્યો ત્યાં બેસી જાવ ને. સમજાણું કાંઇ? આહાહા!

૪. શ્રી સમયસાર ગુ. આવૃત્તિ - કલશ ૧૧૦નો ભાવાર્થ.

**ટીકા** : અવ્રતીપણાની અવસ્થામાં થતાં વિકલ્પોની જાળનો સમ્યગ્દર્શન થયા પછીની વાત છે આ. જેને આત્માના નિર્વિકલ્પ શાંતિ દ્વારા આત્માનો અનુભવ થયો છે, સમ્યગ્દર્શન થયું છે. એ જીવ હજી અવ્રતમાં છે. એ અવ્રતના અવ્રતપણાના વિકલ્પોની જાળ અસ્થિરતાની જાળ છે ને હજી જ્ઞાનીને. ક્ષાયિક સમકિત થયું શ્રેણિકને લ્યો. શ્રેણિક રાજા, ક્ષાયિક સમકિતી પણ હજી અવ્રતના વિકલ્પો તો ઘણાં અસ્થિરતાના. તો એ જાળનો અવસ્થા-જાળનો વ્રત ગ્રહણ કરીને એ વ્રત ગ્રહણ કરીને, એટલે સ્વરૂપમાં આશ્રય ઉગ્ર કરીને જ્યારે પાંચમે ને દઠ્ઠા(છઠ્ઠા) ગુણસ્થાનની દશા મુનિની થાય, ત્યારે એને વ્રતનો વિકલ્પ આવે અને અવ્રતના વિકલ્પ તૂટે. સમજાણું કાંઇ ?

અવ્રતીપણાની અવસ્થામાં એટલે ૪થા(ચોથા) ગુણસ્થાનમાં થતાં અવ્રતને અણુવ્રતના વિકલ્પની જાળમાં, એ જાળને છોડવા વ્રત ગ્રહણ કરીને, પંચમહાવ્રતના વિકલ્પો મુનિને નગ્ન મુનિ દિગંબર હોય છે. સાચા સંત તો દિગંબર નગ્ન હોય છે અને એ જંગલમાં વસતા હોય છે. આ સર્વજ્ઞ પરમાત્માનો અનાદિનો સનાતન ધર્મ છે. એ કહે છે કે જ્યારે સમ્યક્ અનુભવ થયો, આત્મા વિકલ્પથી રહિત નિર્વિકલ્પ દશા દ્વારા આત્માને જાણ્યો, અનુભવ્યો ને શ્રધ્યો, પણ તે કાળે હજી એને અવ્રતના વિકલ્પો તો છે. વિકલ્પથી ભિન્ન પડી ગયો, પણ વિકલ્પથી છૂટો અસ્થિર (થઇને સ્થિર) છૂટીને સ્થિર થયો નથી. આહાહા ! આમ વ્રત લઇ, અજ્ઞાનીને વ્રત લે એ આંહી વાત નથી. આ બધાં વ્રત લે છે ને અત્યારે ઘણાં એ તો અજ્ઞાની છે. એને હજી સમ્યગ્દર્શનના ઠેકાણાં નથી ને વ્રત ક્યાંથી આવ્યા એના ?

આંહી તો અવ્રતી એટલે ૪થે(ચોથે) ગુણસ્થાને આત્મા, નિર્વિકલ્પ સમાધિ શાંતિ દ્વારા શ્રદ્ધવામાં, જાણવામાં આવ્યો, એને પણ હજી અવ્રતના વિકલ્પોની જાળ એને હોય છે. એણે એ વિકલ્પની જાળ તોડવા વ્રત ગ્રહણ કરી, એટલે કે અંતરઆત્માનો ઉગ્ર આશ્રય લઇ, ત્યાં વ્રતનો વિકલ્પ તો અંતર આનંદનો ઉગ્ર આશ્રય હોય એને આવે. જ્યાં આનંદનું પ્રચૂર વેદન જ નથી, એને વ્રતના વિકલ્પ કેવાં ? આહા ! એ તો બાળવ્રત ને બાળતપ છે. આહાહા ! સમજાણું કાંઇ ? આરે ! વાતે વાતે બહુ ફેર. હેં ? બધી ખબર છે ભાઇ અત્યારે ચાલે છે શું ? ને આ મારગ શું છે બાપુ ? બધી ખબર છે પણ શું થાય ? મારગ તો આ છે. હેં ?

અવ્રતીનો અર્થ એમ નથી કે સમકિતનું ભાન નથી અને અવ્રતી છે અને એના જાળને તોડવા વ્રત ગ્રહણ કરે એમ નથી આંહી. પહેલું સમ્યક્ આત્માનું રાગ રહિત,

વિકલ્પ રહિત શુદ્ધ દૃષ્ટિ દ્વારા કે નિર્વિકલ્પ શાંતિ દ્વારા આત્માને જાણ્યો ને ઓળખ્યો, માન્યો. અનુભવમાં આત્મા જણાણો કે આ આત્મા તો પૂર્ણ શુદ્ધ અને આનંદ છે પણ એને જ્યાં સુધી આગળ વધ્યો નથી ત્યાં સુધી એને અવ્રતના વિકલ્પો રાગ હોય છે. એ વિકલ્પની જાળને વ્રત ગ્રહણ કરીને વિનાશ કરવો. એણે વ્રત આગળ સ્વરૂપનો આશ્રય ઉગ્ર લઈ, અને એને વિકલ્પનો ત્યાં વહેવાર આવે, ત્યારે ઓલા અવ્રતના વિકલ્પનો નાશ થઈ જાય છે. આહા! ભારે શરતું. શરતું ભારે. આને તો અમારે વ્રત લઈ લીધાં લ્યો આ. હવે ક્યાં વ્રત હતાં સાંભળને. હજી સમકિતના ઠેકાણા નથી ને વ્રત ક્યાંથી આવ્યા તારે?

આંહી તો સમ્યગ્દર્શન પછી દ્રવ્યનો ઉગ્ર આશ્રય લઈને, ભગવાન આત્માનું ઉગ્ર અવલંબન લઈને, નિર્મળ દશા જે પ્રગટ થઈ એને એ વખતે વિકલ્પ હોય છે. નહિંતર ખરેખર તો આ નિર્મળદશા પ્રથમ સાતમેથી થાય છે. પણ આંહી તો ઓલા અવ્રતને છોડીને વ્રત ગ્રહણ કરવું એટલું લીધું છે ને એથી ઓલી સ્થિરતામાં અકષાય ભાવ આવ્યો છે, અને એ વખતે એને વ્રતના વિકલ્પ પંચમહાવ્રતના હોય છે તો એ વ્રત પણ આસ્ત્રવ છે. આહાહા! સમજાણું કાંઈ? એ વ્રત ગ્રહણ કરીને વિનાશ કરવો, અને વ્રતીપણાની અવસ્થામાં થતાં વિકલ્પની જાળનો; મુનિ થયો જેને પ્રચૂર આનંદ છે, સ્વસંવેદન છે એને જે પંચમહાવ્રતના વિકલ્પ, સાધુને યોગ્ય ૨૮ (અઠ્ઠયાવીસ) મૂળગુણ, સમિતિ, ગુપ્તિ એવો જે વિકલ્પ રાગ હોય છે એ રાગને, છે? થતાં વિકલ્પ જાળને જ્ઞાનપરાયણ થઈને, સ્વરૂપમાં લીનતા થઈને, એ વ્રતના વિકલ્પનો નાશ કરવો. આહા! સમજાણું કાંઈ?

ખરેખર તો વ્રતના વિકલ્પોનો રાગ કઈ ભૂમિકાએ હોય? પમે (પાંચમે) કે દઠ્ઠે (છઠ્ઠે). આપણે વિશેષ દઠ્ઠા (છઠ્ઠા)ની વાત છે. મુનિપણું જેને આનંદ સ્વરૂપનું રાગ રહિત આનંદનું ધામ અનુભવમાં આવ્યો છે એને, એને આનંદનો ઉગ્ર આશ્રય લઈ અને આનંદ વિશેષ વધ્યો છે. એને અવ્રતના વિકલ્પો છોડીને વિકલ્પના વ્રતના વિકલ્પ ગ્રહણ કરવા એમ કહ્યું છે. આહાહા! ભારે મારગ બાપા! વાડામાં હોય તો તો તકરાર જ કરે હોં! આ તો વાડો ન મળે, ગામડું ગામ નાનું. આ તો તકરાર કરે કે નહિં, એમ ન હોય, ફલાણું ન હોય, ઢીકણું ન હોય. કીધું'તું ને એક ફેરી ન્યાં, ૮૫ (પંચ્યાસીની)ની સાલમાં બોટાદ, સભા તો ત્યાં મોટી.

૮૫માં (પંચ્યાસીમાં) સભા મોટી હતી ને સભા તો હજારો માણસો. કીધુ કે જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ અધર્મ છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ બંધનું કારણ તે રાગ છે. અને પંચમહાવ્રતના પરિણામ તે આસ્ત્રવ છે. આ બે વાત

કરી હતી. ૮૫ (પંચ્યાસી)નો પોષ મહિનો. બોટાદની વાત છે. કેટલા થયા વરસ ? ૪૬ (છેતાલીસ). ૪૦ ને ૬ (ચાળીસ ને છ). એક સાધુ જોડે બેઠો'તો, તો કહે વોસરે, વોસરે જગજીવનજી. વોસરે વોસરે કે આ ન જોઇએ. પણ કોણ એનું સાંભળે ન્યાં ? ત્યાં તો મુહપત્તિ હતી ને ? બધું હતું ને ? અને સભા મોટી હતી. એણે શું કીધું કોઇએ સાંભળ્યું નહિં, મેં કીધું હું સમજી ગયો કે આને. કીધું બેસી રહેવુ'તુ ને તમારું કોણે સાંભળ્યું ન્યાં ? તમે શું કીધું ની ખબર નથી કીધું. વીર્યહીન હતાં એટલે બીજાને સારું લગાડવા, ઓલા મૂળચંદને સારું દેખાડવા મેં એને આમ કહ્યું'તું તે દિ'. સાંભળને હવે ભાઈ તને...

જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, બંધનું કારણ ભાવ એ ધરમ હોય ? (**શ્રોતાઃ** ન હોય) ધરમથી બંધાય ? પણ જરીક કડક ભાષા કરી હતી. કીધું એ પુણ્ય નહિં પણ એ અધર્મ છે. રાડ રાડ નાંખી. હાય ! હાય ! અને પંચમહાવ્રતના પરિણામ એ આશ્રવ છે. ભગવાન આનંદના નાથને અંદર સ્થિરતા નથી એટલે એવા વિકલ્પો આવે છે. ૬ઠ્ઠે (છઠ્ઠે) ગુણસ્થાને આનંદના વેદનની દશામાં હોં. આહાહા ! આ તો ક્યાં હજી આનંદનું ભાન નથી. સમકિતની ખબર નથી. એને તો ક્યાં વ્રતે હતાં ને ક્યાં અવ્રતનો ત્યાગ છે. સમજાણું કાંઈ ?

જ્ઞાનપરાયણ થઈને શું કીધું ? કે ૪થે (ચોથે) ગુણસ્થાને સમ્યગ્દર્શન આત્મશાંતિ સમાધિ પ્રગટી એ સમ્યગ્દર્શન એ સમાધિ ને સુખ છે. આનંદના સુખનું વેદન છે એ સમ્યગ્દર્શનમાં. આહાહા ! સમાધિ, સમાધિ જે શબ્દ લીધો એનો અર્થ આનંદ. એ સમ્યગ્દર્શનમાં આનંદનો સ્વાદ આવ્યો ૪થે (ચોથે) ગુણસ્થાને ત્યારે એને આગળ વધવા એ અવ્રતના વિકલ્પ તોડવા, આગળ વધવા એને સ્વનો ઉગ્ર આશ્રય લેવો. એમ આ વાત વ્રત ગ્રહણ કરવું એમ કીધું છે પણ વ્રત હોય ક્યાં ? હેં ? (**શ્રોતા :** ઉગ્ર વલણ હોય ત્યાં) આહાહા ! મુનિપણું એટલે ? ઓહોહો ! પરમેશ્વરપદ. જેને ગણધર નમસ્કાર કરે. નમો લોએ સવ્વસાહૂણં. એ પદ બાપા જુદી ચીજ છે. એ અત્યારે નમૂનો દેખાવા કઠણ છે. હેં ? આહાહા !

એ વાત સાંભળવી કઠણ પડી ત્યાં નમૂના ક્યાંથી લાવવા ? આહાહા ! કહે છે કે એ મુનિપણાની દશા સમ્યગ્દર્શનની દશાથી આગળ વધેલો વસ્તુના સ્વરૂપનો આશ્રય ઉગ્ર થયો એને વ્રતના વિકલ્પો આવે, એણે અવ્રતના વિકલ્પો છોડયા એમ કહેવાય, પણ એ વ્રતનો ભાવ એ પણ વિકલ્પ ને રાગ છે. એણે એને છોડવા એણે શું કરવું ? કે જ્ઞાનપરાયણ કીધું ને ? ઓલામાં, જ્ઞાન સ્વરૂપ ભગવાન એમાં પરાયણ વિશેષ થયો ત્યારે તે ભૂમિકામાં વ્રતના વિકલ્પ આવ્યા. હવે એ વ્રતનો એ પણ વિકલ્પ છે હજી રાગ છે. સાચા સંત મુનિને ભાવ લિંગી દૃષ્ટિ અનુભવ અંદર થઈને સ્વસંવેદન છે, એને પણ એ

વ્રતનો વિકલ્પ છે એ રાગ છે. આહાહા! એ રાગને છોડવા જ્ઞાનપરાયણ થઈને, જ્ઞાન ભાવનામાં લીન થઈને આહાહા! આવી વાતું. જ્ઞાન સ્વરૂપી ભગવાન એવા જ્ઞાનમાં લીન થઈને, એ વ્રતના વિકલ્પને છોડવા. ભારે વિષય.

આ સમાધિતંત્ર છે ને? એ સમ્યગ્દર્શનની સમાધિ સુખરૂપ છે. સમ્યગ્જ્ઞાન સમાધિ સુખરૂપ છે અને સમ્યગ્ચારિત્ર સમાધિ સુખરૂપ છે. આહા! સમાધિ એટલે? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની તે સમાધિ છે. આનંદનો સ્વાદ છે ત્રણેમાં અતીન્દ્રિય. એને કહે છે કે વ્રતના વિકલ્પ આવે તો એણે વસ્તુના સ્વરૂપમાં વિશેષ ઉગ્રપણે ઠરી અને એને છોડવા. સમજાણું કાંઇ? આ આવો મારગ ભારે ભાઇ! વળી કોઇ કહે કે નવો મારગ કાઢયો સોનગઢવાળાએ, એમ કહે છે હેં? આ તો અનાદિનો મારગ આ જ છે. લોકોને ખબર નહોતી માટે કાંઇ નવો મારગ થઇ જાય? આહાહા! ભાઇ તને સર્વજ્ઞ વીતરાગ એવો તારો સ્વભાવ અને જેને શક્તિરૂપે હતું અને વ્યક્ત કર્યું. શક્તિરૂપે એટલે સ્વભાવરૂપે. શક્તિરૂપ એટલે સ્વભાવરૂપ.

તું પરમાત્મ સ્વરૂપ અને વીતરાગ સ્વરૂપ છે એનો. એનો શક્તિ કહો કે એનો સ્વભાવ કહો સર્વજ્ઞને વીતરાગ સ્વભાવ જ છે. એ શક્તિમાંથી જેણે વ્યક્તિ કરી અંતરના પરાયણ થઈને પ્રગટ દશા કરી આહા! એમાં હતી તે બહાર આવી. આહાહા! એવા સર્વજ્ઞ પરમાત્માએ આમ ફરમાવ્યું છે. કહો ચેતનજી! આહાહા! ભગવાનનો દિવ્યધ્વનિ આ છે. હેં? (શ્રોતા : ચેતનજીની જ વાત છે ને) આ ચેતન છે. આહાહા! ચૈતન્ય સ્વભાવમાં ચૈતન્ય સ્વભાવને શ્રદ્ધવો અને માનવો એ તો એના સન્મુખ થઈને નિર્વિકલ્પ થાય ત્યારે જાણ્યો - માન્યો કહેવાય. આહાહા! હેં? આહાહા!

એ વસ્તુ જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાય નહિં ને માનવું ઇ ક્યાંથી આવ્યું? ઇ ૧૭ (સત્તર) - ૧૮ (અઢાર) ગાથામાં લીધું છે ને? જે વસ્તુ છે આત્મા ભગવાન પૂરણ શક્તિવાળો એટલે ઇ તો આત્મા પોતે સ્વભાવે તો પરમાત્મ સ્વરૂપ જ છે. આહાહા! એ શક્તિરૂપ કહો સ્વભાવરૂપ કહો એ પરમાત્મ સ્વરૂપ છે, એને અંતરમાં એકાગ્ર થઈને શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ કરવી એનું નામ મોક્ષનો મારગ અને એનું નામ મોક્ષ છે.

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન – ૧૦૦

## શ્લોક – ૮૬ અને ૮૭

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૫.૦૭.૭૫**

तस्य चोत्प्रेक्षाजालस्य नाशं कुर्वाणोऽनेन क्रमेण कुर्यादित्याह -

**अव्रती व्रतमादाय व्रती ज्ञानपरायणः ।**
**परात्मज्ञानसम्पन्नः स्वयमेव परो भवेत् ।।८६।।**

**અવ્રતિ-જન વ્રતને ગ્રહે, વ્રતી જ્ઞાનરત થાય;**
**પરમ-જ્ઞાનને પામીને, સ્વયં 'પરમ' થઈ જાય ।। ૮૬ ।।**

यथा च व्रतविकल्पो मुक्तिहेतुर्न भवति तथा लिङ्गविकल्पोऽपीत्याह –

**लिङ्गं देहाश्रितं दृष्टं देह एवात्मनो भवः ।**
**न मुच्यते भवात्तस्मात्ते ये लिङ्गकृताग्रहाः ।।८७।।**

**તનને આશ્રિત લિંગ છે, તન જીવનો સંસાર;**
**તેથી લિંગાગ્રહી તણો, છૂટે નહિં સંસાર. ।। ૮૭ ।।**

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

**ટીકા** : અવ્રતીપણાની અવસ્થામાં થતાં ચોથા ગુણસ્થાનની વાત છે, સમ્યગ્દર્શન થયું છે. નિર્વિકલ્પ વીતરાગ સ્વભાવ - દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો છે. એને હજી અવ્રતના વિકલ્પો હોય છે એની વાત છે, એકલા મિથ્યાદૃષ્ટિની અહીં વાત છે નહિં. પ્રથમ ભૂમિકા જેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એ ચૈતન્ય પરિપૂર્ણ સ્વભાવ, વીતરાગ સ્વરૂપે પૂર્ણ સ્વરૂપ, એનો આશ્રય લઈ અને સમ્યગ્દર્શનમાં આનંદનું અલ્પ વેદન આવે એમાં પ્રતીતિને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એવા જીવને અવ્રતના વિકલ્પો રાગના હોય છે તો એણે વ્રત ગ્રહણ કરી, વ્રત ગ્રહણ કરીમાં બે પ્રકાર, એક તો ચોથે ગુણસ્થાને પહેલા બાર અણુવ્રતના વિકલ્પ લ્યે.

ધ્યાન નથી તમારું બરાબર હોં! ચારે કોર ફર્યા કરે છે લ્યો. આ શું નવી વાત આવી છે એ તમારે પકડવાની ગરજ નથી. હિંમતભાઈને કહું છું. આખો કલાક ફર્યા ફર, ફર્યા ફર કરે, આમથી આમ ને આમથી આમ. અસ્થિરતા ઘણી. આ શું કહ્યું ન સાંભળ્યું? નવી વાત હતી. આ ઓલું આવડે છે ને એટલે એના ઓલામાં નવી વાત ગ્રહણ કરવાની દરકાર નથી. આ ઘણા દિ' થી સ્થિતિ છે હોં! મેં ભાઈને કહ્યું ચંદુભાઈને. આખરે કહ્યું, બે વાર કહ્યું છે આંહી તો ભાઈ, સાંભળવાને માટે ધ્યાન રાખવું જોઈએ. રામજીભાઈને જુઓ કેટલું ધ્યાન રાખે છે. એકેએક અક્ષર અને એકેએક ભાવ. (શ્રોતા : આપની કૃપા છે એને સાંભળવી નથી. બીજું શું છે?) આ તો શાસ્ત્ર છે. અને એ વાત આવડતી હોય તો પણ એ તો ધારણામાં આવડી છે, વસ્તુથી નહિં. આહાહા! ઝીણી વાત બહુ બાપુ! માર્ગને માટે પાત્ર થવું, બહુ લાયકાત જોવે છે. અહીંયા, શું કહ્યું?

બીજી વાત કરી થોડી કે અવ્રતીને વિકલ્પો પાંચમા ગુણસ્થાનમાં પહેલાં લ્યે પંચ અણુવ્રતાદિ અને કોઈક મુનિના પંચ મહાવ્રતાદિના વિકલ્પો લ્યે, છતાં તેને નિશ્ચય સ્થિરતા જો અંદર થઈ હોય તો તેને વહેવાર વ્રત તરીકે કહેવાય છે. શું કહ્યું? (શ્રોતા : નિશ્ચય હોય તો વહેવાર કહેવાય છે) નહિં તો વિકલ્પ એવો શાસ્ત્રમાં પાઠ છે કે સમ્યગ્દર્શન થયું છે, એણે વિકલ્પ લીધા વ્રતના પણ અંદર સ્થિરતા જોઈએ ગુણસ્થાનની એ ન આવી. એ પુરુષાર્થ નહિં. આ વાત આમાં નહોતી કહી આટલામાં. સમજાણું કાંઈ? ચીમનભાઈ!

બધી ઝીણી વાતું છે બાપુ! આહાહા! ચોથા ગુણસ્થાનમાં વ્રતના વિકલ્પો લીધા. પંચ મહાવ્રતાદિ આવે છે ને ચરણાનુયોગમાં? આપણે પ્રવચનસાર હવે એ વ્રત તો ચોથે અને પાંચમે જ લેવાય છે મહાવ્રતના ભાવ. ભાઈ!

શરૂઆત તો એની ન્યાં છે. હવે પછી એ ભૂમિકામાં પંચ મહાવ્રતના વિકલ્પો એવા આવે છે. (શ્રોતા : અત્યારે તો સ્વરૂપમાં લીન થાય ત્યારે) પણ પછી તેને વિકલ્પ તરીકે, વહેવાર તરીકે ક્યારે કહેવાય? કે અંદર નિશ્ચય આનંદનાં આનંદમાં તરી ગયો વિશેષપણે. આનંદની દશા વધી ગઈ છે તો એને એ પ્રકારના વચન વિકલ્પને વહેવાર કહેવામાં આવે છે. (શ્રોતા : ભૂતનૈગમનયે) એ વખતે એને કહેવાય ને આ તો ત્યારે એને ખરો વહેવાર કહેવાય એમ. આહાહા! અને સમ્યગ્દર્શન છે અનુભવ છે આનંદનો, અને વિકલ્પ લઈ લીધા પંચ મહાવ્રતાદિના, મુનિપણાના વ્રત લીધા પણ અંદર નિશ્ચય આત્માનો આશ્રય ન આવ્યો પુરુષાર્થ નહિં તે, તો એને દ્રવ્યલિંગી - દ્રવ્યલિંગી મુનિ કહેવામાં આવે છે, ભલે સમકિત હોય.

દ્રવ્યલિંગીના પ્રકાર ત્રણ છે. એક તો મિથ્યાત્વ સહિત મુનિની ક્રિયાઓ આદિ હોય એ પણ દ્રવ્યલિંગી. એક સમકિત સહિત ગુણસ્થાન છઠ્ઠું(૬) ન હોય અને પંચમહાવ્રતાદિના પરિણામ પાળતો હોય એ પણ દ્રવ્યલિંગી, અને એક પાંચમાં ગુણસ્થાનમાં હોય અને પણ મહાવ્રતના વિકલ્પ લીધા પણ ૬ઠ્ઠુ(છઠ્ઠું) મુનિનું ૭મુ(સાતમું) આવ્યું નહિં અંદર પુરુષાર્થની ઈ જાગૃતિ ન થઈ. આહાહા! તત્ત્વાર્થ રાજવર્તિકમાં. સમજાણું કાંઈ? એટલે આંહી કોઈ એમ કહે કે આપણે તો વ્રતમાંથી વ્રતના વિકલ્પ લઈ લઈએ એટલે વ્રત થઈ ગયા, વહેવાર સાચો એમ નથી એમ કહેવું છે. આહા!આવે ખરો પહેલા વિકલ્પ - વિકલ્પો તો પાંચમે ગુણસ્થાને મુનિપણાના વ્રતના દ્રવ્યલિંગના આવે એ કંઈ સાત(૭)મે આવે અને છઠ્ઠે(૬) આવે એમ નથી. (શ્રોતા : પહેલા તો ૫મામાં(પાંચમામાં) અને ૪માં(ચોથામાં) આવે) ચોથામાં આવે. ૪થે(ચોથે) કે ૫મે(પાંચમે) આવે. આહાહા! આ તો અંતરની રમતુંની વાતો છે ભાઈ! આહાહા!

ભગવાન આત્મા જેણે આત્માનો સ્વભાવ - પરિપૂર્ણ શુદ્ધ ધ્રુવ અનુભવમાં લીધો એણે, વેદનમાં આનંદનો અંશ પણ આવ્યો. કહેશે આમાં આગળ. જે અંશે દૃષ્ટિ છે તે તે અંશે નિર્મળતા છે, અને જે અંશે ત્યાં રાગનો ભાગ આવે છે તેટલે અંશે તેને બંધ છે. આહાહા! બહુ મારગ એવી જાત છે. સમજાણું કાંઈ? કહે છે કે અવ્રતીપણાની અવસ્થામાં થતા વિકલ્પોની જાળનો વ્રતને ગ્રહણ કરીને, વ્રત તો ગ્રહણ તો વિકલ્પમાં ૪થા(ચોથા)માં

કરે છે કે દ્દઠ્ઠે(છઠ્ઠે) કરે છે સમજાય છે ઓલા પાંચમે, પણ વિનાશ કરીને એ ખરેખર તો એનો અવ્રતના વિકલ્પનો નાશ, સ્વરૂપની એકાગ્રતા ઉગ્ર થાય તો થાય છે. આહાહા! મારગ એવો બાપુ! ઝીણો, બહુ સૂક્ષ્મ. અનંતકાળ થયા એને, એ વાતને દરકાર જ કરી નથી. સ્વદ્રવ્યની દરકાર જ કરી નથી.પર્યાયની રમતમાં રમ્યો છે અનાદિથી. આહાહા!

કહે છે કે વ્રતના, વ્રતને ગ્રહણ કરી ને વિનાશ કરવો એનો અર્થ એક વ્રતના ભાવ લ્યે પણ હજી વાસ્તવિક વ્રતની ભૂમિકા જે દ્દઠ્ઠી(છઠ્ઠી) કે ૫મી(પાંચમી) અંદર આવી નથી, તો એ ખરેખર અવ્રતના વિકલ્પોનો એને નાશ થતો નથી. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? પણ એ વ્રતના વિકલ્પમાં આવ્યો, એ જ્યારે અંદર આત્માનો આશ્રય લઈને આનંદનું વેદન, પ્રચુર વેદન આવ્યું, ત્યારે ઓલા વ્રત પૂર્વે જે લીધા'તા વિકલ્પથી, એવો વર્તમાન વિકલ્પ રહ્યો એને વહેવાર કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? કો સુજાનમલજી! વાત તો ભાઈ આવી છે. મારગ આ છે બાપુ! આહાહા! અહીંયા ભાષા તો એમ કે અવ્રતનો ત્યાગ પહેલા મિથ્યાદૃષ્ટિ હોય ઈ એમ કહે કે આપણે વ્રત લઈ લ્યો, એટલે અવ્રતનો નાશ થશે એમેય નથી, અને સમ્યગ્દૃષ્ટિ પણ વ્રતના વિકલ્પ લીધા માટે અવ્રતના વિકલ્પનો નાશ થયો એમેય નથી.

જ્યારે અંદર દ્રવ્યનો આશ્રય ઉગ્ર લઈ અને ધ્યાનમાં, આનંદમાં જ્યારે પ્રચુર આવે, ત્યારે ઓલા વિકલ્પ જે પૂર્વે લીધો હતો તેને વર્તમાન વિકલ્પ તરીકે ગણીને વહેવાર કરવામાં આવે છે. આહાહા! આવો મારગ બાપુ! સમજાણું કાંઈ? એથી આ અવ્રતીપણાની અવસ્થામાં થતાં, વિકલ્પની જાળનો, વ્રત ગ્રહણ કરીને વિનાશ કરવો એનો અર્થ આટલો છે આ. અને વ્રતીપણાની અવસ્થામાં થતાં, હવે ૫મે(પાંચમે) કે દ્દઠ્ઠે(છઠ્ઠે), અહીં મૂળ વધારે તો મુનિની વાત છે. વ્રતીપણાની દશામાં થતાં વિકલ્પ પંચમહાવ્રતના આદિ અઠ્ઠાવીસ મૂળગુણ, એ જ્ઞાનપરાયણ થઈને સ્વરૂપ તો જ્ઞાન સ્વરૂપ ભગવાન એકલો જ્ઞાન સ્વરૂપ, એ જ્ઞાનમાં પરાયણ થઈને (એકાગ્ર થઈને) અંદર લીન જ્ઞાનસ્વરૂપ પ્રભુ એમાં તત્પર જ્ઞાનમાં તત્પર એકાગ્રતા આનંદસ્વરૂપની એકાગ્રતા આહાહા! એમાં થઈને (અંદર) જ્ઞાન ભાવનામાં લીન થઈને. એટલે કે વસ્તુ જે જ્ઞાયકભાવ છે એની ભાવના શબ્દે એકાગ્રતા. ભાવની ભાવના જ્ઞાયક ભાવની ભાવના એટલે એકાગ્રતા થઈને પરમ વીતરાગતાની અવસ્થામાં, પરમ વીતરાગતાની દશામાં તેનો વિનાશ કરવો. આહાહા!

પરમ વીતરાગ દશા થાય ત્યારે ઓલાનો નાશ થાય, એ વિના ક્યાંય વ્રતનો નાશ થાય (નહિં). આનંદના સ્વરૂપમાં જઈ પરમ વીતરાગતા આવે ત્યારે ઓલા

વ્રતના વિકલ્પનો નાશ થાય. સમજાણું કાંઈ ? આહાહા ! વાક્યો આ તો વીતરાગતાના વાક્યો છે ભાઈ ! એના એક એક વાક્યમાં ઘણું ઘણું રહસ્ય. સમાધિ છે ને ? એ સમાધિ ૪થેથી(ચોથેથી) થાય પછી વિકલ્પ આવ્યા એ તો અસમાધિ છે, રાગ છે. એ વિકલ્પનો ખરો વહેવાર કહેવામાં ક્યારે આવે અવ્રતીને ? કે જ્યારે અંદર ગુણસ્થાનમાં ચઢે છે, ૭મે(સાતમે) જાય છે કે પમે(પાંચમે) જાય ત્યારે ઓલા વિકલ્પ અવ્રતીના વિકલ્પો નાશ થયા છે. પછી વ્રતના વિકલ્પ રહ્યા એને સ્વરૂપમાં લીન થઈને તેનો નાશ થાય છે, વિકલ્પનો નાશ કરું એમ નથી. સમજાણું કાંઈ ? આહાહા ! અરે ! મારગ તે મારગ છે બાપુ ! આહાહા ! અને આત્માનો આશ્રય નથી જ્યાં ત્યાં તો અવ્રતના ને વ્રતના વિકલ્પોની વાતું છે નહિં એ તો તદ્દન મિથ્યાદષ્ટિ સહિત અવ્રતીમાંજ પડયો છે. સમજાણું કાંઈ ? આહાહા !

પરમ વીતરાગતાની અવસ્થામાં તેનો વિનાશ કરવો એટલે કે જ્ઞાન સ્વરૂપી ભગવાન એમાં લીન થઈને, આગળ ગુણસ્થાન વધી ગયું એમ કહે છે. એથી ઓલા વિકલ્પો હતા એ ઉત્પન્ન થતા નથી. તેનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહા ! સમજાણું કાંઈ ? સંયોગીજિન અવસ્થામાં હવે એને આગળ જવું છે પાછું. કેવળ લેવું છે ને ? સંયોગીજિન અવસ્થામાં પરમાત્મજ્ઞાનસંપન્ન, પર એટલે સર્વ જ્ઞાનોમાં ઉત્કૃષ્ટ જે આત્મજ્ઞાન એટલે કેવળજ્ઞાન એમ. આહાહા ! જિન અવસ્થામાં પરાત્મજ્ઞાનસંપન્ન પર એટલે સર્વ જ્ઞાનોમાં ઉત્કૃષ્ટ જે આત્મજ્ઞાન, જે કેવળજ્ઞાન તેનાથી સંપન્ન એટલે યુક્ત થઈને સ્વયં જ, એટલે કે હવે ગુરુ આદિના ઉપદેશની અપેક્ષા રાખ્યા વિના, પર એટલે સિદ્ધ સ્વરૂપ પરમાત્મા થવું. આ સંયોગીમાંથી અયોગી થવું એમની વાત છે.

**ભાવાર્થ** : સારુ કર્યું છે છોટા ભાઈએ ! ... વિકલ્પ જાળનો નાશ કરી સિદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે કરવી તેનો નીચે પ્રમાણે આચાર્યે ક્રમ બતાવ્યો છે.

૧. અવ્રત અવસ્થામાં હિંસાદિ પાપોના જે વિકલ્પો, વિષયના વિકલ્પો - તેનો અહિંસાદિ વ્રતોનું ગ્રહણ કરી નાશ કરવો. એથી કે અહિંસાદિના વ્રત લઈને અંદર સ્વભાવની એકાગ્રતા વધારીને એનો નાશ કરવો. આવું છે. આહાહા ! અવ્રત અવસ્થામાં હિંસાદિ પાપોના જે વિકલ્પો થાય તેનું અહિંસાદિ વ્રતોનું ગ્રહણ કરી નાશ કરવો. વ્રતના વિકલ્પોથી અવ્રતનો નાશ થાય, અવ્રતના વિકલ્પોનો એનો અર્થ - સ્વરૂપમાં એકાગ્રતા વધી, ત્યારે એને અવ્રતના વિકલ્પોનો અભાવ થયો. એને વ્રતના વિકલ્પ રહ્યા. સમજાણું કાંઈ ? (શ્રોતા : એનો અર્થ જ કે શુદ્ધ ઉપયોગથી જ થાય) ત્યારે થાય. શુદ્ધોપયોગમાં જાય ત્યારે, વ્રતના વિકલ્પોનો નાશ થાય. આહા !

૨. વ્રત અવસ્થામાં અહિંસાદિ શુભભાવ રૂપ જે વિકલ્પો થાય, વ્રતની અવસ્થામાં અહિંસાદિ શુભભાવરૂપ જે રાગ થાય, તેનો જ્ઞાનપરાયણ થઈ સ્વભાવમાં તત્પર થઈ આહાહા! જ્ઞાન એટલે આત્મા, જ્ઞાન એટલે જ્ઞાયક ભાવ - તેમાં એકાગ્ર થઈ, જ્ઞાન ભાવનામાં લીન થઈ વિનાશ કરવો. જ્ઞાન ભાવનામાં લીન થઈને એનો વિનાશ થાય. સમજાણું કાંઈ?

૩. જ્ઞાન ભાવનામાં લીન થતાં પરમ વીતરાગ, કેવળજ્ઞાન યુક્ત જિનદશા (અરિહંત અવસ્થા) પ્રગટે.

૪. અને સ્વયં સિદ્ધ પદની પ્રાપ્તિ થાય પછી. આહા! સ્વંય જ સિદ્ધપદની પ્રાપ્તિ. આ ક્રમ મૂક્યો ચાર.

## વિશેષ

વ્રત - અવ્રત બન્ને વિકલ્પ રહિત, જ્યાં પર દ્રવ્યના ગ્રહણ ત્યાગનું કાંઈ પ્રયોજન નથી. આહાહા! એવો ઉદાસીન વીતરાગ શુદ્ધોપયોગ છે, તે જ મોક્ષ માર્ગ છે. મોક્ષ માર્ગનો (પ્રકાશકનો) એમાંથી આધાર આપ્યો છે. વ્રત, અવ્રત બન્ને રાગ છે. એનાથી રહિત જ્યાં પરદ્રવ્યના ગ્રહણ - ત્યાગનું કાંઈ પ્રયોજન નથી. આહાહા! એવો ઉદાસીન વીતરાગ શુદ્ધોપયોગ - તે જ મોક્ષ માર્ગ છે. વ્રતનો વિકલ્પ એ કાંઈ મોક્ષ માર્ગ નથી. મોક્ષ માર્ગ તો શુદ્ધોપયોગ તે મોક્ષ માર્ગ છે. વિકલ્પ છે તે તો અશુદ્ધોપયોગ છે. સવારની ઓલી લાઈન પ્રમાણે તો આપણે આવ્યું'તું અશુદ્ધોપયોગ તે અણાત્મા છે. આહાહા! જે શુદ્ધોપયોગ તે જ આત્મા છે. એકલું દ્રવ્ય સહિતનું શુદ્ધની પર્યાયની (વાત છે) જેટલો વિકલ્પ ઉઠે છે, તેટલો અણઉપયોગ છે એ ચૈતન્યનો ઉપયોગ જ નથી. આહાહા! પહેલાં અશુભ ઉપયોગ છૂટી (મોક્ષમાર્ગ પ્રકાશકનું) શુભ ઉપયોગ થાય પછી શુભ ઉપયોગ છૂટી શુદ્ધોપયોગ થાય. શુભ ઉપયોગથી શુદ્ધ ઉપયોગ થાય એમ નથી કહ્યું. શુભ ઉપયોગથી શુદ્ધ થાય તો અશુભ ઉપયોગથી શુભ ઉપયોગ થાય અને શુભ ઉપયોગથી શુદ્ધ થાય. પહેલાં અશુભ ઉપયોગ છૂટી શુભોપયોગ થાય પછી શુભ ઉપયોગ છૂટી શુદ્ધ ઉપયોગ થાય એવી ક્રમ પરિપાટી છે આહાહા!

મોક્ષમાર્ગ પ્રકાશક ગુજરાતી આવૃત્તિ પૃષ્ઠ ૨૬૦ (બસ્સો સાઈઠ). ધર્મની શરૂઆત ૪થા (ચોથા) અવિરત સમ્યક્ ગુણસ્થાનથી થાય છે. આહાહા! ભગવાન આત્માને સ્પર્શવાથી ધર્મની શરૂઆત થાય. રાગની ક્રિયાથી ધર્મની શરૂઆત થતી નથી. આહાહા! સમજાણું કાંઈ? ધર્મની શરૂઆત ૪થે (ચોથે) અવિરતમાં થાય છે. તે પહેલાં જીવની મિથ્યાત્વ અવસ્થા હોય છે. આ અવસ્થામાં વ્રત અને તપાદિ કરવાનો વિકલ્પ હોય ખરો,

તે બધા બાળતપ અને બાળ વ્રત છે. સમયસાર ગાથા ૧૫૨ (એકસો બાવન) - ૧૫૩ (એકસો ત્રેપન). આવે છે ને ? બાળવ્રત અને બાળતપ. સમ્યગ્દર્શન વિના આ પંચમહાવ્રત બહારથી લે, દ્રવ્યલિંગ ધારણ કરે એ બધું બાળવ્રત છે, બાળતપ છે. આહાહા ! અહીંયા તો અત્યારે એક એક શ્રાવકના વ્રત અને મુનિના વ્રતના આચરણો એ ધર્મ - જૈનદર્શન છે. અને એનાથી ધર્મ ન થાય તો જૈનધર્મનો નાશ થશે એમ કહે છે લ્યો. આહાહા ! શું થાય ? જેની લાયકાત એ પ્રમાણે હોય તેને એમ બેસે.

અવિરત સમ્યગ્દષ્ટિઓને ૪થે (ચોથે) ગુણસ્થાને દેશવિરત શ્રાવકોને પાંચમા (૫)ને અને મુનિઓને ભૂમિકા અનુસાર શુભ અશુભ વિકલ્પો આવે છે. મુનિને શુભ આવે છે, અશુભ હોતા નથી એમ પણ છતાં કોઇ આર્તધ્યાન આદિ હોય છે એને ગણ્યા છે પરંતુ તેમને ભેદવિજ્ઞાન હોવાથી તે જ ક્ષણે, રાગથી ભિન્ન પડેલું તત્ત્વ હોવાથી રાગથી ભિન્ન પડેલા તત્ત્વને અનુભવથી, તે વિકલ્પને તેઓ શ્રદ્ધા જ્ઞાનમાં પોતાનું સ્વરૂપ માનતા નથી. આહાહા ! શ્રદ્ધા - જ્ઞાનમાં તે વિકલ્પને પોતાનું સ્વરૂપ માનતા નથી. આહાહા ! શુદ્ધ આત્મ સ્વરૂપની પ્રાપ્તિમાં તેમને વિઘ્નરૂપ માને છે. કહો ! વ્રતના વિકલ્પો પણ શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ છે. રાગ છે ને ? હવે એનાથી આગળ વધાશે એમ કહે છે. શુદ્ધ આત્મ સ્વરૂપની પ્રાપ્તિમાં તેમને વિકલ્પોને વિઘ્નરૂપ જાણે છે અને તે છોડવા માટે ભૂમિકા અનુસાર પ્રયત્ન કરે છે. અંતરમાં વધારે આશ્રય લેવા પ્રયત્ન કરે છે. આહાહા ! સ્વનો આશ્રય વધારવો એ એનો સ્વ તરફનો પ્રયત્ન છે.

હવે આ ગાથા મૂકી 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'ની. નીચે છે ૨૧૨ (બસ્સો બાર), ૨૧૩ (બસ્સો તેર), ૨૧૪ (બસ્સો ચૌદ). જેટલે અંશે સમ્યગ્જ્ઞાન છે, જ્ઞાન એટલે સ્વસંવેદન જ્ઞાન. આ શાસ્ત્રનું જ્ઞાન અને ધારણાનું જ્ઞાન એ જ્ઞાન નહિં. જ્ઞાયકમાંથી આવેલી જ્ઞાનની દશા, તે સમ્યગ્જ્ઞાન છે, તેટલે અંશે બંધ નથી. જેટલે અંશે જ્ઞાયકભાવનું સ્વને આશ્રયે થતું જે જ્ઞાન, પરથી આ ધારણાથી કર્યું એ કાંઇ જ્ઞાન નથી. સાંભળીને કર્યું જ્ઞાન એ જ્ઞાન નથી. આહાહા ! જ્ઞાયકભાવ ચૈતન્યમાંથી ઝરતું જ્ઞાનની દશા તે સમ્યગ્જ્ઞાન છે, તેટલે અંશે બંધ નથી. જેટલે અંશે રાગ છે, તેટલે અંશે તેને બંધ થાય છે. શ્રાવક ને કે મુનિને જેટલે અંશે વિકલ્પ ઊઠે છે. આહાહા ! એટલે અંશે બંધ છે. તેને જેટલે અંશે સમ્યગ્દર્શન છે પહેલું સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે હોં !

જેટલે અંશે સમ્યગ્દર્શન હોય છે પહેલું આ. જેટલે અંશે સમ્યગ્દર્શન જેવી ચીજ પૂર્ણ છે, તેનું જ્ઞાનમાં ભાન થઇને પ્રતીતિ થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન

છે. શુદ્ધ ભાવ છે. એ શુદ્ધ ભાવ છે. સરાગ સમકિત બધું કહેવાય છે તે તો ઉપચારથી આહા! રાગ રહિત અંશ છે તેટલે અંશે બંધ નથી સમ્યગ્દૃષ્ટિને, આહાહા! જેટલે અંશે રાગ છે તેટલે અંશે બંધ થાય છે. છે સમ્યગ્દૃષ્ટિ, અને જેટલે અંશે સમ્યગ્જ્ઞાન તેટલે અંશે બંધ નથી. એ તે શ્રાવકનું નાંખ્યું બેય. ભાષા શ્રાવકની નાંખી છે ને સમ્યગ્દૃષ્ટિને. હવે જેટલે અંશે સમ્યગ્ચારિત્ર છે આહાહા! શુદ્ધ આનંદના નાથમાં રમણતા છે જેની જેટલી આહાહા! બહુ પુરુષાર્થ છે ત્યાં. સમ્યગ્દર્શન કરતાં પણ ચારિત્રનો મહાપુરુષાર્થ છે. સ્વરૂપમાં રમણતાનો પુરુષાર્થ ઘણો ઉગ્ર છે. આહાહા! છતાં દૃષ્ટિના વિષયમાં પર્યાય સન્મુખ જવું છે એમ નથી, પણ ચારિત્રનો પુરુષાર્થ જે સ્વભાવ તરફ છે તે અનંતો પુરુષાર્થ છે. પર્યાયને દ્રવ્યમાં ઉગ્રપણે વાળવી એવું જે ચારિત્ર એ જેટલે અંશે સમ્યગ્ચારિત્ર છે તેટલે અંશે બંધ નથી, અને જેટલે અંશે રાગ છે તેટલે અંશે તેને બંધ છે.

લ્યો! આ ઓલો અર્થ કરે છે ને બંધભાવ નથી મોક્ષમાર્ગ છે. આવે છે ને એક ગાથા? પુરુષાર્થ સિદ્ધિની એવો અર્થ છે ને આંહી તો આ કહ્યું એમાં ને એમાં એમ કે બંધ નહિં. મોક્ષના માર્ગમાં જે બંધ થાય છે તે મોક્ષમાર્ગજ છે એમ કહે. આહાહા! એ વાત કરે છે. પુરુષાર્થ સિદ્ધિ ઉપાયની ગાથા છે ને (શ્રોતા : શ્રીમદ્ તરફથી બહાર પડેલી) હેં? શ્રીમદ્ તરફથી બહાર પડેલી. (શ્રોતા : આગળ બહાર પડેલી) છે આંહી મોક્ષમાર્ગ પ્રકાશક? નહિં હોય. પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં, નથી? કેટલામી ગાથા છે? ૨૧૨ (બસ્સો બાર), ૨૧૩ (બસ્સો તેર), ૨૧૪ (બસ્સો ચૌદ)? એના પહેલા જ છે લ્યો. આ ૨૧૨ (બસ્સો બાર) છે ને? એના પહેલા ૨૧૧ (બસ્સો અગિયાર)મી ગાથા

असमग्रं भावयतो रत्नत्रयमस्ति कर्मबन्धो यः ।
स विपक्षकृतोऽवश्यं मोक्षोपायो न बन्धोपायः।।

આવી પહેલી ગાથા છે આના પહેલા આ બસ્સો બાર (૨૧૨) પહેલાં. અપૂર્ણ રત્નત્રયની ભાવના કરનાર પુરુષને શુભકર્મનો બંધ થાય છે. તે બંધ વિપક્ષ રસના રાગકૃત હોવાથી અવશ્ય જ બંધનો ઉપાય છે. આ તો બરાબર છે અને ઓલા કહે 'ના એ મોક્ષનો ઉપાય નથી'. ઓલામાં મોક્ષનો ઉપાય છે એમ કહ્યું છે. અર્થ એવો કર્યો છે. એક દેશનું રત્નત્રયનું પાલન કરનાર પુરુષને જે કર્મબંધ થાય છે તે રત્નત્રયથી નથી પણ એ રત્નત્રયનો વિપક્ષ જે રાગદ્વેષ છે તેનાથી થાય છે આવો તો અર્થ છે. ઓલા કહે નહિં 'મોક્ષ ઉપાયોન્' એમ કહે છે, 'ઉપાયો નઃ' એમ કહે છે. એવો અર્થ કર્યો છે. 'ન' એણી કોર લઈ જાય છે. ખોટી વાત છે. અને આના પહેલાની વાત છે જુઓને ૨૧૧(બસ્સો અગિયાર)ની

ગાથા છે આ ૨૧૨(બસ્સો બાર) છે.

આથી સ્પષ્ટ છે કે સમ્યગ્દષ્ટિને ભૂમિકાનુસાર જે ભાવ આવે ખરો, કહે છે હોય છે. પૂજાનો ભાવ, ભક્તિનો ભાવ, વ્રતનો ભાવ, મહાવ્રતનો ભાવ, અણુવ્રત આદિનો ભાવ, નિયમ આદિ કરવાનો ભાવ એ શુભ ભાવ આવે છે તે પણ આસ્ત્રવ બંધનું કારણ છે. આહાહા! અને એ શુભભાવમાંથી પછી કરતાં કરતાં શુદ્ધ આવશે એ મિથ્યાત્વ શલ્ય છે. આશ્રવ અને બંધના કારણથી અણાશ્રવ પરિણામ થાય? આહાહા! અણાશ્રવ પરિણામ તો સ્વદ્રવ્યના આશ્રયે થાય ને શુભ ભાવ તો પરદ્રવ્યના આશ્રયે છે. બહુ ઝીણું, બહુ ઝીણું. માણસને આ નિશ્ચય એવું લાગે. હેં? ક્યાં ગયા પ્રેમચંદભાઇ? નથી? આવી વાત છે આ.

ભક્તિનો દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિ, પૂજા એ બધો રાગ છે એ બંધનું કારણ છે. અને એ ભક્તિ કરતાં કરતાં નિર્મળ દશા થશે, (એ મિથ્યાત્વ છે). આહાહા! બહુ મારગ - મારગ તો એ જ સ્વરૂપે આવો જ છે, અંતરમાં વિચારે તો મનન કરે તો કંઇક ખબર પડે એમ ને એમ વાતું કરે ઉપરથી તે કાંઇ હાલે? આહાહા! પણ તે સંવર અને નિર્જરાનું કારણ નથી. એ ભક્તિ, પૂજા, વ્રત, મહાવ્રત, નિયમ, અભિગ્રહ આદિ લે કે આમ છે એ બધો વિકલ્પ છે. આ મારે ખપે નહિં, આ મારે ખપે નહિં, બ્રાહ્મણને ઘરે ગયો તો આ મારે ખપે નહિં, આહાહા! એમાં આવ્યું છે ને ઇ પણ એ શુભ વિકલ્પ છે એ તો. ચંડાળના ઘરે ગયો ને મારે ખપે એ અશુભ વિકલ્પ છે. આહાહા! આ મારે ખપે નહિં, આ મારે ખપે નહિં એ પણ શુભ રાગ છે. આહાહા!

સંવર નિર્જરાનું કારણ તો શુભ અંશ સાથે સંવર નિર્જરાનું કારણ તો શુભ અંશો જે છે, એ તો આસ્ત્રવનું કારણ છે, પણ એની સાથે જે શુદ્ધ અંશ છે આહાહા! પહેલાં હજી શ્રદ્ધાના જ વાંધા આખા, પછી જ્ઞાન ને ચારિત્ર તો વળી ક્યાં? જ્ઞાન એટલે વધારો જ્ઞાનનો, જ્ઞાન સાથે તો થોડું હોય છે. શુભ અંશો સાથે જે શુદ્ધ અંશ છે તે જ છે સંવર નિર્જરાનું કારણ. ચૈતન્ય દ્રવ્યને આશ્રયે, શુદ્ધ સ્વરૂપને આશ્રયે શુદ્ધતા પ્રગટી એ સંવર નિર્જરાનું કારણ છે. પર ને આશ્રયે શુભ ભાવ થયો એ બંધનું કારણ અને આસ્ત્રવનું કારણ છે. આહાહા! જે શુભ રાગ બંધનું કારણ હોય, તે મોક્ષનું કારણ કદી હોઇ શકે નહિં. જે શુભ રાગ બંધનું કારણ હોય તે મોક્ષનું કારણ કદી હોઇ શકે નહિં. માટે વ્રતાદિના શુભ વિકલ્પોને પણ અવ્રતાદિના અશુભ વિકલ્પની જેમ મોક્ષમાર્ગમાં હેય પૂર્વક છોડવા યોગ્ય એમ ગણવામાં આવ્યા છે. આહાહા!

ભક્તિ ય બે પ્રકારની. એક નિશ્ચય ભક્તિ અને વહેવાર ભક્તિ. સ્વના આશ્રયે એકાગ્ર થવું એ નિશ્ચય ભક્તિ. અને ભગવાન દેવ, ગુરુની ભક્તિ કરવી એ વહેવાર - વિકલ્પ ભક્તિ. આહાહા! આવી વાત છે. એ વહેવાર ભક્તિ બંધનું કારણ છે. સ્વભાવનો, દ્રવ્ય સ્વભાવનો આશ્રયથી શુદ્ધ ભાવ થાય એ મોક્ષનું કારણ અથવા સંવર નિર્જરા છે. આમ છે. વ્રતાદિના શુભ વિકલ્પની જેમ અશુભ વિકલ્પો મોક્ષમાં હેય એમ જાણવું. વિશેષ ખુલાસો કર્યો છે. ઓલી કોર છે એમ, ગાથા ન્યાં આપી છે. સમયસાર ગુજરાતી આવૃત્તિ - કળશ ૧૧૦ (એકસો દસ)નો ભાવાર્થ ઓલીકોર આપ્યું છે. ''જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી, સ્વરૂપમાં યથાર્થ જેમ છે તેમ સ્થિરતા, રમણતા - ચારિત્રની યથાખ્યાત થતી નથી ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિને પણ બે ધારા રહે છે. શુભાશુભ કર્મધારા અને જ્ઞાનધારા'' (છે ને અહીંયા કળશમાં ટીકા છે. કળશ - સમયસારનો ૧૧૦ (એકસો દસ) એનો ભાવાર્થ છે) ૧૧૦ (એકસો દસ) છે ને? ..... (બે ન થાય એક.) **कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः** એ કાંઇ વિરોધનું કારણ નથી. હોય છે.

**किन्तवत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्,**
**मोक्षाय स्थित मेकमेव परमं ज्ञानं विमुक्तं स्वत:**

ઇ, ઇ ૧૧૦ (એકસો દસ)ની. મોટું છે આ તો ખૂબ, બે પાના છે આખા ભરેલા. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું આત્માનો અનુભવ અને આનંદનું વેદન થયું છતાં તે જ્ઞાનધારા છે. સમ્યગ્દર્શન ધારા છે, એટલો તો મોક્ષનો મારગ છે. જેટલો અંદરમાં વિકલ્પ ઉઠે છે, ભક્તિ, પૂજા, દાન, દયા વિગેરે એ કર્મધારા છે એ રાગધારા છે. આહાહા! શુભાશુભ કર્મધારા ને જ્ઞાનધારા તે બન્ને સાથે રહેવામાં કાંઇ વિરોધ નથી, ક્ષતિ નથી. આવ્યું'તું ને? કળશમાં છે. એ કાંઇ વિરોધ નથી. જેમ મિથ્યાત્વને અને સમકિતને રહેવા ને વિરોધ છે, મિથ્યાજ્ઞાન ને સમ્યગ્જ્ઞાન રહેવાને વિરોધ છે એમ સમ્યગ્જ્ઞાનની સાથે સમ્યગ્દર્શનની સાથે રાગ થાય એનો વિરોધ નથી. એ વિરોધ નથી એટલે કે એ હોઇ શકે છે એમ. આહાહા! એક સમયમાં સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન એમ ન હોઇ શકે એ વિરોધ છે. પણ જે સમ્યગ્દર્શન જ્ઞાનની સાથે રાગનો ભાવ - કર્મધારા હોય એ વિરોધ નથી. વિરોધ નથી એટલે? એને રોકે છે એ જુદી વાત છે. પણ એને વર્તમાન આવું ન હોય એમ નથી. હોઇ શકે છે. આહાહા! નહીંતર તો સાધક થાય ત્યાં બાધકપણું તો છે. બે ધારા સાથે છે. નહિં તો સાધક થયો એટલે એકદમ સિદ્ધ થઇ જાય? આહાહા!

તે સ્થિતિમાં કર્મ અશુદ્ધ ભાવરૂપ કર્મ, શુભ કે અશુભ બેય અશુદ્ધભાવ પોતાનું કાર્ય કરે છે. આહાહા! અને જ્ઞાન શુદ્ધ ભાવરૂપ જ્ઞાન કર્મ પોતાનું કાર્ય કરે છે. શુદ્ધ ભાવરૂપી જ્ઞાન કર્મ જ્ઞાનરૂપી કાર્ય છે ને? આ શુદ્ધ ભાવરૂપી કર્મ એટલે કાર્ય અને જ્ઞાનનું શુદ્ધ ભાવરૂપી કાર્ય - કર્મ એટલે કાર્ય. આહાહા! સમ્યગ્દર્શન ને જ્ઞાન છે એ શુદ્ધરૂપી જ્ઞાનનું કાર્ય છે. આહાહા! અને અશુદ્ધ ભાવરૂપી બે ભાવ - શુભ-અશુભ એ કર્મ એ અશુદ્ધ કાર્ય છે. એ અશુદ્ધ કાર્ય છે. કાર્યના ય બે પ્રકાર એક ક્ષણે. જ્ઞાન ને દર્શનની નિર્મળતા પ્રગટી એ તો શુદ્ધ કાર્ય છે, અને જોડે શુભ-અશુભ ભાવ છે તે અશુદ્ધ કાર્ય છે. લખ્યું છે જુઓને? અશુદ્ધ ભાવ તે પોતાનું કાર્ય કરે છે. અશુદ્ધ બંધનું કાર્ય કરે છે એમ અને જ્ઞાનશુદ્ધ ભાવ તે પોતાનું કાર્ય કરે છે અને નિર્જરા કરે છે. સંવર નિર્જરા ને શુદ્ધતા થાય છે.

આ કળશનો છે એનો ૧૧૦ (એકસો દસ) કીધું ને? કર્તા - કર્મનો છે ને? ૧૧૦ (એકસો દસ) કોનો છે? (**શ્રોતા :** પુણ્ય-પાપનો) પુન્ય-પાપનો. બરાબર છે. પુણ્ય-પાપ હારે હોય છે એમ કહે છે. જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે એટલા અંશે કર્મબંધ થાય છે. જેટલા અંશે જ્ઞાનધારા છે સ્વરૂપની, જ્ઞાનની દશાની ધારા જ્ઞાન વેદનરૂપ જે છે, એટલો સંવર નિર્જરા છે તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે. વિષય કષાયના વિકલ્પો એ અશુભ છે. વ્રત નિયમના વિકલ્પો શુભ છે. શુદ્ધ સ્વરૂપનો વિચાર સુદ્ધા નાંખ્યું છે એમાં ઇ વિચાર એટલે વિકલ્પ મૂળ તો એ કળશની ટીકાનો અર્થ છે. શુદ્ધ સ્વરૂપનો વિચાર 'આ શુદ્ધ છે' એવી વિકલ્પની વૃત્તિ આહાહા! એ પણ બંધનું કારણ છે. દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિનો ભાવ બંધનું કારણ અને શુદ્ધ સ્વરૂપનો 'આ શુદ્ધ સ્વરૂપ છે' એવો વિકલ્પનો વિચાર એ બંધનું કારણ છે. આહાહા! સમજાણું કાંઇ?

બહુ મારગ ઝીણો બાપા! આહા! એણે અનંતકાળમાં એણે દરકાર કરી નથી. એમ ને એમ કાળ ગુમાવ્યો છે બધો બફમમાં ને બફમમાં, નવમી ગ્રૈવેયકે ગયો. જૈન સાધુ થઇ દિગંબર હજારો રાણીને છોડીને આહાહા! અને અગિયાર અંગના જ્ઞાન કર્યા. નવ પૂર્વ લબ્ધિનું જ્ઞાન - લબ્ધ છે ને નવ પૂર્વનું એ કાંઇ ભણ્યે થાતું નથી. એટલી લબ્ધિ ઉઘડી ગઇ છે. આહાહા! નવ પૂર્વે કાંઇ ભણ્યું ભણાતું નથી. એટલી લબ્ધિ ઉઘડી નવ પૂર્વની, પણ એ તો પરાવલંબી જ્ઞાન છે એ કાંઇ સ્વનું જ્ઞાન નથી કારણ એનાથી કાંઇ લાભ ન થયો. અંશે નિર્જરા કે અંશે સંવર થયો નહિં એટલે ખરેખર તો એ બંધનું કારણ છે. આહાહા! અગિયાર અંગ અને નવ પૂર્વની લબ્ધિ હોં અંદરથી! અગિયાર અંગ તો હજી એક એક અંગમાં ૧૮૦૦૦ (અઢાર હજાર) પદ અને એક એક પદમાં કેટલા કરોડ શ્લોક? આહાહા! એ પણ જ્ઞાન નહિં.

કહે છે કે વિચાર સુધ્ધા ઓલો વિકલ્પ ઉઠે કે 'હું આ શુદ્ધ છું, અખંડ છું, અબંધ છું' આવે છે ને કર્તા કર્મમાં? અબંધ છું, શુદ્ધ છું એવો વિકલ્પનો કર્તા થાય છે ત્યાં સુધી મિથ્યાદષ્ટિ છે. આહાહા! ૧૪૩ (એકસો તેતાલીસ) સમયસાર, ૨૦ (વીસ) ગાથા છે, ને ૨૦ (વીસ) શ્લોક. 'હું શુદ્ધ છું અબંધ છું, એકરૂપ છું' એવા ૨૦ (વીસ) શ્લોક છે. કહે છે કે એ પણ એક વિકલ્પ છે. વૃત્તિનું ઉત્થાન છે ત્યાં સુધી તે વૃત્તિનો એ કર્તા થાય અને ત્યાં સુધી વૃત્તિ એનું કાર્ય છે. આહાહા! કર્મબંધનું કારણ. શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે. વળી 'જ' ન હોય ને? મારો મહાવીર 'જ' ન કહે, આવે છે. શ્રીમદ્‌માં આવે છે. એ તો અનેકાંત સ્વરૂપ છે. જેમ દ્રવ્યને પર્યાય તો દ્રવ્ય છે તે દ્રવ્યરૂપ જ છે ને પર્યાયરૂપ નથી એમ ન કહે પણ દ્રવ્ય તે દ્રવ્યરૂપ, નિશ્ચયથી દ્રવ્યરૂપ જ છે, કુટસ્થ છે એ એકાંત છે. ત્યાં કથંચિત એમ નહિં કે 'દ્રવ્ય નિત્ય પણ છે ને દ્રવ્ય અનિત્ય પણ છે' એમ એનો 'જ' નહિં. આહાહા!

સાતમા અપ્રમત્ત ગુણ સ્થાનથી જે નિર્વિકલ્પ દશા થાય છે, લ્યો! ઓલો વિકલ્પ તૂટીને, સાતમા અપ્રમત્ત ગુણસ્થાનથી નિર્વિકલ્પ દશા થાય તે દશામાં આત્મ સ્વરૂપમાં સ્થિરતા જામતી જાય છે. શ્રેણી સ્થિર થાય છે ને? નિસરણી જેમ ચઢે ને? એમ શુધ્ધતાની ધારા વધે છે એમ કહે છે. શ્રેણી કીધી છે ને શ્રેણી? નિસરણી એક પગથિયા, બે પગથિયા, એમ શુધ્ધની ધારાની બહાર પરિણતિ વધી જાય છે. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... આહાહા! દ્રવ્યના આશ્રયે શુદ્ધતા વધી જાય છે. આહાહા! તે દશામાં આત્મ સ્વરૂપ સ્થિરતા જામતી જાય છે અને અંતે શુકલધ્યાન દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. લ્યો! આહાહા! એ છયાંસી (૮૬) થઇ. હવે આ સત્યાસી (૮૭). આ ભાઇ કહેતા લાલન લિંગકૃતાગ્રહા એમ કે આવો જ લિંગ હોય એવો આગ્રહ નહિં એય એમ નથી આમાં અર્થ, લિંગ તો એ જ હોય પણ એ લિંગથી જ મુક્તિ થશે એવો આગ્રહ ન હોય. ત્યારે ઓલો કહે કે લિંગનો આગ્રહ ન હોય એવો અર્થ કરતા પંડિત લાલન. ગમે તે વેષ હોય. ૧૧ (અગિયાર) ભેદે કહે છે ને? શું કહેવાય? ૧૫ (પંદર) ભેદે સિદ્ધ સિદ્ધા. એમ કે કોઇ પણ લિંગનો આગ્રહ ન હોય એમ નથી આંહી લિંગ તો જે હોય તે જ હોય. નગ્ન દશા, ૨૮ (અઠ્ઠાવીસ) મૂળગુણ, લિંગ તો એ જ હોય પણ એનાથી મુક્તિ થશે એવો આગ્રહ ન હોય. આહાહા! એ વાતને ફેરવી નાંખી છે. એ આમાંથી ફેરવી નાંખી છે. જુઓ આ સમાધિ શતકમાં એમ કહ્યું છે જુઓ.

यथा च व्रतविकल्पो मुक्तिहेतुर्न भवति तथा लिङ्गविकल्पोऽपीत्याह –

**लिङ्गं देहाश्रितं दृष्टं देह एवात्मनो भवः ।**
**न मुच्यते भवात्तस्मात्ते ये लिङ्गकृताग्रहाः ।।८७।।**

**તનને આશ્રિત લિંગ છે, તન જીવનો સંસાર;**
**તેથી લિંગાગ્રહી તણો, છૂટે નહિં સંસાર. ।। ૮૭ ।।**

**टीका** : लिङ्गं जटाधारणनग्नत्वादिदेहाश्रितं दृष्टं शरीरधर्मतया प्रतिपन्नं । देह एवात्मनो भवः संसारः। यत एवं तस्माद्ये लिंगकृताग्रहाः लिंगमेव मुक्तेर्हेतुरितिकृताभिनिवेशास्ते न मुच्यंते । कस्मात् भवात् ।।८७।।

જેમ વ્રતનો વિકલ્પ મુક્તિનો હેતુ નથી તેમ લિંગનો વિકલ્પ પણ મુક્તિનો હેતુ નથી તે કહે છેઃ-

**અન્વયાર્થ** : (लिङ्गं) નગ્નપણું આદિ (देहाश्रितं दृष्टं) દેહને આશ્રિત જોવામાં આવે છે (देहः एव) દેહ જ (आत्मनः भवः) આત્માનો ભવ (સંસાર) છે; (तस्मात्) તેથી (ये लिङ्गकृताग्रहा) જે લિંગના જ આગ્રહી છે (ते पुरुषाः) તે પુરુષો (भवात्) સંસારથી (न मुच्यन्ते) મુક્ત થતા નથી.

**ટીકા** : લિંગ એટલે જટાધારણ, નગ્નપણું, આદિ- તે દેહાશ્રિત દેખાય છે - અર્થાત્ શરીરના ધર્મરૂપે માનવામાં આવે છે. દેહ જ આત્માનો ભવ એટલે સંસાર છે; તેથી જે લિંગને વિષે આગ્રહ રાખે છે - અર્થાત્ લિંગ એ જ મુક્તિનો હેતુ છે એવા અભિનિવેશવાળા જે છે તે (લોક) મુક્ત થતા નથી. શાનાથી ? ભવથી (સંસારથી).

**ભાવાર્થ** : જે જીવ કેવળ લિંગ અથવા બાહ્ય વેષને જ મોક્ષનું કારણ માને છે તે દેહાત્મદષ્ટિ છે અર્થાત્ તે દેહને જ આત્મા માને છે, તેથી તે મુક્તિ પામતો નથી. લિંગ શરીરને આશ્રિત છે અને શરીર સાથેના સંબંધથી જ આત્માનો સંસાર છે. શરીરના અભાવમાં સંસાર હોતો નથી. માટે જે લિંગનો આગ્રહી છે અર્થાત્ જે લિંગને જ મુક્તિનું કારણ સમજે છે તે સંસારનો જ આગ્રહી છે; તે કદી સંસારથી છૂટી શક્તો નથી.

## વિશેષ

અંતરંગ વીતરાગસ્વરૂપ આત્માના ધર્મ વિના લિંગમાત્રથી - બાહ્ય વેષમાત્રથી ધર્મની સમ્પત્તિરૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી; માટે રાગદ્વેષરહિત આત્માનો શુદ્ધજ્ઞાન-દર્શનરૂપ સ્વભાવ જે અંતરંગ ભાવધર્મ છે તેને, હે ભવ્ય ! તું જાણ. બાહ્ય લિંગ-વેષમાત્રથી તને શું પ્રયોજન છે ? કાંઇ પણ નહિં.[1]

શરીરની નગ્ન અવસ્થા, અઠ્ઠાવીસ મૂલ ગુણોનું પાલનાદિ બાહ્યલિંગ એ મુનિ અવસ્થામાં નિયમા હોય છે; તેથી વિરુદ્ધ દશા હોય તો તે ભાવલિંગી મુનિ હોય નહિં પરંતુ તે બાહ્ય લિંગથી અથવા અઠ્ઠાવીસ મૂલ ગુણોના પાલનથી મોક્ષ થાય એવી જે શ્રદ્ધા કરે તે મિથ્યાદષ્ટિ છે. લિંગ સંબંધીનો વિકલ્પ પણ આત્મ-સાધનમાં બાધક છે. મુનિને બાહ્ય લિંગ હરકોઇ હોય તો ચાલે એમ અહીં કહેવાનો હેતુ નથી. શ્રી કુંદકુંદાચાર્યે જે ત્રણ પ્રકારનાં લિંગ કહ્યા છે તે તે તે ગુણસ્થાને નિયમા હોય છે ખરાં, પણ તેનાં લક્ષે મોક્ષ થતો નથી, પણ તેના લક્ષે રાગ થાય છે, તેથી તે તરફનો ઝુકાવ અને વિકલ્પ છોડી આત્મામાં લીન થવા માટે આ શ્લોક કહ્યો છે. ૮૭

---

# પ્રવચન – ૧૦૦

આગ્રહ એ વિકલ્પ છે ને નગ્ન દશા એ મને મુક્તિનું કારણ છે એમ નથી. પણ લિંગ એ જ હોય તેથી કહે ને, 'જાતિ વેશનો ભેદ નહિં, કહ્યો મારગ જો હોય' એમ નથી 'કહ્યો મારગ જો હોય તો' તો જે જાતિ ને વેશ હોય તે જ હોય. એ પંચાણુ(૯૫)માં અર્થ કર્યો છે. આત્મસિદ્ધિમાં એમ નહિં. 'જાતિ વેશનો ભેદ નહિં, કહ્યો મારગ જો હોય' એનો અર્થ એમ નહિં. જાતિ ગમે તે હોય ને ગમે તે વેશ હોય અને મુક્તિ કેવળજ્ઞાન પામે એમ નહિં. પણ 'કહ્યો મારગ જો હોય તો જાતિ વેશનો ભેદ નહિં' જે જાતિ ને વેશ હોય તે જ હોય એવો અર્થ ૯૫માં(પંચાણુમાં) કર્યો છે આ આત્મસિદ્ધિમાં. એ લોકોને ન ઠીક પડે. પણ શ્રીમદ્‌ને કહેવાનો આશય એ નથી પણ વસ્તુની સત્યાર્થ તો વસ્તુ આમ છે કીધું ભાઇ એ આંહી કહે છે.

''તનને આશ્રિત લિંગ છે, તન જીવનો સંસાર,
તેથી લિંગાગ્રહી તણો, છૂટે નહિં સંસાર''.

**ટીકા** : લિંગ એટલે જટાધારણ, નગ્નપણું આદિ તે દેહાશ્રયે દેખાય છે. જોયું ? 'નગ્નપણું એ દેહાશ્રિત છે લિંગ' એથી એનો આગ્રહ કે દેહાશ્રય - નગ્નપણું તે મુક્તિનું કારણ છે એમ નથી. બહુ વાંધા અત્યારની શૈલી હારે. સમજાણું કે નહિં ? અત્યારે બહુ વાત કરે છે ઓલો છે ને એક અમારે વડવામાં, મોહનલાલ. મોહનલાલ ડૉક્ટર... હેં ? ભગવાનજી...

---

૧. धर्मेण भवति लिंगं न लिंगमात्रेण धर्मसंप्राप्तिः ।
जानीहि भावधर्म किं ते लिंगेन कर्तव्यम् ।।२।। (લિંગ પાહુડ - ગા. ૨)

ભગવાનજી... એના બાપનું નામ શું ? મનસુખભાઈ. એના દિકરા, મનસુખભાઈ આવ્યા'તા ને અમારી પાસે ગઢડા, મનસુખભાઈ આવ્યા'તા, જેસંગભાઈ ને વનેચંદ શેઠ ત્રણે હતા ત્યાં. શ્રીમદ્દનું છપાવવું હતું એ પહેલાં એક્યાસી(૮૧)માં આવ્યા'તા ત્રણે જણા. મોટા પુસ્તક છપાવ્યા ને ? બે મોટા ? એ પહેલા આવ્યા હતા. મેં કીધું ભાઈ આખું જૈન દર્શનનું એકથી માંડીને છેલ્લા સુધીમાં આખુ તત્ત્વ આમાંથી નીકળે. મુશ્કેલી છે બાપુ !

કારણ કે એક તો કેવળજ્ઞાની વિનય કરે, જાતિ વેશનો ભેદ નહિં એ ક્યાં આવ્યું ન્યાંય, છાપવામાં, એમ કહે આ તો ઊઠો ભાઈ, સંમતિ નથી લાગતી. મનસુખભાઈ આવ્યા'તા એ ભગવાન, ભગવાન બોલે છે ને મુંબઈમાં, ડૉક્ટર છે ને એનો બાપ, મનસુખ કીરચંદ એ બધા જેસંગભાઈ આવ્યા'તા વનેચંદભાઈ ત્યાં જ હતા. ભાઈ આખી ધારા સરખી વીતરાગ મારગની એકથી તે ઠેઠ સુધી સરખી ભીતર કરવી એમાંથી નીકળે તેમ નથી કીધું, અને એવા લખાણ આવ્યા છે ઘણાં. ત્યાં તો લિંગ, '૧૫(પંદર) ભેદે સિદ્ધ થયા' એમ છે, એમાં લખાણ. એ પુસ્તકમાં છે પાછળ. આંહી ના પાડે છે. લિંગ હોય તો નગ્ન જ હોય, બીજું લિંગ ન હોય પણ લિંગથી મુક્તિ થાય એમ નથી. એ વાતની વાત છે. સમજાણું કાંઈ ?

મુનિને લિંગ હોય તો નગ્ન જ હોય. વસ્ત્રનો કટકો પણ લિંગ એ લિંગ જ નથી, કુલિંગ છે. આહાહા ! બહુ ફેર પડે. આંહી એ કહે છે 'નગ્નપણું' છે ને ? ટીકામાં ય છે. 'જટાધારણ નગ્નત્વ દેહાશ્રિત' એ દેહાશ્રિત છે નગ્નપણું. એ દેહાશ્રિત ક્રિયા એ ક્યાં આત્માના મોક્ષનું કારણ છે ? માટે દેહાશ્રિત જે નગ્નપણું મોક્ષનું કારણ નથી. માટે 'દેહાશ્રિત નગ્નપણું હોય એવો કોઈ આગ્રહ ન રાખવો' એમ નથી. સમજાણું કાંઈ ? આ તો મોટી ચર્ચા થઈ ગયેલી ઘણી ભાઈ હારે. લાલન... લાલન... એ આ કહેતા, ''લિંગાકૃતાગ્રહમ - ગમે તેવો લિંગ હોય, લિંગનો આગ્રહ ન રાખવો.'' કુંદકુંદ આચાર્ય કહે છે કે ''પંદર ભેદે સિદ્ધ થાય નહિં. મુક્તિ પામે તે તો નગ્નપણાની દશા હોય, તેને જ કેવળ થાય અને તે જ મુક્તિ પામે''. છતાં એ નગ્નપણાને કારણે મુક્તિ પામે એમ નથી. આવી વાત છે ચીમનભાઈ ! હવે અર્થ આવશે એનો....

વિશેષ કહેશે....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૧૦૧

## શ્લોક – ૮૭

સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૬.૦૭.૭૫

यथा च व्रतविकल्पो मुक्तिहेतुर्न भवति तथा लिङ्गविकल्पोऽपीत्याह –

**लिङ्गं देहाश्रितं दृष्टं देह एवात्मनो भवः ।**
**न मुच्यते भवात्तस्मात्ते ये लिङ्गकृताग्रहाः ।।८७।।**

તનને આશ્રિત લિંગ છે, તન જીવનો સંસાર;
તેથી લિંગાગ્રહી તણો, છૂટે નહિં સંસાર. ।। ૮૭ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

૮૭મો(સત્યાસીમો) કળશ છે. ગાથા ૮૭(સત્યાસી)

**ટીકા** : લિંગ એટલે જટાધારણ કે નગ્નપણું, એ દેહાશ્રિત છે. અર્થાત્ શરીરના ધર્મરૂપે માનવામાં આવે છે. એ તો શરીરનો ધરમ છે. નગ્નપણું એ કાંઇ આત્માનો ધરમ નથી જીવનો, જડનો ધરમ છે. દેહ જ આત્માનો ભવસંસાર છે. આહાહા! એ નગ્નપણું, દેહ એ સંસાર છે. માટે એના નગ્નપણાથી મને ધરમ થશે જ, મુક્તિ થશે એ આગ્રહ મિથ્યા છે. એનો અર્થ એવો નથી કે નગ્નપણું આદિ અનેક પ્રકારના વેશ હોય એમ નહિં. વેશ તો મુનિનો નગ્ન જ હોય. વસ્ત્ર સહિત વેશ છે એ તો કુલિંગ વેશ. કુલિંગ છે. એ તો જૈન સાધુનો વેશ જ નથી. આહાહા! 'જનમ્યા પ્રમાણે રૂપ ભાખ્યું' પ્રવચનસારમાં આવે છે. ભગવાને તો જનમ્યા પ્રમાણે દેહ જેવો નગ્ન જનમ્યો એ એનું નિમિત્ત હોય છે. લિંગ તો એ હોય છે. આહાહા! તેથી આમાં આ કાઢતા કે જુઓ લિંગ ગમે તેવું હોય, લિંગનો આગ્રહ ન કરવો. એમ નથી આંહી. લિંગ તો નગ્ન જ હોય.

મુનિપણાનું લિંગ નિમિત્તપણે નગ્ન હોય. જેમ ગતિ કરવામાં ગતિ જીવ પોતે કરે એમાં નિમિત્ત તો ધર્માસ્તિકાય જ હોય, એથી ધર્માસ્તિકાયથી આંહી ગતિ થઇ છે એમ નથી. એમ મોક્ષના મારગમાં મુનિને વેશ તો નગ્ન, તદ્દન જેવો માતાએ જનમ્યો. ''જનમ્યા પ્રમાણે રૂપ ભાખ્યું'' એવું પ્રવચનસારમાં છે. વીતરાગની વાણીમાં આ આવ્યું છે. ખરેખર તો આંહી દેહ, હેં? (**શ્રોતા** : વસ્ત્ર તો પર પદાર્થ છે એ ક્યાં નડે છે) પર પદાર્થ ભલે હોય પણ નિમિત્ત એવું જ હોય. જેમ ધર્માસ્તિ ગતિ કરવામાં ધર્માસ્તિ જ નિમિત્ત હોય. ઉચિત નિમિત્ત હોય છતાં એનાથી થાય એમ નહિં. આહાહા! હેં? નગ્નપણું જ હોય, વેશ બીજો, એ સ્ત્રીનો વેશ હોય નહિં. એ સ્ત્રીલિંગ હોય નહિં, એ ગૃહસ્થલિંગ હોય નહિં. પંદર ભેદે જે કહે છે એ વાત વીતરાગના ઘરની નથી. આહાહા! બહુ કામ આકરું ભારે.

સવારમાં ઓલા ભક્તિથી ધરમ ન થાય ત્યારે બસ ભક્તિ કરવી નહિં અમારે? એમ થઇ જાય માણસને. કરવાની વાત નથી, હોય ભલે રાગ પણ એ ધરમનું કારણ છે ને સમકિતનું કારણ છે એમ નથી. આહાહા! એમ આ લિંગ તો નગ્ન જ હોય. ૩ (ત્રણ) લિંગ ભાખ્યા છે ને શાસ્ત્રમાં? મુનિનું લિંગ, આર્જિકાનું લિંગ, ક્ષુલ્લક, ૧૧ (અગિયાર) પડિમાધારી ક્ષુલ્લક એ લિંગ તો ૩ (ત્રણ) જ છે. એ લિંગ તો ૩ (ત્રણ) જ હોય. ૪થું (ચોથું) લિંગ હોય નહિં. છતાં એ લિંગ છે તે ધરમનું કારણ છે. (એમ નથી) અમે નગ્નપણું ધારણ કર્યું એથી અમને ધરમ થશે એમ નથી. આહાહા! એ કહે છે. દેહ જ

આત્માનો ભવ છે. જો પાઠમાં છે ને? देह आत्मानो भवः દેહ તો સંસાર છે. આહાહા! દેહનું લક્ષ હશે તો રાગ જ થશે. એ તો પરદ્રવ્ય છે. આહાહા! ભારે તકરારું, અત્યારે વાંધા. અહીં વેશની વાત છે પછી જાતિની કહેશે.

દેહ જ આત્માનો સંસાર છે. આહાહા! અરે! એ ૨૮(અઠ્ઠાવીસ) મૂળગુણ જે છે એ જ હોય લિંગ એને. છતાં એ છે સંસાર. પંચમહાવ્રતના ભાવ, છ આવશ્યકના ભાવ આદિ ૨૮(અઠ્ઠાવીસ) મૂળગુણ સાધુના કહેવાય જે એ છે રાગ એ. એ સંસાર છે. આહાહા! એવી વાતું. ગજબ વાત છે ને? કહે છે એ સંસાર તેથી જ એ લિંગને વિશે આગ્રહ રાખે છે. લિંગ એ જ મુક્તિનો હેતુ છે એમ વાત છે જોયું? પાઠમાંય છે ને સંસ્કૃતમાં? एवं तस्माद्ये लिंगकृताग्रहाः लिंगमेव मुक्ते हेतु रितिकृताभिनिवेशास्ते न मुच्यते આહાહા! નગ્નપણું એ નિમિત્ત હોય જ છે છતાં એ નગ્નપણું ધારણ કર્યું માટે મુક્તિ થશે એમ છે નહિં, સમકિત થશે એમેય નથી. આહાહા! ભારે વાતું ભાઈ!

વીતરાગ માર્ગને પૂર્વાપર વિરોધ રહિત જાણવો એ અપૂર્વ ભાવ છે. અને એ જાણવામાં વાસ્તવિક આત્મા એ આગળ આવશે એ અલિંગગ્રહણમાં. યતિની બાહ્ય ક્રિયાનો જેમાં અભાવ છે, અલિંગગ્રહણ. યતિની બાહ્ય ક્રિયા એટલે આ પંચમહાવ્રત, ૨૮(અઠ્ઠાવીસ) મૂળગુણ અને નગ્નપણું એ તો તદ્દન અજીવદશા છે. અઠ્ઠાવીસ મૂળગુણ છે એ આસ્ત્રવદશા છે. આહાહા! એ જીવમાં નથી. આત્મામાં એ નથી. આહાહા! યતિની બાહ્ય ક્રિયાઓ જે વહેવારની દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિ ભાવ એ યતિની બાહ્ય ક્રિયા છે. એ આત્માના સ્વભાવમાં, આત્મામાં નથી. આહાહા! એ અલિંગગ્રહણ છે. યતિની ક્રિયાથી પકડાય એવો આત્મા નથી, એ અલિંગગ્રહણ છે. આહાહા! લિંગથી જણાય એવો નથી. બહુ મારગ બાપા! દિગંબર મારગ એ સનાતન જૈન દર્શનનો પ્રવાહ છે, એ કાંઇ વાડો નથી. સમજાણું કાંઇ? દિગંબર દર્શન અને દિગંબર ધરમ એ અનાદિ તીર્થંકરોનો મારગ છે. તે મારગ છે. આહાહા!

જે રસ્તે મહા પુરુષો ગયા છે તે રસ્તો આ છે. બહુ તકરાર વાંધા ઊઠે. 'જાતિ વેશનો ભેદ નહિં કહ્યો મારગ જો હોય' એમ બહુ વાતું કરે આ શ્રીમદ્‌ના માણસો. એમાં ઓલો ભગવાનદાસ તો બહુ કરે, વવાણિયામાં આવ્યો તો ત્યાં. જાતિ વેશનો ભેદ નહિં કહ્યો મારગ જો હોય. ગમે તે જાતિ અને ગમે તે વેશ હોય એમાં ધરમ થઇ શકે. એમાં મુનિપણું આવી શકે છે એમ, એમ આંહી નથી. (શ્રોતા : યતિની ક્રિયા પછી ગમે તે હોય) ગમે તે? શું ગમે તે? વેશ તો એજ હોય અને પંચ મહાવ્રતના વિકલ્પ જ એ હોય. લિંગનું

સ્વરૂપ જ એવું છે. છતાં એ નિમિત્ત છે. સંસાર છે. આહાહા ! વાતું એવી છે બાપુ ! આ તો અંતરના વીતરાગની વાત છે ભાઈ, હોય છતાં એનાથી ધરમ થાય (એમ નથી). પંચ મહાવ્રત લઈ લીધા, નગ્નપણું ધારણ કર્યું એટલે હવે અમારું કલ્યાણ થશે. (એમ નથી).

આ વાત જો ને ત્યાં આવ્યું'તું ને કોટામાં, કોટામાં આવ્યું'તું એક ચોપાનિયું ચાર દિ' પછી આવ્યું હતું. પાંચમે દિ' સવારમાં વિદ્યાનંદી આમ કહે છે જૈન દર્શનમાં. જૈનદર્શનને ઓલું શું કહેવાય ? પત્ર નહિં ? 'જૈનદર્શન'માં, હા, એમાં હા. અરે બાપુ, વિદ્યાનંદી હોય કે વિદ્યાનંદીનો ગુરુ હોય. આહાહા ! ૫માં(પાંચમાં) ન કહ્યું, ૫મી(પાંચમી) ગાથા કે વિજ્ઞાનઘનમાં મગ્ન જેવા અરિહંત પરમેશ્વર, હેં ? આહાહા ! (શ્રોતા : પરાપર) પરાપર વીતરાગ અરિહંત પરમાત્મા એ વિજ્ઞાનઘનમાં લીન હતા એવા અમારા ગુરુ પર્યંત બધા એ જ હતા. આહાહા ! છે ને એ ? કુંદકુંદ આચાર્યની શૈલી, જુઓ નિર્મળ વિજ્ઞાનઘન જે આત્મા, તેમાં અતિ નિમગ્ન પરમગુરુ કેવળી. એ રીતે સર્વજ્ઞને અપરગુરુ ગણધર આદિથી માંડીને અમારા ગુરુ આહાહા ! જુઓ શું કહે છે. એ તો આનંદનો નાથ પ્રભુ, વિજ્ઞાનઘન એમાં ગુરુ, મુનિઓ લીન હતા. પંચ મહાવ્રતમાં ને નગ્નપણું એમાં એ લીન નહોતા. આહાહા ! છતાં હોય વસ્તુ એ. આહાહા ! આંહી પંચ મહાવ્રત પાળતા હતા એ વાત નથી લીધી.

આત્મા એમાં અંતર નિમગ્ન, કેવો આત્મા ? કે નિર્મળ વિજ્ઞાનઘન, જે આત્મા, એમાં અંતર નિમગ્ન એ પર્યાય છે. નિર્મળ વિજ્ઞાનઘન, પવિત્ર વિજ્ઞાનઘન એવો જે ભગવાન આત્મા તેમાં અંતર નિમગ્ન, તેમાં અંતર નિમગ્ન હતા સર્વજ્ઞદેવ. એની હારે પોતે ગણધરને મેળવ્યા અને એની હારે પોતાના ગુરુને પણ મેળવ્યા. આહાહા ! અમારા ગુરુ જે મુનિ હતા, દિગંબર સંત એ વિજ્ઞાનઘનમાં અંતર મુખમાં લીન હતા. આહાહા ! આ વાત તો જોવો, એવી વાત ક્યાં છે ? (શ્રોતા : ક્યાંય છે નહિં) હેં ? આહાહા ! પરમ સત્યના ભણકાર છે આ તો. ઠીક ન લાગે, લાગે તેથી શું થયું ? બીજાને ન લાગે, બસ ત્યારે ભગવાનની ભક્તિથી ને ગુરુની ભક્તિથી કાંઈ ધરમ નહિં ? સંસારની દુકાને બેઠા એ કરતાં કે આ કરે ઈ. (શ્રોતા : બેય પરલક્ષી છે) બેય પરલક્ષી છે. આહાહા ! જેમાં સ્વદ્રવ્યનો ભગવાન વિજ્ઞાનઘન એનો જેને આશ્રય જેમાં ન આવે એ વસ્તુ ધરમ નહિં. આહાહા !

ક્યાં લઈ ગયા ? કેવળીઓ જેમ વિજ્ઞાનઘનમાં અંતર મગ્ન છે તે ત્યાંથી માંડીને અમારા ગુરુ, એણે એના ગુરુનું અને એવા ગુરુ જાણ્યા. એનો અર્થ અમે પણ અમારા વિજ્ઞાનઘનમાં નિમગ્ન છીએ. આહાહા ! અમે પંચ મહાવ્રત અને નગ્નપણું એ

હો, પણ એમાં અમે લીન નથી. આહાહા ! હજી ગુરુની ઓળખાણ ન મળે, દેવની ખબરું ન મળે. કેવા દેવ હોય સર્વજ્ઞ ? આહાહા ! આંહી તો સર્વજ્ઞદેવ હારે ગુરુને મેળવ્યા છે. હેં ? આહાહા ! થોડોક ફેર છે એ વાતને ગૌણ કરી નાંખીને. એ નિયમસારમાં આવે છે ને ભાઇ, આ આપણે જડ છીએ એમ લખ્યું છે પોતે. આહાહા ! કે સર્વજ્ઞમાં ને મુનિઓમાં ફેર ભાળીએ છીએ. વિજ્ઞાનઘન એવો જે ભગવાન આત્મા એમાં અંતર નિમગ્ન જેમ સર્વજ્ઞ છે, એનાથી ગણધર અંતર નિમગ્ન છે. એ શાસ્ત્રની રચના અને વિકલ્પ એ આત્મા નહિં. આહાહા ! હેં ?

ભારે કહ્યું ને અમૃતચંદ્ર આચાર્યે છેલ્લે. 'અમે તો આત્મામાં નિમગ્ન છીએ. અમે આના કર્તા નથી શાસ્ત્રના હોં' એ મોહમાં નાચશો નહિં ભાઇ ! આહાહા ! અમે તો આત્મામાં છીએ. અમે વિકલ્પમાં આવતા નથી તો વાણી લખવામાં ક્યાંથી અમે આવીએ ? આહાહા ! નિગ્રંથ ગુરુની આ દશા હોય છે. એ પંચમહાવ્રત પાળતા હોય ને નગ્નપણું ને એ તો નિમિત્ત પણે છે. એ વસ્તુ તરીકે નથી. આહાહા ! કેમ કે એ તો સંસારમાં ઝુકાવવાળી દશા છે. પંચમહાવ્રતની અને નગ્નપણું એ તો પોતે સંસાર ભવ કીધો. એ તો ભવસંસાર છે. આહાહા ! ભગવાન ભવ અને ભવના કારણના ભાવ વિનાનો વિજ્ઞાનઘન પ્રભુ. અરે ! એ વાત એને કેમ બેસે બાપુ ? બીજી બધી વાતું ભલે ભણે એ અગિયાર અંગ ભણે નવ પૂર્વ આહાહા ! પણ એનું અસ્તિત્વ, સત્તા આવડી છે. વિજ્ઞાનઘન આવું તત્ત્વ છે અકૃત્રિમ છે, અવિનાશી છે, એકલો નિર્મળ પવિત્ર વિજ્ઞાનઘન પ્રભુ છે. આહાહા ! એમાં જે નિમગ્ન છે એને અમારા ગુરુ પર્યંતથી આ અમને ઉપદેશ અમને આપ્યો છે. આહાહા !

છે ને ? ગુરુ પર્યંત તેમનાથી પ્રસાદરૂપે, મહેરબાનીથી, પ્રસાદનો અર્થ કર્યો છે એમાં પ્રસંશા નહિં, ઓલામાં પ્રવચનસારમાં કૃપા પ્રસંશા ઇ કૃપા આવી. આહાહા ! અપાયેલ શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહ પૂર્વક ઉપદેશ. આહાહા ! બસ અમને તો અમારા સર્વજ્ઞથી માંડીને અમારા ગુરુએ તો અમને આ ઉપદેશ આપ્યો છે. આહાહા ! ભગવાન ! તું શુદ્ધ ચૈતનઘન છો ને નાથ ! આહાહા ! એ રાગ ને દ્વેષ ને જનમ ને મરણ ને વૃદ્ધા ને જુવાન અવસ્થા ને એ જાતિને વેશ એ બધો સંસાર છે. એ તારું સ્વરૂપ નહિં. આહાહા ! સમજાણું કાંઇ ? આહાહા ! તેમનાથી શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહ પૂર્વક ઉપદેશ તેનાથી જેનો જનમ છે. જોયું ? અમારા ગુરુએ અમને ઉપદેશ આવો આપ્યો એનાથી મારા વૈભવનો જનમ છે. આ નિમિત્તથી કથન છે. આહાહા ! નિમિત્ત કોણ હતું એટલું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઇ ? એની ઉત્પત્તિ આનંદની તો આત્માને આશ્રયે થઇ છે. આ પરલક્ષી થઇને થઇ છે ?

ગુરુએ ઉપદેશ આપ્યો ને સાંભળ્યો એનાથી વૈભવ ઉત્પન્ન થાય છે? આરે! આ વહેવારના કથન તો જુઓ. નિર્મળ વિજ્ઞાનઘન પ્રભુ છે એને આશ્રયે અને એમાં લીન થતાં જે દશા થાય, તે દશાને અહીંયા ગુરુપણું, મુનિપણું કે સર્વજ્ઞપણું કહેવામાં આવે છે. આહાહા! અને આ શ્વેતાંબરમાં તો પન્નવણામાં ૩૬મો(છત્રીસમો) અધ્યાય છે. ત્યાં સુધી કેવળજ્ઞાની છે એ કેવળી સમુદ્ઘાત કરે છે. સમુદ્ઘાત કર્યા પછી પાછા આવે છે પછી પાંચ પાટલા સોંપે છે. पच्च એવો પાઠ હેં? (**શ્રોતા** : સ્વરૂપમાં લીન હોય કે પાંચ પાટલા) એ પ્રભુ ક્યાં બાપા! પણ એને પાંચ પાટલા કેવળીને કેવા? पच्च - એટલું. જુઓ આ તમારા પાંચ પાટ એમ નહિં પણ આ ૫(પાંચ) પાટ સોંપે છે એટલી ભાષા છે. બહુ ટૂંકું पच्च - અરે! આ તે કંઇ વસ્તુ છે? એવી જૈન ધરમને એવો કલંક લગાડી દીધો છે. આહાહા!

એય ચીમનભાઇ! હેં? (**શ્રોતા** : બરાબર છે આંહી તો બધા હા પાડે) એ ચીમનભાઇ કહે છે કે આંહી તો બધા હા પાડે છે. પણ હા પાડે વિચારીને કે શી રીતે? આહા! આ કંઇ પક્ષની વાત નથી. આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્યાં. આહાહા! આ તો એટલું લીધું. આ લિંગ છે એમાં ધારણ કર્યું છે અને એણે પંચમહાવ્રત ધારણ કર્યા છે. એ અમારા ગુરુ એમેય નહિં અને ભાવલિંગી તે નિશ્ચયથી તો આત્મામાં નથી એમેય કહ્યું ને પાછું પરમાત્મપ્રકાશમાં. આહાહા! લિંગ જે ભાવ નિર્વિકલ્પ દશા, અંતરમગ્ન દશા એ પણ દ્રવ્યમાં ક્યાં છે? આહાહા! વસ્તુ જે ભગવાન, આત્મા જેને કહીએ આહાહા! એ તો નિર્વિકલ્પ ભાવલિંગ પર્યાયમાં છે અને એ મોક્ષનો મારગ છે એ, છતાં એ પર્યાય દ્રવ્યમાં ક્યાં છે? આહાહા! અને એ પર્યાય દ્રવ્યમાં ક્યાં જાય છે એમ કહે છે. આહાહા! ભલે દ્રવ્યને પર્યાયે જાણ્યું પણ પર્યાયે દ્રવ્યમાં જઇને દ્રવ્યને જાણ્યું એવો એનો સ્વભાવ નથી. આહાહા! સમજાણું કાંઇ? આવી મારગની રીત બાપુ, બહુ ઝીણી ભાઇ!

બહારથી એકલા જીવીયાઓ, વવરોવિયા, તસ્સમિચ્છામી દુક્કડં કર્યું લ્યો. ઇચ્છામિ, પડિકમણુ, ઇરિયા, વહિયા, વિરાહણાએ, તસ્સ ઉત્તરી, લોગ્ગસ ઉજ્જોયગરે. થઇ ગઇ સામાયિક. અરે બાપુ! એ સામાયિકના મોઢા જુદા છે ભાઇ! આહા! વિજ્ઞાનઘન ભગવાન! એમાં વીતરાગી પર્યાય દ્વારા લીન થાય છે એ વીતરાગી પર્યાયમાં આ વિકલ્પ જે છે પંચમહાવ્રતના એ પણ જેમાં નથી એવી દશાને સામાયિકને વીતરાગ દશા કહે છે. આહાહા! (**શ્રોતા** : પર્યાયે દ્રવ્યમાં જઇને જાણ્યું) એ સાધકપણું એમ કે અવસ્થાનું છે પણ મૂળચીજનું સાધકપણું નથી એ. એટલે મૂળચીજમાં એનો પ્રવેશ નથી. આહાહા! (**શ્રોતા** : દ્રવ્યરૂપે થતી નથી) દ્રવ્યરૂપે થતી નથી કીધું હતું ને રાત્રે, અર્થ બહુ સારો કર્યો છે ભાઇએ,

દોલતરામે. એ લોકો કેવળીને અનુસારે અર્થ કરનારા. પરમાગમનાં અર્થ. આહા ! આ કંઇ સ્વચ્છંદ મારગથી કાંઇ થાય એવી ચીજ નથી.

અહીં કહે છે કે તેથી જે લિંગને વિશે આગ્રહ રાખે છે, લિંગ એ જ મુક્તિનો હેતુ છે. એમ, એમ જે માને છે આ એમાં કોટામાં આવ્યું'તું તે આય આવ્યું હતું કે શ્રાવકના વ્રત આદિના આચાર અને મુનિના આચાર એને નિષેધ કરે છે કે એ ધરમ નહિં તો દિગંબર ધરમની નાસ્તિ થઇ જશે એમ કહેતા. અરે ભગવાન ! આહાહા ! ભાઇ ! પુણ્ય છે તારા હોં, ત્યાં સુધી દુનિયા માનશે. હેં ? એ ત્યાં કામ નહિં આવે. બહારના પુણ્યને લઇને દુનિયા માને અને હા પાડે. આહાહા ! અત્યારના શેઠિયાઓને પણ બિચારાને ખબર ન મળે આ બહારનું દેખીને બસ હા હા હા હા વહેવાર હશે તો નિશ્ચય થશે એવુ આચરણ કરી તો જુઓ તમે ! એમ કહે વળી પાછા. (શ્રોતા : એવું તો આચરણ અનંતવાર કર્યું) અનંતવાર કર્યું બાપુ ! તને ખબર નથી. આહા ! આહાહા !

ગામડામાં જાતાં ૫ (પાંચ) - ૭ (સાત) ઘર હોય અને મહારાજ મોટા છે એમ કહે અને એકદમ પાણી કરે, એક માણસ ઉનું પાણી કરે, રસોઇ પણ એકદમ, રોટલી બોટલી સારી એકદમ આમ જાઇએ કે બેન આ કોના સાટું ? ન લઇએ. પાણી ન લઇએ. પાણી વિના રોળવ્યા દિવસના દિવસ. તે વખતે તો માનતા'તાને ? કાઠીને ત્યાંથી છાશ લઇ આવીએ, છાશ અને રોટલા. શાકે ક્યાં અને દાળે ક્યાં ન્યાં ? વહેમ પડે કે આ તો કંઇ કરેલું લાગે છે. અમારા માટે દાળ ને શાક કરી નાંખ્યું લાગે છે. સમજાણું ? એક ગામ , બીજે ગામ (**શ્રોતા** : ઉત્તમ ધરમ છે). ધૂળેય ધરમ નહોતો. એય ! એ વખતે તો વિષય એ માન્યતા હતીને ? સાધુપણાની આવી ક્રિયા હોય. આવું ન ખપે, આમ છે તેમ છે પણ એ તો બધી રાગની ક્રિયા હતી. આહાહા !

(**શ્રોતા** : આપકે શરીરસે હુઇ એ ક્રિયા) શરીરસે હુઇ, રાગસે હુઇ. શરીર જડ ક્રિયા, રાગની મંદતા એ રાગક્રિયા. એમાં આત્મા ક્યાં આવ્યો ? આહાહા ! આંહી કહે છે કે એ લિંગ જ મુક્તિનો હેતુ છે, એવા અભિનિવેશવાળા જે છે તે લોક મુક્ત થતા નથી. આ વાત છે આંહી. લિંગ ગમે તેવું હોય એમ નહિં. 'જાતિ વેશનો ભેદ નહિં' એટલે ગમે તે વેશ ને ગમે તે જાતિ એમ નહિં. હેં ? એવી વાત છે બાપુ ! આ તો વીતરાગ આહાહા ! એ તે દિ' અર્થ કર્યો હતો ત્યાં. ૯૫માં (પંચાણુમાં). રાજકોટમાં. કે કહ્યો મારગ જો હોય તો જાતિવેશનો ભેદ ન હોય. જે જાતિ હોય તે જાતિ હોય, જે વેશ હોય તે જ વેશ હોય. આમ અર્થ કર્યો હતો. 'જાતિવેશનો ભેદ નહિં' એવો આશય નહોતો એમનો પણ

સત્યાર્થે આમ જોઇએ કીધું. ભાઇ! એમના માણસને નહોતું ઠીક લાગ્યું જરીક. આ અર્થ ફેર છે, બધો અર્થ ફરે છે. પણ સાચો અર્થ આ છે.

એ પ્રેમચંદભાઇ! ૯૫ની (પંચાણુની) સાલની વાત છે. કેટલા વરસ થયા? ૩૬ (છત્રીસ). આત્મસિદ્ધિમાં આવી ગયું છે. આત્મસિદ્ધિ પ્રવચનમાં (આવી ગયું છે). આંહી તો એક અંશ પણ ફેરફાર પડે તો એ વીતરાગ મારગ નહિં. આહાહા! આંહી કહે છે કે લિંગ એ મુક્તિનું કારણ છે એમ જે માને છે એ આગ્રહને અહીં છોડાવે છે. એ લિંગ છોડાવે છે. એ તો આવે છે ને ઓલી છેલ્લી ગાથામાં નહિં? तम्हा जहित्तु लिंगे છેલ્લી ગાથામાં ભાઇ સમયસારની जहित्तु लिंगे લિંગને છોડી દઇને એટલે એ વિકલ્પ ને નગ્નપણું તે સ્વરૂપ છે મારું એમ છોડી દે દૃષ્ટિમાંથી. એથી એને નગ્નપણું ન હોય અને બીજી ચીજ હોય એમ નથી. આહાહા! ત્યાં યે दोहिमं लिंगम વહેવારનય બે લિંગને કહે છે. નિશ્ચય ના પાડે છે. એ તો બાહ્ય લિંગ તો 'જનમ્યા પ્રમાણે રૂપ ભાખ્યું' પ્રવચનસાર, સર્વજ્ઞ ત્રિલોકનાથનું કહેલું. આહા! અને તે શ્રીમદ્દે પાછું એને માન્ય રાખ્યું છે તો એમાં આ આવ્યું હેં? 'જનમ્યા પ્રમાણે રૂપ ભાખ્યું'.

ભગવાને તો આ કહ્યું છે બાપુ પણ તેથી એ જનમ્યા પ્રમાણે રૂપ છે એથી એ મુક્તિનું કારણ છે. (એમ નહિં) માળે હોય એ અને મુક્તિનું કારણ નહિં. આરે! ભગવાનના નામે પ્રરૂપણા કરવી બાપુ, બહુ જોખમ છે. આહા! સમજાણું કાંઇ? એવો અભિનિવેશવાળો જે લોકમુક્ત થતા નથી. શાનાથી? સંસારથી, ભવથી. દેહ પોતે ભવ છે એનાથી મુક્તિ માને એ સંસારથી છૂટા પડતા નથી. આહાહા! એ આમાં આગ્રહ કરતા ભાઇ, લાલન જુઓ, આ લિંગકૃતા ગ્રહાઃ સમાધિશતકના અર્થ કર્યા છે એણે. આ ના પાડે છે. પણ શું ના પાડે છે કીધું એમાં? એ લિંગ છે તે મોક્ષનું કારણ છે એમ ના પાડે છે. પણ લિંગ એવું ન હોય અને બીજું પણ લિંગ હોય એવો મારગ છે નહિં ત્રણકાળમાં વીતરાગ મારગમાં. આહાહા! લાલન હતાને? લાલન રહેતા આંહી. બાર મહિના રહ્યા'તા આંહી. મલુકચંદભાઇની જગ્યામાં નહિં? મલુકચંદભાઇ નહિં આ તમારે. મોટી જગ્યાને એક ફેરી એમાં બાર મહિના રહ્યા'તા. કોઇક કોઇકવાર સત્ આવે પછી રોવે.

અરેરે! અત્યાર સુધી આ બધું ભણી ભણીને શું કાઢ્યું? એમ કહે બિચારા પહેલા આગ્રહ કરે. અમારા જ્યોર્જ અને એડવર્ડ જેને પણ એક જ સ્ત્રી અને તમે ચક્રવર્તી, તીર્થંકરને ૯૬૦૦૦ (છન્નુહજાર) સ્ત્રી! હોય નહિં. અરે સાંભળને ભાઇ! એમ કહેતા. તો કોકનું શરીર જાડું રજકણવાળું હોય તો એ શરીર એવું હોય નહિં ધર્મીને એમ? એ તો

પરચીજ છે. ૯૬૦૦૦ (છન્નુહજાર) સ્ત્રી હોય કે કરોડ અબજ હોય. આહાહા! ઈન્દ્રને તો કરોડો અબજો ઈન્દ્રાણીઓ ફરે છે એના ભવમાં. કારણ ઈન્દ્રાણીનું આયુષ્ય થોડું અને આનું (ઈન્દ્રનું) આયુષ્ય બે સાગર, ઓલી ૫૫ (પંચાવન) પલ્ય. અમુક પલ્યની સ્થિતિ એવી તો ઈન્દ્રણીઓ કેટલીએ એક ભવમાં આવે, કરોડો અપ્સરાઓ. આહાહા! છે સમકિતી. આહાહા! સમજાણું કાંઈ ? જાઝી ઈન્દ્રાણીઓ માટે તે મમતાવાળો છે અને એક જ પરણે એ મમતા વિનાનો છે એમ નથી. આહાહા!

**ભાવાર્થ** : જે જીવ કેવળ લિંગ અથવા બાહ્યવેશને મોક્ષનું કારણ માને છે એ દેહાત્મદૃષ્ટિ છે. તેથી પંદર ભેદે સિદ્ધ કહ્યા છે ને શ્વેતાંબરમાં ? ૧૫(પંદર) ભેદે સિદ્ધ. શ્રીમદ્‌માંય આવે છે અર્થમાં પાછળ. પંદરભેદે સિદ્ધ કહ્યા છે એનો હેતુ વીતરાગ ભાવ છે એક એમ. ૧૫(પંદર) ભેદે એ સ્ત્રીલિંગે મુક્તિ હોય શકે નહિં. એ ૧૫(પંદર) ભેદમાં સ્ત્રીલિંગ આવ્યું છે. ગૃહસ્થલિંગે મુક્તિ હોય શકે નહિં. એ પંદરભેદમાં ગૃહસ્થલિંગ આવ્યું છે. અન્ય લિંગે મુક્તિ એમાં ૧૫(પંદર) ભેદમાં એ આવ્યું છે. આખો વીતરાગ મારગ બાપુ! સીધો ઊભો થાવો એવી વાત છે આંહી તો ઈ છે. બીજો કોઈ પક્ષ આંહી નથી. વીતરાગ પરમેશ્વરે જે મારગ કહ્યો નિશ્ચય ને વહેવાર ને નિમિત્ત એ સિવાય ફેરફાર કાંઈ હોય એ મારગ નથી. આહાહા! અર્થાત્ તે દેહને જ આત્મા માને છે. આહાહા!

અરે! રાગથી કલ્યાણ થાય એમ માનનારા પણ રાગને જ આત્મા માને છે. ભગવાન આત્મા તો રાગ વિનાની ચીજ છે. નિર્વિકલ્પ વિજ્ઞાનઘન જેનું સ્વરૂપ છે એને રાગથી લાભ માને એ રાગને જ આત્મા માને છે એમ. આહાહા! તેથી તે મુક્તિ પામતો નથી. લિંગ શરીરને આશ્રિત છે. શરીર સાથેના સંબંધથી જ આત્માનો સંસાર છે. આહાહા! શરીરના અભાવમાં સંસાર હોતો નથી. માટે જે લિંગનો આગ્રહી છે, લિંગને જ મુક્તિનું કારણ સમજે છે તે સંસારનો જ આગ્રહી છે. આહાહા! બહુ મારગ ભાઈ! જગતના મારગની હારે આને મેળમાં રાખવો, હેં ? ક્યાંય મેળ ખાય એવો નથી.

એક ટૂકડો આવે છે આચારાંગમાં, એ કહેતા તે દિ' વ્યાખ્યાનમાં नो लोए एषणं चरियं હે ગૌતમ! અમે જે મારગ કહ્યો એ લોકની એષણા (અનુભૂતિ) એની હારે મેળવીશ નહિં. મેળ નહિં ખાય. એવા શબ્દો એ કહેવામાં આવ્યા હોય એને આચારાંગમાં આવે છે. પહેલા नो लोए एषणं चरियं લોકોની એષણા સાથે મારા મારગને મેળવીશ નહિં કે લોકો આમ કહે છે કે જ્ઞાનીઓ મોટા મોટા આમ કહે છે, ફલાણા આમ કહે છે, જેને કરોડો શિષ્યો છે એ ગુરુ આમ કહે છે કે એની સાથે મેળવીશ નહિં, પ્રભુ મારા મારગને.

આહાહા! એ તો સંપ્રદાયમાં કહેતા વ્યાખ્યાનમાં હજારો માણસો ત્યાં બોટાદ આવતુંને? આહાહા! આંહી કહે છે એ સંસાર તે શરીરના અભાવમાં સંસાર હોતો નથી. માટે જે લિંગનો આગ્રહી કારણ સમજે તે સંસારનો આગ્રહી છે. કદી સંસારથી છૂટી શકતો નથી. આહાહા! દેહનું નગ્નપણું એ જ મુક્તિનું કારણ છે, એમ માનનારા સંસારથી છૂટા નહિં પડે. સંસારને વળગી રહ્યા છે. આહાહા! સમજાણું કાંઈ?

**વિશેષ**

એ બોલ આવશે અલિંગગ્રહણમાં, યતિની બાહ્ય ક્રિયાનો જેમાં અભાવ છે એને આત્મા કહીએ. આહાહા! બાહ્યવેશ નગ્ન અને ૨૮ (અઠ્ઠાવીશ) મૂળગુણો હોં બધુ. એ યતિનો બાહ્યવેશ તેમાં તેનો અભાવ છે ભગવાન આત્માનો. એટલે એનો અર્થ એવો નથી કે યતિનો વેશ ગમે તેવો હોય ને અઠ્ઠાવીશ (૨૮) મૂળગુણ સિવાય ગમે તેવા વિકલ્પ હોય, તો એને નિમિત્ત કહેવાય એમ નથી. હિંમતભાઈ! આવું સ્વરૂપ છે. આહાહા! અરે! જીંદગીમાં આવી વાત સાચી, સત્ય શું છે? એ સાંભળવા મળ્યા વિના કેટલા વયા ગયા બિચારા. દેહ છોડીને વયા ગયા. આહાહા!

આમાં આજ આ લખાણ આવ્યું છે. આ રમાબેન ગુજરી ગયાને. મહાણમાં (સ્મશાનમાં) લઈ ગયા, ત્યાં સાહિત્યકારો, પત્રકારો બધા ગ્યા'તા ત્યાં. લખેને ઓલી મોટી બાઈ ખરીને, અને ઘણાં સંસ્થાના ઉપરી પણ એમાં સંસારના ઉપરીની વાત બહારની વાત બધી. આહાહા! લોકોએ એટલા વખાણ કર્યા છે. કેટલી સંસ્થા હવે એના વિના ભાંગી પડશે ખબર નથી અને પૈસાવાળા માણસ અને મોટી આબરુ હોય તો જ્યાં ત્યાં મોઢા આગળ કરે એમાં એને આત્માને શું? (શ્રોતા : કાંઈ નહિં) આહાહા! એ આત્માનું શું કર્યું? આહાહા! એ સંસ્થાના અધિપતિ અને આ સંસ્થાઓ હવે આમ થઈ જશેને, ધ્યાન બહુ રાખતાને. સાહિત્યનો શોખ પ્રેમ બહુ હતો. આ તો એવું બધું લખ્યું છે એમાં. 'જૈન મિત્ર'માં આજ આવ્યું છે. અરે! આ સાહિત્ય તો ભગવાન (આત્મા) અનંતગુણનો પિંડ, એવું સાહિત્યથી ભરેલો એનો આશ્રય લઈને જે દશા થાય એનાથી સંસારનો અભાવ અને મુક્તિ થાય, બાકી બધી વાતું છે બસ આ. મોટા પ્રમુખ થાય ચારેકોરના, આ સંસ્થાના એ પ્રમુખ અને આ સંસ્થાના આ પ્રમુખ. તેથી શું થયું? સમજાણું કાંઈ?

મહાણમાં (સ્મશાનમાં) ઓલા પોગ્યા (પહોંચ્યા) છે સાહિત્યકારો એમાં લખ્યું છે. પત્રકારો અને સાહિત્યકારો અને પ્રમુખ વ્યક્તિઓ બધી હોયને! બધું મોટું. બાઈ મોટી હતી. બહારમાં પુણ્યમાં બધા મોટા કહેવાયને દુનિયામાં તો. અને મોટા પ્રમુખ

બધી વ્યક્તિઓ મહાણ(સ્મશાન)માં ભેગી થઇ, શાહુજી ને પછી ઓહોહો! ભારે વાતુ બાપુ જગતથી, અને મુનિ સાચા સંત હોય એ ગુફામાં પડયા હોય, આનંદના લહેરમાં પડયા હોય, બહાર ગુફા હોય એમાં શિયાળીયા કટકા કરીને ખાય. આહાહા! પણ એ એકાવતારી થઇને સર્વાર્થસિદ્ધમાં જાય. ઓલો ઉપસર્ગ થોડો છે ને એટલે આહાહા! પાછળ એના શરીરને કોઇ બાળનાર ન મળે. શરીરની સમાધિ મળે તે માટે તેને આમ કરોને, કોઇ ન મળે. આહાહા!

ભાઇએ કહ્યું છે ને એક ફેરે સોગાનીએ. કોઇએ કહ્યું હશે કે ભાઇ તમે મહારાજ પાસે જઇને કહો તમારા અનુભવની વાત. કે એવી પ્રકૃતિ મારી નથી કે કોઇ વાત લઇને જાઉં અને કહું એ મારી પ્રકૃતિમાં નથી. તમે મારી ચિંતા ન કરશો એમ લખ્યું છે, છે? અને અનંતા સિદ્ધો થઇ ગયા, છે ઓળખાણ એની? ખબર છે તને? આ સિદ્ધ. અનંતા સિદ્ધો થઇ ગયા આહાહા! એની ખબરુંય છે જગતને? નથી એટલે એનું સિદ્ધપણું ચાલ્યું જાય છે? આહાહા! હેં? દુનિયા મોટો કહે અને માને એમાં તને શું? દાખલો આપ્યો છે સિદ્ધનો અને આ આપ્યો છે એક. અઢીદ્વિપ બહાર અસંખ્યાતા સમકિતી તિર્યંચ પડયા છે. પાંચમાં ગુણસ્થાનવાળા એને કોઇ ગણત્રીમાં ગણતા નથી. શું છે? (શ્રોતા : છોડી પડી ગઇ) પડી ગઇ. કહે છે એ અસંખ્ય સમકિતી પડયા છે અઢીદ્વિપ બહાર, એના નામઠામેય જાણતા નથી. કોણ છે એનેય ઓળખતા નથી એટલે એની મોટપ વઇ ગઇ? હેં? દુનિયા મોટો તરીકે જાણે ગણત્રીમાં તો એની મોટપ રહે? હેં? આહાહા! અને મોટપ હોય છતાં બીજાને હીનતા લાગતી હોય, લ્યો કે આ તો બધુ એકાંત છે, મિથ્યા છે એથી કરીને હીણું થઇ જાય છે ત્યાં? આહાહા! આહાહા!

અંતરંગ વીતરાગ સ્વરૂપ આત્માના ધર્મવિના. (વિશેષ) અંતરંગ, અંતરના અંગ જે વીતરાગ દશા. આહાહા! એ બાહ્ય અઠ્ઠાવીશ(૨૮) મૂળગુણ અને નગ્નપણું એ તો આસ્ત્રવ અને અજીવ છે બેય. એ જીવનું સ્વરૂપ નથી. આ વીતરાગ સ્વરૂપ આત્માના ધર્મ વિના અંતરંગ વીતરાગી પર્યાય, નિર્મળ વિજ્ઞાનઘનમાં જે લીનતા એવી વીતરાગ ધરમની પર્યાય વિના લિંગ માત્રથી, બાહ્યવેશ માત્રથી ધર્મની સંપતિરૂપ સમકિતની પ્રાપ્તિ થતી નથી. આહાહા! માણસને ઇ લાગે પણ ઇ નિશ્ચય પણ એનું કોઇ સાધન? એમ કહે છે. એ અગાસમાં એ પૂછવા આવ્યો રાત્રે એક મારવાડી. નિશ્ચયની વાત એ તમારી બધી પણ એનું (કંઇ) સાધન? કે સાધન એ સ્વરૂપનું સાધન, તે સાધન છે. આ ભક્તિ ને આ વાંચવા ને સાંભળવા એ એના સાધન ફાધન છે નહિં. આહાહા! બાહ્ય વેશ માત્રથી

ધરમની સંપતિરૂપ સમકિતની જોયું ? ધરમની સંપતિરૂપ સમકિતની પ્રાપ્તિ થતી નથી, માટે રાગદ્વેષ રહિત આત્માનો શુદ્ધ જ્ઞાન - દર્શનરૂપ સ્વભાવ. આહાહા ! આત્માનો શુદ્ધ જ્ઞાન - દર્શનરૂપ સ્વભાવ જે અંતરંગ ભાવ ધરમ છે. અંતરંગ ભાવ ધરમ છે. આહાહા ! તેને હે ભવ્ય તું જાણ. લિંગ પાહુડનું છે ને ? એકડાનું છે ને ?

**धर्मेण भवति लिंगं न लिंगमात्रेण धर्मसंप्राप्ति:**
**जीनीहि भावधर्म किं ते लिंगेन कर्तव्यम्**

લિંગપાહુડની બીજી ગાથા છે. કુંદકુંદ આચાર્ય. આહાહા ! પોતે આત્માના અંતરમાં પડયા હોય, દશા નગ્ન હોય એમાં કોઇ આવીને વસ્ત્ર નાંખી જાય એથી એનું લિંગ થાય એમ નથી. એ લિંગ બગડી ગયું અને હવે એ સમકિત નહિં પામે, ધરમ ને કેવળ નહિં પામે એમ નથી. હેં ? (**શ્રોતા** : કેવળ પામે ત્યારે બધું ખરી જાય) એ બધુ છૂટી જાય છે ત્યાં. આહાહા ! ઉપસર્ગમાં કોઇ આવીને નાંખ્યું'તું એથી એ લિંગમાં આવતું નથી. એને અંતરમાં આનંદના સ્વભાવને વધારવા માટે એને નડતર નથી ત્યાં. બુદ્ધિપૂર્વક મન, વચન ને કાયાથી રાખ્યું હોય તો એને નડતર થાય. હેં ? આહાહા ! એ વાત એવી છે. એવું એ છે. સિદ્ધ થયા એની વાત છે ને છેલ્લે. એના બાહ્ય લિંગમાં ફેર હતો ને એ પણ સિદ્ધ થયા. ઓલો વેશ બીજાએ નાંખ્યો હોય ઉપસર્ગ તરીકે અને અંદરથી ભાનમાં આવી ગયા છે. સ્થિરતા થઇ ગઇ છે. ભલે વસ્ત્ર પડયું હોય માથે. આહાહા !

સિદ્ધની સંખ્યા વર્ણવી છે પૂર્વની. પૂર્વના જીવોની કયા કયા વેશે અને કયા કયા પ્રકારે સિદ્ધપણું પામ્યા. એમાં એક આ શૈલી છે. વસ્ત્રપણું હોય માથે અને સિદ્ધપણું પામે એટલે કેવળ પામી ગયા અંદરથી, કારણ કે એ લિંગ કઇ રાખ્યું નથી પોતે, એ તો પરવસ્તુ ભિન્ન પડી છે એમ આ પરવસ્તુ. આહાહા ! સમજાણું કાંઇ ? ઝીણી વાત છે જરી. સિદ્ધની સંખ્યા પૂર્વે કઇ અપેક્ષાથી કેવળ પામીને સિદ્ધ સંખ્યા થઇ એની વાત છે જરી ઝીણી. ઝીણી વાત છે જરી. શરીરની નગ્ન અવસ્થા, ૨૮ (અઠ્ઠાવીશ) મૂળગુણોનું પાલન આદિ, લ્યો એ વધારે નાંખ્યું. પંચમહાવ્રત, ૬ (છ) આવશ્યક, સામાયિક, ચૌવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાર્યોત્સર્ગ, પચ્ચખાણ એવા છ આવશયકના વિકલ્પ બાહ્યલિંગ એ મુનિ અવસ્થામાં નિયમા હોય છે. મુનિદશામાં એ નિશ્ચયથી હોય છે. આહાહા ! એથી વિરુદ્ધ દશા હોય તો એ ભાવલિંગી મુનિ હોય નહિં. આહાહા !

અઠ્ઠાવીશ (૨૮) મૂળગુણ અને નગ્નદશા વિના બીજા વિકલ્પો અને બીજી દશા હોય તો ત્યાં ભાવલિંગી મુનિ હોઇ શકે નહિં. આહાહા ! પરંતુ તે બાહ્યલિંગની

અથવા અઠ્ઠાવીશ (૨૮) મૂળના પાલનથી મોક્ષ થાય એવી જે શ્રદ્ધા કરે તે મિથ્યાદૃષ્ટિ છે. સુજાનમલજી! એવી વાત છે. તે આવું જ કેમ નિમિત્ત? પણ એ ઉચિત જ નિમિત્ત હોય એને નિમિત્ત કહેવાય. છતાં એનાથી થાય નહિં આંહી. આહાહા! આત્મા ગતિ કરે તો એને ધર્માસ્તિનું નિમિત્ત હોય એથી ધર્માસ્તિએ એને ગતિ કરાવી છે એમ નથી. આહાહા! 'સ્વયં ગતિ પરિણમનારને' એવો પાઠ છે ને શાસ્ત્રમાં ધર્માસ્તિનું નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા! એ નિમિત્તે કંઇ કર્યું નથી. આ ઝીણી વાતું.

એ આ બહુ વખાણ આવ્યા છે આમાં, ઓલા નેમચંદ નહિં આપણે તમારા ૪ (ચાર) પુસ્તકો બહાર આવ્યા છે, આપણે કૈલાશચંદજીએ બહુ વખાણ કર્યા છે. ચાર ચાર પુસ્તક છે ને? નેમચંદ વાડાવાળા પણ કોઇકે અહિંયા વાંચ્યું'તું ને? કોણે કંઇ વાંચ્યું'તુ? તમે નહોતું વાંચ્યુ નિમિત્તનું ને. બહુ વખાણ કર્યા છે ભાઇએ. અહો એની કિંમતું કરનાર એ વાણીની પંક્તિમાં ન આવે એવું એમણે કામ કર્યું છે ભાઇએ. અહીં અમારે ચેતનજી વાંચતા ત્યાં નિમિત્ત વિના થાય નહિ, નિમિત્તથી આ થાય. ચાર પુસ્તક આવ્યા છે બાર ભેટ આવ્યા ચાર ચાર પછી મેં કહ્યું કે ચાર વધારાના મૂકો બેન પાસે. પછી વળી કોઇ કહે કે સારા નથી તો મૂકીને શું કામ? ચંદુભાઇ આવ્યા'તા લઇને. મેં કીધું ના પાડે છે સારા નથી. કહે નહિં તો આંહી બાર ભેટ આવ્યા'તા. ચાર ચાર મોટા પુસ્તક આહાહા! એમાં મોટા લખાણ. વિદ્વતાના લખાણ પણ ઠેકાણા વિનાના, બહુ વખાણ કર્યા છે કૈલાશચંદજીએ. આરે! પ્રભુ આહાહા! મારગ તો જે છે એ રહેશે. વસ્તુની સ્થિતિ ફેરવવા માંગે તો નહિ ફરે એને ફરવું પડશે. આહાહા!

કહે છે બહ્યલિંગથી ૨૮ (અઠ્ઠાવીશ) મૂળગુણના પાલનથી મોક્ષ થાય તેવી શ્રદ્ધા તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! લિંગ સંબંધીનો વિકલ્પ પણ આત્મા સાધનમાં બાધક છે. મુનિને બાહ્યલિંગ હલકું હોય તો ચાલે એમ આહીં કહેવાનો હેતુ નથી. ખુલાસો ઠીક કર્યો છે. મુનિને બાહ્યલિંગ હલકું હોય, ગમે તે હો, એ સ્ત્રીનું લિંગ હોય ને કેવળ પામે, ગૃહસ્થનું લિંગ હોય ને કેવળ પામે, અન્યમતિના ફકીરનો વેશ હોય, બાવાનો વેશ હોય ને કેવળ પામે એમ નથી. પંદરભેદમાં એમ છે. ગમે તે વેશ લિંગ હોય એક તો સ્ત્રીને સાધુપણું ન જ આવે અને કેવળ તો થાય જ ક્યાંથી? આહાહા! હેં? (**શ્રોતા** : એ કહે છે થાય છે. મલ્લિનાથ થયા છે) એ મલ્લિનાથ હતા જ નહિં. ગપ્પા માર્યા છે. મલ્લિનાથ તીર્થંકર એ સ્ત્રી હોય કોઇ દિ? જેના પુણ્ય પૂરા આહાહા! એને સ્ત્રીલિંગ હોય? એને બે મા ને બાપ હોય? અરે! આહાહા! બહુ વિપરીત કરી નાંખ્યું.

મહાવીર ભગવાનને બે મા ને બે બાપ. દેવાનંદા સાચી મા. શું બ્રાહ્મણ કહેવાય ઋષભ? ઋષભદેવ (**શ્રોતા :** ઋષભદત્ત) ઋષભદત્ત પિતા. ખરો પિતા ઇ. ૮૨ (બ્યાંસી) દિ' ત્યાં રહ્યા. ત્યાંથી ફેરવીને ઇન્દ્રોએ ત્રિશલાની કૂખે મૂક્યા. આહાહા! કોણ કરે આ? આહાહા! અને એને જનમ વખતે માન આપ્યું. આ ખોટા બાપને ઇન્દ્રોએ, સાચો બાપ તો ઓલો રહી ગયો ક્યાંય મેળ વાત? ભગવાનને નામે ચડાવ્યા શાસ્ત્રો આહાહા! એ ચીમનભાઇ! આવી વાતું છે ભાઇ. ભગવતી સૂત્રમાં મોટા આચાર્યોના પાઠ છે આ બધા. અરેરે!

આંહી કહે છે. અહીં કહેવાનો અર્થ કે ગમે તે વેશ હોય તે કહેવાનો હેતુ નથી. કુંદ કુંદ આચાર્યે ત્રણ પ્રકારના લિંગ કહ્યા છે. તે તે ગુણસ્થાને નિયમા હોય છે. તે તે ગુણસ્થાને નિયમા હોય છે. આહાહા! ખરા નિયમે હોય છે. ક્ષુલ્લકને એક લંગોટી આદિ એવું જ લિંગ એને હોય છે. મુનિને નગ્નપણું લિંગ હોય છે. આર્જિકાને એક પછેડી (**શ્રોતા:** સાડી) હેં? સાડી, પછેડી, એક જ હોય છે. એવું જ લિંગ હોય. એ સિવાય લિંગ હોય જ નહિં. આહાહા! તેના લક્ષે મોક્ષ થતો નથી, છતાં એવા ત્રણ લિંગ હોય ખરા. તેના લક્ષે મોક્ષ થતો નથી પણ તેના લક્ષે તો રાગ થાય છે. આહાહા! વેશ તો પરવસ્તુ છે. એના ઉપર લક્ષ જાય તો વિકલ્પ ઉઠે છે. બહુ મારગ આકરો બાપુ! એમાં આ ચાલતો સંપ્રદાય અને આ વાત બહારે આવવી કઠણ જગતને પડે. કહો ચીમનભાઇ! એમ ભગવાન કુંદકુંદ આચાર્યનો આશય છે એમ કહે છે. અહીં સમાધિમાં પૂજ્યપાદસ્વામીનો આશય છે. તેથી તે તરફનો ઝુકાવ, વિકલ્પ છોડી, ઝુકાવ ને વિકલ્પ છોડી આત્મામાં લીન થવા માટે, આ શ્લોક કહ્યો છે.

લિંગ નગ્ન થયું માટે હવે આપણને કલ્યાણ થશે એમ છોડી દે. એવા તો અનંતવાર નગ્નપણાં ધારણ કર્યા છે. ૨૮ (અઠ્ઠાવીશ) મૂળગુણ અનંતવાર પાળ્યા. એક ભવ ઘટયો નહિં. કેમકે એ પોતે ભવ સ્વરૂપ છે. પંચમહાવ્રત જગપંથ કીધો ને? છઠ્ઠા (૬) ગુણસ્થાને મુનિ, સાચા સંતને પંચમહાવ્રતના વિકલ્પને એમ કહ્યું સમયસારમાં કે જગપંથ છે એ તો. એ સંસારનો પંથ છે. આહાહા! આ બાયડી, છોકરા ને કુટુંબ છોડે એ સંસાર છોડયો એમ જગત કહે. આંહી તો જેણે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય છોડયા, સમ્યક્ શાંતિ, સ્થિરતા, અપ્રમાદ દશા પરિણમી એને સંસાર છોડયો એમ કહેવામાં આવે છે. છતાં જે વિકલ્પ બાકી રહ્યો એય સંસાર છે. આહાહા! આવી વાત એવી લાગે માણસને. આ તો સત્ય છે આમ. આમાંથી ઓછું, અધિક અને વિપરીત કાંઇ કરવા જાશે (તો)

મિથ્યાત્વનું પોષણ થશે. આહાહા!

સવારમાં ઓલા રતિભાઈ આવ્યા હતા ને? તાકડે એવી વાત આવી છે. એ બધા ભક્તિમાં માનનારા. આત્મામાં લીન થવા માટે આ શ્લોક કહ્યો છે. એ વેશની વાત કરી. હવે જાતિની વાત કરે છે કે ગમે તે જાત હોય. ચંડાળની જાત હોય, બ્રાહ્મણની જાત હોય તો પણ સાધુ થાય ને કેવળ થઈ શકે એમ નથી. 'જાતિ વેશનો ભેદ નહિં' ગમે તે જાતિ, ચંડાળ હોય, બ્રાહ્મણ હોય તો એમ નથી. પહેલા વેશની વાત કરી હવે જાતિની વાત કરે છે. આહાહા! દિગંબર સંતોએ આત્મધ્યાનમાં મસ્ત, વિકલ્પ આવ્યો પણ તેનાથી પૃથક રહીને વિકલ્પ આવ્યો છે. આહાહા! ઉપયોગમાં એકાકાર વિનાનો વિકલ્પ આવ્યો છે. સવારે આવ્યું હતું ને એ? આહાહા! હેં?

વર્ણોમાં બ્રાહ્મણ ગુરુ છે તેથી તે પરમપદને યોગ્ય છે એવું જે બોલે તેઓ પણ મુક્તિ યોગ્ય નથી અથવા હરિકેશી મુનિ ચંડાળ થયા છે, શ્વેતાંબરમાં ઉત્તરાધ્યનમાં બારમો અધ્યયન છેલ્લો હરિકેશી ચંડાળ મુનિ હતા. એ ના પાડે છે આંહી. એ કલ્પિત બનાવ્યું છે બધું. ચંડાળની જાતિ ને મુનિપણું હોઈ શકે જ નહિં. સમજાણું કાંઈ? આહાહા! અહીં બ્રાહ્મણની મુખ્યતા લીધી છે કે બ્રાહ્મણની જાત કે વાણિયાની જાત કે ક્ષત્રિયની જાત હોય તો એને કેવળ થાય અને ચંડાળની જાત હોય તો પણ કેવળ થાય એમ જે કહેનારા છે, છવ્વીસ (૨૬)મો અધ્યયન છે એ. ઉત્તરાધ્યનસૂત્રનો નવેકારે બ્રાહ્મણો જાત ગમે તે હોય એમ કે પણ મોક્ષ થઈ શકે એમ જે કહેતા હોય એનાથી વિરુદ્ધ વાત છે આ. બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષત્રિય એ ત્રણ જાતમાં કેવળ પામે, ચંડાળની જાતમાં કેવળ હોય શકે નહિં. એ ઉત્તરાધ્યનનાં સૂત્રમાં બારમો અધ્યયન આખો એના માટે કાઢયો છે. બધું કલ્પિત છે. આહાહા! એય!

વિશેષ કહેશે.........

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

પરમાંથી સુખ લેવાની બુદ્ધિવાળા દેવ સ્વર્ગમાં પણ દુઃખી છે અને પોતામાંથી જ સુખ લેવાની બુદ્ધિવાળો નારકી નરકમાં પણ સુખી છે.

દ્રષ્ટિનાં નિધાન ૨૧૫

# પ્રવચન - ૧૦૨

## શ્લોક - ૮૮ અને ૮૯

**સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૨૭.૦૭.૭૫**

येऽपि वर्णानां 'ब्राह्मणो गुरुरतः स एव परमपदोग्य' इति वदन्ति तेऽपि न मुक्तियोग्या इत्याह–

**जातिर्देहाश्रिता दृष्टा देह एवात्मनो भवः ।**
**न मुच्यन्ते भवात्तस्मात्ते ये जातिकृताग्रहा : ।।८८।।**

તનને આશ્રિત જાતિ છે, તન જીવનો સંસાર;
તેથી જાત્યાગ્રહી[1] તણો, છૂટે નહિં સંસાર. ।। ૮૮ ।।

तर्हिं ब्राह्मणादिजातिविशिष्टो निर्वाणादिदीक्षया दीक्षतो मुक्तिं प्राप्नोतीति वदन्तं प्रत्याह –

**जातिलिंगविकल्पेन येषां च समयाग्रहः ।**
**तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः ।।८९।।**

જાતિ-લિંગ-વિકલ્પથી, આગમ-આગ્રહ હોય,
તેને પણ પદ પરમની, સંપ્રાપ્તિ નહિં હોય. ।। ૮૯ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।

---

૧. જાત્યાગ્રહી – જાતીનો આગ્રહી.

મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

---

येऽपि वर्णानां 'ब्राह्मणो गुरुरतः स एव परमपदोग्य' इति वदन्ति तेऽपि न मुक्तियोग्या इत्याह–

**जातिर्देहाश्रिता दृष्टा देह एवात्मनो भवः ।**
**न मुच्यन्ते भवात्तस्मात्ते ये जातिकृताग्रहा : ।।८८।।**

**તનને આશ્રિત જાતિ છે, તન જીવનો સંસાર;**
**તેથી જાત્યાગ્રહી[૨] તણો, છૂટે નહિં સંસાર. ।। ૮૮ ।।**

टीका : जातिर्ब्राह्मणादिर्देहाश्रितेत्यादि सुगमं ।।८८।।

'વર્ણોમાં બ્રાહ્મણ ગુરુ છે, તેથી તે જ પરમપદને યોગ્ય છે' એવું જે બોલે છે તેઓ પણ મુક્તિ યોગ્ય નથી તે કહે છે :–

**અન્વયાર્થ :** (जाति) જાતિ (देहाश्रिता दृष्टा) શરીરને આશ્રિત જોવામાં આવે છે અને (देहः एव) દેહ જ (દેહમાં આત્મબુદ્ધિ જ) (आत्मानः भवः) આત્માનો ભવ (संसार) છે; (तस्मात्) તેથી (ये) જેમને (जातिकृताग्रहाः) મુક્તિની પ્રાપ્તિ માટે જાતિનો હઠાગ્રહ છે (ते अपि) તેઓ પણ (भवात् न मुच्यन्ते) સંસારથી મુક્ત થતા નથી.

**ટીકા :** બ્રહ્મણાદિ દેહાશ્રિત છે, ઈત્યાદિ અર્થ સુગમ છે (અર્થાત્ સમજવો સહેલો છે).

**ભાવાર્થ :** લિંગની માફક જાતિ પણ દેહાશ્રિત છે અને દેહમાં આત્મબુદ્ધિ તે સંસાર છે, તેથી જેઓ મુક્તિ માટે જાતિનો આગ્રહ રાખે છે અર્થાત્ જાતિને જ મુક્તિનું મૂળ માને છે તેઓ પણ સંસારથી છૂટતા નથી, કારણ કે તેઓ સંસારના આગ્રહી છે.

જાતિ પણ મુનિ અવસ્થામાં, જે પ્રકારની આગમમાં કહી છે તે પ્રમાણે, નિયમા હોય છે; તેનાથી વિરુદ્ધ જાતિ ભાવલિંગી મુનિને હોતી નથી. તે જાતિથી કે તે તરફના વલણ કે વિકલ્પથી મોક્ષા થતો નથી, કિંતુ રાગ ઉત્પન્ન થાય છે. માટે તે તરફનું વલણ છોડી

---

૨. જાત્યાગ્રહી – જાતીનો આગ્રહી.

આત્મસન્મુખ થઇ તેમાં લીન થવાથી મોક્ષ થાય છે એમ આ શ્લોક ઉપરથી સમજવું. ૮૮

વર્ણોમાં બ્રાહ્મણ ગુરુ છે. ઈ બ્રાહ્મણ એ તો નામ આપ્યું છે. બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ જાતિમાં કેવળજ્ઞાન હોઇ શકે. ચંડાલની જાતિમાં મુનિપણું ન હોઇ શકે તો કેવળજ્ઞાન તો ન હોઇ શકે તે અહીંયા બતાવવું છે.

## પ્રવચન – ૧૦૨

**जातिर्देहाश्रिता दृष्टा देह एवात्मनो भवः ।**
**न मुच्यन्ते भवात्तस्मात्ते ये जातिकृताग्रहा : ।।८८।।**

**તનને આશ્રિત જાતિ છે, તન જીવનો સંસાર;**
**તેથી જાત્યાગ્રહી[૩] તણો, છૂટે નહિં સંસાર. ।। ૮૮ ।।**

ટીકામાં બ્રાહ્મણ આદિ શબ્દ વાપર્યો છે. એટલે જાતિ બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષત્રિય. ત્રણ જાતિને મુનિપણું હોઇ શકે અને કેવળ હોઇ શકે. ચંડાળની જાતિને મુનિપણું ન હોઇ શકે તો કેવળજ્ઞાન તો હોઇ શકે નહિં. પણ ઈ જાતિથી મુક્તિ થાય એમ માને એને માટે અહિંયા આગ્રહ કર્યો છે. એ આગ્રહ એનો જૂઠો છે. અમે બ્રાહ્મણ છીએ, અમે વાણિયા છીએ, અમે ક્ષત્રિય છીએ માટે અમને આ જાતિમાંથી ધરમ થાય એમ જે આગ્રહ માને એ જૂઠો છે. આહાહા ! સમજાણું કાંઇ ? બ્રાહ્મણ આદિ દેહાશ્રિત છે. બ્રાહ્મણ, વૈશ્ય અને એ તો દેહનો આશ્રિત છે. હોય જાતિ એ બરાબર છે. સમજાણું કાંઇ ?

શ્વેતાંબરમાં તો હરિકેષીમુનિ ચંડાળ હાલ્યા છે એને મુનિ ઠરાવ્યા છે ઉત્તરાધ્યનમાં. (**શ્રોતા :** ઈ નાતમાં કોઇ કેવળી કે તીર્થંકર થયા છે કે નહિં ?) કોઇ કેવળી તીર્થંકર હતા કે દિ' ? હેં ? સત્‌શૂદ્ર કહ્યા છે પણ ઈ સત્‌શૂદ્રનો ખુલાસો નથી કર્યો. ટીકામાં, પ્રવચનસાર જયસેન આચાર્યની ટીકામાં. સત્‌શૂદ્રનો અર્થ એણે નથી ભર્યો શીતલપ્રસાદે. કોઇ સત્‌શુદ્ર કહે છે એ આ, આ ચંડાળ આદિ નહિં. સત્‌શૂદ્રનો અર્થ એવો છે. ક્યાંકથી સાંભળેલું એ કે માળી હોય, લુહાર હોય, એ બધાં શૂદ્ર તો છે પણ સત્‌શૂદ્ર છે. એને મુનિપણું હોઇ શકે છે. સમજાણું કાંઇ ? આહાહા ! આવો મારગ વીતરાગનો. માણસને ક્યાં નવરાશ (છે) આ નક્કી કરે.

૩. જાત્યાગ્રહી – જાતીનો આગ્રહી.

અંતરઆત્મામાં વ્રત અને ભક્તિ, પૂજા, દાનનો વિકલ્પ જે છે, એ પણ મુક્તિનું કારણ નથી, ત્યાં વળી દેહનું લિંગ મુક્તિનું કારણ છે એમ નથી. છતાં એ જાતિનો આગ્રહ ને અહીં છોડાવ્યો છે. એ જાતિ જ હોય અને બીજી જાતિ ન હોય એ તો સિદ્ધ છે. આરે ! સમજાણું કાંઇ ? 'જાતિ વેષનો ભેદ નહિં, કહ્યો મારગ જો હોય'. એવો અર્થ કર્યો હતો તે દિ' ૯૫માં(પંચાણુમાં) રાજકોટ. કે ભાઇ ! કહ્યો મારગ જો હોય તો જે જાતિને વેષ હોય તે જ હોય. સમજાણું કાંઇ ? પણ જાતિ વેષનો, ગમે જાતિ ને ગમે તે વેષ હોય, અને મુનિ અને કેવળ પામી શકે એમ વીતરાગનો આશય નથી. આહાહા ! એમ કેવળજ્ઞાની પરમાત્મા એનો એ અભિપ્રાય નથી. સમજાણું કાંઇ ?

લોકો ક્યાં ક્યાં અટક્યા છે ને એ બધી વાત સમાધિ, સમાધિની પૂરણતાની પ્રાપ્તિ એ વૈશ્યને, હા વૈશ્ય એ તીર્થંકર ન થઇ શકે. સમજાણું ? તીર્થંકર તો ક્ષત્રિય જ હોય. (**શ્રોતા** : ભગવાનમાંય જાતિ આડી આવી ?) જાતિ નહિં, એવી જાતિની યોગ્યતા જ હોય. આહાહા ! જે આંહી કહે છે ને, આ શ્વેતાંબરમાં ભગવતીના આચારાંગમાં કે ભગવાન મહાવીર બ્રાહ્મણી ને કૂંખે પહેલા આવ્યા. ૮૨ (બ્યાસી) દિ' ત્યાં રહ્યા. ઈન્દ્રને ખબર પડી કે આ તો ઠીક ન કહેવાય, ૮૨ (બ્યાસી) દિ' એ પછી ફેરવ્યો ગર્ભ અને ત્રિશલાની કૂંખે મૂક્યો. બધી કલ્પનાઓ, એ શાસ્ત્રમાં કલ્પનાઓથી શાસ્ત્રો બધાં બાંધ્યા છે. આહાહા ! ઝીણી વાત. બહુ આકરું પડે માણસને.

શશીભાઇ ! તમારે તો ક્યાં ન્યાં હતાં તમે તો ભાઇ એ તો વિષ્ણુ હતાં. પણ વાડામાં બંધાયેલા હોય એને ભારે. કે ભગવાન ઉત્તરાધ્યનમાં, આમ કહે છે ને ! હરિકેષીમુનિ હતાં. ઉત્તરાધ્યયન તો ભગવાનનું કહેલું છે વળી એમ કહે છે. (**શ્રોતા** : નામ કે ભાવ) તે ઉત્તરાધ્યયન આ નહિં. ભગવાને ઉત્તરાધ્યયન કહ્યું છે ખરું પણ આ જે શ્વેતાંબર માને છે એ નહિં. ઉત્તરાધ્યયનમાં કહ્યું છે, દસવૈકાલિક કહ્યું છે ભગવાને એમાં વળી એમ આવે છે, છેલ્લી ચિઠ્ઠી એમ કે સમાધિમરણની તૈયારી છે. મોક્ષની ત્યારે ઉત્તરાધ્યયન ફરમાવ્યું છે એમ કે ઉત્તર અદ્યયન છે ને શબ્દ ? (**શ્રોતા** : ઉત્તર અધ્યયન) હા, એનું કાંઇ નહિં. આહાહા ! એ ઉત્તરાધ્યયનનું કથન કરનાર એ સમ્યગ્દ્રષ્ટિ નહિં. સમજાણું કાંઇ ? એ જેઠાભાઇ ! બધાં વાળવા પડે મીંડા. આ તો ભારે. (**શ્રોતા** : મીંડા ને ચોકડી દેવી) આહાહા !

શ્રીમદ્‌માં તો ઘણું ઉત્તરાધ્યયનની ભલામણો આવે શરૂઆતમાં ઉત્તરાધ્યયન, એ શરૂઆતમાં એમને હતું. પછી છેલ્લે તો સત્ સૂત્રને દિગંબરના જ સત્સૂત્રો ૧૯ (ઓગણીસ) નામ આપ્યા છે. ૨૦મું (વીસમું) કોઇ શ્વેતાંબરનું શાસ્ત્ર નહિં પણ એક ગ્રંથ છે. હરિભદ્રનું

કરેલું એનું નામ આપ્યું 'ષટ્ દ્રવ્ય સંગ્રહ'. ષટ્ દ્રવ્યનો સંગ્રહ એ તો ગ્રંથ પણ એ વાત પહેલાના લખેલા લખાણની અપેક્ષાએ છોડી દેવું, અને આ માનવું જગતને કઠણ પડે. આહાહા! કારણકે એ ૧૯ (ઓગણીસ) સૂત્રમાં મોક્ષમાર્ગને માન્ય રાખ્યું છે. અષ્ટપાહુડને માન્ય રાખ્યું છે. પ્રવચનસારને માન્ય રાખ્યું છે. સમયસારને માન્ય રાખ્યું. પ્રવચનસાર. હેં? (**શ્રોતા** : કુંદકુંદ આચાર્યને માન્ય રાખ્યા છે?) કુંદકુંદ આચર્યને માન્ય રાખ્યા છે.

કુંદકુંદ આચાર્ય કહે જનમ્યા પ્રમાણે રૂપ ભાખ્યું ભગવાન એમ કહે છે કે જેવો માતાએ જન્મ આપ્યો, એવું દીક્ષામાં મુનિનું લિંગ હોય છે. આહાહા! હવે આંહી તો વસ્ત્ર, પાત્રના સ્થાપનના ઢગલાં ઉત્તરાધ્યયનમાંય છે. આહાહા! દસવૈકાલિકમાં છે. આહાહા! આકરી વાત બહુ! એ વીતરાગના વચનો નહિં. એ સમકિતીનાય વચનો નહિં. સર્વજ્ઞના અભિપ્રાયથી વિરુદ્ધ એ સમકિતીના વાક્ય કેમ હોઇ શકે? આહાહા! આંહી એ કહે છે કે બ્રાહ્મણ આદિ એટલે બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષત્રિય ત્રણ દેહાશ્રિત છે અને એને જ મુનિપણું અને કેવળજ્ઞાન હોઇ શકે, બીજાને હોઇ શકે નહિં. આહાહા! ઇત્યાદિ અર્થ સુગમ છે. ટીકા કરી જ નથી ટીકાકારે ટૂંકો અર્થ કરી નાંખ્યો છે કારણકે પહેલાં આવી ગયું છે ને જાતિનું એ પ્રમાણે અહીં લિંગનું એ જ જાતિમાં લઇ લેવું એમ ખુલાસો.

**ભાવાર્થ** : લિંગની માફક જાતિ પણ લિંગ જેમ નગ્નપણું હોય એમ જાતિ પણ વાણિયાની, બ્રાહ્મણની અને ક્ષત્રિયની હોય એ પણ છે દેહ આશ્રિત એ, અને દેહમાં આત્મબુદ્ધિ તે સંસાર છે. આહાહા! એ જાતિએ હું ક્ષત્રિય છું, હું વૈશ્ય છું એમ જે માન્યતા છે એ તો મિથ્યાદષ્ટિ છે. આહાહા! સમજાણું કાંઇ? વીતરાગ મારગ ઝીણો બહુ ભાઇ, અત્યારે તો એવી ગડબડ થઇ ગઇ છે એમાંથી સત્યને તારવીને યથાર્થ દૃષ્ટિ કરવી, હેં? બહુ આકરી વાતુ બાપા! આ તો મારગ પરમાત્મા ત્રણલોકના નાથ સીમંધર ભગવાન મહાવિદેહમાં ફરમાવે છે એ આ મારગ છે. આહાહા! જેમાં દ્રૌપદીને પાંચ પતિ ઠરાવે, જેમાં ભગવાનને માતા પિતા બ્રાહ્મણ ઠરાવે પહેલા અને પછી ૮૨ (બ્યાસી) રાત પછી ત્રિશલા માતાને ઓલો સિદ્ધાર્થ રાજા પિતા તે કલ્પિત પિતા, ખરો પિતા તો ઇ હતો. હેં?

બહુ પૂર્વાપર વિરુદ્ધ વાતું. શ્વેતાંબર શાસ્ત્રમાં એને તો જગતને અનુકૂળ માટે એક સંપ્રદાય બાંધવા શાસ્ત્ર રચી નાંખ્યા. સ્ત્રીનાં લિંગે પણ મુનિપણું ન હોય તો એને સ્ત્રીને લિંગે કેવળ થાય એમ ઠરાવી દીધું. તીર્થંકર મલ્લિનાથ જેવા આહાહા! શું છે બાપુ! ત્રણલોકનો નાથ તીર્થંકર એને પૂજનારા ઇન્દ્રો એ સ્ત્રી ન હોય. બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી કે ઇન્દ્ર એ સ્ત્રી ન હોય ને આ તીર્થંકર એ સ્ત્રી? બહુ ફેરફાર કરી નાંખ્યો ભગવાનના

નામે, ત્યાં આ બિચારા મૂઝાણા. વાડામાં પડયા. આહાહા! એ તો ભગવાનના શાસ્ત્રો. એમાં આપણે શંકા થાય નહિં. હેં? (**શ્રોતા** : શંકા થાય નહિં?) આહાહા!

કહે છે લિંગ જેમ સ્ત્રીનું લિંગ કે મુનિ નગ્ન સિવાયનું લિંગ અને નગ્નપણાનું લિંગ કે પુરુષનું લિંગ એ દેહાશ્રિત છે. એનાથી કેવળ થાય અને મુક્તિ થાય એમ છે નહિં. આહાહા! અને દેહમાં આત્મબુદ્ધિ તો સંસાર છે. જેઓ મુક્તિ માટે જાતિનો આગ્રહ રાખે છે, આગ્રહ રાખે છે, જાતિને જ મુક્તિનું મૂળ માને છે તેઓ પણ સંસારથી છૂટતા નથી. આહાહા! કારણકે એ તો સંસાર છે એથી ગમે તે જાતિ ને ગમે તે લિંગે કેવળ થાય એમ નથી કહેવાનો આશય અહિં. એ જાત છે એ દેહ આશ્રિત છે, એને આશ્રયથી કેવળ થાય અને આ મારું માનીને મુનિપણું પણ ન થાય. ચાંડાળનો દેહ એને મુનિ, એને બીજા, વંદન શી રીતે કરે? એને આહાર શી રીતે દે? સમજાણું? આહાહા! અને એ નગ્ન જાય શી રીતે? કોને ઘરે જાય અને શું?

વીતરાગ માર્ગમાં તો કહે છે. જાતિ તો હોય તે જ હોય. બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય હોય. લિંગ હોય તે જ હોય નગ્ન, પણ છતાં એ જાતિ અને એ લિંગ મુક્તિનું કારણ છે એમ નથી. સમજાણું કાંઈ? જાતિ પણ મુનિ અવસ્થામાં જે પ્રકારે આગમમાં કહી તે પ્રમાણે નિયમા હોય છે. ખુલાસો કર્યો છે ને પાછો. જાતિ પણ મુનિ અવસ્થા, જે પ્રકારની આગમમાં નગ્ન જનમ્યા પ્રમાણે રૂપ ભાખ્યું. આહાહા! જેવો બાળક માતાએ જનમ્યો એવો જ એનો દેહ નગ્ન દશા. આહાહા! જાતિ અને લિંગ તો એ જ હોય, આહા! પણ એ લિંગથી મુનિપણું પાછું થાય અને લિંગથી કેવળ થાય, એ આગ્રહનો નિષેધ કરાવ્યો છે અહિંયા. શેઠ! આહાહા! આવી વાત છે ભાઈ!

જાતિ પણ મુનિ અવસ્થામાં જે પ્રકારની આગમમાં કહી છે. ઓલા લિંગનું કીધું'તું ને? એ આંહી જાતિનું નાંખ્યું તે પ્રમાણે નિયમા હોય છે. નિશ્ચયથી તે જ જાતિ હોય. તેનાથી વિરૂદ્ધ જાતિ ભાવલિંગી મુનિને હોતી નથી. ભાવલિંગી જેને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, સ્વદ્રવ્ય ને આશ્રયે પ્રગટેલી દશા એવા ભાવલિંગી મુનિને ગમે તે જાતિ હોય એમ ન હોય. સમજાણું કાંઈ? કહો કાંતિભાઈ! જુઓ આનો બહુ આગ્રહ કરે છે શ્રીમદ્‌ના ભક્તો, ઓલો ભગવાન છે ને ભગવાનજી, એ વવાણિયામાં ઘણાં માણસોમાં 'જાતિ વેષનો ભેદ નહિં, કહ્યો મારગ જો હોય' લોકો ખુશ થાય કે આહાહા! કહ્યો મારગ જો હોય તો, જાતિ વેષ હોય તે હોય, ભેદ ન હોય, હેં પ્રેમચંદભાઈ! એવો અર્થ કર્યો'તો ૯૫માં (પંચાણુમાં), સભામાં. રાજકોટ સભા. ભગવાને કહેલો મારગ જે હોય. આત્માને

આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એને તો જે લિંગ અને જે જાતિ હોય તે જ હોય. આહાહા! જાતિ ગમે તે હોય અને વેષ ગમે તે હોય, અને કેવળ અને મુનિપણું પામે, વીતરાગના અભિપ્રાયમાં એ નથી. આહા! સમજાણું કાંઈ? એક પણ ન્યાય ફરે એ શાસ્ત્ર ન કહેવાય. શાસ્ત્રતો એને કહીએ કે જેમાં ત્રિકાળ અબાધિત સિદ્ધાંત સિદ્ધ થાય એને શાસ્ત્ર કહીએ. આહાહા!

એય આત્મસિદ્ધિ શાસ્ત્ર નામ બનાવ્યું પણ એ સિદ્ધાંત તરીકે માન્ય નહિં રહે. કહો પ્રવિણભાઈ! કેવળી છદ્મસ્થનો વિનય કરે, ગમે તે જાતિ વેષમાં કેવળ હોય તે તદ્દન સત્યથી વિરુદ્ધ છે એને સિદ્ધાંત કેમ કહેવાય? એને શાસ્ત્ર કેમ કહેવાય? એય! આવી વાત છે, આકરી વાત પડે બાપુ બહુ.

એ રામજીભાઈએ કહ્યું'તું એક ફેરી કે ભાઈ આ આત્મસિદ્ધિ શાસ્ત્રને શાસ્ત્ર શી રીતે કહેવું? સિદ્ધાંત શી રીતે કહેવું? કારણ કે સિદ્ધાંતના બોલથી તો તત્ત્વ વિરુદ્ધ છે એમાં એને સિદ્ધાંત કેમ કહેવાય? એને શાસ્ત્ર કેમ કહેવાય? શાસ્ત્ર તો એક પણ વચન સર્વજ્ઞના મારગથી વિરુદ્ધ ન હોય એવો જે મારગ છે તેને સિદ્ધાંત કહીએ. આહાહા! બહુ આકરું. પક્ષમાંથી છૂટવું, બાંધેલું અને માનેલું પક્ષ જે એમાંથી છૂટવું ભારે આકરું. અનંતકાળમાં એમ ને એમ વિપરીત આગ્રહમાં પકડાઈને માની લીધેલું છે કે આ સાચું છે. એ આંહી કહે છે નિયમા તે જાતિ ને વેષ હોય જ. નિયમા એટલે સમજાણું? નિશ્ચયથી, નિશ્ચયથી તે જ હોય. આહાહા! પણ તે નગ્નપણું છે માટે ત્યાં મુનિપણું છે એમ નથી. એવા નગ્નપણાં તો અનંતવાર ધારણ કર્યા. નગ્ન થયા અને પંચમહાવ્રતના પરિણામ કદાચિત થયા એથી એ મુનિપણું એમ નથી.

હા, જેને અંતરઆત્માને અવલંબે, દર્શન, જ્ઞાન, ચારિત્ર અંદર થયા છે એને તો ઈ પંચમહાવ્રતના વિકલ્પ જ હોય અને લિંગ પણ નગ્ન જ હોય, અને જાતિ પણ વૈશ્ય, બ્રાહ્મણ અને ક્ષત્રિય જ હોય. પણ છતાંય એ વેષ ને વિકલ્પથી મુક્તિ થાય એમ નથી. આહાહા! એને મૂળગુણ કહેવાય. (**શ્રોતા :** એ તો વહેવારે મૂળગુણ, નિશ્ચય મૂળગુણ તો મુનિના અંદરમાં) વહેવારે ૨૮ (અઠ્ઠાવીસ) મૂળગુણ મુનિના. શ્વેતાંબરમાં ૨૭ (સત્યાવીસ) કહે છે એ બીજા હોં. આ ૨૮ (અઠ્ઠાવીસ) બીજા ને એ ૨૭ (સત્યાવીસ) બીજા. ૨૭ (સત્યાવીસ) ને ૧ (એક) વધારીને ૨૮ (અઠ્ઠાવીસ) એમ નહિં.

સ્થાનકવાસીમાં, શ્વેતાંબરમાં અને દેરાવાસીમાં સાધુના ૨૭ (સત્યાવીસ) ગુણ અ બધી ગડબડી વાતું છે. આંહી તો ૨૮ (અઠ્ઠાવીસ) મૂળગુણ જેને કહ્યા, એમાં જેના

ઠેકાણા નથી એને તો નિશ્ચય અને વહેવાર સાચો હોઈ શકે જ નહિં એમ કહે છે. પણ જેને નિશ્ચય પ્રગટયો છે, ભગવાનને આશ્રયે, ચૈતન્ય પરમાત્મા પોતે સ્વરૂપે બિરાજમાન, એને જેણે દૃષ્ટિમાં પચવ્યો છે, જ્ઞાને એને જ્ઞેય બનાવીને જાણ્યો છે, સ્થિરતા એ સ્વરૂપમાં સ્થિરતા રમણતા કરી છે એવા મુનિને, પણ પંચમહાવ્રતના વિકલ્પ ને લિંગ નગ્ન એ મુક્તિનું કારણ નહિં. દાસ! એય ચીમનભાઈ! બધું આવું છે. એ તો આ સોનગઢમાં હાલે. તકરાર કરે, વાડા બાંધીને બેઠા આહાહા! શું થાય? પ્રભુનો મારગ તે લૂંટાઈ ગયો છે. મારગ તો મારગ છે પણ દૃષ્ટિમાં વિપરીતે ચૂંથી નાંખ્યો છે. આહાહા!

કહે છે જાતિ પણ મુનિ અવસ્થાની તે નિયમા તે હોય, તે હોય તેનાથી વિરુદ્ધ જાતિ ભાવલિંગી મુનિને હોતી નથી. તે જાતિ કે તે તરફના વલણ કે વિકલ્પથી મોક્ષ થતો નથી. આહાહા! આરે! સમજાણું કાંઇ? એ જાતિના તરફના વલણ, જાતિથી કે એ તરફના વલણનો વિકલ્પ, આ નગ્નપણું છે એવો વિકલ્પ અને પંચમહાવ્રતનો વિકલ્પ એનાથી મોક્ષ અને મોક્ષમારગ નથી. આહાહા! હમણાં કો'ક કહેતું'તું ને આત્મારામ ઓલા સુમતિ સાગર આંહી આવ્યા હતા ઈ, હેં? (**શ્રોતા** : આંહી આવી ગયા છે) આંહી આવ્યા'તા એ. હમણાં એમણે તલોદમાં બહુ નિમિત્ત સ્થાપ્યું'તું કહે, ક્યાં આત્મારામજી? કીધું ને? શું કહ્યું? (**શ્રોતા** : લાકડી વિના તે કદી ટેકા વિના હાલતા (ચાલતા) હશે?) લાકડી વિના ટેકા વિના હાલતા (ચાલતા) હશે? પાંગળો માણસ લાકડી વિના હાલે? તો લાકડીનું કારણ છે ને હાલવામાં (ચાલવામાં).

ચશ્મા વિના જોઈ શકાય? એ જો ચંદ્રશેખર કહેતા'તા લો હો ગયા. લીમડીમાં ચંદ્રશેખર શ્વેતાંબરમાં આચાર્ય આ રામવિજયનો શિષ્ય ઓલાનો ભત્રીજો, જીવાપ્રતાપનો. ત્યા આવ્યો'તો ને? લીમડી આવ્યો'તો. આવો કે આપણે વિચાર કરીએ ચર્ચાનો. કીધું અમે ભાઈ વિચાર, તમે હતા? હેં? તમે હતાં ત્યાં? હા, હતાં ન્યાં. ભાઈ અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી અરે આ તમારું નામ કેવું? એમાં આ ચર્ચાની ના પાડો એ તમારી કેટલી હીનતા થશે બહારમાં, અને હું ભલે સિંહ નહિં પણ સિંહનું બચ્ચુ તો છું એમ કીધું. ભાઈ, હું સિંહે ક્યાં છું હું તો બચ્ચુ કોણે કીધું? એમ કહ્યું'તું ને? હેં? પછી છેલ્લે વાત કરતા કહ્યું બાપુ અમે તો આંહી ચર્ચા કોઈની હારે કરતાં નથી. વાદવિવાદ ને કાંઈ કરતાં નથી. પછી કહે જુઓ આ ચશ્મા વિના જણાય? આવી ગઈ કીધું ચર્ચા આવી બધી. હેં? થઈ ગઈ ચર્ચા.

ચશ્મા વિના જણાય? ઈ ચશ્મા વિના ન જણાય પણ જણાય છે બીજુંને.

એ બીજું જાણે છે એ વખતે એનો એ કાળ છે. આહાહા! ચશ્મા કાળે પણ જાણવાનો પર્યાય પોતાનો છે એનાથી જાણે છે. ચશ્માથી નહિં. આ વાત કેમ બેસે જગતને ? પાંગળો આમ કહે કે લાકડીના આધાર વિના હાલી શકે ? લ્યો અમારા જીવરાજજી હમણાં બે લાકડી રાખે છે લ્યો. થોડું હેઠું હાલવું પડે ને જરીને, પગમાં બરાબર ફેર નથી હજી... વળી રામજીભાઈએ યાદ કરાવ્યું એને મોસંબીનું પાણી પહેલા તો કરાવ્યું'તું ને ? તમે નહોતા ત્યારે નહિં ? છતાં અત્યારે હાલી નહિં શકું, કહે હાલી નહિં શકું કાંઇ. જ્યાં હાલે થોડું તો બે લાકડી સાથે હોય. સહનશીલ ઘણાં હોં, હા થોડુંઘણું હોય તો બતાવે નહિં એવા છે ઈ પણ જ્યારે કાંઇ ન હાલે ત્યારે કહે અમારે આજે નિશાળ આવી નહિં શકાય. તો બે લાકડીથી હાલે છે કે નહિં ? તો એને લઇને હાલે છે કે નહિં ટેકો ? નિમિત્તે કામ ન કર્યું હાલવાનું ?

(**શ્રોતા** : જરાય નહિં, નિમિત્ત નિમિત્તનું કામ કરે કે પરનું કામ કરે ? નિમિત્તનું ઉપાદાન સ્વ છે કે પર) એમ બે લાકડીથી ટેકો, એક લાકડી અડે તો આમ હલી જાય. આ રામજી ભાઇ આવે છે ને, જો એક કોર લાકડી ને એક કોર માણસ ઓલો બટુક હાથ ઝાલે. (**શ્રોતા** : એનોય હાથ ઝાલીને) ખબર છે ને અહીંથી દેખાય છે ને. અરે ! એ હાથ ઝાલ્યો એટલી મદદ થઇ કે નહિં ? હાલવામાં નિમિત્તે હાલવામાં મદદ કરી કે નહિં ? નહિંતર રાખે શું કરવા ? હાથ પકડે શું કરવા ? એય જેઠાભાઇ ! આરે રાખે કોણ બાપા તને ? એ આંગળીએ લાકડીને પકડી છે ઈ એ વાત સાચી નથી. આ લાકડી લાકડીની એ પર્યાય ત્યાં પરિણમી ને ઉભી રહી છે. તે લાકડીની તે પર્યાયનો એનો જન્મક્ષણ તે ઉત્પત્તિનો કાળ છે. તે પ્રકારે ત્યાં પર્યાય એના કારણે થઇ છે અને દેહના હાલવાની ક્રિયા પણ એના તે કાળની જન્મક્ષણ છે તે હાલવાની એ પર્યાય એને કારણે હાલે છે, લાકડીને કારણે નહિં. માળે ભારે વાતુ ભાઇ !

આ બધી તકરારું જગતની હોં, નિમિત્ત હો એની કોણે ના પાડી ? પણ એનાથી આંહી થાય છે કામ (એમ નથી). નિમિત્તમાં પણ પર્યાયની ઉત્પાદ વ્યયતા છે કે નહિં ? અને આંહી જે છે એમાં પણ ઉત્પાદ વ્યય છે કે નહિં ? તો એ ઉત્પાદ વ્યય આને લઇને એ ઉત્પાદ વ્યય થયો ? તો એનો પોતાનો ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમ સત્ એક સમયનું ક્યાં ગયું ? (**શ્રોતા** : ઓલું તો નામનું....) ઉત્પાદ વ્યય ને ધ્રુવયુક્તમ સત્, સત્ દ્રવ્ય લક્ષણમ્. તો તે પ્રત્યેક પર્યાયે ઉત્પાદ વ્યય અને ધ્રુવપણું તેના એક સમયમાં ત્રણ છે, તે પોતાથી છે પરથી નહિં. આહાહા ! ભારે ! તો પછી આ ભગવાનના દર્શન શું કરવા કરો છો જો એનાથી ન થાતું હોય તો ? એ સુજાનમલજી ! (**શ્રોતા** : વાત તો બરાબર હૈ) ભાઇ

ગયા ? છે ? બેઠા છે ? એના દીકરા આવ્યા છે પણ આવું માંડ સમજાય. કોઇ દિ' સાંભળવાના ઠેકાણા ન મળે. પછી રળવું ને... એમના દીકરા આવ્યા છે. નોકરી છે, મોટી નોકરી છે. એ ખૂણે બેઠા. (**શ્રોતા** : .....) આહાહા ! આવી વાતું સાંભળવી મુશ્કેલ પડે અને સાંભળવા મળે નહિં, નવાને એવું લાગે કે આ શું કહે છે પણ આ. આવું તો ક્યાંય ? બાપુ મારગ તો આ છે ભાઇ ! આહાહા !

આંહી કહે છે કે લિંગ અને જાતિ તો જે હોય તે જે નિશ્ચયથી હોય, પણ એના આશ્રયે લાભ થાય ધર્મનો, હેં ! આહાહા ! સંઘયણ જ્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે સંઘયણ તો પહેલું જ હોય એને પણ એ સંઘયણને કારણે આંહી કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય એમ નથી. આહાહા ! એ કેવળજ્ઞાન અને ઉત્પત્તિનો તેનો જન્મક્ષણ હતો આત્મામાં તે કાળે કેવળજ્ઞાન થાય છે. સંઘયણને લઇને નહિં, મનુષ્યને લઇને નહિં. આહાહા ! મોટા ઝઘડા ૪-૫ (ચાર-પાંચ) સોનગઢની સામે, એક ઉપાદાન નિમિત્ત, એક નિશ્ચય વહેવાર ને એક ક્રમબદ્ધ આહાહા ! ક્યાં અટક્યો જીવ ! ક્યાં હજી ? હજી બહારના સત્યતાના નિયમમાં અટકે છે, એને અંતરમાં જાવાનો પ્રસંગ ક્યારે આવે એને ? આહાહા ! સમજાણું કાંઇ ? (**શ્રોતા** : નિમિત્ત આધિન બુદ્ધિ છે.) ન્યાં નિમિત્ત આધિન બુદ્ધિ છે. ભાઇએ લખ્યું છે નહિં. ફૂલચંદજીએ લખ્યું છે 'જૈન તત્ત્વ તત્ત્વ મિમાંસામાં' કે કોઇ એમ કહે કે જીવ તો જ્ઞાતાદૃષ્ટા છે, અને નિમિત્તને આધિન થાય એમ માને એને જ્ઞાતાદૃષ્ટાપણાની વાત જ સાચી નથી. જૈન તત્ત્વમિમાંસામાં લખ્યું છે. સમજાણું ?

નિમિત્તથી થાય એમ માનનારા અહીં તો આત્મા તો જ્ઞાતાદૃષ્ટા છે ઇ ક્યાંથી પણ તું લાવ્યો ઇ ? નિમિત્તથી અહીં જ્ઞાતાદૃષ્ટાપણું આવે એ તો તે માન્યું છે. કર્મ ખસે તો અહીં જ્ઞાતાદૃષ્ટાપણું થાય એમ તો તે માન્યું છે એ જ્ઞાતાદૃષ્ટા રહ્યો ક્યાં એ ? આહાહા ! સત્‌ને સમજવા માટે એણે ઘણાં આગ્રહ છોડી દેવા પડશે. અરે ! આવા અવસર ક્યારે મળે ભાઇ ! આંખ્યું મિંચાઇને ચાલ્યો જશે. આહાહા ! કોઇએ આબરૂ મેળવી હશે બહારમાં, ભારે તમારી વાત સાચી હોં આ વહેવારથી થાય, નિમિત્તથી થાય એવી વાત બહુ સારી. એથી ન્યાં મરતાં, ન્યાં ધરાણે મૂકાઇ આબરુ. બહુ રાજી માણસ થાય એથી એને લાભ થાય જીવને. આહાહા !

જેને આ જાતિ અને આ લિંગથી અમને... એમાં ઇ કહ્યું છે ને ઇ આગળ કહેશે આગળ પછીની ગાથામાં, કિંતુ રાગ ઉત્પન્ન થાય છે. આહાહા ! ઇ બ્રાહ્મણ, વૈશ્ય અને ક્ષત્રિયની જાતિ હોય છે છતાં તેને લક્ષે તો રાગ જ ઉત્પન્ન થાય. આહાહા ! કારણકે

એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યના આશ્રયે લક્ષ જતાં તો રાગ જ થાય. આહાહા! એને લક્ષે કેવળ થાય અને મુનિપણું થાય એમ નહિં. આહાહા! માટે તે તરફનું વલણ છોડી, આત્મ સન્મુખ થઈ, ભગવાન પરમાત્મ સ્વરૂપે બિરાજે છે આત્મા, એના સન્મુખ થઈ, નિમિત્ત અને વિકલ્પથી વિમુખ થઈ, આહાહા! તેમાં લીન થવાથી મોક્ષ થાય છે એમ આ શ્લોક ઉપરથી સમજવું. ત્યારે તો બ્રાહ્મણ આદિ જાતિ વિશિષ્ટ નિર્વાણાદિની દીક્ષાથી દીક્ષિત થઈને મુક્તિ પ્રાપ્ત કરી શકે એવું બોલનારા પ્રત્યે કહે છે. બ્રાહ્મણ ને વૈશ્ય ને ક્ષત્રિય. જાતિ ખાસ એનાથી, નિર્વાણથી, દીક્ષાથી, નિર્વાણ આદિની અને દીક્ષાર્થી દીક્ષિત થઈને મુક્તિ પામી શકે એની સામે વાત છે.

तर्हिं ब्राह्मणादिजातिविशिष्टो निर्वाणादिदीक्षया दीक्षतो मुक्तिं प्राप्नोतीति वदन्तं प्रत्याह –

**जातिलिंगविकल्पेन येषां च समयाग्रहः ।**
**तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः ।।८९।।**

**જાતિ-લિંગ-વિકલ્પથી, આગમ-આગ્રહ હોય,**
**તેને પણ પદ પરમની, સંપ્રાપ્તિ નહિં હોય. ।। ૮૯ ।।**

**टीका** : जातिलिंगरूपः विकल्पो भेदस्तेन येषां शैवादिनां समयाग्रहः आगमानुबंधः उत्तमजातिविशिष्टं हि लिंगं मुक्तिहेतुरित्यागमे प्रतिपादितमतस्तावन्मात्रेणैव मुक्तिरित्येवंरूपो येषामागमाभिनिवेशः तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः ।।८९।।

ત્યારે તો બ્રાહ્મણાદિ જાતિવિશિષ્ટ નિર્વાણાદિની દીક્ષાથી દીક્ષિત થઈને મુક્તિ પ્રાપ્ત કરી શકે એવું બોલનાર પ્રતિ કહે છે :–

**અન્વયાર્થ** : (येषां) જેમને (जातिलिंगविकल्पेन) જાતિ અને લિંગના વિકલ્પથી મુક્તિ થાય છે એવો (समयाग्रहः) આગમ સંબંધી આગ્રહ છે (ते अपि) તેઓ પણ (आत्मनः परं पदं) આત્માના પરમ પદને (न प्राप्नुवन्ति एव) પ્રાપ્ત કરી શક્તા જ નથી.

**ટીકા** : જાતિ અને લિંગરૂપ વિકલ્પ એટલે ભેદ તેનાથી જે શૈવાદિને સમયનો આગ્રહ એટલે આગમનો આગ્રહ છે - અર્થાત્ ઉત્તમ જાતિવિશિષ્ટ લિંગ જ મુક્તિનું કારણ છે એવું આગમમાં પ્રતિપાદન કર્યું છે, તેથી તે માત્રથી જ મુક્તિ છે - એવો જેમને આગમનો અભિનિવેશ (આગ્રહ) છે, તેઓ પણ આત્માના પરમ પદને પ્રાપ્ત કરી શકતા જ નથી.

**ભાવાર્થ** : જાતિ અને લિંગ બન્ને દેહાશ્રિત છે. તેના તરફના વિકલ્પથી રાગ થાય છે, અને

રાગ તે સંસાર છે. તેથી જે એવું માને છે કે આગમમાં જાતિ અને લિંગથી મોક્ષ થાય છે એમ પ્રતિપાદન કર્યું છે, તે હઠાગ્રહી છે અને આગમના સ્વરૂપથી તદ્દન અજ્ઞાત છે. વીતરાગી આગમ તો કહે છે કે વીતરાગતાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય, અને વીતરાગતા થતાં બાહ્ય લિંગાદિ હોય ખરાં, પણ તેના આશ્રયે મોક્ષ ન થાય, તેના વિકલ્પથી પણ મોક્ષ ન થાય. જાતિ, લિંગ અને તે સંબંધી વિકલ્પથી મોક્ષ થાય એમ માનનારા સમયાગ્રહી છે - સમયના જાણકાર નથી.

### વિશેષ

લિંગ એ મોક્ષનું સાચું કારણ નથી. તેનું પ્રતિપાદન કરતાં શ્રી કુંદકુંદાચાર્યે શ્રી સમયસારમાં કહ્યું છે કે -

''બહુ પ્રકારનાં મુનિ-લિંગોને અથવા ગૃહી-લિંગોને ગ્રહણ કરીને મૂઢ (અજ્ઞાની)જનો એમ કહે છે કે 'આ (બાહ્ય) લિંગ મોક્ષમાર્ગ છે.' પરંતુ લિંગ મોક્ષમાર્ગ નથી, કારણ કે અર્હંતદેવો દેહ પ્રત્યે નિર્મમ વર્તતા થકા લિંગને છોડીને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ સેવે છે.

જેઓ બહુ પ્રકારનાં મુનિ-લિંગોમાં અથવા ગૃહસ્થ-લિંગોમાં મમતા કરે છે (અર્થાત્ દ્રવ્ય-લિંગ જ મોક્ષનું દેનાર છે એમ માને છે), તેમણે સમયસારને નથી જાણ્યો.

જેઓ ખરેખર 'હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (શ્રાવક) છું' એમ દ્રવ્ય-લિંગમાં મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે, તેઓ 'અનાદિરૂઢ' (અનાદિકાળથી ચાલ્યા આવેલા) વહેવારમાં મૂઢ (મોહી) વર્તતા થકા, પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (નિશ્ચયનય) પર અનારૂઢ વર્તતા થકા, પરમાર્થસત્ય (જે પરમાર્થ સત્યાર્થ છે એવા) ભગવાન સમયસારને દેખતા-અનુભવતા નથી.''[૧] ૮૯

---

## પ્રવચન – ૧૦૨

આ શબ્દ આવ્યો છે ને આગમમાં ? કે જે આગમમાં આ જાતિથી ને આ લિંગથી જ મુક્તિ થાય એ આગમને આગમ કહેવાય (નહિં) આહાહા ! સમજાણું કાંઈ ? પાઠ છે ને ? સમય આગ્રહ જાતિ લિંગનો જેમાં આગ્રહ હોય છે સિદ્ધાંત. કે વૈશ્યથી જ

૧. શ્રી સમયસાર - ગાથા - ૪૦૮, ૪૦૯, ૪૧૩ અને ટીકા.

મુનિપણું હોય, ક્ષત્રિયથી જ મુનિપણું હોય, કે બ્રાહ્મણ હોય તેને જ કેવળજ્ઞાન થાય, એવું જેને આગમમાં આગ્રહ હોય, આગ્રહ જેના આગમમાં આવો આગ્રહ હોય, એમ ઈ વેષથી થાય અને લિંગથી થાય એ તો બરાબર છે પણ એનાથી આંહી થાય કેવળજ્ઞાન એવો જેનો આગ્રહ છે. આહાહા! તે પણ પરમપદને પામી નહિં શકે.

જ્યાં મહાવ્રતનો વિકલ્પ પણ એક આસ્ત્રવનો ભેખ, આસ્ત્રવના પરિણામ, આંહી તો લોકો મહાવ્રત પાળે ઈ ધરમ છે ને સંવર છે અને સાંભળનારા બિચારા સાધારણ હોય. એમાં બાઈયું તો સાધારણ હોય. જય નારાયણ. આ કાંઈ કહે છે તે ઠીક કહે છે. પંચમહાવ્રતના પરિણામ સંવર છે. અહિંસા, સત્યદત્ત, બ્રહ્મચર્ય એ ધરમ છે ઓલા કહે હા, પ્રમાણ વાક્ય હેં? (શ્રોતા : ગુરુ કાંઈ ખોટું બોલે?) એમ. આંહી કહે છે. પંચમહાવ્રતના ભાવ છે ઈ તો વિકલ્પ રાગ છે. જેને પંચમહાવ્રત એય અત્યારે તો ક્યાં ઠેકાણા છે? આહાહા! (શ્રોતા : નિશ્ચય વિના વહેવાર ખોટો) વહેવાર ખોટો બધોય ખોટો છે. આકરી વાતું બહુ. આહાહા! સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ ત્રિલોકનાથના આગમમાં એ વાત, એનાથી મુક્તિ થાય કે ધર્મ થાય, એવું એના આગમમાં નથી. જે આગમમાં એ કહ્યું હોય તે આગમ નહિં. આહાહા!

**ટીકા** : જાતિ અને લિંગરૂપ વિકલ્પ ભાષા જોઈ એમ કહ્યું, જોયું? જાતિ અને લિંગના બે શ્લોક મૂક્યા પણ એનો વિકલ્પ એટલે ભેદ તેનાથી શિવ આદિને સમયનો આગ્રહ છે. શૈવમતવાળાને બસ આવો જ ભેખ હોય. શિવમતમાં આંહી આવે છે ને, સાધુ બાવાના વેષ, ઈ એક લાકડી, દંડી, માથે આમ, હાથે ઓઘો હોય અમારે રજોહરણ હોય, મુહપત્તિ હોય, ઈ અમારે ધર્મના ચિન્હ્ છે. એ ધર્મના વહેવાર ચિન્હનો નિષેધ છે આંહી તો એનો. આહાહા! ઉપકરણ લીધાં છે તો ઈ લીધા છે નહિં પ્રવચનસારમાં? ભાઈ, વિનય, ગુરુનો વિનય કરવો, વિકલ્પ ઈ એ ઉપકરણ છે. આહાહા! રાગ છે ને? આહાહા! ઝીણી વાત બહુ બાપુ!

અરે! આવા મનુષ્યપણામાં સત્‌ના જ્ઞાન ન કર્યા ક્યાંય એનો આરો નહિં આવે ભાઈ! એ ગમે તેવા મહાવ્રત પાળે એમ કહે, છે તો ક્યાં? હજી સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે ત્યાં મહાવ્રતના ઠેકાણા હોય જ ક્યાંથી? આહા! પણ એણે માનેલું જરીક આ બાયડી છોકરા છોડીને વેષ પહેરીને બેઠાં એટલે જાણે થઈ ગયા અમે સાધુ. આહાહા! અમે પંચમહાવ્રતધારી, છ કાયના રક્ષક. લખે છે ને ઓલા સંવત્સરીના કાગળમાં નહિં? હતાં કે દિ' બાપુ તને ખબર નથી ભાઈ, આહાહા! હેં? (શ્રોતા : છ કાયમાં પોતે છે કે નહિં હોય?) છ કાયના કૂટાથી તો બચ્યા છીએ એમ કહે છે પણ તું એક આત્મા છો કે

નહિં ? એ આત્માને રાગથી લાભ થાય તો તારો કૂટો કર્યો તે. આહાહા ! એ પંચમહાવ્રતના વિકલ્પોથી કે જાતિ અને લિંગના વિકલ્પથી આત્માને લાભ થાય એ તો આત્માની હિંસા કરી તે. આહાહા ! ભારે વાતુ ભાઈ !

લિંગ અને જાતિ જે હોય તે હોય છતાં એના લક્ષે વિકલ્પ થાય અને એના લક્ષે આત્માનું કલ્યાણ થાય, ભાઈ કેટલા બોલો કહેવા ? એટલે આગમનો જેને આગ્રહ છે. ઉત્તમ જાતિ, વિશિષ્ટ લિંગ, ઉત્તમ જાતિ ખાસ એને ઉત્તમ લિંગ એ જ મુક્તિનું કારણ છે એવું આગમમાં પ્રતિપાદન કર્યું છે તેથી તે માત્ર જ, તે માત્રથી મુક્તિ છે એવો જેમનો આગમનો આગ્રહ છે, તેઓ પણ આત્માના પરમપદને પામી શક્તા નથી. આહાહા ! દૃષ્ટિ જ મિથ્યા છે, નગ્નપણાથી લાભ થાય. પંચમહાવ્રતના વિકલ્પથી ધર્મનો લાભ થાય. વૈશ્યપણું, ક્ષત્રિયપણું છે, માટે એનાથી આત્માને સમકિત થાય ને લાભ થાય એ મિથ્યાત્વભાવ છે. આહાહા ! મિથ્યાત્વના ભાવના પડખાં ઘણાં.

**ભાવાર્થ :** જાતિ અને લિંગ. જાતિ એટલે વૈશ્ય, બ્રાહ્મણ અને ક્ષત્રિય. લિંગ એટલે નગ્નપણું, પંચમહાવ્રત આદિ બન્ને દેહઆશ્રિત છે. એતો પર આશ્રિત છે. તેના તરફના વિકલ્પથી ઓહોહો ! રાગ થાય છે અને તે રાગ સંસાર છે. પહેલા બે ગાથામાં આવ્યું'તું ને ? દેહ તે સંસાર છે, દેહ તે ભવ છે એમ આવ્યું'તું પાઠમાં. આંહી કીધું કે ભઈ દેહ ભવ છે તેનો અર્થ ? કે દેહને આશ્રિત જે વિકલ્પ ઉઠયો એ પોતે સંસાર છે. દેહ તો જડ છે. સંસાર ત્યાં ન હોય એમાં, પણ એને આશ્રયે જે વિકલ્પ ઉઠે છે, રાગ થાય એ સંસાર છે. આહાહા ! સંસારની પર્યાય જીવની દશામાં હોય, સંસાર જડમાં હોય નહિં. પાઠ તો એવો હતો, લ્યો પહેલો દેહ ભવ એમ હતું ને બેયમાં ? 'देह एव आत्मनो भवः' અને તે સંસાર છે. આહાહા ! સંસાર છે ને ? સંસ્કૃતમાં આવ્યું'તું. શ્લોક ૮૭ની(સત્યાસીની) ટીકા સંસ્કૃતમાં. लिङ्गं जटाधारणनग्नत्वादिदेहाश्रितं दृष्टं शरीरधर्मतया प्रतिपन्नं । देह एवात्मनो भवः संसारः । यत एवं तस्माद्ये लिंगकृताग्रहाः लिंगमेव मुक्तेर्हेतुरितिकृताभिनिवेशास्ते न मुचयंते । कस्मात् भवात्।

દેહ આત્માનો ભવ સંસાર, ભવ સંસાર. જોયું ? દેહ આત્માનો ભવ સંસાર. આહાહા ! એ પ્રમાણે જાતિ સંસાર એમ લેવું. આહાહા ! ભગવાન આત્મા વીતરાગી મૂર્તિ પ્રભુ, એ એની જાત છે. પણ ઈ વાત બહુ કઠણ પડે જગતને. બહારથી ફાંફા મારે પછી અનંતકાળ વીત્યો એને ચોરાશીના અવતાર કરી કરીને નરકના, નિગોદના. આહાહા ! દ્રવ્યલિંગ ધારણ કરી, નગ્નપણું અને જગતમાં કોઈ ક્ષેત્ર કાળ બાકી નથી રાખ્યો કે જેમાં અનંતવાર જનમ્યો અને મર્યો ન હોય. નગ્નપણું ધારણ કરીને પણ અંતરઆત્માના

સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન વિના એવું કોઈ ક્ષેત્ર કાળ નથી કે જ્યાં અનંતવાર જનમ્યો ને મર્યો ન હોય. દ્રવ્યલિંગ હોવા છતાં. આહાહા!

લિંગપાહુડમાં ખૂબ લીધું છે કુંદકુંદ આચાર્યે. ભલે નગ્નપણું એ લિંગ હો પણ એ લિંગ ખરેખર ધર્મનું કારણ નથી. (શ્રોતા : પંચમકાળમાં તો એકલો લિંગથી જ ધર્મ થાય ને?) પંચમકાળ હોય કે ચોથો હોય, શીરો તો ત્રણથી બને. ગોળ, લોટ ને ઘી. કે ૫માં(પાંચમાં) આરામાં કાંઈ પેશાબ નાંખીને શીરો બનતો હશે? ૪થા(ચોથા) આરામાં ઘી નાંખીને બનતો હશે એમ હશે? પાણી નાંખે અત્યારે, ઘી નહિં ને, એમ શીરા થાતાં હશે? શેઠ! શીરો ક્યા કહેતે હૈ? (હલવા) એની મીઠાશમાં ભલે ફેર હો પણ વસ્તુમાં ફેર હોઈ શકે નહિં. ભલે ઘી ન નાંખે તો તેલ કોઈ નાંખે. ગરીબ માણસ હોય, શીરો બનાવવો હોય તેલ નાંખે, લોટ તેલમાં શેકે અને પછી ગોળનું પાણી નાંખીને એમ બનાવે, એમ બને છે. હલકા માણસ હોય બિચારા! પૈસા ક્યાં હતા સાધારણ માણસને? આહાહા! તેલ વિના પાણીમાં લોટ શેકીને શીરા થતાં હશે? (જી નહિં) ૫મો(પાંચમો) આરો છે ને?

જાતિ અને લિંગ બન્ને દેહ આશ્રિત છે. તેના તરફના વિકલ્પથી રાગ થાય છે. રાગ તે સંસાર છે તેથી જે એવું માને છે કે આગમમાં જાતિ અને લિંગથી મોક્ષ થાય છે એમ પ્રતિપાદન કર્યું છે તે હઠાગ્રહી છે. આહાહા! એ આગમના સ્વરૂપથી તદ્દન અજ્ઞાન છે. વીતરાગી આગમ તો કહે છે. વીતરાગી શાસ્ત્ર અને સિદ્ધાંતો એમ કહે છે કે વીતરાગતાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય, જાતિ અને લિંગથી થાય નહિં. આહાહા!

બાપુ! મોક્ષ એટલે શું? આહાહા! અનંત અનંત આનંદ, અતીન્દ્રિય આનંદનું પરિણમન આહાહા! પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું પ્રગટ પરિણમન એનું નામ મોક્ષ. એવા અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ માટે એ અતીન્દ્રિય ભગવાન આત્મા જે છે અણીન્દ્રિય છે. એને આશ્રયે જે અતીન્દ્રિય મોક્ષનો મારગ પ્રગટ થાય, એના ફળ તરીકે અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ મુક્તિ થાય. આહાહા! ચોરાશીના અવતાર દુઃખી દુઃખી થઈને રખડે છે. એને આત્માની દયા કરી નથી. પોતાની દયા નથી કરી એણે. પરની દયા પાળું ને એમાંથી આ થાય ને તે થાય. કહે છે વીતરાગી આગમ તો એમ કહે છે કે વીતરાગતાથી મોક્ષની પ્રાપ્તિ થાય.

ભગવાન આત્મા જિન સ્વરૂપે બિરાજમાન ચૈતન્યમૂર્તિ પ્રતિમા છે. એને ધ્યેય દર્શન જ્ઞાન ચારિત્ર થાય, એ વીતરાગી પર્યાય છે. વીતરાગ સ્વભાવ જે આત્માનો, એને આશ્રયે પર્યાય થાય. અબંધ સ્વરૂપી ભગવાન એને આશ્રયે જે અબંધ પરિણામ થાય

એ વીતરાગ ભાવ છે. સમજાણું કાંઈ ? આહાહા ! અને વીતરાગતા થતાં બાહ્ય લિંગ આદિ હોય ખરાં, અંતર વીતરાગ દશા. સમ્યગ્દર્શન એ પણ વીતરાગી પર્યાય છે. સમ્યગ્જ્ઞાન એ પણ વીતરાગી પર્યાય છે. સમ્યગ્ચારિત્ર એ પણ વીતરાગી ચારિત્ર દશા છે. એવો મોક્ષ થતાં એને લિંગ બાહ્ય આદિ જાતિ હોય ખરાં પણ તેના આશ્રયે મોક્ષ ન થાય. આહાહા !

એમાં એમ કહે કે લાકડીના ટેકા વિના હાલે ? ચશ્મા વિના જણાય ? એમ નગ્નપણાના લિંગ વિના આત્માનું કલ્યાણ થાય ? એમ. આહાહા ! એ જીવ ક્યાં અટકે છે ? એની એને ખબર નથી પડતી. ક્યાં હું ભૂલ કરું છું, પરિભ્રમણના કારણની એની એને ખબર નથી પડતી. તેના વિકલ્પથી પણ મોક્ષ ન થાય. આહાહા ! જાતિ અને લિંગ હો પણ એના વિકલ્પથી પણ જ્યાં કલ્યાણ ન થાય. આહાહા ! જાતિ અને લિંગ એ બન્ને વિકલ્પથી મોક્ષ થાય, એમ માનનારા સમય આગ્રહી સિદ્ધાંતના જાણકાર નથી. એ સિદ્ધાંતના આગ્રહી માનવાવાળા છે. આહાહા ! સમજાણું કાંઈ ?

## વિશેષ

લિંગ એ મોક્ષનું સાચું કારણ નથી. તેનું પ્રતિપાદન કરતાં કુંદકુંદ આચાર્યે શ્રી સમયસારમાં કહ્યું છે ૪૦૮(ચારસો આઠ) ગાથા. ૪૦૯(ચારસો નવ), ૪૧૩(ચારસો તેર) ગાથાનો આધાર આપ્યો છે. બહુ પ્રકારના મુનિ લિંગોને અને ગૃહીલિંગો ગૃહસ્થી હોયને ? શ્રાવક ? ક્ષુલ્લક લંગોટી એક હોય. એક લંગોટી, એક કપડું નાનું હોય ફક્ત ઓઢવાનું એવું જે લિંગ છે. આહાહા ! એ ગ્રહીને મૂર્ખ મૂંઢ અજ્ઞાનીજનો એમ કહે છે કે બાહ્યલિંગ મોક્ષમાર્ગ છે. આહાહા ! ભાઈ તો એમ કહેતા આવ્યા આગ્રામાં, જો આ ઓઘો આ પણ મુનિપણું છે, ચારિત્ર છે એમ કહેતા.(શ્રોતા : આ ઓઘો) (શ્રોતા : સ્વર્ગ આપે) મોક્ષ આપે. ઈ તો વળી જેણે ઓઘો બે ઘડી લીધો એને તો કપાળમાં સ્વર્ગ જ હોય એને. આહાહા !

અરે ! એવા ભેખ, આવા વસ્ત્રવાળા ભેખ એ તો કુલિંગ છે. એ તો મિથ્યાદૃષ્ટિના લિંગ છે. આહાહા ! એવી વાત છે. ૨૦૦૦માં(બે હજારમાં) બહુ થયું. દીક્ષા લીધી'તી બે છોડીયું. મનસુખભાઈની બે દીકરીયું, શ્રીમદ્‌ના ભાઈ, નાના મનસુખભાઈ, એની માએ હવે એકલી છોડીયું, મા એ તો દીક્ષા લીધેલી, મનસુખભાઈની વહુ, શ્વેતાંબરમાં આ છોડીની દીક્ષા હતી, અમે ત્યાં હતાં તે દિ'. એ આવે ત્યાં ત્રંબકભાઈ પાસે, ત્રંબકભાઈ ખરાંને ? નાનાલાલભાઈના સાળા ઈ એના સંબંધી હતાં ને કાંઈક, નહિં ? શ્રીમદ્‌માં ? ત્યાં આવતી છોડીયું ઓલી આજ્ઞા લેવી હોય ને છેલ્લી. ત્રંબકભાઈ, ત્રંબકભાઈ હતા. નાનાલાલભાઈના બનેવી. અમારો ઉતારો એમના હોલ પાસે હતો.

છોડીઓ આવતી. આવી હતી પછી. આહાહા!

અરે! આ વાત ક્યાં બેસે? હજી તો પંચમહાવ્રત કોને કહેવાય એના ઠેકાણા ન મળે. આહાહા! જેના લિંગ કેવા હોય એના ઠેકાણા ન મળે એને મુનિપણું આવી જાય ને સાધુ થાય. આહાહા! અરેરે! દુનિયા પણ એવી ગાંડી ને પાગલ, એવું જ્યાં દીક્ષા લે ને જ્યાં લૂગડાં ફેરવ્યા ત્યાં ઓહોહો! મહારાજ, જય મહારાજ, તિખ્ખુતો, આયાહિણં, પાયાહિણં, વંદામિ ત્રણવાર એમ વંદે. આહાહા! (**શ્રોતા :** .......) નો'તા. આહાહા! મૂંઢ જીવો એ છે. આહાહા! જેને લિંગ દેખીને એ તો કુલિંગ છે એ તો, આ તો નગ્નપણાનો લિંગ દેખીને પણ જે મુનિપણું માનીને વંદન કરે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! પરંતુ લિંગ મોક્ષમાર્ગ નથી.

આ બાહ્ય લિંગ મોક્ષમાર્ગ એમ માને છે કારણકે અર્હંત દેવો દેહ પ્રત્યે નિર્મમ વર્તતા થકા આહાહા! સર્વજ્ઞ પરમેશ્વર જ્યારે મુનિ થયા ત્યારે દેહ પ્રત્યેની મમતા છોડીને, સ્વરૂપની દૃષ્ટિને જ્ઞાનમાં લીન આત્મામાં થયા હતાં. આહાહા! દેહ પ્રત્યે નિર્મમતા થતાં, લિંગને છોડી દઈને જ હેતુ છે ને? છોડી દઈને એટલે નગ્નપણું છોડી દઈને એમ નહિં, નગ્નપણાનો વિકલ્પ છે એ છોડી દીધો. આહાહા! વીતરાગ જિનેશ્વર દેવ એનો મારગ બાપુ બહુ. ચારે પડખેથી એની અવિરુદ્ધતા સમજવી એ તો કોઈ કલ્યાણનો મારગ છે. અમુક પડખેથી સમજે, અને બીજા પડખાં વાસ્તવિક રહી જાય, એ એમની દશા હીણી છે એ તો. લિંગ એ મોક્ષનું સ્થાન. આહાહા! જેઓ બહુ પ્રકારનાં મુનિલિંગોમાં અથવા ગૃહસ્થ લિંગોમાં મમતા કરે છે, દ્રવ્યલિંગ જ મોક્ષનો દેનાર છે. ભેખ તો પહેરો અમારા મુનિપણાનો એમ કહે. આહાહા! એ લિંગને છોડીને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રને સેવે છે ભગવાન તો. આહાહા!

જે બહુ પ્રકારના મુનિલિંગોમાં, ગૃહસ્થલિંગોમાં મમતા કરે છે, તેમણે સમયસારને નથી જાણ્યો, એણે આત્માને નથી જાણ્યો. આહાહા! લિંગ અને જાતિ અમને મોક્ષ પમાડશે. પાત્ર કઠણ ઊંચુ હોય એમાં ઘી રહી શકે. કોથળામાં રહે? એમ નગ્નપણું હોય ત્યાં મુનિપણું રહી શકે (**શ્રોતા :** પણ પાત્ર છીદ્રના વગરનું જોઈએને!) ઈ વાત જ ખોટી છે. નવા માણસને તો આ શું કહે છે? આ જુઓ વાત, આવો વીતરાગનો મારગ હશે? શું કહેવા માંગે છે? ભાઈ! ધરમ તો એને કહીએ કે જે દ્રવ્ય સ્વભાવ ભગવાન, પૂર્ણાનંદનો નાથ, પરમાત્મ સ્વરૂપે બિરાજમાન એની દૃષ્ટિ કરી સન્મુખમાં એનું જ્ઞાન ને એની રમણતા એ ધરમ અને મોક્ષનું કારણ છે. આહાહા! એ જેને કાંઈ ઠેકાણા નથી, અને

પંચમહાવ્રતના વિકલ્પ ને દેહના નગ્નપણા, એનાથી ધરમ માને એ દઢ મિથ્યાદષ્ટિ છે. આહાહા ! એ જૈનની એને ખબર નથી. જૈન હેં ?

(**શ્રોતા :** મુનિનો આચાર પાળે તો કાંઇ વાંધો નથીને ?) મુનિનો આચાર પાળે એ રાગ છે. પંચમહાવ્રત આદિ તો રાગ છે. ઇ ત્યાં આવ્યું'તું ને કોટા. કોટામાં ૮ (આઠ) દિ' ૫-૫ (પાંચ-પાંચ) હજાર માણસ બહુ ઘણું. ૪ (ચાર) દી' રહ્યા. સભા બહુ. વળી ભાઇ, હુકમચંદજી ત્યાં ભાઇ ત્યાં શેઠ બહુ સારા છે. જંબુકુમાર. કોટામાં. નાની ઉંમર છે. નેમચંદભાઇની દીકરીનાં જેઠ થાય. પણ બહુ માણસ છાપવાળો છે. જુવાન માણસ, પણ ઇ ૪ (ચાર) દી' સાંભળે ને પમે (પાંચમે) દી' પછી ઓલો આવ્યો કાગળ, વિદ્યાનંદજી આમ કહે છે.

જૈનદર્શનમાં જે શ્રાવક અને મુનિનો આચાર ઉથાપે, એ દિગંબર ધર્મ નથી. દિગંબરનો નાશ થઇ જાય છે. અરે ! ભાઇ ! સાંભળતો ખરો ! એ વિકલ્પ અને એ નગ્નપણું કે મુનિનો આચાર એ તો રાગ છે બધો, એ ધર્મ છે ? આહાહા ! એનાથી રહિત ભગવાન આત્માની વીતરાગતા પ્રગટ કરે એ મોક્ષનું કારણ છે.

વિશેષ કહેશે...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. જેમ બરફ શીતળતાની મોટી પાટ છે, તેમ આત્મા શીતળતાની મોટી પાટ છે, અનંત અનંત અતીન્દ્રિય આનંદની મોટી પાટ છે, અનંત સર્વજ્ઞતાની મોટી પાટ છે, આત્મા એટલે અનંતી પ્રભુતાની મોટી પાટ છે, અનંતી વિભુતાની મોટી પાટ છે, એમ અનંત અનંત ગુણોની પૂર્ણાનંદથી ભરેલી મોટી પાટ છે. વસ્તુ છે તે સદાકાળ એવી ને એવી જ રહી છે, ભલે નરક નિગોદ આદિના અનંતા ભવો કર્યા છતાં વસ્તુ જ્ઞાનાનંદસ્વરૂપ એ તો સદાકાળ એવી ને એવી રહી છે. એનો અંદરમાં વિશ્વાસ આવવો જોઇએ.

દ્રષ્ટિનાં નિધાન ૩૭૫.

# પ્રવચન – ૧૦૩

## શ્લોક – ૮૯ અને ૯૦

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૮.૦૭.૭૫**

तर्हिं ब्राह्मणादिजातिविशिष्टो निर्वाणादिदीक्षया दीक्षतिो मुक्तिं प्राप्नोतीति वदन्तं प्रत्याह –

**जातिलिंगविकल्पेन येषां च समयाग्रहः ।**
**तेऽपि न प्राप्नुवन्त्येव परमं पदमात्मनः ।।८९।।**

જાતિ-લિંગ-વિકલ્પથી, આગમ-આગ્રહ હોય,
તેને પણ પદ પરમની, સંપ્રાપ્તિ નહિં હોય. ।। ૮૯ ।।

तत्पदप्राप्यर्थं जात्यादिविशिष्टे शरीरे निर्ममत्वसिद्धयर्थं भोगेभ्यो व्यावृत्त्यापि पुनर्मोहवशाच्छरीर एवानुबन्धं प्रकुर्वन्तीत्याह –

**यत्त्यागाय निवर्तन्ते भोगेभ्यो यदवाप्तये ।**
**प्रीतिं तत्रैव कुर्वन्ति द्वेषमन्यत्र मोहिनः ।।९०।।**

જે તજવા, જે પામવા, હઠે ભોગથી જીવ;
ત્યાં પ્રીતિ, ત્યાં દ્વેષને, મોહી ધરે ફરીય. ।। ૯૦ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।

મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

---

શ્લોક નેવ્યાસી (૮૯) વિશેષનો છેલ્લો પેરેગ્રાફ. જેઓ ખરેખર હું શ્રમણ છું અને હું શ્રાવક છું એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે નગ્નપણાની દશામાં અને પંચમહાવ્રત આદિ વિકલ્પ એ દ્રવ્યલિંગ છે. આવી વાતો સ્પષ્ટ કરે છે લ્યો. દ્રવ્યલિંગમાં મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે. એ પંચમહાવ્રતના વિકલ્પો કે નગ્ન દશા દિગંબર એ બધું દ્રવ્યલિંગ છે એમાં જે મમતા કરે છે, મમતા વડે મિથ્યા અહંકાર કરે છે. આહાહા! તેઓ અનાદિ રૂઢ, અનાદિકાળથી ચાલ્યો આવેલો એવો એ તો વહેવારમાં મૂંઢ છે. આહાહા! વ્રતની ક્રિયા પંચમહાવ્રતની, ૨૮ (અટ્ઠાવીશ) મૂળગુણની એ તો અનાદિરૂઢ વહેવાર છે, અનાદિનો છે એ તો. એ કંઇ નવી ચીજ નથી. શુભભાવમાં પણ અનંતવાર આવી ગયો છે દ્રવ્યલિંગ પણે. નગ્નપણું ધારણ કરી પંચમહાવ્રત આદિના આચરણના વિકલ્પો અનંતવાર કર્યા છે. એ કંઇ નવી ચીજ નથી. એ કંઇ ધર્મ નથી. આહાહા!

એમાં જે મમતા કરે છે કે આ દ્રવ્યલિંગ છે એ મને તારશે. નગ્ન અને પંચમહાવ્રત ને ૨૮ (અટ્ઠાવીશ) મૂળગુણના વિકલ્પ આ મને તારશે એવો જે મમતા કરે છે તે મિથ્યાદષ્ટિ છે. આહાહા! કેમ કે એ તો અનાદિરૂઢ છે. એ વહેવાર તો અનાદિનો ચાલ્યો આવે છે એ કાંઇ નવો છે (નહિં). આહાહા! એ અનાદિરૂઢ અનાદિકાળથી ચાલ્યો આવેલો વહેવારમાં મૂંઢ એ તો વહેવારની ક્રિયામાં મૂંઢ છે. આહાહા! આવી વાત છે. હવે એ લોકોને એમ કે આ શ્રાવકના આચરણ, મુનિના આચરણ એ બધું દિગંબર જૈનદર્શન છે આ એમ કહે છે લ્યો. આહાહા! દિગંબર એટલે જૈન દર્શન એમ, એ સત્ય દર્શન છે. પંચમહાવ્રત પાળવા શ્રાવકના ૧૨ (બાર) વ્રત પાળવા, અને કોપીન આદિ એક કટકો રાખે શ્રાવક, ક્ષુલ્લક આદિ મુનિ થઇને નગ્નપણું રહે એ મને તારશે ને એ મને ધરમ છે તે મિથ્યાદષ્ટિ વહેવારમાં મૂંઢ છે. આહાહા!

(**શ્રોતા** : વહેવાર એટલે શુભભાવ) શુભભાવની ક્રિયા ને નગ્નપણું. એ વહેવારનો જાણનાર નથી, વહેવારમાં મૂંઢ થયેલો એ પ્રાણી છે. આહાહા! જૈન ધરમ

એટલે કે દિગંબર ધરમ. નિગ્રંથ ધરમ. આહાહા ! જેને રાગની ગાંઠ માંથી નીકળી, અને સ્વરૂપનો અનુભવ દ્રષ્ટિ કરવી અને સ્વરૂપના અનુભવમાં વિશેષ લીન થવું આનંદમાં એ ધરમ અને એ જૈન ધરમ છે. એ મુનિપણું છે. સમજાણું કાંઇ ? એ મુનિપણું આવ્યું'તું ને આપણે પમી (પાંચમી) ગાથામાં નહિં ? સમયસાર પમી (પાંચમી) ગાથા. સર્વજ્ઞ પરમાત્મા, જ્ઞાનાનંદ સ્વભાવમાં લીન મગ્ન એ સર્વજ્ઞથી માંડીને અમારા ગુરુ કુંદકુંદ આચાર્ય કહે છે. અમારા ગુરુ પણ કેવા હતા ? જ્ઞાન ચિદાનંદ સ્વભાવ એવો જે આત્મા, એમાં એ લીન હતા. આહાહા ! એ પંચ મહાવ્રતના વિકલ્પ કરતા હતા, કર્યા હતા એમ નથી. આહાહા !

મુનિપણું તો આત્માના આનંદ સ્વરૂપની ભૂમિકાને જોઇ, જાણી, અનુભવી અને એ ભૂમિકામાં લીન થવું, આનંદની ભૂમિકામાં, વીતરાગી પર્યાયમાં લીન થવું. આહાહા ! એનું નામ જૈન ધરમનું મુનિપણું અને ચારિત્ર છે. એને સમજ્યા વિના (અને) માન્યા વિના એકલું દ્રવ્યલિંગ મુનિ ધારણ કરે, અને પંચમહાવ્રતના આદિ વિકલ્પો કદાચિત સરખા હોય, તો પણ એ દ્રવ્યલિંગ છે, એ ધરમ નહિં. આહાહા ! એ મુનિપણું નહિં, એ મોક્ષનો મારગ નહિં. આહાહા ! કહે છે કે એ તો અનાદિરૂઢ વહેવારમાં મૂંઢ વર્તે છે. એ ક્રિયાકાંડના જે પંચમહાવ્રતના ૨૮ (અઠ્ઠાવીશ) મૂળગુણ સાધુના એમાં વર્તે છે એ મૂંઢપણે વર્તે છે. આહાહા ! મૂંઢ મિથ્યાદૃષ્ટિ મૂંઝાઇ ગયો છે ત્યાં કહે છે. આ મારો ધરમ છે, એમ એ મૂંઢ નામ અજ્ઞાનમાં લીન થઇ ગયો છે વહેવારમાં.

વહેવારનો જાણનાર જોઇએ એને ઠેકાણે વહેવારમાં લાભ માન્યો એ મૂંઢ છે. શેઠ ! આવો મારગ છે. બહુ ઝીણો બાપુ ! આહાહા ! (**શ્રોતા** : આવો મારગ જૈનમાં) જૈન દર્શન જ આવું છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. કોઇ જૈન દર્શન કોઇ પક્ષ નથી, કોઇ વાડો નથી, એ તો વસ્તુનો એ સ્વભાવ છે. આનંદનો નાથ પ્રભુ ! અતીન્દ્રિય આનંદમાં એ ભૂમિકાને જોઇને અનુભવી, ત્યારે તો એને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. આહાહા ! ઓલા પરમાત્મ પ્રકાશમાં એક ગાથા છે, કે જેમ જેમ મોહ ગળતો જાય છે તેમ તેમ સમકિત પામતો જાય છે. એવું ભાઇ છે એ ગાથામાં. એ ગાથા એવી છે. નહિં ? પહેલા કહ્યું'તું એક ફેરી પરમાત્મ પ્રકાશ. પંચ્યાસી (૮૫) ગાથા.

**कालु लहेविणु जोइया जिमु जिमु मोहु गलेइ**
**तिमु तिमु दंसणु लहइ जिउ जियमे अप्पु मुणेइ ।।**

પરમાત્મપ્રકાશ ગુજરાતી. પૃષ્ઠ ૧૦૬ શ્લોક ૮૫.

શું કહ્યું? હે યોગી! યોગી એટલે આત્માના આનંદમાં પુરુષાર્થને જોડયો જેણે. અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એમાં જેણે પુરુષાર્થ વીર્યને યોગ જોડયો છે कालं लब्धवा કાળ પામીને જૈસા જૈસા મોહ ગળતા હૈ, કમ હોતા જાતા હૈ તૈસા તૈસા યહ જીવ સમ્યગ્દર્શનકો પાતા હૈ. એ ઉપરથી કહે છે ને! મોહ એટલે મિથ્યાત્વ. આહાહા! એ આગળ છે કમ હોતા હૈ. ગળતા નામ ઉપશમ થાય છે પહેલું, પછી ક્રમે ક્રમે ક્ષય થાય છે એમ. આહાહા! એ સ્વરૂપનો આનંદનો આશ્રય જ્યાં છે, જેના સમ્યગ્દર્શનમાં આત્મા સમીપપણે વર્તે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં આત્મા સમીપપણે આમ આત્માના સમીપપણે ઈ સમ્યગ્દર્શન થયું છે. આહાહા! જે દૂર હતો ભગવાન આત્મા એણે સમ્યગ્દર્શને સમીપ કર્યો. આહાહા! જેના દર્શનમાં આત્મા સમીપ છે, સમ્યગ્જ્ઞાનમાં આત્મા સમીપ છે. શાસ્ત્ર સમીપ છે ને શાસ્ત્રનું ભણતર એ નહિં. આહાહા!

જેના જ્ઞાનમાં આત્મા સમીપ છે અને જેના ચારિત્રની રમણતામાં આત્મા સમીપપણામાં વર્તે છે એને દર્શન, જ્ઞાન ને ચારિત્ર કહીએ. રાગ અને ક્રિયાના નગ્નપણાના સમીપપણા વર્તે છે એ મૂંઢ જીવ છે. આહાહા! મોહી. ગાથા ૪૧૩(ચારસો તેર) છે. છેલ્લી? ઘણીવાર વંચાઈ ગઈ છે ગાથા ૪૧૩(ચારસો તેર) આહાહા! જેને એ વહેવાર ક્રિયામાં મૂંઢ છે, મોહી છે એમાં જેની સાવધાની વર્તે છે આહાહા! દયા, દાન, વ્રત આદિના ભાવમાં જેની સાવધાની વર્તે છે એ મૂંઢ જીવ છે. આહાહા! સમજાણું કાંઈ? આવો મારગ છે. વહેવારની જે ક્રિયાઓ છે નિશ્ચય સહિત, એ વહેવાર ક્રિયામાં, નિશ્ચય વિના, એકલું સાવધાનપણું ત્યાં વર્તે છે એ મૂંઢ જીવ છે. હેં? આહાહા! પરમ વીતરાગ આનંદનું ચોસલું પડયું છે ભગવાન તો. આહાહા! અતીન્દ્રિયઆનંદનું ધામ, અતીન્દ્રિય આનંદનું દળ પ્રભુ છે. આહાહા! એ દળમાં દળને ભૂલી જઈ અને પર તરફના લક્ષવાળી જે પંચમહાવ્રતની ક્રિયા ૨૮(અઠ્ઠાવીશ) મૂળગુણ(વાળી) એમાં જે સાવધાન છે એ સ્વરૂપમાં ભૂલેલો મૂંઢ જીવ છે. આહાહા!

વહેવારની જે ચરણાનુયોગની ક્રિયા કીધી ચરણાનુયોગ, કરણાનુયોગની પછી એ ક્રિયાના પરિણામ છે એ શુભ છે બધા. વ્રત ને, તપ ને, ભક્તિ પૂજા ને એ બધા ભાવ, બધા શુભ છે. એમાં જેની સાવધાની છે એ જીવ મૂંઢ છે. ભગવાન રાગ વિનાની ચીજ પ્રભુ છે. એની સાવધાની તો જેણે છોડી દીધી છે, આહાહા! અને રાગની ક્રિયામાં સાવધાન છે એ મૂંઢ છે. આવો મારગ. અમે નગ્ન છીએ, અમે ૨૮(અઠ્ઠાવીશ) મૂળગુણ પાળીએ છીએ માટે અમે (ધરમી છીએ એ મૂંઢ છે) ચરણાનુયોગમાં કહ્યું નથી? કુંદકુંદ

આચાર્યે (શું) ૨૮(અઠ્ઠાવીશ) મૂળગુણ નથી પાળ્યા ? શાસ્ત્રમાં લખ્યું છે કે ૨૮(અઠ્ઠાવીશ) મૂળગુણ પાળ્યા છે લ્યો. એ તો વહેવારનયથી કહ્યું કે એને એ ભાવ હોય છે. આત્માના આનંદના અનુભવની ભૂમિકામાં એમાં એ છે એવું જણાવ્યું છે.

વહેવારનયથી એમ કહે કે એ એણે પાળ્યા. આહાહા! (શ્રોતા : એમાં અતિચાર નહોતા) એ અતિચાર ને એ રાગ એ પણ ઈ પોતે ચોખ્ખા એય તે રાગ છે ને ? પણ વહેવારનયથી એમ આવે. અશુભથી છૂટીને શુભમાં આવ્યો છે. શુદ્ધતા તો છે શુદ્ધતા આનંદની નિર્મળાનંદ પ્રભુને તો જગાડયો છે. જાગીને આત્માના આનંદનો સ્વાદ લીધો છે એવા જીવને જે શુભભાવ આવે એને વહેવારથી એમ કહેવાય કે એને પાળે છે. ખરેખર તો એનો એ જાણનાર છે, એ તો આપણે આવી ગયું સવારમાં ઘણું નહિં ? હેં ? રાગનો એ કર્તા નથી ને રાગનો એ ભોક્તા ય નથી. આહાહા! સ્વરૂપ શુદ્ધ આનંદનું સ્વરૂપ ભલે એને ચારિત્રને કે કેવળજ્ઞાનને પામતાં વાર લાગે પણ એની દૃષ્ટિમાં આનંદનો નાથ એ આવવો જોઈએ. આહાહા! સમજાણું કાંઈ ? એની દૃષ્ટિમાં આ આત્માને ભૂલી, અને એ ક્રિયાકાંડના વહેવારના આચરણમાં જે સાવધાન, એ જીવને તો અહીં મૂંઢ ને અજ્ઞાની કહ્યો છે. લ્યો. આવો મારગ છે ભાઈ!

એ મોહી વર્તતા થકા એમ છે ને ? મૂંઢ વર્તતા થકા, એમાં એકાકાર પણે વર્તતા થકા આહાહા! પ્રૌઢ વિવેકવાળા, નિશ્ચય પર અનારૂઢ વર્તતા થકા. પ્રૌઢ વિવેક એટલે ? એ વહેવારથી, રાગથી ભિન્ન, એવું જે ભેદજ્ઞાન, એવો જે વિવેક, એવો નિશ્ચય પર અનારૂઢ છે. પરમાનંદનો નાથ સ્વરૂપ એના પ્રત્યે તો અનારૂઢ છે. આરૂઢ નથી. વહેવારના એકલા ભાવમાં આરૂઢ ને સાવધાન છે. આહાહા! ભારે ભાઈ મારગ આવો. સાધારણ પ્રાણીને તો. ત્યાં કોટામાં આવ્યું'તું પાંચ(૫) દિ' પછી. ચાર(૪) દિ' સુધી તો માણસ બહુ. લોકોને પ્રેમ ઘણો કોટામાં. ભાઈ જુગલકિશોર એની છાપ બહુ. જુગલકિશોર ટાઢો માણસ છે. કલાક કલાક વ્યાખ્યાન આપે, ભાષણ વગર પુસ્તકના આધારે ધારાવાહી શાંત. શાંતિથી. એની મુખ્ય મુખ્યતા ને એક જંબુકુમાર શેઠ છે ત્યાં. નેમચંદભાઈની દીકરીના જેઠ. ગંભીર ને શેઠ છે નાની ઉંમરના છે. ૪૫ (પિસ્તાલીસ) વરસ થયા હશે પણ બહુ છાપ એની.

એમાં ૪ (ચાર) દિ' તો સરખું હાલ્યું. ૫મે(પાચમે) દિ' સવારમાં ગડબડ ચાલી થોડી. કહે ચોપાનિયા આવ્યા છે. તે વ્યાખ્યાનમાં તો ખબર ન પડે. પછી કહે ચોપાનિયા આવ્યા છે છાપેલા કે આ દિગંબર ધરમ જે શ્રાવકનું આચરણ, ૧૨ (બાર)

વ્રત, મુનિનાં ૫ (પાંચ) વ્રતનું આચરણ એને ધરમ નથી કહેતા અને એનાથી ધરમ થાય નહિં એ લોપ દિગંબર ધરમનો થઇ જાય છે. વિદ્યાનંદજી છે ને એક. સાધુ થયો છે ને? વિદ્યાનંદ છે. એણે વિદ્યાનંદજીએ જૈન દર્શનમાં નાંખેલું, જૈન દર્શન નહિં? ઇ તો ચોપાનિયું એમાં નાંખેલું, આણે છાપ્યું. એ કોણ અભયકુમાર નામ હતું કાંઇ? જંબુકુમારને પૂછયું ગામનો શેઠિયો માણસ આબરૂદારને, કીધું કોણ છે આ? કહે કે અમને ખ્યાલમાં નથી. કોઇએ છપાવી દીધું હશે કોકે.

ચોપાનિયા વહેંચ્યા કે આ બધો વહેવારનો લોપ, ધરમનો (લોપ) જૈન ધરમનો લોપ થાય છે, દિગંબર ધરમનો લોપ થાય છે આતો, આવા વહેવારના આચરણથી ધરમ ન માને અને વહેવાર કરતાં કરતાં નિશ્ચય થાય એમ ન માને એ તો જૈન ધરમનો, દિગંબર ધરમનો નાશ કરે છે. થોડાંક પાના અહીં વહેંચ્યા હશે પણ અહીં થોડી ખળભળાટ થઇ હશે પણ અહીં વ્યાખ્યાનમાં કાંઇ નહિં. અંદર થઇ હશે કાંઇ. છાપ્યા, છપાવો, પઢો, પઢાવો બધાને. અરે ભગવાન! શું કરીને બેઠા આ તમે? આ નગ્નપણું લઇને બેઠા ને જેના હજી ૫ (પાંચ) મહાવ્રતનાય ઠેકાણા નથી સમજાણું કાંઇ? એને માટે ચોકા કરીને દે છે અને ચોપાનિયામાં લખાણ આવે કે મહારાજને વહોરાવવા ચોકા માટે આવજો. આહાહા! કાળા કેર છે ને! જેના વહેવાર પણ ભ્રષ્ટ છે એવાને દ્રવ્યલિંગેય નથી એનું સાચું. સમજાણું કાંઇ?

આંહી તો જેનું દ્રવ્ય લિંગ સાચું છે. નગ્નપણું છે, પંચમહાવ્રત, અઠ્ઠાવીસ (૨૮) મૂળગુણ બરાબર છે એને માટે આહાર કરીને લે. પ્રાણ જાય તોય ન લે. એ ચોકા બનાવે આહારને માટે મહારાજને માટે બનાવો એ તો આધાકર્મી ઉદ્દેશી આહાર છે. આહાહા! જેનો વહેવાર ચોખ્ખો છે એવા વહેવારમાં પણ જે મૂંઢ છે એની વાત છે. એમાં સાવધાની છે વહેવારની ક્રિયામાં એ વહેવાર મૂંઢ જીવ છે. આહાહા! સમજાણું કાંઇ? આ વસ્ત્ર સહિત જે મુનિપણું માને છે એ તો નિશ્ચય ને વહેવાર બેયથી ભ્રષ્ટ છે. એય! વસ્ત્ર સહિત મુનિપણું માને એ તો નિશ્ચય ને વહેવાર બેયથી ભ્રષ્ટ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! પણ અહીં તો જેના વહેવારમાં નગ્નપણું છે. અઠ્ઠાવીશ મૂળગુણ બરાબર ચોખ્ખા આગમ પ્રમાણે પાળે છે ચરણાનુયોગની વિધિ પ્રમાણે. પણ કહે છે કે એ રાગની ક્રિયામાં જેની સાવધાની, દૃષ્ટિ આ દ્રવ્ય ઉપર ગઇ નથી. આહાહા! ભગવાન ચિદાનંદનો નાથ એના ઉપર દૃષ્ટિ ગઇ નથી તેથી તે અનાદિ કીધું ને?

પ્રૌઢ વિવકવાળા નિશ્ચય અનારૂઢ છે. એ રાગથી ભિન્ન ભગવાન આત્મા છે, એવા ભેદજ્ઞાનમાં આવ્યો નથી, તેથી ભેદજ્ઞાનમાં નહિં હોવાથી નિશ્ચયમાં અનારૂઢ

છે. આહાહા ! દ્રવ્યલિંગ છે ને અહીંયા તો ? દ્રવ્યલિંગ તો નગ્નપણું જ હોય. અને દ્રવ્યલિંગમાં ૨૮ (અઠ્ઠાવીશ) મૂળગુણ, પંચમહાવ્રતના પરિણામ બરાબર હોય એને દ્રવ્યલિંગ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? આવી વાત છે બાપુ ઝીણી. જેઠાભાઈ ! એટલે જે વસ્ત્ર સહિત સાધુ છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. નિશ્ચયથી મિથ્યાદૃષ્ટિ ને વહેવારથી મિથ્યાદૃષ્ટિ. આહાહા ! એ તો સાધુ જ નથી વહેવારે પણ, દ્રવ્યલિંગેય નથી એનું સાચું. આહાહા ! આવો આકરો મારગ છે.

પણ જેનું દ્રવ્યલિંગ બરાબર છે, નગ્નપણું અઠ્ઠાવીશ મૂળગુણ બરાબર છે, પણ એમાં જેની દૃષ્ટિ ને સાવધાન ત્યાં છે, એ પાળવામાં એ ભાવને રાખવામાં આહાહા ! એવો જીવ વહેવારમાં મૂંઢ છે. અને પ્રૌઢ વિવેકવાળો જે નિશ્ચય, રાગથી ભિન્ન એવો પ્રૌઢ આહાહા ! વિવેકવાળો નિશ્ચય, પરથી ભેદજ્ઞાન કરે એવો જે નિશ્ચય આહાહા ! એવો જે નિશ્ચયમાં અનારૂઢ છે. નિશ્ચયમાં એ આવ્યા નથી. વહેવારમાં વર્તે છે નિશ્ચયમાં આવ્યા નથી એમ કહે છે. આહાહા ! આકરું કામ બાપુ આ કાળમાં અત્યારે આને. એકલા ટોળા બધા ઈ છે. જગતને કઠણ પડે બાપુ મારગ આ તો. આ તો જિનેન્દ્રદેવ, તીર્થંકર દેવનો મારગ આ તો છે. આ કોઈ પક્ષની વાડાની વાત નથી.

જેને વહેવારમાં સાવધાની છે, પ્રૌઢ વિવેક આહાહા ! પ્રૌઢ વિવેક રાગથી ભિન્ન પાડીને આકરો વિવેક, ભેદજ્ઞાન એના પર તો અનારૂઢ વર્તતા થકા પરમાર્થ સત્ય જે પરમાર્થ, સત્યાર્થ એવા ભગવાન સમયસાર આહાહા ! એ સમયસારને દેખતા નથી. એ સમયસારને અનુભવતા નથી. એ સમયસારને પામતા નથી. શેઠ ! આવું છે. (**શ્રોતા :** સમયસારને ભગવાન કહ્યો) ભગવાન જ આત્મા, સમયસાર એટલે આત્મા. ભગવાન સમયસાર એટલે આત્મા. ભગવાન જ આત્મા છે. આહાહા ! જેનું જ્ઞાન સ્વરૂપ, જેનું આનંદ સ્વરૂપ પૂર્ણ છે, એવો એ ભગવાન પોતે આત્મા છે. એટલે સમયસાર એટલે આત્મા. ભગવાન. ભગવાન આત્માને એટલે ભગવાન સમયસારને વહેવારમાં વર્તનારા મૂંઢ જીવો, નિશ્ચયમાં અનારૂઢ જીવો, એવા પરમાર્થ એવો જે ભગવાન આત્મા, એને પામતા નથી. એ રાગમાં સાવધાનીથી સ્વર્ગ આદિમાં જાય પુણ્યથી. પાછા પડીને હેઠે નરકમાં જશે. આહાહા ! સમજાણું કાંઈ ?

ભગવાન આત્માને દેખતાં નથી એમ છે મૂળ. સમયસાર એટલે આ પાના નહિં. સમયસાર એટલે પાનાને દેખતાં નથી એમ નહિં. ભગવાન સમયસાર એટલે આત્મા. રાગથી, વહેવારની ક્રિયાથી, ભિન્ન પ્રભુ વર્તે છે. એવા આત્માને તે પામી શકતા નથી.

આહાહા! સમજાણું કાંઇ? આ ગાથા તો બહુ ખુલાસો કરે છે ઘણી. જેને હજી રાગનું કર્તાપણું ઊભું છે. દેહની ક્રિયાને હું કરી શકું છું એવી માન્યતા ઊભી છે અને એવા પંચમહાવ્રતના પરિણામથી મને ધરમ થશે એવી માન્યતા ઊભી છે એ તો મિથ્યાદષ્ટિ છે. ચાહે તો ભલે પંચમહાવ્રત હોય ને નગ્નપણું ધારણ કર્યું હોય, મિથ્યાદષ્ટિ છે. જૈન નથી એને કહેતા. આહાહા!

એ ૮૯ (નેવ્યાસી)નો છેલ્લો આધાર આપ્યો. ૪૧૩ (ચારસો તેર)નો છે ને છેલ્લે? ૪૦૮ (ચારસો આઠ), ૪૦૯ (ચારસો નવ) ને ૪૧૩ (ચારસો તેર) સમયસારની ગાથાનો આધાર આપ્યો છે. તે પદની પ્રાપ્તિ અર્થે હવે ૯૦ (નેવુ) ચાલે છે. તે પદની પ્રાપ્તિ અર્થે જાતિ આદિ વિશિષ્ટ શરીરમાં નિર્મમત્વની સિદ્ધિ માટે, શરીરમાં નિર્મમત્વની સિદ્ધિ માટે ભોગોથી વ્યાવૃત થયો, ભોગ વિષય આદિના દુકાન આદિ છોડી એણે. સમજાણું કાંઇ? વળી પાછો ફરીને મોહવશ શરીરમાં અનુરાગ કરે છે. શરીર મારું ને શરીરની ક્રિયા હું કરું છું. આહાહા! એનો આ શ્લોક છે. બહુ સરસ. સમાધિતંત્ર પૂજ્યપાદ સ્વામીનું એકલું અમૃત રેડયું છે. આહાહા!

સમાધિ. સમાધિ. સમાધિ. સમ્યગ્દર્શન સમાધિ, સમ્યગ્જ્ઞાન સમાધિ, સમ્યગ્ચારિત્ર સમાધિ. એટલે સમ્યગ્દર્શન સુખરૂપ, સમ્યગ્જ્ઞાન સુખરૂપ, સમ્યગ્ચારિત્ર સુખરૂપ. એટલે ત્રિકાળી સુખરૂપ ભગવાનની પ્રતીતિ જ્ઞાન ને રમણતા એ ત્રણે સુખરૂપ સમાધિ છે. આહાહા! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષનો મારગ એ સમાધિ છે. એને સમાધિ કહો, મોક્ષનો મારગ કહો કે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર કહો. આહાહા!

तत्पदप्राप्त्यर्थं जात्यादिविशिष्टे शरीरे निर्ममत्वसिद्धयर्थं भोगेभ्यो व्यावृत्त्यापि पुनर्मोहवशाच्छरीर एवानुबन्धं प्रकुर्वन्तीत्याह –

**यत्त्यागाय निवर्तन्ते भोगेभ्यो यदवाप्राप्तये ।**
**प्रीतिं तत्रैव कुर्वन्ति द्वेषमन्यत्र मोहिनः ।।९०।।**

આહાહા! શું કહે છે જુઓ.

**જે તજવા, જે પામવા, હઠે ભોગથી જીવ;**
**ત્યાં પ્રીતિ, ત્યાં દ્વેષને, મોહી ધરે ફરીય. ।। ૯૦ ।।**

**टीका** : यस्य शरीरस्य त्यागाय निर्ममत्वाय भोगेभ्यः स्रग्वनितादिभ्यो निवर्तन्ते । तथा यदवाप्तये यस्य परमवीतरागत्वस्यावाप्तये प्राप्तिनिमित्तं भोगेभ्यो निवर्तन्ते । प्रीतिमनुबन्धं तत्रैव शरीरे एव

कुर्वन्ति द्वेषं पुनरन्यत्र परमवीतरागत्वे । के ते? मोहिनो मोहवन्तः ।।९०।।

તે પદની પ્રાપ્તિ અર્થે જાતિ આદિ વિશિષ્ટ શરીરમાં નિર્મમત્વની સિદ્ધિ માટે ભોગોથી વ્યાવૃત્ત થઈને (પાછો હઠીને) પણ ફરીથી મોહવશ શરીરમાં જ અનુબંધ (અનુરાગ) કરે છે તે કહે છે :–

**અન્વયાર્થ** : (यत्त्यागाय) જેના (શરીરના) ત્યાગ માટે અર્થાત્ જેનાથી મમત્વ હઠાવવા માટે અને (यद् अवाप्तये) જેને (પરમ વીતરાગ પદને) પ્રાપ્ત કરવા માટે (भोगेभ्यः) ઇન્દ્રિયોના ભોગોથી (निवर्तन्ते) નિવૃત્તિ પામે છે, (तत्र एव) તેમાં જ એટલે શરીર અને ઇન્દ્રિયોના વિષયોમાં જ (मोहिनः) મોહી જીવો (प्रीतिं कुर्वन्ति) પ્રીતિ કરે છે અને (अन्यत्र) બીજે એટલે વીતરાગ પદ ઉપર (द्वेषं कुर्वन्ति) દ્વેષ કરે છે.

**ટીકા** : શરીરના ત્યાગ માટે અર્થાત્ તેમાં નિર્મમત્વ માટે ભોગોથી એટલે માળા-વનિતાદિથી નિવૃત્ત થાય છે (પાછા હઠે છે) તથા જેની પ્રાપ્તિ માટે અર્થાત્ જે પરમ વીતરાગતા, તેની પ્રાપ્તિ માટે એટલે પ્રાપ્તિ નિમિત્તે ભોગોથી નિવૃત્ત થાય છે; તેમાં જ એટલે આ બદ્ધ શરીરમાં પ્રીતિ એટલે અનુબંધ કરે છે અને બીજે અર્થાત્ પરમ વીતરાગતા ઉપર દ્વેષ કરે છે. કોણ તેઓ ? મોહી - મોહાન્ધ જીવો.

**ભાવાર્થ** : શરીરાદિ પર પદાર્થોથી મમત્વ હઠાવવા માટે પરમ વીતરાગ પદની પ્રાપ્તિ માટે કેટલાક જીવો વિષય-ભોગોનો ત્યાગ કરી સંયમનાં સાધન અંગીકાર કરે છે, પરંતુ પાછળથી મોહવશ તેઓ તે જ શરીર અને વિષય-ભોગોમાં પ્રીતિ કરે છે અને સંયમનાં સાધનો ઉપર દ્વેષ કરે છે.

મોહની આવી વિચિત્ર લીલા છે; તેથી પુરુષાર્થ દૃઢ કરી જીવ મોહમાં ન ફસાય તે માટે આચાર્યનો આ શ્લોકદ્વારા ઉપદેશ છે. ૯૦

## પ્રવચન – ૧૦૩

આહાહા ! આ સંતોએ પણ નાડી પકડી છે ને ? આહાહા !

**ટીકા એની** : જે શરીરના ત્યાગ માટે એટલે કે તેમાં નિર્મમત્વ માટે ભોગોથી સ્ત્રી, ધંધા આદિનો ભોગ એનાથી છોડી માળા વનિતા આદિ, સારી માળા પહેરવી, સ્ત્રી આદિથી

નિવૃત્ત થાય છે. પાછા જેની પ્રાપ્તિ માટે જે પરમ વીતરાગતા તેની પ્રાપ્તિ માટે એટલે પ્રાપ્તિ નિમિત્તે ભોગોથી નિવૃત્ત થાય છે. આહાહા! તેમાં જ એટલે બધ્ધ શરીરમાં જ પ્રીતિ, વળી શરીરની ક્રિયા મારી છે ને હું કરું છું એવી શરીરમાં પ્રીતિ મોહને બાંધે છે પાછો કહે છે.આહાહા! એટલે અનુબંધ કરે છે. શરીરને અનુસરીને ક્રિયામાં પરિણામ વર્તે છે એને. આહાહા! જેનાથી નિર્મમત્વ થવું'તું શરીર પ્રત્યે નિર્મમત્વ થવું'તું એને માટે સ્ત્રી, કુટુંબ છોડયા છતાં ત્યાં ને ત્યાં પાછો મમતામાં રખડયો. આહાહા! શરીરની ક્રિયામાં પ્રીતિ અને બીજે પરમ વીતરાગ ઉપર દ્વેષ કરે છે. આહાહા! જુઓ ભાષા. હેં?

(**શ્રોતા** : પાછો હઠીને વળી પાછો કેમ વળે?) પાછો એટલે આ શરીરની મમતા ઘટાડવા માટે દુકાન છોડી, વેપાર છોડયા, ભોગ સ્ત્રી આદિ છોડયા એમ કહે છે. છતાં પણ પાછો ત્યાં શરીરની ક્રિયામાં તો ઊંધે કાંધ પડયો છે (**શ્રોતા** : એ કહેવાય કેમ?) એમ ને એમ છે. બાહ્યનો ત્યાગ, શરીરની નિર્મમત્વતા માટે કર્યો, એવું લક્ષ હતું પણ પાછો એ નિર્મમત્વ, મમતા શરીરમાં જ લાગી પડી પાછી. એ શરીરની ક્રિયા, શરીરની આ દાન, દયા, વ્રત ને ભક્તિની ક્રિયા એમાં એને પ્રેમ જાગ્યો વળી પાછો. એ તો શરીરનો પ્રેમ થયો આહાહા! જેને રાગનો પ્રેમ છે એને શરીરનો પ્રેમ છે ને શરીરમાં, રાગમાં અટક્યો છે એમ કહ્યું. આહાહા! એને વીતરાગ અશરીરી સ્વભાવ આના પ્રેમમાં અશરીરી સ્વભાવ પ્રત્યે એને દ્વેષ છે. આહાહા! સમજાણું કાંઇ? આહાહા!

આનંદઘનજીએ કીધું ને ઇ અરોચક ભાવ, વીતરાગ ભાવ જેને રુચતો નથી, અને જેને રાગ ભાવ રુચે છે, એ રાગના પ્રીતિ વાળા જીવ, સ્વભાવ પ્રત્યે તેને દ્વેષ અને અણગમો વર્તે છે. એ આ વાત કરીને? આહાહા! શરીરની ક્રિયા આમ કરવું. આમ કરવું, આમ કરવું અને એવો જે શરીરને અનુસરીને થતો અનુરાગ - રાગ એ રાગમાં જેની પ્રીતિયું બંધાઇ ગઇ છે આહાહા! એ રાગના પ્રેમમાં ફસાઇ ગયો છે કહે છે, આહાહા! એ વ્યભિચારી થઇ ગયો છે. આહાહા! એને વીતરાગ સ્વરૂપ આહાહા! એ શુભભાવ ને નગ્નપણાના પ્રેમમાં એને વીતરાગપણા પ્રત્યે તેને દ્વેષ થઇ ગયો છે. આહાહા! જુઓ આ રાગદ્વેષની વ્યાખ્યા (**શ્રોતા** : શુભરાગ પ્રત્યે પ્રેમ છે એને શુદ્ધ પર દ્વેષ છે) દ્વેષ જ છે. પ્રેમ છે તેને. આહા! વહેવાર રત્નત્રયનો રાગ એમાં જેને પ્રેમ છે તેને વીતરાગભાવ પ્રત્યે દ્વેષ છે. આહાહા!

એને ઘા વાગે. વહેવાર ક્રિયાથી ધરમ થાય, અને હળવે હળવે થાય એમ ન માને અને કહે કે એનાથી અધરમ થાય, એનામાં દ્વેષ થાય એને. આહાહા! મારગ બહુ

ઝીણો બાપુ! રાગદ્વેષની ક્રિયા એને કહીએ કે ભગવાન વીતરાગ મૂર્તિ પ્રભુ! એથી વિરુદ્ધ જે રાગની ક્રિયા એમાં જેની રુચિ અને પ્રેમ જામ્યો છે એમાં સાવધાન, સાવધાન વર્તે છે એને ભગવાન વીતરાગ ભાવ, એવો આત્મા, એના પ્રત્યે એને દ્વેષ છે. જુઓ રાગદ્વેષની વ્યાખ્યા. આહાહા! સત્યને સ્થાપવું ને અસત્યને ઉત્થાપવું એ પણ એક વિકલ્પ છે. (**શ્રોતા** : જૈન ધરમ સાચો છે એમ કહેવો એ પણ એક રાગ છે) માનવો એ પણ રાગ, રાગભાગ છે. છદ્મસ્થ છે ને? પણ રાગમાં એને પ્રેમ ન જોઈએ. આહાહા! એમ સત્ય મારગ સ્થાપના કરતાં અસત્ય ઉત્થાપે એમાં દ્વેષનો અંશ છે.

એ આવે છે ને એ ૧૪૪ (એકસો ચુમ્માલીસ) ભાવાર્થમાં મૂક્યું છે ભાઈએ જયસેન પંડિતે. પણ એ રાગદ્વેષનો જાણનાર રહે છે. સમજાણું કાંઈ? આહાહા! જેમ દ્વેષનાં અંશમાં એકાકાર નથી તેમ રાગનાં અંશમાં એકાકાર નથી. અહીંયા તો વીતરાગ સ્વભાવના પ્રેમ સિવાય આ વીતરાગ ભાવ તે વિકલ્પ વિનાની ચીજ છે, નિર્વિકલ્પપણે એ પ્રાપ્ત થાય છે, એ વાત પ્રત્યે એને દ્વેષ થઈ જાય છે રાગથી લાભ માનનારને. આહાહા! જુઓ આ ગાથા કહે છે કે વહેવારના પ્રેમીઓને અસમાધિ થાય છે. સમાધિ અધિકાર છે ને? અને નિશ્ચયના ભાવ પ્રત્યે તેને દ્વેષ એટલે એ પણ અસમાધિ છે. આહાહા! પરમ વીતરાગતા ઉપર દ્વેષ કરે છે. આહાહા! સહજાનંદ પ્રભુ, વીતરાગમૂર્તિ આત્મા, એના પ્રત્યે રાગની, વહેવારની ક્રિયાના પ્રેમીઓને વીતરાગ ભાવ પ્રત્યે દ્વેષ છે. આહાહા!

રાગથી લાભ ન થાય, સ્વભાવને આશ્રયે વીતરાગ ભાવથી જીવને લાભ થાય એવું સાંભળતાં ઘા વાગે અંદરમાં. હાય! હાય! વહેવાર તો ઉત્થાપાઈ જાય છે. જે સાધન છે એનાથી સાધ્ય થાય એ તો રહેતી નથી વાતું. (**શ્રોતા** : ...) આહાહા! આવી વાત છે ક્યાંય? દિગંબર સંતોએ ખુલ્લુ મૂક્યું છે એને કાંઈ પડી નથી જગતની. 'નાગા બાદશાહથી આઘા' મારગ આ છે બાપુ! તમને રૂચે ન રૂચે. સમાજ સમતોલે રહે કે ન રહે એ કાંઈ દરકાર નથી. મારગ આ છે. વહેવારના રસીલાઓને, ભગવાન વીતરાગ પ્રત્યે તેને દ્વેષ છે, તેથી વહેવારની ક્રિયામાં પ્રેમ બતાવીને અમે સાધન કાંઈ કરીએ છીએ એમ બતાવવા માંગે છે, એને વીતરાગ સ્વભાવ પ્રભુ અંદરમાં ઠરવું એના પ્રત્યે એને દ્વેષ વર્તે છે. આહાહા! ગજબ વાતું છે ને? આ તો ઓલા આનંદઘનજીએ બીજું નાંખ્યું'તું આ આવી રીતે નાંખ્યું. આહાહા!

દ્વેષ અરોચક ભાવ ત્યાં એમ નાંખ્યું. આંહી કીધું જ્યારે રાગને રૂચે છે. વહેવાર ક્રિયાકાંડની સાવધાનીમાં એને પ્રેમ છે ને એનાથી ધરમ થશે એવો જે રસ છે એ

રસવાળાને ચૈતન્યમૂર્તિ વીતરાગ સ્વભાવ એના પ્રત્યે એને દ્વેષ છે. દ્વેષ વિના આમાં પ્રેમમાં કેમ ફસાય ? આહાહા ! મારગ ઝીણો બહુ. અજાણ્યાને પહેલા વહેલા સાંભળવા આવ્યા હોય એને તો જરીક. પ્રવિણભાઇ તો કહેતા કે મારા ભાઇ આવ્યા'તા. પ્રેમ તો છે પણ સમજી શકે નહિં. ભાઇએ કહ્યું'તું, વાત સાચી કીધું. આ અગમ નિગમની વાતું બાપા આહા ! કોઇ દિ' સાંભળી ન હોય ને એમાં વળી પાછા પાંત્રીસ મિનીટ પછી આવ્યા'તા, ખબર છે ને ? એમાં ક્યાંથી શરૂ થયું ને શું હાલે છે એ પકડવું મુશ્કેલ પડે. આહાહા !

શું ગાથામાં કહ્યું ? કોણ ? કેવો ? કે મોહી. મોહાંધ જીવો. આહાહા ! જેને શ્રાવકની ને મુનિના વહેવાર વ્રતાદિના આચરણમાં જેની પ્રીતિ જામી છે, તેમાં સાવધાન છે. આહાહા ! એવા જીવોને વીતરાગ ભાવ પ્રત્યે દ્વેષ, મોહાંધ જીવોમાં એને વર્તે છે એ કહે છે. આહાહા ! ધીર એને કહીએ કે જે વીતરાગ ભાવ પ્રત્યે બુધ્ધિને પ્રેરે, એને ધીર કહીએ, એને વીર કહીએ. પોતાના વીર્યને વીતરાગ ભાવ પ્રત્યે વાળે ને પ્રેરે. રાગ પ્રત્યે વાળે તે અધીર અને તે અવીર છે. આહાહા ! ભલે પછી એ પંચમહાવ્રત એવા પાળતો હોય, કે જે નવમી ગ્રૈવેયક જાય એવા ભાવ એના, પણ કહે છે કે એમાં પ્રીતિવાળો જીવ છે તે વહેવારના પ્રેમીલો જીવ છે. આહાહા ! એને નિશ્ચયના સ્વભાવ પ્રત્યે અણગમો વર્તે છે. હેં ?

ભાવ વીતરાગભાવ પ્રત્યે આય, રાગને છોડ અને પ્રભુ વીતરાગમૂર્તિ તેનો પ્રેમ કર. એને એવું લાગે કે હા પણ કાંઇ સાધન ફાધનની તો વાતું કરતા નથી ને એક માંડી છે નિશ્ચય નિશ્ચય નિશ્ચય એમ બિચારા કહે, હેં ? (**શ્રોતા** : પ્રૌઢ વિવેક એટલે નિશ્ચય) પ્રૌઢ વિવેક પાછો એમ. ઘણો જ જેને પરથી ભિન્નતા વર્તે છે એવો નિશ્ચય. આહાહા ! પ્રૌઢ વિવેક છે. ઓહોહો ! શું પ્રૌઢની વ્યાખ્યા કરી છે ને કાંઇ આપણે. પ્રૌઢ જ રાખ્યું છે ? પ્રૌઢ જ રાખ્યું હોય તમે પણ શું ? એટલે પ્રૌઢને આવો શબ્દ શું રાખ્યો છે ? પ્રૌઢ માણસ નથી કહેતા પ્રૌઢ ? એ તમારું કામ નહિં. એ હિંમતભાઇનું કામ. પ્રૌઢ. વયવાળા હેં ? પાકો. પાકો ઇ બરાબર છે. પાકો કહ્યું છે એ પહેલો શબ્દ આવ્યો છે. પરથી ભિન્ન વિવેક પાકો થઇ ગયો છે જેને. રાગથી ભિન્ન ભગવાન છે. આહાહા !

વહેવારની ક્રિયાકાંડથી પણ પ્રભુ ભિન્ન છે એવો જે પ્રૌઢ વિવેકનો નિશ્ચય તેના ઉપરથી અનારૂઢ છે એ. ત્યાં તો આવ્યો નથી. આહાહા ! અને એકલી વહેવાર ક્રિયાકાંડના પ્રેમમાં ઘૂંચાઇ ગયો છે. મોહાંધ છે મોહમાં આંધળા થઇ ગયા છે. સમજાણું કાંઇ ? સંસ્કૃતમાં એમ છે संयोगादात्मनो दष्टिअंगेऽपि सन्घत्ते पश्यतीति मन्यते ૯૧ (એકાણુ) છે. પણ ૯૧ (એકાણુ) છે ઇ ઓલી ૯૦ (નેવુ) के ते ? मोहिनो मोहवन्त: એમ ઇ. शरीरे एव

**कुर्वन्ति निर्वतम् प्रीतिमनुबन्धंतत्रैव शरीरे** શરીર સાથે અનુબંધ લગાવ્યો છે જેણે. આહાહા! એના પ્રત્યે જેણે રાગને વાળ્યો છે આહાહા! એવા જીવોને શરીરના પ્રત્યે મમતા છોડવા માટે ભોગ ને ધંધા એણે છોડયા, પણ પાછો એને શરીરનો અનુરાગ જે છે એ તો ઊભો રહ્યો છે એને આહાહા! એમ કહે છે. આમ તો બાયડી, છોકરા, કુટુંબ, ધંધા છોડયા પણ જે એના નિર્મમત્વ માટે છોડવું'તું એને ઠેકાણે એની મમતા તો રહી ગઇ પાછી. આહાહા! શરીરની અને વહેવારની ક્રિયાની, એથી એને નિર્મમત્વ દશા ન આવી. આહાહા! મોહવાળી મોહાંધ દશા થઇ. આહાહા! છે? મોહીનો મોહવંત મૂંઢ છે એમ કીધું. આહાહા!

**ભાવાર્થ** : શરીર આદિ પર પદાર્થોથી મમત્વ હઠાવવા માટે (બાહ્યથી લક્ષ એમ) શરીર આદિ પર પદાર્થથી મમત્વ હઠાવવા માટે અને પરમ વીતરાગપદની પ્રાપ્તિ માટે કેટલાક જીવો વિષયભોગોનો ત્યાગ કરી ભોગને છોડે, વિષયને છોડે, સ્ત્રી કુટુંબને છોડે, ને સંયમના સાધન અંગીકાર કરે, આહાહા! બહારની જે નિવૃત્તિ એ સંયમના સાધન વહેવાર અંગીકાર કરે. પરંતુ પાછળથી મોહવશ તેઓ જ શરીર અને વિષયભોગોમાં પ્રીતિ કરે છે. આહાહા! એની એને ખબર નથી કે મારે શું કરવું'તું ને શું કરું છું અત્યારે? આહાહા! શું કરવા નિવૃત્તિ લીધી? કે વીતરાગતા પ્રાપ્ત કરવા માટે. નિવૃત્તિ લીધી એ શરીરના અનુરાગને રાખવા માટે નહિં. આહાહા! સમજાણું કાંઇ? ઓહોહો!

દિગંબર સંતોની શૈલી ઘણી સહેલી અને સત્યને પ્રસિદ્ધ કરે એવી છે. આહાહા! સમાધિ, સમાધિ છે ને જુઓને આ. વીતરાગ ભાવ એવો ભગવાન આત્મા એનો આશ્રય લેતાં એને સમાધિ શાંતિ થાય (છે). ત્યારે એ એને ગોઠતું નથી કેમ કે આમ પરને આમ રાગની ક્રયા, દયા, વ્રત, ભક્તિ બરાબર એ સાવધાન સાવધાન. આહાહા! ગુરુનો વિનય ઉપકરણ કહ્યું છે પણ એમાં એ સાવધાન થઇ જાય છે. આહાહા! એમ કહે છે એય એમાં એકાકાર થઇ જાય. એ વહેવારમાં એ વહેવારનો રસિયો, એ રાગનો રસિયો પરમાત્મા પ્રત્યે તેને દ્વેષ છે. આહાહા!

વળી તે કેટલાક જીવો, વિષયભોગોનો ત્યાગ કરી, સંયમના સાધન અંગીકાર કરી, આ ત્યાગ - ગ્રહણ પણ પાછી થઇ ગઇ એની એ જ દશા. મોહવશ તેઓ શરીર ને વિષયભોગમાં પ્રીતિ કરે છે. શરીર બહારનો વિષય, વિષય શબ્દે બહારનો વિષય અને બહારનો જે ભોગ રાગ આદિનો એમાં પ્રીતિ કરે છે. આહાહા! કષાય મંદ થાય એનો એને રસ લાગે, વિષયનો અને કષાય મંદતાનો અનુભવ એને શાંતિ લાગે. કેટલાકને મંદકષાય ઘણો હોય ને શાંતિ છે. ભ્રમ છે. સમજાણું કાંઇ? મોહવશ શરીર અને વિષયભોગો

ને પર તરફના વલણમાં પ્રીતિ કરે છે અને સંયમના સાધનો ઉપર દ્વેષ કરે છે. આહાહા! નિર્મળ વીતરાગ પર્યાય એના પ્રત્યે એને દ્વેષ કરે છે. આહાહા!

બાયડી, છોકરા છોડયા. વળી પાછા શિષ્ય, શિષ્યણી ઉપર પ્રેમ ને આ મારા શિષ્યો છે ને આ મારી શિષ્યણી. ઓલા છોકરા તો બે ચાર હતા આ તો હજારો કર્યા પાછા. આહાહા! હા મોટું કુટુંબ. ઓલી દુકાનમાં તો એકલો કામ કરતો કે બે ચાર નોકરે હોય, આ તો એકલો પરમાં પ્રેમ કરે છે. આહાહા! ઘણી પ્રેમના વિષયની ચીજ એને લાગુ પડી ગઇ એમ કહે છે. પ્રેમનો, ખરો પ્રેમનો વિષય તો આત્મા વીતરાગ છે. તથૈવ પ્રીતિ કરું. નથી આવતું? નિર્જરા અધિકારમાં આવે છે. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ત્યાં પ્રીતિ કર. ત્યાં સંતોષ કર. ત્યાં તૃપ્ત થા. ત્યાં તૃપ્તિ પામ. આહા! એને નિર્જરા થાય. આ તો અપવાસ કર્યો શરીર કાંઇ મોળું પડયું, આપણને ધર્મ થયો. એને વીતરાગભાવ પ્રત્યેનો દ્વેષ છે. એ ત્યાં જ રોકાઇ ગયો ને એને ધર્મ માન્યો છે. આહાહા! સમજાણું કાંઇ?

શરીર ઉપકરણો બધા ધર્મના સાધન છે એમ કરીને જે એના પ્રત્યે પ્રેમ કરે છે આહાહા! એને વિકલ્પ વિનાનો, ભગવાન વીતરાગ એવા સ્વભાવને એને રુચતો નથી. આ રુચિમાં આ રુચતો નથી. જેને વહેવારના આચરણનું પોષાણ છે, પોહાણ છે એને વીતરાગભાવનું પોહાણ નથી. આહાહા! શું વાત? ક્યાં લઇ ગયા જુઓ, અહીં રાગ ને દ્વેષનું આવ્યું. ઓલા આનંદઘનજીમાં છે એ કરતાં. અને ઘણે ઠેકાણે એ નાંખે છે ને? ક્રોધાદિ. ક્રોધાદિમાં એમ શબ્દ આવે છે ને ઘણે ઠેકાણે? મૂળ તો ઇ છે ને? ઉત્તમ શાંતિને છોડી દઇને પર પ્રત્યેના રાગમાં, સ્વભાવ પ્રત્યે ક્રોધ કરે છે એમ. સ્વભાવ પ્રત્યે ક્રોધ કરે છે. રાગના વિકલ્પના પ્રેમી એ વીતરાગ સ્વભાવ પ્રત્યે તેને ક્રોધ છે એ ઘણે ઠેકાણે આવે છે. સમયસારમાં કર્તા કર્મ અધિકાર આદિ. આહાહા! એક તો ઉત્તમ ક્ષમા જે આત્માની વીતરાગ દશાવાળી, એ ક્ષમાની એને ખબર નથી, એનો એને પ્રેમ નથી. બહારની આમ ક્ષમાપના થાય બધા સાથે આમ થાય, આમ થાય એવી રાગની ક્રિયામાં એને પ્રેમ લાગી જાય છે. આ તો ખમતખામણાં કર્યા ને આમ કર્યું ને તેમ કર્યું, પણ જ્ઞાતાદષ્ટા એવો ભગવાન આત્મા તેમાં એને ભૂલાઇ જાય છે. આહાહા! હેં? એવી વાત છે.

આવી મોહની આવી વિચિત્ર લીલા છે. આ બધી મોહની લીલા. આહાહા! રાજ છોડે, પાટ છોડે, ભોગ સ્ત્રીઓ છોડે, છતાં વળી શરીર પ્રત્યેના પદાર્થ પ્રત્યે અને એને અનુસરીને થતાં રાગ પ્રત્યે જેને પ્રેમ છે એને તો વીતરાગ ભાવ પ્રત્યે દ્વેષ છે. આહાહા! એ અણગમામાં વીતરાગ ભાવના અણગમામાં વર્તે છે, અને રાગભાવના ગમામાં એટલે

પ્રેમમાં એ વર્તે છે. આહાહા! ક્યાં નાંખ્યું ? વહેવારના આચરણમાં જેને પ્રેમ ને આરૂઢ છે એને વીતરાગ પ્રત્યે અનારૂઢ છે. એટલે દ્વેષ છે. આહાહા! આવા ઉના પાણી પીવા ને એક વખત ખાવું ને બ્રહ્મચર્ય પાળવું ફલાણું ફલાણું એમાં જેને રાગમાં રસ ચડી ગયો છે. આહાહા! એને એ રાગ વિનાની ચીજ જે પોતાની છે એની સૂઝ પડતી નથી, એમાં એનો પ્રેમ જતો નથી. એમાં એનું વલણ કામ કરતું નથી. આંહી વલણના ભાવમાં, આંહી વલણ કામ કરતું નથી. આહાહા! આવું વ્યાખ્યાન ને આવી વાત લોકોને કઠણ પડે.

(**શ્રોતા** : આવા જ વ્યાખ્યાન જોઈએ) આહા! આણે તો કીધું'તું ભઈ આ આપણે છોકરાના નામે આંહી ભાઈઓ આવશે. ઠીક પણ હવે એટલું આવ્યા ને પચ્ચીસ (૨૫)મિનિટ આવ્યાને. આહાહા! એ માર્ગ એવો બાપુ (દુર્લભ). જન્મ મરણ રહિત ચોર્યાશીના અવતારનો સંકેલ ચોર્યાશીના અવતારનો સંકેલ અને અંદર આનંદની શક્તિઓનો ઉકેલ. આહાહા! એ માર્ગ અલૌકિક છે. આહાહા! તેથી પુરુષાર્થ દૃઢ કરી મોહની આવી વિચિત્ર લીલા છે ક્યાં ક્યાં અટકશે ? છોકરા મૂકીને શ્રાવક પ્રત્યેનો રાગ આહાહા! બાયડી મૂકીને શ્રાવિકા પ્રત્યેનો રાગ. આહાહા! કલાક બબ્બે કલાક રાગથી વાતું કરે ત્યારે એને શખ આવે. ભણાવાને નામે પણ રાગને પોષે. આહાહા! આવી વાત છે. હેં ? મોહની આવી વિચિત્ર લીલા. તેથી પુરુષાર્થ દૃઢ કરી જે મોહમાં ન ફસાય તે માટે આચાર્યનો આ શ્લોક દ્વારા ઉપદેશ છે. મોહમાં ન ફસાય ને વીતરાગ ભાવમાં આવે તે માટે આ ઉપદેશ છે.

વિશેષ કહેશે....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

જેને ચૈતન્યનું લક્ષ બંધાણું છે એનું જોર ચૈતન્ય તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે આ જ સ્વભાવ છે - એમ સ્વભાવમાં જ જોર હોવાથી અમે તેને ઓછી ઋદ્ધિવાળો કેમ દેખીએ ? મિથ્યાદ્રષ્ટિ હોવા છતાં તે સમ્યક્ સન્મુખ થઈ ગયો છે, તે સમ્યક્ લેવાનો જ છે.

દ્રષ્ટિનાં નિધાન ૩૯૮.

## પ્રવચન – ૧૦૪

### શ્લોક – ૯૧

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૯.૦૭.૭૫**

तेषां देहे दर्शनव्यापारविपर्यासं दर्शयन्नाह –

**अनन्तरज्ञ संधत्ते दृष्टिं पंगोर्यथाऽन्धके ।**
**संयोगात् दृष्टिमङ्गेऽपि संधत्ते तद्वदात्मनः।।९१।।**

**અજ્ઞ પંગુની દૃષ્ટિને માને અંધામાંય;**
**અભેદજ્ઞ જીવદૃષ્ટિને માને છે તનમાંય. ।।૯૧ ।।**

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

૯૧(એકાણુ) ગાથા - તેમનો દેહમાં દર્શન વ્યાપારનો વિપર્યાસ બતાવીને કહે છે. અજ્ઞાનીને એમ થાય છે કે આ દેહ દેખે છે. આત્મા દેખે છે એ એને ભાન નથી, એને, આંખથી દેખાય છે, કાનથી જણાય છે એમ તે દેહમાં આત્માનો આરોપ કરે છે એ દ્દષ્ટાંત કહે છે.

तेषां देहे दर्शनव्यापारविपर्यासं दर्शयन्नाह –

**अनन्तरज्ञ संधत्ते द्दष्टिं पंगोर्यथाऽन्धके ।**
**संयोगात् द्दष्टिमङ्गेऽपि संधत्ते तद्वदात्मनः ।।९१।।**

**અજ્ઞ પંગુની દ્દષ્ટિને માને અંધામાંય;**
**અભેદજ્ઞ જીવદ્દષ્ટિને માને છે તનમાંય. ।।૯૧ ।।**

**टीका** : अनन्तरज्ञो भेदाग्राहक पुरुषो यथा पङ्गोर्द्दष्टिमन्धके संधत्ते आरोपयति । कस्मात् संयोगात् पंग्वन्ध्योः संबंधमाश्रित्य । तद्वत् तथा देहात्मनोः संयोगादात्मनो द्दष्टिमंगेऽपि संधत्ते अंगं (गः) पश्यतीति (मन्यते) मोहाभिभूतो बहिरात्मा ।।९१।।

તેમનો દેહમાં દર્શન-વ્યાપારનો વિપર્યાસ (વિપરીતતા) બતાવીને કહે છે :–

**અન્વયાર્થ** : (अनन्तरज्ञः) તફાવતને-ભેદને નહિં જાણનાર પુરુષ (यथा) જેમ (संयोगात्) સંયોગના કારણે ભ્રમમાં પડી (पंगोः द्दष्टिं) લંગડાની દ્દષ્ટિને (अन्धके) અંધ પુરુષમાં (संधत्ते) આરોપે છે, (तद्वत्) તેમ (आत्मनः द्दष्टिं) આત્માની દ્દષ્ટિને (अङ्गे अपि) શરીરમાં પણ(संधत्ते) આરોપે છે.

**ટીકા** : અંતરને (ભેદને) નહિં જાણનાર-ભેદને ગ્રહણ નહિં કરનાર પુરુષ, જેમ લંગડાની દ્દષ્ટિને અંધ પુરુષમાં જોડે છે - આરોપે છે, શાથી ? સંયોગથી અર્થાત્ લંગડા અને અંધપુરુષના સંબંધનો આશ્રય કરીને, તેમ દેહ અને આત્માના સંયોગને લીધે, આત્માની દ્દષ્ટિને શરીરમાં પણ આરોપે છે, અર્થાત્ મોહાભિભૂત બહિરાત્મા માને છે કે 'શરીર દેખે છે'.

**ભાવાર્થ** : શરીર અને આત્માના સંયોગ-સંબંધને લીધે અજ્ઞાનીને ભ્રમ થાય છે કે શરીરની ક્રિયા જીવ કરે છે. આચાર્ય આ વાત દ્દષ્ટાંતથી સમજાવે છે. અંધ, લંગડાને ખભા ઉપર બેસાડી રસ્તે જઇ રહ્યો છે. ઠીક રસ્તે જવા માટે લંગડો અંધાને ઇશારો કરે છે. લંગડા-આંધળાનું - બન્નેનું સંયોગરૂપ જોડું છે. માર્ગે ચાલવામાં લંગડાની દ્દષ્ટિ અને આંધળાના પગ કામ કરે છે. આ બન્નેની સંયુક્ત ગતિનો ભેદ નહિં જાણનાર કોઇ મંદ દ્દષ્ટિવાળો

પુરુષ એમ સમજે છે કે આ અંધો જ સાવધાનીપૂર્વક જોઇને ચાલી રહ્યો છે, પણ તેનો એ ભ્રમ છે; તેવી રીતે આત્મા અને શરીરના સંયોગ સંબંધનો ભેદ નહિં જાણનાર બહિરાત્મા શરીરની ક્રિયાને આત્માની ક્રિયા સમજે છે અર્થાત્ શરીરને જ આત્મા માને છે. એ તેનો તેવો જ ભ્રમ છે.

**વિશેષ**

જેમ આંધળાની ગતિમાં લંગડાની દૃષ્ટિ નિમિત્તમાત્ર છે - અર્થાત્ જેમ એ ગતિ અને દૃષ્ટિ વચ્ચે કર્તાકર્મ સંબંધ નથી પણ માત્ર નિમિત્ત-નૈમિતિક સંબંધ છે - તેમ શરીરની ગતિનો આત્મા કર્તા નથી. બન્ને વચ્ચે કોઇ વખતે માત્ર નિમિત્ત-નૈમિતિક સંબંધ હોય છે, પરંતુ કર્તાકર્મ સંબંધ હોતો નથી. અજ્ઞાનીને સંયોગ-સંબંધને લીધે બન્નેના એકપણાનો ભ્રમ થઇ જાય છે અને તેથી તે શરીર અને આત્માને એક ગણી શરીરની ક્રિયા જીવ કરે છે એમ માને છે.

નિમિત્ત હોવા છતાં, નિમિત્તથી નિરપેક્ષ ઉપાદાનનું પરિણમન હોય છે.[૧] ૯૧

---

## પ્રવચન – ૧૦૪

**ટીકા** : આત્માને શરીર ને ભેદ ન જાણનાર, અંતરને ભેદ નહિં જાણનાર, ભગવાન આત્મા એ તો જાણનાર દેખનાર છે. આ દેહ છે એ જાણનાર દેખનાર છે તો દેહ તો આમ અંધ છે આહાહા! (**શ્રોતા** : મગજમાં એ તો મગજ જેનું ચોખ્ખુ હોય) મગજ ચોખ્ખાપોખા મગજની હારે શું સંબંધ છે? એય! આ સુમનભાઇનું મગજ ચોખ્ખુ હશે તે આઠ હજારનો પગાર મળે છે? (એમ કહેવાય) કહેવાય, એ તો જ્ઞાનનો ક્ષયોપશમ છે, એ તો જીવમાં છે. અને કામ દેહથી ચાલે છે ઇ તો આંધળો જેમ હાલે, પાંગળો માથે બેઠો હોય એ આંખથી દેખે. પંગુ સમજે પંગુ. એ આંધળા ઉપર બેઠો હોય, આંખ્યુ એની છે, હાલે છે આ ક્રિયા આની છે, પણ અજ્ઞાનીને એમ થઇ જાય છે કે આંધળો પોતે હાલે છે દેખીને. આહાહા! કેમ કે આત્મા તો જ્ઞાન સ્વરૂપ છે. એ જ્ઞાનથી જાણે ખરો પણ દેહ અને જ્ઞાનની પર્યાયને નિમિત્ત - નિમિત્ત સંબંધ એટલે કે જ્ઞાન જાણે અને દેહની ક્રિયા એમાં એ જ્ઞાનનું જાણવું

---

૧. वज्झ कारण निरपेक्खो वत्थु परिणमो ।
વસ્તુનું પરિણમન બાહ્ય કારણથી નિરપેક્ષ હોય છે. (જુઓ - જયધવલ - પેરા ૨૪૪, પૃ. ૧૧૭, પુસ્તક ૭)

નિમિત્ત છે.નિમિત્ત એટલે કે એ કરે નહિં કાંઇ એનું. આહાહા ! આંખ્યુંથી આમ જોવા માંગે છે. આ આંખ્યું ક્યાં આ તો જડ છે. આ તો આંધળુ છે આ તો. દેખતો તો આત્મા છે અંદર. આંધળા ઉપર પાંગળો બેઠો હોય અને આ પાંગળો એને ચીંધે એથી એને એમ લાગે છે કે આંધળો જ હાલે છે આ દેખીને. દેખનારો તો અંદર પાંગળો ઉભો છે. હાલનારો પાંગળો નથી, હાલનારો આંધળો છે. હાલનારાને પગ છે ને ! આહાહા !

અંતરનાં શરીર અને આત્માનો ભેદ નહિં જાણનાર, ભેદ ને ગ્રહણ નહિં કરનાર પુરુષ, જેમ લંગડાની દૃષ્ટિને અંધ પુરુષમાં જોડે છે. લંગડો માથે બેઠો છે, આંધળો હાલે છે, એટલે જાણે કે એ લંગડાની દૃષ્ટિ છે એ આની, આની છે. એ આંધળો દેખતો દેખતો હાલે છે એમ અજ્ઞાનીને થઇ જાય છે. આહાહા ! એ લંગડાની દૃષ્ટિને અંધ પુરુષમાં જોડે છે, આરોપે છે. શાથી ? સંયોગથી. જ્ઞાનનું જાણવું અને શરીરનું હાલવું એ બેનો સંયોગ છે નિમિત્ત - નિમિત્ત સંબંધ છે પણ એ નિમિત્ત જ્ઞાન છે, એ શરીરને હલવે એમ નથી. આહાહા ! એક જણો કહેતો'તો સચેતી શરીર ઈ જે શરીર જ જ્યાં જવું હોય ત્યાં જાય છે એટલી શરીરમાં તાકાત છે, આત્મામાં નહિં એવું છાપામાં આવ્યું'તું આહાહા ! એમ કે જ્યાં લઇ જવું હોય ત્યાં શરીર પોતે સચેત છે ને એમ. આંય પગ મૂકવો હોય તો ન્યાં જ મૂકે, આમ મૂકવો હોય તો આમ મૂકે, ઉંચે મૂકવો હોય તો ઉંચે મૂકે, નીચે મૂકવો હોય તો નીચે મૂકે.

(શ્રોતા :...) ધૂળેય નથી. આહાહા ! (શ્રોતા :...) અહીંયા તો એ વાત આંહી છે આંહી તો દેખાડે છે કે લંગડાની દૃષ્ટિને આંધળામાં આરોપે છે. એમ ભગવાન જ્ઞાનની દૃષ્ટિને શરીરમાં આરોપે છે અજ્ઞાની. શરીર જાણે જાણીને કામ કરતું હોય એમ. બરાબર હાથ ત્યાં જાય રોટલી વખતે, શાક વખતે, આ વખતે, પગ ઉપાડવા વખતે, પગ હેઠે મૂકવા વખતે, પગ આમ ઉતાવળા લેવા વખતે, પગ હળવે લેવા મૂકતે, એ પગની ક્રિયા જાણનાર દેહ, ઈ જાણીને એવી ક્રિયા કરે છે એમ માને છે. સમજાણું કાંઇ ? આહાહા !

'પરમાત્મ પ્રકાશ'માંથી એક લીધી છે ઓલું, ધર્મ, અર્થ ને કામ આવે છે ને ? ત્રણ બોલ. ત્યાં તો એને લીધું છે કે ધર્મ એટલે મુનિપણાનું આચરણ જે છે ઈ. એ પુણ્ય છે, એ હેય છે એ ધર્મ નહિં. ધર્મ છે ને ? ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસો આ ધૂળ આદિ. શેઠ ! આ પૈસો તમારો બધો. (શ્રોતા : એના વિના હાલે નહિં) એના વિના જ હાલે છે. એ બુંદેલખંડના બધા (બાદશાહ) બાદશાહ, એ તો એની આ નરમાશ દેખાય, બાકી ત્યાં તો મોટી આખી લાઇન ભરી છે તમાકુથી. ઓલી શું કહેવાય એ એના મકાન ને

ઘરે ૬૦ (સાઠ) - ૬૦ (સાઠ) તો મોટરું. મોટરનું શું કહેવાય સુધારવાનું ઘરે. શું કહેવાય શેઠ ? રીપેરીંગ કરવાનું, ઘરે છે ને (ઘરે છે) ઘરે છે ને ? ત્યાં અમારો ઓલો હતો ને ઇ ત્યાં કરાવતો'તો, ઇ કાંઇ ગોટો વાળ્યો હશે કાંઇ બહાર. ઇ તો બહારની ચીજો છે, એ જડની સંપદાઓ છે, એ આત્માની નહિં. આહાહા !

આત્મા જાણે અને જ્યાં ઘા મારવો હોય ત્યાં આ, આ હાથ આમ પડે હથોડી, ઇ શાક, શાકને મોરવું હોય તો આમ, આમ ઇ જાણે કે એ ઓલું શરીર જાણીને આવું કામ કરે છે. કારણ, બરાબર શાકનું મોરવું એવું થાય, રોટલીનો ટૂકડો એવો થાય. કલમ કલમ સીસપેન આમ ફેરવતો જાય ને ઓલ્યો હરખી (સરખી) અણી કાઢવી હોય તો હા એ ડીઝાઇન. એટલે ઇ ક્રિયા જડના ખ્યાલથી આ ક્રિયા કરે છે એમ અજ્ઞાનીનું ભાસવું છે. કેમ બરાબર ? આમ સિસપેન હરખી કરવી હોય તો આમ વાળતો જાય, આમ કરતો જાય, પાતળી કરતો જાય કલમ પણ ઇ તો આંધળાની ક્રિયા છે. આહાહા ! અંદર દેખનારો તો જાણે છે. જાણે ઇ નિમિત્ત છે અને આ ક્રિયા થાય છે તે નૈમિત્તિક છે. એવા સંબંધને લઇને અજ્ઞાનીને, નિમિત્ત એનો કર્તા છે, એ શરીર એનો કર્તા છે, શરીર એનો કર્તા છે એમ ન માનતા આ જાણનાર એનો કર્તા છે. કારણકે ઇ જાણીને કામ એવું જ બરાબર કરે છે લ્યો. રોટલીનું બટકું આવ્યું ને અંદર કંઇક કાંકરી આવી ગઇ તો ફટ જીવ અંદર તારવીને આમ કાઢી નાંખે લ્યો. હવે ઇ ઇ ખબર તો જ્ઞાન ને છે. ક્રિયા થાય છે જડની પણ એ જડને પણ ખ્યાલ છે, માટે આમ આ તારવે છે એમ અજ્ઞાનીને ભાસે છે. સમજાણું કાંઇ ? આહાહા !

ચોપડાનું નામું કાઢવું હોય તો ફટ ફટ ફટ આ પાનું ફેરવે છે લ્યો છે તો એ જડની ક્રિયા. આમથી આમ, આમથી આમ, ને જેનું પોતાનું કાઢવું હોય તે કાઢે ત્યારે ઇ ખ્યાલવાળો છે માટે આ ક્રિયા આવી આનામાં થાય છે ને ? (**શ્રોતા** : ખ્યાલ છે માટે ક્રિયા થાય છે) એમ નથી. ઇ આંધળું છે આ શરીર, ભગવાન જાણનાર છે ઇ આંધળા ઉપર લંગડો ચઢયો છે. પગ છે આંધળાના, આંખ્યું છે એની પણ એ આંખ્યું દેહમાં લગાડી દે છે પેલા આંધળામાં લગાડી દે છે એમ આ શરીરમાં. બરાબર જાણવાનું કામ કરે છે એ રીતે. આહાહા ! (**શ્રોતા** : પણ હાલવું હોય તો હાલે કાંઇ શરીર બેસે થોડો છે.) પણ ઇ હાલવાનું થયું ઇ તો જડની ક્રિયા થઇ. જ્ઞાને જાણ્યું કે હાલવાનું છે આમ જાણ્યું, જાણ્યું, જાણ્યું માટે હાલવાની ક્રિયા થઇ એમ નથી. આહાહા !

ભારે ભાઇ ! ઇ તો સવારમાં આવ્યું'તું ને ? લૌકિક સાધન માત્ર નથી.

આહાહા! ભગવાન તો જ્ઞાન સ્વરૂપ છે. આહાહા! એ તો પુણ્યની ક્રિયાઓના ભાવથી પણ જણાય એવો નથી. પુણ્યની ક્રિયા એ આંધળી છે. જેમ શરીર આંધળું છે આ. અંધ છે આ જડને ક્યાં ભાન છે અંદર? આ જીભને, આંખને ભાન છે? આ તો જડ છે. એમ રાગ, દયા, દાન, વ્રત આદિના આચરણનો રાગ એ આંધળો છે. આરે! એ પણ ખરેખર અચેતન છે. ચેતન તો જ્ઞાન છે, તે જ્ઞાન સ્વરૂપી ભગવાન આત્મા. ઈ જાણવાનું કામ કરે અને એવી ક્રિયામાં નૈમિત્તિક ક્રિયા એનાથી થાય, એને જ્ઞાન નિમિત્ત કહેવાય. પણ નિમિત્ત કહેવાય માટે જ્ઞાને જાણ્યું માટે ન્યાં ક્રિયા એને કારણે, એને આને કારણે થઈ એમ નથી.

ચીમનભાઈ! આ બધા આમ કરો છો ને હું કહેવાય તમારે? મકાનો બકાનો લેને આને તે, એને શું કહેવાય એ? કોન્ટ્રેક્ટર, કોન્ટ્રેક્ટર - ઈજનેર. એ બધા જાણપણા વિના થતા હશે, દેહની ક્રિયા બધી? સુમનભાઈ! આ પેટ્રોલનું કામ કરે છે લ્યો. મેલ કાઢવાની ક્રિયા કરે. આમ કરવું, આમ કરવું, આમ કરવું. ભાષા એવી નીકળે. ન્યાં ક્રિયા આંહી આ તો જાણનાર છે પણ જાણનારને ભાષામાં આરોપે છે કે ભાષા જાણીને જ બરાબર એવી ભાષા નીકળે છે. એય એવી જ કેમ ભાષા નીકળે છે? જે એને કહેવા માંગવુ છે જ્ઞાનમાં, એવી ભાષા થાય છે. માટે ભાષામાં આંધળું નથી, ભાષા જાણીને નીકળે છે એમ નથી. આહાહા! ભારે નિમિત્ત નિમિત્ત સંબંધ. નિમિત્ત - નિમિત્ત સંબંધને એ કર્તા કર્મ સંબંધમાં લગાડી દે છે. આહાહા! સમજાણું કાંઇ?

લંગડા અને અંધ પુરુષના સંબંધનો આશ્રય કરીને, લંગડો બેઠો છે માથે, આંધળો હાલે છે તેમ દેહ અને આત્માના સંયોગને લીધે, દેહ છે તે આંધળું છે આત્મા છે તે પાંગળો છે. હાલવાની ક્રિયા માટે એ પાંગળો છે. દેખવાના કારણ માટે એ જાગતો છે. આહાહા! આત્મા હાલવાની ક્રિયા માટે પાંગળો છે (**શ્રોતા** : આત્મા પગ વગરનો છે) પગ નથી, શરીર નથી, એની ક્રિયાએ નથી એનામાં. આહાહા! એવું છે. બરાબર શરીરને આમ જાણે ને, છે પાંગળો આત્મા પણ એના ખ્યાલમાં આવે જ્ઞાન. અહિંયા શરીર હાલે એટલે જાણે ઈ શરીરને જ ખ્યાલમાં હોય માટે શરીર હાલે છે. આહાહા! એવો જ્ઞાનનો સ્વભાવ આંહી, ત્યાં દેહની ક્રિયામાં ભાષામાં આરોપ કરે છે. આહાહા! જેવું કહેવા માંગે એવી ભાષા આવે, ત્યારે કંઇ ભાષામાં શક્તિ હશે કે નહિં જાણવાની? આહાહા! આંધળો ભારી.

(**શ્રોતા** :... ) આહાહા! આ બધી આંધળાની ક્રિયાઓ છે. હાલવું, ચાલવું,બોલવું, આ જડ માટી, એમાં આત્મા તો પાંગળો છે. હાલવા માટે પાંગળો છે, દેખવા માટે જાણનાર છે. ક્યાં લગી આ વાતને સમજવું? કેવી રીતે સમજવું? સમાધિ ન

માનતા અસમાધિ એને થાય છે. શરીરની ક્રિયા જેવી જોઈએ, જ્ઞાનમાં જાણે કે આમ થવું જોઈએ શરીરમાં તો એજ રીતે શરીરમાં થાય. માટે જાણે શરીરમાં એ જાતનો ખ્યાલ હશે? ખ્યાલ કરનાર તો ભગવાન જુદી ચીજ છે. (**શ્રોતા** : જુદી ચીજ છે) અને ક્રિયા થનારી ચીજ છે એ જડની જુદી ચીજ છે. આહાહા! કહો. ગાલને ફૂલાવવા, ઊંચા કરવા, આમ કરવું થાય છે ને લ્યો. આ હોઠ લ્યો. એવી ક્રિયા કંઈક ખ્યાલમાં રહે કે મારે આવું કરવું છે ત્યારે થાય છે કે નહિં?

(**શ્રોતા** : ઈ ખ્યાલમાં રહે ત્યારે થાય પણ તે આના લીધે છે આ બધું) એ ક્રિયા જડની, આંધળાની છે. એ તો આંધળા છે આ, જડ એની ક્રિયા છે. આત્મા તો જાણનાર ભિન્ન છે. જાણનારને લઈને આ ક્રિયા છે એમ ન જુઓ. આમાં નિમિત્તને ઉડાડી કેવી દીધું છે. હવે નિમિત્તના એવા દોકડા નાંખે છે માળા. આહાહા! લંગડો લાકડીને લઈને હાલે છે કે નહિં? થોડોક આંધળો હોય, સાધારણ આંધળો હોય તો લાકડી બહુ રાખેને, સાધારણ હોય તો. આંખ્યુ હોય તો પણ રાખેને જરીક અવસ્થા થાયને ૫૦ (પચાસ) ૬૦ (સાઈઠ) એટલે પછી વળી લાકડી આમ આમ હલાવતો જાય આમ, હાથમાં ઊંચુ રાખીને ઊંચી રાખી ને, છે ને ઈ? હવે હોય છે ને હેં? લાકડી હાથમાં હોય. કોઈ વખતે અડાડે છે. તો ઈ ક્રિયાઓ બધી અડાડવું હોય ત્યારે અડે, અને અડાડવું ન હોય ત્યારે આમ આમ થાય લ્યો. એ ક્રિયામાં કાંઈ શક્તિ હશે કે નહિં જાણવાની? આરે! આ તો એ રીતે વ્યવસ્થિત ક્રિયા કેમ થાય તો પણ?

એક સમયનો પર્યાય જ એનો જડનો, આંધળાનો એ પર્યાયની એની જનમક્ષણ છે. એ જડની પર્યાયનો ઉત્પાદનો જનમક્ષણ છે, ઉત્પત્તિનો તે કાળ છે. આણે જાણ્યું માટે આમ થાય છે એમ નથી. આહાહા! આ શાસ્ત્ર બનાવવાનો ભાવ હોય લ્યો એ પ્રમાણે શાસ્ત્રના અર્થ થાય, ટીકા થાય. 'વંદિત્તુ સવ્વ સિદ્ધે' ખ્યાલમાં આવ્યો તો શબ્દ એનો અર્થ કેવો કરે સર્વ સિદ્ધોને વાંદીને હવે ઈ ક્રિયા થાય છે, ઈ કહે છે કે જાણનારની ક્રિયા એમાં આવે છે. જાણનાર એમાં ન આવતો હોય તો એવી ક્રિયા એવા એવાજ શબ્દનો અર્થ એવો જ કેમ થાય? એય. આહાહા! શું આ હશે તમારું આંહી ગીરધરભાઈ! આ બધા કાર્યકર્તાઓને શું હશે આ બધું? આહાહા!

(**શ્રોતા** : માન્યતાઓ) કે આજ ભાઈ મોટરમાં લૂગડાં નાંખીને ગરીબોને ગામડામાં કાપડ દેવા જાવું છે લ્યો. અને થોડાક અનાજ પણ ભેગું લઈ લ્યો, બહુ ગરીબ હોય એને અનાજ દેશું. હવે ખ્યાલમાં એવું આવ્યું અને ઈ ક્રિયા એ પ્રમાણે થાય છે લ્યો.

મોટર ને કપડાં ને અનાજ એમાં જઈને ગામડામાં ઉભા રહે, ભેગા થાય માણસો બિચારા, ગરીબ હોય એને અનાજ કપડું આપે, સાધારણ માણસને ઓલું આપે ને કપડું આપે એવું કંઇ. શું હશે આ બધું ? આંધળો કરતો હશે ? આંધળાને એની વ્યવસ્થિતિની ક્રિયાનું જ્ઞાન ન હોય અને આંધળો કરે ? વ્યવસ્થિતિનું જ્ઞાન તો આત્માને છે. ચીમનભાઇ ! આવી વાતું છે ભાઇ. આહાહા ! એને જડ અને ચૈતન્યની ભિન્નતાની ખબર નથી. ભિન્ન ભગવાન જાણનાર છે અને ભિન્ન ક્રિયા જડની છે. આહાહા !

આત્માના અને દેહના સંયોગને લીધે, આત્માની દૃષ્ટિને શરીરમાં પણ આરોપે છે એમ. છે દૃષ્ટિ આત્માની એમાં તો રાખે ને, આ તો શરીરમાં પણ આરોપે છે. આહાહા ! બધું લખ્યું છે હોં 'પરમાત્મ પ્રકાશ'માં બધું આ એમ કે ટીકા શાસ્ત્ર કરે એ બધી વાત લીધી છે કે એ આત્મા એનો કર્તા નથી. આહાહા ! (શ્રોતા : કર્તા) હેં ? કર્તા શી રીતે ? એ તો નિમિત્તની વાત છે. નિમિત્તથી ઓળખાવે છે કે આ કુંદકુંદઆચાર્યનું કરેલું, કોણ નિમિત્ત હતું એણે એ જણાવ્યું, બાકી ખ્યાલમાં આવ્યું કે આ ગાથાનો આમ અર્થ અને સ્પષ્ટીકરણ થવું જોઇએ ટીકાનું. તો એ ટીકા થઇ ઇ તો આંધળા રજકણે કરી છે. ઓહોહો ! બહુ મારગ. જીવ ન્યાં દેખાણો, ખ્યાલમાં આવ્યો પગ ત્યાં ન પડવો જોઇએ, પગ પાધરો અધ્ધર રહેશે લ્યો. ઇ ખ્યાલમાં આવ્યો કે આ જીવ નીચે છે માટે પગ અધ્ધર રહ્યો ? આહાહા ! એમ છે નહિં. આ ભારે કામ બાપુ. આહાહા !

વીતરાગ મારગ ! જડ ને ચૈતન્યની ભિન્નતા, એને જાણ્યા વિના. મોટર આમ ચાલતી હોય લ્યો. ત્યાં હામે(સામે) ગાય આવી, ફટ મોટરને આમ કરવી પડે. અથડાઇ ન જાય. હેઠે એક હરણીયું આવ્યું. દિવસે હોય તો દેખાય રાતે તો ન દેખાય. ઓલું ધીમું પડી ગયું. ખ્યાલમાં આવ્યું માટે ધીમી પડી ગઇ ? અને ખ્યાલમાં આવ્યું માટે આમ ફરી ગઇ ? અરે ! આ તે શું વાત છે ? (શ્રોતા : લગતા તો ઐસા હી હૈ) ક્યા લગતા હૈ ? આંધળાના ઉપર લંગડો બેઠો. અને લંગડાની આંખ્યું ને આંધળાના પગ. હવે એ લંગડાની આંખ્યું એણે પગ ચલાવ્યા છે ? મારગ બાપુ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, બહુ જુદો મારગ છે. અત્યારે તો બધુ ગરબડ હાલે(ચાલે) છે મોટી. હેં ? આહાહા ! આ મંદિરમાં જેવો રંગ પૂરવો હોય એવો રંગ પૂરે લ્યો. જુઓ આ શું કર્યું જુઓ હામે(સામે) ? આંહી સોનાનો પૂરવો, આંહી ચારે કોર ઓલી કરવી આ જુઓ ભગવાને કહ્યું.

(શ્રોતા : ભગવાને કહ્યાં એ શ્લોકો લખવા) હાં. આ શ્લોક ઓળખવા અને દેખાવા માટે એની શું કહેવાય ઇ લીટી, લીટી (શ્રોતા : કિનારી) કિનારી. ઇ કિનારી

આવી કરવી. હવે ખ્યાલમાં આવ્યું એ પ્રમાણે કિનારી ત્યાં થાય છે એટલે જાણનારે કિનારી કરી ? ભારે વાતું. અહિં આ વજુભાઈએ કર્યું છે બધું દેખાડવા, સારું દેખાડવા હાટુ કે આ ચારે કોર કિનારી કરો હારું દેખાશે લ્યો. એય ! ક્યાં ગ્યાં વજુભાઈ ? લ્યો આવી વાત કેવી છે આ ? ભગવાન ત્રિલોકનાથ એમ કહે છે, કે અજીવ અને જીવની ક્રિયા સમય સમયની તદ્દન ભિન્ન છે. એ જડની ક્રિયામાં આત્મા જાણનાર ખરો, પણ જાણનાર માટે તે ક્રિયા થઈ છે, આત્માએ કરી છે. આહાહા ! ભારે આકરું કામ.

(શ્રોતા : આ વાત અત્યારે જાણે છે લોકો આમ થાય છે) (શ્રોતા : આય નથી જાણતો) મરી જાય છે આમાં. (**શ્રોતા** :...) ઈ તો શેઠિયા છે ને વળી. કાર્યકર્તા બેય છે ને આ હારે ગામમાં શેઠિયા છે ત્યાં વિશાશ્રીમાળી. (**શ્રોતા** : શેઠિયાની પેઢી દર પેઢી) આંહી પેઢી દર પેઢી. મોટું ઘર વિશાશ્રીમાળીમાં મોટુ ઘર વળી પાછા કાર્યકર્તા નીકળ્યા એમાંથી એટલે ડબ્બલ ગોઠયું. આહાહા ! અરે પ્રભુ ! કહે છે કે આ જડ માટી શરીર આ વાણી જડ, ક્રિયા લખવાની, વાંચવાની, બોલવાની, આ મકાન થવાની, ભાષા નીકળવાની એ ક્રિયા બધી આંધળાએ, જડે કરી છે. આહાહા ! કેમ હશે પ્રેમચંદભાઈ ? પણ કાપડ જે બતાવવું હોય એ બતાવે લ્યો. લ્યો, અટલસ નથી આ પાટલા થાતા. હું (શું) કહેવાય ઈ ? કાપડ નહિં (ધડેધડ સરખી) હેં ? (ઘડેઘડ સરખી) ઘડેઘડ સરખી. આ હરખું (સરખું) હોય તો એને આવડે ઈ કરી શકે. બીજાને બેસાડો તો કાંઈક નું કાંઈક છૂટું કર્યું હોય પણ પાછુ કેમ બેસાડવું. ઓલું અટલસમાં નથી પાટા ઘડ બેસાડવી.

એય ચીમનભાઈ ! તમારે તો બહુ આ મકાન બકાન કરવાનું હોય છે. આહાહા ! (મકાનના મોટા કોન્ટ્રાક્ટર છે) કોન્ટ્રાક્ટર (**શ્રોતા** :...) જડના કોન્ટ્રાક્ટર છે. આવા પૈસા પેદા થાય લાખો, એટલે હોંશિયાર માણસે આ કારીગરે કામ કર્યું એમ ન્યાં કહે. ઈ કહે છે કે દેખતાની આંખો આંધળામાં આરોપે છે. જાણનારની આંખ્યું દેહની ક્રિયામાં આરોપે છે. એમ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર દેવ, શરીર અને વાણીની ક્રિયાથી ભગવાનનું જ્ઞાન આત્માનું ભિન્ન છે, એમ એ જાણતો (**શ્રોતા** : નથી) બહિરાત્મા મૂંઢ છે. આહાહા ! (**શ્રોતા** : અત્યારે મિથ્યાત્વ બહુ વધી ગયું છે) આખો વર્ગ જ ઈ છે. પૂજા વખતે પણ બરાબર ચોખા કે આ પીળા ચોખા હોય કે આ ટોપરું પીળું કરે (ફૂલ ફૂલ) અને ફૂલ લ્યો. સ્વાહા ! સ્વાહા ! કહે છે કે ઈ ક્રિયા તો આંધળાની જડની છે. જાણનાર તો જાણે છે આત્મા કે આ થાય છે. આહાહા ! ભારે કામ બાપા ! સૂક્ષ્મ શલ્યની એને ખબર નથી. એમ ને એમ જીંદગીયું ગાળી કેટલે. જીવ ને અજીવ બે ભિન્ન એ બોલે ખરો પણ માનવામાં પાછા ગોટા ઉઠાવે. આહાહા ! (**શ્રોતા** : નિમિત્ત તો થઈએ ?) એનો અર્થ જ શું ? નિમિત્ત

એટલે કે જે ક્રિયા એનાથી સ્વતંત્ર થાય છે ત્યારે આ નિમિત્તની ઉપસ્થિતિને જાણનાર નિમિત્ત કહેવામાં આવે છે. એનાથી થઇ છે તો એ નિમિત્ત ક્યાં રહ્યું ? એ કહેશે. આંહી ખુલાસો કરશે. આહાહા !

મોહાદિક રૂપ બહિરાત્મા. મોહમાં ઘેરાયેલા બહિરાત્મા એ બાહ્યની ક્રિયા આત્મા કરે છે અને જાણનાર છે એ વિચિક્ષણ છે. કો આ તમે આ બેય રહ્યા. એક એ ને એક આ તમારો. ચીમનભાઇ જોડે અને તમે એના કામમા ને આ તેલમાં. તે વિના પગાર આપતા હશે ૮૦૦૦ (આઠ હજાર)નો મહિને હુંશિયારી વિના ? એય તેલનું શું કહેવાય ? મેલ કાઢે ને મેલ ? કૂચો એને ન્યાં છે ને ? હોં. એને શું કહેવાય ઓલા (રીફાયનરી, તેલની શુદ્ધિ) શુદ્ધિ એના ઓફિસર છે. મફતના આપતા હશે ? ૮૦૦૦ (આઠ હજાર)નો પગાર છે મહિને એને. આ રામજી ભાઇના દીકરા છે. (કોણ કેનો દીકરો ?) તે વિના ભણાવ્યા એને આટલા પૈસા ખર્ચીને ૩૫૦૦૦ (પાંત્રીસ હજાર) અમેરીકામાં ? (એના ભાગના હતા) એ વખતે એમ નહોતું (**શ્રોતા** : પણ હતું તે વખતે હતું એ માન્યતા હતી) માનતા'તા. પણ એ વખતે એવી માન્યતા નહોતી. (**શ્રોતા** : હતુ તો એ વખતે એ એમ જ જેમ આજ છે) એય માનતા. આ તો અમે ભણાવ્યા છે, અમે એને હુંશિયાર કર્યા ભણાવીને. આહાહા ! એની ક્રિયા ભણવાની તો એનાથી એનામાં થઇ જાણનાર જાણે કે થઇ, પણ એ કહે કે મારાથી આ થઇને મેં આને હુંશિયાર કર્યો.

ભગવાન કહે છે કે ભ્રમમાં પડયો તું. તારી શ્રદ્ધામાં ભ્રમણા છે તને. ભલે તારું આચરણ ગમે ઇ રાગની મંદતાનું, પૂજા, દયા, ભક્તિનું હોય પણ ભ્રમણામાં તારી મિથ્યાત્વના શલ્યમાં, એ ક્રિયા મારાથી થાય છે એ માન્યતા મિથ્યાત્વને પોષે છે. આહાહા ! ભારે મારગ બાપુ ! આવો કઠણ ભારે. હેં ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એવો મારગ ક્યાંય નથી, ક્યાંય બીજે આ સિવાય. એની માલમાં આવી ઝીણવટ એટલે એના માનનારા પણ પાછું ઊંધા માને અમે જૈન છીએ, અમે આમ કરીએ, અમે આમ કરીએ ને આમ કરીએ. આહાહા ! આ પાઠશાળાઓ ભણાવીએ કહો. જાદવજીભાઇ ગ્યા ? મૂકવા ગ્યા હશે. (**શ્રોતા** :...) હેં ? મૂકવા ગ્યા.

**ભાવાર્થ** : બહિરાત્મા માને છે કે શરીર દેખે છે એમ છે ને ? શરીરમાં એવી એક જાણવાની શક્તિ છે એથી વ્યવસ્થિત કામ શરીર કરે છે. કાંતિભાઇ ! તમારા આ બધા પ્લેનમાં કેવા કામ કરે છે લ્યો. હેં ? (એરોપ્લેનમાં હેડ હતા) ટોપી પહેરતા કાંતિભાઇ, ૧૫૦૦ (પંદરસો)નો પગાર માસિક, પ્લેનમાં હતા. છોડી દીધું. નોકરી છોડી દીધી. બે વર્ષથી.

૧,૫૦૦ (દોઢહજાર)નો પગાર હતો. ત્યાં અમે પ્લેનમાં જતા ને ત્યારે બધું કામ કામ ઈ આવતા. ટીકીટ બીકીટ, ફલાણું, ઢીંકણું બેહાડવા પ્લેનમાં. ઈ બધી ક્રિયા કરતા હશે કે નહિં ? (શ્રોતા : આપણે આપસમાં કરતા) આહાહા ! કાંઈ શું કરે બાપુ ? તને ખબર નથી ભાઈ ! ભગવાન આત્મા તું શરીરની ક્રિયા માટે પાંગળો છે. પરની ક્રિયા માટે આત્મા પાંગળો છે અને પરની ક્રિયા જે જડની થાય એ બધા જડ આંધળા છે. આહાહા ! ભારે કામ આ તો. એ તો આંધળા, પણ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ, શુભભાવ એ આંધળા છે. આહાહા ! ભારે બાપુ આકરી વાત. કેમ કે એ રાગ છે, એ રાગ આંધળો છે. રાગ જાણતો નથી. જ્ઞાન જાણે કે આ રાગ થ્યો, પણ રાગની ક્રિયા એ જ્ઞાનની ક્રિયા છે એમ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? એવો મારગ બાપુ.

અત્યારે તો ગરબડ એવી ચાલી છે કે આ વાત સાંભળનારને તો એવું લાગે કે આહા ! આ વળી નવો પંથ ક્યાંથી કાઢયો ? એય ! નવો નથી ભાઈ, વીતરાગ મારગનો અનાદિ સનાતન સત્ય પંથ આ છે. સમજાણું કાંઈ ? તમને મળ્યો ન હોય સાંભળવા એટલે કાંઈ નવો કહેવાય ? (શ્રોતા : નહિં, નહિં) આહાહા ! મીંદડીના બચ્ચાને ઓગણપચાસ (૪૯) દિ' એ આંખ્યુ આવે ત્યારે આ દુનિયાને દેખે આંખથી એટલે કે ઓહોહો ! આ દુનિયા તો નવી થઈ લાગે છે. તને જણાણું, એટલે ન્યાં તો નવી નથી, ઈ તો છે ઈ છે. તને જાણવામાં આવ્યું કે અત્યારે આંખ્યું ઉઘાડયા પછી કે આ જગત છે. આહાહા ! એમ જ્ઞાને જાણ્યું કે આ જડમાં ક્રિયા થાય છે. ઈ તો જાણ્યું એણે એટલું, પણ એને લઈને ક્રિયા થાય છે એમ નથી. આહાહા ! હવે આવો મારગ.

હવે આ જાત્રા કરે લ્યો પાલીતાણાની, સમ્મેદ્શિખરની, કહે છે કે એ હાલવાની ક્રિયા એ જડની છે. આમ આમ ચાલે ઈ. આત્મા પાંગળો છે જાણે છે. શરીર આંધળું છે એ પગથી કરે આમ પણ એ આંધળાની ક્રિયામાં આત્માના જ્ઞાનનો આરોપ આપે છે કે મારી વિચિક્ષણતાના કારણે આ શરીરની ક્રિયા આમ થાય છે. આહાહા ! મૂંઢ બહિરાત્મા છે. એને તત્ત્વની વસ્તુસ્થિતિની ખબર નથી. એ પૂજા ને ભક્તિ કરે તો એ મૂંઢ ને મિથ્યાદષ્ટિ છે. આહાહા ! (શ્રોતા : આને ભક્તિ કરે છે માટે આમ) એનાથી નહિ, એનાથી માને છે કે હું શરીરને હું હલવું છું અને આ ભાવ થાય છે ઈ ધરમ છે એમ માને છે, એ તો પુણ્ય છે. જાત્રાનો ભાવ, ભક્તિનો ભાવ એ તો શુભ ભાવ છે, પુણ્ય છે, એ ધરમ નથી. આહાહા !વસ્તુ એવી હોવી જોઈએ ભાઈ !

પરમાત્મા, અરિહંતદેવ સર્વજ્ઞ પરમેશ્વરના આ એકમ છે. કે આંધળો હાલે (ચાલે) ઈ દેખતો દેખાડે માટે હાલે (ચાલે) છે, પાંગળો દેખાડે માટે હાલે (ચાલે) છે એમ નથી. આહાહા! એમ દેહની ક્રિયા, લખવાની ક્રિયા, બોલવાની ક્રિયા, જાત્રામાં હાલવા (ચાલવા)ની ક્રિયા આહા! પૈસા દાન દેવા લ્યોને આમ. ઈ બધા આંધળાની ક્રિયા છે. જડ છે ઈ આમ આમ થાય છે. ઈ ઓલો કે મારા ખ્યાલમાં આવ્યું છે ને? ઈ જ્ઞાનમાં એમાં ખ્યાલ છે એને કંઈક. તે વિના હાથમાં પાંચ (૫) રૂપિયાની નોટ દેવી હોય તો પાંચ (૫) રૂપિયાની નોટ કાઢે લ્યો. એય વાણિયા કાંઈ ૫ (પાંચ)માં ૨૫ (પચ્ચીસ) આપી દે? તો એ નોટની ક્રિયામાં કાંઈક, કાંઈક, કાંઈક જાણપણાનો અંશ ભેગો થ્યો ત્યારે કાર્ય થ્યું તો ૫ (પાંચ)નું થ્યું નહિં તો ૨૫ (પચ્ચીસ)નું કેમ નો થ્યું? જેઠાભાઈ! તમે તો બહુ નામા લખ્યા છે. ઓડીટર હતાને ઓડીટર? (**શ્રોતા** : તપાસ્યા છે) લખ્યા નથી તપાસ્યા છે, ભૂલો કાઢી છે. ભૂલો કાઢી છે આહાહા!

પ્રભુ તારા મારગડા જુદા નાથ. આહાહા! ક્ષણે ક્ષણે થતી જડની ક્રિયા, તેને ભગવાન આંધળી ક્રિયા કહે છે. અને તે તે ક્ષણે જાણતો આત્મા તે દેખતો પાંગળો છે. એ ક્રિયા કરી શક્તો નથી. આહાહા! આ બધા હોંશિયાર માણસ કહેવાય. ધંધાપાણીમાં મોટા, ૧૦ (દસ)-૧૦ (દસ) લાખ પેદા કરે લ્યો આહાહા! શું કરે? જુઓ આ શાહુજી, શાંતિપ્રસાદ, સાંભળ્યું ભાઈ! શાહુજીની સ્ત્રી ૫૮ (અઠ્ઠાવન) વર્ષની, દેહ છૂટી ગ્યો હમણાં રમારાણી શાંતિપ્રસાદની. ૪૦ (ચાલીસ) કરોડ રૂપિયા, અભી ગુજર ગઈ. કાંઈ નહિં, એકદમ હાર્ટ ફેઈલ. જો ઘરે ૪૦ (ચાલીસ)-૪૦ (ચાલીસ) લાખના બંગલા છે દિલ્હીમાં (**શ્રોતા** : શેઠ કહે છે બંગલા ક્યાં છે?) ૪૦ (ચાલીસ) કરોડ રૂપિયા છે.

૫૮ (અઠ્ઠાવન) વર્ષની ઉંમર એટલે, અત્યારે તો ૭૦ (સિત્તેર), ૭૦ (સિત્તેર) ૮૦ (એંસી) વર્ષના ઘણાંય છે ચૂડામાં તો બહુ બ્રાહ્મણો વૃધ્ધ પહેલેથી હોં. બીજા કરતા બ્રાહ્મણો, રાજપૂતો ૮૦ (એંસી)-૮૦ (એંસી) વર્ષ, ૮૫ (પંચ્યાસી) વર્ષ, ખબર છે ને? ૭૧ (એકોતેર)માં આવ્યા'તા. એ પછી આ મોટી ઉંમરના બહુ મહારાજ ત્યાં એવું જ કાંઈ પાણી લાગ્યું કે કહે છે ત્યાં મોટી ઉંમરના બ્રાહ્મણો માળા બહુ, રાજપૂત બહુ ૮૫ (પંચ્યાસી)-૮૫ (પંચ્યાસી) વર્ષના. વાણિયામાં યે હતું ડોસી વૃધ્ધનાથ ને (**શ્રોતા** : ચૂડાના છોટાભાઈ આ રહ્યા) હા, છોટાભાઈ પણ ઈ વખતે તો નાના હતાને? અત્યારે એને ૮૨ (બ્યાંસી) થ્યા, પણ તે દિ' પહેલાવેલા ગ્યા ત્યારે ગામમાં વૃદ્ધ માણસ બહુ દેખાય. વાણિયામાંય વૃદ્ધ બાઈઓ બહુ દેખાય. એવું જ કોઈ આયુષ્યની સ્થિતિ એટલે ત્યાં એ રીતે

આવ્યા હોય. પણ એને લઈને આ પાણી આંહીનું સારુ માટે આયુષ્યની સ્થિતી સારી રહી આવી. અરે! ભારી વાત ભાઈ!

અને પથ્ય આહાર ખાય, અપથ્ય ખાય નહિં, રાતે નિંદ્રા સરખી લે, ધીમેથી હાલે (ચાલે) એવું કરે તો એનું આયુષ્ય લાંબુ વધે એમ અજ્ઞાની માને (છે). મૂઢ માનનારા બહિરાત્મા છે. એને વીતરાગ મારગની શ્રદ્ધાની ખબર (નથી). આહાહા! કહો પ્રેમચંદભાઈ! (શ્રોતા : અમારી બધી વાતુ ખોટી, એકાદી તો સાચી રાખો) એકાદી સાચી કીધીને. જડને જડ કરે છે એમ ન માનતા આત્મા કરે છે એવી મિથ્યા શ્રદ્ધા એની હાચી (સાચી). હાચી (સાચી) રાખી છે ને? આહાહા! શરીર અને આત્માના સંયોગ સંબંધને લીધે અજ્ઞાનીને ભ્રમ થાય છે કે શરીરની ક્રિયા જીવ કરે છે. આચાર્ય આ વાત દૃષ્ટાંતથી સમજાવે છે. લ્યો આવ્યા આ પોપટભાઈ.

અંધને લંગડાને ખંભા પર બેસાડી, આંધળાએ લંગડાને ખભા ઉપર બેસાડયો, રસ્તે જઈ રહ્યો. આંધળો રસ્તે જઈ રહ્યો આડાઅવળી વાડમાં ન જાય ઈ. રસ્તે જઈ રહ્યો. રસ્તો હોય ને એક ગાડા રસ્તો હોય પગ રસ્તો હોય ત્યાં જઈ રહ્યો. ઠીક રસ્તે જવા માટે લંગડો અંધાને ઈશારો કરે છે. ઠીક રસ્તે જવા માટે લંગડો, ઉપર જે છે બેઠો, આંધળાને ઈશારો કરે છે. લંગડા આંધળાનું બન્નેનું સંયોગરૂપ જોડું છે. મારગ ચાલવામાં લંગડાની દૃષ્ટિ અને આંધળાના પગ કામ કરે છે. આ બન્નેની સંયુક્ત ગતિનો ભેદ નહિં જાણનાર બે ના સંબંધની ગતિની જુદાઈ નહિં જાણનાર, કોઈ મંદદૃષ્ટિવાળો કોઈ એમ સમજે કે આ અંધો જ સાવધાની પૂર્વક જોઈને ચાલી રહ્યો છે. આંધળો જ સાવધાની પૂર્વક જોઈને ચાલી (રહ્યો છે).

આ બધું તમારા વેપારનું આવ્યું છે આમા આવ્યું'તું. આ વેપાર આ બધો કરેને જાણીને ધ્યાનથી કે આવું કરવું, આવુ કરવું, આવું કરવું. એ જ્ઞાન એનું, ક્રિયા તો થાય જડની. જડ ક્રિયા આંધળી છે. (શ્રોતા : લાદીમાં કેવો રંગ ને ભાત) નાંખે ઈ લાદીનો મોટો વેપાર છે એને. કહો થાણામાં મોટો છે. મુંબઈમાં છે ફેક્ટરી મોટી પોપટભાઈને, બે કરોડ રૂપિયા છે એની પાસે એમ લોકો કહે છે, વાત સાંભળી છે આપણે ક્યાં? (શ્રોતા:...) કોના રૂપિયા? (શ્રોતા : બધા રીપોર્ટ આપકે પાસ હૈ) આંધળા ઉપર લંગડો બેઠો છે એટલો નિમિત્ત નિમિત્ત સબંધ. આંધળાના પગ અને લંગડાની આંખ. પણ આંખને લઈને આંધળો હાલે (ચાલે) છે એમ નથી. આહાહા! ભારે કામ ભાઈ! કહો સુમનભાઈ! આ બધા ડહાપણ લોકોનું ઊડી જાય છે આમાં તો.

(**શ્રોતા** : હતું ક્યાં તે ઉડી જાય) ડહાપણ નથી, છે તો છે પણ એ કામ કરે છે એમ નહિં એટલે. આહાહા! આંખ છે એ તો જીવની છે આ જ્ઞાનની હોં. પણ એને એમ થઈ જાય છે કે આ આંખ દેખે છે. આ તો જડ છે. આંખ તો આ જડ છે. આ તો પોલું આ કાળું આ તો જડ છે એટલે એને એમ થઈ જાય છે કે આંખ દેખે છે. (**શ્રોતા** : એ તો બરાબર પણ આંખને આ ચશ્મા બે હોય તો દેખાય) (**શ્રોતા** : આ જે ન્યાય દુનિયામાં કેવી રીતના કરવા) હેં! (**શ્રોતા** : આ જે ન્યાયથી રહે એની આ બધી વિધી છે) ન્યાય ભગવાન કરે છે. વીતરાગ સર્વજ્ઞદેવ, પરમેશ્વર એનો ન્યાય અનાદિથી કરી રાખ્યો છે. અનાદિથી કેવળીઓ થતા આવે છે. અરિહંત અને સર્વજ્ઞ પરમેશ્વર અનાદિથી થતા આવે છે. નવા કોઈ કોઈ દિ' ભૂતકાળમાં કેવળી, અરિહંત નહોતા એમ નથી. અનાદિ કાળથી તીર્થંકરો, કેવળીઓ થતા આવે છે, મોક્ષ જાય છે. વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં ભગવાન બિરાજે છે, અરિહંત કેવળી એમના આ કથનો છે બધા. આહાહા!

અરે! જૈનમાં જનમ્યા ને ખબર ન મળે કે આ શું થાય છે જડનું? ને હું કોણ કરનાર એનીય ખબરું ન મળે? અને અમે ધરમ કરીએ છીએ. શું ધૂળ કરે ધરમ? આહાહા! આંહી તો એવું ભાઈ લીધું 'પરમાત્મ પ્રકાશ' માં તો, કે ધરમ એટલે કે સાધુપણાનું જે આચરણ છે વહેવારનું, એ ધર્મ એટલે પુણ્ય એ પણ હેય છે, આત્માનું આચરણ નહિં. ધરમની વ્યાખ્યા કરતાં એમ કહ્યું છે. ધર્મ, અર્થ ને કામ ત્રણથી ભિન્ન ભગવાન મોક્ષનો પુરુષાર્થ ભિન્ન છે. આહાહા! એવું લખ્યું છે ત્યાં 'પરમાત્મ પ્રકાશ' માં. ધર્મ એટલે સાધુ જે સાચા સંત, એનો જે વહેવાર, આચરણ, દયા, દાન, વ્રત, પંચમહાવ્રત એવું મુનિનું આચરણ, એ બધો શુભભાવ એ પુણ્ય છે તેને ધરમ કહેવામાં (આવે) એ ધરમ નથી. એ પુરુષાર્થ ધર્મનો નહિં, એ પુણ્યનો પુરુષાર્થ. અર્થ, આ પૈસો ધૂળ એનો, એ પૈસા પુણ્યને લઈને અર્થ મળે એ અર્થનો પુરુષાર્થ. અને કામનો પુરુષાર્થ ભોગનો, ધર્મ, અર્થ અને કામનો પુરુષાર્થ ત્રણે હેય છે. મોક્ષને માટે થતો પુરુષાર્થ તે એક આદરણીય છે. આહાહા!

ભગવાન તો જ્ઞાન સ્વરૂપ છે, એની જાણવાની ક્રિયા અંદરમાં એકાગ્ર થાય એ મોક્ષની ક્રિયા છે. આહાહા! ભારે કઠણ. એને નક્કી કરવું પડશે ભાઈ. હેં? આહાહા! કોઈ શરણ નથી, કોઈ શરણ આપવા સમર્થ નથી. અરિહંત શરણ શું આપે? માંગળિકમાં બોલાય અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં હેં? (**શ્રોતા** :...) એ તો કેવળી પન્નત્તો ધમ્મો શરણં એ શરણ છે. સર્વજ્ઞ ભગવાને એ કહ્યું કે તું આત્મા, આનંદ અને જ્ઞાનમૂર્તિ પ્રભુ, આહાહા! એ જ્ઞાન અને આનંદની પ્રતીતિ સ્વસન્મુખ થઈને કરવી

એને સ્વસંવેદનથી જ્ઞાન કરવું અને એમાં ઠરવું એને ભગવાન ધરમ કહે છે. એ મોક્ષનો પુરુષાર્થ ત્યાં હોય છે, બાકી ક્રિયાકાંડના દયા, દાન ને વ્રત ભાવમાં એ મોક્ષનો પુરુષાર્થ નથી. આહા! ભારે આકરું પડે ભાઈ! કહો કાંતિભાઈ! આ ૧૫૦૦(પંદરસો)નો પગાર છોડયો માટે ધરમ થઈ ગયો. એમ નથી. એ જાતના પાપની તીવ્રતા ઓછી, એટલી એય હેં! આવી વાત છે.

ચૈતન્ય ભગવાન અંદર આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદના સ્વાદથી ભરેલો પદાર્થ છે. એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવો અંદરમાં, આનંદની દશાની પ્રાપ્તિ થવી પર્યાયમાં એનું નામ ધરમ છે. આહાહા! કેમ કે એ આત્માનો એ આનંદ ધરમ છે, 'સ્વભાવ' એમાં ધરમ આનંદ પડયો છે આખો. આહાહા! એમાં એકાગ્ર થઈને જે આનંદની દશા આવે એ રાગ વિનાની દશા એને અહિંયા પરમાત્મા સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રનો ધરમ કહે છે. સમજાણું કાંઈ? અમૃતના સ્વ સામર્થ્યથી ભરેલો ભગવાન આહાહા! ઈ એનો સ્વભાવ જ છે, ઈ એનો ધરમ જ છે. રાગની ક્રિયા જે દયા દાન એ એનો ધરમ નથી, એ એનો સ્વભાવ નથી. આહાહા! આંહી તો જાણનારને, જાણનારને જાણીને, જે અંદરમાં એકાગ્રતા થાય, એ એનો જ્ઞાન ધરમ, આનંદ ધરમ. એના ધરમમાં શ્રદ્ધા ધરમ પડયો'તો, ચારિત્ર ધરમ જે પડયો'તો, એની એકાગ્ર થતાં જે પર્યાયમાં. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્શ્રદ્ધા, સમ્યગ્ચારિત્ર, સમ્યક્ અમૃતનો સ્વાદ આવે. આહાહા! એને પરમાત્મા મોક્ષનો પુરુષાર્થ કહે છે. આહાહા! અરે! જગતને ક્યાંય. સમજાણું કાંઈ?

અપવર્ગ આવે છે ને આપણે નહિં ૧લી (પહેલી) ગાથામાં? 'વંદીત્તુ સવ્વ સિદ્ધે' પુણ્ય, પુણ્ય અર્થ, લક્ષ્મી અને કામભોગ. પુણ્ય એટલે આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પુણ્ય છે. એ ત્રણે, ત્રણે વર્ગ છે એનાથી ભિન્ન મોક્ષનો માર્ગ તે અપવર્ગ છે. આહાહા! (ત્રિવર્ગ) ભિન્ન છે ઈ. (ત્રિવર્ગ અને અપવર્ગ) ઓલા ત્રિવર્ગ છે એ એનાથી અપવર્ગ છે. ત્રણ વર્ગથી ભિન્ન છે. બહુ માર્ગ બાપા! અનંતકાળ એણે આમ ને આમ ગુમાવ્યો ભ્રમમાં ને ભ્રમમાં. જૈનનો સાધુ પણ અનંતવાર થયો, શ્રાવક થયો અનંતવાર પણ આ ભ્રમણા એની ગઈ નહિં અંદરથી. (શ્રોતા : પણ દેખાડેલ ને નજર તો આ ભવમાં થ્યા) હેં! (શ્રોતા : ...) અનંતવાર થ્યા છે હવે કેટલા શું? એમના દીકરાનું કહ્યું કે આવા ૮૦૦૦ (આઠ હજાર) શું? લાખની પેદાશ, મહિને કરોડની, અબજની એવો અનંતવાર થઈ ગયો છે હવે નવું શું છે એમાં? (શ્રોતા : આંખનું તેજ જુદું અને જુદો તે દિ' સંચા ક્યાં હતા?) ભલે ન સંચા હોય આહાહા!

આ ઓલ્યો નથી ? રાજા નથી એક. ૧-૧ (એક-એક) કલાકની લાખ, દોઢ લાખની પેદાશ છે. ઓલું તેલ નીકળે છે નહિં ? (ઇરાકનું તેલ) તમે જાણો છો. હેં ? (ઇરાક, ઇરાક) એ દેશ નાનો છે પણ તેલ બહુ નીકળે છે. રાજા, ૧(એક) કલાકની લાખની પેદાશ, એક દી' ની ૨૪ (ચોવીશ) લાખની પેદાશ, લાખ તો દોઢ લાખ કે છે આ છાપામાં આવ્યું'તું. દેશ નાનો છે પણ આ પેટ્રોલ તેલ બહુ નીકળે છે. પેટ્રોલ નીકળે છે ? (**શ્રોતા** : એને કાળુ સોનું કહે, ક્રુડ ઓઇલ) હા એવું નીકળે છે, બહુ નીકળે છે. હવે એ કેટલા કરોડો, અબજો પેદા કરે છે લ્યો. એને મારી નાંખ્યો એના ભત્રીજાના નામે, ભત્રીજો ગાદીએ બેઠો છે, પણ એવું નથી. આહાહા ! હવે એવું તો અનંતવાર થયો, એમાં ધૂળમાં શું છે ન્યાં ? ૨૪-૨૪ (ચોવીશ-ચોવીશ) લાખની પેદાશ એક દી' ની એ અત્યારે છે ને રાજા !

હવે આવો કળયુગ છે, હલકો કાળ ત્યાંય આવા છે, તો સારા કાળમાં તો અનંતવાર રાજા થ્યો, અબજોપતિ શેઠ થ્યો ઓહોહો ! અને શેઠાઇ છોડીને સાધુ થયો, પણ સાધુ બહારનો થ્યો. અંદર રાગથી ભિન્નતાની ક્રિયાના ભાન ન મળે એ રાગની ક્રિયા એ મારો ધરમ. આહાહા ! એમ માનીને મિથ્યાત્વમાં સાધુપણે મિથ્યાત્વને સેવ્યા, એક ભવ ઘટયો નહિં. આહાહા ! કહો સમજાણું કાંઇ ? આ ગુજરી ગયો ને હમણાં ? કીધું ને આપણો ગોવાનો શાંતિલાલ ખુશાલ. ૨ (બે) અબજ ૪૦ (ચાલીશ) કરોડ, દશાશ્રીમાળી વાણિયા આપણાં, આંહી પાણસણાના, ૨ (બે) અબજ ૪૦ (ચાલીશ) કરોડ, મરી ગ્યો હમણાં ૯ (નવ) - ૧૦ (દસ) મહિના પહેલાં. ૧ (એક)દિ'માં (૧(એક) કલાક) ૧(એક) કલાક, શું ? ૫ (પાંચ) મીનિટમાં ? આંહી દુખાવો થાય, દુખાવો થાય એમ બોલ્યો, રાતે દોઢે ઉઠયો, દાક્તરને બોલાવો, ત્યાં દાક્તર આવે ત્યાં તો ભાઇ'સાબ પરલોક, જાવ રખડવા. આહાહા ! આહાહા !

એય ! આ આવ્યો એનો ભાણેજ બેઠો છે ને ! આ બેઠો. એનો બેનનો દીકરો છે, આ એય બેઠો, બેઠો છે જો. એનો બાપ કહેતા પોપટભાઇ કે મારા મોટાભાઇ લઇ ગ્યા'તા એને ત્યાં ૩૫ (પાંત્રીસ) વરસ પહેલા. દુકાન ચલાવી બે ભાગમાં કે એવું કાંઇ કેતા'તા. પોપટભાઇ કેતા'તા એમાં ૩૫ (પાંત્રીસ) વરસમાં આ બધા ૨ (બે) અબજ ૪૦ (ચાલીશ) કરોડ થઇ ગ્યા. એ પૂરું થઇ ગ્યું પુણ્ય, મરીને હાલ્યો ગ્યો. આહાહા ! અને તારી મામી તો અસાધ્ય છે હજી. સાંભળ્યું છે ? એ શાંતિલાલ ખુશાલની વહુ છે, સાત મહિનાથી અસાધ્ય છે. બેશુદ્ધ. રૂપિયા શું કરે ત્યાં ધૂળના ? ૪૦-૪૦ (ચાલીશ-ચાલીશ) લાખના બંગલા છે ગોવામાં. એ ધૂળ અનંતવાર મળી પણ આત્મા લક્ષ્મી કેવી આત્માની

છે ? આહાહા ! એ લક્ષ્મીની એણે સંભાળ કરી નહિં કોઇ દિ'. ચીમનભાઇ ! આ તો બહારથી જાણે ૨ (બે), ૫ (પાંચ), ૧૦ (દસ) થઇ ગ્યા માટે વધી ગ્યા અમે. જામનગરમાં ક્યાં હતું આવું ? નહિં ચીમનભાઇ ? આહાહા !

આંહી તો પ્રભુ કહે છે ભાઇ ! તું તો જાણનાર છો ને ? જાણનાર તે તું છો અને આ જે વાણીની, દેહની એ ક્રિયા બધી થાય છે એ આંધળાની ક્રિયા છે. આહાહા ! ભારે વાત ભાઇ ! એ પુણ્ય, દયા, દાનના, વ્રતના પરિણામ છે, એ પણ આંધળાના છે, એ પણ શરીરનો ધરમ છે. આહાહા ! જીવનો નહિં. ભાઇ ! એ તો જ્ઞાન સ્વરૂપી ચૈતન્ય પિંડ છે ને ? એ જ્ઞાનનો ગાંઠડો છે એ તો. એ જ્ઞાનમાંથી શું નીકળે ? જ્ઞાનમાંથી જાણવું, શ્રદ્ધા, સ્થિરતા એ નીકળે, રાગ કરે ને પરની ક્રિયા થાય એ નીકળે એમાંથી ? આહાહા ! અરેરે ! એણે પોતાની દયા ન કરી એણે પરની દયા કરવા નીકળી પડયો. હેં ? આહાહા ! જેવું એનું વીતરાગી અમૃત સ્વરૂપથી ભરેલું તત્ત્વ છે એ જીવતું તત્ત્વ એટલું ટકતું તત્ત્વ એ છે. એને ન માનતા રાગની ક્રિયાથી મને ધરમ થાય, દેહની ક્રિયા મારાથી થાય, એ ચૈતન્યના જીવનને એણે મારી નાંખ્યુ છે. આહાહા !

આ ચૈતન્ય વીતરાગ અમૃતથી ભરેલો પ્રભુ વીતરાગી અમૃતના સાગરથી ભરેલો ભગવાન. આહાહા ! એને માટે પરમાં સુખ છે એવી બુધ્ધિ પૈસામાં, સ્ત્રીમાં, ભોગમાં, વિષયમાં, આબરૂમાં એ જીવને મારી નાંખે છે. એનો આનંદ સ્વભાવ એનો એ નકાર કરે છે. આહાહા ! મોહાંધ પુરુષો, મોહમાં આંધળા થયેલા, આવા જીવનની જ્યોત અંદર વીતરાગ મૂર્તિ આહાહા ! હેં ? એનો નકાર કરે છે. એની હૈયાતિનો સ્વીકાર નથી અને રાગ ને એક સમયની પર્યાય, એનો હૈયાતિનો સ્વીકાર આહાહા ! ઇ બહિરાત્મા છે. આહાહા ! લંગડા આંધળાનું બન્નેનું સંયુક્ત જોડું, માર્ગે ચાલવા લંગડાની દૃષ્ટિ, આંધળાના પગ, બન્નેની સંયુક્ત ગતિનો ભેદ નહિં જાણનાર આ અંધો જ સાવધાની પૂર્વક જોઇને ચાલી રહ્યો છે. આહાહા ! એનો એ ભ્રમ છે. તેવી રીતે આત્માને શરીરના સંયોગ સંબંધનો ભેદ નહિં જાણનાર બહિરાત્મા શરીરની ક્રિયા, વાણીની ક્રિયા, ખાવાપીવાની ક્રિયા એ આત્માની ક્રિયા સમજે છે, શરીરને જ આત્મા માને છે એ તેનો મોટો ભ્રમ છે.

વિશેષ કહેશે......

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન – ૧૦૫

## શ્લોક – ૯૧ અને ૯૨

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૩૦.૦૭.૭૫**

तेषां देहे दर्शनव्यापारविपर्यासं दर्शयन्नाह –

**अनन्तरज्ञ संधत्ते द्दष्टिं पंगोर्यथाऽन्धके ।**
**संयोगात् द्दष्टिमङ्गेऽपि संधत्ते तद्वदात्मनः ।।९१।।**

**અજ્ઞ પંગુની દૃષ્ટિને માને અંધામાંય;**
**અભેદજ્ઞ જીવદૃષ્ટિને માને છે તનમાંય. ।।૯૧ ।।**

अंतरात्मा किं करोतीत्याह -

**द्दष्टभेदो यथा द्दष्टिं पङ्गोरन्धे न योजयेत् ।**
**तथा न योजयेद्देहे द्दष्टात्मा द्दष्टिमात्मनः ।।९२।।**

**વિજ્ઞ ન માને પંગુની, દૃષ્ટિ અંધામાંય;**
**નિજજ્ઞ૧ ત્યમ માને નહિં, જીવદૃષ્ટિ તનમાંય. ।।૯૨ ।।**

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

---

સમાધિતંત્ર. તંત્રનો અર્થ શાસ્ત્ર પણ થાય છે અને તંત્રનો અર્થ ઔષધી પણ થાય છે. સમાધિતંત્ર છે આ. (**શ્રોતા** : અહીં બે માંથી કયો અર્થ થાય ?) બેય અર્થ છે આંહી. સમાધિતંત્ર એટલે સમાધિ શાસ્ત્ર છે અને સમાધિ ઔષધી છે આ. સમજાણું કાંઈ ? જુઓ નવું આવ્યું છે, છે ઓલા અર્થમાં, પરમાત્મપ્રકાશમાં સમાધિની વ્યાખ્યા કરી છે. સમાધિતંત્ર. તંત્ર એટલે શાસ્ત્ર, તંત્ર એટલે ઔષધિ એનો ૯૧ (એકાણુ) શ્લોક. (**શ્રોતા** : મંત્ર તંત્ર) ઈ મંત્ર તંત્ર ઈ. ઈ તંત્ર એટલે આંહી શાસ્ત્રને ઔષધી કહે છે. મંત્ર, તંત્ર ને જંત્ર એમ કહે છે ને ? ત્રણ આવે છે ને ? મંત્ર તે આ લૌકિક આદિ. જંત્રતા કરે. લીટા ને ફીટા ને કરીને નથી જંત્ર કરતાં ? ઈ છે મંત્ર, તંત્ર, જંત્રની વ્યાખ્યા છે ત્યાં આવે છે.

આંહી તો સમાધિશાસ્ત્ર એ વાચક છે, અંદર આત્મા સમાધિ પામે એ એનું વાચ્ય છે. આહાહા ! સમજાય છે કે નહિં ? શેઠ ! વાચક વાચ્ય સમજાણું ? વાચક એટલે સમાધિશાસ્ત્ર એ શબ્દ છે અને અંદર સમાધિ પ્રાપ્ત થવી તે એનું વાચ્ય છે. ભાવ જેમ સાકર શબ્દ છે તે વાચક છે, સાકર વસ્તુ છે એ એનું વાચ્ય છે. આ આ પ્રમાણે કહે છે. અરે ! અનાદિથી એને અને બીજી રીતે કહીએ તો એ શાસ્ત્ર છે એ પર વસ્તુ છે, અને ખરેખર પર વસ્તુ તો દુઃખનું જ કારણ છે. આહાહા ! અરે ! (**શ્રોતા** : રાગ - આકુળતા) આ 'परदव्वाओ दुग्गइ' શબ્દ આવ્યો છે ને ? એ એમાં એનો વિસ્તાર કરો તો આ છે. એવું છે બાપુ. આ મન, વચન ને કાયા અને શ્વાસ એ પણ દુઃખના જ નિમિત્ત છે. પરદ્રવ્ય છે ને ? આહાહા ! ઝીણી વાત છે બાપુ !

(**શ્રોતા** : સુખનું નિમિત્ત કોણ ?) સુખનું કારણ એક ભગવાન આત્મા જ છે સુખનું કારણ. આહાહા ! (**શ્રોતા** : શાસ્ત્ર કહ્યાં સુખદાયી) એ. એ નિમિત્તના કથન બધા. ભાષા. આહાહા ! બાકી શાસ્ત્ર એ શબ્દ પર છે કે નહિં ? પરદ્રવ્ય છે ને ? તો 'परदव्वाओ दुग्गइ' ની વ્યાખ્યા શું ? એય ઝીણી વાત બાપુ. આ તો મૂળ વસ્તુની વાત છે ને ? આહાહા ! ચૈતન સ્વભાવ આનંદનો સાગર પ્રભુ છે. એ શેઠ ! તમારું સાગર આવ્યું. (**શ્રોતા** : આનંદનો સાગર) હેં ? (**શ્રોતા** : આનંદરૂપી સાગર છે) આનંદ સાગર છે આ. ત્યાં તો એના તમાકુના ગોદામના ગોદામ ભર્યા હોય છે અને એ મોટી મોટરું ને બધા શું ?

(**શ્રોતા** : ઈ ગમે તે વખતે છૂટી જાય ને આ પોતે આ ગોદામ પાસે રહે) પણ અહીં તો કહે છે એ પરદ્રવ્ય છે એ દુ:ખનું કારણ છે તે છે એને દુનિયા સુખી કહે. આહાહા !

મન, વચન ને કાયા ને શ્વાસ પણ દુ:ખના આમાં નિમિત્ત છે એ સુખના નિમિત્ત નથી. આહાહા ! (**શ્રોતા** : તેના પર લક્ષ જાયતો) આહા ! પરદ્રવ્ય ઉપર લક્ષ જાય એટલે વિકલ્પ જ થાય. આહાહા ! આવી વાત છે. ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ એ પોતાનું લક્ષ છોડીને પરના લક્ષમાં જેટલો કાળ જાય એટલો કાળ એને વિકલ્પ ને દુ:ખ જ છે. આહાહા ! કહો પોપટભાઈ ! આ તમારા પૈસા બૈસા દુ:ખનું નિમિત્ત છે એમ કહે છે. (**શ્રોતા** : કહો તો સમજાતું ....) હલકુ છે આ. પર વસ્તુ દુ:ખનું નિમિત્ત છે એમ કહે છે. (**શ્રોતા** : હવે તો પૈસાવાળા અને સરકાર ઊંઘમાં દુ:ખી હોય છે) ઈ તો હવે હવે આવું પકડે છે. એકદમ દરોડા પાડે છે નહિં ? એવું કંઈક છે મુંબઈમાં ? પણ ન હોય તો ઈ પૈસા છે ઈ પરદ્રવ્ય છે, અને પરદ્રવ્ય દુ:ખનું કારણ છે. આહાહા ! ગજબ વાત, ઝીણી વાત બાપુ !

આ તો મારગડાં આનંદનો નાથ પ્રભુ પોતે છે. આહાહા ! જેને આનંદ જોઈતો હોય એનું ધામ એકલો આત્મા જ છે. બીજી કોઈ ચીજ આનંદને માટે આ આત્માને છે જ નહિં. આહાહા ! દેવ, ગુરુ ને શાસ્ત્ર પણ આનંદને માટે નથી આ વાત બાપુ ! આહાહા ! વીતરાગ ભાવ સમજવો બહુ કઠણ છે. આહા ! (**શ્રોતા** : એણે ધરમને અપવાદમાં મૂક્યો) અપવાદ ફપવાદ જ વહેમ છે એ. સિદ્ધાંતને અપવાદ હોય નહિં. (**શ્રોતા** : એ ત્રણ જ દેવ, ગુરુ, શાસ્ત્ર જગતમાં એમ કહે છે કે તું આત્માની સન્મુખ થા, બાકી બધાં કહે છે અમારી સન્મુખ થા) આ તો એક જ વાત છે સત્ય. બાપુ જ્યાં આનંદ છે આત્મામાં અતીન્દ્રિય આનંદનો એ તો સરોવર. સરોવર. આહાહા ! અતીન્દ્રિય આનંદથી ભરપૂર છલોછલ ભરેલો છે. આહાહા ! એને આનંદ જોઈતો હોય, સુખ જોઈતું હોય, ધરમ જોઈતો હોય તો ત્યાં જાવું પડશે એને. જે દુકાને મળે તે તે ત્યાં જાવુ પડે ને એને હેં ?

(**શ્રોતા** : ત્યાં જ માલ મળે) (**શ્રોતા** : ઈ તો માલવાળા ટપાલમાં મોકલે છે એને) ઈ માલવાળા મોકલે તે એને લેવા જવું ને આવે એટલે જવું તો પડે ને આમ ત્યાં આહાહા ! કો રતિભાઈ શું કીધું ? આ બધા તમારા પૈસા ને કારખાના (**શ્રોતા** : એ કારખાનાના પૈસા હમણા શેઠીયાઓને ઊંઘવા નથી દેતા) હેં ? રાજકોટમાં એટલું બધું નહિં હોય જે મુંબઈમાં હશે હળવે હળવે પછી આવે એ જુદી વાત છે. મુંબઈમાં બહુ. શું કહે છે ? દરોડા પડે છે ને આ ? પણ એ ક્યાં છે બાપા ! આહાહા ! આંહી તો આ મન,

વચન ને કાયા જેનો નજીક વેપાર કંપન થાય એમાં આ નિમિત્ત ચીજ છે. જોગનું કંપન થાય એ પોતાથી, એમાં આ શરીર, વાણી, મન જે જડ છે એ તો નિમિત્ત છે. હવે જેને કંપનમાં નિમિત્ત છે એને આંહી દુઃખનું કારણ કહેવું છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

સ્વ વસ્તુ કોણ છે ? અને સ્વમાં શું છે ? એનું એને મહાત્તમ નથી. અનંતવાર આવા ક્રિયાકાંડ કર્યા અને રાગમાં આમ છે ને ધરમ આમ છે ને. આહાહા ! સવારે બે જણા કો'ક આવ્યા'તા. વયા ગ્યા લાગે છે. શ્વેતાંબર હતા. આંહી ધુરંધર છે સાધુ ત્યાં છે ને ? નેમવિજયજીના આચાર્ય છે. કાંઈક રોગ થયો હશે તે મુંબઈથી આવ્યા હશે. પહેલાં આમાં કંઈક સાંભળ્યું ન્યાં આવ્યા'તા કે અમે સાંભળ્યું, જુવાન હતો એક, કીધું ભાઈ જુઓ, આંહી તો આત્માના ધરમની વાત છે બાપુ ! ધરમ આત્મજ્ઞાનથી થાય એ સિવાય કોઈ રીતે ત્રણકાળમાં ધરમ નથી. એ ત્યાં તમારે કીધું ચાલતું નથી. ત્યાં તો આ કરો ને આ કરો ઈ તો બચારા ખુશી થાતા'તા. આહા ! આવી વાત. આહાહા ! ને શાંત વાતાવરણ આવું. આહાહા ! ને આવા મોટા મકાન મોટા શહેરના જેવા લોકોને હજી બહારમાં છે ને ! આહા !

અરે ! આ પરદ્રવ્ય છે આય તે, ખરેખર તો દુઃખનું નિમિત્ત છે ભાઈ ! આહાહા ! એય ! પરદ્રવ્ય છે એના ઉપર લક્ષ જતાં તો રાગ જ થાય. ચાહે તો વીતરાગની વાણી ને વીતરાગપણું સાંભળવા બેસે એને તો વિકલ્પ થાય ને દુઃખ છે કહે છે. આહા ! એવી વાત. સમજાણું કાંઈ ? સમાધિની વાત હાલે (ચાલે) છે ને ? સમાધિ એટલે સુખરૂપ દશા. આહાહા ! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ સમાધિ સ્વરૂપ છે એટલે કે ત્રણે સુખ સ્વરૂપ છે. આહાહા ! એ સુખના ભાવને પ્રગટ કરવાનું સાધન તો એક દ્રવ્ય વસ્તુ છે. આહા ! એને પ્રગટ કરવાનું સાધન પર તો નહિં, રાગેય નહિં, એક સમયની પર્યાયનો આશ્રયે નહિં. આહાહા !

જેમાં આખો આનંદ પડયો છે ધ્રુવ, એનો આશ્રય લેતાં જે શાંતિ, શાંતિ, શાંતિ સુખરૂપ સમાધિ સુખરૂપ, સુખરૂપ દશા એને ધરમ કહેવાય અને એને મોક્ષનો મારગ કહેવાય છે. આહાહા ! અરે ! સાંભળવા મળે નહિં એને ક્યાં જાવું ? અનંતકાળથી

સમાધિતંત્ર એટલે ? સમાધિ સ્વરૂપ ઔષધી છે આ. જેનાથી ભવરોગ મટે સમજાણું કાંઈ ? જેનાથી ભવદુઃખ મટે, ભવરોગ મટે, ભવભ્રમણ મટે. આહાહા ! એ આ સમાધિ ઔષધ છે, એ ઔષધ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ઔષધ ને એ સમાધિ છે. એ સમાધિનું કારણ તો પરમાત્મા પોતે છે. આહાહા ! (**શ્રોતા** : સીધો છે સરવાળો ત્યાં) હેં ? (**શ્રોતા** : સીધો છે સરવાળો ત્યાં) કહો બાબુભાઈ ! ગાડી લાવી અહીં

મૂકી ઉપર આ ઓલા સાધન ફાધન છે ને? આ મંદિર ને જાત્રાના સમ્મેદ્‌શિખર ને (**શ્રોતા**: આ તો પરમાગમ મંદિર) આ પરમઆગમ મંદિર એ પણ એના ઉપર લક્ષ જાય તો રાગ થાય એવી ચીજ છે બાપુ. એને બનતી તો એને કારણે બની છે. એ આવશે હમણાં.

**વિશેષ**

આંધળાની ગતિમાં લંગડાની દૃષ્ટિ નિમિત્ત માત્ર છે. આંધળો ચાલે છે અને લંગડો બેઠો છે, આમ માથે બેઠો છે, આંધળાની ગતિમાં ગતિ કરે છે ને આમ? લંગડાની દૃષ્ટિ તો નિમિત્ત માત્ર છે. આંધળો હાલે (ચાલે) છે ઇ પોતાના ઉપાદાનની પર્યાયથી હાલે (ચાલે) છે એ કાંઇ ઓલો આંખે બતાડે છે માટે હાલે છે એમ નહિં. આહાહા! સમજાણું કાંઇ ? હેં ? (**શ્રોતા** : દૃષ્ટાંત અદ્‌ભૂત આવ્યું) હેં ? આંધળાની ગતિમાં ગતિ કરે છે ને આમ ? હાલે (ચાલે) છે આમ. એમાં લંગડાની દૃષ્ટિ તો નિમિત્ત માત્ર છે. આંધળો શરીરની ક્રિયાથી હાલે (ચાલે) છે એ તો સ્વતંત્ર છે. એ ઓલો માથે કહે છે કે આમ હાલ (ચાલ) માટે હાલે (ચાલે) છે એમ નથી. આહાહા!

સુમનભાઇ! આવી વાતુ છે! આમાં તમારા તેલમાં સાફ કરવા ને એ તો ક્યાંય રહી ગયા. આહાહા! (**શ્રોતા** : આ તો પોતાને સાફ કરવાના) આહાહા! સાંભળવામાં મન નિમિત્ત છે. આહાહા! તો ય કહે છે કે એ મન પણ દુઃખનું નિમિત્ત છે. આહાહા! (**શ્રોતા** : તો સાંભળવું કે ન સાંભળવું એ નક્કી કરવું પડશે) એ સાંભળવું આ સાંભળવામાં આવી જાય છે. આહા! વિકલ્પનો કાળ હોય તે સાંભળવાનું હોય પણ ખરેખર તો પર તરફનું લક્ષ છે. આહા! ગજબ વાતું. 'परदव्वाओ दुग्गइ' કહીને તો ગજબ કરી નાંખ્યુ છે. આ એ સંતો કરે હોં! વીતરાગી મુનિ જે કહે. આહાહા! ને જેને દુનિયાની પડી નથી. સત્‌ના શરણે ગ્યા છે એને જગતના પ્રાણી અસત્‌ તરીકે ભાસે છે. એને આ ઠીક પડશે કે નહિં ? એ એને કાંઇ દરકાર નથી. આહાહા!

પ્રભુ! પણ તમે સંભળાવો છો ને ભાષા ? બાપુ! એ પાંચ ઇન્દ્રિયો છે ને આ જડ એ સાંભળવામાં નિમિત્ત છે. જ્ઞાન થાય છે પોતાથી છતાં એ જે ઇન્દ્રિયો છે એ પોતે દુઃખરૂપ ને દુઃખનું મૂળ છે. આહાહા! વસ્તુની સ્થિતિ આવી છે. હો, આવે એ જુદી વાત છે ભાવ, પણ એ પોતે દુઃખરૂપ છે. માણસ કહે ને ? ઠીક શ્વાસ લઇએ તો સુખ પડે. આંહી તો કહે એ શ્વાસની ક્રિયા દુઃખનું નિમિત્ત છે. આહાહા! ભાઇ તારો આત્મા આનંદનો સાગર એને આવા નિમિત્તથી કાંઇ લાભ થાય એવું છે નહિં. આહાહા!

એ આ હાલનારને (ચાલનારને) લંગડો આંખથી બતાવે છે માટે એ નિમિત્ત છે પણ એનાથી હાલવાની (ચાલવાની) ક્રિયા થઈ છે એમ નથી. આહાહા! સુમનભાઈ! ત્યાં એંજિનમાં નથી આ વાત ન્યાં કલકત્તામાં. કલકત્તા ક્યાં? મુંબઈ. કલકત્તા તો અમારે કપૂરભાઈ. આહાહા! આહાહા! (જો લખે છે) તો બેય એકાંત. આહાહા! કહે છે આંધળાની ગતિ, ગતિ એ તો હાલે (ચાલે) ને? એમાં લંગડાની દૃષ્ટિ તો નિમિત્તમાત્ર છે. જેમ એ ગતિ અને દૃષ્ટિ વચ્ચે કર્તા - કર્મ સંબંધ નથી એટલે કે લંગડાની દૃષ્ટિ કર્તા અને હાલવાનું (ચાલવાનું) કામ એનું કર્મ એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? આ બાપુ મારગડા બહુ સૂક્ષ્મ છે ભાઈ!

જેને ભવના અંત લાવવા છે. આહાહા! ભવસિંધુ ચોર્યાશીના દરિયાના અવતાર અનંતવાર આહાહા! ઈ દુઃખી છે ત્યાં. એમ કે જો સુખ હોય તો એણે ભગવાનની વાણી સાંભળી છે સમોવસરણમાં અનંતવાર, જો એનાથી સુખ પ્રગટે તો એને સુખ એકવાર સાંભળતા લાગવું જોઈએ. આહાહા! પણ એ સાંભળ્યું છે એ પર લક્ષમાં રાખીને સાંભળ્યું છે સ્વ લક્ષ કર્યું નથી એણે. આહાહા! સાંભળવામાં પણ ભગવાનની વાણીમાં તો એમ આવતું'તું, તું સ્વ લક્ષ કર, તારી ચીજ પડી છે ત્યાં નજર કર. આહાહા! લોકોને નિશ્ચયાભાસ જેવું લાગે હોં. (શ્રોતા : નિશ્ચય એટલે વાસ્તવિક) આહાહા !આખી દુનિયામાંથી તારા સુખને માટે કારણ હોય તો પ્રભુ તારો આત્મા છે. હેં? આહાહા! પર દ્રવ્ય બધાં દુઃખના નિમિત્તો, નિમિત્ત હોં. પર દ્રવ્ય સુખના નિમિત્તો એમ નથી આહાહા!

(નિમિત્ત - નિમિત્ત, સંબંધ) તેમ શરીરની ગતિનો આત્મા કર્તા નથી, શરીર ચાલે એ કર્મ - કાર્ય અને ઓલા લંગડાની દૃષ્ટિ કર્તા એમ નથી. આહાહા! દેખે છે આમ દેખાડે ને જો આ રસ્તે જા ને આ રસ્તે જા ઉપર બેઠો બેઠો લંગડો, પણ છતાં ઈ ચાલવાની ક્રિયા એને કારણે થઈ છે. દેખાડે છે એ નિમિત્ત માત્ર, માટે એનાથી થ્યું એમ નથી. આહાહા! અરે! વીતરાગ મારગ તો જુઓ. ઓહોહો! જેને (કહેશે એમાં એ) બન્ને વચ્ચે કોઈ વખતે માત્ર નિમિત્ત નૈમિત્તિક સંબંધ હોય છે. આહાહા! પરંતુ કર્તા - કર્મ સંબંધ હોતો નથી. આત્માનું જ્ઞાન કર્તા ને દેહની ક્રિયા કર્મ એવું કોઈ દિ' છે નહિં. આહાહા!

અજ્ઞાનીને સંયોગ સંબંધને લીધે બન્નેના એકપણાનો ભ્રમ થઈ જાય છે. નિમિત્ત છે ને ઓલું નૈમિત્તિક ક્રિયા થાય છે સ્વતંત્ર, એમાં એને ભ્રમ થઈ જાય છે અને તેથી તે શરીર અને આત્માને એક ગણી શરીરની ક્રિયા જીવ કરે છે એમ એ એને માન્યતામાં ભ્રમ ઉત્પન્ન થયો છે. આહાહા! ભારે વાતું ભાઈ! શરીર એ જીવને દુઃખનું નિમિત્ત છે

છતાં શરીરને જીવનું જ્ઞાન નિમિત્ત છે પણ એને દુ:ખ નથી એને ન્યાં. (**શ્રોતા** : લોકો શું કહે છે એ ધર્મનું નિમિત્ત છે) એ વાત જ ખોટી છે આની. शरीराद्यं खलु धर्म साधनम् એય એ તો વહેવારની વાતુ કરી છે બાપુ! આહાહા! આ શરીર રજકણો જગતના માટીના પિંડ.

બીજા દ્રવ્યોમાં પ્રદેશનો વિસ્તાર છે માટે તેને સપ્રદેશી કહેવાય. પરમાણુના સ્કંધને સ્કંધ તરીકે છે માટે એને સપ્રદેશી કહેવાય. શું કીધું ઈ? બીજા દ્રવ્યો પુદ્‌ગલ સિવાય છે એ તો એનો વિસ્તાર છે એમાં, માટે એને પ્રદેશને સપ્રદેશી કહેવાય પણ સ્કંધને સપ્રદેશી વિસ્તાર થયો માટે નહિં, પણ સ્કંધ પહોળું થયું છે એ અપેક્ષાએ એને સપ્રદેશી કહેવામાં, નહિંતર છે તો અપ્રદેશી દરેકના પરિણામ. આહાહા! (**શ્રોતા** : સપ્રદેશી એ તો વહેવાર છે) એ પણ આ રીતે સ્કંધ થયો છે ને? એકરૂપની પર્યાયની લાયકાત છે એટલે ચીકાશ ને લુખાશ એ, એ એને લઈને સ્કંધનો એને કહેવામાં આવે છે. ઈ પરમાણુ વિસ્તાર પામ્યો છે માટે સપ્રદેશી છે એમ નથી. શું કીધું એ સમજાણું?

(**શ્રોતા** : સ્કંધ વિસ્તાર પામ્યો છે માટે સપ્રદેશી) એમ પરમાણુ વિસ્તાર પામ્યો છે માટે સ્કંધ થયો છે એમ નથી. (**શ્રોતા** : તો તો નિશ્ચય) આત્મા અને ધર્માસ્તિ તો આમ વિસ્તાર પામ્યા છે પ્રદેશે, માટે તે સપ્રદેશી છે, અને પરમાણુને સપ્રદેશી પરમાણુ વિસ્તાર પામ્યો માટે સપ્રદેશી છે એમ નથી. આ આ આની હાલે (ચાલે) છે વાત અત્યારે. આ પરમાણુ આ સ્કંધરૂપે થયા છે, પણ પરમાણુ વિસ્તાર પામ્યો છે એમ નથી. સમજાણું કાંઈ? એ કાંતિભાઈ! ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, ઓલા આકાશ ને જીવ એ પણ વિસ્તાર પામ્યા છે માટે સપ્રદેશી છે. અસંખ્યને અનંત. કાળને તો એક સમયનો છે પ્રદેશ એ કાંઈ વિસ્તાર પામ્યા નથી તેમ સ્કંધરૂપેય થયા નથી. આહાહા!

કાળનો એક દ્રવ્ય બીજા દ્રવ્ય હારે સ્કંધરૂપે થ્યો નથી તેમ એક દ્રવ્ય આમ વિસ્તાર પામીને પ્રદેશ થયા છે એમાંય કાંઈ નથી. એ તો એક જ છે. સમજાણું કાંઈ? આ સ્કંધ થયો છે એ પરમાણુ વિસ્તાર પામ્યો માટે નથી એટલું કહેવું છે આંહી. ફક્ત આમ એક જાતની પર્યાયમાં ચીકાશ લુખાશની યોગ્યતા એટલે સ્કંધ થ્યો છતાં એ પરમાણુ તો પરમાણુમાં જ છે એની પર્યાયમાં જ છે. આમાં કાંઈ બીજાની પર્યાયમાં ગરી ગ્યો છે એમ નથી. આહાહા! પરમાણુ વિસ્તાર પામ્યા માટે સ્કંધ થ્યો એમ નથી. આહાહા! શું ભગવાનની શૈલી સત્યને સિદ્ધ કરવાની. ઓહોહો! કહે છે કે આ શરીર તો શરીરની દશાને જ્ઞાન નિમિત્ત છે એટલું પણ તેથી શરીરની અવસ્થાને જ્ઞાન નિમિત્ત છે માટે જ્ઞાન કર્તા અને શરીરની આ સ્કંધની અવસ્થા આમ આમ થાય એ એનું કાર્ય એમ નથી. સમજાણું કાંઈ? આહાહા!

લ્યો, શરીર ને આત્માને એક ગણી, શરીરની ક્રિયા જીવ કરે એમ માને છે. આહાહા! હવે દાખલો આપ્યો છે જયધવલ પેરા ૨૪૪ (બસ્સો ચુમ્માલીસ) પૃષ્ઠ ૧૦૭(એકસો સાત) પુસ્તક ૭મું (સાતમું) માં बज्झ कारण निरपेक्खो वथ्थु परिणामो। વસ્તુનું પરિણામ બાહ્ય કારણથી નિરપેક્ષ હોય છે. આહાહા! આમ શરીર જ્યાં આમ હાલે (ચાલે) છે એ એના પરિણામ છે એ. એ બાહ્ય કારણથી નિરપેક્ષ છે. જ્ઞાન નિમિત્ત છે એના કારણથી નિરપેક્ષ પરિણામ છે એના. આહાહા! શેઠ! આ સમજાય એવું છે આ તો (**શ્રોતા** : શરીરના પરમાણુઓ ભિન્ન ભિન્ન છે) ભિન્ન ભિન્ન છે અને તેનાથી છે. આ જે આમ આમ થાય છે એને જ્ઞાન જાણે છે ને જ્ઞાન આમાં નિમિત્ત છે માટે આ પરિણામ થાય છે એમ નથી. બાહ્ય કારણની નિરપેક્ષતાથી તેના પરિણામ થાય છે. આહાહા!

સિદ્ધાંત તો જુઓ, એક ટૂકડો પણ સમજે, એક ન્યાય સમજે આહાહા! જગતના જેટલા દ્રવ્યો છે તેના તે કાળે જે પરિણામ થાય છે પર્યાય, એને બાહ્ય કારણથી નિરપેક્ષપણે થાય છે. આહાહા! નિમિત્ત કહેવું ને એને નિરપેક્ષ કહેવું એમ કહે છે. આહાહા! (**શ્રોતા** : તો જ એ નિમિત્ત કહેવાય નહિં તો ઉપાદાન) સમજાય છે કાંઇ? આહાહા! છે ને? જુઓને बज्झ कारण निरपेक्खो वथ्थु परिणामो। बज्झ कारण એટલે બાહ્ય કારણ નિરપેક્ષ પેલું बज्झ છે ને बज्झ कारण निरपेक्खो वथ्थु परिणामो। આ તો જયધવલનું વાક્ય. વહેવારનયના ગ્રંથ છે. આહાહા!

તે તે પરિણામનો તે જન્મકાળ છે એમ કહો કે તે તે પરિણામ ત્યાં ત્યાં જે પર્યાય જડની આમ થાય. આ ભાષાની પર્યાય થાય એના હોઠની નિમિત્તની નિરપેક્ષપણે ભાષાની પર્યાય થાય છે. આત્માની પર્યાયના વિકલ્પની અપેક્ષા તો એને નથી. પણ આ હોઠની અપેક્ષાથી નિમિત્ત છે આ તો આ, એથી ભાષા થાય છે એમ નથી. એ ભાષાનાં પરિણામ ને હોઠના પરિણામ નિરપેક્ષપણે કામ કરે છે. આહા! એની અપેક્ષા રાખીને ત્યાં પર્યાય થાય છે એમ નથી. આહાહા! આ તમારા લાદીના આમ હાલે છે ને મોટા ઈ કારીગર નિમિત્ત છે માટે ત્યાં થાય છે એમ નથી. (**શ્રોતા** : એમ નથી પણ મોટાભાઈની ડહાપણ છે માટે) હેં? ધૂળેય ડહાપણ નથી ત્યાં એના બધા ડહાપણ બધા એકેય તમને લાગતા હશેને ઓલા ડહાપણવાળા છે. વળી તેલ બેલ હરખું(સરખું) કરે. આહાહા! ભગવાન આ તો ભગવાનના ઘરની વાતુ ભાઈ! આહાહા!

(**શ્રોતા** : ભગવાનના ઘરની વાત સાચી જ હોયને) આહાહા! પરમ સત્ય. પરમ સત્યનું આ ઉદ્‌ઘાટન છે. આહાહા! એમાં કોઈની અપેક્ષા રાખીને એ પરિણામ

જડના ચૈતનના થાય ? આહાહા ! આત્મામાં સમ્યગ્દર્શનના પરિણામ(માં) પરદ્રવ્યની નિરપેક્ષતાથી થાય છે એટલે વિકલ્પ વહેવાર છે માટે નિશ્ચય થયો. શાસ્ત્રમાં ભાષા એવી આવે આ પરમાત્મપ્રકાશમાં બહુ આવે. વહેવાર સાધન, નિશ્ચય સાધ્ય, વહેવાર સાધન, નિશ્ચય સાધ્ય એનો અર્થ એ છે ઇ વખતે એટલી વાત છે. આહાહા ! સમજાણું કાંઇ ? આત્મા આનંદનો નાથ પ્રભુ એની અંદરમાં સ્વસન્મુખ થઇને જે પ્રતીતિ થઇ સમ્યગ્દર્શનની એ પરિણામને બાહ્ય કારણોની નિરપેક્ષતા છે. બાહ્ય કારણની એને અપેક્ષા છે (નહિં) એવો જ વસ્તુના પરિણામનો સ્વભાવ છે. આહાહા !

(**શ્રોતા** : નિરપેક્ષ હોય તો જ એ સત્ છે) તો એ પર્યાય સત્ છે, સત્‌ને પરની અપેક્ષા કેવી ? સત્ અહેતુક છે. આહાહા ! આ બધાં ન્યાં વળગે છે ને ઓલામાં ? છ ઢાળામાં ? નિયતનો હેતુ (**શ્રોતા** : હેતુ નિયતકો હોઇ) હેતુ નિયતકો હોઇ (**શ્રોતા** : ઇ તો નિમિત્તનું જ્ઞાન) બાપુ ! એ તો નિમિત્ત કોણ છે એનું જ્ઞાન કરાવ્યું. આહાહા ! આત્મામાં નિયત - નિશ્ચય પરિણામને બીજા કોઇપણ પરિણામની અપેક્ષા વિના થાય છે. નિરપેક્ષપણે થાય છે જુઓને. બાહ્ય કારણ **निरपेक्खो** આ મહાસિદ્ધાંત છે. હેં ? બે કારણથી કાર્ય થાય. એમાં લોકો મુંઝાઇ ગયા છે. તત્ત્વાર્થવાર્તિકમાં ને એ બહુ આવે એ તો ઇ નિમિત્ત છે એનું સાથે જ્ઞાન કરાવ્યું છે. આહાહા ! સમજાણું કાંઇ ? વાતુ આવી બાપુ ! આહાહા ! બહુ આકરી.

આ ભાષા નીકળે છે એનેય કહે છે કે આત્માનો વિકલ્પ ઉઠયો માટે નીકળે છે એની અપેક્ષા છે જ નહિં. અને જ્ઞાનમાં એમ આવ્યું છે કે સત્ય આમ હોવું જોઇએ બોલવામાં માટે એને જ્ઞાનની અપેક્ષા થઇ તેથી વાણી એવી નીકળે છે. (એમ નથી) આહાહા ! આગમના શબ્દો છે શાસ્ત્રના (એને, એને) એને સાંભળે છે તો જ્ઞાન થાય છે, એવી જ્ઞાનને થવાને સાંભળવાની અપેક્ષા નથી એમ કહે છે. આહાહા ! એમ કે મૂર્તિમાં તો કાંઇ નથી પણ આ શાસ્ત્રોમાં તો કાંઇક છે ને જ્ઞાન ? પાનામાં ? કાંઇક બરાબર જ્ઞાન એવું સમજાવે તો એમાં કાંઇ જ્ઞાન નથી ? કે શાસ્ત્રના પાનામંય જ્ઞાન નથી. આહાહા ! આત્માને આત્મજ્ઞાન થવામાં, શાસ્ત્રના પાનાની નિરપેક્ષતાથી જ્ઞાન થાય છે. આહાહા ! કો' સુજાનમલજી ! (**શ્રોતા** : ....) આહાહા ! પડદો ફાડયો. ભ્રમના પડદા તોડી નાંખ્યા. આહાહા !

હરિભાઇ આવ્યા ? હેં ? (**શ્રોતા** : તબિયત સારી નથી એમની) એમ ! ઠીક દાક્તર છે નહિં ? હા એ આવે છે ને પ્રેમ છે એને. દાક્તરે માંદા પડે ? ઓલા હરકિસનમાં ગ્યા'તા ને ? મોટો દાક્તર ભાઇ, એનો સાંભળનાર હતો કો'ક. તમે ઓળખો છો નહિં ? અને હરકિસનદસની અંદર નહિં ? હેં ? મોટો એક હતો ત્યાં ગ્યા'તા અમે

ગ્યા'તા ને ? ભાઈ માટે ગ્યા'તા ને ! ધીરુભાઈ, શું નામ ? ચુનીલાલ, ચુનીલાલ.આ આપણા જોબાળિયા, ધીરુભાઈના ભાઈ, એ ત્યાં હતા ને માંદા ત્યાં ગ્યા તો એની વહુ આવી'તી. એક દાક્તર પડયા'તા ઓલી કોર. 'મહારાજ, દર્શન કરવા છે'. કીધું હાલો ભાઈ. દાક્તર આ તો કાર્યકર્તા. ભાન વિનાનો કાંઈ યાદ સાંભળતો તો બરાબર કાંઈ આમ બિંબ થઈ ગયા હતા. બિંબ હાય ! હાય ! મરી ગ્યા કહે છે, મરી ગયા. આપણે આ નહિં ? ચુનીભાઈ, તમારા જોબાળિયા, માંદા હતા ને તે દિ' હરકિસન નહિં ? શું કહે છે ? ના ખાટલો નહોતો ભાઈ આપણો, આ બાજુ ખાટલો હતો. ગ્યા'તા ત્યારે ઓલી અંદર એની વહુ આવી હતી, અંદર હતા. અરે ! હાલો મેં કીધું. આ દાક્તર લ્યો આહાહા ! એ શરીરના જે સમયના જે પરિણામ જે પ્રકારે થવાના એને પરની કોઈ અપેક્ષા છે નહિં. આહાહા !

શરીરમાં નિરોગતા થવાના પરિણામમાં પણ દવા ને પરની અપેક્ષા છે નહિં. આહાહા ! ગિરધરભાઈ ! આ પરના પરિણામ થવામાં આ તમારા જેવા કાર્યકર્તાની અપેક્ષા નથી એમ કહે છે. આહાહા ! ભારે શબ્દ છે. માળે એમ કે મેળવ્યું છે છોટાભાઈએ બહુ. આ આ સિદ્ધાંત બહુ સારો મૂક્યો છે આ. છોટાભાઈ હતા એક. કેવા ભાઈ કહેવાય ઈ ? (**શ્રોતા** : ગાંધી) ભણેલાનો ફેર ક્યાં છે ? હેં ? બી.એ. ને આ બી.એ., (એસ.ટી.સી.) આ કાઢયું જુઓ, જયધવલમાંથી આ ટૂકડો મૂક્યો. છોટાભાઈ હતા અહીંયા વ્યાખ્યાનમાં આવતાં, ગુજરી ગ્યા. છેલ્લા ગ્યા'તા અમે ત્યાં (**શ્રોતા** : ....) હા એ બી.એ., બી.એડ. (**શ્રોતા** : બી.એ., એસ.ટી.સી.) હેં ? શું કીધું ? (શ્રોતા નિશ્ચય છે પછી એને સહાયક શું કામ કહે છે ?) (**શ્રોતા** : ધર્માસ્તિકાય સહાયક છે). એ બધી વાતુ એવી વહેવારની એવી છે.

(**શ્રોતા** : ......) હોય તોય એની અપેક્ષા રાખીને પરિણામ થાતા નથી. સમજાણું કાંઈ ? આહાહા ! આ રોટલી દાંત વચ્ચે ભુક્કો થાય ને ? ઈ ભુક્કા થવામાં દાંતની અપેક્ષા છે જ નહિં કહે છે, એમ કહે છે. (**શ્રોતા** : દાંત વગરનાને થઈ જાય ને ભુક્કો) ઈ દાંત વિના જ એના પરિણામ એના દાંતના અભાવમાં એના પરિણામ થ્યા છે. આવી વાતુ બાપુ ! આહાહા ! (**શ્રોતા** : એ તો એમ જ છે). ભગવાને જોયેલા ૬ (છ) દ્રવ્ય, ભગવાને જોયેલા ૧-૧ (એક-એક) દ્રવ્યના અનંતગુણો, ભગવાને જોયેલા અનંતગુણની ૧-૧ (એક-એક) સમયની તે તે કાળની પર્યાય, એને પરની અપેક્ષા છે નહિં કહે છે. આહાહા ! કેમ કે દ્રવ્ય સત્, ગુણ સત્ ને પર્યાય સત્. વિકાર પરિણામને પરની અપેક્ષા નથી. આ પરિણામમાંથી એ ન આવે. આહાહા !

એય ચેતનજી ! વિકાર આવે કે નહિં ? बज्झ कारण બાહ્ય કારણ નિરપેક્ષ વસ્તુના પરિણામ, પછી વિકાર હો કે અવિકાર હો. મોક્ષ મારગ હો કે બંધ મારગ હો, મિથ્યાત્વ હો કે સમકિત હો, એને બાહ્ય કારણની અપેક્ષા વિનાના એ પરિણામ છે. આહાહા ! મોટું આ ધમાધમ હાલી'તી તે દી'. (શ્રોતા : મોટું). બાપુ ! દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણ સત્ છે. ૧૦૭માં (એકસો સાતમાં) આવ્યું છે નહિં ? (પ્રવચનસાર) દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. ૧૦૭ (એકસો સાત) ગાથા નહિં ? સત્નો વિસ્તાર છે, નિમિત્તનો વિસ્તાર છે, મૂળ ગાથા છે. ઓહોહો ! દ્રવ્ય સત્, ગુણ સત્ ને તે કાળનો પર્યાય એ સત્નો તેનો તે વિસ્તાર છે. આહાહા !

જેમ ઘણા પ્રદેશે વિસ્તાર વાળું દ્રવ્ય એને સપ્રદેશી કહીએ એમ દ્રવ્ય ગુણનો વિસ્તાર પર્યાયમાં જાય છે. આહાહા ! એ પોતે વિસ્તરે છે ત્યાં પર્યાય સત્પણે વિસ્તરે છે. આહાહા ! ખરેખર તો એ પર્યાયને પર દ્રવ્યની અપેક્ષા વિનાના થયા છે પણ એ પરિણામને દ્રવ્ય ગુણોની પણ અપેક્ષા નથી. આહાહા ! અરે ! એ સત્ છે કે નહિં ? છે ને ! છે એનાથી સત્ છે. હવે એને પરની અપેક્ષા શી ? આહાહા ! ભારે ગરબડ ચાલી અત્યારે આ સત્ને માળા ચોર કોતવાલને દંડે છે એવું છે. (શ્રોતા : એકાંત છે) એકાંત એ તમારું એકાંત છે, અનેકાંત નથી. અરે અનેકાંત છે. સ્વથી થાય ને પરથી ન થાય એ અનેકાંત છે. સ્વથી થાય ને નિમિત્તથીય થાય એ અનેકાંત નથી, એ તો એકાંત છે. આહાહા ! સમજાણું કાંઇ ? આહા ! ભારે નાખી વાત હોં.

નિમિત્ત હોવા છતાં નિમિત્તથી નિરપેક્ષ ઉપાદાનનું પરિણમન (થાય છે) હોય છે. જોયું ? હોય છે નિમિત્ત હોવા છતાં કુંભાર નિમિત્ત હોવા છતાં ઘડાની પર્યાય કુંભારની અપેક્ષા વિના ઘડાની પર્યાય થઇ છે. એય ! આ તમારા ઇજનેર ફિજનેર બધાં મકાનની પર્યાય થવામાં ઇજનેર નિમિત્ત, પણ એ નિમિત્તથી નિરપેક્ષપણે તે મકાનની પર્યાય થઇ છે. આહાહા ! (શ્રોતા : એને દ્રવ્ય, ગુણ, પર્યાય ક્યાં ? નાંખશે ?) એને ક્યાં ? આહાહા ! દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાયનું સત્, સત્નો વિસ્તાર છે. એ સત્નો વિસ્તાર છે, નિમિત્તનો વિસ્તાર છે (નહિં) આહાહા ! અરે ! આવું સત્, આવું સ્વતંત્ર સત્ જેને ન બેસે એ ક્યાં જશે ? આહાહા !

ભાઇ ! પરાધીન થઇને પરને લઇને થાય એ વસ્તુની સ્થિતિ નથી. આહાહા ! અમને આ ગાળ દીધી માટે એના ઉપર ક્રોધ આવ્યો એમ છે જ નહિં. ક્રોધની પર્યાયને ગાળના નિમિત્તની અપેક્ષા છે જ નહિં. ભારે વાતુ ભાઇ ! સારું કાઢયું છે ભાઇએ ઇ કાઢી

હોં! આ પુસ્તક પછી પુસ્તક ઓલું ૭મું (સાતમું) છે. પૃષ્ઠ ૧૧૭ (એકસો સત્તર) પેરો ૨૪૪ (બસ્સો ચુમ્માલીસ) એમ છે ને! પેરા એટલે? (**શ્રોતા** : ફકરા) આ ફકરા પાડે એ, (**શ્રોતા** : પેરેગ્રાફ) એટલે બધાં પારિગ્રાફ (પેરેગ્રાફ) ૨૪૪ (બસ્સો ચુમ્માલીસ) નંબર હશે. નંબર આપ્યા. આહાહા! શું સત્‌ની પ્રસિદ્ધિ, પ્ર-સિદ્ધિ. તે તે દ્રવ્યના તે તે કાળના પરિણામ પ્ર-સિદ્ધ, પોતાથી સિદ્ધ છે. નિમિત્તની અપેક્ષાથી સિદ્ધ છે (નહિં). આહાહા!

આ બધાં તમે ઈજનેર ને ફિજનેર બધાં જ્યાં ત્યાં ડંફાસ મારો ને? મકાન આમ કરી દઈએ, ફલાણું આમ કરી દઈએ. ફલાણું આમ. એ એના પૈસા આપે ઓલા મફત? ૮૦૦૦નો (આઠ હજારનો) પગાર આપતા હશે તે કાંઈ ડહાપણથી ક્રિયા થાતી હશે તેના આપતા હશે ને? હેં? (**શ્રોતા** : કોણ પગાર આપે ને કોણ પગાર લે?) આપે કોણ? લે કોણ? દે? બાપુ! આહાહા! (**શ્રોતા** : કોઈ લે નહિં ને કોઈ દે નહિં) એ ભગવાન આત્મા તો, જડ તે પરિણામને, તે તે કાળે આપે ને તે પરિણામ તે પોતે લે. આહાહા! સંપ્રદાન પણ એ રાખે છે ને ઈ? દેનાર પણ એ, લેનાર પણ એ પરિણામનો. આહાહા!

આત્મા આહાર પાણી બીજાને દઈ શક્તો નથી એમ કહે છે. મુનિને આહાર પાણી આપતાં આહાર પાણી આત્મા દઈ શકે છે એમ નથી. આહાહા! એ આહાર ને પાણીના પરિણામ તેનાથી તે કાળે તેનાથી થયા એને પરની કોઈ અપેક્ષા છે (નહિં). આહાહા! આવી વાતુ! નાગી ઉઘાડી વાત. આહાહા! (**શ્રોતા** : આ નિમિત્ત ને નૈમિત્તિકની વાત આવે) બધે ઠેકાણે. આમ સમજી લેવું. ૧ (એક) ને ૨ (બે) ૩ (ત્રણ) તો આવે જે ઠેકાણે ત્યાં એને આ રીતે સમજી લેવું. આહાહા! ભઈ! તને શું થ્યું આ? પર દ્રવ્યના તને અભિમાન? અને હું છું તો આ થાય છે. આ બધી વ્યવસ્થા દુકાનની, ધંધાની, કુટુંબની, કબીલાની. (**શ્રોતા** : આવા વખતે પોતે જીતાય કે નહિં?) ધૂળેય જીતાય નહિં. ગોંડલ શું? રામજીભાઈ જીતતા ઈ તો એવું એ વખતે ઈ પર્યાય થવાની હતી. આહાહા!

(**શ્રોતા** : ....) ઈ ગાંડાઓના ઈ કાયદા ય જુદા હોય, આહાહા! આ તો પરમાત્માના અથવા દ્રવ્યના કાયદા છે. આહાહા! (**શ્રોતા** : આ ભગવાનના કાયદા ને ઓલા લૌકિક) ને પરમાત્મા દ્રવ્ય છે ને એ, જડ એ જડેશ્વર છે ને? વિભાવ ઈશ્વર, સ્વભાવ ઈશ્વર, જડેશ્વર ૩ (ત્રણ) ઈશ્વર છે. ભગવાન આત્મા આનંદનો નાથ જ્યાં ભાન થયું સ્વભાવનો ઈશ્વર છે. એનું ભાન ન વર્તે ને વિભાવ વર્તે ઈ વિભાવનો ઈશ્વર છે પણ એ કર્મને લઈને વિભાવ થ્યો એવું નથી. આહાહા! ઈશ્વરનય ને અણઈશ્વરનય, આવી'તી ને? છે. આમાં જ લીધેલી છે. આહાહા! ઈશ્વરનય, ત્યાં દાખલો આપ્યો છે ને. (મા

ધવડાવે છે) ધાયમાતા ધવડાવે છે, એમાં આવે છે એમ નિમિત્તને વશ થાય છે. આત્મા નિમિત્તને વશ ઈશ્વરતાની શક્તિ વડે નિમિત્તને વશ થાય છે. આહાહા! નિમિત્ત એને વશ કરતું નથી, નિમિત્તને વશ થાય છે એ નિરપેક્ષપણે નિમિત્તની અપેક્ષા વિના વશ થાય છે. આહાહા! જુઓ આ સમાધિ. આ રીતે જ્ઞાનમાં યથાર્થપણું આવે તો એને શાંતિ વળે નહિંતર ખદબદાટ. આકુળતા, આકુળતા થાય. સમજાણું કાંઈ ?

અંતરાત્મા શું કરે છે તે કહે છે હવે. ૯૧થી (એકાણુથી) વિરુદ્ધની વાત કરશે.

આ સિદ્ધાંત બહુ ઊંચો. વસ્તુનું પરિણામ. છે ને વસ્તુ પરિણામો છેલ્લુ. **बज्झ कारण निरपेक्खो वथ्थु परिणामो।** વસ્તુનું પરિણામ (**શ્રોતા** : બાહ્ય કારણથી નિરપેક્ષ) પછી ઓલો પહેલા શબ્દનો અર્થ - બાહ્ય કારણથી નિરપેક્ષ. સમજાણું કાંઈ ? બે કારણથી કાર્ય પણ બીજા કારણથી નિરપેક્ષ એનું કાર્ય થાય છે. આહાહા! (**શ્રોતા** : ...) એનાથી જ થયું છે, થાય છે. આ મોટો ગોટો. આહાહા! મોટા માંધાતા સલવાઈ ગયા એમાં. એ એને મળ્યું નહોતું ને સાંભળવા મળ્યું નહોતું. ઈ જાતની યોગ્યતા ન હોય ત્યાં શું થાય? એ કહ્યું'તું ને તે દિ' ? બધી એક જ વાત છે ને ? ૬૨મી (બાસઠમી) ગાથા તો વિકારને માટે છે અને આ તો બધાને માટે છે. ૬૨ (બાસઠ) ગાથામાં કર્મની પર્યાય થવી અને વિભાવની થવી એની વાત છે ત્યાં ને આ છે તે દરેક દ્રવ્યના નિર્મળ અને મલિન, આત્મામાં જ નિર્મળ મલિન છે ને? બીજા ૪માં (ચારમાં) ક્યાં છે? એ પરિણામનું થવું નિમિત્તના બાહ્ય કારણની અપેક્ષા રાખ્યા વિના જ થાય છે. ઓહોહો!

(**શ્રોતા** : ગમનમાં ધર્માદિ નિમિત્ત છે ને ?) એ તો પોતાથી છે. ધર્માસ્તિ શું કરાવે? ત્યારે ધર્માસ્તિ નિમિત્ત કહેવાય છે. નિમિત્તનો અર્થ? એનું નિરપેક્ષપણે પોતે ગમન કરે છે. સ્વયં ગતિ પરિણમનને ધર્માસ્તિ નિમિત્ત એમ શબ્દ છે ને ? તો એનો અર્થ શું થયો ? (**શ્રોતા** : બધા નિમિત્ત ધર્માસ્તિકાયવત્ છે) બધાં ધર્માસ્તિકાયવત્ કીધાં. ૩૫ (પાંત્રીસ) ગાથા ઈષ્ટોપદેશ. આહાહા! ભાઈ! તું સ્વતંત્રમાં આવી જા. બીજાના પરિણામમાં તારી પરાધીનતા છે માટે એ થાય એ રહેવા દે. અને તારા પરિણામમાં પરની અપેક્ષા છે માટે થાય એ રહેવા દે, છોડી દે. આહાહા! તને તારા પરિણામની ઉત્પત્તિમાં તું કારણ છો એમ થતાં એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જશે. આહાહા! સમજાણું કાંઈ ? એને શાંતિ થશે. એને સુખ થશે, એને સમાધિ થશે. ઓલા બાવા સમાધિ કરે એ આંહી વાત નથી. ઓહોહો!

પ્રવચનસારમાં એમ કહ્યું ૧૦૨ (એકસો બે) ગાથામાં કે દરેક દ્રવ્યના

પર્યાયનો જનમ નામ ઉત્પત્તિકાળ છે. આહાહા! જેઠાભાઈ! આવી વાત છે આ. ઓલા કર્મને લઈને વિકાર થાય નહિં એમ કહે ત્યાં. (શ્રોતા : એને ચર્ચા જ કરવી'તી) જેઠાભાઈની હારે વાત થઈ'તી ને! ઓલા રામવિજય કહે કર્મથી વિકાર થાય તો આપણે ચર્ચા કરીએ. આ કહે કે એમ નહિં, કર્મથી વિકાર થાય એ મારે માન્ય નથી. ના પાડી દીધી. આહાહા! તમારું આવી ગ્યું છે આમાં નહિં? આત્મધર્મમાં. એક જૈને એમ કહ્યું ને એક કર્મવાદીએ એમ કહ્યું એવું આવ્યું છે. ઓલાને કર્મવાદી ઠરાવ્યા છે. એને ચર્ચા થઈ'તી રામવિજયજી હારે (સાથે). એમના શિષ્ય, ગુરુ હતાંને આ રામ વિજયજી, એની પાસે (શિક્ષણ) આપ્યું છે. જો અહીંથી મળી રહે તો આપણે ફેરવવું નથી એમ કહે, એવું હતું. ૫૦(પચાસ) પ્રશ્નો હતાં ૫૦ (પચાસ) પ્રશ્ન કર્યા હતાને? જો આપણામાં હોય એમ કે જો શ્વેતાંબરમાં છે એવું નીકળે તો પછી આપણે ફેરવવું નથી, પણ કાંઈ નીકળ્યું નહિં એમ કહે. આહાહા! એણે એમ કહ્યું. કર્મથી વિકાર થાય એમ માન્ય છે તમને? તો આપણે ચર્ચા કરીએ. આ કહે કર્મથી વિકાર થાય એ અમારે માન્ય જ નથી.

(શ્રોતા : એક દ્રવ્ય બીજા દ્રવ્યનું શું કરે?) શું કરે પણ? આહાહા! આંહી કીધું નહિં? વસ્તુના પરિણામ પરદ્રવ્યના કારણની અપેક્ષા રાખતા નથી. આહાહા! અરે! એક સિદ્ધાંત પણ જો નિર્ણય કરે તો એને સત્‌નું શરણ મળે. આહાહા! ૬૨મી (બાસઠમી) ગાથામાં, કર્મની પર્યાય પણ આત્મામાં રાગની અપેક્ષા રાખ્યા વિના એ પરમાણુની કર્મપણે પર્યાય થાય છે એમ કહેવું છે. જ્ઞાનાવરણીય જે બંધાય છે, એ પરમાણુની એ કર્મરૂપે થવાના કાળે એ થઈ છે. એ આણે અવર્ણવાદ જ્ઞાનના અવર્ણવાદ કર્યા, કે એવી નિમિત્તની અપેક્ષા રાખીને, જ્ઞાનાવરણીય કર્મ કર્મપણે પરિણમ્યું એમ નથી. આહાહા! ગજબ વાતુ છે ને?

એ પ્રશ્ન પાછો ચાલ્યો તો ત્યાં ૬ઠ્ઠી (છઠ્ઠી) ગાથા. જો વિકાર ન કરે તો કેમ કર્મ ન થાય? માટે એટલી વિકાર કરે એની અપેક્ષા તો છે ને એને? બિલકુલ નહિં. ન કરે તો તે વખતે પરમાણુમાં કર્મ થવાની પર્યાયવાળા, યોગ્યતાવાળા ન હોય. એમાં પ્રશ્ન શું થાય? આહાહા! ભારે નિમિત્ત ને ઉપાદાનની ગજબ વાતુ છે. આત્માના જ્ઞાન પરિણામ થવામાં ચશ્માની નિમિત્તની બિલકુલ અપેક્ષા નથી એમ કહે છે. કાઢી નાંખો ચશ્મા, થાશે જ્ઞાન? લ્યો. હમણાં કહ્યું'તું હમણાં આવ્યું'તું તે દિ' કહ્યું ત્યાં લીંમડી, ચંદ્રશેખર. પછી વિરોધનું પુસ્તક બનાવ્યું અમારું. હે ભગવાન! બાપુ! કોનો વિરોધ કરે છે ભાઈ તને ખબર નથી. જીવાભાઈ છે ને? જીવાભાઈ, જીવાપ્રતાપનો ભત્રીજો છે. આવ્યા'તા લીંમડી, આવ્યા'તા. ત્યાં હતા ને તમે?

કહે છે એ વિકારના પરિણામ મિથ્યાત્વના થાય નિગોદના જીવને હોં! વસ્તુ પરિણામ એ બાહ્ય કારણની અપેક્ષા રાખતા નથી. આહાહા! વેશ્યાને જોઇને એકને પરિણામ એવા આવ્યા કે અરે! આ જુવાન મરી ગઇ, ધરમ ન કર્યો. એકને એવા પરિણામ થયાં કે આ જીવતી હોત તો હું વિષય લેત. આહા! એકને એવા પરિણામ થયા કે હું આ માણસ ખસી જાય તો આને ખાઉં. કૂતરાને એવા પરિણામ થ્યા. એ પરિણામને એ વેશ્યાની એ નિમિત્તની અપેક્ષા નથી એમ કહે છે. સમજાણું કાંઇ ?

સાધુ હતા વૈરાગી એને આમ જોઇને અરે! આહાહા! આવો દેહ - મડદું એણે આત્માનું કર્યું નહિં કાંઇ એ પરિણામ થ્યાં. કૂતરાને એમ થાય કે આ માણસ જોવા ઊભા છે એ ખસી જાય તો ખાઉં અને લંપટી એક હતો, જુવાન ઊભો'તો એને એમ થ્યું કે જો જીવતી હોત તો હું વિષય લેત આની હારે રમત કરત. આહાહા! હવે એટલું એક નિમિત્ત છે ને ? છતાં આવા ત્રણ પ્રકારના પરિણામ થ્યા ઇ નિમિત્તથી થ્યા ? (**શ્રોતા** : નહિં નિમિત્તની અનેક જાતની યોગ્યતા હોય છે કોઇ ને કોઇ પ્રકારે નિમિત્ત) આહાહા! નિમિત્ત હોવા છતાં, નિમિત્તથી નિરપેક્ષ, ઉપાદાનનું પરિણમન હોય છે. આહાહા! શાસ્ત્રનું શ્રવણ કાને પડવા છતાં, તેને તે કાળે જે જ્ઞાનના પરિણામ થાય એને શાસ્ત્રના શબ્દોની અપેક્ષા નથી.

(**શ્રોતા** : નિમિત્ત બે પ્રકારના છે ને, પ્રેરક અને ઉદાસીન) એક હી હૈ. પ્રેરક કહો કે ઉદાસીન કહો બધું ધર્માસ્તિકાયવત્ છે. એ તો પ્રેરકમાંથી ઇ પોતે ઇચ્છાવાન છે એને માટે નામ આપ્યું પણ એના વડે ? લ્યો આ છે જુઓ. ઇ આ આ આટલું ક્ષેત્ર આમ હાલ્યું એમ નથી. ઇ એને એમ ગતિ થવામાં, આંગળીના નિમિત્તની કે આમ પ્રેરકની જરૂર નથી. એના પરિણામ તેને કાળે આંગળીની પ્રેરણાના નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના થયા છે. આહાહા! એ હમણાંય ઓલો કહેતો'તો આવ્યો'તો લ્યો જુઓ આંહી લાકડું પડયું હોય તે આપણે ઉપાડીને મૂકીએ તો થાય એની મેળે ઉપડે? એની મેળે ઉપડે સાંભળને! (**શ્રોતા** : આપણે બીડીને સળગાવીએ તો સળગે) ઇ તો એની સળગાવાની હોય એની પર્યાય થવાની હોય એમ થાય. આહાહા! હેં? શું કીધું? (**શ્રોતા** : ...) હા ઇ ઓલા મનસુખ ઓલો આવ્યો'તો ને, દાઢીવાળો એ. આહાહા!

હવે એનાથી ઉલટી ૯૧મી (એકાણુમી) ગાથામાં જે છે. ભેદ ને નહિં જાણનાર પુરુષ સંયોગના કારણે ભ્રમમાં પડી લંગડાની દૃષ્ટિને અંધ પુરુષમાં આરોપે છે ઇ ૯૧ (એકાણુ). હવે ભેદને જાણનારો ઇ શું છે એ કહે છે લ્યો.

दृअंतरात्मा किं करोतीत्याह -

**दृष्टभेदो यथा दृष्टिं पङ्गोरन्धे न योजयेत् ।**
**तथा न योजयेद्देहे दृष्टात्मा दृष्टिमात्मनः ।।९२।।**

**વિજ્ઞ ન માને પંગુની, દૃષ્ટિ અંધામાંય;**
**નિજજ્ઞ[1] ત્યમ માને નહિં, જીવદૃષ્ટિ તનમાંય. ।।૯૨ ।।**

**टीका** : दृष्टभेदः पंग्बन्धयोः प्रतिपन्नभेदः पुरुषो यथा पंगोर्दृष्टिमन्धे न योजयेत्। तथा आत्मनो दृष्टिं देहे न योजयेत्। कोऽसौ? दृष्टात्मा देहाद्भेदेन प्रतिपन्नात्मा ।।९२।।

અંતરાત્મા શું કરે છે તે કહે છે :–

**અન્વયાર્થ** : (दृष्टभेदः) જે ભેદ જાણે છે તે (यथा) જેમ (पंगोः दृष्टिं) લંગડાની દૃષ્ટિને (अंधे) અંધ પુરુષમાં (न योजयेत्) યોજતો નથી - આરોપતો નથી (तथा) તેમ (दृष्टात्मा) આત્માને શરીરાદિથી ભિન્ન અનુભવનાર અંતરાત્મા (आत्मनः दृष्टि) આત્માની દૃષ્ટિને - તેના જ્ઞાન-દર્શન સ્વભાવને - (देहे) દેહમાં (न योजयेत्) આરોપતો નથી - અર્થાત્ દેહ સાથે એકરૂપ કરતો નથી.

**ટીકા** : ભેદ જાણનાર અર્થાત્ લંગડા અને અંધનો ભેદ (તફાવત) જાણનાર પુરુષ, જેમ લંગડાની દૃષ્ટિને અંધમાં યોજતો (આરોપતો) નથી, તેમ તે આત્માની દૃષ્ટિને દેહમાં આરોપતો નથી. કોણ તે? દૃષ્ટાત્મા - અર્થાત્ જેણે દેહથી ભેદ કરીને આત્મા જાણ્યો છે તે (અંતરાત્મા).

**ભાવાર્થ** : જે આંધળા અને લંગડાનો ભેદ બરાબર જાણે છે, તે બન્ને સંયોગના કારણે ભ્રમમાં પડી લંગડાની દૃષ્ટિને આંધળામાં આરોપતો નથી - અર્થાત્ આંધળાને દૃષ્ટિહીન અને લંગડાને દૃષ્ટિવાન સમજે છે; તેવી રીતે ભેદજ્ઞાની અંતરાત્મા, આત્મા અને શરીરના સંયોગ-સંબંધથી ભ્રમમાં પડી કદી પણ શરીરમાં આત્માની કલ્પના કરતો નથી, અર્થાત્ તે શરીરને ચેતનારહિત જડ અને આત્માને જ્ઞાન-દર્શનસ્વરૂપ જ સમજે છે.

## વિશેષ

આત્મા અને શરીરનો એકક્ષેત્રાવગાહ સંબંધ હોવા છતાં ઉપયોગરૂપ લક્ષણથી આત્મા પરખાય છે; જેમ સોના-રૂપાનો એકપણારૂપ સંબંધ હોવા છતાં, તેમના

૧.

વર્ણાદિ દ્વારા તે બન્ને ભિન્ન ભિન્ન પારખી શકાય છે તેમ.[૧]

અંતરાત્માને શરીર અને આત્માનાં લક્ષણોનું બરાબર જ્ઞાન છે, તેથી તે બન્નેને એકરૂપ અથવા એકને બીજારૂપ માનતો નથી. ૯૨

---

**ટીકા** : ભેદ જાણનાર, લંગડાને અંધાનો ભેદ જાણનાર જેમ લંગડાની દૃષ્ટિને અંધમાં જોડતો નથી. આંધળાની દૃષ્ટિ આંધળાને કારણે હાલે અને લંગડાની દૃષ્ટિ જ્ઞાન છે ઈ જ્ઞાનને કારણે જાણે બસ. આહા! તેમ તે આત્માની દૃષ્ટિને દેહમાં આરોપતો નથી. લંગડાની દૃષ્ટિને આંધળામાં આરોપતો નથી, તેમ ધરમી જીવ ભેદજ્ઞાની આત્માની દૃષ્ટિને દેહમાં આરોપતો નથી. કોણ? દૃષ્ટાત્મા. જેણે દેહથી ભેદ કરીને આત્મા જાણ્યો છે તે (અંતરાત્મા). આહાહા!

વિશેષ કહેશે...

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે, પણ તે કોઈક જીવને સમજાય છે. મહત્ પુણ્યના યોગથી, વિશુદ્ધ મતિથી, તીવ્ર વૈરાગ્યથી અને સત્પુરુષના સમાગમથી તે ઉપાય સમજવા યોગ્ય છે તે સમજવાનો અવસર એક માત્ર આ મનુષ્યદેહ છે. તે પણ અનિયમિત કાળના ભયથી ગૃહીત છે; ત્યાં પ્રમાદ થાય છે એ ખેદ અને આશ્ચર્ય છે.

શ્રીમદ્ રાજચંદ્રનાં વચનામૃત ૧૭૦.

દ્રષ્ટિનાં નિધાન

---

૧. સર્વાર્થસિદ્ધિ - અ. ૨/સૂત્ર ૮ની સં.ટીકા.
...तेन बन्धं प्रत्येकत्वे सत्यप्यात्मा लक्ष्यते ।
सुवर्णरजतयो बन्धं प्रत्येकत्वे सत्यपि वर्णादिर्भेदवत् ।।

# પ્રવચન – ૧૦૬

## શ્લોક – ૯૨ અને ૯૩

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૩૧.૦૭.૭૫**

દ્અંતરાત્મા કિં કરોતીત્યાહ -

**दृष्टभेदो यथा दृष्टिं पङ्गोरन्धे न योजयेत् ।**
**तथा न योजयेद्देहे दृष्टात्मा दृष्टिमात्मनः ।।९२।।**

વિજ્ઞ ન માને પંગુની, દષ્ટિ અંધામાંય;
નિજજ્ઞ ત્યમ માને નહિં, જીવદષ્ટિ તનમાંય. ।। ૯૨ ।।

बहिरन्तरात्मनोः काऽवस्था भ्रान्तिः का वाऽभ्रान्तिरित्याह –

**सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमोऽनात्मदर्शिनाम् ।**
**विभ्रमोऽक्षीणदोषस्य सर्वावस्थाऽऽत्मदर्शिनः ।।९३।।**

માત્ર મત્ત નિદ્રત દશા, વિભ્રમ જાણે અજ્ઞ;
દોષિતની સર્વે દશા વિભ્રમ ગણે નિજજ્ઞ. ।। ૯૩ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**ભાવાર્થ** : એનો ભાવાર્થ છે ૯૨ (બાણુ) ગાથા. જે આંધળા અને લંગડાનો ભેદ બરાબર જાણે છે. દૃષ્ટાંત લહ્યો છે ને ? દીધો છે ને કે આંધળો ચાલે છે એને ખંભે એક લંગડો બેઠો છે. લંગડો આંખ્યુથી જણાવે છે એને અને ઓલો આંધળો હાલે છે. એમ આ શરીર છે એ આંધળુ છે આ જડ માટી ધૂળ. આત્મા છે ઈ પાંગળો છે એટલે કે આંખવાળો છે પણ ઈ હાલી શકવાની ક્રિયા કરાવી શકે, ઈ આત્મામાં નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આંધળા અને લંગડાનો ભેદ, બરાબર જે જાણે તે બન્નેના સંયોગના કારણે બેનો ભલે સંયોગ હોય માથે લંગડો બેઠો હોય, નીચે આંધળો હાલતો (ચાલતો) હોય. બેના ભેદમાં ભ્રમમાં પડી લંગડાની દૃષ્ટિનો આંધળામાં આરોપતો નથી. ઈ આંધળો છે ઈ જાણીને હાલે છે એમ આંધળાને અને લંગડાને ભિન્ન જાણે, ઈ લંગડો જાણનાર છે ને આંધળો હાલનાર (ચાલનાર) છે. તે હાલનાર (ચાલનાર)માં જ્ઞાન છે એમ નથી, ઈ તો જડ છે, આંધળું છે આ શરીર તો. આહાહા ! આ તો દૃષ્ટાંત પહેલો હોં !

સંયોગના કારણે ભ્રમમાં પડી લંગડાની દૃષ્ટિને આંધળામાં આરોપતો નથી. આંધળાને દૃષ્ટિહીન અને લંગડાને દૃષ્ટિવાન સમજે છે. આંધળાને દૃષ્ટિહીન અને લંગડાને દૃષ્ટિવાન, એવી રીતે ભેદજ્ઞાની અંતરાત્મા જેને સાચું જ્ઞાન સત્ય થયું છે એવો જે ધર્મી જીવ, આત્માને શરીરના સંયોગ સંબંધથી, આત્માને શરીરનો સંયોગ સંબંધ છે આમ નજીક, પણ સંયોગ સંબંધથી ભ્રમમાં પડી કદી શરીરમાં આત્માની કલ્પના કરતો નથી એટલે ધર્મી જીવ શરીરની ક્રિયા, મારાથી, આત્માથી થાય છે એમ માનતો નથી. આહાહા ! આંધળો આંધળાની ક્રિયા જે જડની, ઈ શરીરની, આંધળો કરે છે ઈ લંગડો નહિં. આહાહા ! એમ આ હાલવું, ચાલવું, બોલવું આ બધી ક્રિયાઓ આંધળા જડની છે. આહાહા ! એને લોકો ધરમ માને છે. કે આ શરીરની ક્રિયા મેં કરી. પૂજા કરી. ભક્તિ કરી ઈ આ સ્વાહા, જાત્રા પગપાળા કરી શંત્રુજય ચડયો એટલે આ દેહની ક્રિયા મેં કરી, મેં જાત્રા કરી. આહાહા ! એમ મૂઢ જીવ, જડની ક્રિયા આંધળી છે ને આંધળાની ક્રિયા છે ઈ આત્માની ક્રિયા છે એમ અજ્ઞાની માને છે.

સુમનભાઈ ! આ શું તમારું કંકર - રેતીનું કામ ને બધું. (**શ્રોતા** : એ તો

ઉપાધિ) કંકર રેતીનું કામ એ બધી જડની, આંધળાની ક્રિયા છે એ તો. (**શ્રોતા** : આખા બંગલા રચે એ) બંગલા ના બંગલા રચે એ બધા આંધળા - જડની ક્રિયા છે. જડમાં ચૈતન નથી. જડની ક્રિયાથી થાય છે ઇ. શેઠ! શેઠના તો મોટા મોટા મકાન છે ત્યાં. (**શ્રોતા** : કુટુંબે મોટું છે તે મકાન મોટા હોયને?) હેં? મોટા શેઠને છે ઇ ૬ (છ) લાખનું મકાન છે અને નાના શેઠને એ મોટું મકાન છે. ઊંડુ ઊંડુ ગ્યાતા ઘરે ન્યાં મોટું મકાન છે આમ ઊંડે ઊંડેમાં ઘણા લાખોનું. એવા તો કેટલાય મકાન છે એના. (**શ્રોતા** : હમણાં સરકારની એના પર કડવી નજર પડશે, લાખોપતિ બહુ કહેવા જેવું નથી.) આહાહા! પણ ઇ તો જડના પતિ કહેવાય. આહાહા!

લક્ષ્મી આંધળી, શરીર આંધળું, આ માટી આંધળી. આહાહા! આંખ્યુના કોડા છે આ ઇ આંધળા છે, આ કોડા દેખતા નથી. કોડામાંથી નિમિત્તથી દેખે પણ ઇ કોડા દેખતા નથી. આ તો જડ માટી આંધળુ છે આ તો, અંદર જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા તે જાણે છે. આહાહા! અજ્ઞાનીને ખબર નથી. એમને એમ ધરમને નામે દાન, આ દેહની ક્રિયા આ કરું, હું કરું છું, હું કરું છું, હું કરું છું. આહાહા! શરીર નિરોગી હોય તો ક્રિયા ધરમની ઠીક થઇ શકે. શું કીધું? કે આંધળો છે ઇ ચાલે છે અને આંધળાને ખંભે બેઠો ઇ પાંગળો હાલતો (ચાલતો) નથી, ઇ દેખે છે. અજ્ઞાનીને એમ થઇ જાય છે કે ઇ આંધળો જાણીને હાલે (ચાલે) છે. બરાબર પગ આમ મૂકવા, આમ મૂકવા ઓલો માથે કહે કે જો આ ગાડાના રસ્તે, રસ્તાના વચમાં નહિં પણ આ બાજુ હાલ (ચાલ). ગાડાના રસ્તે હાલે (ચાલે) ને? (**શ્રોતા** : વચમાં) વચમાં ન હાલી (ચાલી) શકે, વચમાં તો ઊંચુ નીચુ હોય ને ઉગેલું હોય ને એવું એટલે આમ, પૈડા જ્યાં હોય ને આમ ત્યાં અજ્ઞાનીને એમ ભાસે કે આંધળો જાણીને હાલે(ચાલે) છે આંહી બરાબર પણ જાણનાર તો લંગડો અંદર બેઠો છે, ઇ હાલતો (ચાલતો) નથી તેમ હાલવાની (ચાલવાની) ક્રિયા કરતોય નથી. આહાહા!

પોપટભાઇ! જુઓ આજ વળી નજીક આવ્યા. કાલ કેવું'તું કેવું'તું કે અહીં આવોને મોઢા આગળ આમ. આહાહા! જુઓ આ દેહ આંધળો છે આ. આ આંખ્યું જે છે એય આંધળી છે આ. આ કાન છે એ આંધળા છે. જીભ છે ઇ આંધળી છે. આ સ્પર્શેય આંધળું છે. ઇ આંધળાની ક્રિયા લંગડો જેમ જાણે એમ જ્ઞાની આત્મા જાણે કે આ થાય છે પણ એ પોતે કરી શકે નહિં એની ક્રિયા. આહાહા! ભારે વાત! સંયોગમાં બે રહ્યા છતાં આંધળો ને લંગડો સંયોગે દેખાવા છતાં, સંયોગની ક્રિયા જ્ઞાનીની, એ લંગડો સંયોગની ક્રિયા આંધળાની કરે છે એમ લૌકિકના ડાહ્યા એમ માને નહિં. સમજાણું કાંઇ? એમ

ધરમના ડાહ્યા કે આત્મા તો જ્ઞાન સ્વરૂપ જાણનાર છે, એ જાણનાર જાણે અને ભાષા દ્વારા કદાચિત એમેય એમ કહે પણ એ ભાષાય જડની છે. આહાહા! (**શ્રોતા** : આંધળાની છે) હેં? આંધળાની છે. આહાહા!

આંધળા ઉપર લંગડો ચડયો છે એમ આ જડ, માટી, ધૂળ છે આ તો, શરીર. એનું હાલવું, ચાલવું 'સ્વાહા' પૂજામાં આમ થાવું, જાત્રાએ શરીરને આમ હલવવું આહા! વાંચવાની ક્રિયામાં પણ શરીર ને ઇન્દ્રિય જે લીટી પર વાંચે છે એનું જ્ઞાન કરે, પણ એ લીટી ઉપરની આંખની ક્રિયા કરે એ આત્માની નહિં. આહાહા! શેઠ! આવું છે ઝીણું બહુ. તમારે તો મોટા કેટલાય કામ કરે છે. થાય છે ન્યાં. કેટલા બીડીના મોટા શું કહેવાય? ગોદામ. જોયું છે કે નહિં? આહાહા! કોણ કરે બાપુ? આત્માનું સ્વરૂપ તો જ્ઞાન સ્વરૂપ છે, અને તે જ્ઞાન સ્વરૂપ ઇન્દ્રિયથી જણાય એવું નથી કેમ કે ઇન્દ્રિય આ જડ આંધળી છે. (**શ્રોતા** : ઇન્દ્રિયજ્ઞાનથી જણાય નહિં) ઇન્દ્રિયનું જ્ઞાન કહે ઇ પણ નિમિત્તનું કથન છે. જ્ઞાન તો જ્ઞાનની પર્યાયમાં પોતાથી થયું છે ઇન્દ્રિયથી થયું નથી. આહાહા!

ચૈતનના અસ્તિત્વમાં જે જ્ઞાનનું ઘોલન ને પર્યાય થઇ એ કાંઇ આંખને આંધળી ને શરીર એને લઇને થઇ નથી અને શરીરને આંખ આમ કામ કરે આમ આમ ફરીને એ કાંઇ જાણનારને લઇને એ ક્રિયા થઇ નથી. આહાહા! (**શ્રોતા** : આંખ મીંચે ઓલા તો પડી ન જાય?) પડી ન જાણાય. ઇ પડવાની ક્રિયા તો જડની હોય તો થાય. એમાં આંખ્યું મીંચી માટે એને જાણનાર નથી અંદર? જાણનાર તો જાણે છે. આહાહા! હરિભાઇ! બહુ આવું કામ છે. આ ધરમને નામે પણ આ જાત્રા શરીરથી ને આ દયા પાળવી શરીરથી હેં? એ બધી આંધળાની ક્રિયાઓ અને આત્મા માને કે મારી છે આ. આહાહા! જેમાં જડ, વાણી, મનનો પ્રવેશ નથી અને જેની સત્તામાં આ વાણી, મન ને જડનું અસ્તિત્વ નથી. આહાહા! એ તો ઇ જાણનાર જાણે છે. આહાહા!

ઇન્દ્રિયોના વેપારનું લક્ષ છોડી, મનના વેપારનું લક્ષ છોડી જે અંતરમાં જ્ઞાનનો પ્રકાશ નજરે પડે એ પરમાત્માનું સ્વરૂપ છે. (**શ્રોતા** : આત્માના પ્રકાશનો રંગ કેવો?) એનો રંગ અરંગ છે. આહાહા! ઇન્દ્રિયો સંબંધી આંધળાની ક્રિયાઓનું લક્ષ છોડી દઇ, મન સંબંધીના વિકલ્પો પણ આંધળા છે. આહાહા! એનું ય લક્ષ છોડી દઇ અને જે ચૈતન પ્રકાશનું પૂર પ્રભુ! જે જ્ઞાનમાં ત્યાં જણાય છે ઇ પરમાત્મા પોતે છે. આહાહા! ઇ આત્મા પોતે પરમાત્મ સ્વરૂપે છે. આહાહા!

પોપટભાઇ! આહાહા! લાદીમાં આ બધી આ શું કહેવાય? ભાત નાંખે

છે ઇ શું કહેવાય એને ? (**શ્રોતા** : ડિઝાઇન) ડિઝાઇન, ડિઝાઇન. જોયું છે એક ફેરી ઓલા જામનગરમાં. છે ને ? આપણે ઓલો વઢવાણ વાળો નહિં ? હા એ કોક છે ત્યાં દૂધ પીધું'તું પછી આમ ડિઝાઇન હશે આમ એ કાંઇ નમૂના બધા ભિન્ન ભિન્ન જાતના. સ્થાનકવાસી છે. આહાહા ! જેવી પત્થરમાં નાંખવી હોય ડિઝાઇન એવી નાંખીએ છીએ. કહે છે કે ઇ ક્રિયા આત્મા કરે છે એમ માનવું એ મૂંઢ જીવ છે. (**શ્રોતા** : એટલે મૂંઢ રહ્યો પણ પૈસાવાળો છે ને ?) પૈસાવાળો નથી. રાગવાળો નથી તો પૈસાવાળો ક્યાંથી આવ્યો ? ઇ તો જ્ઞાનવાળો છે. જ્ઞાનવાળો એ પણ ભેદ છે આહાહા ! એ તો જ્ઞાન સ્વરૂપ ચૈતન સૂર્ય છે.

વિકલ્પને મનમાં ઈન્દ્રિયો તરફના વિકલ્પ છોડીને, કેમ કે ઇ બધા આંધળા છે. આહા ! દેખનારને જેને દેખવો છે, આહા ! જાણનારને જેને જાણવો છે, એ વસ્તુમાં તો વિકલ્પ રહિત થઇ અંતરમુખ ચૈતનના પ્રકાશનું અસ્તિત્વનું ભાન થાય તો ઇ પોતે પરમાત્મ સ્વરૂપ ચિદાનંદ ઘન છે. આહાહા ! એ પરમાત્મ સ્વરૂપ ભગવાન ઈન્દ્રિય અને શરીરની ક્રિયાઓ જે આંધળી છે ઇ જડ કરે છે, આત્મા કરતો નથી. આહાહા ! બહુ જગતથી ફેરફાર. શરીરના ને આત્માના સંયોગ સંબંધથી ભ્રમમાં પડી કદીપણ શરીરમાં આત્માની કલ્પના કરતો નથી. આહાહા ! આંગળી દ્વારા પાના ફર્યા આમ માટે મારા ખ્યાલમાં હતું કે આ પાનું જોઇએ માટે આંગળી ફરીને એ પાનું નજરમાં આવ્યું એમ નથી. આહાહા !

ઓલામાં આવ્યું'તું ને ? ડગલે ડગલે પગલે પગલે પ્રવચનસારમાં આવ્યું'તું. (**શ્રોતા** : પ્રવચનસારમાં) પર્યાયે પર્યાયે એને વિવેક હોય છે જ્ઞાનીને. આહાહા ! એમ કહે છે. પગલે પગલે એવો શબ્દ હતો. સંસ્કૃત ટીકામાં. આહાહા ! સમયે સમયની જ્ઞાનની પર્યાયમાં, સમયે સમયે ને પગલે પગલે એટલે પર્યાયે પર્યાયે રાગની ક્રિયા ને જડની ક્રિયાથી ભિન્નનું ભાન એને રહ્યા જ કરે છે. આહાહા ! કો પોપટભાઇ ! આવી વાતું ભાઇ ! આહાહા !એ કહે છે. આત્માની કલ્પના કરતો નથી. વ્યવસ્થિત કામ ઈન્દ્રિયોથી થાય જે એના ખ્યાલમાં હોય કે આ આ આ હાથ દ્વારા આ રોટલી તૂટે અને એ રોટલી આમ આવે મોઢામાં આહાહા ! પણ એ સંયોગમાં, ક્રિયામાં આત્માની ક્રિયા છે એમ જ્ઞાની જાણતો માનતો નથી. આહાહા ! છે ?

**ભાવાર્થ** : અર્થાત્ એ શરીરને ચેતનારહિત જડ. આહાહા ! આ તો માટી જડ જાણતું નથી. આ આંખ્યું જડ જાણતી નથી. આહાહા ! કાન સાંભળવાનું જ્ઞાન કરતો નથી, ઇ તો જડ છે આ તો. (**શ્રોતા** : આત્માના પ્રદેશો) શેમાં ? પ્રદેશેથી જાણે છે છે એ તો જાણે છે. એ કાંઇ પ્રદેશમાં રહેલું જે જ્ઞાન, પ્રદેશ તો એનું ક્ષેત્ર છે, એનું સ્વદેશ છે. આહાહા ! એ

સ્વદેશમાં રહેલું જે જ્ઞાન એ દેહની ક્રિયાના કાળમાં સંયોગ દેખાતો હોવા છતાં, એમ છે ને જુઓને ? શરીરના સંયોગ સંબંધી ભ્રમમાં પડી, કદી શરીરમાં આત્માની કલ્પના કરતો નથી. આહાહા ! વીતરાગ મારગ ભારે ઝીણો બાપું ! લોકોએ અત્યારે હલવ્યું (ચલાવ્યું) છે આ પૂજા કરો ને ભક્તિ કરો ને આ કરો ને જડની ક્રિયા કરો ને તમારે ધરમ થાશે. આહાહા ! કદાચિત્ એમાં શુભભાવ હોય લ્યોને ? એ પણ અચેતન જડ છે. આહાહા ! સમજાણું કાંઇ ? ઇ આવી ગયું છે આપણને ત્યાં ૭૨ (બોતેર) ગાથામાં.

રાગ તે અચેતન છે. કેમ કે રાગ આંધળો કહો કે અચેતન કહો બેય એક જ વાત છે. આહાહા ! રાગ જે દયા, દાન, ભક્તિ, વ્રતનો વિકલ્પ ઉઠયો એ કાંઇ જાણતું નથી કે હું રાગ છું. એને જાણનારું જ્ઞાન તો ભિન્ન છે. વાત તો એવી છે કે જે કાળે, જે પ્રકારનો રાગ-દ્વેષનો થવાનો કાળ હોય, તે જ, તે કાળે જ તેનું જ્ઞાન કરતું જ્ઞાન પ્રગટ થાય છે. આહાહા ! સમજાણું કાંઇ ? જેવી શરીરની ક્રિયા થવાની હોય છે અને જેવો અહીં રાગ હોય છે કે દ્વેષ હોય છે, તે સંબંધીનું, તે પ્રકારનું, તે જ કાળે જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશની પરિણતિ ઊભી સ્વતઃ થાય છે. આહાહા ! એને પછી ન્યાં સમયે સમયે ભેદ કરવો પડે છે ? ઇ ભેદ થયો ઇ ભેદ જ હાલે છે. સમજાણું કાંઇ ? રતિભાઇ ! આવો મારગ છે આ. આહાહા !

શરીરને ચેતના રહિત એટલે કે આ ઇન્દ્રિયો જે છે બધી, એ ચેતના રહિત જાણે છે જ્ઞાની તો. આ જડ છે. આહાહા ! શરીરના અવયવો છે ને ? એટલે શરીર છે ઇ. શરીરના અવયવો છે આ કાંઇ આત્માના અવયવો નથી. આ જડ છે, અચેતન છે અને આત્માને જ્ઞાન, દર્શન સ્વરૂપ જ સમજે છે. આહાહા ! જુઓ આ સમાધિ, સમાધિતંત્ર છે ને નામ ? (હા) સમાધિશતક કહે છે પણ ઇ સમાધિતંત્ર કહ્યું છે એટલે કે સમાધિશાસ્ત્ર. તંત્રનો અર્થ શાસ્ત્ર. કાલે કહ્યું'તું ને કાં. સમાધિ - ઔષધિ, તંત્રના બે અર્થ થાય છે. આહાહા ! સમાધિ ઔષધિ છે. રાગ અને પરથી ભિન્ન જાણીને જે શાંતિ આવે એનું નામ સમાધિ. એ ભવને ટાળવાનું ઔષધ નામ દવા છે. આહાહા ! ભવરોગને ટાળવાની આ દવા છે. સમજાણું કાંઇ ?

## વિશેષ

આત્મા અને શરીરનો એક ક્ષેત્ર અવગાહ સંબંધ હોવા છતાં એક જગ્યોએ આત્મા ને દેહ હોવા છતાં ઉપયોગો લક્ષણથી તો આત્મા પરખાય છે. જાણવા દેખવાના લક્ષણથી, લક્ષ નામ ભગવાન આત્મા જણાય છે. આહાહા ! એ રાગની ક્રિયા થાય ને શરીરની ક્રિયા થાય એ લક્ષણથી આત્મા જણાય છે એમ નથી, ઇ તો જડ છે. આહાહા !

જાણવાના, દેખવાના લક્ષણથી એ દ્રવ્ય લક્ષમાં આવે છે. લક્ષણથી લક્ષમાં આવે છે. આહાહા! લક્ષણથી લક્ષમાં લક્ષવાળું દ્રવ્ય આવે છે. આહાહા! આત્મા અને શરીરનું એક ક્ષેત્ર વ્યાપવું અવગાહ એટલે, સંબંધ હોવા છતાં ઉપયોગો લક્ષણથી આત્મા પરખાય (ઓળખાય) છે.

જેમ સોના-રૂપાનો એકપણા રૂપ બંધ હોવા છતાં દાખલો આપ્યો છે ને? સર્વાર્થ સિદ્ધિમાં કહ્યું છે (**શ્રોતા :** સમયસારમાં ને?) હા પણ આની સર્વાર્થ સિદ્ધિમાં ...तेन बन्धं प्रत्येकत्वे सत्यप्यात्मा लक्ष्यते । सुवर्णरजतयो बन्धं प्रत्येकत्वे सत्यपि वर्णादिर्भेदवत्। દાખલો એનો આપ્યો છે. નહિં તો આવે છે તો સમયસારમાં પણ આણે વાંચ્યું છે ને ઘણું. એમાંથી દાખલો આપ્યો. સોના-રૂપાનો એકપણારૂપ બંધ સોનું ને રૂપું બેય એકક્ષેત્રે આમ રહે છતાં સોનું સોનાપણે છે, રૂપું રૂપાપણે છે. આહાહા! તેમના વર્ણાદિ દ્વારા તે બન્ને ભિન્ન ભિન્ન પારખી શકાય છે. સોનાનો પીળો વર્ણ છે અને ચાંદીનો ધોળો વર્ણ છે. એક જગ્યોએ સોનાના પરમાણુ રહ્યા છતાં આહાહા! પરમાણુનો સ્કંધ, સ્કંધ છે ને ત્યાં તો. એક એક પરમાણુ જુદું ને એ પરમાણુનો સ્કંધ છે. રૂપાનો એ ધોળો અને પરમાણુનો સ્કંધ છે સોનાનો એ પીળો. બેયની ભિન્ન ભિન્નતા એના રંગ ગ્રહણથી ભિન્ન દેખાય છે. સમજાણું કાંઈ? આ તો સ્કંધની છે ને ભેગી વાત, સ્કંધની છે ભાઈ આ. એક પરમાણુ નથી સ્કંધની છે. રૂપાનું સ્કંધ અને સોનાના સ્કંધની વાત છે. કહ્યું'તું ને?

ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને જીવ એનો જે વિસ્તાર છે એ આમ પ્રદેશનો વિસ્તાર છે, એથી એ સપ્રદેશી છે અને પરમાણુને સપ્રદેશી કહેવો એ પરમાણુ વિસ્તરીને આમ થાય છે માટે સપ્રદેશ નહિં, પણ પરમાણુ સ્કંધમાં જોડાઈ જાય છે એથી એ સ્કંધની અપેક્ષાએ પરમાણુને સપ્રદેશી કહેવામાં આવે છે. આહાહા! ધર્માસ્તિ અને જીવનું સપ્રદેશીપણું તો એના અસંખ્ય પ્રદેશના વિસ્તાર દ્વારા જાણવામાં આવે છે અને પરમાણુનું સપ્રદેશીપણું એના વિસ્તાર દ્વારા નહિં કેમ કે પરમાણુ વિસ્તૃત પામીને ૨ (બે), ૩ (ત્રણ), ૪ (ચાર)પણું થાય છે? આહાહા! આ સ્કંધની વાત હાલે (ચાલે) છે ને, રૂપાની ને સોનાની. તો ઈ સ્કંધ જે થયો છે ઈ પરમાણુ વિસ્તરીને થયો છે, વિસ્તાર થયો છે એમ નથી. આહાહા! વિસ્તાર થતાં તો એ પરમાણુ ૨ (બે)પણે, ૩ (ત્રણ)પણે, ૪ (ચાર) પણે થાય તો એ પરમાણુનો વિસ્તાર કહેવામાં આવે, તો એને સપ્રદેશી એ રીતે કહેવાય એમ નથી. આહાહા! એ રૂપાના ને સોનાના સ્કંધ જે છે તે એના રંગથી તેને જણાય કે આ પીળું તે સોનું, ધોળું તે રૂપું. આહાહા!

જ્યાં પીળું દેખાય છે ઇ તો અનંત પરમાણુનો સ્કંધ છે. એક પરમાણુ નથી ત્યાં, અને જે રૂપું દેખાય છે એ અનંત પરમાણુનો સ્કંધ છે. આતો દૃષ્ટાંત દેવો છે ને? આહાહા! એકપણાનો બંધ હોવા છતાં તેમના રંગાદિ દ્વારા તે બન્ને ભિન્ન ભિન્ન પારખી શકાય છે, તેમ અંતરાત્માને શરીર ને આત્માના લક્ષણોનું બરાબર જ્ઞાન છે. આહાહા! ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપે છે. શરીર તે અચેતન જડ સ્વરૂપે છે, એમ આત્માના ને અંતરાત્માને શરીર ને આત્માના ૨ (બે) છે ને? અંતરાત્મા નામ ધર્મીજીવને શરીર ને આત્માના લક્ષણોનું બરાબર જ્ઞાન છે. આહાહા! તેથી તે બન્નેને એકરૂપ, એકને બીજારૂપ માનતો નથી. બન્નેને એકરૂપ અથવા એક ને બીજારૂપ. આહાહા! ભિન્ન માને છે, જાણે છે. ભલે આ અનંત પરમાણુનો પિંડ છે આ. પોતે આત્મા તો અસંખ્ય પ્રદેશી પિંડ છે. એ કાંઇ ૨ (બે) આત્મા, ૪ (ચાર) આત્મા થઇને અસંખ્ય પ્રદેશે નથી થયો. એ તો એના પ્રદેશનો વિસ્તાર થઇને છે. છતાં પરમાણુનો વિસ્તાર થઇને સ્કંધ થયો છે. પરમાણુ લંબાઇને ૨ (બે), ૩ (ત્રણ), ૪ (ચાર)પણે થયા એમ નથી. એ સ્કંધને અને આત્માના લક્ષણને ભિન્ન ભિન્ન જ્ઞાની જાણે છે. આહાહા! હવે આવું જાણવું ને આવું!

તિર્યંચને આટલું બધું જ્ઞાન ન હોય પણ આંહી તો વધારે જ્યાં એને વિપરીત માન્યતાઓના શલ્ય ગરી ગ્યા હોય છે ત્યાં વિશેષે ભિન્ન પ્રકારના ભેદજ્ઞાનના ભાવોને એણે જાણવા પડશે. તિર્યંચ છે એને અહીં એકદમ આનંદનો અનુભવ થયો. આહાહા! સમજાણું કાંઇ? આ જ્ઞાન સ્વભાવી તે હું એટલે જ્ઞાનની સાથે રહેલો આનંદ, એ આનંદનો જ્યાં સ્વાદ આવ્યો એટલે ખ્યાલમાં આવ્યું કે આ આત્મા છે અને એની સાથે રાગાદિનો આ આનંદથી ઉલટી દશા છે બસ. ભલે ને આસ્ત્રવ છે ને બંધ છે એમ ન જાણે. શબ્દે આહાહા! જ્ઞાનનું, આનંદનું વેદન આત્મા એમ જણાણો. એનાથી દુઃખરૂપ લાગે છે રાગાદિ એ મારામાં નથી. એ બીજી ચીજ છે આનાથી. ભલે નામ ન આવડે. આહાહા! પણ એનું ભાવભાસન થઇ ગ્યું.

ભાવભાસનનો અર્થ ભાવ જેવો છે તેનું જ્ઞાન થઇ ગયું છે. આહાહા! આ વધારે આવા જાણપણાના બોલ નય એને હોય. આ તો વધારે ભેદ જેને ઘણા પ્રકારની ઊંધાઇ ગરી ગઇ છે, એને ઘણા પ્રકારે તેનું ભેદજ્ઞાન કરવું પડશે. કોઇ પડખે પણ ક્યાંય એકતા થઇ જાય પર હારે (સાથે) એ ખાતર એને ભેદજ્ઞાનનાં બધા પડખા જાણવા પડશે. આહાહા! સમજાણું કાંઇ? આહા! વિશેષ થઇ ગયું.

હવે ૯૩ (ત્રાણું) બહિરાત્માને અંતરઆત્માની કઇ અવસ્થા ભ્રાંતિરૂપ

છે, અને કઈ અભ્રાંતિરૂપ છે તે કહે છે. બહુ શ્લોક પડ્યો છે. આહાહા!

बहिरन्तरात्मनोः काऽवस्था भ्रान्तिः का वाऽभ्रान्तिरित्याह –

**सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमोऽनात्मदर्शिनाम् ।**
**विभ्रमोऽक्षीणदोषस्य सर्वावस्थाऽऽत्मदर्शिनः ।।९३।।**

**માત્ર મત્ત નિદ્રિત દશા, વિભ્રમ જાણે અજ્ઞ;**
**દોષિતની સર્વે દશા, વિભ્રમ ગણે નિજજ્ઞ. ।। ૯૩ ।।**

**टीका** : सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमः प्रतिभासते । केषाम्? अनात्मदर्शिनां यथावदात्मस्वरूपपरिज्ञानरहितानां बहिरात्मनाम् । आत्मदर्शिनोऽन्तरात्मनः पुनरक्षीणदोषस्य मोहाक्रान्तस्य बहिरात्मनः सम्बंधिन्यः सर्वावस्थाः सुप्तोन्मत्ताद्यवस्थावत् जाग्रत्प्रबुद्धानुन्मत्ताद्यवस्थाऽपि विभ्रमः प्रतिभासते यथावद्वस्तुप्रतिभासाभावात् । अथवा-सुप्तोन्मत्ताद्यवस्थैव एवकारोऽपिशब्दार्थे तेन सुप्तोन्मत्ताद्यवस्थाऽपि न विभ्रमः । केषाम्? आत्मदर्शिनां द्रढतराभ्यासात्तदवस्थायामपि आत्मनि तेषामविपर्यासात् । स्वरूपसंवित्तिवैकल्यासम्भवाच्च । यदि सुप्ताद्यवस्थायामप्यात्मदर्शनं स्यात्तदा जाग्रदवस्थावत्तत्राप्यात्मनः कथं सुप्तादिब्यपदेश इत्यप्युक्तम् । यतस्तत्रेन्द्रियाणां स्वविषये निद्रया प्रतिबंन्धात्तद्व्यपदेशो न पुनरात्मदर्शनप्रतिबन्धादिति । तर्हि कस्याऽसौ विभ्रमो भवति? अक्षीणदोषस्य बहिरात्मनः । कथम्भूतस्य? सर्वावस्थात्मदर्शिनः सर्वावस्थां बालकुमारादिलक्षणां सुप्तोन्मत्तादिरूपां चात्मेति पश्यत्येवं शीलस्य ।।९३।।

બહિરાત્મા અને અંતરાત્માની અવસ્થા ભ્રાન્તિરૂપ છે અને કઈ અભ્રાન્તિરૂપ છે તે કહે છેઃ-

**અન્વયાર્થ** : (अनात्मदर्शिनाम्) જેમને આત્મસ્વરૂપનું વાસ્તવિક જ્ઞાન નથી તેવા બહિરાત્માઓને, (सुत्पोन्मत्तादि अवस्था एव) સુપ્ત અવસ્થા અને ઉન્મત્તાદિ અવસ્થા જ (विभ्रमः) વિભ્રમરૂપ લાગે છે, પરંતુ (आत्मदर्शिनः) આત્માનુભવી અંતરાત્માને, (अक्षीणदोषस्य) મિથ્યાત્વાદિ દોષો જેના ક્ષીણ થયા નથી તેવા બહિરાત્માની (सर्वावस्थाः) બધીય અવસ્થાઓ (विभ्रमः) વિભ્રમરૂપ લાગે છે.

**ટીકા** : સુપ્ત અને ઉન્મત્તાદિ અવસ્થા જ વિભ્રમરૂપ પ્રતિભાસે છે. કોને? આત્મસ્વરૂપ નહિં જાણનારાઓને - અર્થાત્ આત્મસ્વરૂપના યથાર્થ પરિજ્ઞાનથી રહિત બહિરાત્માઓને. આત્મદર્શીને એટલે અંતરાત્માને, અક્ષીણ દોષવાળા એટલે જેના દોષ ક્ષીણ થયા નથી તેવા મોહથી ઘેરાયેલા બહિરાત્મા સંબંધીની સર્વ અવસ્થાઓ - જાગ્રત, પ્રબદ્ધ, અનુન્મત્તાદિ અવસ્થા પણ, સુપ્ત, ઉન્મત્તાદિ અવસ્થાની જેમ, વિભ્રમરૂપ પ્રતિભાસે છે; કારણ કે તેને

(બહિરાત્માને) યથાર્થપણે વસ્તુના પ્રતિભાસનો અભાવ છે;

**અથવા**

સુપ્ત ઉન્મત્તાદિ અવસ્થા પણ (અહીં एव શબ્દ अपि ના અર્થમાં છે) વિભ્રમરૂપ (ભાસતી નથી). કોની? આત્મદર્શીઓની, કારણ કે દઢતર અભ્યાસને લીધે તે અવસ્થામાં પણ તેમને આત્મા વિષે અવિપર્યાસ (અવિપરીતતા) હોય છે અને સ્વરૂપ-સંવેદનમાં વૈકલ્યનો (ચ્યુતિનો) અભાવ હોય છે.

જો સુપ્તાદિ અવસ્થામાં પણ આત્મદર્શન હોય તો જાગૃત અવસ્થાની જેમ, તેમાં પણ આત્માને સુપ્તાદિનો વ્યાપદેશ (કથન) કેવી રીતે ઘટે? માટે તે પણ અયોગ્ય છે.

(સમાધાન) ત્યાં ઇન્દ્રિયોને સ્વવિષયમાં નિદ્રાને લીધે પ્રતિબંધ છે, પરંતુ ત્યાં આત્મદર્શનનો પ્રતિબંધ નથી માટે તેનો વ્યપદેશ ઘટે છે.

ત્યારે કોની તે વિભ્રમરૂપ લાગે છે? અક્ષીણ દોષવાળા બહિરાત્માની. કેવા (બહિરાત્માની)? સર્વ અવસ્થાઓમાં આત્મા માનનારની-અર્થાત્ બાલકુમારાદિરૂપ અને સુપ્ત - ઉન્મત્તાદિરૂપ સર્વ અવસ્થાને જે આત્મા માને છે તેવા સ્વભાવવાળાની (બહિરાત્માની).

**ભાવાર્થ :** સંસ્કૃત ટીકાકારે પ્રસ્તુત શ્લોકને નીચેના રૂપમાં સમજી બીજો અર્થ પણ કર્યો છે:-

**सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमोऽनात्मदर्शिनाम् ।**
**विभ्रमोऽक्षीणदोषस्य सर्वावस्थाऽऽत्मदर्शिनः ।।९३।।**

**અર્થ :** આત્મદર્શી પુરુષોની નિદ્રાવસ્થા અને ઉન્મત્તાવસ્થા પણ વિભ્રમરૂપ હોતી નથી અને સર્વ અવસ્થાઓમાં આત્મા માનનારની (બહિરાત્માની) - જેના મિથ્યાત્વાદિ દોષો ક્ષીણ થયા નથી તેવાની - તે (નિદ્રાવસ્થા અને જાગ્રતાવસ્થાદિ સર્વ અવસ્થાઓ) વિભ્રમરૂપ છે.

જે આત્મદર્શી અંતરાત્મા છે તેને સુપ્તાદિ અવસ્થા વિભ્રમ નથી, તો જાગ્રતાદિ અવસ્થાઓ તો વિભ્રમરૂપ કેમ જ હોય? ન જ હોય, કારણ કે આત્મસ્વરૂપના દઢતર અભ્યાસના કારણે તેનું જ્ઞાન તે અવસ્થાઓમાં આત્મસ્વરૂપથી ચ્યુત થતું નથી. ઇન્દ્રિયોની શિથિલતા અને રોગાદિવશ કદાચિત્ તેને ઉન્મત્તતા પણ આવી જાય, તો પણ તેના આત્માનુભવરૂપ સંસ્કાર છૂટતા નથી - બરાબર કાયમ જ રહે છે; પરંતુ અજ્ઞાની

બહિરાત્માને બાલ, કુમારાદિરૂપ તથા સુપ્ત - ઉન્મત્તાદિરૂપ સર્વ અવસ્થાઓમાં દેહાધ્યાસ - આત્મબુદ્ધિ હોવાથી તેની બધી ક્રિયાઓ વિભ્રમરૂપ - મિથ્યા છે.

અંતરાત્માને નિરંતર જ્ઞાન ચેતનાનું પરિણમન હોવાથી બધી અવસ્થાઓમાં - સુપ્ત કે જાગ્રત, ઉન્મત્ત કે અનુન્મત્ત અવસ્થામાં - તેની ક્રિયાઓ વિભ્રમરૂપ હોતી નથી, પરંતુ બહિરાત્માને સર્વ અવસ્થાઓમાં નિરંતર અજ્ઞાન ચેતનાનું પરિણમન હોવાથી તેની બધી ક્રિયાઓ વિભ્રમરૂપ - મિથ્યા હોય છે.

આ રીતે બહિરાત્મા અને અંતરાત્માની અવસ્થામાં મોટો ફેર છે. અંતરાત્મા આત્મસ્વરૂપમાં સદા જાગૃત રહે છે અને બહિરાત્માની એનાથી વિપરીત દશા હોય છે. ૯૩

---

## પ્રવચન – ૧૦૬

**ટીકા** : સૂતેલો માણસ અને ઉન્મત્ત દશામાં - અવસ્થામાં વિભ્રમરૂપ પ્રતિભાસે છે. સૂતો હોય ને ઘેલસાઇ જ્યારે થઇ હોય. આહાહા ! જરા ઝીણી વાત છે હોં ! સમકિતીને ઘેલસાઇના વખતે પણ સમકિતનું ભાન છે એમ કહે છે. અજ્ઞાનીને તો ઉન્મત્ત ને સુષુપ્ત અવસ્થામાં સૂતો છે ન્યાં અજ્ઞાની. આહાહા ! વિભ્રમ પણ ત્યાં હોય એને વિભ્રમ કોને ? આત્મસ્વરૂપ નથી જાણનારને. સૂતેલો ને ઉન્મત્ત આદિ દશામાં જ, વિભ્રમરૂપ પ્રતિભાસે છે અજ્ઞાનીને. આત્મા ને નહિં જાણનારને આત્મ સ્વરૂપના યથાર્થ પરિજ્ઞાનથી રહિત બહિરાત્માને. આહાહા ! બહિરાત્માને નિદ્રામાં સૂતો હોય અને ઉન્મત દશા હોય ત્યારે જ એને ભ્રમ - વિભ્રમ છે એમ માને છે. એ દશામાં વિભ્રમ હોય એમ માને છે. આત્મદર્શી જીવ અંતરાત્માને અક્ષીણ દોષવાળા એટલે જેના દોષ ક્ષીણ થયા નથી એવા મોહથી ઘેરાયેલા બહિરાત્મા સંબંધીની સર્વ અવસ્થાઓ જાગૃત ને પ્રબધ્ધ, શું કહે છે ? જ્ઞાની તો અજ્ઞાનીને બધી દશાઓમાં એ અજ્ઞાની ભ્રમ ભાસે છે એને. આહાહા !

આત્મદર્શીને એટલે અંતરાત્માને, અક્ષીણદોષવાળા એટલે જેના દોષ ક્ષીણ થયા નથી એવા મોહથી ઘેરાયેલા બહિરાત્મા. આહાહા ! એના સંબંધીની સર્વ અવસ્થાઓ, એ જાગતી અવસ્થા હો, જાણપણાના પ્રબુધ વાળો હોય આહાહા ! (શ્રોતા : ભ્રમ) હેં ? એને જ્ઞાની તો એ વખતે બધાંને ભ્રમ ભાસે છે એને. આહાહા ! અજ્ઞાની ભ્રમમાં પડયો છે બાપુ. જાગતો હોય, પ્રબુધ હોય આહાહા ! અનુન્મત્તાદિ એટલે ઉન્મત્ત

દશા ન હોય એમ, જાણપણાની જરી ઉન્મત્ત દશા પણ ન હોય, બરાબર પ્રબુધ્ધ જાણપણા સહિત વિચિક્ષણ પણે વર્તતો હોય છતાં જ્ઞાનીને એની બધી દશામાં ભ્રમ ભાસે છે. આહાહા! એ ભ્રમની ભૂમિકામાં બધું છે એને. આહાહા! અવસ્થા પણ સુપ્ત ઉન્મત્ત આદિ અવસ્થાની જેમ એમ. જાગૃત, પ્રબુધ્ધ ને અણઉન્મત્ત એ બધી દશાઓને સુપ્ત, ઉન્મત્ત આદિ અવસ્થાની જેમ વિભ્રમરૂપ પ્રતિભાસે છે. આહાહા! શું કીધું? સમજાણું કાંઇ? અજ્ઞાનીની બહિરાત્માની દશા જાગૃત, પ્રબુધ્ધ અને કહ્યું ને અનુન્મત્ત ઉન્માદ નથી. ડહાપણ ડાહ્યાઓની જેમ બેઠો હોય, આમ વાત કરતો હોય એવી દશાને જ્ઞાની, એને સુપ્ત ઉન્મત્ત અવસ્થાની જેમ એ સૂતો ને જાણપણાની અવસ્થાની જેમ વિભ્રમરૂપ પ્રતિભાસે છે. શું કહ્યું? સમજાણું કે નહિં? સમજાણું નહિં એટલા શબ્દે? (શ્રોતા : જાગતો હોય તોય વિભ્રમ) વધારે લેવું છે.

કહે છે કે અંતરાત્મા ધર્માત્મા, અજ્ઞાનીને કઇ રીતે ભાસે છે? અજ્ઞાની એને કેવો ભાસે છે કે અજ્ઞાની જાગૃત ને પ્રબુધ્ધ ને અનુન્મત્ત દશાની જેમ એ સુપ્ત અને ઉન્મત્ત દશા જેવો એને ભાસે છે. બધામાં એને વિભ્રમને મિથ્યાત્વ ભાસે છે. આહાહા! અંતરાત્માને એટલું, અક્ષીણ મોહ જેના દોષ ક્ષીણ થયા નથી ને મિથ્યાભ્રમ જેને ગયો નથી એવા અજ્ઞાની ને જ્ઞાની અંતરાત્મા આહાહા! ગુણોથી ઘેરાયેલા બહિરાત્મા સંબંધીની બધી અવસ્થાઓ જાગૃત હોય, જાણનારી હોય. આહાહા! શાસ્ત્રની વાતું પણ જાણપણાથી વાત કરતો હોય અરેરે! આહાહા! સમજાણું કાંઇ? ઉન્મત્ત આદિ સુપ્ત અવસ્થાની જેમ એ જાગૃત ને પ્રબુધ્ધ અને અનુન્મત્ત. સૂતો, અજ્ઞાન અને અનુન્મત્ત, એની જેમ વિભ્રમરૂપ પ્રતિભાસે છે. આહાહા! શું કીધું? સમજાણું કાંઇ?

(શ્રોતા : બધી વાતે અજ્ઞાન) જેને સત્‌ની ખબર નથી, જે રાગથી ને પરથી ભિન્ન છે, એવી દશાની ખબર નથી, એ બધી દશાઓમાં જ્ઞાનીને તો બધી એની દશાઓમાં વિભ્રમ ભાસે છે. આહાહા! સાધુ નામ ધરાવતો હોય અને લાખો માણસને ઉપદેશ કરતો હોય પણ જેને રાગથી ને દેહની ક્રિયા મારી છે એમ માનીને જે ભ્રમમાં પડયો છે, એવા ભ્રમમાં પડેલા જીવની જાગૃત કે પ્રબુધ્ધ કે અનુન્મત્ત દશા, એ સૂતો અને ગાંડા જેવી દશા જેવી જ એને ભાસે છે. પાગલ છે. આહાહા! ભારે આ લીધું છે. એની હામે(સામે) લેશે અર્થ હોં. સમ્યગ્દૃષ્ટિ જીવ ઉન્મત્ત આદિ દશા એની દેખાય, નિંદ્રા દેખાય, છતાં એનું આત્મજ્ઞાનનું પરથી ભિન્નપણું એને કોઇ રોકી શકે એવી છે ચીજ નહિં. આહાહા! સમજાણું કાંઇ? નિંદ્રામાં ઇન્દ્રિયનો વિષય રોકાણો પણ સ્વ વિષય રોકે

એવી તાકાત કોઈની નથી. આહાહા! સમજાણું કાંઈ? રોગની કે અવસ્થા એવી થાય કહ્યું'તું ને? શ્રીમદ્‌ને માટે નહોતુ કહ્યું?

શ્રીમદ્‌ને જ્યારે છેલ્લા રહ્યું ત્યારે 'મનસુખ, બાને દિલગીર થવા દઈશ નહિં, હું સ્વરૂપમાં જાઉં છું' એમ કીધું. સૂતા એ સૂતા અને લૂગડું નાંખ્યુ માથે એમાં ઘરડીયો હાલ્યો એવો ઘરડીયો હાલ્યો કે ૪-૫(ચાર-પાંચ) ગામ શું? ઘર ૪-૫(ચાર-પાંચ) ઘર ત્યાં સંભળાય. એટલે ઓલા ઝવેરભાઈ કહે એના બનેવી ઝવેરભાઈ હતા. ઝવેરભાઈ નહિં? ત્યાં રહેતા'તા ને ડેલામાં કરસનભાઈની સામે, રાજકોટ. કહે આહાહા! આ દશા? આ ધર્મીની દશા આવી હોય? આપણને વાત બેસતી નથી. પછી જ્યારે વાત થઈ બાપુ! તમે ન જાણો ભાઈ! એ તો દેહની ક્રિયાના કાળે એવી સ્થિતિ થાય પણ અંદર આનંદમાં પડયા છે એને એની ખબરેય નથી. ભાઈ! એ વસ્તુની સ્થિતિ જુદી છે. સમજાણું કાંઈ?

ઈ તો દેહમાં જરી શક્તિ હતી થોડી કારણ ઉભા થ્યાને? ઉભા થઈને આમ શું કહેવાય? તમારી આરામ ખુરશી એમાં આમ પોઢયા ને લૂગડું આમ જરી રાખ્યું ત્યાં ઘરડીયું હાલ્યું. કારણ પોતે તો અંદર ધ્યાનમાં છે. શાંતિમાં છે. લોકો જાણે કે આવી? બાપુ એ તો દેહની ક્રિયા છે. એમાં એના જ્ઞાનમાં, આનંદમાં પ્રતિબંધ કોઈ કરી શકે એવું ત્યાં એ કાળે નથી. આહાહા! સમજાણું કાંઈ? ઈ કોલ કરાર કરીને ગ્યા છે ઈ કાંઈ મફતમાં નથી ગ્યા. તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ. આહાહા! એ બાપુ અંદરની વાતું છે. સમજાણું?

'અશેષ કર્મનો ભોગ છે ભોગવવો અવશેષ રે'. નબળાઈમાં દેખાય છે કે હજી કાંઈ જ્ઞાન તદ્દન સ્થિર થઈ શકે એટલી તાકાત નથી. ઈ કાંઈક અટકે છે જ્ઞાન તેથી 'અશેષ કર્મનો ભોગ છે ભોગવવો અવશેષ રે'; તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે' અક્ષરે અક્ષર સત્ય છે. સમજાણું કાંઈ? આહાહા! વસ્તુની સ્થિતિ એવી છે. એ આંહી કહેવા માંગે છે કે આવી સ્થિતિ દેખીને અજ્ઞાનીને એમ થાય કે આ તો ભ્રમ, આ તો અજ્ઞાની જેવી આખી ક્રિયા થઈ. આહાહા! અહીં અજ્ઞાનીની ક્રિયા પ્રબુધ્ધપણે, જાગૃતપણે અણઉન્મત્તપણે હોય. અણઉન્મત્તપણે છતાં જ્ઞાની તો એને ભ્રમમાં પડેલા દેખે છે. આહાહા! બહુ વાતું ટોચની ભાઈ! આહાહા! ઈ કહે છે. ઈ માટે આ ગાથા લીધી છે, કારણ કે તેને યથાર્થપણે વસ્તુના પ્રતિભાસનો અભાવ છે. બહિરાત્માને યથાર્થપણે વસ્તુનું ભાન પ્રતિભાસ એટલે જ્ઞાનમાં ભાસ યથાર્થ થવો એનો એને અભાવ છે. આહાહા! ભલે અગિયાર અંગ ભણ્યો હોય, નવપૂર્વની લબ્ધિ પ્રગટી હોય. આહાહા! પણ મોહથી ઘેરાયેલો છે ઈ. આહાહા! સમજાણું કાંઈ?

આ તો સમાધિનો અધિકાર છે ને ? જેને રાગમાં ને પરમાં એકત્વ બુદ્ધિપણે, અસમાધિપણે બહિરાત્મા વર્તે છે. આહાહા ! મરતાં દેહને સાધ્યપણે દેહ છોડે અજ્ઞાની તો પણ એનો વિભ્રમ છે કહે છે. આહાહા ! અને જ્ઞાની કદાચિત્ ઉન્મત્ત અવસ્થા જેવું દેખાય જરી. આહાહા ! આ માપ કોણ કરે ? સમજાણું કાંઇ ? આચાર્યે આ વાત નાંખી છે. આહાહા ! છેલ્લા ટોચની વાત નાંખી છે કે અજ્ઞાની બહિરાત્મા મિથ્યાત્વથી ઘેરાયેલો છે, એને પ્રબુધ્ધપણું, જાગૃતપણું, ઉન્મત્તપણાનો અભાવ વર્તે છે, એ કાળે પણ જ્ઞાની એને સૂતો ને નિંદ્રિત અને ઉન્મત્ત જે દશા આહાહા ! જાગૃત અને પ્રબુધ્ધ અને અનુન્મત્ત અવસ્થામાં, પણ એને સુપ્ત અને એના જેવું હોય છે. આહાહા ! અરે આને કાંઇ ખબર નથી શું કહે છે આ ? સમજાણું કાંઇ ? મરતાં એમ કહે મને સંભળાવો, શાસ્ત્ર સંભળાવો અને એ સાંભળે છે માટે એ સમકિતી છે એમ નથી. ઝીણી વાતુ બાપુ ! કેમ કે હજી એની દૃષ્ટિમાં જ મિથ્યાત્વ ઘેરાયેલું છે. આહાહા ! એવી વાત છે.

રાગના વિકલ્પથી પ્રભુ પરમાત્મ સ્વરૂપનું અસ્તિત્વ તદ્દન ભિન્ન છે. એ જ્યાં ભાસ્યું નથી એથી એને રાગ અને દેહની ક્રિયા, ઉપશમપણે પણ મારી છે એવી માન્યતાથી ઘેરાઇ ગયેલો છે ઇ. આહાહા ! સમજાણું કાંઇ ? આવો મારગ ભારે ભાઇ ! આહાહા ! યથાર્થપણે વસ્તુના પ્રતિભાસનો અભાવ છે અથવા સુપ્ત ઉન્મત્ત આદિ અવસ્થાપણ. एव શબ્દ अपिના અર્થમાં છે. વિભ્રમરૂપ ભાસતી નથી. કોની ? આત્મદર્શીની. આહાહા ! જેને આત્મદર્શન થયું છે એ જીવની કોઇ નિંદ્રામાં પડયો હોય, અને ઉન્મત્ત જેવી જરી ભાષા પણ નીકળી જાય જરી અંદર આહાહા ! એવી વાત છે. આહાહા ! એનું કારણ કે દૃષ્ટિના વિષયને પ્રતિબંધ કરનારી કોઇ ચીજ ત્યાં છે નહિં એને હેં ? આહાહા ! ભલે નિદ્રામાં ઇન્દ્રિયનો વિષય રોકાણો સમજાણું ? પણ દૃષ્ટિનો વિષય એ છે એ રોકવાને કોઇ સમર્થ નથી એ કાળે. આહાહા ! પોપટભાઇ આવી વાતું છે. આહાહા !

સુપ્ત અને ઉન્મત્ત આદિ અવસ્થા પણ વિભ્રમરૂપ ભાસતી નથી. આહાહા ! જોયું ? ધર્મીને, ધર્મીની દશા આવી હોય છતાં તેને વિભ્રમ છે એમ ભાસતું નથી. આહાહા ! આહાહા ! ફરીને. સૂતેલી નિંદ્રા અને ઉન્મત્ત આદિમાં કોઇ અવસ્થા પણ વિભ્રમરૂપ ભાસતી નથી. કોની ? આત્મદર્શીઓની. આત્મદર્શન થયું છે એવા જીવ સૂતા હોય કે કાંઇ ઉન્મત્ત જેવી કાંઇ દશા દેખાય પણ એને પ્રતિબંધ કરનાર ત્યાં કોઇ છે નહિં, એટલે એને વિભ્રમ છે એમ ભાસતો નથી. આહાહા ! ફરીને, સૂતો નિંદ્રામાં તો ઇન્દ્રિયનો વિષય રોકાણો. આહાહા ! ઉન્મત્તમાં જરી ચારિત્રની અસ્થિરતાનો કોઇ ભાગ આવ્યો. આહાહા ! શું સંતોની રીત ! એમાં પણ एव શબ્દ अपि ના અર્થમાં એટલે એને પણ વિભ્રમરૂપ

ભાસતી નથી. આહાહા! પોતાને તો વિભ્રમ છે નહિં પણ જ્ઞાનીને તેને આવી અવસ્થા જ્ઞાનીની દેખીને વિભ્રમ છે એને એમ ભાસતું નથી. આહાહા! આ તો છેલ્લી ટોચની વાતું છે. આહાહા! હેં?

મરણ ટાણે પણ ધર્મીને કોઇની એવી સ્થિતિ આમ થઇ જાય હોં, પણ છતાં જ્ઞાનીને એની વિભ્રમ છે આ એમ ભાસતું નથી. આહાહા! કારણ કે દઢતર અભ્યાસને લીધે તે અવસ્થામાં પણ તેમને આત્મા વિષે વિપરીતતા હોય છે, એટલે વિપરિતતા હોય છે એમ નહિં અવિપરીતતા હોય છે એમ. આહાહા! હેં? આહાહા! કુંદકુંદ આચાર્ય, અમૃતચંદ્ર આચાર્ય પ્રવચનસારની ૯૨ (બાણુ)મી ગાથામાં કહે છે ને? અમે આગમ કુશળતા અને અંતરની સાવધાની દ્વારા, અમે મિથ્યાત્વનો નાશ કર્યો છે. એ ફરીને હવે થવાનો નથી અમારે. આહાહા! અરે! છદ્મસ્થ મુનિ તમે પંચમ આરાના અને તે અમૃતચંદ્ર આચાર્ય તો ભગવાન પાસે ગયા ય નહોતા હેં? પણ આ ભગવાન પાસે ગ્યા'તા ને! આહાહા! જ્ઞાનની પર્યાય દ્વારા રસ સપાટી બાંધીને દ્રવ્યમાં ગ્યા'તા અંદર. આહાહા!

દિઠ્ઠ મગ્ગે એવો પાઠ છે ને ધવલમાં? માર્ગ દીઠો છે અને જ્ઞાન દ્વારા આમ ગ્યા'તા અંદર એ દ્વારા અંદર રમતું કરે છે જ્ઞાની. આહાહા! સમજાણું કાંઇ? દુનિયાથી તો બહુ ફેરફારવાળી વાતું છે. હવે અજ્ઞાની જાગૃત, પ્રબુધ્ધ અને અનુન્મત્ત તો ય કહે છે કે એ ભ્રમમાં પડયો છે અને જ્ઞાની સૂતો, ઉન્મત્તવત્ તો ય તેને ભ્રમ નથી. આહાહા! કેમ કે ભ્રમનો પ્રતિબધ્ધ જેને ઉઠી ગયો છે એને, આ નિંદ્રા કે ઉન્મત્ત અવસ્થામાં સમકિતને કોઇ રોકે કે આત્માના જ્ઞાનને રોકે એવી કોઇ ચીજ છે જ નહિં. આહાહા! સમજાણું કાંઇ? આહાહા! આવી વાતું ભારે. દિગંબર સંતો સિવાય આ વાત ક્યાંય સાંભળવા મળે એમ નથી. હેં? ક્યાં લઇ ગ્યા છે જુઓ. બહારમાં જરી અસ્થિરતા જેવું દેખાય અને નિંદ્રામાં પણ પડયા હોય, છતાં અંતર વિષય જે ચૈતનને પકડયો છે એ વિષયને પ્રતિબધ્ધ કરનાર મોહનો તો નાશ થયો છે. આહાહા! સમજાણું કાંઇ?

આવી વાત પ્રભુ! હવે શાસ્ત્રમાં મૂકે છે કેવી? એક એકની વિવેકની વાતું કરી છે. આહાહા! વિવેક. વિવેક. પરથી ભિન્ન એમ. વિવેક એટલે, પ્રૌઢ વિવેક આવ્યું'તું ને? ૪૧૩ (ચારસો તેર) ગાથા. વહેવારમાં આરૂઢ છે એ વહેવારમાં મૂઢ છે, ચાહે તો સાધુ નગ્ન દિગંબર ૨૮ (અઠયાવીસ) મૂળ ગુણ પાળતો હોય પણ ઇ ભ્રમમાં પડયો છે. આહાહા! અને સમકિતી જ્ઞાની નિંદ્રામાં પડયો છે. કાંઇ નિંદ્રામાં તો ઇન્દ્રિયનો વિષય રોકાઇ ગ્યો છે પણ અંદરના વિષયને રોક્યો નથી કોઇએ. આહાહા! સમજાણું કાંઇ? અને ઉન્મત્ત જેવી અવસ્થા કદાચ થોડી દેખાય તો ય અસ્થિરતામાં. એટલી એ તો અસ્થિરતાનું કારણ છે જરી. એના આત્મદર્શનને ને કોઇ વિઘન કરે, એ રાગ આત્માના

દર્શનને વિઘન કરે એવી તાકાત નથી રાગમાં. આહાહા ! અસ્થિરતાનો જરી રાગ આવ્યો પણ એક ગુણ બીજા ગુણને નુકશાન કરી શકે એ છે જ નહિં. આહાહા ! સમજાણું ?

એમ કહેવા માંગે છે આંહી કે અસ્થિરતાનો ભાગને લઇ જરી ઉન્મત્ત જેવું દેખાણું, આહાહા ! પણ જે દર્શનશુદ્ધિ થઇ છે એને કોઇ રોકનાર કોઇ ચીજ છે નહિં. એ તો અસ્થિરતાનો ભાગ જરી આવી ગ્યો. આહાહા ! સમજાણું કાંઇ ? આરે વાતું તે પણ. આહાર લાવો ભાઇ આવે છે ને ? ભગવતી આરાધનામાં. સંથારો કર્યો છે ને ? પંડિત મરણ. એમાં કોઇ વખતે એવો વિકલ્પ આહાર લાવો. મુનિ કહે છે કે આત્મા ! અત્યારે તમે ક્યાં છો ? આ શું છે ? એને ભાન છે ત્યાં. એય ભગવતી આરાધનામાં આવે છે. સંથારો કર્યો છે અંદર આનંદમાં રમે છે અને એના સેવકો એટલે સેવા કરનારા કડાયા કડાયા કહેવાય, જેમ શીરો પાકે ને કડાયું હોય ને કડાયું એટલે લોઢાનું. એમ એનો સંથારો પાકવામાં મુનિ હોય હાજરમાં સેવા ધ્યાન રાખનારા, એમાં એને વિકલ્પ આવ્યો આહારનો. અરે ! મુનિ મહારાજ ! પણ ઇ તો દ્દઠું (છઠ્ઠું) ગુણસ્થાન આવ્યું ને વિકલ્પ આવ્યો. અંતમુહુર્તે ફટ સાતમે જાય છે. એય ! છતાં ત્યાં ઉપદેશ કર્યો એવું આવે ભગવતી આરાધનામાં. મુનિ મહારાજ, મુનિરાજ આપ ક્યાં છો ? શું આ છે ? ત્યાં તો ફરી જાય ફટ. સમજાણું કાંઇ ? આહાહા !

જેને આત્મદર્શન થયા, જેને આત્મ ઋધ્ધિ, આત્મ સંપદાની પ્રતીતિ અનુભવમાં થઇ આહાહા ! આ બધી સંપદા બંપદા આહારથી માંડીને પર બધી સંપદા આપદા છે, અને આ સંપદા તે સુખરૂપ છે. આહાહા ! એને ઇ આ અનુભવમાં કહે છે કે કોઇ વિઘન કરનારા રાગ અસ્થિર થયો કે ઊંઘ આવી ગઇ, નિંદ્રા માટે ત્યાં વિભ્રમ થાય ને વિભ્રમ છે એમ એનેય નથી ને જોનાર જ્ઞાનીને પણ લાગતું નથી. આહાહા ! કો શેઠ ! આ તો સાદી ભાષા છે આ તો અત્યારે બહુ ઝીણી નથી પણ હવે આંહી શીખી લેવી. (હિંદી), ગુજરાતી શું તમારે ન્યાં ક્યાં ? (**શ્રોતા :** ...) ક્યા કહતે હૈ ? (**શ્રોતા :** અવાજ) કહેવાય છે. કેમ છે આ તો તો બીજાને આવવું જોઇએ. આ કહે અવાજ બરાબર આવતો નથી એય હેં ? (**શ્રોતા :** હોલના હિસાબે) હોલના હિસાબે (**શ્રોતા :** પડઘા) એમ ? હશે હવે આપણને કોઇએ કીધું નથી. (શ્રોતા : બારણા ખુલ્લા હોય તો ન પડે) બારણા ખુલ્લા રાખવા જોઇએ. આ ખુલ્લા છે ને ? (**શ્રોતા :** બંધ છે) બંધ છે ઇ ? (**શ્રોતા :** બારી બારણા ખુલ્લા) ખુલ્લા રાખવા જોઇએ. એને કહી દેવું જોઇએ. આહાહા ! આત્મા વિષે અવિપરીતતા હોય છે અને સ્વરૂપ સંવેદનમાં ચ્યુતિ નો અભાવ હોય છે. આહાહા ! સ્વરૂપથી ખસી જવું એ અસ્થિરતામાં ઉન્મત્ત જેવું દેખાય અને નિંદ્રામાં ખસી જવું સ્વરૂપમાંથી એવું એને હોતું નથી.

વિશેષ કહેશે.....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

## પ્રવચન – ૧૦૭

### શ્લોક – ૯૩

**સ્થળ : સુવર્ણપુરી   તારીખ : ૦૧.૦૮.૭૫**

बहिरात्मनो: काऽवस्था भ्रान्ति: का वाऽभ्रान्तिरित्याह –

**सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमोऽनात्मदर्शिनाम् ।**
**विभ्रमोऽक्षीणदोषस्य सर्वावस्थाऽऽत्मदर्शिन: ।।९३।।**

**માત્ર મત્ત નિદ્રિત દશા વિભ્રમ જાણે અજ્ઞ;**
**દોષિતની સર્વે દશા વિભ્રમ ગણે નિજજ્ઞ. ।।૯૩ ।।**

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

સમાધિતંત્ર ૯૩મી (ત્રાણુમી) ગાથાનો ૧લો (પહેલો) ૨જો(બીજો) અને ૩જો(ત્રીજો) પેરેગ્રાફ છે. જો સુપ્તાદિ અવસ્થામાં પણ આત્મદર્શન હોય તો જાગૃત અવસ્થાની જેમ તેમાં પણ આત્માને સુપ્તાદિનો કથન કેવી રીતે ઘટે ? શું કહે છે કે જે આ આત્મા છે, સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકરે જે જોયો એ અંદર આત્મા તદ્દન શુદ્ધ નિર્મળાનંદ છે એવું જેને રાગથી અને પરથી ભિન્ન પડી અને જેને આત્મદર્શન થયું છે. સમ્યગ્દર્શન થયું છે. આહાહા ! એટલે કે રાગના વિકલ્પથી ભિન્ન પડી, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનાં, તપનો આદિ વિકલ્પ હો પણ એ રાગ છે. આહાહા ! એનાથી ભિન્ન પડીને ભગવાન આત્મા, અભેદ રત્નત્રયને જે આશ્રય કરીને પ્રગટ કરે છે. આત્માનો આશ્રય કરીને અભેદ રત્નત્રય પ્રગટ કરે છે. આહાહા !

એટલે કે આત્મા પૂરણ આનંદ અને પૂરણ શુદ્ધ સ્વરૂપ છે એની સન્મુખ થઈને નિમિત્ત, રાગ અને પર્યાયથી વિમુખ થઈને, ઝીણી વાત છે. જે સમ્યગ્દર્શનનું અંદર થયું, સમ્યગ્જ્ઞાન થયું અને સ્વરૂપની સ્થિરતાનો અંશ પણ થયો. કહે છે એવા જીવને સૂતો હોય, નિંદ્રામાં હોય, જરીક ઉન્મત્ત અવસ્થા પણ સહેજ હોય, રાગની જરીક અવસ્થા હોય એવી છતાં પણ આત્મદર્શન હોય, છતાં ત્યાં આત્માનું સમ્યગ્દર્શન છે. આહાહા ! તો કહે છે કે એવી અવસ્થાની જેમ તેમાં આત્માને સુપ્તનો - ઊંઘનો - ઉન્મત્તનો કેવી રીતે ઘટે એમ કહે છે. શુ કહે છે ? આહાહા !

સમ્યક્દૃષ્ટિ જીવને જાગૃત અવસ્થામાં તો ઠીક પણ જાગૃત અવસ્થાની જેમ ઊંઘની અવસ્થા હોય, નિંદ્રાની અવસ્થા હોય, ઉન્મત્તની અવસ્થા હોય એમાં એને આત્મદર્શન કેમ ઘટે ? અથવા એને ઊંઘમાં છે એમ કેમ ઘટે એમ કહે છે. ઝીણી વાત છે ભાઈ, વીતરાગ મારગ બહુ સૂક્ષ્મ છે. કહે છે કે એને ઊંઘમાં, નિંદ્રામાં, ઉન્મત્તપણામાં એને ઉન્મત્તપણું અને ઊંઘપણું અને ઊંઘપણું કેમ ઘટે એમ કહે છે. સમજાય છે કાંઈ ? આહાહા ! જ્યારે એને જાગૃત અવસ્થાની જેમ, એને ઊંઘની અવસ્થામાં પણ આત્મદર્શન કહો, તો એને ઊંઘપણું ઘટે કેમ એમ કહે છે. સમજાય છે કાંઈ ? (**શ્રોતા** : શિષ્ય પ્રશ્ન કરે છે) હેં ! શિષ્યનો પ્રશ્ન છે. છે ? ભઈ આ તો વીતરાગ મારગ ઝીણો બહુ છે. અત્યારે સમ્યગ્દર્શન એટલે શું એની વાતો ય ન મળે. આ પૂજા કરો, ભક્તિ કરો ને જાત્રા કરો, વ્રત પાળો ને તપ કરો એ ધર્મ એમ અજ્ઞાનીઓએ મનાવ્યું છે ને માન્યું છે, એ વીતરાગ મારગમાં એ નથી. આહાહા !

વીતરાગ જીનેન્દ્રદેવ પરમેશ્વર સર્વજ્ઞ પ્રભુ એમ કહે છે કે એને જ્યારે રાગથી રાગ છે, વિકલ્પ હો. હમણાં એ વાત થઈ ભાઈ થોડીક પહેલાં કે 'પરમાત્મ

પ્રકાશ'માં 'દ્રવ્ય સંગ્રહ'માં આદિમાં ઘણે ઠેકાણે ભેદાભેદ રત્નત્રય તે મોક્ષનું કારણ છે એમ આવે અને ઇ શુભરાગનો કર્તા છે ઇ મિથ્યાદૃષ્ટિ છે એમ આવે છે. હમણાં કહ્યું ને ભાઇ ? સમજાણું કાંઇ ? ત્યારે એ લોકો એમાંથી કહે છે કે ઇ શુભરાગ એ ભેદરત્નત્રય નથી. એય ! રતનચંદજીમાં આવ્યું'તું પહેલા. એમ નથી ભાઇ ! એ શુભરાગ જે છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો એ રાગનો કર્તા થઇને કર્તા થાય એ ભેદાભેદ રત્નત્રયવાળાને નથી. ભેદ, એને ભેદ રાગ છે ખરો, અભેદ સ્વરૂપની દૃષ્ટિ છે આનંદની એનું જ્ઞાન છે અને એની રમણતા છે પણ પૂરી નથી એટલે રાગ છે ખરો જોડે.

એ રાગને ભેદરત્નત્રય કહીને મોક્ષનું કારણ છે એમ આરોપથી કહ્યું, અને સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન છે એ યથાર્થ મોક્ષનું કારણ છે એમ કહ્યું, પણ એથી પુણ્યનો રાગ ભેદરત્નત્રય એ રાગ નથી, પુણ્ય નથી એમ નહિં. (**શ્રોતા** : છે તો રાગ જ) હેં ! છે રાગ પણ રાગનું કતૃત્વ નથી. આહાહા ! ભારે વાત. બહુ ઝીણો મારગ બાપા ! જન્મ - મરણને ટાળવાનો ઉપાય વીતરાગનો એ આખી જાત જ જુદી છે. આહાહા ! અરે ! ચોર્યાશીના અવતારમાં દુ:ખી થઇને રખડે છે, ચાર ગતિમાં દુ:ખી છે હોં ઇ. શેઠ ! પૈસાવાળાય દુ:ખી.

(**શ્રોતા** : પૈસાને અને સુખને શું સંબંધ ?) હવે આ મોટા વૈભવના મોટા વૈભવ જુઓ તો એમને ઘેરે સગવડ, હેં ! મોટા રાજા જેવા વૈભવ છે એને ઘેરે. (**શ્રોતા** : આપ એને વૈભવ કહેતા નથી, આત્માના વૈભવ ને વૈભવ કહો છો) એ ધૂળનાં વૈભવ નહિં. આહાહા ! એ આત્મામાં એ નથી. આહાહા ! એનું લક્ષ કરે તો પણ રાગ થાય એવો એ વૈભવ છે. આહા ! (**શ્રોતા** : દુ:ખ થાય એમ આપ કહો છો) હા. દુ:ખ થાય. આત્મા સિવાય આહાહા ! મન, વચન અને કાયા ને શ્વાસ છે ને એથી માંડીને પર દ્રવ્ય બધાં દુ:ખનું નિમિત્ત છે. આહાહા ! રાગ થાય અંદર એ પણ દુ:ખનું કારણ છે. આહા ! કારણ એ દુ:ખરૂપ જ છે. આહાહા !

અહીંયા તો સમ્યગ્દૃષ્ટિજીવને જાગૃત અવસ્થાની જેમ, નિંદ્રા અવસ્થામાં અને ઉન્મત્ત અવસ્થામાં જો તમે એને સમકિતી, અને આત્મદર્શી કહો તો એ ઊંઘમાં છે ને ઉન્મત્તમાં છે એમ નહિં કહી શકાય, એમ એને કેમ કહો તમે ? આહાહા ! એય આહાહા ! સમજાય છે શેઠ ! ફરીને. કે સુષુપ્તાદિ અવસ્થામાં પણ ઊંઘમાં અને ઉન્મત્તપણું જરી હોય રાગાદિનું એને આત્મદર્શન હોય તો જાગૃત અવસ્થાની જેમ તેમાં પણ આત્માને, સુષુપ્ત ઊંઘમાં છે, ઉન્મત્તમાં છે, એવું કથન કેમ ઘટે ? આહાહા ! શિષ્યનો પ્રશ્ન સમજાય છે. આહા ! પોપટભાઇ ! આહાહા ! ભગવાન આત્મા પોતાના ઘરે આવ્યો, જે પુણ્ય ને પાપના

રાગમાં અને એના ફળમાં જે અટક્યો હતો, 'આ હું છું' એ મિથ્યાદૃષ્ટિ છે, એ સમકિતી નહિં, જૈન નહિં. આહાહા !

જેને પુણ્ય ને પાપનાં ભાવ અને એનાં ફળ તરીકે અનુકૂળ - પ્રતિકૂળ સંયોગો, એમાં જેનું લક્ષ છે અને ઇ મને મારાં છે, આહાહા ! એ તો મિથ્યાદૃષ્ટિ, જૈન નહિં એ. એને વીતરાગ મારગની ખબર નથી. સમજાણું કાંઇ ? આહાહા ! જે દુ:ખના નિમિત્તો આહાહા ! 'परदव्वाओ दुग्गइ' આ ગજબ વાત છે ને ? હવે પરદ્રવ્યમાં એને મન, વચન ને કાયા કર્મ બધું આવે છે. આહાહા ! એમાં લક્ષ્મી, બાયડી, છોકરા, કુટુંબ હેં ! દેવ, ગુરુ ને શાસ્ત્ર ઇ બધા પરદ્રવ્યમાં આવે છે ભાઇ અને પરદ્રવ્યને લક્ષે તો રાગ જ થાય એટલે પરદ્રવ્ય છે એ દુ:ખનું, રાગનું કહો કે દુ:ખનું નિમિત્ત છે. આહાહા ! ગજબ વાત !

વીતરાગ મારગ, અને પ્રભુ આત્મા અંદર અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુ છે, એનું જેને અંતરભાન, સુખનું કારણ એ છે એની સુખની દશા, આનંદની સ્વાદની ઉત્પન્ન થઇ છે, આહાહા ! એ જીવને માટે તમે જાગૃત અવસ્થામાં, અનિંદ્રામાં, અણઉન્મત્તપણામાં તમે એને આત્મદર્શન છે એમ કહો ભલે, પણ ઇ સુષુપ્ત અવસ્થામાં પણ છે તો ઇ સુષુપ્ત અવસ્થા જ એને ન કહેવાય ? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું કાંઇ ? અરે ! ભારે આ તો જિનેન્દ્ર દેવ ત્રિલોકનાથ વીતરાગનો મારગ ભાઇ. કહે છે એને, એને ઊંઘી નિંદ્રામાં છો એમ, એમ કેમ કહો એને ? તમે કહો છો કે એ તો આત્માનું ભાન અને જાગૃત છે અંદર. સમજાણું કાંઇ ? આહાહા !

તો એવી જરી રાગની ઉન્મત્તતા જેવી દેખાય એવી અવસ્થા એની છે એને ઇ અવસ્થા એની એમાં નથી એમ કહો. હેં ! આહાહા ! તેમાં પણ આત્માને સુપ્ત - સુવું, નિંદ્રા,ઉન્મત્તપણું, અપ્રબૃદ્ધપણું-વિશેષ જ્ઞાનનો વિકાસ ત્યારે નથી નિંદ્રામાં. સમજાણું કાંઇ ? એવું કથન કઇ રીતે ઘટે ? માટે તે પણ અયોગ્ય છે. શિષ્ય કહે છે હોં, નિંદ્રામાં એને આત્મ સમ્યગ્દર્શન રહે, આત્માનું ભાન અંદર રહે. આહાહા ! અને એને તમે કહો કે એને આત્મદર્શન અસમ્યક્ છે. છે નિંદ્રામાં, સુષુપ્ત છે એને જાગૃત આત્મા છે એમ તમે કહો. આહાહા ! સમજાણું કાંઇ ? અજાગૃત દશામાં જાગૃત આત્મા છે એમ તમે કહો એમ કહે છે. આહાહા ! સમજાય છે કાંઇ ? એ અયોગ્ય છે મહારાજ, શિષ્ય કહે છે હોં.

**સમાધાન** : ત્યાં ઇન્દ્રિયોને વિષયમાં નિંદ્રાને લીધે પ્રતિબંધ છે. આહાહા ! ઊંઘમાં આ ૫ (પાંચ) ઇન્દ્રિયનો જે વિષય છે એનો એમાં અભાવ છે. છે ? નિંદ્રાને એ લીધે પ્રતિબંધ છે. એનાં ૫ (પાંચ) વિષયો જણાય નિંદ્રામાં એમ નથી. પણ ત્યાં આત્મદર્શનનો પ્રતિબંધ

નથી. આહાહા! કેવો ખુલાસો કર્યો છે. આહાહા! પાંચે ઇન્દ્રિયનાં વિષયો તરફનું લક્ષ નથી નિંદ્રામાં, માટે ૫ (પાંચ) ઇન્દ્રિયનાં વિષયને નિરોધ - પ્રતિબંધ છે, પણ તે કાળમાં ભગવાન આત્મા, શુદ્ધ ચૈતન્ય વસ્તુ આનંદનો નાથ પ્રભુ, એવું જે સમ્યગ્દર્શન થયું છે, એવું જે જ્ઞાન થયું છે, એ જાગૃત જ છે એ ભાગમાં. આહાહા! કાંતિભાઇ! આવો મારગ ભાઇ એ બદલે આ શું? ઇ કહેતા ઓલા વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રા કરવી ઇ સહેલું હતું. આંખ મારીને મોંઘુ કરી નાંખ્યું, એક જણો કહે. (શ્રોતા : ....) હેં! અરે બાપુ! ભાઇ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો પંથ વીતરાગ છે અને ઇ વીતરાગભાવે ધરમ થાય. ઇ રાગભાવે એ તો રાગક્રિયા છે બધી.

આંહી તો શિષ્યનો ઇ પ્રશ્ન હતો કે એને જાગૃત અવસ્થાની જેમ, એને નિંદ્રાની અવસ્થામાં પણ આત્મદર્શન છે, તો એને નિંદ્રાની અવસ્થા જ ન કહેવાય? (શ્રોતા : ....) આત્મા જાગૃત છે અને આંહી નિંદ્રામાં છે. બે વાત શી રીતે મેળ ખાય? વાત સમજાય છે કાંઇ? આહાહા! ભારે વાત ભાઇ! તો કહે છે પ્રભુ એકવાર સાંભળને પ્રભુ, આહાહા! અંદરનો જે સમ્યગ્દર્શનનો વિષય એ આત્મા જે છે એ તો જણાઇ ગયો - જાણ્યો છે ત્યાંય તે, એને ત્યાં પ્રતિબંધ કરનાર કોઇ રહ્યું નથી. આહાહા! શું કીધું? નિંદ્રાના કાળમાં અને ઉન્મત્ત અવસ્થા જેવી કારમી દશામાં આહાહા! અને નિંદ્રામાં ઇન્દ્રિયનો વિષય જે છે એનું ત્યાં રોકાવું થઇ ગયું છે એનો ત્યાં પ્રતિબંધ છે. આહાહા! પણ ભગવાન આત્મા, જે સમ્યગ્દર્શનનો વિષય છે એને રોકનાર કોઇ ત્યાં છે નહિં. આહાહા! રતીભાઇ, આવી વાતુ છે આ. આહાહા!

ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનનાં પ્રકાશનો પ્રભુ પૂંજ આત્મા તો છે, જ્ઞાન પ્રકાશનો પૂંજ છે, આનંદનો સાગર છે. આહાહા! એવું સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં એનો વિષય થઇને જે જણાણું, અને સ્વસંવેદન થયું ઇ જ્ઞાન. સમ્યગ્દર્શન થયું, જાણેલી ચીજ આવી છે એમ પ્રતીત થઇ, એને સુષુપ્તમાં એને પ્રતિબંધ કરનાર કોઇ છે નહિં. આહાહા! કહો ગીરધરભાઇ! હેં! આહાહા! એને નિંદ્રામાં ૫ (પાંચ) ઇન્દ્રિયોનાં વિષયો પ્રતિબંધ થઇ ગયા, અટકી ગયા, પણ અંદર જે વિષય - સમ્યગ્દર્શનને વિષય ..... કહ્યો છે, અને સ્વસંવેદને જે આત્માનું જ્ઞાન કર્યું છે, એને પ્રતિબંધ કરનાર તો છે નહિં એમાં. આહાહા! કહો સમજાણું કાંઇ? શું આવો મારગ કહેતા હતા, આવો ઉપદેશ કેવો આ? પોપટભાઇ ન્યાં કલકત્તામાં પૈસા મળે પણ આ મળે એવું નથી ત્યાં.

(શ્રોતા : ....) નથી મળતા વાતે મમતા મળે છે. પૈસા ધૂળમાં, પૈસામાં

પૈસા રહી ગયા એની પાસે આવે છે ? એની પર્યાયમાં, આત્માની પર્યાયમાં ઈ પૈસા આવે છે વસ્તુમાં. આવ્યા એટલે માન્યું કે મને આવ્યા, ઈ મમતા એની પર્યાયમાં આવી. આહાહા ! આંહી તો એની પર્યાયમાં આત્મા આવ્યો એની વાત ચાલે છે. જેની પર્યાયમાં, અવસ્થામાં આત્મા આવ્યો, આત્મા સમીપ આવ્યો, જે દૂર હતો તે સમીપ આવ્યો, એનો વિષય તો તે કાળે, પણ એનાં વિષયને રોકનાર કોઈ છે નહિં. આહાહા ! સમજાણું કાંઈ ? રતીભાઈ આહાહા ! ત્યાં ઈન્દ્રિયોને સ્વવિષયમાં નિંદ્રાને લીધે પ્રતિબંધ છે. આહાહા ! ઈન્દ્રિયનો વિષય છે એ તો પર છે એ નિંદ્રામાં એનો પ્રતિબંધ છે. પર વિષય ન હોય ત્યાં આહાહા ! પરંતુ ત્યાં આત્મદર્શનનો પ્રતિબંધ નથી. આહાહા ! ગજબ વાત છે ને ?

ભગવાન આત્મા સમ્યગ્દર્શનમાં જે પ્રતીતમાં આવ્યો છે, સમ્યક્ સ્વસંવેદનમાં જે જ્ઞાન સ્વભાવનું સ્વથી પ્રત્યક્ષ વેદન થયું છે, એને કોઈ રોકનાર નિંદ્રાની અંદર નથી. આહાહા ! ભારે વાતુ ભાઈ ! જેઠાભાઈ ! ત્યાં આત્મદર્શનનો પ્રતિબંધ નથી. આહાહા ! જ્યાં અંદર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, એનો વિષય જે આત્મા પ્રગટ, પ્રગટ જાણ્યો, હવે એના વિષયને રોકનાર ક્યાં છે ત્યાં ? ચીમનભાઈ ! આવું બધું કતંરજ (કોન્ટેક્ટ) ફતરંજમાં તમારે મુંબઈમાં નહિં આવતું હોય આમ, રખડવાના રસ્તા આવે ત્યાં બધા. કહો આવા ખુલાસા ! શું પરમાત્મા સંતોએ શું ખુલાસા આહાહા ! ભાઈ ! એકવાર વાત કહીએ તે, સાંભળને ભાઈ ! આહાહા !

જેવી જાગૃત અવસ્થામાં અને અણઉન્મત્ત અવસ્થામાં અને પ્રબુદ્ધ અવસ્થામાં જેવું આત્માનું દર્શન - સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વર્તે છે ને છે, એવી જ ચીજ એની નિંદ્રામાં ઉન્મત્તદશામાં છે. આહાહા ! હેં ! આઘે રહ્યો. ભગવાન ! એકવાર સાંભળ ભાઈ, તું જ્યાં પત્તો જ્યાં આત્માનો લીધો એ દર્શનને વિઘ્ન કરનાર નિંદ્રા છે ? નિંદ્રા તો ૫ (પાંચ) ઈન્દ્રિયના વિષયને પ્રતિબંધ કરે છે. આહાહા ! પણ સ્વવિષયને પ્રતિબંધ કરનાર ત્યાં કોઈ છે નહિં ? કાંતિભાઈ ! આહાહા ! આચાર્યોએ પણ ગજબ કામ કર્યા છે ને ? આહાહા ! ભિન્ન ભિન્ન શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન રીત. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! એટલા વીસ શબ્દોમાં તો ગજબ કર્યું છે પણ વાત એને બેસવી જોઈએ હોં. આહાહા ! આહાહા !

શિષ્યનો શું પ્રશ્ન હતો કે નિંદ્રા અવસ્થા એને કહેવી ન જોઈએ, જો તેને આત્મજાગૃતિ ત્યાં રહેતી હોય તો એને નિંદ્રા અવસ્થા ન કહેવી જોઈએ, એમ શિષ્યનો પ્રશ્ન છે. બરાબર છે ? (**શ્રોતા :** બરાબર છે) ત્યારે ગુરુ કહે છે ભાઈ ! એક વાર સાંભળ

ભાઈ! નિંદ્રા અવસ્થામાં ૫ (પાંચ) ઇન્દ્રિયના વિષય ત્યાં રોકાણા છે પણ ભગવાનનું દર્શન જે સમ્યક્ થયું, સ્વસંવેદન જ્ઞાન છે એને રોકનાર ત્યાં કોઇ ઊભું છે? (શ્રોતા : નહિં) આહાહા! સમજાણું કાંઇ? કો શેઠ! સમજાય છે ને? આહાહા! મિથ્યાત્વ છે એનો નાશ કર્યો છે એમ કહે છે, હેં! અને અજ્ઞાનનો નાશ કર્યો છે અને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જે એણે સ્વવિષયથી પકડયું કેમ કે ઇ પ્રગટયું છે. આહાહા! એવો જે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, એનો વિષય તો જે વસ્તુ છે, એ વસ્તુનો વિષય તો એના જ્ઞાનમાં ને દર્શનમાં વર્તે જ છે. ઊંઘમાં પણ એ વર્તે છે કહે છે. આહાહા!

સુજાનમલજી! સમ્યગ્દર્શન શું ચીજ બાપુ! આહાહા! અને લોકો આમ માની બેસે કે અમે શ્રાવક છીએ ને આ મુનિ છે ઇ વસ્તુ કાંઇક બીજી છે. આહાહા! પ્રથમમાં પ્રથમ ચારિત્ર ને વિશેષ જ્ઞાનનું મૂળ તો સમ્યગ્દર્શન છે. હવે એ સમ્યગ્દર્શન કેમ થાય એની ખબર ન મળે. અને આ વ્રત ને તપ ને અંગીકાર કર્યા એ અમારુ ચારિત્ર આહાહા! હેં! (શ્રોતા : એને જ લોકો જૈન શાસન કહે છે) જૈન શાસન બાપુ એમ નથી. આહાહા!

એમાં એક શ્લોક આવ્યો'તો ભાઈ પરમ ત્મ પ્રકાશમાં કે ગ્રંથની મમતા એ જ્ઞાનીને હોતી નથી. ગ્રંથ શબ્દનાં બે અર્થ. ગ્રંથ શબ્દે પરિગ્રહ અને ગ્રંથ શબ્દે શાસ્ત્રની રચના થવી તે. આહાહા! એનો એને મમત્વ નથી હોતો. પરમાત્મ પ્રકાશમાં આવે છે, ગ્રંથ શબ્દ આવે છે? આ નિગ્રંથ સ્વરૂપ ભગવાન આત્મા જે છે આહાહા! રાગ તે ગાંઠ અને ગ્રંથિ છે એનાથી ભિન્ન ભગવાન આત્મા છે એવું જ્યાં અંતરજ્ઞાન ને સમ્યગ્દર્શન થયું, ધર્મની ત્યાંથી શરૂઆત થાય છે. એ ધરમની શરૂઆતની દશા, કહે છે કે જાગૃત અને પ્રબુદ્ધ અવસ્થામાં અણઉન્મત્તપણામાં તો હોતી હોય જ છે, પણ નિંદ્રા અવસ્થામાં પણ એ દશા એમ જ રહે છે. કેમ કે એને રોકનાર કોણ છે? નિંદ્રામાં ૫ (પાંચ) ઇન્દ્રિયના વિષયો રોકાઇ ગયા. આહાહા!

દલીલ તો જુઓ? હેં! ઉન્મત્ત જેવી અવસ્થામાં જરીક સ્થિરતા રોકાઇ ગઇ થોડી પણ એને સ્વસંવેદન જ્ઞાન અને દર્શનમાં જે આત્મા જણાણો અને માન્યો ને અનુભવ્યો એનું એનું અટકવું ક્યાં ન્યાંથી? એને રોકનાર કોણ છે ત્યાં? આહાહા! ૫ (પાંચ) ઇન્દ્રિયનો વિષય વિનાનો જે વિષય આહાહા! ગજબ છે ને! જે ૫ (પાંચ) ઇન્દ્રિયનો વિષય છે એ તો શબ્દ, રૂપ, ગંધ, સ્પર્શ એના વિનાનો સ્વવિષય, સ્વ ચૈતન્યમૂર્તિ જ્યારે ધ્યાનમાં વિષય બનાવીને આહાહા! સમ્યગ્દર્શન જ્ઞાન થયું છે એને નિંદ્રા અવસ્થામાં રોકનાર કોણ છે કહે? આહાહા!

શેઠ આવી તો કોઈ વખતે વાતે સાંભળી ન હોય. સાગરમાંય નથી. સાગરમાં પૈસા ને વૈભવ મોટો. આ બેય શેઠિયાને પ્રેમ ઘણો ભાઈ હોં. હા. પણ સાંભળવાનું બધું એની પ્રમાણેને, અને રાજકક્ષના હતા. દિલ્હીમાં એક હતા. જેમાં પહેલા ઉતર્યા હતા ને આ અહિંસા મંદિરને એ કરોડપતિ છે મોટો. પૈસા ઘણાં. એની શૈલી જુદી, આ શેઠીયાની શૈલી જુદી. બધાને અમે તો જોયા છે ને ઘણાને એને બાપુ કેટલાકને તો એ પૈસા હોય એને વાપરવામાં પણ એનો ઘમંડ હોય. અમે આપીએ છીએ, અમે આ કરીએ છીએ અને અમે હુંશિયાર છીએ માટે ૧૦ - ૧૦ (દસ-દસ), ૨૦ - ૨૦ (વીસ-વીસ) લાખ પેદા અમે વરસમાં કરીએ છીએ. એ બધો ઘમંડ હોય છે અજ્ઞાનીને. આહાહા! કોણ પેદા કરે બાપા? બુદ્ધિનાં બારદાને ય કરોડો પેદા કરે છે, હેં! અને બુદ્ધિનાં ખાં હોય એને ૨૦૦૦ (બે હજાર) રળવા પડે મહિને, પસીના ઉતરતા હોય છે. ઈ પૈસા, ઈ કોઈક બુદ્ધિથી મળે છે એમ છે નહિં. એ તો પૂર્વના પુણ્યના રજકણો એવા પડયા હોય, એ જાતના ગળવા ટાણે એના દેખાય એવા કાંઈક જ્યાં ૫-૫૦ (પાંચ-પચાસ) લાખ, કરોડ-બે કરોડ એમ. કો સમજાણું કાંઈ? આહાહા!

શાંતિલાલ ખુશાલ, ગોવામાં લ્યોને! ૨ (બે) અબજ ને ૪૦ (ચાલીસ) કરોડ. આપણા વાણિયા દશાશ્રીમાળી સ્થાનકવાસી. ૨ (બે) અબજ ૪૦ (ચાલીસ) કરોડ. મરી ગયા બિચારા લ્યો. એની વહુ હજી સાત મહિનાથી અસાધ્ય છે ભાઈ! શેઠ! ૨ (બે) અબજ ૪૦ (ચાલીસ) કરોડ, ૪૦-૪૦ (ચાલીસ - ચાલીસ) લાખના મકાન, સાત મહિનાથી અસાધ્ય છે. ઈ તો ગ્યા. આ તો એની વહુ, અસાધ્ય શું કહેવાય તમારે? હેમરેજ, આ હેમરેજ નથી થાતું આ? (**શ્રોતા** : નસ તૂટી જાય એ) નસ તૂટી જાય, અસાધ્ય છે. ૭-૮ (સાત - આઠ) મહિનાથી એમ ને એમ અસાધ્ય પડી છે બંગલામાં. આહાહા! ૪૦ - ૪૦ (ચાલીસ - ચાલીસ) લાખનો બંગલો છે. ૨ (બે) અબજ.

એની બે ભાણેજ આપણે બ્રહ્મચારી છે આંહી, આંહી છે અત્યારે એની બેનની દીકરીઓ, એની ભેગો એક છોકરો આવ્યો કાલે ગ્યો પરમદિવસે. આ દશા! હવે ધૂળ તારી શું કરે ત્યાં? જેને રોગ અસાધ્ય આહાહા! ઈ વીંછીયા વાળો છે એનો જમાઈ એની હારે આપણો મુમુક્ષુ છે આંહી. ઓલા રસિક નથી ભાઈ, શું લાલચંદભાઈ, રસિક ધોળકિયો નથી ઓલો બોલતો, બહુ બોલે છે. આપણા આ શું એના ભાઈનો દીકરો એનો જમાઈ છે શાંતિલાલનો. તો એને ઈ કોક ન્યાં આવ્યો'તો કામાણી, કામાણી નહિં હતો મોટાણી, આપણે ઉતર્યાતા ને? આ ત્યા આવ્યો'તો, મારી સાસુ ૭ (સાત) મહિનાથી અસાધ્ય છે કહે. પૈસા કેટલા તો કહે ૨ (બે) અબજ ૪૦ (ચાલીસ) કરોડ. હવે ધૂળ હતા

આવા. આહાહા ! ધૂળને ખબરેય નથી કે મારી પાસે એ છે કે નહિં.

આંહી તો આત્માવૈભવ એ અંતર આનંદનો નાથ જેને સર્વજ્ઞે કહ્યો તે. આહાહા ! તેવા વૈભવનું જેને પર્યાયમાં એનો સ્વાદ આવ્યો હોય, એનું વેદન આવ્યું છે. આહાહા ! એ જાગતો એ વેદે છે. ઊંઘતા વખતે પણ જાગતો વેદે છે એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઇ ? કર્મ - બર્મ નડતું નહિં હોય ત્યાં ? આહાહા ! ભાઇ કર્મ બિચારા કૌન ભૂલ મેરી અધિકાઇ. કર્મ તો જડ માટી ધૂળ છે. એણે ક્યાં ભૂલ કરાવી છે ? ભૂલ હતી એ તો મેં ટાળી છે. આહાહા ! મિથ્યાભ્રમ જે ભૂલ હતી, એ સ્વભાવના ભાન થયે એ તો ટાળી. હવે એને રોકનારા કોણ નિંદ્રામાં એમ કહે છે. ઉન્મત્ત અવસ્તા થઇ, અપ્રબૃદ્ધ એટલે બહુ પ્રબૃદ્ધતા પણ વિચિક્ષણતા ઉઘાડની ન હોય, જાણપણું વિશેષ ન હોય, પણ એને અંતરમાં જે દૃષ્ટિ ને વિકાસ જ્યાં થયો છે એને રોકનાર કોણ છે તે કાળે ? આહાહા ! ભારે આચાર્યની વાતુ ગજબ વાત છે.

માટે તેનો વ્યપદેશ ઘટે છે. શું કહે છે કે એ નિંદ્રામાં પણ ભગવાન આત્મા પોતાના સમ્યગ્દર્શન ને જ્ઞાનનાં વિષયને લક્ષમાં લઇને વેદાય છે. આહાહા ! માટે તેને વ્યપદેશ ઘટે છે એટલે એ નિંદ્રામાં છે, ઉન્મત્ત અવસ્થામાં છે, એવું કથન ઘટે છે કહે છે. સમજાણું કાંઇ ? માળે ભિન્ન ભિન્ન વાત છે આ. ત્યારે કોની તે વિભ્રમરૂપ લાગે છે ? ત્યારે કોની તે વિભ્રમરૂપ લાગે છે ? અક્ષીણ દોષવાળા બહિરાત્માની, જેણે રાગને પોતાનો માન્યો છે. આહાહા ! એ રાગથી પુણ્યબંધ થાય એ મારા માન્યા છે. એ પુણ્યબંધના ફળ આ ધૂળ આદિ મળે, પૈસા આદિ એ મારા માન્યા એવા બહિરાત્માની વિભ્રમ દશા છે. એ જાગતો એ પણ વિભ્રમ છે અને નિંદ્રામાં પણ (**શ્રોતા** : વિભ્રમ છે) આહાહા ! સમજાણું કાંઇ ?

અક્ષીણ દોષવાળા બહિરાત્માની, કેવા બહિરાત્માની ? સર્વ અવસ્થામાં આત્મા માનનારની. બાળપણું તે હું, યુવાનપણું તે હું, વૃદ્ધ તે હું, મનુષ્ય તે હું, દેવ તે હું, નારકી તે હું, નિર્ધન તે હું, સધન તે હું એવી બધી અવસ્થા મારી પોતાની છે એમ માનનાર, એવો મૂંઢ જીવ, એવા બહિરાત્માને નિંદ્રામાં કે જાગૃતમાં તેને વિભ્રમદશા વર્તે છે. સમજાણું કાંઇ ? એને ભ્રમણા - અજ્ઞાન વર્તે છે. આહાહા ! અક્ષીણ દોષ - મિથ્યાત્વના દોષ નથી જેણે ટાળ્યો. સર્વ અવસ્થામાં આત્મા માનનારને, બાળપણું તે મારું, યુવાનપણું તે મારું, સધનપણું તે હું, નિર્ધન તે હું, દરિદ્ર તે હું, ધનવાન તે હું, મૂરખ તે હું અને પંડિત તે હું એ બધી અવસ્થાઓ છે એને પોતાની માને છે. આહાહા ! સમજાણું કાંઇ ?

બાલકુમારાદિરૂપ અને સુપ્ત-ઉન્મત્તાદિરૂપ સર્વ અવસ્થાને જે આત્મા

માને છે. ઊંઘ તે મારી, ઉન્મત્ત તે હું એમ જ્યારે માન્યુ છે, ઇ બધી અવસ્થામાં એને વિભ્રમ છે. મિથ્યાત્વ છે. આહાહા ! સમજાણું કાંઇ ? ઇ પ્રબુદ્ધ હોય, જાગૃત હોય, અણઉન્મત્ત હોય, ઉન્મત્ત ન હોય તો પણ તે મૂરખ છે અને બહિરાત્મા છે, કેમ કે ઇ પરને પોતાનું માન્યું છે અને સ્વને પોતે ભૂલી ગયો છે. આહાહા ! સમજાણું કાંઇ ? આ તો સમજાય એવી વાત છે. આ કંઇ બહુ ઝીણી એવી નથી. હેં ! સર્વ અવસ્થાને જે આત્મા માને છે તેવા સ્વભાવવાળાની વિભ્રમ એને અવસ્થા, આહાહા ! ભાવાર્થમાં જરી સ્પષ્ટ કર્યું થોડું.

**ભાવાર્થ** : સંસ્કૃત ટીકાકારે પ્રસ્તુત શ્લોકને નીચેના રૂપમાં સમજી બીજો અર્થ કર્યો છે. છે ને ૯૩ (ત્રાણુ) ? આત્મદર્શી પુરુષોની આહાહા ! આત્મા પવિત્ર પૂર્ણાનંદ છું એવી પ્રતીત અને અનુભવ થયો એવા સમકિતી જીવની, એટલે કે આત્મદર્શી ઇ આત્મદર્શી થયો. ઇન્દ્રિયના વિષયનો દર્શી એ નહિં. આહાહા ! એય ! એ રાગ થાય તેનોય દર્શી નહિં ખરેખર. આહાહા ! આત્મદર્શી પુરુષોની નિંદ્રા અવસ્થા કે ઉન્મત્ત અવસ્થા, જરીક ઘેલસાઇ અંશે દેખાય થોડું પણ વિભ્રમરૂપ હોતી નથી. એને ભ્રમણા હોતી (નથી). આહાહા ! વિભ્રમ મિથ્યાત્વ હોતું નથી. આહાહા !

આ તો સર્વજ્ઞ પરમાત્માની ધર્મકથા છે. આ કંઇ વાર્તા નથી. એક હતો રાજા ને એક હતી રાણી ને રાણી રિસાણી તે રાજા મનાવવા ગયો ને એવું તો ઘરે ઘરે હોય. આ તો આત્મા રિસાયો છે કેમ અને રિસાણાથી તે છૂટયો કેમ ? પોતાનું ભાન નહોતું ત્યારે એ રિસાયો હતો. એ રાગને પરની અવસ્થાને પોતાની માનતો. એવા જીવને જાગૃત અવસ્થા હો કે અણઉન્મત્ત અવસ્થા હો, વિભ્રમમાં પડયો છે ઇ. જે પોતાની ચીજ નથી એને માનીને એમાં પડયો છે. હેં ! આ ૬ - ૬ (છ - છ) છોકરા ને મોટું ..... કેટલી ઉપાધિ છે. (**શ્રોતા** : વિભ્રમ છે ને) હેં ! (**શ્રોતા** : વિભ્રમદશામાં છે) (**શ્રોતા** : ઉપાધિ વિભ્રમદશા) ઇ મારા માન્યા છે ઇ વિભ્રમ છે અને છોકરા રળે છે તો મારે હવે નિવૃત્તિ મળશે ઇ ભ્રમણા છે. આ તો દાખલો, જેને જે હોય એને લાગુ પડે ને આ તો દાખલો ભાઇ મોઢાંનો, આહાહા !

પ્રભુ તારી દશા તો રાગ અને બાહ્યની દશાથી ભિન્ન તારી દશા છે. આહાહા ! એ દશાનું જ્યાં આમ દશાવાનનું દશામાં ભાન થયું એને આવી ગમે તે દશા બહારમાં હોય પણ એ પોતાની માનતો નથી. એટલે નિંદ્રામાં પણ એ જાગૃત જ છે. આહાહા ! અને અજ્ઞાની જાગૃત અવસ્થામાં પણ વિભ્રમમાં પડયો છે, સૂતો છે. ઊંઘી ગયો છે. આહાહા ! સમજાણું કાંઇ ? જે રાગને અને પરને પોતાનું માને છે, દરેક અવસ્થા નિર્ધન તો હું નિર્ધન છું, સધન તો હું સધન છું, પણ ઇ તો જડની દશા, તારે ઘરે ક્યાંથી

આવી ? સાધન અને નિર્ધન ક્યાંથી આવ્યો તું ? આહાહા !

ઊંઘી ગયા છે ? હેં ! ઊંઘી જાય છે. ઊંઘ કોને ન આવે ? નિંદ્રાઈ જાય છે. હવે આ ઊંઘી ગયા છે આ વાત સાચીને અત્યારે ઊંઘવાનું ટાણું છે ને ! આહાહા ! સાંભળનારા એવા હોય એવું પહેલા આઠમી ગાથામાં ભાઈ આવે છે. ટગ ટગ ટગ જોવે આ શું કહે છે ? શું કહે છે આ ? ન સમજે તો એમ કહે શું કહે છે આ એવું વાત આવે છે. ટગટગ એની સામું જ જોવે કહેનારની, ફેરફાર એટલો પોતા લાયક જ નથી ધર્મને સાંભળવાને. આહાહા ! સમજાણું કાંઈ ? ઝીણી વાતુ બાપુ ! આહાહા !

આંહી કહે છે સર્વ અવસ્થાઓમાં આત્મા માનનારની વિભ્રમદશા બધા - દરેક કાળે એને હોય છે એમ કહે છે. જાગૃત હોય, વેપારમાં બેઠો હોય, મોટો વિચિક્ષણથી ચોપડાના નામા તપાસતો હોય, સમજાણું ? પણ એ વિભ્રમ મૂંઢ છે. એ દશામાં પણ મૂંઢ છે ઈ વિભ્રમ છે. મિથ્યાત્વી છે. આહાહા ! એને જૈન પરમેશ્વર આત્મા કોને કહે છે એની એને ખબર નથી. આહાહા ! એનું એને દર્શન, મિથ્યાદર્શન છે. સ્વદર્શન નથી, મિથ્યાદર્શન છે.

મિથ્યાદર્શન એટલે ? જે અવસ્થાઓ પરની, રાગની, પર એ મારી એવી બધી મિથ્યાદર્શન છે. મિથ્યાત્વદર્શન એની દશા છે. આહાહા ! પછી ભલે એ સામાયિક કરતો હોય, ને પોષા કરતો હોય, ને પડિક્કમણા કરતો હોય, અને જાત્રા કરતો હોય, પણ ઈ બધી દશામાં એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! કેમ કે એ આત્માના સ્વભાવની જાગૃત દશાને ભૂલી ગયો છે અને આ અજાગૃત અવસ્થા બધી જડની, ચૈતન સિવાયની એને જ પોતાની માનીને બેઠો છે. આહાહા ! એ બધા કાળમાં એ વિભ્રમમાં જ પડયો છે કહે છે. આહાહા ! ચાહે તો ભગવાનની સ્તુતિમાં હો, પણ એ જાણે છે કે સ્તુતિ કરું છું ઈ હું છું, સ્તુતિ છે ઈ જડની છે ભાષા. હું કરું છું એવી પરની એ વિભ્રમદશા ત્યાં જ એને વર્તે છે. આહાહા !

એય ! સ્વાહા ! વ્રત પૂજા કરવી છે આ બધું ચોખાને, એ બધી ક્રિયાઓ ચોખા મૂકવાની હું કરું છું ઈ તો જડની ક્રિયા છે. આ હાથ હાલે ઈ પણ જડની ક્રિયા છે એ અવસ્થાએ પણ ઈ એ અવસ્થા મારી છે અને હું કરું છું એવી માન્યતાવાળાને તે વખતે વિભ્રમ મિથ્યાત્વ વર્તે છે. આહાહા ! સમજાણું કાંઈ ? પરને બચવાનો કાળ હોય ને પોતે ત્યાં પહોંચ્યો અને બચાવ્યું એને એટલે એ મારાથી એ બચ્યો, અને મેં હાથ આમ કર્યો એટલે બચી ગયો, એ હાથની ક્રિયા જડની અને ઓલો બચ્યો ક્રિયા એની તો એની એની. એને મેં બચાવ્યો એવી માન્યતા એ દશામાં પણ એ મિથ્યાદૃષ્ટિ ભ્રમમાં પડયો છે. આહાહા !

અને ધર્માત્મા નિંદ્રામાં, નિંદ્રામાં પડયો હોય. આહાહા! મુનિને તો બહુ અલ્પ નિંદ્રા હોય છે, અલ્પ, બહુ અલ્પ. એક પોણી સેકંડની અંદર સાચા મુનિની વાત છે. સંત જેને ભગવાન કહે મુનિ, એને તો પાછલી રાત્રિમાં જરી પોણી સેકંડ નિંદ્રા આવે ત્યાં જાગી જાય. આનંદમાં આવે પછી, વળી આવે એવી પાછલી રાત્રે થોડી આવે, પણ સમકિતી હોય અને ગૃહસ્થાશ્રમમાં હોય તો એને વળી ૫-૭ (પાંચ-સાત) કલાક ક્યાં તો નિંદ્રા આવે પણ નિંદ્રાના કાળમાં એ જાગૃત છે એમ કહે છે. આહાહા! અને અજ્ઞાની જાગૃતકાળમાં પણ ભ્રમમાં - વિભ્રમમાં પડયો છે ઈ. આહાહા! સમજાણું કાંઈ ?

જેના મિથ્યાત્વ આદિ દોષો ક્ષીણ થયા નથી, જોયું ? ભ્રમણા ગઈ નથી એની કે આ વાણી, રાગ, પુણ્ય, શરીર, વાણી ઈ મારાં નથી. મારી ચીજ તો આનંદમય અને જ્ઞાનમય છે, એવું જેને અજ્ઞાનીને ભાન નથી, ભલે એ જૈન નામ ધરાવતો હોય તો પણ તેના મિથ્યાત્વ આદિ દોષ ગયા નથી. આહાહા! સમજાણું કાંઈ ? તેવાની તે નિંદ્રા અવસ્થા અને જાગૃત અવસ્થાથી સર્વ અવસ્થાઓ વિભ્રમરૂપ છે. આહાહા!

શૈલી જુઓને કઈ સમયસારથી બીજી શૈલી, એનું સ્પષ્ટીકરણ કર્યું બાકી છે તો ઈ શૈલી. જે આત્મદર્શી, જોયું ? એને રાગ હોય, લડાઈનો રાગ હોય, વિષયનો રાગ હોય તો પણ તે તો આત્મદર્શી છે. આહાહા! સમજાણું કાંઈ ? કેમ કે રાગને પોતાની અવસ્થા છે અને મારી છે એમ માનતો નથી. આહાહા! એને તો હું જાણું છું એવી પણ એ વહેવાર છે. આહાહા! હું મને જ જાણું છું એ રીતે અંતરાત્માને નિંદ્રા અવસ્થામાં પણ આ દશા હોય છે. આહાહા! સમજાણું કાંઈ ?

દાખલો આપ્યો છે ને, નહિં, મોક્ષમાર્ગ પ્રકાશમાં, એ નોકર છે ઈ શેઠનું કામ કરે અને બોલે પણ એમ કે અમને વ્યાજ ભરવા પડે છે આ મુંબઈમાં જુઓને ૮ (આઠ) વાગ્યે ભરે તો આ આ આનો ખતવાય આ દિ' નો અને ૮ (આઠ) પછી કરે તો ઓલા દી' નો ખતવાય. પૈસા બૈસા ભરેને ? ઈ આ તો દાખલો. તો ઈ પૈસા ભરવા આવ્યો હોય તો ઓલાને કહે નોકર, અમારે પણ પૈસા ભરવા પડે છે માટે ૮ (આઠ) પહેલાનાં હોય તો તો આજની માટે ખતવાશે નહિંતર અમારે પણ નહિં ખતવાય. એને અમારે - અમારે કહે છે પણ અંદરમાં કહે જાણે છે કે અમારું નથી કાંઈ. એના લાભ ને તોટાનો ધણી તો કહે છે. હેં! ભાષા તો એમ કહે અમારે આમ છે, અમારે પણ આમ કરવું પડે છે, અમારે આમ કરવું ...... પણ ભાઈ હવે તું લાવ્યો ૧૦ (દસ) વાગેને, આજના તિથિમાં ખતવીશ તો નહિં ખતવાય. અમારે પણ એ તિથિના ખતવતાં અમારે પૈસા

ભરવા પડે છે એમ બોલે પણ અંદરમાં કાંઈ ન મળે. આહાહા! એય! હેં! આહા! દાખલો આપ્યો છે મોક્ષમાર્ગ પ્રકાશમાં, સમયસારમાંય આપ્યો છે.

આત્મદર્શી અંતરાત્મા છે, અંતરાત્મા એટલે આત્માનો જાણનાર ને માનનાર. એટલે કે આત્માદર્શી એટલે શુદ્ધ ચૈતન્ય ઘન વસ્તુ, એનું જેને અંતરમાં ભાન થયું છે. રાગ અને પરથી જેને ભેદજ્ઞાન વર્તે છે, એ ભેદજ્ઞાન નિંદ્રા અવસ્થામાં પણ રહે છે એમ કહે છે. હેં! આહાહા! ઇન્દ્રિયોના વિષય રોકાઇ ગયા, પણ એનો સ્વવિષય છે એને રોકનારું કોઇ ત્યાં છે નહિં. આહાહા! જુઓ આ આત્માની સ્થિતિ. અરે! આવું મનુષ્યપણું એમાં વાસ્તવિક વીતરાગ પરમાત્મા કોને દર્શન કહે છે? કોને સમકિત કહે છે? કોને મિથ્યાત્વ એની કાંઇ ખબરું ન મળે એ જીવન ઢોર જેવા જેવું છે. શેઠ! પછી ભલે કરોડપતિ ને અબજોપતિ હોય. આહાહા! પશુઓ જેવા અવતાર છે ઇ. આરે! દુનિયા વખાણ કરે લ્યો.

આત્મદર્શી અંતરાત્મા છે તેને સુપ્તાદિ અવસ્થા વિભ્રમ નથી. ઊંઘ અને ઉન્મત્ત અવસ્થાથી મિથ્યાત્વ નથી. ભ્રમણા ત્યાં નથી. આહાહા! તો જાગૃત આદિ અવસ્થા તો વિભ્રમરૂપ કેમ જ હોય? ન જ હોય. ખુલાસો વધારે કર્યો. કારણકે આત્મસ્વરૂપનાં દઢતર અભ્યાસના કારણે આહાહા! આત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્ય ઘન ભગવાન, એનો દઢતર અભ્યાસ કર્યો રાગથી ભિન્ન પાડીને. આહાહા! આ અભ્યાસ, આ સંસારમાં અભ્યાસ નથી કરતા? બી.એ. અને એલ.એલ.બી.ના પૂંછડા વળગાડે છે ને આ એલ.એલ.બી. આ વકીલસાહેબ છે ને અને એમે ડૉક્ટર આ બધા. અજ્ઞાન - કુજ્ઞાન છે બધા ઇ. આહાહા! સમજાણું કાંઇ? આ તો આત્મસ્વરૂપનો અભ્યાસ. આહાહા!

વિકલ્પ રાગ માત્રથી ભિન્ન મારી ચીજ એવો દઢતર અભ્યાસના સંસ્કાર જ અંદર પડયા છે. આહાહા! એ સંસ્કારને નિંદ્રા પણ રોકી શકે (નહિં) આહાહા! ઉન્મત્ત અવસ્થા પણ એને રોકી શકે નહિં એમ કહે છે. આહાહા! કારણકે આત્મસ્વરૂપનાં દઢતર અભ્યાસના કારણે તેનું જ્ઞાન અવસ્થા તે અવસ્થાઓમાં આત્મસ્વરૂપથી ચ્યુત થતું નથી. સમ્યગ્દષ્ટિ જીવને ધર્મની જેને શરૂઆત અંતરથી થઇ ગઇ છે, રાગથી અને શરીરથી ભિન્ન એવું ભાન થયું છે, અને એનો દઢતર સંસ્કાર અને અભ્યાસ થઇ ગયો છે અંદર એને નિંદ્રા અવસ્થામાં પણ એના જ્ઞાનથી ચ્યુત થતું નથી. આહાહા!

આ સુએ ત્યારે નથી આ નાકનું ઓલું થાતું, ઘરોડું હાલે જરી શું કહે નાકનું? (શ્રોતા : નસકોરા બોલાવે) હેં! નસકોરા બોલે. આ સૂતો હોય તો નસકોરા બોલે, સંભળાય એમ કહે. સમકિતીને નસકોરા બોલે પણ ઇ જાગૃત અંદર જાગૃત છે કહે

છે. આરે ! આરે ! કેમ કે ભેદજ્ઞાનથી એને સ્થિતિ એ ટાણે પણ એ વર્તે છે, કરવું પડતું નથી એને કાંઇ. આહાહા ! કેટલા તો ૪૦ - ૪૦ (ચાલીસ - ચાલીસ) વરસ થયા ને એટલે દઢતર રૂઢ રૂઢ થઇ ગયું એટલે. હેં ! ઘણાંને તો એમ થઇ ગયું કે ઇ તો આપણે સાંભળ્યું હતું ઇ તો આપણે છે. ભ્રમ છે બધો. અજ્ઞાન છે. નવી પર્યાય વખતે નવું શું છે અને સાંભળવાની જેને દરકાર નથી. સમજાણું કાંઇ ?

(**શ્રોતા** : સાંભળવાથી રાગ થાય) ઇ સાંભળવું આવ્યા વિના રહે નહિં અને સાંભળનારની દશા કહેનાર ઉપર બરાબર જોયા જ કરે ઇ દશા હોય એની. ગણધર જેવા પણ ચારજ્ઞાન ને ચૌદ ગુણધર સાંભળવા બેસે પછી ધ્યાન બીજે રાખે ? હા, વિકલ્પ છે ત્યાં સુધી આમ ધ્યાન રાખે લક્ષ. આત્મા હોય ત્યાં અંદર ઉતરી જાય સીધો. હેં ! મુનિ છે ને ? સાચા મુનિને ૬ઠ્ઠું (છઠ્ઠું) ૭મું (સાતમું) અને વિશેષ તો ઇ છે કે ૭મામાં (સાતમામાં) આવ્યો ત્યારે શું થઇ ગઇ વાત એને ખ્યાલ, એના ૭મા (સાતમા) વખતે ખ્યાલ નહોતો પણ છતાંય સંધિ કરી નાંખે છે. આહાહા ! શું કહ્યું સમજાણું ?

૭મા (સાતમા) ૬ઠ્ઠા (છઠ્ઠા) ગુણસ્થાનમાં મુનિ વિકલ્પમાં છે એટલે લક્ષ થયા, ભગવાન કહે છે એમ લક્ષ. લક્ષ એટલું. છે તો રાગ પણ તરત અપ્રમત્તદશા, સાચા મુનિને એની દશા કહીએ. આ તો બધા અત્યારે તો સમજવા જેવી વાતુ છે. મુનિ તો એને કહીએ કે આમ ત્રણ કષાયનો નાશ થયો છે. નિંદ્રા પણ એક પોણી સકંડની જ હોય, ૧ (એક) સેકંડની નિંદ્રા આવે તોય મુનિપણું રહેતું નથી એને. (**શ્રોતા** : ..... આ તો માણસો એવી માને છે ને બધા. આ બધા સાધુ છે ને, બધા આચાર્ય છે ને, ઉપાધ્યાય છે ને, કોઇ ધૂળેય નથી. આહાહા ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહી એ મારગની રીત જ જુદી છે. કહે છે. આહાહા ! એ નિંદ્રામાં અને કોઇ ભાષા એવી નીકળી ગઇ અસ્થિરતાની, તોય તેને સ્વરૂપથી ચ્યુત થતો નથી. આહાહા !

ઇન્દ્રિયોની શિથિલતા અને રોગાદિ વશ કદાચિત તેને ઉન્મત્તતા પણ આવી જાય. જુઓ ખુલાસો કર્યો છે. ઇન્દ્રિયોની શિથિલતા થઇ ગઇ અને રોગાદિ વશ તેને ઉન્મત્તતા છે આમ. આહાહા ! તો પણ તેના આત્માનુભવરૂપ સંસ્કાર છૂટતા નથી. આહાહા ! જેણે ભ્રમણા ટાળી છે અને નિભ્રમ - અભ્રમ દશા જેણે પ્રગટ કરી છે. આહાહા ! રાત અને દી' એની ધારા તો પરથી ભિન્ન જ વર્તે છે. પછી ઊંઘમાં હો કે જાગૃતમાં હો. આહાહા ! આ ચીજની કિંમત નથી લોકોને, અને બહારમાં ત્યાગ કર્યોને, આ કર્યું, ને આ કર્યું, જે આત્મામાં પર ત્યાગ ગ્રહણ છે જ નહિં. પરના ગ્રહણ ત્યાગથી તો શૂન્ય છે. આહાહા !

એને ઠેકાણે પરના ગ્રહણ ત્યાગવાળો એ આ ધર્મી ને ઇ સાધુ. આહાહા! ભારે વાતુ બાપુ! જગત હારે મેળ ખાય એવો નથી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો મારગ દુનિયાની હારે અત્યારે મેળ ખાય એવો નથી.

કહે છે તો પણ તેના આત્માનુભવરૂપ સંસ્કાર છૂટતા નથી. બરાબર કાયમ જ રહે છે. આહાહા! સ્વ જે આત્મા તેનું વેદન જે જ્ઞાનમાં જ્ઞાનનું, અને પ્રતીતિ જે સમકિતમાં એ તો એની કાયમ રહે છે. આહાહા! અજ્ઞાની બહિરાત્માને, બાળકુમાર એટલે યુવાન આદિ સુપ્તઉન્મત્ત સૂતો અને મગજ ફેર થઇ જાય, સર્વ અવસ્થાઓમાં દેહાધ્યાસ આત્મબુદ્ધિ હોવાથી તેની બધી ક્રિયાઓ વિભ્રમરૂપ મિથ્યા છે. આહાહા! છે ને? અંતરાત્માને નિરંતર જ્ઞાનચેતનાનું પરિણમન હોવાથી સ્પષ્ટ બહુ સારું કર્યું છે છોટાભાઇએ. અંતરાત્માને તો જ્ઞાનચેતનાનું તો પરિણમન છે. પરિણમન છે એને પરિણમનને રોકે કોણ? આહાહા! રાગની તીવ્રતા હોય તો પણ જ્ઞાનનાં સ્વસંવેદન જ્ઞાનનાં પરિણમનને રોકે કોણ? આહાહા! અને જડની અવસ્થા પણ અનેક પ્રકારની હોય, શરીર, વાણી, ઇન્દ્રિયોની, એમાં આત્માની જાગૃતદશાને રોકે કોણ? આહાહા!

દરિયામાં જ્યારે ભરતી આવતી હોય ત્યારે ભલે ૧૦૮ (એકસો આઠ) - ૧૧૦ (એકસો દસ) ડીગ્રીનો તડકો હોય તો એ ભરતીને રોકી શકે? ભરતી સમજતે શેઠ! (શ્રોતા : બાઢ, બાઢ) બાઢ. દરિયાના મધ્યમાંથી જ્યારે ઉછળે દરિયો એને બહારમાં ૧૦૮ (એકસો આઠ) - ૧૧૦ (એકસો દસ) ડીગ્રીનો તડકો એ રોકી નહિં શકે. તેમ તેને ઓટનો કાળ હોય, દરિયાનો ઓટનો કાળ ત્યારે ૫૦ (પચાસ) ઈંચનો વરસાદ અને નદીઓ હજારો ચારેકોરથી અંદર પડે, તે ઓટને કાળે એ બહારની ચીજો ભરતી લાવે તાકાત નથી કોઇની. આહાહા! સમજાણું કાંઇ? આહાહા!

એમ ભગવાન આત્મા અનંતસુખનો અને અનંતગુણનો સાગર એ મધ્યબિંદુ ઉપર દૃષ્ટિ પડતાં એ ઉછળ્યો પર્યાયમાં આહાહા! એને કોઇ રોકનાર છે નહિં. ઇન્દ્રિયો ઢીલી પડી જાઓ, ઉન્મત્ત અવસ્થા થઇ જાઓ. જ્ઞાન પણ યાદગીરી જેવી ભૂલી જાય - ઇન્દ્રિયનું જ્ઞાન ભૂલી જાય. આહાહા! છતાં એની દશા જે ભરતી થઇ છે, સમ્યગ્દર્શન અને જ્ઞાન સ્વરૂપની પ્રતીત અને ભાન એને કોઇ રોકનાર નથી. તેની બધી ક્રિયાઓ અને અજ્ઞાનીની બધી ક્રિયાઓ વિભ્રમ મિથ્યા છે. આહાહા!

વિશેષ કહેશે...

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન – ૧૦૮

## શ્લોક – ૯૩અને ૯૪

સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૨.૦૮.૭૫

बहिरात्मनोः काऽवस्था भ्रान्तिः का वाऽभ्रान्तिरित्याह –

**सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमोऽनात्मदर्शिनाम् ।**
**विभ्रमोऽक्षीणदोषस्य सर्वावस्थाऽऽत्मदर्शिनः ।।९३।।**

માત્ર મત્ત નિદ્રિત દશા વિભ્રમ જાણે અજ્ઞ;
દોષિતની સર્વે દશા વિભ્રમ ગણે નિજજ્ઞ. ।।૯૩।।

ननु सर्वावस्थात्मदर्शिनोऽप्यशेषशास्त्रपरिज्ञानान्निद्रारहितस्य मुक्तिर्भविष्यतीति वदन्तं प्रत्याह –

**विदिताशेषशास्त्रोऽपि न जाग्रदपि मुच्यते ।**
**देहात्मदृष्टिर्ज्ञातात्मा सुप्तोन्मत्तोऽपि मुच्यते ।।९४।।**

તનદૃષ્ટિ સર્વાગમી[1] જાગૃત પણ ન મુકાય;
આત્મદૃષ્ટિ ઉન્મત્ત કે નિદ્રિત પણ મુકાય. ।।૯૪।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।

---

૧. સર્વાગમી – સર્વ શાસ્ત્રોનો જાણનાર

મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

---

૯૩ (ત્રાણુ) ગાથાની (અર્થની) છેલ્લી બે લીટી છે. આ રીતે બહિરાત્મા આ રીતે એટલે ? દરેક ક્ષણે દેહની ક્રિયા હું કરું છું અને રાગ તે મારી ચીજ છે એવું દરેક ક્ષણે બહિઃનામ આત્માના સ્વભાવમાં એ ચીજ નથી એને પોતાની માને છે એ બહિરાત્મા. અને અંતરાત્મા જે રાગ ને શરીરની ક્રિયા એ મારી નથી, હું તો એક જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ છું એમ જાણનાર. મોટો ફેર અવસ્થામાં છે કહે છે. બેની અવસ્થામાં મોટો ફેર છે. કેમ કે દેહની ક્ષણે ક્ષણે થતી અવસ્થા - હું એક છું જાણનાર, તો એ એવી અવસ્થા થાય છે જડમાં એમ માનનાર અને રાગ છે એ વિકલ્પ વિભાવ છે, એ ત્રિકાળ સ્વભાવમાં એ ચીજ નથી છતાં એ રાગનું કર્તવ્ય મારું છે. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ મારું કર્તવ્ય છે એવું માનનાર અજ્ઞાની ક્ષણે ક્ષણે પર અવસ્થાને પોતાની માને છે. આહાહા !

અંતરાત્મા દરેક ક્ષણે, બધી અવસ્થામાં, શરીર ને રાગથી ભિન્ન છું એવું જાણનારની અવસ્થા, અને બહિરાત્માની અવસ્થામાં મોટો ફેર છે. અંતરાત્મા આત્મસ્વરૂપમાં સદા જાગ્રત રહે છે. ચાહે તો લડાઈ આદિ હો, રાગ આદિ હો. આહાહા! વિષયની વાસના આદિ હો પણ તેમાંથી એણે દૃષ્ટિને ઉઠાવી લીધી છે. આહાહા ! અંતરાત્મા અંતર સ્વરૂપ જે અંતરમુખ થતાં જે વસ્તુની અનુભવ દૃષ્ટિ થાય તે અંતરાત્મા, દરેક ક્ષણે રાગ ને પરની ક્રિયા પોતાની માનતો નથી. આવો મોટો ફેર છે. એ સદા જાગ્રત રહે છે. એટલે કે રાગ અને દેહની ક્રિયા હોવા છતાં તેનો જાણનાર રહે છે. આ મોટો ફેર છે અને બહિરાત્માની એનાથી વિપરીત દશા હોય છે. કોઈ પળ તેની જાગ્રત હોતી નથી.

બહિરાત્મા, જે વસ્તુના ત્રિકાળી સ્વભાવમાં નથી, એવી ચીજને, રાગને અને દેહને પોતાનું કર્તવ્ય માનનાર, દરેક ક્ષણે તે મૂંઢ મિથ્યાત્વને સેવે છે. આહાહા ! ચાહે તો પછી સાધુપણું પાળતો હોય બહારની ક્રિયાનું પંચમહાવ્રત ને ૨૮ (અઠ્ઠાવીસ) મૂળગુણનું તો પણ એ મૂંઢ મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે જે ક્રિયા રાગની અને દેહની એ બધી ચીજ સ્વરૂપમાં નથી અને સ્વરૂપની દૃષ્ટિ થયા વિના એને પોતાનું માને છે, એ ક્ષણે ક્ષણે મિથ્યાત્વથી રાગ અને દેહની ક્રિયાથી એકત્વ બુદ્ધિથી લેપાય છે. આહાહા ! સમજાણું કાંઈ ? હવે શિષ્યનો

પ્રશ્ન છે કે બધી અવસ્થામાં આત્મા ભલે માને, દેહની, રાગની અવસ્થાને પણ માને, પણ સંપૂર્ણ શાસ્ત્રનું જ્ઞાન છે એને શાસ્ત્રનું જ્ઞાન છે. આહાહા! હેં! તો એ જાણનાર જાગ્રત થયેલાની મતિ જાગ્રત છે એમ કહે છે. શિષ્યનો પ્રશ્ન છે હોં! આહાહા!

દરેક અવસ્થામાં આત્મા માનનારની પણ એમ, ભલે કહે છે રાગ અને દેહની અવસ્થા આત્માની માને પણ એને શાસ્ત્રનું જ્ઞાન છે ને? શેઠ! શાસ્ત્રનું જ્ઞાન છે એને, તે જ્ઞાનમાં એને આવ્યું છે ધારણામાં કે રાગ અને દેહ મારો નથી એમ કહે છે એય. આહાહા! તો એની તો મતિ જાગ્રત છે ને શાસ્ત્રોનું જ્ઞાન છે એટલે? આહાહા! તો એની તો મુક્તિ થશે ને? હજારો શાસ્ત્રો જાણે, શાસ્ત્રો રચી જાણે આહાહા! પણ પ્રત્યેક રાગ અને દેહની અવસ્થામાં પર્યાય બુદ્ધિવાળો છે, એટલે એને જ હું પોતે માને છે, આહાહા! એવું બોલનાર પ્રત્યે કહે છે. આવું જે બોલે કે શાસ્ત્રનું જ્ઞાન છે કે નહિં? પત્થરની શિલામાં શાસ્ત્ર લખ્યા હોય તો એ પાણીમાં ન બોળે ને? (**શ્રોતા :** સૌથી પહેલા બોળે) હેં! આહાહા!

શાસ્ત્ર લખ્યા હોય સમયસાર, પ્રવચનસાર પત્થરની શિલામાં કોતરીને આ જુઓને કોતરાણું છે લ્યો, આરસપહાણમાં કોતરાયેલાં છે લ્યો. હવે ઈ પત્થર પાણીમાં બુડાડે કે નહિં પત્થરને, લખ્યાં શાસ્ત્ર છે ને એમાં. આહાહા! એમ જેના જ્ઞાનનાં ક્ષયોપશમમાં, મિથ્યાજ્ઞાનના પ્રસંગમાં એને ૧૧ (અગિયાર) અંગ, ૯ (નવ) પૂર્વનું લબ્ધિજ્ઞાન થાય, એટલે પૂરું તો ભણ્યું ભણાતું નથી એવી લબ્ધિ થાય છે, તો એવા લબ્ધિવાળાને ભલે તે પ્રત્યેક અવસ્થામાં પરને પોતાનું માને પણ આવું ભણતરનું જ્ઞાન બહુ વિકાસ છે એની તો મુક્તિ થશે કે નહિં? આહાહા! એનો ઉત્તર હવે ગાથા ૯૪ (ચોરાણુ).

ननु सर्वावस्थात्मदर्शिनोऽप्यशेषशास्त्रपरिज्ञानान्निद्रारहितस्य मुक्तिर्भविष्यतीति वदन्तं प्रत्याह –

**विदिताशेषशास्त्रोऽपि न जाग्रदपि मुच्यते ।**
**देहात्मदृष्टिर्ज्ञातात्मा सुप्तोन्मत्तोऽपि मुच्यते ।।९४।।**

**તનદૃષ્ટિ સર્વાગમી[2] જાગૃત પણ ન મુકાય;**
**આત્મદૃષ્ટિ ઉન્મત્ત કે નિદ્રિત પણ મુકાય. ।।૯૪।।**

**टीका** : न मुच्यते न कर्मरहितो भवति । कोऽसौ ? देहात्मदृष्टिर्बहिरात्मा । कथम्भूतोऽपि ? विदिताशेषशास्त्रोऽपि परिज्ञाताशेषशास्त्रोऽपि देहात्मदृष्टिर्यतः देहात्मनोर्भेदरुचिरहितो यतः । पुनरपि कथम्भूतोऽपि ? जाग्रदपि निद्रायाऽनभिभूतोऽपि । यस्तु ज्ञातात्मा परिज्ञातात्मस्वरूपः स सुप्तोन्मत्तोऽपि मुच्यते

૨. સર્વાગમી – સર્વ શાસ્ત્રોનો જાણનાર

विशिष्टां कर्मनिर्जरां करोति दृढतराभ्यासात्सुप्ताद्यवस्थायामप्यात्मस्वरूपसंवित्त्यवैकल्यात् ।।९४।

સર્વ અવસ્થાઓમાં આત્મા માનનારની પણ, અશેષ (સંપૂર્ણ) શાસ્ત્રોના પરિજ્ઞાનને લીધે નિદ્રારહિત (જાગૃત) થએલાની મુક્તિ થશે? એવું બોલનાર પ્રતિ કહે છે :–

**અન્વયાર્થ** : (देहात्मदृष्टिः) શરીરમાં આત્મબુદ્ધિ રાખનાર બહિરાત્મા (विदिताशेषशास्त्रः) સંપૂર્ણ શાસ્ત્રોનો જાણકાર હોવા છતાં તથા (जाग्रत अपि) જાગતો હોવા છતાં (न मुच्यते) કર્મબંધનથી છૂટતો નથી; કિન્તુ (ज्ञातात्मा) ભેદજ્ઞાની અંતરાત્મા (सुप्तोन्मत्तः अपि) નિદ્રાવસ્થામાં યા ઉન્મત્તાવસ્થામાં હોવા છતાં (मुच्यते) કર્મબંધનથી મુક્ત થાય છે - વિશિષ્ટ રૂપથી કર્મોની નિર્જરા કરે છે.

**ટીકા**: મુક્ત થતો નથી-કર્મરહિત થતો નથી. કોણ તે? શરીરમાં આત્મબુદ્ધિ રાખનાર - બહિરાત્મા. કેવો હોવા છતાં? સર્વ શાસ્ત્રોનો જાણકાર હોવા છતાં સર્વ શાસ્ત્રોના પરિજ્ઞાનવાળો હોવા છતાં, કારણ કે તે દેહાત્મદૃષ્ટિ છે અર્થાત્ દેહ અને આત્માના ભેદની રુચી વિનાનો છે. વળી તે કેવો (હોવા છતાં) છે? જાગૃત હોવા છતાં - નિદ્રાથી અભિભૂત (ઘેરાયેલો) નહિં હોવા છતાં.

જે જ્ઞાતાત્મા છે અર્થાત્ જેણે આત્મસ્વરૂપ જાણ્યું છે (અનુભવ્યું છે) તે સુપ્ત અને ઉન્મત્ત હોવા છતાં મુક્ત થાય છે-વિશિષ્ટ કર્મ-નિર્જરા કરે છે, કારણ કે તેને દૃઢતર અભ્યાસને લીધે સુપ્તાદિ અવસ્થામાં પણ આત્મસ્વરૂપના સંવેદનમાં વૈકલ્ય (ચ્યુતિ) હોતું નથી.

**ભાવાર્થ** : જેને શરીરમાં આત્મબુદ્ધિ છે - જે શરીરને જ આત્મા માને છે એટલે કે શરીરની ક્રિયા આત્મા કરે છે એવું માને છે - તે ભલે સર્વ શાસ્ત્રોનો જાણકાર હોય અને જાગૃતાવસ્થામાં (સભાન અવસ્થામાં) હોય, તો પણ ભેદવિજ્ઞાનના અભાવે તેને મુક્તિની પ્રાપ્તિ થતી નથી, પરંતુ જેને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે અને આત્મસ્વરૂપના અનુભવનો દૃઢતર અભ્યાસ છે તેવો અંતરાત્મા, નિદ્રાવસ્થામાં યા ઉન્મત્તાવસ્થામાં હોવા છતાં વિશિષ્ટ પ્રકારે કર્મોની નિર્જરા કરે છે કારણ કે તેને નિરંતર જ્ઞાન ચેતનાનું પરિણમન છે. આ કર્મનિર્જરા તેની મુક્તિના કારણરૂપ બને છે.

## વિશેષ

અજ્ઞાની જીવને અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન હોય, પોતાના શાસ્ત્રજ્ઞાનથી બીજાઓને મુગ્ધ કરે, પ્રશંસાને પાત્ર બને, પણ જો તે આત્મજ્ઞાનશૂન્ય હોય

તો તેનું બધું જ્ઞાન આત્મહિત માટે કાર્યકારી નથી - બાધક છે. ગધેડા ઉપર લાદેલાં શાસ્ત્રોના બોજા સમાન તે જ્ઞાન તેને બોજારૂપ છે. ૯૪

## પ્રવચન – ૧૦૮

**ટીકા** : મુક્ત થતો નથી. ટીકાથી ઉપડે છે ને! કર્મ રહિત થતો નથી. મુક્ત થતો નથી એટલે કર્મ રહિત થતો નથી. કોણ તે? શરીરમાં આત્મબુદ્ધિ રાખનાર એટલે કે જેની દૃષ્ટિ રાગ અને શરીર ઉપર જ છે. ત્રિકાળી શુદ્ધ ભગવાન અભેદ ચૈતન્ય મૂર્તિ, એમાં દૃષ્ટિનો એને અભાવ છે. આહાહા! સમજાણું કાંઇ? દૃષ્ટિ ફેરે ઇ માને છે. રાગ અને શરીર આદિની પર્યાય. હું વિચક્ષણ છું તેથી બરાબર બોલી જાણું છું, શાસ્ત્રનું જ્ઞાન મને બરાબર છે, તે હું ભાષણ બરાબર કરી શકું છું અને વિચિક્ષણતા મારામાં જ્ઞાનના ઉઘાડને લઇને, તો જે કોઇ પૂછે એનો જવાબ દઇ શકું છું. આહાહા! પણ કહે છે એ શરીરમાં બુદ્ધિ, આત્મબુદ્ધિ છે. આહાહા!

ખરેખર તો એ શાસ્ત્રનું જ્ઞાન છે એ મારું જ્ઞાન છે, એ પણ આત્મબુદ્ધિ મિથ્યાત્વ છે. આહાહા! સમજાણું કાંઇ? કારણ કે એવા ૯ (નવ) પૂર્વ અને ૧૧ (અગિયાર) અંગ સુધી તો અભવી પણ ભણી ગયો. ૧૧ (અગિયાર) અંગ ને અનંત ભવમાં અનંતકાળમાં ૯ (નવ) પૂર્વની લબ્ધિ સુધી ચાલી ગયો છે. જો એ ધર્મ હોય, અબંધ પરિણામ હોય તો તેને મુક્તિ અલ્પકાળમાં થવી જોઇએ. આહાહા! પરસત્તાવલંબી જ્ઞાન સ્વસત્તાના ભાન વિના થયેલું, આહાહા! એ પરસત્તાવલંબી જ્ઞાન ભલે કંઠસ્થ કર્યું હોય અને એ બરાબર યાદ રાખે. આહાહા! મારે કહેવું પડશે, વાંચવુ પડશે માટે ધારી લઉં વાતને આહાહા! એ એ દેહાત્મબુદ્ધિ છે, સૂક્ષ્મશલ્ય છે ઇ. હેં! આહાહા!

જે જ્ઞાન બીજાને સમજાવવા માટે કરે છે, એ જ્ઞાનનું પ્રયોજન અન્ય છે તેથી તે જ્ઞાન જ નહિં. આહાહા! હું ધારી લઇશ શાસ્ત્રનાં જ્ઞાનને, તો જગતને સમજાવી શકીશ, જગત મને પસંદ કરશે, મને કાંઇક ગણતરીમાં ગણશે. એ બધા દેહાત્મબુદ્ધિ પરાત્મબુદ્ધિ છે. આહાહા! એ ભલે ભણેલો હોય, કહે છે કરોડો, અબજો શ્લોકો કંઠસ્થ અને પાણીનાં પૂરની પેઠે તેનો જવાબ અને ધારણા આપે, સમજાણું કાંઇ? આહાહા! પણ તે ધારણામાં પ્રયોજન તો પરનું છે એકલું, સ્વ આવ્યો નહિં એમાં. તો એ જ્ઞાનને જ્ઞાન જ

કહેતા નથી, એ જ્ઞાન તો તે અજ્ઞાન છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું છે એક ઠેકાણે નહિં ? ૩જા (ત્રીજા) અધ્યયનમાં, જે જ્ઞાન યથાર્થ હોય શાસ્ત્રનું, છતાં એનું પ્રયોજન બીજું જાણવું કરે, બીજાને સમજાવવામાં બીજાને વિસ્મયતા પમાડીશ, મારી જાણપણાની ધારણાથી બીજાને વિસ્મયતા પમાડીશ એવું જેનું પ્રયોજન છે તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન નથી. બાપુ ! અંદરની વાતુ બહુ ઝીણી. આહાહા ! સમજાણું કાંઇ ? એ આંહી કહે છે સર્વ શાસ્ત્રોનો જાણકાર હોવા છતાં. આહાહા !

આંહી તો સર્વ શાસ્ત્રની વાત કરી છે. મર્યાદાય બાંધી નથી એમ કે ૧૧ (અગિયાર) અંગ કે ૯ (નવ) પૂર્વ આહાહા ! વ્યાકરણનો, સંસ્કૃતનો, ગુજરાતીનો શબ્દાર્થ, ભાવાર્થ બધું જેને કંઠસ્થ છે. આહાહા ! સમજાણું કાંઇ ? સર્વ શાસ્ત્રોના પરિજ્ઞાનવાળો હોવા છતાં, પહેલો શબ્દ એમ મૂક્યો કે સર્વ શાસ્ત્રોનો જાણકાર હોવા છતાં, પછી ખુલાસો કર્યો કે સર્વ શાસ્ત્રોનો પરિજ્ઞાનવાળો હોવા છતાં એમ. પરિ એટલે સમસ્ત પ્રકારે શાસ્ત્રના પડખા બધા જાણે છે. આહાહા ! કારણ કે તે દેહાત્મ દૃષ્ટિ છે. દેહ અને આત્માના ભેદની રુચિ વિનાનો છે. આહાહા ! એ રાગ અને એ જ્ઞાન પરનું એનાથી ભિન્ન જ્ઞાન જે ભેદ રુચિ જોઇએ. આહાહા ! આવી વાતુ છે બાપુ ! આહાહા !

નિગોદમાંથી નિકળે, ૧૧ (અગિયાર) અંગ ભણે, હવે ત્યાં તો (નિગોદમાં) અક્ષરનો અનંતમો ભાગ હતો. ત્યાંથી માણસ થાય. ત્યાંય શુભભાવ તો થાય છે ને ? શુભભાવ અશુભ ભાવ તો ધારાવાહી નિગોદમાંય થાય છે. શુભભાવની કાંઇ નવીનતા વાત નથી. નિગોદના જીવને શુભ - પૂણ્યભાવ અને અશુભ પાપભાવ ધારાવાહી ક્ષણે-ક્ષણે થયા જ કરે છે. તો એમાંથી એને પુણ્યબંધ થઇને મનુષ્ય થયો એમાં એણે ક્યાં ત્યાં તો અક્ષરનો અનંતમો ભાગ હતો. આંહી આવીને ૧૧ (અગિયાર) અંગનો ઉઘાડ ૯ (નવ) પૂર્વનો ઉઘાડ થઇ ગયો. આહાહા ! ત્યારે એને એમ થયું હું કાંઇક જ્ઞાન મારું વધ્યું. એય ! એ પણ બહિરાત્મા બુદ્ધિ છે.

બાહ્ય સંબંધીનું જ્ઞાન એ મારું એ બહિરાત્મબુદ્ધિ છે. હેં ! આહાહા ! સમજાય છે કાંઇ ? પૈસા મારા, શરીરની ક્રિયા મારી એ તો વળી એકકોર રહી ગયું. આહાહા ! શાસ્ત્રની ધારણાનું જ્ઞાન, સર્વ શાસ્ત્ર ભણ્યો, મોટો પંડિત થયો, આહાહા ! છતાં દેહાત્મદૃષ્ટિ છે એને ભગવાન દ્રવ્ય સ્વભાવ જે અભેદ શુદ્ધ છે, એની હારે આ જ્ઞાનને અને રાગને એકપણે માને છે. આહાહા ! પોપટભાઇ ! આવું છે. સવારનું તો ઝીણુ હતું અઢારમીનું હેં ! આંહી ઝીણી વાત કરી. આહાહા ! જેમ શરીર મારું, રાગ મારો એમ એ ઉઘડેલું જ્ઞાન છે.

પરના લક્ષ વાળું એ મારું એ બધી દેહાત્મબુદ્ધિ છે. સમજાણું કાંઇ ?

ભાઈમાં તો એક શબ્દ છે ન્યાલભાઈમાં કે જેમજેમ ક્ષયોપશમ થતો જાય છે તેમ તેમ તેને મદ વધતો જાય છે, એક ઠેકાણે છે. અભિમાન વધતું જાય છે કે આ મને થયું, આ મને આવડે છે, બીજા કરતાં હું આવડતમાં વધ્યો છું એમ એને ઊંડે ઊંડે મદ ચડી જાય છે. આહાહા ! સમજાણું કાંઇ ? એ પણ દેહાત્મબુદ્ધિ છે. આહાહા ! ભાઈ મારગડા બહુ જુદા. આહાહા ! વળી તે કેવો હોવા છતાં છે ? જાગ્રત હોવા છતાં. નિંદ્રાથી ઘેરાયેલો નથી. એમ કે શાસ્ત્રનું જ્ઞાન છે તેમાં નિંદ્રાથી ઘેરાયેલો નથી. આહાહા ! સમજાણું કાંઇ ? કહો જેઠાભાઈ ! આ તો શાસ્ત્રજ્ઞાનને કાઢી નાંખ્યું આહાહા ! નિંદ્રાથી ઘેરાયેલો નહિં હોવા છતાં જાગતો રહે છે, આહાહા ! દિવસ ને રાત કેટલાક એવા યે ઊંઘ ન લે.

આ ગોંડલ સંપ્રદાયના હતા ને ભાઇ, ઇ કોણ ? એના ગુરુ હતા મોટા. સાડાપાંચ વરસ નિંદ્રા નહોતી લીધી, ડુંગરશી સ્વામી, ડુંગરશી હતા. ડુંગરશી સાધુ એટલે શું ? કહે છે. જાગ્રત છતાં દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા ! કારણ કે દેહની ક્રિયા હું છું તો થાય છે એનું અસ્તિત્વથી એનું થાય છે એમ ન જાણતા, મારા અસ્તિત્વની વિચિક્ષણતાને કારણે દેહની વ્યવસ્થિત ક્રિયા થાય છે. આહાહા ! અને મારા સ્વભાવમાં ભલે ન હોય પણ મને (હું) પ્રશસ્ત રાગ કરું છું ને રાગની મંદતા હું કરું છું ને એવી જેને અંદર કર્તાબુદ્ધિ, દેહાત્મબુદ્ધિ છે, એથી આગળ જતા એ જાણપણાનો ભાવ, આહાહા ! એ તો પરજ્ઞેયને જાણવાનો ભાવ છે, એ સ્વજ્ઞેયને જાણવાનો નહિં. આહાહા ! એ પરજ્ઞેયને જાણવાનો ભાવ, જાગ્રતિ હોવા છતાં એ તો મિથ્યાદૃષ્ટિ. સ્વભાવની, અંતરની રુચિનો જ્યાં અભાવ છે, એનું જ્ઞાન બધું બહિરાત્મપણાનું છે. આહાહા ! ભારે વાતુ ભાઈ !

એક શાસ્ત્રમાં આવ્યું છે ને કે પંડિતોનો શાસ્ત્ર એ સંસાર છે. આહાહા ! એ આમ છે ને તેમ છે ને આમ છે ને તેમ છે ને વાતુમાં ઓગાળે. પણ પોતે કોણ અભેદ છે એની તો દૃષ્ટિની ખબર નથી. સમજાણું કાંઇ ? યોગસારમાં આવે છે અમિતગતિ - શાસ્ત્ર સંસાર છે. આહાહા ! પ્રભુ સંસાર તો ઉદયભાવ હોયને ? કે આ ઉદયભાવ છે ઇ. સમજાણું કાંઇ ? ઘણાં વરહ (વરસ) પહેલા એક ચર્ચા હાલી (ચાલી)તી સાધુઓમાં, ૮૦ (એંસી)ની સાલમાં છે કાંઇ ૮૦ (એંસી), ૮૦ (એંસી) ને ? લીમડીથી આવ્યા ત્યારે નહિં ? ૭૯ (ઓગણએંસી)માં લીમડી ને ૮૦ (એંસી)માં રાણપરમાં છે. જયચંદભાઇ હતા ને, રામજીભાઇના સાળા અને મૂળચંદજી વચ્ચે ચર્ચા ચાલતી'તી નીચે, હું ઉપર. ૮૦ (એંસી)ની વાત છે.

એક કહે આ કે ૯મી (નવમી) ગ્રૈવયક સાધુ થઇને ગ્યો, એ ક્ષયોપશમ

ભાવે હતો રાગ એમ ચર્ચા ચાલતી'તી એની, અને એ શ્વેતાંબરેય ક્ષયોપશમ કહે છે એટલે ક્ષયોપશમ રાગની મંદતા ભલે હો, પણ ઈ ક્ષયોપશમ ભાવ હતો એથી એને. હેં! (**શ્રોતાઃ** અહીંયા જડ ક્ષયોપશમ ભાવ કહ્યો ને?) કહ્યું'તું ને ઈ કહે છે પણ ઈ ક્ષયોપક્ષમ ભાવ તો દ્રવ્યનિક્ષેપે કહ્યું. એ તો આવે છે ને નિયમસારમાં, પંચાસ્તિકાયમાં બે ઠેકાણે આવે છે. પણ ઈ ક્ષયોપશમ ભાવ જ નથી. ઈ વહેવારે એને ક્ષયોપશમ કહ્યો છે. આહાહા! આ વાત વહેવાર અને નિશ્ચયની વાતુ બહુ ઝીણી. વહેવારનય એને ક્ષયોપશમ કહે નિશ્ચયનય એને ઉદય કહે છે. હેં! આહાહા! એ નીચે વાતુ ચાલતી'તી ત્યારે અમે ઉપર. ઓલા કહે હવે આ બધા આમ કહે ચાલે કહે છે આ બધા, બાપુ ઉદયભાવ છે. આહાહા! આ તો ૮૦ (એંસી)ની વાત છે.

૯મી (નવમી) ગ્રૈવયકે જાય એ ધર્મનો ક્ષયોપશમ ભાવ છે માટે જાય છે. એવી ક્રિયા કરે રાગની મંદતા ચામડા ઉતરડીને ખાર છાટે, ક્રોધ ન કરે, શાંત શાંત દેખાય મન - વચન - કાયાની ક્રિયામાં, એવી રીતે એની પદ્ધતિની પ્રકૃતિ હોય કે આમ શાંત દેખાય. સમજાણું? પણ છે બધો એ ઉદયભાવ. કેમકે જ્યાં ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતનદ્રવ્ય, એની દૃષ્ટિ જ્યાં આવી નથી ત્યાં એ બધા જ્ઞાનના ઉઘાડભાવ પણ બધા ઉદયભાવમાં નિશ્ચયથી ત્યાં જાય છે. કાંઈપણ લાભ ક્ષયોપશમનો હોય તો તો અમુક કાળે તેનો મોક્ષ થવો જોઈએ અને એવું તો ભણતર અનંતવાર કર્યું છે. જેમ આચરણ ક્રિયાકાંડ, ૯મી (નવમી) ગ્રૈવયક ગ્યાં એવી અનંતવાર કરી છે, એવું જાણપણું પણ અનંતવાર કર્યું છે ઈ વસ્તુ ક્યાં છે? આહાહા! છોટાભાઈ આવો મારગ છે. આહાહા!

(**શ્રોતા** : ક્ષયોપશમ થાય ઈ) ઈ વધારે આ વાત ચાલે છે. જુઓને હાલે (ચાલે) છે એની તો વાત હાલે (ચાલે) છે બાપુ! આહાહા! (**શ્રોતા** : અને અમારે સાંભળવાનું) હેં! ઈ તો ચાલે છે આપણે. બહિરાત્મ એટલે બાહ્ય ચીજ ને! અરે! એક સમયની પર્યાયને પણ આત્મા માનનારા આહાહા! તો આ પર્યાય તો ક્ષયોપશમની છે, દ્રવ્ય નિક્ષેપની, હેં! આહાહા! (**શ્રોતા** : બીજા કરતા સૂક્ષ્મ) આહાહા! એને પણ પોતાનું માને છે એ બહિરાત્મા છે. આહાહા! જે જ્ઞાતાત્મા છે એટલે કે આત્મા જે શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ એ પર્યાયબુદ્ધિ ને રાગબુદ્ધિને અને ઉઘાડનાં બુદ્ધિને છોડી દઈને પરમાત્મ સ્વરૂપ પ્રભુ પૂરણ પરમાત્મા ભગવાન ઈશ્વર પોતે, એનું જેને અંતરમુખ થઈને જ્ઞાન થયું છે. આહાહા! ઓલુ બહિર્મુખ હતું. સમજાણું કાંઈ? આહાહા!

ન્યાલભાઈમાં એક શબ્દ છે કે તારી વ્યાખ્યા અને શું તારે બીજાને બતાવવું

છે કે મને કાંઈક આવડે છે, બીજા કરતા મને આવડે છે. જવાબ દેતા આવડશે એમ તારે કરવું છે ? ધારી રાખીને શું કરવું છે તારે ? છે ને ભાઈ ! એનો તો અંદર બહુ ઓલો ભાવ, અહીં એને ન માન્યા એને વળી કોકને એને એની આગળ કે એને તમે નિશ્ચયાભાસ કહો. હવે ભાઈ ! એને શું ? રામજીભાઈ કહે ભઈ તારે શું કામ છે બીજાનું, ઈ ગમે તે હોય, લે. હેં ! એ રામજીભાઈ કહે ને ઘણીવાર, જ્યારે ઓલા કહે ને એને નિશ્ચયાભાસ નક્કી કરો તો અમે ત્યાં આવીએ. પણ ભાઈ તારે કામ....! ઓલા જ્ઞાનચંદજી છે ને ઈ આવ્યા'તા પાછળ. અમે ન હોઈએ ત્યારે જોવા આવ્યા'તા, પાછળથી આવ્યા'તા. એમાં સ્થાનનું કેમ હતું પહેલા, તમે એને નિશ્ચયાભાસી ઠરાવો તો અમે અત્યારે આવીએ નહિંતર તમે નહિં હો ત્યારે અમે આવશું. પાછળથી આવ્યા'તા, ભાઈ પણ ગ્યા'તાને આહાહા !

અરે ભગવાન ! શું છે ભાઈ ! આહાહા ! (**શ્રોતા** : હવે બીજા નિશ્ચયાભાસી હોય સાચા નિશ્ચય) પણ તારે બીજાનું તને પરખતા ન આવડે અને બીજાનું શું કામ તારે ? પરખતાં તને આવડતું નથી આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! એ તો સમ્યગ્જ્ઞાનમાં જે ચીજ હોય એ એની જણાઈ જાય, એ ચીજ બાકી ઓલી (છાની) ન રહે. આહાહા ! હેં ! શું કીધું ? (**શ્રોતા** : શાસ્ત્ર પંડિતનો સંસાર .....) હા, ઈ છે ને, પંડિતોનો સંસાર છે પણ એક ઠેકાણે ત્યાંય કહ્યું ને નહિં ! કે તમે આ ધારણાથી વાત કરો છો એ કાગ જેવી બોલની વાત છે મને તો લાગે છે. આહાહા ! કાગડા જેમ બોલે આહાહા ! હેં ! આપણને નંબરની ખબર નથી. આહાહા ! ઈ આંહી વાત ચાલે છે.

જેણે આત્મા, આત્મસ્વરૂપ જાણ્યું છે, તે સુપ્ત અને ઉન્મત્ત હોવા છતાં આહાહા ! એ નિંદ્રામાં હો અને કાંઈક પાગલ જેવું પણ સહેજ થઈ જાય એવી દશા, બહુ આકરો રોગ હોય ને એને લઈને સહેજે એવી થઈ જાય, છતાં વિશેષ કર્મની નિર્જરા કરે છે. આહાહા ! એ મુક્ત થાય છે. આહાહા ! કારણકે અંદર આત્મ દર્શન તો કાયમ કામ કરે જ છે. આહાહા ! જે આત્મદર્શનની પ્રતીતિ થઈ અને જે આત્માનું જ્ઞાન થયું એ જ્ઞાન ને શ્રદ્ધા કાર્ય કરે કે નહિં ? ઈ કાંઈ અમથા પડયા છે ઈ ? આહાહા ! એ સુપ્ત હોય અને ઉન્મત્ત હોવા છતાં મુક્ત થાય એટલે ખાસ કર્મની નિર્જરા કરે છે એમ કહે છે. વિશિષ્ટ એટલે ખાસ, કારણકે તેને દઢતર અભ્યાસને લીધે આહાહા ! ઊંઘમાં ને ઉન્મત્ત અવસ્થામાં પણ આત્મસ્વરૂપના સંવેદનમાં ચ્યુતિ હોતી નથી. આહાહા !

એ તો કાલે કહ્યું'તું નહિં કે ભઈ નિંદ્રામાં છે ને ? તે નિંદ્રામાં છે તો ઈન્દ્રિયનો વિષય રોકાણો છે. હેં ! પણ સ્વરૂપનો વિષય જે દષ્ટિમાં આવ્યો એ ક્યાં રોકાણો છે ? ત્યાં તો

કામ કર્યા જ કરે છે. આહાહા ! સમજાણું કાંઇ ? નિંદ્રા અવસ્થામાં દર્શન છે ને રોકાઇ ગઇ. ઇન્દ્રિયોનો વિષય છે ઇ રોકાણો છે પણ એથી આત્મદર્શન થયું છે એ દર્શનને રુકાવટ ન્યાં ક્યાં છે ? જે શ્રદ્ધા ને જ્ઞાન આત્માનાં વલણનું થયું છે - આત્માના સન્મુખનું, એ ક્ષદ્ધા જ્ઞાન કામ કરે છે કે પડયું છે અમથું ? કામ કરે છે શ્રદ્ધા શ્રદ્ધાનું, જ્ઞાન જ્ઞાનનું. આહાહા ! સમજાણું કાંઇ ?

**ભાવાર્થ :** જેને શરીરમાં આત્મબુદ્ધિ છે, સાધારણ શરીરને આત્મબુદ્ધિ એમ લખ્યું છે એનો અર્થ પણ બહુ આમ લાંબો છે. સમજાણું કાંઇ ? આહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં એમ આવ્યું છે ને સભા ઘણી હોય ને રાગ, રાગ પોતાને રાજીપો આવે કે ઘણાં માણસો આહાહા ! મારી સાંભળે છે વાત મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. હેં ! (**શ્રોતા :** એને પોરસ ચડે છે) પોરસ ચડે. આહાહા ! (**શ્રોતા :** પોરસ) પોરસ ચડે. પાટ ઉપર બેસી આમ લાખો માણસ બેઠું હોય અને વાતુ કરવી આહાહા ! એ પોરસ અજ્ઞાનનો છે. સમજાણું કાંઇ ? આહાહા !

શરીરની ક્રિયા આત્મા કરે છે એવું માને છે. એનો ખુલાસો કર્યો કે ભાઇ ! શરીરને આત્મા માને એટલે શું ? એમાં ઓઘે ઓઘે શરીરને આત્માથી અને શરીર અને આત્મા મારે જુદા છે એમ માને છે જાણવાનું. જ્ઞાન જાણતું ૧૧ (અગિયાર) અંગમાંય નથી આવ્યું ઇ ? હેં ! (**શ્રોતા :** એ બહારની વાતુ હાલે (ચાલે) છે, અંદરમાં ક્યાં ગ્યો છે ઇ ?) ઇ ગ્યો, વાતો કરીને ઉઘાડમાં માની છે એણે આહાહા ! ૧૧ (અગિયાર) અંગમાં નથી આવ્યું ઇ ? અને ખરેખર તો એને એ પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન તો છે પણ પરલક્ષનાં ક્ષયોપશમમાં દ્રવ્યનું જ્ઞાન છે, આમ દ્રવ્ય સન્મુખ થઇને નથી, કારણકે એ ૯ (નવ) તત્ત્વની શ્રદ્ધા નામ વહેવારની એ ૯ (નવની) આમ આત્મા પર્યાયનું જ જ્ઞાન અને જ્ઞાન દ્રવ્યનું નથી ? ૧૧ (અગિયાર) અંગમાં છે તે પણ એ દ્રવ્ય છે ઇ આ સત્તા છે એટલું. કેવું છે ને કેમ છે એવું અનુભવીને એણે માન્યું નથી. આહાહા ! સમજાણું કાંઇ ?

એના જ્ઞાનની પર્યાયમાં એનો વિષય જે દ્રવ્ય શુદ્ધ અભેદ આવ્યો નથી, આવ્યો નથી એને જાણ્યું છે કે દ્રવ્ય આવું છે, આવુ છે, ઇ સ્વ વિષય કર્યો નથી. સમજાણું કાંઇ ? આહાહા ! અત્યારના સાધારણ માણસોને તો આ કેવું લાગે કે આહાહા ! આ તો શું કહે છે આ ? હરિભાઇ એવું લાગે, અરે બાપુ ! મારગ છે બાપા ! ભાઇ, અરે વીતરાગના વિરહ પડયા, વીતરાગ તો આમ કહે છે અને એવો મારગ છે. આહાહા !

જેને શરીરમાં આત્મબુદ્ધિ છે. જે શરીરને આત્મા માને છે એટલે કે શરીરની થતી દશાઓ - ભાષાની, હાલવાની, ચાલવાની આહાહા ! દયા પાળવાની એવી શરીરની ક્રિયા થાય એ મારાથી છે, મારી છે, મેં ધ્યાન રાખ્યું માટે શરીર જીવ દેખ્યો, ખ્યાલમાં

આવ્યું માટે શરીરને મેં ઊંચુ રાખ્યું, પગને ઊંચો રાખ્યો, નહિંતર પગ ત્યાં પડત તો મરી જાત. એય ! એવી શરીરની ક્રિયા. જુઓ શાસ્ત્રમાં એમ આવે, ઇરિયા સમિતિએ ચાલનાર સંત, આમ આવે તો પગને ઊંચો રાખવો એવું આવે લ્યો, એ તો એનો ભાવ એવો હોવો જોઇએ એમ, શુભ વિકલ્પ. આહાહા ! પણ પગ ઊંચો રાખવો કે નીચે પડવું એ કાંઇ ક્રિયા આત્માની નથી. આહાહા ! જીવ દેખ્યો ને શરીર પગ આ બાજુ કરી નાંખ્યો, પાની ઉપરની ધૂળે આ મોઢા આગળ ઊંચો થઇ ગયો પગ, એટલે ક્રિયા મેં કરી છે. આહાહા ! આવો મારગ છે શેઠ ! આહાહા !

(**શ્રોતા** : સત્યનારાયણની કથા છે) આ સત્યનારાયણની કથા છે વાત સાચી. આહાહા ! ઓલા ગપ્પા માર્યા છે ઇ. આહાહા ! સત્યનારાયણની કથા આવે છે ને ખબર હોય તો. અમારે ગાંડાભાઇ પણ કરતા હતા, આ બાલુભાઇના બાપ. હા... એક ફેરીને આમ આ શું કરે ગાંડા જેવું. સત્યનારાયણની કથા કાંઇ બિચારાને ભાન ન મળે. આહાહા ! ધીરુભાઇ છે ને આ એના દીકરા નહિં, મનહર. સુરતમાં છે ને ? અત્યારે એની પાસે ૭૦ (સિત્તેર) લાખ રૂપિયા છે, ૬૦ (સાઠ) લાખ, ક્રોડ કહે છે, કોઇ કહે છે આ, ૬૦ (સાઠ) લાખ છે. આ બાલુબાઇના મકાન છે ને આ એના બાપ હતા ગાંડાભાઇ, સત્યનારાયણની કથા કરતા. આ શું કરે છે કીધું આ જૈન થઇને ! કાંઇ ભાન ન મળે. ગાંડા નામ તે ગાંડા ને ગાંડા બધા. વાણિયાનું ભાન ન મળે કાંઇ, શું કરીએ ને શું અમે જૈન છીએ. આહાહા !

આ તો સત્ય પ્રભુ સત્યનારાયણ પરમાત્મ સ્વરૂપ જે છે એને ભૂલીને, શરીરની ક્રિયા મારી છે, રાગ તે મારો છે, અરે ! પરલક્ષી જ્ઞાન પણ મારું જ્ઞાન છે, એવા દેહાત્મ બુદ્ધિવાળા અજ્ઞાની જાગ્રત હોવા છતાં અને શાસ્ત્રના જાણપણા પાણીના પૂરની પેઠે એનું જાણપણુ આમ કામ કરતું હોય છતાં એ બધું અજ્ઞાન છે. આહાહા ! પોપટભાઇ ! આવી વાતુ છે.

ધર્માત્મા સુપ્ત હોવા છતાં મુક્ત થાય છે. આહાહા ! આંહી નીચે ભાવાર્થમાં છે. તે ભલે સર્વ શાસ્ત્રનો જાણકાર હોય અને જાગ્રત અવસ્થામાં સભાન અવસ્થામાં હોય. સભાન એટલે આ જાણવું, દેખવુ હોં, ઓલી ભાન - સભાન નહિં, તો પણ ભેદ વિજ્ઞાનના અભાવે આહાહા ! રાગને એ બહારના જાણપણાથી ભેદ કર્યા વિના, ભેદવિજ્ઞાનના અભાવે આહાહા ! તેને મુક્તિની પ્રાપ્તિ થતી નથી. આહાહા ! પરંતુ જેને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે અને તે આત્મસ્વરૂપના અનુભવનો દઢતર અભ્યાસ છે

તેઓ અંતરાત્મા; એ જ્ઞાનની સાથે આનંદ લાવે એ ભેદજ્ઞાન છે. જ્ઞાન સાથે આનંદ હોય એ જ્ઞાન જ્ઞાન છે, પણ એકલું જાણપણુ એ આનંદ નથી એ તો દુ:ખરૂપ દશા છે બધી. આહાહા! સમજાણું કાંઇ? અરે આવી વાતુ ભારે. ઓલા તો કહે દયા પાળો ને આ કરો લ્યો.

અમારે હીરાજી મહારાજ બિચારાને એટલુ હતું અહિંસા સમયચેવ, પર જીવને જરીએ ન મારવો એ અહિંસા સર્વ સિદ્ધાંતનો સાર છે એમ હીરાજી મહારાજ કહેતા. એ કેશુભાઇ! તમે તો ક્યા બહુ સાંભળ્યું'તું ન્યાં? પણ જોયા તો છે ને હીરાજી મહારાજને? ચોમાસુ ૭૧માં (એકોતેરમાં) હતું, લાઠી હતુ. ૭૧ (એકોતેર) પછી ગુજરી ગયા ૭૪માં (ચુમોતેરમાં). **एवम्खु णाणिणो सारं** એમ બોલે, બૈરા હજારો હોય સામુ જોયા વિના આમ બોલે. ભગવાન એમ કહે છે ભાઇ **एवम्खु णाणिणो सारं** જ્ઞાનીનો એ સાર છે કે **जं न हिंसइ किंच** કોઇપણ પ્રાણીને ન હણવો. પોતે એમાં પ્રાણી છે કે નહિં? હેં! એ રહી જાય. આહાહા! **एवम्खु णाणिणो सारं जं न हिंसइ किंच.**

જેના મરણ વખતે ૫-૫ (પાંચ-પાંચ) લાખના આસામી, ૧૦-૧૦ (દસ-દસ) લાખના આસામી, ૨૦ (વીસ) વરસનો દીકરો મરે એમ રોતા'તા. કાંપમાં ભાઇ. કેવા મીઠડાં! કાંપમાં નહિં? પુલ હેઠે બાળ્યા'તા. અમે આવ્યા પછી ઉપાડયા'તા. અમે ૫ (પાંચ) ગાઉ છેટે હતા ને એક જણ અમે જે ગામમાં આવ્યા તે ગામમાં ઊઠીને કાંપમાં ગ્યા. અમને પછી આમ બપોરે ખબર પડી. એક માણસ કહે કે એક સાધુ રસ્તામાં કાળ થઇ ગયા. એ તો એ હીરાજી મહારાજ. પહેલું તો એમ કે જગજીવનનું લાગ્યું. નબળાઇ બહુ થઇ ગયેલી. હારે હતા એની. પછી તો એક માણસ કહે લાંબા છે અને બાવળ હેઠે ઉતાર્યા છે. મરી ગ્યા રસ્તામાં આમ, પછી કહે અમને હીરાજી મહારાજ છે.

ત્યાં રાતે બે માણસો આવ્યા, હીરાજી મહારાજ ગુજરી ગયા છે સવારમાં તમે વહેલા આવો. પછી અમે અહીંથી ગ્યા. પણ અમે ગ્યા જ્યારે માંડવી (માંડણી) તૈયાર હતી. માંડવી સમજે ને? એને માંડણી કહે ને? પણ જ્યાં ઉપાડયા એને અને દિવાળીબાઇ આવ્યા ત્યાં આંસુની ધારા, રોવે રોવે, રોવે રોવે. મોહનલાલજી, મણીલાલજી બધા હતા. ધરમશી, ગૃહસ્થો રોવે હોં, પણ વસ્તુની દૃષ્ટિ વિનાના છે. પર પ્રાણીને ન મારવો એ જૈન સિદ્ધાંતનો સાર છે એવું જેણે જાણ્યું એણે બધું જાણ્યું એમ કહેતા'તા.

આંહી તો સિદ્ધાંતનો સાર એ છે કે હું અલ્પ પર્યાયવાળો છું, રાગવાળો છું, પરની ક્રિયા કરનાર છું, એણે આત્મા ને મારિ નાંખ્યો છે, એનું જીવન ટકતું કેટલું છે એની એને ખબર નથી. સમજાણું કાંઇ? એનું જીવન તો અનંત આનંદ અને જ્ઞાનથી

ભરેલો અભેદ શુદ્ધ દ્રવ્ય, એનાથી ટકતું જીવન એ એનુ જીવન છે. એને ન માન્યું ને ફક્ત પર્યાય અને રાગને માની લીધી એ તો જીવની પોતાની હિંસા કરી છે. આહાહા ! અને એ રાગની એકતા ન કરવી અને પોતાના પૂર્ણ શુદ્ધ ચૈતનને પોતાનો જાણવો એનું નામ અહિંસા છે. કે જે અહિંસામાં વીતરાગી પર્યાય ઊભી થાય એ અહિંસા સિદ્ધાંતનો સાર છે. સમજાણું કાંઇ ? આહાહા !

ભેદજ્ઞાનના અભાવે તેને મુક્તિની પ્રાપ્તિ થતી નથી. આહાહા ! પરંતુ જેને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે, અને આત્મ સ્વરૂપના અનુભવનો દઢતર અભ્યાસ છે. એવો અંતરાત્મા નિંદ્રા અવસ્થામાં હો, ઉન્મત્ત અવસ્થામાં હોવા છતાં, આહાહા ! વિશિષ્ટ પ્રકારે કર્મોની નિર્જરા કરે છે. આહાહા ! અનંત કાળમાં ન થઇ એવી નિર્જરા કરે છે આ સમજ્યા બહુ છે ને ? નિર્જરા કરે છે એટલે નિર્જરા ત્યાં થાય છે. એને કરે છે એમ ઉપદેશમાં તો એમ કહે ને ! સમજાણું કાંઇ ? ઓહોહો !

કારણ કે તેને નિરંતર જ્ઞાન ચેતનાનું પરિણમન છે. જ્ઞાન સ્વરૂપી ભગવાન એની એકાગ્રતા એ જ્ઞાનનું પરિણમન કાયમ છે. ગમે તે સ્થિતિમાં પણ જ્ઞાનનું પરિણમન ત્યાં અવરાઇ જાય છે એમ નથી. આહાહા ! સમજાણું કાંઇ ? આ પરમ નિર્જરા તેની મુક્તિના કારણરૂપ બને છે આ કર્મ નિર્જરા. શુદ્ધ ઉપયોગરૂપ ક્રિયા આત્માને જેણે જાણ્યો છે એ શુદ્ધ ઉપયોગથી ત્યાં નિર્જરા થાય છે. આહાહા ! પુણ્ય-પાપથી નહિં અને એકલા પરના ક્ષયોપશમના જ્ઞાનથી નહિં. આચરણરૂપ શુદ્ધ ઉપયોગ, જાણવા દેખવાનો ઉપયોગ એકલો એમ નહિં. શુભ-અશુભભાવ રહિત એટલે અશુદ્ધ ભાવ રહિત, શુદ્ધના ઉપયોગમાં જેણે પૂરણ ધ્યેય - શુદ્ધને પૂરણને પકડયું છે. આહાહા ! એનો જે શુદ્ધ ઉપયોગ એ નિર્જરાનું કારણ છે. સમજાણું કાંઇ ? કર્મ નિર્જરા તેની મુક્તિનું કારણ બને છે.

## વિશેષ

અજ્ઞાની જીવને વધારે ખુલાસો કરે છે. ટીકા, ભાવાર્થ અને વિશેષ ૩ (ત્રણ) પ્રકાર નાંખ્યા છે. આહાહા ! અજ્ઞાની જીવને ૧૧ (અગિયાર) અંગ અને ૯ (નવ) પૂર્વનું જ્ઞાન હોય લ્યો. આહાહા ! ૯ (નવ) પૂર્વ ભણ્યા ભણાય નહિં હોં ! એવો જેનો ક્ષયોપશમ ઉઘડી જાય છે. અજ્ઞાની જીવને ૧૧ (અગિયાર) અંગ અને ૯ (નવ) પૂર્વનું જ્ઞાન હોય, પોતાના શાસ્ત્રજ્ઞાનથી બીજાઓને મુગ્ધ કરે, માળે સ્પષ્ટ કર્યું છે ને શાસ્ત્રજ્ઞાનથી લોકોને ડોલાવે આમ. આહાહા ! ભારે શાસ્ત્રજ્ઞાન. વાહ ! એય ! પ્રસંશાને પાત્ર બને. સભા પ્રસંશા કરે કે ઓહો, એવું શાસ્ત્રનું ભણતર. બધું પરલક્ષી ! લોકો એ પસંદ કરીને

એને પંડિતને જ્ઞાની માને, પસંદ કરે કે આહાહા! પણ જો તે આત્મજ્ઞાન શૂન્ય હોય પણ એ જ્ઞાન આત્માનું ન હોય એમ કહે છે.

આત્મજ્ઞાન કીધું ને? જે જ્ઞાન આત્માનું ન હોય એ જ્ઞાન તો પરલક્ષી જ્ઞાન છે, એ આત્મજ્ઞાન નહિં. આહાહા! ક્ષયોપશમ બધો એ આત્મજ્ઞાન નહિં. આત્મજ્ઞાન આત્મા વસ્તુ જે છે તેનું સન્મુખ થઈને જે એમાંથી આવવું વેદન, એ આત્મજ્ઞાન વિનાના જીવો, આવા ૧૧ (અગિયાર) અંગના ભણતરવાળા પણ તેનું બધું અજ્ઞાન આત્મહિત માટે કાર્યકારી નથી. આહાહા! તેનું બધું જ્ઞાન આત્મહિત માટે કાર્યકારી નથી. એનો અર્થ એ થયો કે એક માટે જય આહાહા! હેં! માર્ગ તો જુઓ બાપુ! આહાહા! રાગ તે મારો, એમ મારો નહિં, શરીર મારું નહિં, વાણી મારી નહિં, એનો કર્તા હું નહિં પણ પરલક્ષી જ્ઞાન મારું નહિં. આહાહા! એની કોઇ કિંમત નહિં એમ કહે છે. હેં!

ભગવાન આત્મા અભેદની દૃષ્ટિ થઈને જે જ્ઞાન થયું એ જ્ઞાનની કિંમત છે. સુજાનમલજી આવી વાત છે ભાઈ! ગર્વ ચડયા હોય એને ઉતારી નાંખવા જેવા છે. (શ્રોતા : બધા અપને આપ એ જ્ઞાની માની લે તો?) તે કીધુ ને ગર્વ ચડયો. ખોટો માને પણ એને જ્ઞાનનું, આનંદનું વેદન આવ્યું નથી ને ક્યાંથી માની લે? એ તો અજ્ઞાનથી માને. (શ્રોતા : અજ્ઞાની માને) બસ, માને તો ઈ, એમ તો વાત ચાલે છે. આહાહા! પોતાના શાસ્ત્રજ્ઞાનથી બીજાઓને મુગ્ધ કરે. આહાહા! ભાષણ આપે, લાખો માણસમાં બબ્બે કલાક ધારાવાહી શાસ્ત્રના આધાર વિના, એટલું કંઠસ્થ હોય. પણ જો તે આત્મજ્ઞાન શૂન્ય હોય, પણ આત્મા જે છે ચૈતન્યમૂર્તિ પરમ આનંદનું ધામ એનું એને જ્ઞાન નથી. એ જ્ઞાન એનું નથી, એ જ્ઞાન આત્માનું નથી, એ પરનું છે. આહાહા! તેનું બધું જ્ઞાન આત્મહિત માટે કાર્યકારી નથી, બાધક છે.

લ્યો શું કહેવું હવે? સાધક તો નથી.. આહાહા! હેં! ત્યારે નુકસાનકારક છે એમ કહેવુ છે પાછું. આહાહા! કારણકે જેમ જેમ ઉઘાડ થતો જાય તેમ તેમ એને અભિમાન અંદર વધે. આહાહા! બીજા કરતા તો કાંઈક હું વધ્યો છું, કાંઈ જાનનારા નથી એના કરતા તો મારું કાંઈક જ્ઞાન વધ્યુ છે કે નહિં, હું કાંઈક વધ્યો છું કે નહિં? આહાહા! બાધક છે. દાખલો આપે છે માળે. બીજે ક્યાંક કાંઈ આવે છે અનુયોગ દ્વારમાં દાખલો. ગધેડા ઉપર ચંદનના લાકડા હોય તો એ ચંદનના લાકડા વહે છે ગધેડા ઉપર લાદેલા શાસ્ત્રોના બોજા સમાન. ઈ છે આ દાખલો છે ત્યાં અનુયોગદ્વારમાં ચંદન ભારવાહિ ખરોખર ખર એટલે ગધેડો. હેં!

હા, જહાં ખરો ચંદન ભારવાહિ એ અનુયોગ દ્વારનું ...... જહાં ખરો એટલે ગધેડો, ચંદન ભારવાહિ, એમ ગધેડા જેવો એને ૧૧ (અગિયાર) અંગ ને ૯ (નવ) પૂર્વનો ભાર વહ્યો છે. આહાહા! ગધેડા ઉપર લાદેલા શાસ્ત્રોનો બોજો આંહી તો લીધો છે હોં! જેમ ચંદનના, સુખડના લાકડા ગધેડા ઉપર હોય એથી કાંઇ ગધેડા સુગંધવાળા થાય? (**શ્રોતા** : નહિં) એમ શાસ્ત્રોનો બોજો થાય એટલે કાંઇ આત્મજ્ઞાન વાળો થાય? (**શ્રોતા** : જી નહિં) આહાહા! જ્ઞાની હોય, ધર્માત્મા હોય અને બોલતા ઓછું આવડે અને બહારમાં એવી સમજાવવાની શક્તિ ન હોય તો ઓલો જાણપણાવાળો શાસ્ત્રજ્ઞાનવાળો પણ એમ માને કે આને શું આવડે છે? અમને બધું આવડે હવે. આહાહા! મરી ગ્યો છે બાપા તું. આહાહા! ભાઇ તને તારા જીવના ભેદજ્ઞાનની ખબર નથી ભાઇ. આહાહા! વાત વાતમાં બીજાને નાનો કરી નાંખે હેં! અને પોતે જાણે કે અધિક છું જાણપણામાં એમ ઠરાવે, એ વસ્તુ તો નુકસાન બાધક છે કહે છે. આહાહા!

ગધેડા ઉપર લાદેલા શાસ્ત્રોના બોજાઓ આહાહા! શાસ્ત્રનું જ્ઞાન તો ગધેડા ઉપર જેમ શાસ્ત્રનું જ્ઞાન એમ, એમ કહે છે. આહાહા! તે જ્ઞાન તેને બોજારૂપ છે. કહો કેમ કે જે જ્ઞાન સ્વભાવી ભગવાન છે એને સ્પર્શીને તો જ્ઞાન આવ્યું નથી. આ તો જ્ઞાનના રાગની મંદતા અને કોઇ ક્ષયોપશમ ભાવે હતો તો એ ભાવ થયો. આહાહા! ખુલાસો બહુ સારો કર્યો છે ભાઇએ, છોટાભાઇએ સારું લખ્યું છે એ જ્ઞાન તેને બોજારૂપ છે. આહાહા! નુકસાન કરનાર છે. સમજાણું કાંઇ?

કહો હરિભાઇ! આવા જાણપણાનેય બોજારૂપ કીધું. રાગની ક્રિયા દેહની તો વળી ક્યાંય! આહાહા! બોલકો થઇ જાય, આ ભાષણ કરતાં આવડે હેં! સભાને રંજન કરતાં આવડે એટલે ઇ જાણે કે અમને આ જ્ઞાન છે બીજા કરતાં વધારે, એ બોજો છે કહે છે ઇ. ભગવાન આત્મા જ્યાં નિર્મળાનંદ પ્રભુ એમાં દૃષ્ટિ કરીને, એનું જ્ઞાન જે નથી તે જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. આહાહા! ૯૪ (ચોરાણુ) થઇ લ્યો.

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન – ૧૦૯

## શ્લોક – ૯૫અને ૯૬

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૦૩.૦૮.૭૫**

कुतस्तदा तदवैकल्यमित्याह –

**यत्रैवाहितधी पुंसः श्रद्धा तत्रैव जायते ।**
**यत्रैव जायते श्रद्धा चितं तत्रैव लीयते ।। ९५।।**

જેમાં મતિની મગ્નતા, તનીજ થાય પ્રતીત;
થાય પ્રતીતિ જેહની, ત્યાં જ થાય મન લીન. ।।૯૫ ।।

क्व पुनरनासक्तं चित्तं भवतीत्याह –

**यत्रानाहितधीः पुंसः श्रद्धा तस्मान्निवर्तते ।**
**यस्मान्निवर्तते श्रद्धा कुतश्चित्तस्य तल्लयः ।।९६।।**

જ્યાં નહિં મતિની મગ્નતા, તેની ન હોય પ્રતીત;
જેની ન હોય પ્રતીત ત્યાં કેમ થાય મન લીન ? ।।૯૬।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

---

कुतस्तदा तदवैकल्यमित्याह –

**यत्रैवाहितधी पुंसः श्रद्धा तत्रैव जायते ।**
**यत्रैव जायते श्रद्धा चितं तत्रैव लीयते ।। ९५।।**

**જેમાં મતિની મગ્નતા, તનીજ થાય પ્રતીત;**
**થાય પ્રતીતિ જેહની, ત્યાં જ થાય મન લીન. ।।૯૫ ।।**

**टीका** : यत्रैव यस्मिन्नेव विषये आहितधीः दत्तावधाना बुद्धिः । ''यत्रात्महितधीरिति च पाठः यत्रात्मनो हितमुपकारस्तत्राहितधीर्बुद्धिरिति'' स हितमुपकारक इति बुद्धिः । कस्य ? पुंसः । श्रद्धा रुचिस्तस्य तत्रैव तस्मिन्नेव विषये जायते । यत्रैव जायते श्रद्धा चितं तत्रैव लीयते आसक्तं भवति ।।९५।।

(સુપ્તાદિ અવસ્થાઓમાં પણ) તે અવૈકલ્ય (અચ્યુતિ) શા કારણે હોય છે ? તે કહે છે :–

**અન્વયાર્થ** : (यत्र एव) જ્યાં જ એટલે જે કોઇ વિષયમાં જ (पुंसः) પુરુષની (आहितधी) દત્તાવધાનરૂપ બુદ્ધિ હોય છે, (तत्र एव) ત્યાં જ એટલે તે વિષયમાં જ તેને (श्रद्धा जायते) શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને (यत्र एव) જ્યાં જ એટલે જે વિષયમાં જ (श्रद्धा जायते) શ્રદ્ધા ઉત્પન્ન થાય છે (तत्र एव) ત્યાં જ એટલે તે વિષયમાં જ (चितं लीयते) તેનું ચિત્ત લીન (તન્મય) થઇ જાય છે.

**ટીકા** : જ્યાં જ એટલે જે વિષયમાં જ બુદ્ધિ લાગે છે અર્થાત્ બુદ્ધિ દત્તાવધાનરૂપ (લગ્ન) હોય છે - ''**यत्रात्महितधीरिति**'' એવો પણ પાઠ છે, (તેનો અર્થ એ છે કે) જ્યાં આત્મહિતની બુદ્ધિ છે અર્થાત્ જ્યાં આત્માનું હિત-ઉપકાર હોય છે એટલે જ્યાં 'તે હિતકર - ઉપકારક છે' એવી બુદ્ધિ હોય છે ત્યાં ધી એટલે બુદ્ધિ (લાગે છે.) કોની ? પુરુષની. તેની શ્રદ્ધા - રુચિ ત્યાં જ એટલે તે વિષયમાં જ ઉત્પન્ન થાય છે. જ્યાં જ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે ત્યાં જ ચિત્ત લીન થાય છે - આસક્ત થાય છે.

**ભાવાર્થ** : જે વિષયમાં કોઇ પુરુષની બુદ્ધિ સાવધાન પૂર્વક લાગી રહે છે, અર્થાત્ જે વિષય તેને હિતકર કે ઉપકારક લાગે છે, તેમાં તેને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને જ્યાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે ત્યાં ચિત્ત લીન થઇ જાય છે. ચિત્તની આ લીનતા જ સુપ્ત-ઉન્મત્ત અવસ્થામાં પણ

પુરુષને તે વિષયથી હઠાવી શકતી નથી, અર્થાત્ તે પુરુષ તે વિષયથી ચ્યુત થતો નથી, તેમાં લીન રહે છે.

**વિશેષ**

ભેદ-વિજ્ઞાન દ્વારા શ્રદ્ધાપૂર્વક આત્મસ્વરૂપના જે સંસ્કારો જામ્યા છે તેનું બળ કોઈ પણ અવસ્થામાં - જાગૃત, સુપ્ત કે ઉન્મત્ત અવસ્થામાં ચાલુ રહ્યા વિના રહેતું નથી; તેથી આત્માર્થીએ ભેદવિજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપના સંવેદન માટે આત્મરુચિ પૂર્વક એવો અવિરત પ્રયત્ન કરવો જોઈએ કે જેથી આત્મશ્રદ્ધામાં બાહ્ય કોઈપણ પરિસ્થિતિ વિઘ્નરૂપ થાય નહિં કે ચ્યુત કરે નહિં.

જેમ જેમ સ્વ-પર પદાર્થોનાં ભેદવિજ્ઞાન દ્વારા આત્માનું ઉત્તમ સ્વરૂપ, સંવેદનમાં વિકસિત થતું જાય છે, તેમ તેમ સહજ પ્રાપ્ત રમણીય પંચેન્દ્રિયના વિષયો પણ રુચતા નથી, અર્થાત્ તેમના પ્રતિ ઉપેક્ષા અને ઉદાસીનતા ઉત્પન્ન થાય છે. [૧] ૯૫.

---

## પ્રવચન – ૧૦૯

સમાધિતંત્ર એટલે સમાધિશાસ્ત્ર અથવા સમાધિ ઔષધ. તંત્રનો અર્થ બે થાય છે, એક શાસ્ત્ર થાય છે અને એક ઔષધિ થાય છે. આ સમાધિ એટલે ઔષધિ છે ભવભ્રમણ મટાડવા માટે. મિથ્યાત્વ અને અજ્ઞાન જે સંસારનું મૂળ છે એને મટાડવાની આ સમ્યગ્દર્શન - સમાધિ. સમ્યગ્દર્શન સમાધિ છે એક આહાહા! સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર એ ત્રણે ઔષધિ છે. મિથ્યાત્વ અને અજ્ઞાન અને અવિરત મટાડવા માટે. એ અહીંયા કહે છે. સુસુપ્તાદિ અવસ્થાઓમાં પણ નિંદ્રામાં હો કે ઉન્મત્ત અવસ્થા થોડી થઈ હો અથવા અપ્રબુદ્ધ બહુ વિશેષ જ્ઞાનની વિચિક્ષણતા ન હો, શાસ્ત્ર આદિનું જ્ઞાન ન હો તો પણ અચ્યુતિ. ધર્મી જીવની આત્મા ઉપર બુદ્ધિ ગઈ છે તેથી ત્યાં તેનુ હિત છે એમ જાણીને એની શ્રદ્ધા કરે. આહાહા!

ભગવાન આત્મા પૂરણ આનંદ સ્વરૂપ છે. એમાં જેની બુદ્ધિ હિતકર છે આ જાણીને બુદ્ધિ જ્યાં ગઈ છે, એટલે જ્ઞાન જ્યાં કામ કર્યું છે ત્યાં શ્રદ્ધા કામ કરે છે.

---

૧. यथा यथा समायाति संवितौ तत्त्वमुत्तमम् ।
तथा तथा न रोचन्ते विषया: सुलभा अपि ।।३७।। (ઇષ્ટોપદેશ - શ્લોક ૩૭)

આહાહા! સમજાણું કાંઇ? અને જ્યાં શ્રદ્ધા કામ કરે ત્યાં ચિત્ત લીન થઇ જાય છે એ વાત કહે છે અહીંયા. સંસારમાં ગયો ને જેને ત્યાં મન ચોંટે છે વ્યભિચારીને વ્યભિચાર ઉપર જ્યાં તેને ઇ આવે કે એ આ આ એ સ્ત્રી આવી, એ આ પુરુષ આવ્યો એને એવું જ દેખાય - ભાસે, જેમાં બુદ્ધિ ચોંટી છે એમાં એને શ્રદ્ધા બેઠી છે, અને એમાં એનું વલણ સ્થિરતાનું એમાં વલણ છે એનું. આહાહા! આ ઘણાં એમ નથી કહેતા કે અમારે એ આગાખાવાળા એમ કહે છે હમણાં આગાખા દર્શન દે છે. હવે ઓલો તો ક્યાં ગયો હશે! ત્યાં જ થાય મન લીન.

**ટીકા** : ત્યાં જ એટલે વિષયમાં જ બુદ્ધિ લાગે છે. વિષય એટલે જે ચીજને ધ્યેયમાં લીધી છે એ વિષયમાં એની બુદ્ધિ ત્યાં ચોંટે છે. આહાહા! અર્થાત્ બુદ્ધિ દત્ત અવધાનરૂપ લગન હોય છે એ સામાન્ય વાત કરી છે. હવે કહે છે यत्र आत्महित धी - એ હવે આત્મામાં ઉતારે છે. તેનો અર્થ એ છે કે જ્યાં આત્મામાં હિતની બુદ્ધિ છે. આહાહા! ભગવાન આત્મા આનંદ સ્વરૂપ એવી જ્યાં બુદ્ધિ જામી છે જ્યાં, જ્ઞાનમાં આત્મા આનંદ છે એવી હિતની બુદ્ધિ જ્યાં જામી છે. આહાહા! લ્યો. છે? જ્યાં આત્મહિતની બુદ્ધિ - આ આત્માનું હિત ઉપકારક હોય છે. મારો ભગવાન આત્મા મારા હિતને માટે ઉપકારી ચીજ છે. આહાહા! દેવ-ગુરુ-શાસ્ત્ર એકકોર પડયા રહ્યા, જેના જ્ઞાનમાં હોં, એકલા શાસ્ત્રજ્ઞાનની વાત નથી ઇ કહેશે આગળ.

શાસ્ત્રજ્ઞાન કર્યા હોય છતાં એ હિતકર ભગવાનનો સ્વભાવ આત્માનો ત્યાં બુદ્ધિ ગઇ નથી, એના શાસ્ત્રના ભણતરને પણ મૂર્ખ કીધો છે. આહાહા! કહો સમજાણું કાંઇ? કેમ કે શાસ્ત્રને ભણીને તો કરવાનું તો એ હતું એમાં - વસ્તુ જે ભગવાન પૂર્ણાનંદનો સાગર છે ત્યાં બુદ્ધિને સ્થાપવાની હતી. એ ન સ્થાપી અને એકલાં શાસ્જ્ઞની - જ્ઞાનની વાતુ કરે, આહાહા! 'યોગસાર'માંય છે ને અહીંયા કહેશે આગળ ... ક્યાંક છે. મૂરખ કહે છે ...... શાસ્ત્ર પણ ભણતર પણ આત્મજ્ઞાન જાણે નહિં મૂર્ખ આવે છે. છે ઇ .... ઓલામાં હશે 'પરમાત્મ પ્રકાશ' આંહી એ કહે છે. આહાહા!

જેની બુદ્ધિ એટલે જ્ઞાન - મતિજ્ઞાન, આત્માનો સ્વભાવ શુદ્ધ હિતકર છે એમ જેણે મતિજ્ઞાનમાં જાણ્યું, એ જ્ઞાન ત્યાં જ વળગી રહ્યું છે. સમજાણું કાંઇ? ગમે તે લાખ વેપાર બહારના હો, નિંદ્રામાં હો, ઉન્મત્ત અવસ્થા હો પણ એની બુદ્ધિ તો જ્ઞાનીની તો આત્મામાં ગઇ છે. આહાહા! જેણે એ આત્માને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવ્યું છે. સમજાણું કાંઇ? એની બુદ્ધિમાં એ હિતકર દેખાણું છે. આહાહા! મતિજ્ઞાનમાં આ આત્મા પૂરણ શુદ્ધ ચૈતન્ય એ હિતકર છે, બાકી કોઇ ચીજ હિતકર છે (નહિં). આહાહા! એવું

જેણે જ્ઞાનમાં, સ્વ-હિતકર એવો જે ભગવાન આત્મા, એની મતિ ત્યાં જ ગઇ છે એટલે જ્યાં તે હિત - હિતકર ને ઉપકારક છે એવી બુદ્ધિ હોય છે. ત્યાં ધી એટલે બુદ્ધિ લાગે છે. 'ધી' એટલે બુદ્ધિ. આહાહા !

માખીને સાકરના ગાંગડા ઉપર ગઇ હો અને બુદ્ધિ ત્યાં મીઠાશ ઉપર ગઇ છે ત્યાં લીન થઇ જાય છે. આહાહા ! એમ ભગવાન આત્મા અનાકૂળ આનંદનો સ્વાદ જેને મતિજ્ઞાનમાંથી જાણ્યો છે આહાહા ! આવી વાત છે ત્યાં. એને ઇ સિવાય ક્યાંય ગોઠતું (નથી). આવે - રાગ હોય, શરીર હોય તો એવું, પણ ધર્મીની બુદ્ધિ ભગવાન આત્મા આનંદનો સાગર છે એવી જે મતિજ્ઞાને તેને પકડ્યું છે આહાહા ! ત્યાં બુદ્ધિ લાગે છે. કોની ? પુંસઃ પુંસઃ બીજો શબ્દ છે પુરુષની. પુરુષની શબ્દે આત્મા. પુરુષની જ અને ઇ સ્ત્રીની નહિં. એમ એ સ્ત્રી પુરુષ તો ન્યાં છે નહિં આત્મા. આ તો ભગવાન પુરુષોત્તમ પુરુષ.

આત્મા પોતે પુરુષોત્તમ પુરુષ છે એવી જેની બુદ્ધિ લાગી છે આત્માની, તેની શ્રદ્ધારૂપી ન્યાં જ એટલે એ વિષયમાં ઉત્પન્ન થાય છે. આહાહા ! એનો વિશ્વાસ અને શ્રદ્ધા ત્યાં ઉત્પન્ન થાય છે. કહો પોપટભાઇ ! બહુ આ તો આહાહા ! નિરાવલંબી પ્રભુ અંદર સ્વાલંબમાં જ્યારે મતિ જાય છે કહે છે, એમ કહે છે. આહાહા ! ત્યારે તો એની શ્રદ્ધા ઉત્પન્ન થાય છે કે ઓહોહો ! આત્મા પૂર્ણાનંદ સાગર એવી એને પ્રતીતિ ઉત્પન્ન થાય છે. વિકલ્પ વિનાની ઇ વાત છે હોં આ. આહાહા ! સમજાણું કાંઇ ? અને વિકલ્પ વિનાની જ્ઞાન દશામાં આત્મા વિકલ્પ વિનાનો નજરમાં ન આવે, એને વિકલ્પ વિનાની શ્રદ્ધા ન થાય. આવી મારગની રીત બાપુ ! આહાહા !

જે આત્માની જ્યાં બુદ્ધિ હિતકર તરીકે જ્યાં ચોંટી છે. આહાહા ! ત્યાં તેની શ્રદ્ધા રુચિ એ જ વિષયમાં ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઇ ? આંહી તો એકદમ સમાધિની વાત છે ને. સમાધિ એટલે સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર. સમાધિ એટલે ઓલા બાવા ચડાવી જાય એ વાત નથી આ. આહાહા ! આધિ - વ્યાધિ - ઉપાધિ રહિત તે સમાધિ. આધિ નામ સંકલ્પ - વિકલ્પ, વ્યાધિ નામ શરીરની રોગદશા, ઉપાધિ નામ સંયોગો વેપાર આદિ. એ ત્રણે(ત્રણેય) ઉપાધિ - વ્યાધિ અને આધિ એનાથી પાર આત્મા એને દૃષ્ટિમાં આવતાં જે સમાધિ થાય, શાંતિ થાય એને અહીં સમાધિ કહે છે. સમજાણું કાંઇ ?

લોગસ્સમાં નથી આવતું ? 'સમાહિવરમુત્તમંદિતું' એને અર્થની ક્યાં ખબર હોય ? લોગસ્સ હાંક્યે જાય - લોગસ્સ, ઉજ્જોયગરે, ધમ્મતિથ્થયરે ... સમાહિવરમુત્તમંદિતું શું આનો અર્થ ? (શ્રોતા : લોગસ્સ એટલે ....) આંહી એને કીધું હતું ને એક ફેરે કીધું'તું

ને ? મોહનલાલજીના શિષ્ય હતા એક ......... અહીંયા ત્યાં ઈ સુંદર વોરાના ઉપાશ્રયમાં રોકાતા ત્યાં વઢવાણમાં ઈ એ ત્યાં હતા. એકવાર અમે પૂછયું હવે ગુરુવારે મેળ ન ખાધો ત્યાં લૂગડાં ધોવા રાખ્યા'તા એક દિ'. રોજ માણસને, અરે ! આમ ગરીબ માણસને એમાં મેળ ન વધે. આખો દિ' લૂગડાં ધોવા હોય તોય એટલા પડયા રહે. સાધુ હોં, લીંમડી સાંઘાડાના હતા. મેં એને પૂછયું કે આ સામાયિક એ ત્રસ છે કે સ્થાવર. ત્યારે જવાબ એમ આપ્યો મારા ગુરુએ મને શીખવ્યું નથી. લ્યો કહો એય !

સુંદર વોરાના ઉપાશ્રયમાં વઢવાણ. તમે તો ઓલા દરિયા પરે જાતા નહિં ! (**શ્રોતા :** હાં પણ આમ મૂળ સુંદરવાળા) સુંદર વોરા નજીક પડે એટલે આ હિંમતભાઈ હારે જતાં. ઠીક. બીજી તો કેટલી ! અમે સુંદર વોરામાં હતા. એ સુંદર વોરામાં ઉતારો અમારે ઉતારો ત્યાં હતો. પછી કો'ક દી' દરિયા પરે જાતા. અમારે બધું સરખું હતું. લોકો, દરિયા પરે ૩-૩ (ત્રણ-ત્રણ) હજાર માણસ ભેગું થાતું, દરિયા પરે પાસે ધરમશાળા નથી, સામે. ઉપાશ્રયની સામે ૩-૩ (ત્રણ-ત્રણ) હજાર માણસ સંપ્રદાયમાં. સાંભળવામાં લોકો એમ બોલે કે મહારાજ આપણા મોટા છે. સાંભળવું એક એટલું. શું કહે છે એની કંઈ ........ આહાહા !

આંહી તો એમ છે પ્રભુ તું, જ્યાં તારું મતિ જાય છે ત્યાં તારી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! આ સંસારમાં જુઓને કોઈ વિષય કષાયમાં આમ મતિ ચોંટે છે, ત્યાં એ ઈ મરી મરીને પણ એ કામ કરે. આહાહા ! હવે આમાં મરણ છે તો ય ગણે નહિં એવી એની શ્રદ્ધા એમાં ઉત્પન્ન થઈને લીન થાય એમાં. ભ્રમણા ... એમ આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ હું, એમાં જેનું જ્ઞાન, મતિ-બુદ્ધિ ગઈ છે આહાહા ! એટલે કે જેને જ્ઞાનની (મતિ) પર્યાયમાં પ્રભુ પૂર્ણાનંદનો નાથ એ જ્ઞેય હિતકર કરીને જાણ્યો છે, એને એની શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. એને એને સમકિત થાય છે એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! અને ત્યાં જ શ્રદ્ધા ઉત્પન્ન થાય ત્યાં ચિત્ત લીન થાય છે. આસક્ત થઈ જાય અંદર.

જ્ઞાયકભાવ જેણે જ્ઞાનમાં લઈને શ્રદ્ધા ઉત્પન્ન થઈ ત્યાં એનું ચિત્ત લીન થાય ત્યાં. આહાહા ! ત્યાં એની જ્ઞાનની પર્યાય નિર્વિકલ્પ થઈને લીન થાય એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? આરે ! આવો ઉપદેશ એવો લાગે માણસને શું આમાં પણ ? કરવું શું અમારે ? આ કરવાનું આ છે બાપુ ! ભાઈ. આહાહા ! સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરે જે કર્યું એ તને કરવાનું કહે છે. આહાહા !

જુઓને આ બધા કેવા સાંભળીએ છીએ આમ. ઓલા કહે કરોડપતિ, ૪૦ (ચાલીસ) કરોડ, બાયડી ૯૮ (અઠ્ઠાણુ) વરસની કહે મરી ગઇ. જાઓ આ ઓલા રાજકુમારની મા, સર હુકમીચંદની સ્ત્રી એ મરી ગઇ હમણાં કહે છે. ઈંદોર, સર હુકમીચંદ, રાજકુમારની મા હમણાં ગુજરી ગઇ ને? ૨૯ (ઓગણત્રીસ) તારીખે કંઇક... ભાઇને ત્યાં ખબર મળ્યા ... આહાહા! એ બંગલા ને બધું પડયું રહ્યું. ક્યાં એનામાં હતું તે હારે જાય. આહાહા! ખરેખર તો રાગેય એની ચીજ નથી તો ઇ રાગ થયો ઇ રાગે ય હારે ક્યાંથી થાય? હેં! આહાહા! એનું તો જ્ઞાન સ્વરૂપ અને આનંદ સ્વરૂપ છે એવી એની મહાસત્તા છે. મહાસત્તાના મહા હોવાપણે પદાર્થ છે. આહાહા! એની જેને જ્ઞાનમાં જમાવટ થઇ. આહાહા! ત્યાં તેની શ્રદ્ધા ઉત્પન્ન થાય ને ત્યાં તેનું જ્ઞાન લીન થઇ જાય છે. ચિત્ત શબ્દ વાપર્યો છે પણ જ્ઞાન છે, એનું નામ સમાધિ છે. સમજાણું કાંઇ?

જે વિષયમાં કોઇ પુરુષની એ સામાન્ય વાત કરી. પહેલી લીટીમાં છે ને? જે વિષયમાં કોઇ પુરુષની બુદ્ધિ સાવધાનપૂર્વક લાગી રહે છે, જે વિષય તેને હિતકર કે ઉપકારક લાગે છે આહાહા! વિષયનાં લંપટીઓ જે સ્ત્રી સાથે એનો પ્રેમ થાય, એને ઇ જ એનામાં જ્ઞાનમાં ભાસે અને શ્રદ્ધા પણ ન્યાં બસ એને, કુટુંબ છોડે, કબીલા છોડે, આહાહા! રહેઠાણના સ્થાન છોડે. રહેઠાણ નામ જાણો? જ્યાં રહેતો હોય આહાહા! બધું છોડી એકલી હારે રહે. સમજાણું કાંઇ? કેમ કે એને ત્યાં આગળ પ્રેમમાં એને ઇ ભાસ્યું છે કે આ ઠીક છે મારે આ. આહાહા! જેને જે વિષયમાં પ્રેમ થયો તે વિષયમાં એને આસ્થા બેસે છે. શ્રદ્ધા. ત્યાં તે લીન થાય છે. દર્શન - જ્ઞાન - ચારિત્ર ૩ણે (ત્રણે) થઇ ગયાં.

પહેલું જ્ઞાન લીધું આંહી. ૧૭-૧૮માં (સમયસાર) આવે છે ને ભાઇ? પહેલું જ્ઞાનમાં જણાય આત્મા ત્યારે એની પ્રતીતિ થાય એમ કહે. ૧૭-૧૮ ગાથા. આહાહા! જાણ્યા વિનાની શ્રદ્ધા કોની? જે વસ્તુ અંદર જાણવામાં ન આવે, જ્ઞાનમાં ભાસન ભાવનું ન થાય, ભાવ એવો સ્વભાવ ત્રિકાળ, એવો ભાસન નામ જ્ઞાનમાં ભાવ આ છે એમ ભાસન ન થાય તો એની પ્રતીતિ શી રીતે? સમજાણું કાંઇ? જ્ઞાનમાં ભાવ એટલે દ્રવ્ય સ્વભાવ, ભાસન એટલે જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાય. હા, ભલે એ પર્યાયમાં ભાવ આવે નહિં, પણ એ ભાવનું જે સ્વરૂપ છે તે જ્ઞાનમાં આવે. આહાહા! સમજાણું કાંઇ?

વસ્તુ જે છે તેનું જ્ઞાન થતાં જ્ઞાનની પર્યાયમાં કાંઇ વસ્તુ આવતી નથી. સમજાણું કાંઇ? પણ જ્ઞાનની પર્યાયે જેને જ્ઞેય બનાવ્યો છે એનું જ્ઞાન થાય ત્યાં. આહાહા! હેં! આહાહા! અને જેનું જ્ઞાન થયું તેની તેને શ્રદ્ધા થાય છે. આંહી જ્ઞાનથી ઉપાડી છે વાત

પહેલી. શ્રદ્ધા થાય ને પછી જ્ઞાન થાય એમ નથી લીધું, ૧૭-૧૮ (સત્તર-અઢાર) એમ લીધું'તું ને ? આહાહા ! એવો મારગ છે બાપુ ! એને ઝટ દઈને તો આ રુચે નહિં. શું આ તે કહે છે ? હેં ! એ તો આત્માર્થી થાય તો એને આહાહા ! એનો અર્થી થાય તેને તે શ્રદ્ધા ઉત્પન્ન થાય. આહાહા ! પણ રાગનો અર્થી આહાહા ! એકલા બાહ્ય શાસ્ત્રના જાણપણાનો અર્થી એને આ અર્થીપણું ન પ્રગટ થાય. આહાહા !

જે વિષયમાં કોઈ પુરુષની બુદ્ધિ આહાહા ! સાવધાનપૂર્વક લાગી રહે છે. અર્થાત્ જે વિષય તેને હિતકર કે ઉપકારક લાગે છે તેમાં તેની શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. વેપારમાં જેની બુદ્ધિ લાગી છે, વેપારમાં ચોંટયો જ રહે આખી જિંદગી. પણ શું તને શું એમાં લાભ છે ? એક પૂરું થયું તો બીજો. મુદત પૂરી થઈ. ૫૫ (પંચાવન) વરસની નોકરીમાં તો વળી બીજું કાઢે એમાંથી. વેપાર કે ધંધો, કેમ કે એને એને એમાં ચિત્ત ન્યાં ચોંટયું છે. ઈ બુદ્ધિમાં એને નફો દેખ્યો છે. અમે કાંઈક નફો કરીએ છીએ. આહાહા ! ભાઈ ગ્યા ? એક હતાને ઓલા પોરબંદરવાળા. પાલીતાણાથી નથી આવ્યા એનો દીકરો ને (**શ્રોતા** : છે છે) છે ? ગ્યા. ઈ અહીંયા પોરબંદર રહેતા પહેલા, હવે ન્યા પૂરું થઈ એટલે હવે પછી કહેતા વળી પોરબંદર કાંઈક નવું ખોલવું છે. આજ હતા મોરબીવાળા હતાને ? મોરબી આમ ૫૫ (પંચાવન) વરસે પૂરું થાય તો વળી બીજું કાઢે.

(**શ્રોતા** : વખત કાઢવો શી રીતે) આહાહા ! આત્માનું જાણવું અને શ્રદ્ધા કરવી એમાં વખત નથી ? આહાહા ! હેં ! (**શ્રોતા** : મહાપુરુષો કરે) ભગવાન મહાપુરુષ જ છે. પુરુષોત્તમ પુરુષ છે ઈ આત્મા તો આહાહા ! રામચંદ્રજી જેમ પુરષોત્તમ પુરુષ હતાને આહાહા ! પુરુષોત્તમ પુરુષ, એને પણ સીતાજી ગઈ ત્યારે ઝાડને પૂછે, પત્થરને પૂછે સીતા (ક્યાં) ? એક તો સાધર્મીનો પ્રેમ છે ઈ સ્ત્રી તરીકે નો એકકોર. આહાહા ! સમકિતી હતા. સીતાજી સમકિતી - આત્મજ્ઞાની આહાહા ! રામચંદ્રજી આત્મજ્ઞાની મહાપુરુષ. જેને આ આમ ઘેલા જેવું દેખાય. એય ! સીતા ક્યાં જોઈ ? એ લક્ષ્મણ ! હારે હતાં ને લક્ષ્મણ, નાનો ભાઈ, ભાઈ ! તે સીતા ક્યાંય જોઈ ?

સીતાજી આમ લઈ જાય છે ને રાવણ પછી એના દાગીના ફેંકતી જાય છે ન્યાંથી આમ, વિમાનમાંથી. એમાંથી એ દાગીનો પગનો શું કહેવાય ઈ ? (**શ્રોતા** : નૂપુર, ઝાંઝર) નૂપુર, ઝાંઝર એ હાથ આવ્યું એટલે લક્ષ્મણને પૂછે છે ભાઈ આ નૂપુર સીતાજીનો છે ? ભાઈ મેં એકવાર મારી નજર પગ ઉપર ગઈ'તી ઈ તો. આ ભલે ભાઈની સ્ત્રી પણ માતા તુલ્ય તો એને અંગ જોવાનો વખત ન મળે. આહાહા ! એવો વાસુદેવ પુરુષ પ્રભુ !

તાત્ મારી નજર એકવાર સીતાજી ઉપર ગઈ'તી, પગ ઉપર તો આ નૂપુર તો નૂપુર એનુ લાગે છે. બાકી મને કાંઈ ખબર છે નહિં. આહાહા! જેણે ૧૨-૧૨ વરસ વનવાસમાં ૩ (ત્રણ) જણાં ભેગા રહ્યા. હેં! ૩-૩ જણા ભેગા તો પણ કહે છે કે મને સીતાજીનું બીજું અંગ શું ઈ ખબર નથી. આહાહા! કહો સમજાણું કાંઈ? આ નૂપુરનું એક નજર ગઈ'તી પગ ઉપર આમ. તે આ નૂપુર એનાં લાગે છે. અરે! આ ક્યાંથી આવ્યા? રાવણ સીતાને લઈ ગયા ને એમાંથી પોતાનું નૂપુર નાંખતા ગયા છે જંગલમાં રસ્તામાંથી એ લાગે છે આ. આહાહા! એ વખતે પણ જાગૃતિ દશા આત્મદર્શી હતી. સમજાણું કાંઈ? આહાહા!

આમ ઉન્મત્ત જેવી દશા લાગે, ઝાડને પૂછે, ડુંગરને પૂછે હેં! એવું લાગે ઉન્મત્ત આ તો. ઉન્મત્તનો દાખલો છે ને થોડો એને અંતરમાં કાંઈ નહોતું. આહાહા! ભગવાન આત્માનું જ્યાં અંતરજ્ઞાન થયું છે અને ત્યાં એની સમ્યગ્દર્શનની દશા ઉત્પન્ન થઈ છે, ત્યાં એની સ્વરૂપ આચરણની સ્થિરતા જાગી છે. એને કોઈ આવા વિકલ્પ અને આવી દશા એને તોડી શકે? આહાહા! રામચંદ્રજી જેવા મહાપુરુષ, બળદેવ કે વાસુદેવ જેની આજ્ઞા તાત્ એમ બોલે. તાત્ મને સીતાજીની ખબર બીજી નથી મારી માની. આહાહા! માતાની મને ખબર નથી બીજી. આ એક લંગર જેવું આમ હતું આવું હતું. એવી એની સંસારની એક પદ્ધતિની રીત તો જુઓ.

સજ્જન પુરુષોના વહેવાર પણ કેવા હોય છે? હેં! સજ્જન એટલે 'જ' ડબલ છે. સત્ જન. જેને આત્મદર્શન થયું છે. જેને આત્મજ્ઞાન થયું છે એ સત્ જન - સજ્જન છે. એ સત્‌નો જન છે. એ રાગનો નહિં. પુણ્યનો નહિં. પરનો નહિં. આહાહા! વાસુદેવ, ૩ (ત્રણ) ખંડમાં એના જેવો કોઈ પુણ્યશાળી નહિં. હેં! આહાહા! એને પણ રામચંદ્રજી પૂછે તો આવો જવાબ. જુઓ તો ખરા. અને તે વખતે પણ રામચંદ્રજીને આત્મદર્શીપણું ગયું નથી. સમજાણું કાંઈ? આત્મદર્શીપણું ત્યાં ચ્યુત થયું નથી. આહાહા! સુજાનમલજી! આવી વાતુ છે બાપુ! આહાહા!

ચિત્તની આ લીનતા, એ જ્ઞાને જેને જ્ઞેય બનાવીને હિતકરમાં જ્યાં જ્ઞાન પહોંચ્યું છે આહાહા! એમાં એની શ્રદ્ધા થઈને અને ત્યાં એકાગ્રતા થઈ છે. એ લીનતા જ સુપ્ત - ઉન્મત્ત અવસ્થામાં પણ, નિંદ્રામાં - ઘોર નિંદ્રા ૮ (આઠ) કલાકની હોય આહાહા! પણ એ તો કહ્યું'તું. નિંદ્રા એ તો ૫ (પાંચ) ઈન્દ્રિયના વિષયોને રોક્યા જોતા, પણ ભગવાન આત્મા જે જ્ઞાન અને શ્રદ્ધામાં અનુભવમાં આવ્યો એને રોકનાર કોઈ જગતમાં ચીજ નથી. આહાહા! હેં!

આહાહા! કુંદકુંદ આચાર્ય, અમૃતચંદ્ર આચાર્ય કહે છે પંચમ આરાના મુનિ હજી તો હજાર વર્ષ પહેલા, અમારા આગમ કુશળ અને આત્મજ્ઞાનથી મિથ્યાત્વની દૃષ્ટિ હણાઇ ગઇ છે. હવે ફરીને ઉત્પન્ન નહિં થાય. પ્રભુ! પણ તમે ભગવાન પાસે ગ્યા નથી. ભગવાન પાસે જોઇને કહ્યું નથી. તમે છદ્મસ્થ મુનિ! મિથ્યાત્વ ફરીને થશે નહિં એમ કહે છે ૬૧-૬૨માં (એકસઠ-બાસઠમાં) જુઓ તો ખરા આહાહા! અમને હવે છદ્મસ્થ મુનિ પંચમ આરાના આહાહા! અતિ નિર્મળ વિજ્ઞાનઘન એવો જે આત્મા તેમાં અંતર્મગ્ન છે. આહાહા! એ અમારું અંતર નિમગ્નપણું સમ્યગ્દર્શન અને જ્ઞાનનું થયું. ફરશે નહિં હવે આહાહા! અરે! એટલું બધું પૂછયું નથી. ભગવાન પાસે હજી કુંદકુંદ આચાર્ય તો ભગવાન પાસે ગ્યા'તા એટલે એને ક્ષાયિક સમકિત ન થયું. ૫માં (પાંચમાં) આરાના કુંદ છેલ્લા હતા ને ભાઇ! (**શ્રોતા** : હા) પણ એમ તો થયું કે એ જ્ઞાન જે સમ્યગ્દર્શન જે થયું છે ક્ષયોપશમ એ ક્ષાયિક ને પમાડશે જ, વચ્ચે નહિં પડે એવી દશા તો થઇ ગઇ છે. સમજાણું કાંઇ ? આહાહા!

બેનને જાતિ સ્મરણમાં એ આવ્યું છે કે ત્યાં ભગવાન પાસે એવું સાંભળ્યું છે એમણે આહાહા! આ બેન મોજૂદ રહ્યા બેઠાં છે કે નહિં ? હેં! આહાહા! કે ક્ષાયિક બે પ્રકારના છે. એક મૂળ ક્ષાયિક, અને એક જોડણી ક્ષાયિક આહાહા! જોડણી ક્ષાયિક એટલે કે વર્તમાન ક્ષયોપશમ છે. પણ એ ક્ષાયિકમાં જ જવાનું છે. હવે ઇ ક્ષય નીચે પડવાનું જ નથી. (**શ્રોતા** : એ જોડણી) હેં! (**શ્રોતા** : એનું નામ જોડણી) એનું નામ જોડણી. એ બેનનું વાક્ય જ્યારે સાંભળ્યું ને ત્યારે આ ૯૨ની (બાણુની) જ્યાં સાંભળી ત્યારે ઓહો! યથાર્થ વાત છે. એ જાતિ સ્મરણમાં આવ્યું છે એ યથાર્થ આવ્યું છે. આહાહા! સમજાણું કાંઇ ?

એ કીધું કે અમે ભલે ક્ષાયિક વર્તમાનમાં નથી કારણ કે પંચમ આરાના ઉપજ્યા શ્રુત કેવળી પાસે પણ એને ક્ષાયિક ન થાય. પણ અમને એ દશા થઇ છે. આહાહા! કે જે સમકિત ક્ષાયિક લીધે જ છૂટકો કરશે. સમજાણું કાંઇ ? એય પંડિતજી! આહાહા! બહુ લાંબી વાતુ એટલી જ છે ઝીણી. આહાહા! (**શ્રોતા** : જોગ સારો થઇ ગયો આ કાળે પણ) હેં! સારો થઇ ગયો, સારો જોગ થઇ ગયો. આહાહા! જુઓ આ એક, એમને જાતિ સ્મરણમાં આ વાત આવી એ સત્ય કેમ છે ? એ આ રીતે સત્ય છે. કે અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે અમારું સમકિત મિથ્યાત્વનું નાશ કરીને ઉત્પન્ન થયું, ફરીને ક્ષય થવાનો નથી. એનો અર્થ કે એ સમકિત ક્ષાયિકમાં જશે હવે. છે એમ એક ક્ષયોપશમે અત્યારે આહાહા! પણ એ ક્ષયોપશમ સમકિત અપ્રતિહત છે. સમજાણું કાંઇ ?

એ પુરુષને વિષયથી હઠાવી શક્તી નથી આહાહા! કોઇ એવો કર્મનો ઉદય નથી, અહીંયા એમ કહે છે આ હું નહિં. આહાહા! કે અમારી જ્યાં દૃષ્ટિ અને જ્ઞાન જામ્યું છે એને કોઇ ચ્યુત કરે એવું ઔદયિક ધર્મનો - કર્મનો ઉદય નથી. આહાહા! એમાંયે આચાર્ય આ એ સમાધિ શતક આ ભગવાન પાસે ગ્યા'તા. પૂજ્યાપાદ સ્વામી ગ્યા'તાને. જુઓ આ એની એક સ્થિતિનું વર્ણન. એ આપવીતી કરે છે આ બધી હોં. હેં! આહાહા! જે કંઇ સત્‌નો પોકાર હોય છે ને એ અંદરનો હોય છે. હેં! આહાહા! કહે છે કે કોઇ એ પુરુષને વિષયથી ચ્યુત થતો નથી. આહાહા! આવા પંચમ આરાના મુનિઓ અને કુંદકુંદ આચાર્યે તો એમ કહ્યું ને ભાઇ કે અતિ નિર્મળ એવો વિજ્ઞાનઘન આત્મા - અતિ નિર્મળ એવો જે વિજ્ઞાનઘન આત્મા એમાં અંતરલીન એવા સર્વજ્ઞ ભગવાન આહાહા! થી અમારા ગુરુ અતિ નિર્મળ વિજ્ઞાનઘન આત્મામાં અંતરલીન છે. આહાહા! જુઓ સમજાણું કાંઇ?

સર્વજ્ઞથી માંડીને એમના ગુરુ. સર્વજ્ઞ તો ૪થે (ચોથે) આરે હતા અને એમના ગુરુ પંચમ આરામાં હતા. આહાહા! હેં! તે પણ છદ્‌મસ્થ હતા. આહાહા! પણ અમે કોલ કરાર તે કરીએ છીએ. અમે મહાવ્રતધારી છીએ એમ કહે છે. આહાહા! અમે સત્ કહીએ છીએ. આહાહા! કેટલી દશાની દૃઢતાનો અનુભવ આહાહા! કે જે અનુભવ દ્વારા સર્વજ્ઞથી માંડીને અહીંયા ગુરુ સુધીની એક દશાનો પોકાર કર્યો એણે હેં! આહાહા! સમજાણું કાંઇ? આ શ્વેતાંબરમાં તો એમ આવે ....... ભગવંતે એમ કહ્યું, મેં સાંભળ્યું છે ઇ તમને કહું છું. આંહી તો કહે છે કે એ નહિં. આહાહા! સમજાણું કાંઇ? આ તો આત્મામાંથી થયું છે એ તમને કહીએ છીએ કહે છે. આહાહા! સમજાણું કાંઇ? આ સંતોની દશા જુઓ. એ દશાને પરખવી એ ઝીણી વાતુ બાપા! હેં! આહાહા!

તે પુરુષને તે વિષયથી હઠાવી શક્તી નથી. બહારની કોઇ ચીજ જેનું જ્યાં ચિત્ત જામ્યું એને ઉઠાવે કોણ? આહાહા! વાણિયા પણ જ્યાં માલ પોસાય ત્યાં ઉપાડે છે ને માલ. (શ્રોતા : ત્યાં જાય) હેં! ત્યાં જાય ને માલ ઉપાડે એટલો એકહારે ૫૦-૫૦ (પચાસ-પચાસ) ખંડી, ૧૦૦ (સો) ખાંડી, ૨૦૦ (બસ્સો) ખાંડી ઉપાડે. પોસાતો માલ છે. આંહી અઢીએ લેશું ત્યાં ઉપજશે સાડાત્રણ કે ત્રણ ઉપજશે. એય! આહાહા! પોસાતા માલમાં પાછી પાની ન કરે ઇ. હેં! આહાહા! એમ જેને આત્મા પૂરણ શુદ્ધ જેને પોસાણો - પ્રીતિ થઇ એમાં શબ્દ આવે છે ને? નિર્જરા અધિકારમાં આવે છે ત્યાં પ્રીતિ થઇ ત્યાં સંતોષ થયો ત્યાં તૃપ્તિ થઇ છે. આહાહા! સમજાણું કાંઇ?

એ સંસ્કારને કોણ હઠાવે કહે છે હવે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! કાળા પત્થર ઉપર ટાંકણા મારીને કોતર્યા એ કોતરણીને કોણ રોકે હવે ? એમ શાશ્વત - શાશ્વત પત્થર જેવો પ્રભુ શાશ્વત આહાહા ! ઓલું કઠણ અપેક્ષાએ આ શાશ્વત અપેક્ષાએ આહાહા ! નિત્યાનંદ સહજાનંદ પ્રભુ શાશ્વત એને જેણે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ સંસ્કારની કોતરણી કરી એમાં આહાહા ! એ કોતરણીને કોણ ભૂંસાડે હવે ! સમજાણું કાંઈ ? આહાહા ! આ ૫મા (પાંચમા) આરાના સંતો આવુ કરે હેં !

ભેદ વિજ્ઞાન દ્વારા શ્રદ્ધાપૂર્વક આત્મસ્વરૂપના જે સંસ્કારો જામ્યા છે આહાહા ! રાગથી ભિન્ન પડીને ભગવાનનું જ્ઞાન થયું છે. આહાહા ! શાસ્ત્રજ્ઞાનથી નહિં અને વિકલ્પથી પણ નહિં. ભેદવિજ્ઞાન શબ્દ વાપર્યો છે ને ? એનાથી જુદા પડીને જેણે આત્માના સંસ્કાર પ્રગટ કર્યા છે. આહાહા ! ભેદવિજ્ઞાન દ્વારા શ્રદ્ધાપૂર્વક એટલે જ્ઞાન અને શ્રદ્ધા બેય, આત્મ સ્વરૂપમાં જે સંસ્કાર પડયા છે ઈ અંદર જામ્યા છે હવે. આહાહા ! સમજાણું કાંઈ ? તેનું બળ કોઈપણ અવસ્થામાં જાગૃત, સુપ્ત કે ઉન્મત્ત અવસ્થામાં, જાગૃતમાં હો કે સુપ્ત નિંદ્રામાં હો કે ઉન્મત્ત અવસ્થામાં હો આહાહા ! એ ચાલુ રહ્યા વિના રહેતું નથી. આહાહા ! જેનું પરિણમન જ્યાં અંતરનું, પરનાં અવલંબન વિના, ચૈતન્યના અવલંબે જ્યાં થયું એ ધ્રુવનું જ્યાં અવલંબન આવ્યું એની પર્યાયને હવે પાછી પાડે કોણ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

જુઓ આ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનનાં મહાત્મ્ય. આ વસ્તુ એવી છે. આહાહા ! એ વિના બધું આ કરે, પૂજા ને વ્રત અને ભક્તિ ને તપને બધાં રણમાં પોક મૂકવા જેવા છે. સંસાર છે આહાહા ! સમજાણું કાંઈ ? તેથી આત્માર્થીએ હવે શું કરવું તેથી એ કહે છે આ બધું કહ્યું એટલે. આત્માર્થીએ આહાહા ! ભેદવિજ્ઞાન દ્વારા રાગથી અને પર્યાયથી પણ દૃષ્ટિ ઉઠાવીને આહાહા ! નિમિત્તથી તો ઉઠે ઈ જુદી વાત છે પણ વિકલ્પથી દૃષ્ટિ ઉઠાવીને અને એક સમયની પર્યાય ઉપર જે લક્ષ અનાદિનું ત્યાં રમત છે એની, એથી પણ હઠાવીને આહાહા ! આ, ભેદવિજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપના સંવેદન માટે આત્મરુચિપૂર્વક એવો...એવો અવિરત પ્રયત્ન કરવો. આહાહા ! બહુ સારું નાંખ્યું છે હેં આહાહા !

ભાઈ - છોટાભાઈએ અહીંયા મેળવાળું શાસ્ત્રનો આધાર આપીને આહાહા ! પ્રયત્ન કરવો જોઈએ કે જેથી આત્મશ્રદ્ધામાં બાહ્ય કોઈપણ પરિસ્થિતિ આહાહા ! ભલે ક્ષાયિક ન હો પણ જે સંસ્કાર દ્રવ્ય સ્વભાવમાં અંતરમાં પડયા છે એને કોણ હવે ભૂંસાડી શકે ? આહાહા ! સમજાણું કાંઈ ? એને તો સપનામાં પણ એ આવે. ચિદાનંદ

આત્મા છું બીજી કોઇ ચીજ નથી. આહાહા! જેના જેને સ્વપ્ના આવે તેનો તેને પ્રેમ હોય એવું આવે. (શ્રોતા : ઇ જ આવે) હેં! આહાહા! તો કહે છે ભેદવિજ્ઞાન દ્વારા આત્માર્થી જીવે જેનો આત્મા જેને પ્રયોજનરૂપ છે. આહાહા! એવા જીવે ભેદવિજ્ઞાન દ્વારા રાગથી, મનથી, વચનથી, કાયાથી જુદાપણા દ્વારા આત્મસ્વરૂપના સંવેદન માટે આત્મા સ્વરૂપનું વેદન, આનંદના વેદન માટે આત્મરુચિપૂર્વક એવો અવિરત પ્રયત્ન કરવો જોઇએ કે જેથી આત્મશ્રદ્ધામાં, આત્મશ્રદ્ધા આ મૂળ ચીજ આ છે. એ વિનાની બધી વાતુ આ વ્રત ને તપ ને ફલાણાં આહાહા! કોઇ પણ પરિસ્થિતિ વિઘ્નરૂપ થાય નહિં કે તેને ચ્યુત કરે નહિં. એવી સ્થિતિ ઊભી કરે કે જેને કોઇ બાહ્ય સ્થિતિ વિઘ્ન થાય નહિં અને કોઇ ચ્યુત કરી શકે નહિં. આહાહા!

જેમ - જેમ સ્વ - પર પદાર્થોના ભગવાન જ્ઞાન સ્વભાવ અને રાગાદિ પરભાવ એવા બેના સ્વ - પરના ભેદજ્ઞાન દ્વારા આત્માનું ઉત્તમ સ્વરૂપ ભગવાન ઉત્તમ સ્વરૂપ શુદ્ધ વીતરાગમૂર્તિ આત્મા ભગવાન સ્વરૂપ ભગવત્ સ્વરૂપ આત્મા છે. આહાહા! એવો ઉત્તમ સ્વરૂપ સંવેદનમાં વિકસિત થતું જાય છે. આહાહા! ન્યાલભાઈએ ઓલો દાખલો આપ્યો છે ને આ ફુગ્ગાનો, ફુગ્ગો - ફુગ્ગો પણ એ પોલો પોલો ફૂલે છે અને આ વસ્તુનો સ્વભાવ પરિપૂર્ણ પડયો છે એની એકાગ્રતાની દૃષ્ટિમાં એ પોલો નહિં પણ નક્કર ફૂલે છે. સમજાણું કાંઇ ? આ નથી આવતા ફુગ્ગા - ફુગ્ગા. એ તો આમ ચપટું પડયું આમ આમ કાગળનો હોય તો આમ એટલામાં પડયો રહે એમ. ઇ તો પોલું છે પણ ભમ્મ. આ દૂધનો ઊભરો આવે એથી કંઇ દૂધ વધે છે. પોલો ઊભરો છે બધો. આહાહા! આ તો નક્કર ચિદાનંદ ધ્રુવ એને ધ્યેયને ધ્યાનમાં ધ્યેયને લઇ આહાહા! જેમાં અંતર સંસ્કાર નાંખ્યા છે એ ધ્રુવ સંસ્કાર છે કહે છે. આહાહા! સમજાણું કાંઇ ?

સંવેદનમાં વિકસિત થતું જાય છે એનો આનંદ વિકસિત થતો જાય છે. આહાહા! શક્તિમાંથી વ્યક્તિ પ્રગટ થતી જાય છે એમ કહે છે. શક્તિ તો પૂરણ છે એમાં જેટલું જ્ઞાન અને દર્શનમાં લીન થયો અંદરમાં એટલો એ વિકાસ પામે છે. સમજાણું કાંઇ ? આ મારગ છે બાપા! આહાહા! કરવાનું હોય તો પહેલામાં પહેલું આ છે. પછી ચારિત્રની લીનતા ને વિશેષ હોય છે. આ તો પહેલું દર્શન, જ્ઞાન દર્શન ને સ્વરૂપમાં આચરણ સ્થિરતા ઇ સમાધિ છે. જેમ જેમ સ્વ-પર પદાર્થના ભેદવિજ્ઞાન દ્વારા આત્માનું ઉત્તમ સ્વરૂપ ઉત્તમ સ્વરૂપ શબ્દ વાપર્યો છે જોયું ? ઉત્તમ પદાર્થ કીધો છે ને મહાપદાર્થ. પ્રવચનસારમાં ૧૯૨ (એકસોબાણુ) ગાથા, મહાપદાર્થ છે. પ્રભુ મહાપદાર્થ છે. ઉત્તમ

પદાર્થ છે એનું સ્વરૂપ સંવેદનમાં વિકસિત થતું જાય તેમ તેમ સહજ પ્રાપ્ત રમણીય પંચેઇન્દ્રિયના વિષયો પણ રુચતા નથી પછી. આહાહા!

ઇન્દ્રાણીના ક્રોડો ઇન્દ્રાણી અને તે પણ વૈક્રિય શરીરવાળા અને વિષયમાં એને પ્રેમ રહેતો નથી. આત્માના પ્રેમી પરમાત્માનો પ્રેમી એને વિષયની ભાવનીમાં રુચિ રહેતી નથી. એની સુખબુદ્ધિ ઉડી જાય છે. આહાહા! આસક્તિ હો પણ સુખબુદ્ધિ ઉડી જાય છે. આહાહા! એ ૯૬-૯૬ (છન્નુ-છન્નુ) હજાર સ્ત્રીઓમાં રહેલો ચક્રવર્તી, બુદ્ધિ ઉડી ગઇ છે. સુખબુદ્ધિ ગઇ તે ગઇ. આહાહા! સમજાણું કાંઇ? આહાહા! જેમ જેમ તેને પદાર્થમાં આત્મામાં વેદન આનંદનું જ્ઞાનનું શ્રદ્ધાનું વિશેષ નિર્મળ થતું જાય છે તેમ તેમ સહજ પ્રાપ્ત હઠથી લેવા પદાર્થ એમ નહિં સહેજે કોઇ પુણ્યને લઇને સામગ્રી વિષયોની મળે. પંચેન્દ્રિય વિષયો પણ રુચતા નથી. આહાહા! તેમના પ્રત્યે ઉપેક્ષા - ઉદાસીનતા ઉત્પન્ન થાય છે. આહાહા! સમજાણું? બહુ શ્લોક સારો હેં! આહાહા!

વિષયોમાં અનુકૂળતા સહેજે મળી જાય. પરાણે પ્રેરીને હઠથી નહિં તો પણ એને વિષયમાં પ્રેમ રહેતો નથી. આહાહા! તેમના પ્રત્યે ઉપેક્ષા - ઉદાસીનતા રસ ઉડી ગયો. આત્માના આનંદરસ આગળ એ બધો પરમાં રસ ઊડી ગયો. સમજાણું કાંઇ? ભલે ગૃહસ્થાશ્રમમાં દેખાય પણ ઇ ગૃહસ્થાશ્રમમાં નથી. ઇ આત્માની દશામાં છે. સમજાણું કાંઇ? આહાહા! કહ્યું'તું ને એક ફેરી શ્રીમદ્‌ને પૂછવામાં આવ્યું કે શ્રી કૃષ્ણ ક્યાં છે? ત્યારે જવાબ આપ્યો, શ્રીકૃષ્ણ આત્મામાં છે. ત્યારે ફલાણી ગતિ ને ઢીંકણી ગતિ ને કેવું તેમાં આવે એય. આહાહા! કોઇ એવા પુરુષનો મળ્યો જે કોઇ ક્યાં એવી વિચિક્ષણતાથી જવાબ દે હોં, જ્યાં છે ત્યાં ઇ આત્મદર્શનમાં - આત્મજ્ઞાનમાં છે. ઇ નથી રાગમાં ને નથી ગતિમાં. લે. આહાહા! હેં! જવાબ એવો. હરિનો મારગ છે શૂરાનો, કાયરના નહિં કામ આ. હરિ શબ્દે આત્મા, અજ્ઞાનને, દોષને હરનારો એવો ભગવાન હરિ. હરિનો મારગ છે શૂરાનો એ કાયરના નપુંસકના ત્યાં કામ નથી. આહાહા! વીરોના અખાડામાં જાવું છે ઇ વીરનું કામ છે. સમજાણું કાંઇ?

ભગવાન અનંતગુણનો પિંડ પ્રભુ જેના ગુણની સંખ્યાનો પાર ન મળે. ક્ષેત્રથી આમ આવી ગયું એટલામાં જાણે આમ અસંખ્ય પ્રદેશમાં. ડુંગળીનો, ડુંગળી કટકો લે ડુંગળી એટલે આમ કટકો હાથમાં આવી ગ્યો આવી ગઇ પણ એ તો ક્ષેત્ર ત્યાં કાળે. એના જે ગુણોનો સંખ્યા છે અનહદ, એની હદે વિકલ્પના માપમાં નહિં આવે. આહાહા! એ તો નિર્વિકલ્પ પ્રતીતિના માપમાં એ આવશે. સમજાણું કાંઇ? નિગોદના એક ક્ષેત્રે,

નથી કહ્યું એક ફેરી કહ્યું'તું ને આપણે ન્યાલભાઈમાં એ લીધું છે. ૩ (ત્રણ) કાળનાં સિદ્ધો કરતા નિગોદનો એ બનારસીદાસનું વાક્ય છે. કેટલામું છે ઇ ! (**શ્રોતા :** ૩૬મો (છત્રીસમો) પત્ર) હા. ૩૬મો (છત્રીસમો) પત્ર કહ્યું'તું, મેં જ કહ્યું'તું. સાચી વાત છે[1].

હમણા કહ્યું'તું નહિં ? 'એક નિગોદ શરીરમેં એ તે જીવ બખાન, તીન કાલકે સિદ્ધ સમ એક અંશ પરિમાણ' એક અપેક્ષાથી કહ્યું છે. નહિંતર ૩ (ત્રણ) કાળથી તો જીવની સંખ્યા અનંતગુણી છે અને નિગોદના જીવ તો ક્યાં યે થોડા છે. પણ આંહી મારે હવે બીજી વાત કરવી, થોડી શ્રદ્ધાની કહેવી છે કે

**'सो पिंड निगोद अनन्तरास, जियरुप अनन्तानन्त भास,**
**भर रहे लोक नभमें सदीव ज्यों घडा मांहि भर रहे धीव'**

केवळी गम्य यह अनंतता साधकके अनुमान ज्ञानपे प्रत्यक्षवत् છે.

નિષ્કંપ ગંભીર ધ્રુવ સ્વભાવ આશ્રયે સહજ ઊંડે ઊંડે (ઉતરતા) ઉતરતે યહ જ્ઞાન હમ સબકો પ્રત્યક્ષ હોવે યહી ભાવના. પ્રત્યક્ષવત્ છે ઇ પ્રત્યક્ષ થઇ જાઓ. સમજાય છે કાંઇ ? નિર્મળજ્ઞાન એવું થઇ જાય કે પ્રત્યક્ષ બધું દેખાય એવું કહે છે.

વિશેષ કહેવાશે લ્યો વખત થઇ ગ્યોને ?

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગદશા રાખવી એ જ સર્વજ્ઞાનનું ફળ છે. આત્મા શુદ્ધ ચૈતન્ય જન્મ - જરા - મરણ રહિત અસંગસ્વરૂપ છે, એમાં સર્વ જ્ઞાન સમાય છે, તેની પ્રતીતિમાં સર્વ સમ્યગ્દર્શન સમાય છે. આત્માને અસંગસ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્ ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગ દશા છે. જેનાં સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય થાય છે, એ કેવળ નિસંદેહ છે; કેવળ નિસંદેહ છે.

શ્રીમદ્ રાજચંદ્રનાં વચનામૃત ૧૬૮
દ્રષ્ટિનાં નિધાન

---

૧ સોગાનીજીનો ૩૬મો(છત્રીસમો) પત્ર.

**एक निगोद शरीरमें एते जीव बखान,**
**३(तीन) कालके सिद्ध सब एक अंश परिमान।**

# પ્રવચન – ૧૧૦

## શ્લોક – ૯૬ અને ૯૭

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૦૪.૦૮.૭૫**

**क्व पुनरनासक्तं चित्तं भवतीत्याह –**

**यत्रानाहितधीः पुंसः श्रद्धा तस्मान्निवर्तते ।**
**यस्मान्निवर्तते श्रद्धा कुतश्चित्तस्य तल्लयः ।।९६।।**

જ્યાં નહિં મતિની મગ્નતા, તેની ન હોય પ્રતીત;
જેની ન હોય પ્રતીત ત્યાં, કેમ થાય મન લીન ? ।। ૯૬ ।।

**यत्र च चित्तं विलीयते तद्ध्येयं भिन्नमभिन्नं च भवति, तत्र भिन्नात्मनि ध्येये फलमुपदर्शयन्नाह –**

**भिन्नात्मानमुपास्यात्मा परो भवति तादृशः।**
**वर्तिर्दीपं यथोपास्य भिन्ना भवति तादृशी ।।९७।।**

ભિન્ન પરમાત્મા સેવીને, તત્સમ પરમ થવાય;
ભિન્ન દીપને સેવીને, બત્તી[1] દીપક થાય. ।। ૯૭ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।

---

૧. બત્તી – દિવેટ

મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

---

**क्व पुनरनासक्तं चित्तं भवतीत्याह –**

**यत्रानाहितधीः पुंसः श्रद्धा तस्मान्निवर्तते ।**
**यस्मान्निवर्तते श्रद्धा कुतश्चित्तस्य तल्लयः ।।९६।।**

**જ્યાં નહિં મતિની મગ્નતા, તેની ન હોય પ્રતીત;**
**જેની ન હોય પ્રતીત ત્યાં, કેમ થાય મન લીન ? ।। ૯૬।।**

**टीका** : यत्र यस्मिन्विषये अनाहितधीरदत्तावधाना बुद्धिः । ''यत्रैवाहितधीरिति च पाठः यत्र च अहितधीरनुपकारकबुद्धिः ।'' कस्य ? पुंसः । तस्माद्विषयात्सकाशात् श्रद्धा निवर्तते । यस्मान्निवर्तते श्रद्धा कुतश्चित्तस्य तल्लयः तस्मिन् विषये लय आसक्तिस्तल्लयः कुतो नैव कुतश्चिदपि ।।९६ ।।

વળી ચિત્ત ક્યાં અનાસક્ત હોય છે તે કહે છે –

**અન્વયાર્થ** : (यत्र) જ્યાં એટલે જે વિષયમાં (पुंसः) પુરુષની (अनाहित धीः) બુદ્ધિ સાવધાનરૂપ હોતી નથી, (तस्मात्) તેનાથી (श्रद्धा) શ્રદ્ધા, (निवर्तते) હઠી જાય છે - ઊઠી જાય છે; અને (यस्मात्) જેનાથી (श्रद्धा) શ્રદ્ધા (निवर्तते) હઠી જાય છે તે વિષયમાં (चित्तस्य) ચિત્તની (तल्लयः कुतः) લીનતા કેવી રીતે હોઈ શકે ? અર્થાત્ હોઈ શકે નહિં.

**ટીકા** : જ્યાં એટલે જે વિષયમાં બુદ્ધિ સંલગ્ન હોતી નથી અર્થાત્ બુદ્ધિ દત્તાવધાનરૂપ હોતી નથી, - ''यत्रैवाहितधीरिति'' એવો પણ પાઠ છે, તેનો અર્થ એ છે કે - જ્યાં અહિત બુદ્ધિ એટલે અનુપકારક બુદ્ધિ હોય છે - કોની ? પુરુષની, તે વિષયથી શ્રદ્ધા પાછી ફરે છે. જેનાથી શ્રદ્ધા પાછી ફરે, તે વિષયમાં ચિત્તની લીનતા કેમ હોઈ શકે ? તે વિષયમાં ચિત્તનો લય એટલે આસક્તિ ક્યાંથી થાય ? ક્યાંયથી પણ નહિં.

**ભાવાર્થ** : જે વસ્તુને પુરુષ હિતકારી સમજતો નથી તે વસ્તુમાં રુચિ ઉત્પન્ન થતી નથી અને જે વસ્તુમાં રુચિ ન હોય તે વસ્તુમાં તેનું મન કેવી રીતે લાગે ? ન જ લાગે.

અજ્ઞાની જીવોને ઇન્દ્રિયોના વિષયો ઇષ્ટ લાગે છે - હિતકારી લાગે છે, તેથી તેમની રુચિ તેમાં ઉત્પન્ન થાય છે અને મન તેમાં લાગે છે; જ્ઞાનીને તે વિષયો અનિષ્ટ લાગતા નથી, પણ તે પ્રત્યેનો રાગ અનિષ્ટ - અહિતકારી લાગે છે, તેથી તેની રુચિ તે તરફથી હઠે છે અને તેમાં મન લાગતું નથી. તે વિષયો પ્રત્યે ઉદાસીન રહે છે.

**વિશેષ**

જેમ જેમ સહજ પ્રાપ્ત ઇન્દ્રિયોના વિષયોથી રુચિ હઠતી જાય છે - ઘટતી જાય છે, તેમ તેમ શુદ્ધ આત્મસ્વરૂપ સ્વાનુભવમાં આવતું જાય છે - સ્વસંવેદનનો વિષય બનતો જાય છે.[૨] ૯૬

---

## પ્રવચન – ૧૧૦

૯૬ (છન્નુ) સમાધિતંત્ર. વળી ચિત્ત ક્યાં અનાસક્ત હોય તે કહે છે, ચિત્ત ક્યાં ચોંટતું નથી એ કહે છે.

**क्व पुनरनासक्तं चित्तं भवतीत्याह –**

**यत्रानाहितधीः पुंसः श्रद्धा तस्मान्निवर्तते ।**
**यस्मान्निवर्तते श्रद्धा कुतश्चित्तस्य तल्लयः ।।९६।।**

**જ્યાં નહિં મતિની મગ્નતા, તેની ન હોય પ્રતીત;**
**જેની ન હોય પ્રતીત ત્યાં, કેમ થાય મન લીન ? ।। ૯૬।।**

**ટીકા** : નીચેનો શ્લોક છે. જ્યાં એટલે જે વિષયમાં બુદ્ધિ સંલગ્ન હોતી નથી એટલે બુદ્ધિ ત્યાં ચોંટતી નથી, દત્તાવધાન થતી નથી એમ. આહાહા! એ સામાન્ય વાત કરી. હવે 'यत्रैवाहितधीरिति' એ પાઠની વ્યાખ્યા કરે છે. એવો પણ એનો અર્થ છે કે જ્યાં અહિત બુદ્ધિ હિતકર નથી એવી ચીજમાં બુદ્ધિ ચોંટે નહિં. અહિત બુદ્ધિ એટલે અણઉપકારક બુદ્ધિ હોય, જે આત્માને ઉપકાર ન થાય અને નુકસાન કરનારો હોય એવી જ્યાં બુદ્ધિ હોય તે વિષયથી શ્રદ્ધા પાછી ફરે છે. જેમાં હિતકર નથી, લાભ નથી ત્યાં બુદ્ધિ પાછી ફરે છે, ત્યાં બુદ્ધિ કામ કરતી નથી. (**શ્રોતા** : લાભ ન દેખાય એ બાજુ કેમ જાય ?) તે બુદ્ધિ પાછી ફરે

૨. यथा यथा न रोचन्ते विषयाः सुलभा अपि ।
तथा तथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम् ।।३८।। (ઇષ્ટોપદેશ - શ્લોક ૩૮)

છે એમ કહે છે. આહાહા! શ્રદ્ધા પાછી ફરે છે. જેનાથી શ્રદ્ધા પાછી ફરે તે વિષયમાં ચિત્તની લીનતા કેમ હોઈ શકે ? પહેલું હતું સવળું, આ અહીંયા અવળાની વાત છે. ગાથા ..... તે વિષયમાં ચિત્તનો લય એટલે કે આસક્તિ ક્યાંથી થાય ? જેમાં જીવને હિતકર ને ઠીક ન લાગે ત્યાં ચિત્ત કામ ન કરે, ચિત્ત કામ ન કરે તો શ્રદ્ધા ત્યાંથી પાછી ફરે. શ્રદ્ધા પાછી ફરે તો તેમાં લીનતા ક્યાંથી થાય ? આહાહા !

**ભાવાર્થ** : જે વસ્તુને પુરુષ હિતકારી સમજતો નથી, તે વસ્તુમાં તેની રુચિ ઉત્પન્ન થતી નથી. ધંધામાં પણ જ્યાં લાભ ન દેખે એ ધંધામાં જાય વેપાર કરવા ? ન જાય. જ્યાં લાભદાયી દેખે કે ભાઈ આ અઢી રૂપિયામાં માલ આવશે અને ૩ (ત્રણ) ઉપજશે, તો તો જાય, પણ ન્યાં અઢીનું લાવશું નેઅહીંયા સવા બે જ ઉપજશે તો ત્યાં ચિત્ત ચોંટે નહિં. એ વેપાર કરવા જાય (નહિં), શ્રદ્ધા પાછી ફરે. આહાહા! આ તો વેપારીની, એમ જેને આત્મામાં હિતકર લાગ્યું નથી, અહિતકર લાગે છે ત્યાં એની બુદ્ધિ જાતી નથી. આહાહા ! ઉપદેશની શૈલી છે ને આ તો એકદમ.

આમ તો જે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય એને કોઈ ધ્રુવની જરૂર નથી. ૧૦૧માં (પ્રવચનસાર) આવે છે ને ? ૧૦૧ (એકસોએક). ઉત્પાદ પર્યાય થાય તેને ધ્રુવની અપેક્ષા નથી. આહાહા ! એને વ્યયની અપેક્ષા નથી. એ સમયની જે પર્યાય ઉત્પન્ન થાય એ સ્વતંત્ર થાય છે પણ કહે છે કે જેને અહિતકર લાગી એ અહિતકરની પર્યાય કેમ ઉત્પન્ન કરે ? સમજાણું કાંઈ ? પણ એ પર્યાયનો કાળ જ એવો ત્યાં છે. (**શ્રોતા**ઃ શુભ-અશુભ અહિતકરને સમ્યગ્દર્શન સરળ લાગે ત્યારે) સમ્યગ્દર્શનમાં હિતકર લાગે છે આત્મા એથી સમ્યક્‌ની પર્યાય થાય છે, પણ છતાં એ પર્યાય થાય છે દ્રવ્યને આશ્રયે. એટલે કે પર્યાય ન્યાંથી આવે છે ને એ અપેક્ષાએ આશ્રય કીધો બાકી તો પર્યાય પર્યાયને કારણે જ ઉત્પન્ન થાય છે એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

પ્રવચનસારમાં આ ગાથા છે. વીતરાગના સિદ્ધાંતનો સાર એમાં આ આવ્યું. આહાહા! ફક્ત એ સમ્યગ્દર્શન આદિની પર્યાય ધર્મની, દ્રવ્યને આશ્રયે કીધી એનો આશ્રય એટલો આશય કે દ્રવ્યમાંથી આવે છે અને દ્રવ્ય તરફ ઢળી છે માટે દ્રવ્યનો આશ્રય કહેવામાં આવે છે એટલી વાત છે. આહાહા ! આંહી તો ત્યાં તો એમેય કહ્યું કે એ પર્યાય દ્રવ્યને કારણે નથી આવતી એમ કહ્યું. (**શ્રોતા** : એને આલિંગન જ કરતી નથી) અડતીય નથી એ તો આવી ગયું આપણે. આહાહા! સત્‌નું સ્વરૂપ એને તો જ્ઞાતા-દૃષ્ટાપણે રહીને જાણવા જેવું છે, બસ બાકી કાંઈ છે નહિં. આહાહા! સમજાણું કાંઈ ?

(શ્રોતા : એ જ્ઞાન અને શ્રદ્ધા થયા પછી) એ આમ માન્યું ત્યારે એ એની દશા થઈને જ્ઞાતા-દૃષ્ટાની, નહિં તો ક્યાં ? આહાહા ! કે જ્યારે હું પરની પર્યાય કરી શક્તો નથી અને મારી પર્યાય પણ દ્રવ્યથી થતી નથી. હેં ? ઉત્પાદ્. આહાહા !

૨૭૦માં (બસ્સો સિત્તેરમાં) કહ્યું ને સમયસારમાં ? સત્ જ્ઞપ્તિ જેની એક ક્રિયા છે જુઓને ઓહોહો ! ઈ ઉપરથી આ આવ્યું. સત્ અહેતુક જ્ઞપ્તિ જેની એક ક્રિયા છે. ભગવાન આત્માની તો જાણવા દેખવાની એક જ ક્રિયા છે. એ ક્રિયામાં આ હનન ને જૂઠું ન બોલવું એવી જે ક્રિયા એનાથી ભિન્ન પાડતો નથી માટે તેને પોતાની માને છે. આહાહા ! એક સમયમાં એક પર્યાયના બે ભાગ આહાહા ! એક જ્ઞપ્તિ ક્રિયા - ભાઈ આ તો મારગ અંતરની ઝીણી વાતું બહુ. જ્ઞપ્તિ ક્રિયા તે પણ સત્ અહેતુક એને દ્રવ્ય ને ગુણની પણ જરૂર નહિં એવી જ્ઞપ્તિ ક્રિયા અહેતુક છે અને તે કાળે જે રાગ-દ્વેષમય ઉદયની ક્રિયા તે આત્માની નહિં. આહાહા ! એ બેમાં ભેદ ન પાડતાં બેને એક કર્તા માને તે અજ્ઞાન છે. આહાહા !

લ્યો, વળી આજે કાર્ડ આવ્યું છે. સરદાર શહેરથી કાર્ડ આવ્યું છે કોઈક બાઈએ લખ્યું છે, એના કુટુંબમાંથી લાગે છે. ઓમાં છે ને ? આ શું ? કાર્ડ આવ્યું છે અહીંયા. આ તો. વિનય વંદન ... સરદાર શહેર, બહુત દિનોસે મેરી તુચ્છ બુદ્ધિમેં, કોઈક બાઈ છે, એના કુટુંબમાંથી લાગે છે. યહ આ રહા હૈ કિ જ્ઞાની દોષ કો દોષ જાનકર દોષસે હટતા હૈ, યહ આગમ પ્રમાણ હૈ, દોષથી હઠે છે એ આગમ પ્રમાણ છે, યા જ્ઞાની દોષકો કર્તા ભોક્તા બનકર દુઃખી બનતા હૈ યહ આગમ પ્રમાણ હૈ ? આહાહા ! ભગવાન ! ઈ પછી તમે આત્મધર્મમાં આપજો એમ લખ્યું છે. 'આત્મધર્મ'મેં સ્પષ્ટ હો જાય, સમાધાન મિલ જાય. નિવેદિકા પ્રતિ કુમારી એમ છે કાંઈ.

લ્યો વળી આ યાદ આવ્યું જુઓ આવ્યુંને આમાં કે જ્ઞપ્તિ એક ક્રિયા છે અને એમાં જે દોષની ક્રિયા જે ઉત્પન્ન થાય છે એનાથી ભિન્ન આત્માને જાણતો નથી તે અજ્ઞાની છે. પણ તે જ્ઞાની જ્ઞપ્તિ ક્રિયા એ પણ મારી છે, મારામાં છે અને દોષની ક્રિયા પણ મારી પર્યાયમાં મારામાં મારે કારણે છે. આહાહા ! એ દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયના સ્વભાવની મુખ્યતાથી ચાલે ત્યારે દોષથી એ ત્યાગી દોષથી રહિત છે, પણ જ્યારે એની પર્યાયમાં વેદન છે એમ જ્ઞાન જાણે ત્યારે તો કહે વેદન દુઃખનું ને સુખનું મારામાં છે. આહાહા ! રતિભાઈ ! અને કર્તા ભોક્તા પણ હું છુ એનો. આહાહા ! (શ્રોતા : એ જ્ઞાનની મુખ્યતાથી) એ જ્ઞાન જ વસ્તુને વિશેષ જાણે છે ને ! દર્શન તો નિર્વિકલ્પ છે. તેનો વિષય નિર્વિકલ્પ છે પણ એની સાથે જે જ્ઞાન થાય એ જ્ઞાન આમ જાણે છે.

જ્યાં સુધી દોષો એટલે દુ:ખ, દોષ એટલે દુ:ખ, પછી ચાહે તો દયા, દાન ને વ્રતના વિકલ્પ હોય એ પણ દોષ ને દુ:ખ છે. એક સમયમાં જ્ઞપ્તિ ક્રિયા અને એ દોષની ક્રિયા એક સમયમાં હોય છે. અને ખરેખર તો એ પર્યાય અહેતુક છે. દોષ અને જ્ઞપ્તિ બેય અહેતુક છે. પણ છે ખરી. જ્ઞપ્તિ ક્રિયા જાણે છે કે હું તો જાણનાર છું અને એની સાથે જ્ઞાન જાણે છે આહાહા! કે જેટલું સુખ પૂરણ નથી એટલો રાગ થાય છે તે દુ:ખ છે, દોષ છે, અપરાધ છે, એ મારી દશાનો અપરાધ છે. આહાહા! અને એનું પરિણમન છે માટે (એનો) કર્તા હું છું. કરવા લાયક છે એ ઇ જુદી બુદ્ધિ (છે). આહાહા! પણ રાગ ને શુભ-અશુભ ભાવ ઇ બેય દોષ છે તે બેય દુ:ખ છે. દુ:ખની પર્યાય અને આનંદની પર્યાય બેયનો કર્તા અને ભોક્તા હું છું. આહાહા!

સવારમાં તો વેદન, આનંદના વેદન (નું આવે છે) કારણ કે ત્યાં તો દૃષ્ટિ પ્રધાન કથન છે. આહાહા! પણ તે જ કાળે જ્ઞાનથી જ્યારે જાણે આહાહા! પરને ને શું સંબંધ છે? પરદ્રવ્ય તો એને કારણે ત્યાં ઊભું છે ને પરિણમે છે આહાહા! પણ આત્મામાં જેટલા પ્રમાણમાં સુખનું વેદન છે ઓછું તેથી ત્યાં રાગદ્વેષનાં પરિણામ શુભ કે અશુભ એટલું દુ:ખનું વેદન છે. એ મારાથી છે એ દુ:ખને જ્ઞાની વેદે છે. આહાહા! આવો મારગ ભારે ભાઇ! અને એ એમ જાણે કે દુ:ખને વેદે તે અજ્ઞાની, તેને ભાન જ નથી હોતું. સમજાણું કાંઇ? સુખ ન હોય મિથ્યાદૃષ્ટિને, દુ:ખ ન હોય કેવળીને. સુખ ને દુ:ખની પર્યાય હોય સાધકને, ધર્મી ને જ્ઞાયકને જ હોય. આહાહા! સમજાણું કાંઇ?

એ પ્રશ્ન એને ગુંચાય છે કેદુ'નો. શેઠનું નામ છે ને? દીપચંદજી શેઠીયાનું નામ છે એમાં લખ્યું છે કોકે અને એને ઓલું છે. એ મકાનનું નામ છે ને એ એનું છે. પુત્રી કે કોઇ છે. કોઇ એમાં ચર્ચા થઇ એ પહેલા અરે ભગવાન! શું બાપુ! તારી સત્તા તો આનંદ ને જ્ઞાનની મૂળ તો છે અને જે સમયે તે પર્યાય ઉત્પન્ન થાય, તે સ્વતંત્ર દ્રવ્ય ને ગુણની અપેક્ષા રાખ્યા વિના છે અને એ વખતે આનંદ ને દુ:ખની પર્યાય જે થાય એ પણ પરની અપેક્ષા રાખ્યા વિના અને દ્રવ્ય ગુણની રાખ્યા વિના એ થાય છે. આહાહા! હરિભાઇ! આવી વાત છે બાપુ! વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્યાં. સમજાણું કાંઇ? અમૃતચંદ્ર આચાર્ય કહે છે અમને કલુષિત આત્મા, પર્યાયમાં કલુષિત છે. આહાહા! અમે પૂર્ણ આનંદને પ્રાપ્ત નથી અનાદિથી કલમાષિતામાયા. આહાહા! દઠ્ઠે (છઠ્ઠે) ગુણસ્થાને મુનિ આચાર્ય જેની આ ટીકા આહાહા! અલૌકિક ટીકા, હેં? ભગવત્ ટીકા છે. હેં! આહાહા!

એ એમ કહે છે 'અનાદિની અમને કલુષિતતા હજી ગઇ નથી.' એ

કલુષિતતા અનાદિની છે ને! ભલે અનુભવ થયો, મુનિપણું થયું, પણ એ કલુષિતતા તો અનાદિની છે જે બાકી રહી છે એ છે. આહાહા! હેં? આહાહા! એ કલુષિતતા દુઃખરૂપ છે એ અમે આ ટીકાકર્તાના કાળમાં, ટીકા કરતા પાઠ એવો છે. 'એવ' શબ્દ છે ને? ભાવ એની ટીકાથી અમારી કલુષિતતા નાશ થાઓ. પાઠ એવો છે પણ એનો અર્થ ઇ, ઇ કરે છે ને આ લોકો એમાંથી, જુઓ આ ટીકા કરતા પણ શુદ્ધિ થાય છે એમ કહે છે. બાપુ! ટીકાના કાળમાં એને વિકલ્પ છે એ વિકલ્પથી, ટીકાના કાળમાં વિકલ્પથી એની શુદ્ધિ વધે એમ નથી પણ એના કાળમાં અમારું લક્ષમાં બહુ રટણ છે. ધ્યેયમાં, અમારા ધ્યાનમાં વસ્તુ તરફનું બહુ રટણ છે. એ રટણ કરતાં કરતાં અશુદ્ધતા ટળી જશે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઇ? આહાહા!

અશુદ્ધતા ટીકા કરવા વખતમાં તો ભાવમાં તો વિકલ્પ છે. પર તરફ લક્ષ છે ને? હેં? આહાહા! મન - વચન ને કાયા તરફ લક્ષ જાય છે તો એ રાગ છે. કુંદકુંદ આચાર્યે કહ્યું 'પ્રવચનની પ્રભાવના માટે મેં આ શાસ્ત્ર રચ્યું' આવે છે ને? નિયમસારમાં તો એમ કહ્યું 'મેં મારી ભાવના માટે આ રચ્યું છે.' હેં? નિયમસારમાં એમ કહ્યું છે પણ તે કાળે તો વિકલ્પ છે, આહાહા! પણ એનું ઘુંટણ છે ઇ વિકલ્પમાં નથી. હેં? આહાહા! વિકલ્પના જ્ઞાતા - દૃષ્ટાપણે રહી અને એ વિકલ્પ થયો છે તેનાથી નિમિત્ત થઇને ટીકાની ક્રિયા ટીકાથી થઇ છે. આહાહા!

આંહી કહે છે જેનું જ્ઞાયકભાવ પ્રત્યેનું હિતકર જેને લાગ્યું નથી. આહાહા! વસ્તુ, આનંદદાયક વસ્તુ છે એમ દૃષ્ટિમાં એટલે બુદ્ધિમાં આ આનંદદાયક છે એવું હિતકર ભાસ્યું નથી અને તેના પ્રત્યેનો અનાદર છે. આહાહા! અહિતકર બુદ્ધિ છે. આહાહા! એ બુદ્ધિનો વિષય છે કે જ્યાં એ ચોંટતું નથી, આંહી ચોંટે છે.આંહી તો કહે છે અહિતકરમાં પણ બુદ્ધિ ચોંટે છે. આહાહા! છોટાભાઇ! હેં? આહાહા! (શ્રોતા : હિતકર માને ત્યાં ચોંટે પણ અહિતકર માને ત્યાં કેમ ચોંટે?) અને તેથી શ્રદ્ધા પાછી વળે છે. પૂર્ણાનંદના નાથમાં હિતપણું ભાસ્યું નહિં એથી એની શ્રદ્ધા ત્યાં જાતી નથી. આહાહા! એ તારા કારણે નથી. કર્મનું કારણ છે માટે શ્રદ્ધા ત્યાં જાતી નથી એમ નહિં. સમજાણું કાંઇ? આહાહા! અને જ્યાં શ્રદ્ધા ચિત્તની લીનતા કેમ હોઇ શકે? જ્યાં શ્રદ્ધા જ પાછી ફરે ત્યાં અંતરમાં લીનતા કેમ બને? આહાહા! સમજાણું કાંઇ? તે વિષયમાં ચિત્તનો લય - આસક્તિ ક્યાંથી થાય? આહાહા! ક્યાંયથી પણ ન થાય. કોઇ રીતે ચિત્ત ત્યાં ચોંટે જ નહિં. હેં? આહાહા!

**ભાવાર્થ** : ૩૮મો (આડત્રીસમો) શ્લોક તો ઉપર આવી ગયો ને! ૯૫માં (પંચાણુમાં)

આવી ગ્યો. ૯૫માં (પંચાણુમાં) છેલ્લો. ઓહોહો ! જે વસ્તુને પુરુષ હિતકારી સમજતો નથી, તે વસ્તુમાં તેને રુચિ ઉત્પન્ન થતી નથી. આહાહા ! કાળો નાગ દેખે અને વીંછી થાય છે ને ? ઠાકરીયો વીંછી, ઠાકરીયો એટલે વીંછીમાં મોટો, જોયો છે મેં, એકવાર હું ત્યાંથી નીકળ્યો, મોટો કાળો વીંછી આવડો લાંબો, અને મોટો ડબ્બો હોય ને એવો તો કાળો, જંગલ અહીં જતાં એકલા પહેલાં જતાં ને એકલા. ત્યાં ડબ્બો ને જાણે રેલ હાલતી હોય, એક લાંબો આમ કાળો ઠાકરીયો, કરડે તો મરી જ જાય માણસ. અહીં મરી ગ્યો'તો માણસ ગઢડામાં, લાઠીવાળા છે ને આ પોપટભાઈના એના દીકરાનો એક દીકરો - વીંછી કરડયો'તો તે મરી ગયો.

આકરા વીંછી હોય ને, હવે એ વીંછીમાં ચિત્ત જ લાગે નહિં પકડવાની ત્યાં શ્રદ્ધા પાછી વળે કે નહિં, હેં ? અને ત્યાં જોવાને ય ઊભો ન રહે ઈ હેં ? આ તો વીંછી ઉડે નહિં, પણ સર્પ નાના હોયને તો ઉડે માળા, કાળા નાગ હોય ઈ ઉડે એટલે જોવા ઊભો ન રહે ત્યાં. હેં ? ઉડીને ચોંટે આંહી ક્યાંક એવા સર્પ થાય છે. જેમાં ચિત્તને ઠીક પડતું નથી ત્યાં શ્રદ્ધા પાછી વળે છે અને તે ચિત્ત ત્યાં જોવા ઊભું રહેતું નથી. આહાહા ! જે વસ્તુને પુરુષ હિતકારી સમજતો નથી, જે વસ્તુને આત્મા હિતકારી સમજતો નથી. 'પુરુષ' શબ્દે આત્માની વાત છે. આહાહા ! તે વસ્તુમાં તેને રુચિ ઉત્પન્ન થતી નથી. પોષાણમાં જે ચીજ નથી ત્યાં રુચિ કેમ ઉત્પન્ન થાય ? આહાહા ! અને જે વસ્તુમાં રુચિ ન હોય તે વસ્તુમાં તેનું મન કેવી રીતે લાગે ? ન જ લાગે.

અજ્ઞાની જીવોને ઇન્દ્રિયોના વિષયો ઈષ્ટ લાગે છે આહાહા ! હિતકારી લાગે છે, તેથી તેમની રુચિ તેમાં ઉત્પન્ન થાય છે. છે ? વાત લાંબી છે એ. ઇન્દ્રિયોનો વિષય, ઇન્દ્રિય જડ, ભાવેન્દ્રિય અને એનો વિષય બધી ઇન્દ્રિયો છે. આહાહા ! પણ આ એણે ભેદ પાડયા છે કે ઇન્દ્રિયોનો વિષય ખરેખર તો દેવ, ગુરુ ને શાસ્ત્ર ને એની વાણી પણ ઇન્દ્રિયોનો વિષય છે. ગજબ વાત છે. સમજાણું કાંઈ ? આવી વાત છે. સ્વદ્રવ્ય સિવાય ક્યાંય હિતકર પરદ્રવ્ય તે હોઈ શકે જ નહિં એથી તો એમ કહ્યું 'परदव्वाओ दुग्गइ' આહાહા ! આ વીતરાગના વચનો ! વીતરાગ એમ કહે કે અમારી સામુ જોશો તો તમને રાગ થશે. વળી ઉપદેશ સાંભળવા બેસે, એ હોય ઈ જુદી વસ્તુ છે. આહાહા !

ગજબ વાતું બાપુ ! ઇન્દ્રિયોના વિષયમાં ઈષ્ટ લાગે આહાહા ! હિતકારી લાગે તેથી તેમની રુચિ તેમાં ઉત્પન્ન થાય અને મન તેમાં લાગે. જ્ઞાનીને તે વિષયો અનિષ્ટ લાગતા નથી. જ્ઞાનીને તે વિષયો અનિષ્ટ લાગતા નથી, પણ તે પ્રત્યેનો રાગ અનિષ્ટ,

અહિતકારી લાગે છે, વિષય નહિં કારણ કે કોઇ વસ્તુ ઇષ્ટ અનિષ્ટ છે જ નહિં. હિતકર કે અહિતકર જ્ઞેય છે જ નહિં. આહાહા! ભગવાન અહિતકર એમ છે જ નહિં કહે છે, હિતકર છે એમેય નથી. આહાહા! ત્યાં રાગ અનિષ્ટ અહિતકારી લાગે છે તેથી તેની રુચિ તે તરફથી હટે છે, આહાહા! ભારે ગજબ કામ કરે છે, તેમાં મન લાગતું નથી. તે વિષયો પ્રત્યે ઉદાસીન રહે છે. આહાહા!

**વિશેષ**

૩૮મો (આડત્રીસમો) શ્લોક છે ઇષ્ટોપદેશનો એનાથી પહેલો હતો એનાથી ઊંધું છે.

**यथा यथा न रोचन्ते विषया: सुलभा अपि।**
**तथा तथा समायार्तिवितौ तत्त्वमुक्तमम् ।।**

સહેજે મળે તો પણ જેને રુચતા નથી. જેમ જેમ સહજ પ્રાપ્ત ઇન્દ્રિયોના વિષયોની રુચિ હઠતી જાય છે એ પ્રશ્ન આવ્યો છે ને હમણાં? રાજમલે પૂછયો છે ભાઇનો ન્યાલભાઇનો ૧૦૧ (એકસો એક) બોલ નહિં? ૬૪૫ (છસ્સો પિસ્તાલીસ) બોલ છે ને એનો ૧૦૧મો (એકસો એકમો) બોલ કે સ્ત્રીનો વિષય ને દેવ - ગુરુ પણ વિષય છે પર તરફ આ કેમ છે? એમ પૂછયું છે સરખાઇનું એની જીભ બેઠી છે તો કે ને સરખાઇની બધી. એ કોણ કરનાર છે? મખનલાલ ને નહિં, પાર્શ્વનાથ એ વર્ધમાન (**શ્રોતા** : લાલબહાદુર) ના, લાલબહાદુર નીકળી ગયો છે હવે વર્ધમાન પાર્શ્વનાથ. હેં? રતનચંદજી તો પહેલા, હમણાં જવાબ આણે બીજાએ આપ્યો છે. રતનચંદે નહિં આણે આપ્યો છે. વર્ધમાન પાર્શ્વનાથ એવું માનનારાઓ એમ કહે કે તીવ્ર મિથ્યાદષ્ટિ છે. ભગવાનને જે વિષય ઠરાવે. અરે પ્રભુ! સાંભળને ભાઇ!

૩૧મી (એકત્રીસમી) ગાથામાં શું કહ્યું ભગવાને? (સમયસાર) जो इंदिये जिणित्ता કીધું, ૩૧ (એકત્રીસ) ગાથા છે. ઇન્દ્રિય ૩ (ત્રણ) પ્રકારે - જડ ઇન્દ્રિય - ભાવેન્દ્રિય અને આ વિષયો ત્રણે ઇન્દ્રિય કીધી ભાઇ! આ તો ઝીણું કથન બાપુ! આહાહા! એ વિષયને જીતે તે જૈન પણ એ વિષયમાં લલચાઇ જાય, વિષય કીધો એને તો. વિષયને પણ એણે ઇન્દ્રિય જ કીધી, ઇન્દ્રિયનો વિષય તે ઇન્દ્રિય આહાહા! કામ આકરું ભારે ભાઇ! જેમ જેમ સહજ પ્રાપ્ત ઇન્દ્રિયોના વિષયથી રુચિ હઠતી જાય છે. ઘટતી જાય છે, તેમ તેમ શુદ્ધ આત્મસ્વરૂપ સ્વાનુભવમાં આવતું જાય છે. આમ ઢળ્યો છે ને અંદર? ઇષ્ટોપદેશનો શ્લોક છે ૩૮ (આડત્રીસ). જેમ જેમ સહજ પ્રાપ્ત ઇન્દ્રિયોના વિષયથી રુચિ હટતી જાય

છે, ઘટતી જાય છે તેમ તેમ શુદ્ધ આત્મસ્વરૂપ સ્વાનુભવમાં આવતું જાય છે. પર તરફથી ખસી જાય છે તેમ સ્વ તરફમાં ઝુકાઈ જાય છે. સમજાણું કાંઈ ? અરે ! મારગ ભારે ભાઈ !

સાંભળવું કહેવું ને સાંભળવાથી લાભ ન થાય. ઈ હોય છે પણ ઈ વિકલ્પ છે. એ અણીન્દ્રિય ભગવાન તરફનો એ ઝુકાવ નથી. સમજાણું કાંઈ ? ઈ તો ૨૦માં (વીસમાં) આવી ગયું છે. (અલિંગગ્રહણ) એ ઈન્દ્રિયથી જાણતો જ નથી. એમ ઈન્દ્રિયથી જણાય એવો નથી. આહાહા ! ગજબ વાત છે ને ! (**શ્રોતા** : શરૂઆત જ ત્યાંથી કરી છે) શરૂઆત ત્યાંથી કરી છે. આહાહા ! જેને ઈન્દ્રિયથી જાણવું થતું નથી એમ લીધું છે અને જે (બીજો બોલ) (ઈન્દ્રિયથી જાણનારો નથી). ઈન્દ્રિયથી જણાય એવો નથી. આહાહા ! હવે પોતે ટીકા કરે છે, ટીકા થાય છે બીજાને સમજાવવા, તો કહે છે કે તારું જાણવું તારાથી થાય છે, અમારાથી નહિં. પોપટભાઈ ! આવો મારગ છે ભાઈ ! તું અણીન્દ્રિય છો ને ! અણીન્દ્રિયથી પોતાને જાણે અને પરને પણ અણીન્દ્રિયથી જાણે. આહાહા ! એટલે કે જેને સ્વરૂપગ્રાહી દૃષ્ટિ થઈ એવી નિશ્ચયથી પછી પરને જાણે. આહાહા ! સમજાણું કાંઈ ?

જેમ જેમ સહજ પ્રાપ્ત ઈન્દ્રિયોના વિષયોથી રુચિ હઠતી જાય છે, ઘટતી જાય છે, તેમ તેમ શુદ્ધ આત્મસ્વરૂપ સ્વાનુભવમાં આવતું જાય છે. સ્વસંવેદનનો વિષય બનતો જાય છે. છે ને ? तथा तथा समायाति संवितौ तत्त्वमुत्तमम् સ્વસંવેદન તત્ત્વ વધતું જાય છે. આત્માના તરફના વલણમાં નથી જરૂર વિકલ્પની, નથી જરૂર મનુષ્યપણાની, નથી જરૂર ગુરુદેવની એમ કહે છે. આહાહા ! જેમ જેમ એ પાછળ બહારથી હટતો જાય છે તેમ તેમ અંદરમાં ઠરતો જાય છે. (**શ્રોતા** : ચારિત્રની અપેક્ષાની વાત આવી). દર્શનની અપેક્ષાએ આ વાત છે. દર્શન ને જ્ઞાન ચારિત્ર એ બધું અંતરમાંથી અંતરના આશ્રયે એટલે કે અંતરના વલણથી થાય છે એમ, બહારના વલણથી થતું નથી. આહાહા ! ઝીણું ઘણું ભાઈ !

સ્વસંવેદનનો વિષય બનતો જાય છે એમ કહે છે ને જુઓને. પોતે પોતાના જ્ઞાનની પર્યાયમાં સ્વને વિષય કરતું સ્વસંવેદન ઊભું થાય છે. પરની અપેક્ષા છોડે છે ત્યારે એમ. આવો મારગ ભાઈ ! જેમ જેમ પર તરફના વલણનો ભાવ છોડે છે તેમ તેમ સ્વ તરફના વલણના ભાવમાં વેદનમાં આગળ વધી જાય છે. આહાહા ! આ એકલા ચારિત્રની અપેક્ષાની વાત નથી હોં, શ્રદ્ધાની અપેક્ષાએ પણ આ છે. પર તરફના વલણમાં શ્રદ્ધા એમ માને છે કે ત્યાં દુઃખ છે. જાણે છે જ્ઞાન એની હારે (સાથે) પણ એવું લીધું છે ને ? સર્વ વિશુદ્ધમાં 'શ્રદ્ધા હારે (સાથે) જ્ઞાન' લીધું છે. અને જેમ એ ભગવાન આત્મા અનાકુળ અણીન્દ્રિય વસ્તુ, તેમાં ઝુકતો જાય છે તેમ સ્વસંવેદન (સ્વને આશ્રયે) વધતું જાય છે.

આશ્રયનો અર્થ એટલો જ કે તે તરફ વળે છે. ઇ પર્યાયને કાંઇ ખબર નથી કે આ દ્રવ્ય છે પણ એ બાજુ ઢળ્યો એટલે આશ્રય લીધો એમ કહેવાય છે. અને પાછી પર્યાય પણ દ્રવ્યમાંથી આવે છે ને કંઇ અદ્ધરથી તો આવતી નથી.

વહેવાર જ્યારે લઇએ તો દ્રવ્યમાંથી ભેદ પાડીને આવે છે ને પર્યાય. એકલું અભેદ દ્રવ્ય જે છે એનાથી જો આવે તો એક જ પ્રકારની પર્યાય સરખી આવવી જોઇએ. પણ એ ભેદ એટલે દ્રવ્યનો ભેદ અંદર યોગ્યતા જે શક્તિ છે એ શક્તિ બહાર આવે છે એ અપેક્ષાએ દ્રવ્યમાંથી આવે છે એમ કહેવાય છે. સમજાણું કાંઇ ? છતાં એ પર્યાય પર્યાયથી થઇ છે જેને દ્રવ્યના પણ આશ્રયની જરૂર નથી. આહાહા! ૧૦૧માં (એકસોએકમાં) એમ મૂક્યું ને આલંબન, ૧૦૧ (એકસોએક) પ્રવચનસારમાં એમ મૂક્યું છે. આલંબન નથી, પર્યાયને દ્રવ્યનું આલંબન નથી. ઉત્પાદ થતો ભાવ ઉત્પાદને આશ્રયે છે એમ લખ્યું છે ૧૦૧ (એકસોએક) ઉત્પાદ થતો ભાવ ઉત્પાદને આશ્રયે છે. આહાહા! શું વીતરાગનું તત્ત્વ! એ વસ્તુનું સ્વરૂપ એવું છે એવું વાણીમાં આવ્યું છે. આહાહા! સમજાણું કાંઇ ?

ત્યાં તો નિમિત્તથી કાંઇ થાતું નથી એવું આવ્યું ન્યાં તો, આ બધી તકરારું, વાંધા ઇ. એ હવે દાખલો આપે છે વહેવારનો દાખલો આપશે પહેલો. જેમાં ચિત્ત લીન થાય છે તે ધ્યેય ભિન્ન અને અભિન્ન બે પ્રકારે છે. ભગવાન તીર્થંકર સર્વજ્ઞ પરમાત્મા એ ધ્યેયમાં લે એ પરવસ્તુ છે. અને સ્વ ધ્યેયમાં લે એ સ્વવસ્તુ છે. જેમાં ચિત્ત લીન થાય છે તે ધ્યેય ભિન્ન અને અભિન્ન બે પ્રકારે હોય છે. ત્યાં ભિન્ન આત્મરૂપ ધ્યેયનું ફળ દર્શાવી કહે છે, શું કહે છે ? આત્માથી ભિન્ન ભગવાન, એના ધ્યેયનું ફળ દર્શાવી કહે છે.

શ્લોક ૯૭ (સત્તાણુ)

**यत्र च चित्तं विलीयते तद्ध्येयं भिन्नमभिन्नं च भवति, तत्र भिन्नात्मनि ध्येये फलमुपदर्शयन्नाह –**
જ્ઞાન પ્રધાન કથન છે ને ?

**भिन्नात्मानमुपास्यात्मा परो भवति ताद्दशः।**
**वर्तिर्दीपं यथोपास्य भिन्ना भवति ताद्दशी ।।९७।।**

**ભિન્ન પરમાત્મા સેવીને, તત્સમ પરમ થવાય;**
**ભિન્ન દીપને સેવીને, બત્તી[૩] દીપક થાય. ।।૯૭।।**

૩. બત્તી – દિવેટ

**टीका** : भिन्नात्मानमाराधकात् पृथग्भूतमात्मानमर्हत्सिद्धस्वरूपं उपास्याराध्य आत्मा आराधकः पुरूषः परः परमात्मा भवति तादृशोऽर्हत्सिद्धस्वरूपसदृशः । अत्रैवार्थे दृष्टान्तमाह वर्तिरित्यादि । दीपाद्भिन्ना वर्तिर्यथा दीपमुपास्य प्राप्य तादृशी भवति दीपरूपा भवति ।।९७।।

જેમાં ચિત્ત લીન થાય છે, તે ધ્યેય ભિન્ન તથા અભિન્ન (એમ બે પ્રકારે) હોય છે; ત્યાં ભિન્નાત્મરૂપ ધ્યેયનું ફલ દર્શાવી કહે છે :–

**અન્વયાર્થ** : (आत्मा) આત્મા (भिन्नात्मानं:) પોતાનાથી ભિન્ન આત્માની (उपास्य) ઉપાસના કરીને (तादृशः) તેના સમાન (परः भवति) પરમાત્મા થાય છે. (यथा) જેમ (भिन्ना वर्तिः) દીપકથી ભિન્ન બત્તી (વાટ) (दीपं उपास्य) દીપકની ઉપાસના કરીને (તેને પામીને) (तादृशी) તેના જેવી - દીપકસ્વરૂપ (भवति) થઇ જાય છે તેમ.

**ટીકા** : ભિન્ન આત્માની એટલે આરાધકથી પૃથક્ભૂત અર્હત્ સિદ્ધરૂપ આત્માની ઉપાસના કરી - આરાધના કરી, આત્મા એટલે આરાધક પુરુષ, તેવો એટલે અર્હત્ - સિદ્ધસ્વરૂપ સમાન, પર એટલે પરમાત્મા થાય છે. અહીં તે જ અર્થનું દૃષ્ટાંત કહે છે - વાટ ઇત્યાદિ - જેમ દીપથી ભિન્ન વાટ (દીવેટ) દીપને ઉપાસી એટલે પામી તાદૃશ (તેના જેવી) થાય છે - અર્થાત્ દીપરૂપ થાય છે તેમ.

**ભાવાર્થ** : જેમ વાટ દીપકની ઉપાસના કરી (દીપકનો ગાઢ નજીક સંબંધ સાધી) તદ્રૂપ (દીપકરૂપ) થઇ જાય છે, તેમ આ આત્મા પોતાનાથી ભિન્ન આત્માની (અર્હંત - સિદ્ધરૂપ પરમાત્માની) ઉપાસના કરીને સ્વયં તેમના સમાન પરમાત્મા થઇ જાય છે.

## વિશેષ

અર્હંતાદિ ભિન્ન સાધ્યની ઉપાસનાદ્વારા અર્થાત્ તેમના દ્રવ્ય-ગુણ-પર્યાયના સત્ય જ્ઞાનદ્વારા જો જીવ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને સમ્યક્પણે જાણે અને તેની પ્રતીતિ કરે તથા ત્યારબાદ અર્હંતાદિ પર તરફનું પણ વલણ હઠાવી સ્વસન્મુખ થઇ સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક પોતાના ચૈતન્યસ્વરૂપમાં સ્થિરતા કરે તો તેનો મોહ નાશ પામે છે અને તે પરમાત્મા થાય છે.[૪]

આત્મસ્વરૂપમાં સ્થિરતા તે નિશ્ચય ઉપાસના અર્થાત્ અભિન્ન સાધ્યની ઉપાસના છે અને અર્હંતાદિ ભિન્ન સાધ્યની ઉપાસના તે વહેવાર ઉપાસના છે.

સાધક દશામાં સમ્યગ્દૃષ્ટિ જીવને અસ્થિરતાના કારણે ભગવાનની પૂજા

૪. જુઓ પ્રવચનસાર ગાથા - ૮૦.

- ભક્તિ આદિરૂપ પુણ્યબંધની સંપ્રાપ્તિના હેતુભૂત શુભ રાગ ભૂમિકાનુસાર આવે છે, પણ તે તેને આત્મહિત માટે ભલો માનતો નથી. તે રાગને રોગ સમાન ગણે છે, તેથી તેને તે હેયબુદ્ધિએ વર્તે છે - અર્થાત્ તેને રાગનો રાગ નથી - તેનું તેને સ્વામીત્વ નથી. તેનો આ શુભ રાગ સવારની લાલ સંધ્યા જેવો છે. જેમ સવારની લાલ સંધ્યાનો અભાવ થતાં તુરત જ સૂર્યના તેજસ્વી પ્રકાશનો આવિર્ભાવ થાય છે, તેમ સમ્યગ્દષ્ટિના હેયબુદ્ધિએ વર્તતા શુભરાગનો અભાવ થતાં - તેનો અતિક્રમ થતાં આત્માના નિર્મળ પ્રચંડ પ્રકાશનો આવિર્ભાવ થાય છે. રાગરૂપ સવિકલ્પ દશાનો (વહેવારનો) અભાવ થતાં વીતરાગરૂપ નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે. આ દશામાં જીવને વચનાતીત અપૂર્વ આનંદનો અનુભવ થાય છે. એ રીતે સમ્યગ્દષ્ટિના ભિન્નાત્માની ઉપાસનારૂપ શુભરાગનો અભાવ તે મોક્ષનું - પરમાત્મપદનું સાક્ષાત્ કારણ છે. ૯૭

## પ્રવચન – ૧૧૦

દીવો દીવાને અડાડે તો દીવો થાય.

**ટીકા:** ભિન્ન આત્માની એટલે આરાધકથી પૃથક્‌ભૂત અર્હંત - ભિન્ન આત્માની વ્યાખ્યા કરી. આરાધક જે પોતે જીવ, એનાથી પૃથક્‌ભૂત અર્હંત - સિદ્ધરૂપ આત્માની ઉપાસના કરી, આરાધના કરી. આહાહા! એનું લક્ષ હોય છે પહેલું એટલું, પછી લક્ષ ફેરવી નાંખે છે. જો જાણી અર્હંતને આવ્યું ને? ઇ છે પણ ત્યાંય તે નિમિત્તથી કથન છે. ત્યાં અરિહંતના દ્રવ્ય - ગુણ - પર્યાય મનથી કળી લે એમ શબ્દ છે. મનથી એટલે વિકલ્પથી કળે છે હજીતો. પછી એ પર્યાયને અંતરમાં સમાવે છે, સંક્ષેપ કરે છે અને એના પછી ઇ આવું જ કરશે અને આવું જ થશે એને ત્યા લીધો છે. આહાહા! એવું છે એવું જ, એને ત્યાં લીધો છે. શું કીધું સમજાણું?

ફરીને, અરિહંતના દ્રવ્ય - ગુણ - પર્યાયને જાણનારો એને મનથી કળી લે પછી એ પોતામાં સમાય છે. પર્યાયને સંક્ષેપે છે ગુણમાં, વાસનાનું અંતર નાશ કરી નાંખે છે. ઇ એને જાણ્યું માટે કરે છે એમ નહિં. એ તો નિમિત્તથી કથન છે. સમજાણું કાંઇ? આહાહા! એમ આંહી પણ એ કથન છે. ભિન્ન આત્માની એટલે આરાધકથી પૃથક આરાધનારો ભગવાન આત્મા એનાથી જુદા અરિહંત ને સિદ્ધની - સિદ્ધરૂપ આત્માની ઉપાસના કરી - આરાધના કરી જુઓ, દઠ્ઠી (છઠ્ઠી) ગાથામાં તો એમ કહ્યું કે પરનું લક્ષ છોડીને દ્રવ્યની સેવા કરનાર, આ વસ્તુ છે તેના તરફ ઝુકીને જે શુદ્ધતા પ્રગટ થઇ એને એ

શુદ્ધ છે એમ માલુમ પડ્યું. હેં! આહાહા!

ઉપાસના શબ્દ છે ને ત્યાંય. દ્રવ્યની ઉપાસના - ભગવાનની નહિં. અહીં તો ભગવાનની લેશે. નિમિત્તથી કથન છે ને ભેદની વાતનું. આહાહા! આરાધના કરી અરિહંત ને સિદ્ધની - એના આત્માની આરાધના કરી. આત્મા એટલે આરાધક પુરુષ, તેઓ એટલે અર્હંત - સિદ્ધ સ્વરૂપ સમાન, અર્હંત ને સિદ્ધ સમાન, પર એટલે પરમાત્મા થાય છે. આહાહા! ફક્ત એ લક્ષ થયું હતું પછી અંતરમાં વાળ્યું છે એથી એણે પરથી પરનો આરાધક થઈને થાય છે એમ કહેવામાં આવે છે. આવી વાત છે. સમજાણું કાંઈ ?

એ આ દાખલો આપે છે ઘણાં આ ગાથાનો. જુઓ પરમાત્માના ધ્યાનથી પણ આત્મા પરમાત્મા થાય છે તમે કહો કે પરદ્રવ્ય પરમાત્મા છે તેને લક્ષે રાગ થાય છે. બાપુ! અપેક્ષા સમજ ભાઈ! જ્ઞાનમાં એને અરિહંતના સિદ્ધના ગુણોનો ખ્યાલ આવ્યો એ ખ્યાલ આવ્યો એવો જ હું છું અંદરમાં, એવી જેની દૃષ્ટિ થઈ એને પરથી આરાધક થઈને પરમાત્મા થાય છે એમ કહેવામાં આવે છે. એ ધીરૂભાઈ! ભારે મારગ બાપા! એક ન્યાય ફરતાં આખું ચક્કર ફરી જાય છે. હેં? આહાહા! એવી વસ્તુ છે.

તેવો એટલે અરિહંત સિદ્ધ સમાન પરમાત્મા થાય છે. અહીં તે જ અર્હંતનું દૃષ્ટાંત કહે છે. વાટ ઈત્યાદિ દીપથી ભિન્ન વાટ દીપને ઉપાસી. આહાહા! વાટ છે ને વાટ દીવાની? એ દીપથી ભિન્ન વાટ છે. એ દીવેટ દીપને ઉપાસીને - અડીને. દીવો બળે છે એમાં વાટ આમ અડાવે છે એમ દીવો - દીવે દીવો થાય. શ્રીમદ્‌માં બહુ આવે છે. ઈ ત્યાં તો એ અર્થ કે કુદેવ - કુગુરુ - કુશાસ્ત્ર નિમિત્તમાં ન હોય એના લક્ષમાં ગુરુ દેવ અરિહંત અને સિદ્ધ લક્ષમાં આવ્યા છે પહેલાં એમ. કુદેવ - કુગુરુ - કુશાસ્ત્ર લક્ષમાં આવીને કામ અહીં થાય એમ નથી.

ફક્ત લક્ષમાં પહેલા પરમાત્મા અરિહંત અને સિદ્ધ - એનું કેવળજ્ઞાન એક સમયની પર્યાય આવડી મોટી કે જે ૩ કાળ, ૩ લોકને એક સમયમાં જાણે એવું જ્યાં લક્ષ એને જ્ઞાનની પર્યાયની પૂર્ણતા માની, સત્તા જગતમાં છે આહાહા! એ સત્તાનો સ્વીકાર થઈ અને વસ્તુના સ્વભાવના સ્વીકારમાં જાય છે ત્યારે એને પરમાત્મા થાય છે. સમજાણું કાંઈ? ઈ બત્તીમાં અગ્નિ થઈ એ તો ખરેખર પોતાથી થઈ છે. દીવાને અડીને થઈ નથી, પણ એનું નિમિત્તપણું હતું એને ગણીને ઉપાદાનમાં તેવો પ્રકાશ થયો એમ કહેવામાં આવ્યું. આહાહા! આ નિમિત્તના માનનારને આમાંથી ઘણું નીકળે છે. એમ નથી. ફક્ત તેને અરિહંત સર્વજ્ઞ આવા છે, એક સમયમાં પણ જેની પર્યાય ઘણી અંદર સૂક્ષ્મતા થાય ત્યારે આવડી

પર્યાયની સત્તા વહેવારે એના લક્ષમાં આવે છે. સમજાણું શું કહ્યું ઇ ?

અલ્પજ્ઞ પર્યાયમાં સર્વજ્ઞની પર્યાયની સત્તા એક ગુણની એક પર્યાય એનું આટલું સામર્થ્ય ! ત્રણ કાળ - ત્રણ લોકને જાણે એની જ્યારે જ્ઞાનમાં લક્ષમાં એ વાતને જ્યાં લે છે, આવી મોટપ જે જ્ઞાનની પર્યાયની એ જેની પર્યાયમાં આવે છે લક્ષમાં, ત્યારે એ પર્યાય દ્રવ્ય પર ઢળી જાય છે. સમજાણું કાંઇ ? આહાહા ! પર પર્યાયનો સ્વીકાર પોતાના પર્યાયને લક્ષે પણ ન થાય. પરનો યથાર્થ સ્વીકાર તો ત્યારે કહેવાય કે સ્વસ્વરૂપમાંથી જ્ઞાન આવ્યું ત્યારે એ પરપ્રકાશનું જ્ઞાન એને સ્વરૂપગ્રાહીને થયું. આહાહા ! સમજાણું કાંઇ ? આરે આ ! આ ઓલા કહે કે તમે અર્થ બધા ફેરવો છો, ને આમ છે ને, બાપુ ! મારગ આમ છે ભાઇ ! તારા હિતને માટેનો મારગ છે આ. દુઃખી થઇને જીવ રઝળે છે. આહાહા ! વેપારીને પણ એવા કષ્ટ આવી પડે ને ક્યાંય નજર ન પડે. મરી જાય પછી. ઝેર પીવે ને આ ક્યાંય સૂઝ પડતી ન હોય ને હીરો ચૂસે ને મરી જાય. આહાહા !

શ્રેણિક રાજા જેવા સમકિત ક્ષાયિક સમકિતી અને તીર્થંકરગોત્ર સમયે સમયે બાંધે છે. એ વખતે જ્યાં એ છે આ તીર્થંકરગોત્ર તો બંધાય છે. આહાહા ! વિકલ્પ એવો આવ્યો એટલે એમ થયું પણ એ આપઘાત કર્યો નથી, આત્માનો ઘાત ત્યાં થયો નથી. સમજાણું કાંઇ ? તે કાળે પણ ક્ષાયિક સમકિત છે. તે સમકિત સમકિતનું કાર્ય કરે કે નહિં ? એ પૂર્ણાનંદના નાથને સ્વીકારીને શ્રદ્ધા પડી છે. આહાહા ! સમજાણું કાંઇ ? ભારે અટપટો મારગ લાગે છે દુનિયાને હેં ? છતાં એ આપઘાત નહિં ફક્ત ચારિત્રનો દોષ છે. ચારિત્રનો દોષ છે તે પણ તેના જાણવામાં છે, જાણ્યા બહાર એ વાત નથી. આહાહા ! સમજાણું કાંઇ ? આહાહા !

હજારો રાજા જેને ચામર ઢાળતા અને જેને તીર્થંકરપદ બંધાઇ ગયું અને સમ્યગ્દર્શન છે ત્યાં એ વિકલ્પ હોય. હમણા કો'ક કહેતું'તું તીર્થંકરગોત્ર બાંધે, આવું કરે, તીર્થંકરગોત્ર નહીં શું કહેતું'તું કો'ક ? આહાહા ! ભાઇ કહેતા'તા ઉજ્જૈન વાળા આ તીર્થની રક્ષા કરે, તીર્થંકરગોત્ર બાંધે. નહિં ! મક્ષીમાં તો તકરાર ઊઠી છે ને પાછી બેયની, દિગંબર ને શ્વેતાંબરની, એમના બાપ ત્યાં મંત્રી છે ને ફૂલચંદજી ઝાંઝરી, ત્યાં પાછા શ્વેતાંબરની તકરાર ને મોટી ધરમશાળા બનાવી છે ને એય તોફાન તોફાન આહાહા ! કેમ એમ કરે ? કે તીર્થંકર તીર્થની રક્ષા કરે તો તીર્થંકરગોત્ર બંધાય. એય ! અરે મિથ્યાદષ્ટિને પણ તીર્થની રક્ષાનો ભાવ આવે જ નહિં સાચો, ઇ તો કૃત્રિમ બધી વાત છે. આહાહા !

જેને અંતર સમ્યક્ ચૈતન્યની મૂર્તિનો એ પ્રકાશ આવ્યો નથી એને એ વિકલ્પ તીર્થંકરગોત્રનો એને હોઇ શકે જ નહિં. આહાહા ! આ તો મિથ્યાદૃષ્ટિપણે તીર્થની રક્ષા કરે એ તીર્થંકરગોત્ર બાંધે. એ પંડિતજી ! હેં ? અરે ભાઇ ! એ વસ્તુ એમ ન હોય. આહાહા ! જેને દ્રવ્ય વસ્તુ જ દૃષ્ટિમાં આવી નથી, દ્રવ્ય આવું છે એવું ભાસ્યું જ નથી એને તીર્થંકરગોત્રનો વિકલ્પ હોઇ શકે જ નહિં. આહાહા ! છતાંય તીર્થંકરગોત્રનો વિકલ્પ પણ છે તો નુકસાનકારક. આહાહા ! ન્યાલભાઇએ લખ્યું છે ને તીર્થંકરગોત્ર બાંધવાનો જે ભાવ એ નપુંસક ગણીએ છીએ. ગુરુદેવે એમ કહ્યું છે, એમ કરીને લખ્યું છે. આહાહા ! રાગ છે ને ! રાગ છે એટલી નપુંસકતા છે, આહાહા ! વીર્ય તો સ્વરૂપની રચના કરે. વીર્ય એને કહીએ. આહાહા ! શુદ્ધ સ્વરૂપની રચના કરે એને વીર્ય કહીએ એમ આવ્યું છે ને ૪૭ (સુડતાલીસ) શક્તિમાં ?

વીર્ય કોને કહીએ ? આત્માનું વીર્યબળ કોને કહીએ કે પોતાના સ્વરૂપની શુદ્ધતાની રચના કરે. રાગની રચના કરે એ સ્વરૂપનું વીર્ય નહિં ! હેં ? આહાહા ! કાયરના તો કાળજા કંપી જાય એવી વાતું છે. આહાહા ! આત્માર્થીને આ વાત બેસે એવી છે. આહાહા ! એમાં વાદ-વિવાદે કાંઇ પાર પડે એવું નથી. કહે છે અહીં તે જ અર્થનું દૃષ્ટાંત કહે છે. વાટ ઇત્યાદિ દીપથી ભિન્ન - દીવાથી જુદી છે ને વાટ બીજાની ? દીવેટ દીપને ઉપાસી એ દીવાની સેવા કરીને એટલે પામીને. દીવાની ઓલાની પ્રકાશને પામીને સાદૃશ થાય છે. તેના જેવો દીવો થઇ જાય છે અર્થાત્ દીપરૂપ થાય છે તેમ. દીવાને વાટ અડતાં વાટ દીવારૂપે થઇ જાય છે એમ ભગવાનના અરિહંતના - સિદ્ધના જ્ઞાનને લક્ષમાં લઇને સ્વ તરફ ઢળે છે એ પરમાત્મા થઇ જાય છે. સમજાણું કાંઇ ? આહાહા !

જેમ વાટ દીપકની ઉપાસના કરી, દીપકનો ગાઢ નજીક સંબંધ સાધી એમ તદ્રૂપ થઇ જાય છે, વાટ દીવા રૂપે થઇ જાય છે એ તો ભાવ ભાવક નથી લીધો ? આપણે ત્યાં લીધો છે. આ ભગવાન પોતે ભાવક છે ને ઇ ભાવ્ય છે એ વાત પણ જ્યાં છૂટી જાય છે. ભાવ નમસ્કાર, સમયસારમાં આવ્યું છે પેલું ભાવ નમસ્કાર. આત્મા પોતાનાથી ભિન્ન આત્માની અર્હંત - સિદ્ધ પરમાત્માની ઉપાસના કરી સ્વયં તેમના સમાન પરમાત્મા થઇ જાય છે.

વિશેષ કહેશે....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૧૧૧

## શ્લોક – ૯૭

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૫.૦૮.૭૫**

यत्र च चित्तं विलीयते तद्ध्येयं भिन्नमभिन्नं च भवति, तत्र भिन्नात्मनि ध्येये फलमुपदर्शयन्नाह

**भिन्नात्मानमुपास्यात्मा परो भवति तादृशः।**
**वर्तिर्दीपं यथोपास्य भिन्ना भवति तादृशी ।।९७।।**

**ભિન્ન પરમાત્મા સેવીને, તત્સમ પરમ થવાય;**
**ભિન્ન દીપને સેવીને, બત્તી[1] દીપક થાય. ।।૯૭।।**

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

---

૧. બત્તી – દિવેટ

૯૭ (સત્તાણુ) ગાથા, સમાધિતંત્ર, એનું વિશેષઃ અર્હંતાદિ - અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય વગેરે સંતો, ભિન્ન સાધ્યની ઉપાસના દ્વારા. એ ભિન્ન સાધ્ય છે છતાં ૧લી(પહેલી) ગાથામાં કહ્યું ને? 'वंदित्तु सव्व सिद्धे' સિદ્ધ છે એ આત્માના સાધ્યને સ્થાને છે એમ આવે છે. સાધ્ય, આત્માનું સાધ્ય સિદ્ધપદ છે. ધ્યેય ને આશ્રય કોણ એ જુદી વાત છે. આશ્રય, અવલંબન, ઝુકાવ દ્રવ્ય સ્વભાવ ઉપર છે પર્યાયનો, પણ પર્યાયને સાધ્ય જે સિદ્ધપણું પ્રગટ કરવું છે. તેથી સિદ્ધ છે એ આત્માના સાધ્યના સ્થાને છે એ અપેક્ષાથી આંહી વાત લીધી છે. નહિંતર તો આમ કહ્યું ને પહેલું? એ તો પરદ્રવ્ય છે અને પરદ્રવ્યથી તો દુર્ગતિ થાય એમ કીધું છે, કેમ કે (પરદ્રવ્ય ઉપર) સ્વદ્રવ્યમાંથી આ આનંદમાંથી છૂટે છે ત્યારે તે પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે. આહાહા! તેથી તે વિકલ્પ તો આત્માની ચૈતન્યની જાત નથી. ઈ વાતની અપેક્ષા બરાબર છે પણ આંહી એ વાતને લીધી છે. એ સિદ્ધ જેવું મારું સ્વરૂપ છે એમ સિદ્ધને સાધ્યમાં લક્ષમાં લઈ એ કહે જુઓ એણે ખુલાસો પોતે કર્યો ઠીક.

તેમના દ્રવ્ય, ગુણ, પર્યાયના સત્ય જ્ઞાન દ્વારા ૮૦ (એંસી) ગાથાનો અર્થ કર્યો. પ્રવચનસાર ૮૦ (એંસી) ગાથા છે ને! મારગ એવો છે ઝીણો એ મારગ એને સમજવો પહેલો, પછી એને અંતરનો આશ્રય કરે ત્યારે કલ્યાણ થાય એવું છે. લાખ વાતની વાત અને અનંત વારની વાત. એ અરિહંત અને સિદ્ધને લક્ષમાં લે ભલે પણ પછી લક્ષ ફેરવી નાંખીને. સમજાણું કાંઈ? પાઠ તો એમ છે આંહી તો वर्तिर्दीपं यथोपास्य भिन्ना भवति દીપકની વાટ બીજા દીવાની ઉપાસના કરે છે એમ છે. પાઠ શબ્દ તો એવો છે એ નિમિત્તથી કથન છે. ઉપાદાનમાં તેને બત્તીને જળવાની યોગ્યતા હતી એમાં દીવાનું નિમિત્ત થયું બસ એટલું. આહાહા! આવું છે.

એમ ભગવાન આત્મામાં સિદ્ધને થવાની સાધ્યમાં દૃષ્ટિ હતી પણ તે આત્મા ઉપર લક્ષ ફેર કરીને એ કહે છે જુઓ. તેમના દ્રવ્ય, ગુણ, પર્યાયના સત્યજ્ઞાન દ્વારા સાચું જ્ઞાન થતાં, જો જીવ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને સમ્યક્પણે જાણે, જ્ઞાનની પ્રધાનતાથી વાત છે ને! દ્રવ્ય, ગુણ ને પર્યાયને જાણવું એ કાંઈ વિકલ્પનું કાર્ય નથી. દ્રવ્ય, ગુણ, પર્યાયને ભેદથી વિચારવું એ વિકલ્પ છે. શું કહ્યું સમજાણું? પરદ્રવ્ય જે અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણવા એ પણ મનથી કરવું છે એટલે વિકલ્પ છે ઈ અને પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવા એ ભેદ પાડીને જાણવા છે તે વિકલ્પ છે પણ એ જ્ઞાન જાણે જ્ઞાનનો સ્વભાવ તો બધું જાણવાનો છે. એ જ્ઞાન જાણે દ્રવ્ય - ગુણ– પર્યાયને ત્રણેને જાણે. (**શ્રોતાઃ** એમાં દોષ નહિં) એમાં દોષ નહિં. સમજાણું કાંઈ? આહાહા! એવી વાત છે જરી.

એ તો રાગી છે એથી એવા ભેદને જાણતાં એને રાગ થાય પણ એ તો રાગ છે એ એને કારણે રાગ પણ જ્ઞાનનો દોષ નથી એ. જ્ઞાન તો દ્રવ્ય, ગુણ, પર્યાયને આહાહા! જાણે. પરને જાણે ત્યાં સુધી તો સ્વ સ્વરૂપની દૃષ્ટિ નથી ત્યાં સુધી પરને જાણે એકલા ત્યાં સુધી તો એને વિકલ્પ હોય છે. ઓલામાં આવ્યું છે ને મોક્ષમાર્ગ પ્રકાશકમાં? કોઇ મુનિને ઉપસર્ગ થાય સિંહનો, કોઇ દીપડાનો તો એ ધ્યાનમાં હોય તો એને નિર્વિકલ્પ ધ્યાનમાં તો એની ખબર નથી કે છે પણ વિકલ્પ ઉઠે છે ત્યારે ખ્યાલમાં ન આવે કે આ ઉપસર્ગ છે એમ નથી. ખ્યાલમાં આવે એટલું હોં, છે ને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. એ સાતમામાં હશે. સમજાણું કાંઇ?

જરી તો યાદ આવ્યું અત્યારે એમાં તો, આહાહા! અને ત્યાં તો ત્યાં સુધી કીધું છે વીતરાગ ભાવે પરને પણ જાણે તો એ વિકલ્પનું કામ નથી એમ લખ્યું છે ભાઇ! ત્યાં એમ લખ્યું છે. એ જ્ઞાનની જાણવાની સ્વપરની શક્તિના સામર્થ્યથી વાત કરી છે એ. (**શ્રોતા :** જ્ઞાનની મુખ્યતાથી) બસ, આહાહા! સમજાણું કાંઇ? જ્ઞાન સ્વને જાણે કે પરને જાણે એ જાણવું તો એનું સ્વરૂપ છે, હેં? પણ એમાં ભેદ ઉઠાવે આ આમ છે એ તો ત્યાં રાગ થઇ જાય. એ અહીંયા વિકલ્પથી પહેલો અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણ્યા. આંહી એ વાત નથી લીધી. આંહી તો એ અરિહંતના ગુણને જ્યાં જાણ્યા એના તરફની ઉપાસના થઇ એટલે આત્મામાં ઉપાસના થઇ એમ કીધું છે. સમજાણું કાંઇ? આ તો વાતું બાપા!

અંતરનાં સ્વભાવની વસ્તુ છે. એ કાંઇ બહારના વાદવિવાદે પાર પડે એવું નથી. આમાંથી ઇ કાઢે છે લોકો કે જુઓ દેવ, ગુરુ. દેવની શ્રદ્ધા ને દેવના જ્ઞાનથી પણ આત્મજ્ઞાન થાય છે. હેં? એ તો પહેલું જ્ઞાન જ્ઞાન કરે છે, એમાં પોતાનો સ્વભાવ જે ચૈતન્ય દ્રવ્ય છે અભેદ છે ત્યાં વળ્યો છે, એનો આશ્રય કર્યો છે. સમજાણું કાંઇ? એ આશ્રય કર્યો કહો, વળ્યો કહો, ઢળે છે ઇ બાજુ કહો બધી એક જ વાત છે. એ શબ્દફેરની વાત છે. શાસ્ત્રે તો આશ્રય શબ્દ વાપર્યો છે ને આમાંય આશ્રય છે ઘણે ઠેકાણે. ભાઇમાં, ન્યાલભાઇમાં ય આશ્રય છે. એ તો જરી એમને ઓલો આશ્રય ઓલી પર્યાય સ્વતંત્ર છે ને એટલે, એટલે જરી વિચાર આવ્યો. ઓલો ખ્યાલ છે બધો, એમ કે પર્યાય સ્વતંત્ર છે ને આ ઇ પર્યાય સ્વતંત્ર છે એ સ્વતંત્રપણે પર સ્વનો આશ્રય કરે છે. આહાહા! સમજાણું કાંઇ?

પર્યાય સ્વતંત્રપણે સ્વ તરફ ઝુકે છે. આહાહા! પરમાત્મ સ્વરૂપ પોતે સાક્ષાત્ પ્રભુ પરમાત્મ સ્વરૂપે છે એ તરફ પર્યાય ઝુકે છે. એમ તો એમેય કહ્યું છે ને? પર્યાય ધ્યાન મારું કરે તો કરો, હું કોનું ધ્યાન કરું? એમાં એકાંત નથી વસ્તુ સ્થિતિ છે એ.

એ પર્યાય એમ જાણે છે, પર્યાય એમ જાણે છે કે આ ધ્રુવ છે ઇ ધ્યાન શેનું કરે ? એટલે હું જે છું એના તરફ વળું એ જ મારું ધ્યાન છે. આવી વાતું. થોડે ફેરે બહુ ફેર પડી જાય એવું છે. હેં ? આહાહા ! આંહી તો આ વાત આવી છે ને એટલે જરી ભાઇએ વળી છોટાભાઇએ ત્યાં સુધી ૮૦ (એંસી) ગાથાનો આધાર લઇને ખુલાસો કર્યો. ન્યાલભાઇએય લીધું છે કે ભાઇ એક બાજુ કહો કે નિમિત્તથી કાંઇ લાભ થાય નહિં અને એક બાજુ અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણતા સમ્યગ્દર્શન થાય. છે ને ? એમાં છે. એમાં અપેક્ષિત વાત છે. સમજાણું કાંઇ ? આંહી તો સીધી વાત લીધી છે.

સિદ્ધનાં અને અરિહંતનાં ગુણો એની જ્ઞાનની પર્યાયમાં આવે આહાહા ! સવારના એ કહ્યું હતું ને ? અનંત સિદ્ધોને મારી પર્યાયમાં ને તમારી પર્યાયમાં સ્થાપું છું. આહાહા ! શું કહે છે ઇ ? જેની પર્યાયમાં અનંત સિદ્ધ બેઠા એ પર્યાય ઢળી જાય છે દ્રવ્ય ઉપર. સમજાણું ? એ પર્યાય, એ ત્યાં રહી શકે એ એમ નહિં (**શ્રોતા** : બહિર્લક્ષી નથી રહેતી, અંતર્લક્ષી થઇ જાય) અંતર્લક્ષી થઇ જાય છે જરી, એ છોટાભાઇ ! અંતર અનંત અનંત સિદ્ધોને ઓહોહો ! અનંત કેવળજ્ઞાનની પર્યાયવાળા અનંત સિદ્ધો, અનંત આનંદની પર્યાયવાળા અનંત સિદ્ધો, અનંત વીર્યની પર્યાયવાળા અનંત સિદ્ધો, અનંત દર્શનની પર્યાયવાળા અનંત સિદ્ધો, અનંત ગુણની પૂરણપર્યાયવાળા અનંતા સિદ્ધો આહાહા ! એ જ્યાં પર્યાયમાં પધરાવે છે આહાહા ! એ પર્યાય બહિર્મુખ નહિં રહી શકે. એ પર્યાયનું વજન અનંત સિદ્ધો સ્થાપવા એનું ઢળ આમ જ થઇ જાય છે. આહાહા !

કેવી શૈલી ઉપાડી છે પહેલી ગાથાથી, ગજબ કરી છે ને વાત, આહાહા ! ટીકા તે પણ ટીકા અને ભાવ. બસ સિદ્ધ ગતિ કેવી છે ને એવું વર્ણન કર્યું છે ને પછી તો ધ્રુવ ને અચલ ને અવલંબન એ કર્યું છે પણ સિદ્ધને આહાહા ! એક સમયની જ્ઞાનની પર્યાયમાં અનંત અનંત અનંત સિદ્ધ કે જે સિદ્ધની સંખ્યા કરતાં કાળ અસંખ્યગુણો છે પાછો એટલા સિદ્ધ છે. ૬ (છ) મહિના ને ૮ (આઠ) સમયમાં ૬૦૮ (છસ્સો આઠ) થાયને ? તો ૬ (છ) મહિના ને ૮ (આઠ) સમયમાં અસંખ્ય સમય છે અને સિદ્ધ થાય છે ૬૦૮ (છસ્સો ને આઠ) આટલા. એટલે એનાથી કાળ અસંખ્ય ગણો થઇ ગયો. આહાહા ! એવા સિદ્ધો જે ભૂતકાળના સમયથી અસંખ્યમાં ભાગની સંખ્યાવાળા. સમજાણું કાંઇ ?

અનંત સિદ્ધોને પર્યાયમાં ધારી, એ તો પરદ્રવ્ય છે ને ? પણ પરદ્રવ્યની જે શક્તિની પૂર્ણતા એને જે પર્યાયમાં સ્વીકાર પર્યાય કરે છે. સમજાણું કાંઇ ? ઓહોહો ! ગજબ વાતું છે. એ પર્યાય ત્યાં રહી નહિં શકે બહાર લક્ષ્ય વાળી, એ સહન નહિં કરી શકે

અનંત સિદ્ધોને. આહાહા ! અનંતા સિદ્ધોને પર્યાય બહિર્લક્ષમાં સહન નહિં કરી શકે. એ કાંતિભાઇ ! આહાહા ! જ્યાં અનંતી અનંતી સિદ્ધની પર્યાયનો પિંડ પડયો છે આખો ત્યાં એ પર્યાય ઢળી જશે. આહાહા ! એવા ઢળણથી હવે તું સાંભળ કહે છે. આહાહા ! એકલું સાંભળવામાં તો વિકલ્પ છે, હેં ? આહાહા ! છદ્મસ્થને કહેનારને વિકલ્પ છે, સાંભળનારને વિકલ્પ છે. કેવળીને કહેનારના વિકલ્પ નથી ને સાંભળનારને વિકલ્પ છે, હેં ? છતાં એ આ રીતે અમે જ્યારે તને સમયસાર કહીએ છીએ. ઉદ્યમ કર્યો છે એમ કહ્યું, જો થઇ જાય તો તો કામ તારું થઇ જશે કહે છે. આમ પૂરું સમયસાર થઇ ગયું. વ્યવસાય કર્યો છે એમ કે આહાહા !

અને એ રીતે જેણે અનંતા સિદ્ધોને શ્રોતાને એમ પ્રભુ એમ કહે છે કુંદકુંદ આચાર્ય. આહાહા ! ઓહોહો ! ભાઇ તું પ્રભુ છો ને ? પણ કેવડો પ્રભુ કે અનંતા સિદ્ધોને પર્યાયમાં જાણ, તો પણ તારું જ્ઞાન બાકી રહી જાય છે. સમજાણું કાંઇ ? એવા અનંત સિદ્ધની દશા જેણે દશામાં સ્થાપી એ દશા પરલક્ષી નહિં રહી શકે. સમજાણું કાંઇ ? આવી વાત છે બાપુ ! આહાહા ! સમજાણું કાંઇ ? એમ અહીંયા એમ લેવું કે ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાય કે એની પર્યાય એની પૂરણ લ્યો સિદ્ધની, એ જેણે જ્ઞાનની પર્યાયમાં લીધી તો એકની કહો કે અનંત સિદ્ધની પર્યાય કહો, એ પર્યાય જ્ઞાનમાં જાણે એ જ્ઞાન અંતરમાં ઢળી જાય છે.

પાઠ તો એમ છે કે એને અડીને જ્ઞાન થાય છે. શબ્દ તો એમ છે ને ? દીવાને અડીને દીવો થાય છે એમ સિદ્ધની પર્યાયને એનું ધ્યાન કરીને આત્મા સિદ્ધ પરમાત્મા થાય છે. કાંતિભાઇ ! આહાહા ! તેમના દ્રવ્ય, ગુણ, પર્યાયના સત્યજ્ઞાન દ્વારા સત્યજ્ઞાન કીધું ને સાચું. અરિહંતાદિ જો જીવ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને સમ્યક્‌પણે જાણે પણ એ જ્યાં એને જ્ઞાનમાં આ ચીજ છે એમ જણાણી. સમજાણું કાંઇ ? આહાહા ! ત્યાં જીવ એવો લીધો છે ૮૦માં(એંસીમાં) કે जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जय त्तेहिं सो जाणदि अप्पाणं એ તો એ આવું લક્ષ છે એનું લક્ષ આંહી જાશે એવો જ આત્મા લીધો છે ત્યાં. હેં ? આહાહા ! એવો જીવ અને એ જીવનું પૂર્ણપણું પાક્યું એમ કહ્યું.

जदि दाएज्ज ભાઇ તને સંભળાવું છું. અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીને સંભળાવું છું એ પછી जदि दाएज्ज પહેલું તો કીધું तं एयत्तविहतं दाएहं સ્વરૂપની એકતા અને, પરથી વિભક્તતા હું દેખાડીશ એટલી વાત આવી. जदि दाएज्ज જો દેખાડું, તને અનંતા સિદ્ધને તો સ્થાપ્યા છે પર્યાયમાં એટલે લક્ષ પર્યાય વિના રહી શકશે નહિં. આમ ઢળી ગઇ છે હવે તું એને અનુભવ ને પ્રમાણ કરજે. આહાહા ! સમજાણું કાંઇ ? આવી વાતું વીતરાગ મારગ. આહાહા ! એવી રીતની પદ્ધતિ ક્યાંય નથી સર્વજ્ઞ સિવાય.

હેં ? આહાહા ! આ બધામાં આ જુઓને બૌદ્ધે મોક્ષે ગયાને ? ચીમન ચકુ, મોટું લખાણ. ભગવાને મોક્ષે ગ્યા. વેદાંતે સાચું છે. વેદાંત પણ સાચું છે વળી એક લેખ ઇ આવ્યો છે. અરેરે ! આવા જૈન સંપ્રદાયમાં આવી વાતું બાપા ! ધરમને કલંક લગાડે છે, પોતાના આત્માને કેટલો ભારે (**શ્રોતા** : એના ભાવને કલંક લગાડે છે) કલંક લગાડે બાપુ ! આહાહા !

સર્વજ્ઞ કેવળી પરમાત્માનું ક્યાં જ્ઞાન અને બૌદ્ધનું ગૃહિત મિથ્યાદષ્ટિનું ક્યાં જ્ઞાન ? આહાહા ! સમજાણું ? (**શ્રોતા** : એની કહેવા કહેવાની પદ્ધતિમાં ફેર હશે) કાંઇ પદ્ધતિ એની પદ્ધતિના ફેરની ખબર નથી એને. આજે આ પુસ્તક એક આવ્યું છે ઓલા ચંપકસાગર નહિં, ભાઇ ચંપકસાગર. જુનાગઢ મળ્યો હતો. શ્વેતાંબર સાધુ છે. વાંચન આંહીનું છે છતાંપણ ખીચડો બધો. આ પુસ્તક આવ્યું છે સાધુ ચર્યા બે પુસ્તક. સાધુ ચર્યા અને જિનપૂજા મહત્વ. આહાહા ! વસ્ત્ર જ્યાં (છે) લેવાનો ભાવ ત્યાં આત્માના ઢલનમાં ઉગ્રતા હોઇ શકે નહિં. સમજાણું કાંઇ ? અને જ્યાં આવા ખોટા દેવ, ગુરુ, શાસ્ત્રની માન્યતા જેની પર્યાયમાં છે એ પર્યાય દ્રવ્ય તરફ ઢળી શકે જ નહિં. આહાહા ! સમજાણું કાંઇ ?

આંહી કહે છે કે અનંતા સિદ્ધોનું જ્ઞાન ને આત્મા અને આ જ્ઞાનને આમ અડે છે, જેમ ઓલી બત્તી અડે છે ને બીજા દીવાને ! બત્તી એક દીવાની બત્તી બીજા દીવાને અડે ને ભડકો થાય એમ અડેનો અર્થ ઇ. આહાહા ! એના નિમિત્તના લક્ષમાં આ સિદ્ધ આવા છે એવું જ્ઞાન આવ્યું એ પોતાથી આવ્યું છે. એ પોતાથી પર્યાયમાં આવ્યું. એ પર્યાયને હવે અંતર ઢાળે છે. સમજાણું કાંઇ ? ત્યારે એને સમ્યગ્જ્ઞાન થાય છે. એકલા સિદ્ધના લક્ષના લક્ષે સમ્યગ્જ્ઞાન થતું નથી. આહાહા ! પોતાના જે પોતાના દ્રવ્ય પર્યાયને સમ્યક્‌પણે જાણે ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણીને અને તેની પ્રતીતિ કરે, જાણે અને પ્રતીતિ કરે એમ લીધું છે ને ? અહીં જ્ઞાનની પ્રધાનતાથી વાત છે તથા ત્યારબાદ અર્હંતાદિ પર તરફનું વલણ હઠાવી દીધું આહાહા ! એવો જીવ આંહી લીધો છે. સમજાણું કાંઇ ?

અને જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે કે સ્વદ્રવ્યને જાણે અને પરદ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે. જાણવામાં શું છે ? જાણવા. સમજાણું ? પંચાધ્યાયીમાં લીધો છે એક શ્લોક. હે મહાપ્રજ્ઞ ! તું જાણ બધાને દ્રવ્ય, ગુણ, પર્યાય બધાને એ તો જ્ઞાનનો સ્વભાવ છે. મહાપ્રજ્ઞની છે ગાથા એ ૯૦માં (નેવુંમાં) છે. ચાલી છે વીરજીભાઇ હારે (સાથે). વીરજીભાઇ છે ને ? વીરજીભાઇ હતાને ? વકીલ, વકીલ, જામનગર. ૯૦ની (નેવુની) ચર્ચામાં ચાલી છે ત્યાં કહે છે જુઓ કીધું આ મહાપ્રજ્ઞને કહીને કે જ્ઞાનનો સ્વભાવ છે કે બધાને જાણવું,

એ જાણવા માટે કાંઇ વિકલ્પ થઇ જાય એવો સ્વભાવ નથી એનો. સમજાણું ?

હે મહાપ્રજ્ઞ ! એમ કહીને લીધું ત્યાં પંચાધ્યાયીમાં. અરે ભાઇ જાણને. જાણવામાં શું ? જાણવાનો તારો સ્વભાવ છે લોકાલોક અને તને જાણવાનો તારો સ્વભાવ છે એ આંહી કહે છે. જ્યારે પરને સિદ્ધ ભગવાનને જાણ્યા એટલે જરી આણે ૮૦ની (એંસીની) ગાથાની શૈલી લીધી આંહી તો. પાઠ આવો છે, આંહીતો પાઠ આવો છે કે સિદ્ધને જાણતાં સમ્યગ્જ્ઞાન પોતાને થાય છે એટલું લીધું છે. આહાહા ! પણ આંહી કહે છે તેના તરફનું વલણ હઠાવી સ્વસન્મુખ થઇ; સ્વસન્મુખ કહો, સ્વદ્રવ્યનો આશ્રય કહો, સ્વસન્મુખ ઢલણ કહો, વલણ કહો, સ્વદ્રવ્ય તરફનો ઝુકાવ કહો, બધી એક અપેક્ષા છે. સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન પૂર્વક પોતાના ચૈતન્ય સ્વરૂપમાં સ્થિરતા કરે તો તેનો મોહ નાશ પામે છે એ ૮૦મી (એંસીમી) ગાથાનો અર્થ કર્યો અને તે પરમાત્મા થાય છે.

આત્મસ્વરૂપમાં સ્થિરતા તે નિશ્ચય ઉપાસના અભિન્ન સાધ્યની ઉપાસના છે. અર્હંતાદિની ભિન્ન સાધ્યની ઉપાસના તે વહેવાર ઉપાસના છે. નિશ્ચયની ઉપાસનાનું ૯૮માં (અઠ્ઠાણુંમાં) આવશે. આ ભિન્નની ઉપાસનાની આ ગાથા છે અને ૯૮માં (અઠ્ઠાણુંમાં) અભિન્નની ઉપાસનાની ગાથા આવશે. સમજાણું કાંઇ ? ઓહોહો ! આત્મસ્વરૂપમાં સ્થિરતા એ નિશ્ચય ઉપાસના. એ અભિન્ન સાધ્યની ઉપાસના. અભિન્ન સાધ્ય ઇ કહે છે જુઓ...

**यत्रैवाहितधी पुंस: श्रद्धा तत्रैव जायते ।**
**यत्रैव जायते श्रद्धा चितं तत्रैव लीयते ।। ९५।।**

**જેમાં મતિની મગ્નતા, તેનીજ થાય પ્રતીત;**
**થાય પ્રતીતિ જેહની, ત્યાં જ થાય મન લીન. ।। ૯૫ ।।**

દીવે દીવો થાય. વાટ દીવાને અડે ને બળે છે એનો અર્થ જ એની ઉપાદાનની યોગ્યતાથી ત્યાં અગ્નિ થઇ એમ સિદ્ધની પર્યાયને જાણી તો એની પોતાની યોગ્યતાને લઇને દ્રવ્ય તરફ ઢળી ગ્યો છે ઇ. સમજાણું કાંઇ ? આમ છે પણ હવે વાદ વિવાદે કંઇ પાર ન પડે બાપુ આ તો સત્યની વાતું છે. આહાહા ! ગણધરો, સંતોએ સત્યને પ્રવાહમાં, સત્યનો પ્રવાહ મૂક્યો જગતમાં શાસ્ત્રનો. સાધકદશામાં સમ્યગ્દ્રષ્ટિ જીવને અસ્થિરતાના કારણે ભગવાનની પૂજા ભક્તિ આદિ રૂપ પુણ્યબંધની સંપ્રાપ્તિના હેતુભૂત શુભરાગ ભૂમિકા અનુસાર આવે છે. અહીંથી બધું સાંભળ્યા પછી લખ્યું છે ને આ ? એણે લખ્યું છે મોઢા આગળ એ આંહી રહેતાને પહેલા, આવતા રહેતા એણે લખ્યું છે ભાઇ, મેં બધું

સાંભળ્યું છે મહારાજ પાસે પછી આ મેં બનાવ્યું છે.

આત્મભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એની સ્થિરતા, અંતર રમણતા એ પર્યાય છે એ નિશ્ચય ઉપાસના, એ અભિન્ન સાધન ઉપાસના. સાધકદશાને સમ્યગ્દૃષ્ટિ જીવને અસ્થિરતાના કારણે ભગવાનની પૂજા ભક્તિ આદિની પુણ્યબંધની પ્રાપ્તિના હેતુ શુભરાગ આવે પણ તે તેને આત્મહિત માટે ભલો માનતો નથી. આહાહા! એ ભલો ક્યાં છે? એ તો અમૃતનો દરિયો પ્રભુ એમાંથી વિરૂદ્ધ થઈને વિકલ્પ ઉઠયો એ તો ઝેરનો ઘડો છે.આહાહા! સમજાણું કાંઈ? સ્વ સંબંધી કે પર સંબંધી ગમે તે વિકલ્પ ઉઠે (તે) દુઃખરૂપ છે પણ તેને તે આત્મહિત ભલો માનતો નથી, તે રાગને રોગ સમાન ગણે છે. આહાહા! તેથી તેને તે હેય બુદ્ધિએ વર્તે છે. રાગ હોય છે છતાં તે હેયબુદ્ધિએ જાણે છે. તેને રાગનો રાગ નથી, આહાહા! રાગનો રાગ નથી.

રાગ આવ્યો તેની યોગ્યતાને કારણે એ સમયની પર્યાયની ઉત્પત્તિનો કાળ છે તે રાગ આવે, પણ એને હેયબુદ્ધિ જાણે. સમજાણું કાંઈ? એનો અર્થ એ પોતે સ્વ તરફ ઢળ્યું છે જ્ઞાન એથી રાગને ભિન્ન જાણે છે. પર્યાયમાં એ રાગને ભેળવતો નથી તેથી એને હેય તરીકે જાણે એમ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? આ હેય છે એમ નથી પણ આત્મામાં એ રાગને ભેળવતો નથી અને આમ દશા આમ છે તેથી તેને હેય તરીકે જાણે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! હવે આંહી તો અત્યારે દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિ પૂજા ને જાત્રા એ ધર્મ થઈ ગયો અત્યારે લ્યો. હેં? અરેરે! શું થયું પ્રભુના મારગનું? ક્યાં રહી ગ્યો મારગ ભાઈ? પ્રભુનો એટલે તારો. પ્રભુએ તો કહ્યું પણ મારગ તો આનો છે ને?

ભગવાન આત્મા વીતરાગ મૂર્તિ છે. વીતરાગમૂર્તિ આત્મા છે. વીતરાગ ચૈતન્ય પ્રતિમા આત્મા છે. આહાહા! એને આશ્રયે જે દશા થાય એ વીતરાગ થાય. એનું નામ જૈન ધરમ. એનો આશ્રય છૂટીને જેટલો વિકલ્પ ઉઠે, કર્તા - કર્મમાં કીધું ને કે હું શુદ્ધ છું, અબદ્ધ છું, નિત્ય છું, એવો પણ એક વિકલ્પ ઉઠે છે કર્તા-કર્મમાં. ૧૪૩મી (એકસો તેતાલીસમી) ગાથા, આહાહા! એ પણ કર્તા થઈને માને તો એ મિથ્યાદૃષ્ટિ છે. એ વિકલ્પ - હું શુદ્ધ છું, અબદ્ધ છું, જાણવાલાયક છું, જાણનારો છું એવો જે વિકલ્પ ઉઠે છે એનો કર્તા થઈ અને એ કર્મ મારું છે એમ માને તેણે ચૈતન્યથી વિરૂદ્ધ માન્યું છે. આહાહા! સમજાણું કાંઈ? તેને રાગનો રાગ નથી એટલે કે તેને તેનું સ્વામીત્વ નથી. કર્તાબુદ્ધિ નથી ને કર્તવ્યબુદ્ધિ નથી. પરિણમન છે એટલે કર્તા છે. સમજાણું કાંઈ?

આ તો બધે આ આવે ત્યારે ઓલાને વાંધો ઉઠે ત્યાં પ્રશ્ન ઇ છે ને ભાઇનો, દીકરીનો એના દીકરીના દીકરાનો શેઠીયાની કે આ આત્મા જ્ઞાની છે એ રાગથી દોષથી હટે છે. એ આની અંદરમાં છે એમ કહ્યું અને બીજું આગમ પ્રમાણ એવું છે કે આત્મા કર્તા ને ભોક્તા ને દુઃખી છે એવું કોઇ પ્રમાણ છે આત્માનું જ્ઞાનીને માટે? એમ પૂછયું'તું. આહાહા! ભાઇ! એ આ અનંતા પ્રમાણ છે. જેટલા અનંતા જ્ઞાની થઇ ગયા એને જ્યાં સુધી રાગ હતો ત્યાં સુધી કર્તા પણ હતો, ભોક્તાય હતો અને દુઃખી હતો. સમજાણું કાંઇ ? દ્દ્ઠે (છટ્ઠે) ગુણસ્થાને મુનિ કીધું ને ? 'कल्माषितायां' અમારી કલુષિત દશા અનાદિની છે, મુનિ છે. ત્રણ કષાયનો જ્યાં અભાવ છે પણ એક કષાય છે ને ? એ કલુષિતતા અમને અનાદિની છે અને આ આત્માના લક્ષે જે ટીકા થાય છે એ ટીકાના કાળમાં અમારું લક્ષ ત્યાં જોરદાર જશે એટલી અશુદ્ધતા ટળી જશે એને અશુદ્ધતા ખરેખર તો આ ભવમાં ટળી નથી પણ જેટલું આ બાજુ ઢળે એટલી અશુદ્ધતા ટળી જશે બાકી રહેશે એ ભવિષ્યમાં ટળશે. આહાહા! સમજાણું કાંઇ ?

સ્વામીત્વ નથી એટલે ? સ્વસ્વામી સંબંધ નામનો આત્મામાં ગુણ છે ને ? સ્વસ્વામી સંબંધ નામનો આત્મામાં ગુણ છે તો એ ગુણનું કાર્ય શું ? કે શુદ્ધ દ્રવ્ય સત્, શુદ્ધ ગુણ સત્ અને શુદ્ધ નિર્મળ પર્યાય સત્ તે સ્વનો એ સ્વામી. સ્વ ગુણ પોતામાં એનો એ સ્વામી, રાગનો સ્વામી નહિં. આહાહા! કારણ કે એનામાં એ ગુણ નથી એવો. સમજાણું કાંઇ ? આરે! આવી વાત. આ તો કહે ત્યારે અમારે કરવું શું ? એમ કેટલાક કહે છે. આ તો જાણવું, જાણવું, જાણવું, જાણવું આવી વાતું કરે છે. આહાહા! એ સુજાનમલજી! જાણવું એ કરવું, જાણવું એ કરવું નથી ? એ પરિણમન પર્યાયનો ધરમ છે. જાણવાનો ધરમ છે. આહાહા! સમજાણું કાંઇ ? પરિણામમાં કર્તા - કર્મ એવો ધરમ પડયો છે પરિણામમાં. દ્રવ્ય, ગુણ તો એકકોર રાખો. પરિણામમાં કર્તા, કર્મ, કરણ છ પ્રકારનો ધરમ પડયો છે. આહાહા!

એ પરિણામ કર્તા નિર્મળ પરિણામ ને પરિણામ કરશે જ. આહાહા! અને તે કાળે રાગ થાય તેને તે જે પ્રકારનો રાગ તેટલા જ પ્રકારનું જ્ઞાન તે સમયે ઉત્પન્ન થશે જ. આહાહા! એવો જ એનો પરિણામનો કર્તા, કર્મ, ધરમ છે. દ્રવ્યની એને જરૂર નથી. આહાહા! દ્રવ્ય તો પરિણમતું નથી. હેં ? દ્રવ્યમાં કર્તા ગુણ છે પણ એ તો ધ્રુવ સત્ એકરૂપ છે. હેં ? આહાહા! સમજાણું કાંઇ ? આહાહા! પરિણામનો એવો ધરમ છે. કર્તા કર્મ પરિણામમાં ધરમ છે એનો. આહાહા! એ નિર્મળ પરિણામ કરી અને તે સહજાનંદનું તેને

ભાન થશે જ. આહાહા! સમજાણું કાંઇ? આવી વસ્તુ બાપુ! બહુ ફેર! થોડે ફેરે ક્યાં ફેર છે? એ પકડવું જગતને કઠણ બહુ. અભ્યાસ ન મળે અંતરમાં કેમ ઉતરવું? અંતરમાં કેમ ઉતરવું એના અભ્યાસ વિના આ વાત બહુ કઠણ પડે. સમજાણું કાંઇ?

આવી વાત અત્યારે તો બીજે બધે લોપ થઇ રહી છે. આહાહા! એટલે સાંભળવા મળે નહિં એટલે એને ન્યાયને પકડવાની શક્તિ પણ હોય નહિં એમ કહે છે. સાંભળવા મળે નહિં એટલે પછી વસ્તુની સ્થિતિ તો આ છે. આહાહા! કહે છે તેનો આ શુભ રાગ સવારની લાલ સંધ્યા જેવો છે. એ તો વળી જરી નાંખ્યું છે. દીપચંદજીનું અનુભવપ્રકાશ છે એમાંથી આ નાંખ્યું છે. એ રાગ જશે એટલે પાછળ વીતરાગતા થશે. સવારની સંધ્યા જશે એટલે સૂર્ય જ ઉગશે. સંધ્યા છે અને સૂર્ય ઉગશે એમ નહિં. સંધ્યાના ભાવનો અભાવ સંધ્યા જશે એટલે સૂર્ય થશે, હેં? એટલે લાલાશ જશે એટલે પ્રકાશ થશે. સમજાણું કાંઇ? એ અનુભવ પ્રકાશમાં આવે છે. એમ કે સવારની સંધ્યાનો હ્રાસ પાછળ પ્રકાશ અને સાંજની સંધ્યાનો હ્રાસ એટલે પાછળ અંધકાર. પછી આનો હ્રાસ. એ રાગ આવે, હોય જ્ઞાનીને હોય છે પણ એ અભાવ કરીને પ્રકાશ જ થશે.

જ્યાં સુધી છે ત્યાં સુધી તો એ દોષરૂપ જ છે. સંધ્યા છે ત્યાં સુધી તો એ પ્રકાશનાં અભાવરૂપ સંધ્યા છે. હેં? એ સંધ્યા અને પ્રકાશનો કાળ એક નથી. તેનો અભાવ થતા પ્રકાશ થાય એમ રાગનો અભાવ, હ્રાસ વખતે તો રાગ છે તો એને અંદર હેયબુદ્ધિએ જણાણો, એ હવે લાંબો ટાઇમ નહિં ટકી શકે. આહાહા! અથવા એ રાગ થઇ ગ્યો લંગડો. હેં? મીંદડીની જેમ કેડ તૂટી જાય તો છૂટીને આવે આમ એમ આ કેડ તોડી નાંખી. ભગવાન આનંદના નાથને અંદર ઢંઢોળીને જોયો, જાણ્યો તો રાગ તૂટી ગયો, લંગડો થઇ ગયો રાગ. સમજાણું કાંઇ? આહાહા! આવો ઉપદેશ, માણસ કહે કઇ જાતનો ઉપદેશ બાપુ? આ તો ચૈતન્યની વાતું છે ભગવાન! આહાહા!

ધીરુભાઇ! આવું તો સાંભળ્યુંય નહિં હોય ક્યાંય કોઇ દિ' લ્યો. શું આ છે? શું કહે છે આ? વાણી કહે અને એમ કહે કે તને જે અમારા તરફના લક્ષથી રાગ થયો એ રાગ તો તારા આત્મામાં લક્ષની ભૂમિકામાં ઊભો છો ને ત્યાં થયો છે પણ એ લક્ષને વધારીને રાગને તોડી નાંખશે. સમજાણું કાંઇ? લક્ષનો ઉગ્ર આશ્રય કરી એ રાગ નહિં રહે હવે. પણ છે ત્યાં સુધી તો છે, અને છે માટે ઘટાડે છે માટે નથી એમ છે નહિં. જ્ઞાની રાગને ઘટાડે એ પ્રશ્ન છે કે દિ'નો એનો છે દીપચંદજી શેઠિયાનો ઘણાં વર્ષથી પ્રશ્ન છે. એમ કે જ્ઞાની રાગને ઘટાડે છે એટલે રાગ છે ત્યારે રાગને ઘટાડે છે એને દુઃખ કેમ છે? પણ રાગને ઘટાડે

છે નો અર્થ શું ? હેં ? છે.

એ તો જેટલો સ્વનો આશ્રય વધારે છે એટલો ઘટે છે. પણ એ પૂરો આશ્રય લે તો પૂરો ઘટી જાય છે અને પૂરો આશ્રય લેવા જાય તો આવે (સાધક જીવને) કો'કને કરોડ પૂર્વ વર્ષ હોય કોઇને એક, બે, ત્રણ ભવ હોય. આહાહા ! ક્ષાયિક સમકિતીને પણ ત્રણ ભવ હોય ઓછામાં ઓછા હોં ! કો'કને ૪ (ચાર) ભવે, કારણકે આયુષ્ય બંધાઇ ગયું હોય મનુષ્યનું, પછી થયું હોય ક્ષાયિક સમકિત પછી જુગલિયામાં જાય. સમજાણું ? ક્ષાયિક સમકિત જ સિદ્ધમાં રહે. જેમ શ્રેણિકને ક્ષાયિક સમકિત એટલી દઢ પરિણતિમાં પ્રતીતિ એવી થઇ કે અંશ માત્ર મેલનો દર્શનમોહનો રહ્યો નહિં. આહાહા ! એવી દશા આહાહા ! ક્ષાયિકની, એને આશ્રય આત્માનો છે. રાગમાં આશ્રય જરી પરનો છે. પણ એ સ્વને આશ્રયે ટાળશે. સમજાણું કાંઇ ? પણ છે ત્યાં સુધી તો વિકલ્પરૂપ છે. આહાહા !

શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી. વિકલ્પ ઉઠયો, માથું પછાડયું. હેં ? એ વિકલ્પ તે સુખરૂપ હશે ? હેં ? ભલે રાગે રાગનું કામ કર્યું, જીવની શ્રદ્ધા જ્ઞાનમાં શ્રદ્ધા જ્ઞાનનું કામ ચાલે છે ત્યાં. શ્રદ્ધા જ્ઞાન એ કાંઇ અમથી પડી છે ? હેં ? એનું કામ કરે જ તે જોવું ને જાણવાનું. પરનું લક્ષ તો નિમિત્ત છે. આહાહા ! એવા ક્ષાયિક સમકિતીને પણ અરે આંહી અત્યારે નરકમાં છે જુઓને ! તો તેમને ત્યાં દુ:ખ છે જ નહિં ? હેં ? આહાહા ! દુ:ખ ન હોય તો સુખ જોઇએ અને ૮૪૦૦૦ (ચોર્યાશી હજાર) વર્ષ રહેવાના છે. આહાહા ! અને ચોર્યાશી હજાર વર્ષ પછી તીર્થાધિરાજ થઇને અહીંયા મોક્ષ જશે. આહાહા !

માતાના પેટમાં છ મહિના પહેલા તો ઇન્દ્ર રત્નોની વર્ષા કરશે. એ પણ અત્યારે અંદર આનંદ ને દુ:ખ બેયમાં પડયા છે. ચોર્યાશી હજાર વર્ષ રહેશે સમકિત અને આંહી ક્ષાયિક સમકિત થયું તો ય નરકગતિ હટાવી શક્યા નહિં. અને ત્યાંથી હજી કેવળ નહિં પામે ત્યાં સુધી (ગતિ) હટાવી શકશે નહિં ભવિષ્યમાં. આહાહા ! એ જ્ઞાનીને પણ રાગનું દુ:ખ અને આનંદનું સુખ બેય એક સમયમાં છે પણ સ્વામી છે એ આનંદનો, દુ:ખનો સ્વામી નથી. છતાં પરિણમન એની દશામાં છે. પરની હારે (સાથે) શું સંબંધ છે ? પરદ્રવ્ય તો અંદર જુદા પડયા છે વિકલ્પ આહાહા ! કહે છે તેનો આ શુભ રાગ સવારની લાલ સંધ્યા જેવો છે.

જેમ સવારની લાલ સંધ્યાનો અભાવ થતાં, અભાવ થતાં હોં તુરત જ સૂર્યના તેજસ્વી પ્રકાશનો અવિર્ભાવ થાય છે, આહાહા ! પ્રકાશ થાય છે તેમ સમ્યગ્દષ્ટિના હેયબુદ્ધિએ વર્તતા શુભરાગનો અભાવ થતાં તેનો અતિક્રમ થતાં તુરત આત્માના નિર્મળ

પ્રચંડ પ્રકાશનો અવિર્ભાવ થાય છે. રાગનો અભાવ થતાં કેવળજ્ઞાનનો પ્રકાશ થાય છે. આજે આ પ્રશ્ન આવ્યો'તો એ કો'ક કહેતું'તું ઓલા ભુવન વિજય છે ને ? ભુવન વિજય ? એ આપણા એ નોતા એ નહિં, શિષ્ય ........ આંહી પછી છોડીને આવ્યો'તો ભુવન વિજય. ભાઈ હારે ત્યાં પ્રવિણભાઈ આ પાલનપુર, હરિભાઈ હારે(સાથે) વાત થઈ'તી કે એક સમયમાં ઉત્પાદ્, વ્યય ને ધ્રુવ ત્રણ ? હવે આ આચાર્ય.

(શ્રોતા : મારવાડી છે) એ કયા ? ભુવન વિજય હતા. અહીં હતા ને ? એ નહિં. એનો સાધુ એક હતો ને, કહે મહારાજ અમે સાધુ બાધુ નથી, કાંઈ ખબર નથી અને અમારી વૃત્તિ જાય છે બીજે. શું કરવું અમારે ? એમ કહેતો'તો. ત્યાં હતા ને ત્યાં આવતો અમારી પાસે. પછી એણે છોડી દીધું. સાધુપણું છોડીને અહીંયા આવ્યો'તો પાછો દીક્ષા લીધીને આવ્યો'તો. નહિં ? આંહી આવ્યો તો પાછો આહાહા ! હવે એ એમ કહે એક સમયમાં ઉત્પાદ વ્યય ને ધ્રુવ થાય ? કહો હવે એક જ સમયે છે ને ઉત્પાદ, વ્યય. એક સમયમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ ? આ લ્યો, હવે આટલીય ખબર નથી. આંહી તો સમંતભદ્ર આચાર્ય કહે છે પ્રભુ તારું સર્વજ્ઞનું લક્ષણ અમને એ રીતે જણાણું કે સમય એક અને વસ્તુ ત્રણ.

સમયના ભાગ પડે નહિં અને ભાગ વાળી ચીજ ત્રણ ઉત્પાદ્, વ્યય ને ધ્રુવ. તે જ સમયે ઉત્પાદ્ તે જ સમયે વ્યય અને તે જ સમયે ધ્રુવ. પ્રભુ આપે ઉત્પાદ્, વ્યય, ધ્રુવ જાણ્યા એ આપના સર્વજ્ઞનું લક્ષણ છે. આહાહા ! અનંતા દ્રવ્યોના, અનંતા ગુણોના જે ઉત્પાદ્, વ્યય અને ધ્રુવતા એક સમયમાં જાણીને, સમયના ભાગ ન પડે અને આંહી ત્રણ ભાગ એવા અનંતા ઉત્પાદ્, વ્યય અને ધ્રુવ. આહાહા ! હે પ્રભુ ! આપના સર્વજ્ઞનું લક્ષણ છે. ચોવીસ સ્તુતિમાં આવે છે. સ્વયંભૂ આવે છે ને સ્તોત્ર ? કહો હવે આ તો કહે એક સમયમાં ? ખબર જ ન મળે કાંઈ. કાંઈક બીજું કીધું થોડું પછી બીજુ કંઈક કે ક્યા બળે ? કોને કીધું ? બીજું નહિં ? હેં ?

(શ્રોતા : હિંમતભાઈને) હા. હિંમતભાઈ હા તો ત્યાં ભારતમાં સાકર ને ઘી હશે અને અમારે ત્યાં લોટ હશે. અરેરે ! એમ કાંઈ લાડુ વળતા હશે ? ક્યાં કહ્યું'તું ? મોરબીમાં. એમ કે ભાઈ સોનગઢમાં ભલે સાકર ને ઘી હોય અમારે ત્યાં લોટ હોય. અરેરે ! અરે ! ભાઈ લોટેય ક્યાં છે ને ? પેલો ચંદ્રકાંત એમ કહેતો'તો. ચંદ્રશેખર નહિં ? ચંદ્રશેખર, મહારાજ તમે છો સિંહ તો હું સિંહનું બચ્ચુ છું. અરે ભાઈ ! કોણ કહે છે બાપુ સિંહ. આહાહા ! તમારી સાથે ચર્ચા કરવી છે અને અમારી હારે (સાથે) ચર્ચા ન કરો તો તમારી ઉપકાર દૃષ્ટિ ક્યાંથી ? તમારી આટલી મહત્તા છે ને ! ભાઈ દુનિયા દુનિયાનું જાણે બાપુ,

ચર્ચા અમારે કરવી નથી પણ ચર્ચામાં મૂક્યો એણે પ્રશ્ન જુઓ આ ચશ્મા વિના જણાય ? લ્યો, ચર્ચા થઈ ગઈ કીધું. આહાહા !

અરે ! જાણવાની પર્યાય સ્વતંત્ર પોતાથી થાય એને તારા ચશ્મા હોય તો થાય, હોય તો થાય. આહાહા ! ક્યાં આત્મામાં છે ખબર નથી. આહાહા ! તે તે પર્યાયનો તે તે જન્મક્ષણ છે. પ્રવચનસાર એકસોએક ગાથામાં એમ કહ્યું કે ઉત્પાદ્‌નાં કાળે ઉત્પાદ્‌, વ્યયના કાળે વ્યય પણ છતાં કાળ તો એક છે છતાં વ્યયના કારણે ઉત્પાદ્‌, ઉત્પાદ્‌ને વ્યયની અપેક્ષા છે એમ નથી. અને ઉત્પાદ્‌ને ધ્રુવની અપેક્ષા છે એમ નથી. એમ ભગવાનના પ્રવચનનો સાર છે. પછી એકસોબે કીધી, કે જે ક્ષણ જન્મક્ષણ છે તેનો ઉત્પાદ્‌ છયે દ્રવ્યમાં હોં ! અનંત દ્રવ્યની તે તે સમયની જન્મકાળ ક્ષણ એટલે કાળ, ઉત્પત્તિનો એ કાળ છે તે કાળે છે. આહાહા ! એમાં તો ક્રમબદ્ધ છે એવું બધું આવી ગયું, ઘણું આવી ગયું. હેં ? આહાહા !

વસ્તુ આવી છે પણ એ કોને બેસે ? કે જેને જ્ઞાયકભાવમાં દૃષ્ટિ ગઈ એને એ ક્રમબદ્ધ બેસે. એને એ નિયત થઈ ઈ એમ બેસે. સમજાણું કાંઈ ? અને એ દ્રવ્ય તે કાળે તે એને બેસે. આહાહા ! અને કાળ લબ્ધિ પણ તે જ સમયે તે જ પર્યાયની હતી તો એને બેસે. પોતાના સ્વભાવ તરફ પુરુષાર્થ, કરે પુરુષાર્થ ત્યારે તે કાળમાં ભવિતવ્યતાનું, યોગ્યતાનું, ક્રમબદ્ધનું ત્યારે એને જ્ઞાન આવું થાય. સમજાણું કાંઈ ? આંહી કહે છે રાગનો નાશ થતાં પ્રકાશ ઉત્પન્ન થાય છે. આહાહા ! રાગરૂપ સવિકલ્પ દશાનો (વહેવારનો) અભાવ થતાં વીતરાગરૂપ નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે તે રાગને લઈને નહિં. એમ કે સંધ્યાનો રાગ છે તો સૂર્ય પ્રગટયો ઓલો સવારનો, માટે આ શુભરાગ એ સૂર્ય પ્રકાશવાનું કારણ છે એમ નહિં એમ કહે છે ઘણા ત્યાં.

હમણાં ક્યાંક આવ્યો'તો એ તો શ્રેણી આમ છે કહે છે શું ? પહેલું અશુભ ટળે પછી શુભ શ્રેણીમાં જાય પછી શુદ્ધ થાય ? એવું કાગળમાં લખતાં, આપણે સવાલ જવાબમાં લખતાં. રાગમાં આવ્યો એ શ્રેણીએ વધ્યો છે એમ નથી. એ તો કર્મધારા ભિન્ન છે, જ્ઞાનધારા ભિન્ન છે. આહાહા ! આ દશામાં જીવને વચનાતીત અપૂર્વ આનંદનો અનુભવ થાય છે. આહાહા ! રાગનો દૃષ્ટિમાંથી અભાવ થતાં, દૃષ્ટિ દ્રવ્યના સ્વભાવને અવલંબીને, આશ્રય કરીને, ઝૂકીને જે દૃષ્ટિ થઈ, એ દૃષ્ટિમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે કહે છે. આહાહા ! ઓલો રાગ હતો એ આકૂળતા હતી. આ બધું ધરપકડ થાય છે ને અત્યારે, આ બધી ધરપકડ નથી કરતા હમણાં આ ? એમ કીધું રાગની એકતામાં

પકડાણો છે એ ધરપકડ એમ કહે છે ભગવાન એ ધરપકડ. આહાહા! પકડાય છે એટલે રાગની એકતામાં જેલમાં છે અત્યારે. આહાહા!

ભગવાન એની નાડી પકડીને કહે છે કે તું રાગની જેલમાં પડયો છો. આહાહા! હેં? અમે તને પકડીએ છીએ. રાગમાં તું છો, દુ:ખી તું છો, સંસારમાં તું છો, મિથ્યાદૃષ્ટિ તારી છે. આહાહા! એમાં તું પકડાઇ ગયો છો એ હવે છોડ. ભગવાન મુક્ત સ્વરૂપ પરમાત્મા એનો આશ્રય લે તો તું મુક્ત થઇ જઇશ. પહેલો દૃષ્ટિએ મુક્ત થશે પછી અસ્થિરતા છૂટશે પછી સ્થિરતા અંદર વધતી જશે પછી પૂર્ણ સ્થિરતા થઇ મોક્ષ થશે. સમજાણું કાંઇ? રાગનો અભાવ થતાં સ્વભાવનો ઉગ્ર આશ્રય લઇને એનો અર્થ જ રાગની ઉત્પત્તિ ન થાય એમ. આશ્રયનો અર્થ એ કે સ્વભાવનો આશ્રય ઉગ્ર થતાં રાગની ઉત્પત્તિ ન થાય એટલે અંશે રાગ નાશ કર્યો એમ કહેવામાં આવે. આરે! વાતે વાતે ફેર સત્યને માટે. ઓહોહો!

એ રીતે સમ્યગ્દૃષ્ટિના ભિન્ન આત્માની ઉપાસના રૂપ શુભરાગનો અભાવ, ભિન્ન આત્માની એટલે (સિદ્ધ) આત્માની એને ભેદથી નિમિત્તથી કહ્યું છે ને? એટલે ભિન્ન આત્માની ઉપાસના રૂપ શુભરાગનો અભાવ તે મોક્ષનું પરમાત્મપદનું સાક્ષાત્ કારણ છે. એમ કે પરની ઉપાસના એ મોક્ષનું કારણ છે. પાઠ તો આ છે એ તો નિમિત્તથી કથન છે. સમજાણું કાંઇ? આહાહા! પરની ઉપાસનામાં તો પર પરતરફનું લક્ષ છે પણ તે લક્ષ છૂટીને સ્વની ઉપાસના થાય છે, આહાહા! ત્યારે તેને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર થઇને મોક્ષ થાય છે. સમજાણું કાંઇ? એ સત્તાણુ થઇ. ભિન્નની ઉપાસનાની વ્યાખ્યા કરી. હવે અભિન્ન (આત્માની) ઉપાસનાનું ફળ એ અઠ્ઠાણુમાં કહેશે.

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

> જેણે આત્મા જાણ્યો છે તેણે કેવળજ્ઞાનીના પેટ ખોલીને જાણ્યા, કેવળજ્ઞાનનો કેવો આનંદ છે ને કેવું સ્વરૂપ છે એનો બધો ખ્યાલ ભાવશ્રુતજ્ઞાનમાં આવી ગયો છે.
>
> દ્રષ્ટિનાં નિધાન ૨૦૬

# પ્રવચન – ૧૧૨

## શ્લોક – ૯૮

સ્થળ : સુવર્ણપુરી   તારીખ : ૦૬.૦૮.૭૫

**इदानीमभिन्नात्मनोपासने फलमाह –**

**उपास्यात्मानमेवात्मा जायते परमोऽथवा ।**
**मथित्वाऽऽत्मानमात्मैव जायतेऽग्निर्यथा तरुः ।।९८।।**

**અથવા નિજને સેવીને, જીવ પરમ થઈ જાય;**

**જેમ વૃક્ષ નિજને મથી, પોતે પાવક[1] થાય. ।। ૯૮ ।।**

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

---

૧. પાવક – અગ્નિ

આ સમાધિતંત્ર સત્તાણુંમાં એમ કહ્યું કે સિદ્ધ ભગવાન અને અરિહંત ભગવાનનું લક્ષ કરીને પોતે પોતાનો આત્મા જગાડે અને જ્ઞાન પામે એમ કહ્યું એ નિમિત્તથી કથન કર્યું છે. નિમિત્ત એવું જ હોય. સર્વજ્ઞ સર્વજ્ઞ સર્વજ્ઞદર્શી પૂર્ણ આનંદને પ્રાપ્ત એને દીવે દીવો એમ કહીને કહ્યું ને ? એ પ્રકાશ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ એને પ્રકાશ પોતાનો એનું લક્ષ કરી અને પોતે પોતાના લક્ષમાં આવીને આત્માનું ધ્યાન કરે તો એને કેવળજ્ઞાન થાય અને મોક્ષમાર્ગ થાય એમ કહ્યું.

હવે અહિંયા અભિન્ન આત્માની ઉપાસનાની વાત છે. પોતે પોતાની ઉપાસના વળી પોતે પરની ઉપાસનાની વાત હતી એનું ફળ કહે છે.

**इदानीमभिन्नात्मनोपासने फलमाह –**

**उपास्यात्मानमेवात्मा जायते परमोऽथवा ।**
**मथित्वाऽऽत्मानमात्मैव जायतेऽग्निर्यथा तरुः ।।९८।।**

**અથવા નિજને સેવીને, જીવ પરમ થઈ જાય;**
**જેમ વૃક્ષ નિજને મથી, પોતે પાવક[૨] થાય. ।। ૯૮ ।।**

**टीका** : अथवा आत्मानमेव चित्स्वरूपमेव चिदानन्दमयमुपास्य आत्मा परमः परमात्मा जायते । अमुमेवार्थं दृष्टांतद्वारेण समर्थयमानः प्राह-मथित्वेत्यादि । यथाऽऽत्मानमेव मथित्वा घर्षयित्वा तरुरात्मां (?) तरुरूषः स्वभावः स्वत एवाग्निर्जायते ।।९८।।

હવે અભિન્ન આત્માની ઉપાસનાનું ફલ કહે છે :–

**અન્વયાર્થ** : (अथवा) અથવા (आत्मा) આત્મા (आत्मानं एव) પોતાના આત્માની જ (उपास्य) ઉપાસના કરી (परमः) પરમાત્મા (जायते) થઈ જાય છે; (यथा) જેમ (तरुः) વાસનું ઝાડ (आत्मानं) પોતાને (आत्मा एव) પોતે જ (मथित्वा) મથીને - રગડીને (अग्निः) અગ્નિરૂપ (जायते) થઈ જાય છે તેમ.

**ટીકા** : અથવા આત્માની જ એટલે ચિદાનન્દમય ચિત્સ્વરૂપની જ ઉપાસના કરીને આત્મા પરમ એટલે પરમાત્મા થાય છે. આ જ અર્થનું દષ્ટાંત દ્વારા સમર્થન કરી કહે છે - મથીને ઈત્યાદિ - જેમ પોતે પોતાને જ મથીને (રગડીને) - ઘસીને, વૃક્ષ અર્થાત્ વૃક્ષરૂપ સ્વભાવ સ્વતઃ જ અગ્નિરૂપ થાય છે, તેમ (આત્મા આત્માને જ મથીને - ઉપાસીને - પરમાત્મારૂપ થાય છે).

૨. પાવક – અગ્નિ

**ભાવાર્થ** : જેમ વાસનું વૃક્ષ વાંસ સાથે રગડી (મથી) સ્વયં અગ્નિરૂપ થઇ જાય છે, તેમ આત્મા પણ પોતાના ચિદાનંદમય ચિત્સ્વરૂપની ઉપાસના કરીને સ્વયં પરમાત્મારૂપ થઇ જાય છે. જેમ વાંસના વૃક્ષમાં અગ્નિ શક્તિરૂપે વિદ્યમાન છે અને તે ઘર્ષણથી પ્રગટ થાય છે, તેમ આત્મામાં પણ પૂર્ણ જ્ઞાનાદિ ગુણો શક્તિરૂપે વિદ્યમાન છે અને તે આત્માની આત્મા સાથે એકરૂપતા થતાં પ્રગટ થાય છે - અર્થાત્ આત્મા અન્ય બાહ્યાભ્યંતર સંકલ્પ - વિકલ્પરૂપ વ્યાપારોથી પોતાના ઉપયોગને હઠાવી સ્વરૂપમાં એકાગ્ર કરી દે છે ત્યારે તેના તે ગુણ (શુદ્ધ પર્યાયો) પ્રગટ થાય છે. આત્માના આત્મા સાથેના સંઘર્ષથી ધ્યાનરૂપી અગ્નિ પ્રગટ થાય છે. તેના નિમિત્તે જ્યારે કર્મરૂપી ઇન્ધન સર્વથા બળી જાય છે ત્યારે તે આત્મા પરમાત્મા થઇ જાય છે.

**વિશેષ**

સમ્યગ્દષ્ટિ જ્યારે આત્મધ્યાનમાં મગ્ન થઇ જાય છે ત્યારે ધ્યાન, ધ્યાતા અને ધ્યેય - એવો ભેદ રહેતો નથી, વચન કે અન્ય વિકલ્પ હોતા નથી. ત્યાં (આત્મધ્યાનમાં) તો આત્મા જ કર્મ, આત્મા જ કર્તા અને આત્માનો ભાવ તે ક્રિયા હોય છે - અર્થાત્ કર્તા, કર્મ અને ક્રિયા તે ત્રણે તદ્દન અખંડ અભિન્ન થઇ જાય છે; શુદ્ધોપયોગની નિશ્ચલ દશા પ્રગટ થાય છે અને સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર પણ એકસાથે એકરૂપ થઇને પ્રકાશે છે.[૩]

આ શ્લોકમાં આચાર્યદેવે એ બતાવ્યું છે કે - પોતાના આત્માનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સમજી, અર્હંતાદિની ઉપાસનાના રાગથી પરાઙ્મુખ થઇ, સ્વસન્મુખ થઇ જીવ જો પોતાના શુદ્ધાત્માની - પરમ પારિણામિક કારણ પરમાત્માની જ ઉપાસના કરે તો તે સ્વયં પરમાત્મા થઇ શકે છે. દરેક જીવમાં દ્રવ્યદષ્ટિએ પરમાત્મા થવાની શક્તિ છે. જો તે જિનોપદેશાનુસાર પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરે, તો તે શક્તિને સંપૂર્ણપણે વ્યક્ત કરી પરમાત્મા થઇ શકે. ૯૮

---

## પ્રવચન – ૧૧૨

**ટીકા** : અથવા. અથવા એટલે? પહેલું એમ કહ્યું હતું કે સિદ્ધનું ધ્યાન કરતાં આત્મા

૩. જહાં ધ્યાન ધ્યાતા ધ્યેયકો ન વિકલ્પ વચ ભેદ ન જહાઁ,
ચિદ્ભાવ કર્મ, ચિદેશ કર્તા, ચેતના કિરિયા તહાઁ;
તીનો અભિન્ન અખિન્ન સુધ ઉપયોગકી નિશ્ચલ દસા,
પ્રગટી જહાઁ દગ - જ્ઞાન - વ્રત, યે તીનધા એકૈ લસા. (પં.શ્રી દૌલતરામજી કૃત છહઢાલા - ૬/૯)

સિદ્ધરૂપ થઇ જાય એ નિમિત્તની અપેક્ષાથી, આહીં આત્માની અથવા આત્માની જ એમ. હવે બીજો બોલ કહ્યો એટલે ચિદાનંદમય ચિત્તસ્વરૂપની જ ઉપાસના કરીને, ભગવાન આત્મા જ્ઞાન આનંદમય છે. વીતરાગ સ્વરૂપે છે. જ્ઞાન સ્વરૂપે, આનંદ સ્વરૂપે, વીતરાગ સ્વરૂપે, દર્શન સ્વરૂપે છે. એવું એનું સ્વરૂપ છે. ખરેખર જોઇએ તો એનું સ્વરૂપ જ્ઞાન, દર્શન ને ચારિત્ર એનું લક્ષણ છે. જ્ઞાન, દર્શન જે લક્ષણ કહ્યું છે એ અપેક્ષાથી બાકી જ્ઞાન, દર્શન ને ચારિત્ર એનું લક્ષણ છે. કેમ કે વસ્તુ પોતે વીતરાગ સ્વરૂપ છે, એ ચારિત્ર સ્વરૂપ છે, જ્ઞાન સ્વરૂપ છે, દર્શન સ્વરૂપ છે અને ચારિત્ર સ્વરૂપ છે, ત્રિકાળ હોં! આહાહા!

એટલે જેમાંથી જ્ઞાન, દર્શન ને ચારિત્રની પર્યાય પ્રગટ થાય છે એ ગુણમાં ત્રિકાળ પડયું છે એ તે. અને બધા ભગવાન આત્માઓ એવા જ છે. આહાહા! પર્યાયનું લક્ષ છોડી દે તો બધા પરમાત્મા સ્વરૂપે અભવી હો કે ભવી હો આહાહા! પૂરણ વીતરાગ, પૂરણ જ્ઞાન, પૂરણ દર્શન સ્વરૂપ એ આત્મા. એવી દૃષ્ટિ થતાં એને સમભાવ થઇ જાય છે. સમજાણું કાંઇ ? પર્યાય છે એને જાણે એ જુદી વાત છે પણ પોતે જ્યારે પર્યાયમાંથી ખસીને સ્વ સ્વરૂપના ધ્યાનમાં આવ્યો છે એથી એને પોતે આવો છે એવું પર પણ બધા એવા જ છે એવું એમાં ગર્ભિત આવી જાય છે. આહાહા! સમજાણું કાંઇ ? વસ્તુ જે છે એ તો જ્ઞાન, દર્શન, આનંદ ને વીતરાગ એટલે ચારિત્ર એ સ્વરૂપ જ છે.

આમ તો અનંત ચતુષ્ટ કહ્યા છે ને ચાર ? ઇ શક્તિ જ એવી છે ને સ્વભાવ જ એવો એનો છે. ખરેખર સત્ છે. એનું સત્ત્વપણું એકલું જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્ય ને ચારિત્ર સ્વરૂપ છે. આહાહા! સમજાણું કાંઇ ? એવો પૂર્ણાનંદ પ્રભુ બધા આત્માઓ એવા છે. અભવી પણ એવા છે. આહાહા! એ તો પર્યાયમાં મુક્તિ ન થાય, પણ પોતે તો મુક્ત સ્વરૂપ જ છે. હેં? આહાહા! એ પોતાની વાત જેને બેઠી તો બધા આત્મા આવા જ છે એમ એને બેસી જાય છે. સમજાણું કાંઇ ?

તો આંહી કહે છે કે હવે હું ચિદાનંદમય ચિત્ત સ્વરૂપ જોયું ? જ્ઞાનાનંદમય જ્ઞાન સ્વરૂપ એમ ભાષા ટીકા છે એ आत्मानमेव चित्तस्वरूपमेव चिदानन्दमयमुपास्य ટીકા છે ઇ. આહાહા! સિદ્ધનુંય લક્ષ નહિં, અરિહંતનુંય લક્ષ નહિં એનો વિકલ્પ છે એ નહિં. આહાહા! તેમ પર્યાયની અપૂર્ણતાનો વિકાસ છે એય લક્ષમાં નહિં. એ તો સહજાનંદ ચિદાનંદમય ચિત્ત સ્વરૂપ આત્મા. જ્ઞાનાનંદમય જ્ઞાનસ્વરૂપ આત્મા આહાહા! એની જ ઉપાસના કરીને, એની સેવા કરીને આહાહા!

સમયસારની છઠ્ઠી ગાથામાં કહ્યું ને ? કે પરનું લક્ષ છોડી દઇ એટલે ઉદય

અને ઉદય કર્મનો ને કર્મનો ભાવ જ્યાં પરદ્રવ્ય ને પરદ્રવ્યનો ભાવ લેવો છે ત્યાં રાગાદિની વાત નથી લેવી. પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવનું લક્ષ છોડી ચિદ્‌મય ભગવાનની જે સેવા કરે છે એને આત્મા શુદ્ધ પૂર્ણાનંદ છે એમ પ્રતીતમાં અનુભવમાં આવે છે. સમજાણું કાંઇ ? ત્યાં આગળ દ્રવ્ય કર્મ અને ભાવ કર્મથી ભિન્ન એમ નથી લેવું. જડનું દ્રવ્યકર્મ ને જડનું ભાવકર્મ એટલે એનું લક્ષ જે આમ છે એને આમ કરાવવું છે એટલે એ દ્રવ્ય સ્વભાવની સેવા કરતાં રાગેય ત્યાં ભિન્ન પડી જાય છે પણ રાગથી અને કર્મને કર્મના ભાવથી ભિન્ન એમ નથી ત્યાં કહેવું. આહાહા !

કેમ કે એનું લક્ષ જે આમ છે એ લક્ષ જ્યાં દ્રવ્યની સેવામાં જાય ઉપાસનામાં. એ ઉપાસના એ પર્યાય છે ત્યારે દ્રવ્યની સેવા એટલે એમાં પછી રાગની સેવા ન આવી. આહાહા ! સેવા એટલે એકાગ્રતા. આહાહા ! જ્ઞાનાનંદ ચિદ્‌મય સ્વરૂપ પ્રભુ. વસ્તુ ઇ ચિદ્‌રૂપ છે. ચિદાનંદમય ચિદ્‌રૂપ આત્મા, જ્ઞાનાનંદમય ચિદ્‌રૂપ આત્મા એની સેવા કરતાં ઉપાસના છે ને ? આ ઓલી દેવીને આ દેવની ઉપાસના નથી કરતા ? એ મફતની ભ્રમણા અજ્ઞાનીને છે. આહાહા ! તારો દેવ અંદર બિરાજે છે મોટો આહાહા ! પરમાત્મા સ્વરૂપે બિરાજમાન છે સાક્ષાત્ મુક્ત સ્વરૂપ જ પ્રભુ છે. સમજાણું કાંઇ ?

એવું જે આત્માની 'જ' તો એ એકાંત નથી થઇ જતું ? 'જ' આવે છે ત્યાં કે સમ્યક્ એકાંત જ થાય છે. પરની નહિં, રાગની નહિં, પર્યાયની સેવા નહિં એમ છે આંહી. આત્માની શબ્દ પડયો છે ને ? આત્માની 'જ' એટલે કે આત્મા કેવો ? કે ચિદાનંદમય, ચિદાનંદમય હોં ! ચિદાનંદવાળો એમ નહિં. આહાહા ! જ્ઞાનાનંદથી અભેદ વસ્તુ પ્રભુ છે એવો જે ચિદ્‌રૂપ આત્મા એની જ ઉપાસના આહાહા ! બે ઠેકાણે 'એવ' આવ્યો છે ને અંદરેય ? आत्मानमेव અને चित्स्वरुपमेव એટલે 'જ' બે ઠેકાણે નાંખ્યો છે. આત્માની જ એટલે ચિદાનંદ સ્વરૂપ ચિત્ સ્વરૂપની જ એમ. આહાહા ! આત્માની જ એટલે કે ચિદાનંદમય ચિત્‌સ્વરૂપની જ એમ.

એ તો એનું આત્મા એનું આ સ્વરૂપ જોયું ભાવ એટલે જ ત્યાં નાંખ્યો ને પાછો અહીં 'જ' આવ્યો. એની ઉપાસના નિશ્ચયથી સ્વ તરફની સન્મુખતા થઇને જે ઉપાસના નામ સેવા થાય તે દ્રવ્ય સ્વભાવમાં એકાગ્રતા છે એ ઉપાસના એ સેવા. અનાદિથી પર્યાયમાં એકત્વબુદ્ધિ હતી. પર્યાય એક સમયની વ્યક્ત છે ને પ્રગટ એટલે ત્યાં જ એની રમત હતી. એ રમત છોડીને ચિદાનંદમય ભગવાન આત્મા આહાહા ! પર્યાયની પણ એકત્વબુદ્ધિ છોડીને પરિણામ પર્યાયના છે એની એકત્વ બુદ્ધિ છોડીને આહાહા ! એને આત્મા ચિદાનંદમય ચિત્‌સ્વરૂપની જ ઉપાસના સેવા કરવાથી, કરીને આત્મા પરમ

એટલે પરમાત્મા થાય છે લ્યો. આહાહા!

ભગવાનની પૂજાથી ને ભગવાનની સેવા કરવાથી ને ભગવાનની જાત્રા કરવાથી ને? આહાહા! એ તો ભગવાન જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ ભાવ સ્વભાવ એની જ ઉપાસના કરવાથી, એની જ સેવા કરવાથી, એની સન્મુખ થવાથી, એમાં એકાગ્ર થવાથી આત્મા પરમાત્મા થાય છે લ્યો. ટૂંકી વ્યાખ્યા ઘણી. આહાહા! બહારના સહારાની એને જરૂર નથી. દેવ, ગુરુ, શાસ્ત્રની પણ એને જરૂર નથી એમ કહે છે. એની પર્યાયના આશ્રયનીય જરૂર નથી એમ કહે છે આંહી તો. સમજાણું કાંઇ? સેવા કરે છે પર્યાય, પણ પર્યાયને પર્યાયનો આશ્રય નથી એમ કહે છે. સમજાણું કાંઇ? એવો જે આત્મા એની જ સેવા એટલે કે ચિદ્સ્વરૂપ ચિદાનંદમય ચિદ્સ્વરૂપ આત્માની જ સેવા કરવાથી પરમાત્મા થાય છે લ્યો. આ ટૂંકો ઉપાય કહ્યો ને? આહાહા! હેં! આહાહા!

પૂર્ણાનંદનું નિધાન એક સમયની પર્યાયની પાછળ આખો આત્મા એને આત્મા કહીએ. એક સમયની પર્યાય એ વહેવાર આત્મા છે. ત્રિકાળની અપેક્ષાએ તો એ અભૂતાર્થ આત્મા છે, અસત્યાર્થ આત્મા છે. આહાહા! એ ત્રિકાળની અપેક્ષાએ. કેમ કે જ્યાં મુખ્ય પ્રયોજન સિદ્ધ કરવું છે ત્યાં તો એને નિશ્ચયની મુખ્યતા આવ્યા વિના પ્રયોજન સિદ્ધ થઇ શકે નહિં. આહાહા! સમજાણું કાંઇ? એથી કહે છે ઉપાસના કરીને પરમ પરમાત્મા થાય છે. આ જ અર્થનું દૃષ્ટાંત દ્વારા સમર્થ કરી કહે છે. મથીને જેમ પોતે પોતાને જ મથીને પોતે પોતાને જ મથીને ઝાડ ઝાડ રગડીને, ઝાડ ઝાડ ઘસાયને આમ અંદર આહાહા! ઝાડ ઝાડ મથીને, રગડીને એટલે ઘસીને આહાહા! ભાષા કેટલી કરી જોયું? મથીને એટલે રગડીને એટલે ઘસીને વૃક્ષ નામ વૃક્ષરૂપ સ્વભાવ સ્વતઃ જ અગ્નિરૂપ થઇ જાય છે. આહાહા!

વૃક્ષરૂપ સ્વભાવ સ્વતઃ અગ્નિરૂપ થઇ જાય છે. વૃક્ષ વૃક્ષની સાથે ઘસાતા, મથતા, રગડતા આહાહા! એ વૃક્ષ પોતે અગ્નિરૂપ થઇ જાય છે. પાવક છે ને શબ્દ? પાવકરૂપ થઇ જાય છે, તેમ આત્મા આત્માને જ મથીને આહાહા! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એવો જે આત્મા એ આત્માને એટલે પોતાની નિર્મળ પર્યાય સાથે એકાગ્ર નામ ઘસવાથી આહાહા! આવો મારગ બહુ. આત્મા આત્માને જ મથીને એટલે કે ઘસીને એટલે કે રગડીને એટલે કે ઉપાસીને આહાહા! પરમાત્મારૂપ થાય છે એ ટીકાનો અર્થ કર્યો. વચમાં મૂક્યો છે કાંઇ એકડો (શ્રોતા : એકડો વિશેષમાં છે) વિશેષમાં એટલે શું? અંદર અંદર ભાઇ, અંદર નાંખ્યું છે ને ?તરુ આત્મા કૌંસમાં હેં? બેસતું નથી એમ? બેસતું નથી એમ છે ઇ. ઇ એકડો નથી, એકડો નથી ચિન્હ છે. અંદરમાં છે ને સંસ્કૃતમાં?

તરુ આત્મા, તરુરૂપ સ્વભાવ એમ. એ તરુ આત્મા એટલે તરુ સ્વભાવ એમ. એટલે તરુ સ્વરૂપ એમ. આત્મા શબ્દ પડયો છે ને ! તરુ આત્મા એટલે તરુ સ્વરૂપ. એટલે તરુ રૂપ એમ સ્વભાવ એનો એવો શબ્દાર્થમાં કંઇ મેળ નહિં ખાતો હોય. થોડોક (થોડોક ફેર એટલે તરુરૂપ એમ.) એ તો પણ આવ્યું ને यथा आत्मानं मथित्या घर्षियित्वा तरुरात्मां એમ ઠીક. એની હારે(સાથે) જરી અટકે છે એ તરુ સ્વરૂપ આત્મા એટલે વૃક્ષ જે તરુ સ્વરૂપ એટલે કે तरुरुप: स्वभाव: स्वत: एवाग्निर्जायते આહાહા !વૃક્ષનો સ્વભાવ અગ્નિરૂપ થઇ જાય છે. આહાહા ! સમજાણું કાંઇ ? એમ ભગવાન આત્માનો સ્વભાવ એમાં એકાગ્ર થવાથી પોતે પરમાત્મા થઇ જાય છે. આહાહા ! એને કોઇ બીજા સહારાની, વહેવારની, નિમિત્તની, પરકારકની કોઇ અપેક્ષા નથી એવું એનું સ્વરૂપ છે.

**ભાવાર્થ** : જેમ વાંસનું વૃક્ષ, વાંસડા હોય છે ને ? વાંસ એ વાંસમાં ઘસાય. બહુ પવન આવે ને, આમ હારે-હારે (સાથે-સાથે) વાંસ હોય મોટા એકદમ એ પછી ઘસાય અંદર ઘસવામાંથી એમાંથી અગ્નિ થાય. વાંસડા. વાંસનું વૃક્ષ એ પોતે આપ્યો દાખલો. વાંસ સાથે રગડી, મથી, સ્વયં અગ્નિરૂપ થઇ જાય છે. વાંસ વાંસમાં ઘસાઇને વાંસ અગ્નિરૂપ થઇ જાય છે. આહાહા ! જે વાંસનો સ્વભાવ એ અગ્નિરૂપ સ્વભાવ થઇ જાય છે એમ કહે છે. તેમ આત્મા પણ પોતાના ચિદાનંદમય ચિત્‌સ્વરૂપની ઉપાસના કરીને આહાહા !

આંહી તો જાણે સમ્મદ્‌શિખરમાંથી ભગવાન મળશે, શેત્રુંજય જાઇ ત્યાં જાત્રા કરી ત્યાંથી ભગવાન મળશે. (**શ્રોતા** : સોનગઢ જાય તો) સોનગઢ એ ત્યાં આત્મા ક્યાં છે ? આત્મા તો અંદરમાં છે. (**શ્રોતા** : સોનગઢથી મળશે ?) સોનગઢમાં ક્યાં છે આત્મા ? આત્મા તો એનામાં છે એય ! એ સાંભળે છે એના વિકલ્પમાંય આત્મા ક્યાં છે ? એ તો ચિદ્‌મય, ચિદાનંદમય, ચિત્‌સ્વરૂપ, પૂરણ ચિદ્‌સ્વરૂપી આત્મા એમાં આત્મા આત્મામાં ઘસાઇને, રગડાઇને આહાહા ! અંતરમાં એકાગ્ર થઇને આત્માનો જે સ્વભાવ છે શક્તિરૂપે એ પરમાત્મારૂપે થઇ જાય છે. સમજાણું કાંઇ ? ઓલા શ્વેતાંબરમાં એવું આવે છે ને ? ભાઇ આ ચેતનજી શું કીધું સવારમાં આગમ ને મૂર્તિ બેય આ શું કીધું ? ક્યાં ગયા ચેતનજી ? (**શ્રોતા** : ચેતનજી બહાર ગયા) હેં ? બહાર ગયા. આગમ અને મૂર્તિ બેય એમ કે આધાર છે અત્યારે એમ બોલાય છે એ લોકોમાં બહુ. આપણે ભાઇ હતાને બોલતા એ બહુ. શું નામ એનું ? મહાનંદી. બહુ કહેતા એ. ભાષા છે એની કાંઇક આગમ અને મૂર્તિ બેયની એમ કે અત્યારે (**શ્રોતા** : બેય ખોટા) હેં ? બેય ખોટા. એ જ આખી વાત શ્વેતાંબરમાં છે. આહાહા ! આગમ પર, મૂર્તિ પર, એના અવલંબે, લક્ષે તો રાગ થાય. આહાહા !

જે વીતરાગ સ્વરૂપે પ્રભુ છે, જિન સ્વરૂપે જ પ્રભુ ચૈતન પ્રતિમા છે આહાહા! એને સ્વભાવની એકાગ્રતાના ઘસારા દ્વારા જ પોતે પરમાત્મા સ્વરૂપ જ છે, મુક્ત સ્વરૂપ છે, એ પર્યાયમાં પરમાત્મા થાય છે. સમજાણું કાંઈ ? એ લાખ જાત્રા કરે ને લાખ ભગવાનની ઉપાસના ને સેવા ને પૂજા કરે અને સ્તવન કરે મોટા. (**શ્રોતા** : એ તો બહિરાત્મા છે) એ તો વિકલ્પ છે. આંહી સવારમાં ઓલું અપૂર્વ અવસર નહોતું ગવાતું ? ઓલા ઉતાર્યું છે, પણ એ અપૂર્વ અવસર સાંભળવામાં તો વિકલ્પ છે. મીઠો સ્વાદ લાગે એટલે જાણે કે આહા! એકાગ્ર સૌ થઈ જાય. સમજાણું કાંઈ ? આત્મસિદ્ધિ અને અપૂર્વ અવસર ઉતાર્યા છે ને એમાં ? રેકોર્ડિંગમાં. બહુ મીઠું લાગે માણસને સાંભળતા પણ એનો અર્થ શું ? એ તો એક શુભ રાગ છે. એનાથી આત્માને કલ્યાણ થાય એવું નથી. આહાહા! અહીંયા તો એને સાંભળતા જે જ્ઞાન થાય એ પણ પોતાને પોતાને કારણે પરલક્ષી થાય છે એનાથીય કલ્યાણ નથી. આહાહા!

આંહી તો આત્માની આત્મા ઉપાસના કરે એમ કીધું. તો આત્મા પૂર્ણાનંદ પૂર્ણ સ્વરૂપ છે એ આત્મા, એની ઉપાસના કરે આત્મા. આત્મા એટલે ? એની પર્યાય જે નિર્મળ સ્વભાવ આહાહા! તેનાથી તે પરમાત્મા થાય છે. સ્વયં પરમાત્મારૂપ થઈ જાય છે. ઓહોહો! વૃક્ષનો સ્વભાવ તે ઘસાતાં અગ્નિના સ્વભાવરૂપે થઈ જાય છે. પણ એ તો સ્વભાવ ફેર અને અગ્નિરૂપ ફેર ઈ ફેર છે. હેં ? પર છે. અગ્નિરૂપ થાય છે વૃક્ષનો સ્વભાવ. આ તો ચૈતન સ્વભાવ આનંદ અને જ્ઞાન સ્વરૂપ જ છે. મુક્ત જ સ્વરૂપ છે. પરમાત્મ સ્વરૂપ છે. શક્તિએ, સ્વભાવે, સત્ત્વે, સત્ત્વ એનું, એમાં એકાગ્રતા થતાં એ જેવું પરમાત્મપણું એવું પર્યાયમાં પરમાત્મ થઈ જાય છે એમ કહે છે.

વૃક્ષનો સ્વભાવ અગ્નિરૂપે થઈ જાય એ તો ફેરફાર થઈ ગયો. દૃષ્ટાંત જ એવું તો બીજું શું કરે ? વૃક્ષ પોતે અગ્નિસ્વભાવે થઈ જાય છે એ તો વૃક્ષનો સ્વભાવ જુદો અને આ, પણ આંહી તો જે એનો સ્વભાવ છે પરમ સ્વરૂપ, પરમાત્મ સ્વરૂપ એમાં પર્યાયની એકાગ્રતા થતાં જેવું સ્વરૂપ છે વસ્તુમાં એવી પર્યાયમાં પરમાત્મા થઈ જાય છે. સમજાણું કાંઈ ? ઝાડનો દાખલો આપ્યો કે ઝાડનો સ્વભાવ ઝાડ સાથે ઘસાતાં અગ્નિરૂપે થઈ જાય છે ઝાડ, તે તો સ્વભાવ ફેર છે અને સ્વભાવ ફેર થઈ ગયો એ તો. દૃષ્ટાંત તો ઈ છે.

એમ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એ જ્ઞાનાનંદ સ્વરૂપ, પરમાત્મ સ્વરૂપ જ છે સ્વભાવ, એની એકાગ્રતા થતાં પર્યાયમાં પરમાત્મા થઈ જાય છે પણ ઈ તો જાત હતી તેવી થઈ ગઈ. વૃક્ષનો સ્વભાવ અને અગ્નિ થઈ એ તો જાત નહોતી. આહાહા! સમજાણું

કાંઇ ? દૃષ્ટાંત તો બીજું શું આપે ? કે ભઇ ઝાડ ઝાડ સાથે ઘસાતાં અગ્નિરૂપે ઝાડ પરિણમી જાય છે, એમ આત્મા આત્માના સ્વભાવમાં ઘસાતાં એકાગ્ર થતાં તે સ્વભાવ છે તો એ પરમાત્મા થવાનો સ્વભાવ છે એનો આહાહા ! વૃક્ષનો સ્વભાવ અને અગ્નિરૂપે થવું એ તો બીજી જાત છે આખી. સમજાણું કાંઇ ? દૃષ્ટાંત તો શું કરે ? એમ આત્મા ચિદ્‌સ્વરૂપ એવો ભગવાન સ્વરૂપ પ્રભુ એની એકાગ્રતાના મંથનમાં, મંથનમાં એની રગડતામાં પરમાત્મા થઇ જાય છે. એને કોઇ પરની અપેક્ષાની, નિમિત્તના સહારાની કોઇ જરૂર નથી. આહાહા !

આંહી તો એ કહ્યું છે કે પરમાત્માએ કહ્યું એવું એણે સાંભળ્યું. સાભળવામાં વિકલ્પવાળું જ્ઞાન થયું એને. આમ કહે છે જ્ઞાન પણ એ જ્ઞાનેય અહીંયા સ્વભાવમાં એકાગ્ર થવામાં કારણ નથી. આહાહા ! આ તો એનો જે સ્વભાવ છે ઇ સ્વભાવમાં એકાગ્રતા ઇ જાતનો એકાગ્રતા, સાંભળીને જે જ્ઞાન થયું એ થયું છે પોતાથી, વાણી પર છે પણ તે જ્ઞાન છે એ એનો સ્વભાવ નથી. હેં ? ઇ જાતનો નથી. આહાહા ! સમજાણું કાંઇ ? સમાધિતંત્ર છોટુભાઇએ કર્યું છે ને ? આ છોટાભાઇ ! આહાહા ! એનો અહીં સ્વભાવ જ એવો છે પરમાત્મ સ્વભાવ. સ્વ-ભાવ છે ચિદ્‌સ્વરૂપે પ્રભુ. એમાં એકાગ્રતાની રગડતાથી જે શક્તિરૂપે સ્વભાવ છે તે વ્યક્તરૂપે થઇ જાય છે. ઝાડની પેઠે આ નથી. સમજાણું કાંઇ ?

ન્યાં તો ઝાડનો દાખલો તો એટલો કે ઝાડ ઝાડમાં ઘસાતા અગ્નિ થાય છે એને કોઇ બીજું નિમિત્તે અગ્નિ મૂકીને થઇ એમ છે (નહિં) આહાહા ! હેં ? એટલું એને સિદ્ધ કરવું છે પણ આંહી સિદ્ધાંતમાં એ લાગુ નથી બહુ આવતું પડતું. ફક્ત ઘસારો. ઝાડ ઝાડમાં ઘસાય એટલો દૃષ્ટાંત, દૃષ્ટાંતનો એટલો અંશ સિદ્ધ થાય. આહાહા ! સમજાણું કાંઇ ? આ હમણાં કીધું નહોતું ઓલું શું ? આગમ ને મૂર્તિ ભવિજનકો આધાર. શ્વેતાંબરમાં એ બહુ આવે. આગમ અને મૂર્તિ ભવિજનકો આધાર, આંહી કહે ઇ એ વાત જૂઠ્ઠી છે. આરે ! આત્મા ત્રિલોકનાથ અંદર પરમાત્મા, એના પરમાત્મા થવાને આધાર તો એ છે. આહાહા ! જુઓને એક શૈલી તો સંતોની. કહે છે કે જે અમે તને કહીએ છીએ ને તને સાંભળવાથી, તારી યોગ્યતાથી તને જે જ્ઞાન થયું એ ઘસારાનું જ્ઞાન નથી. હેં ? આહાહા ! એ શક્તિમાંથી વ્યક્તિ થઇ છે એ નથી એ જ્ઞાન. આહાહા ! હેં !

(શ્રોતા : પરસત્તાવલંબી) પરસત્તાવલંબી ખરેખર તો એ બંધનું કારણ છે. આંહી તો સ્વભાવ જે છે એનો સ્વભાવ એ સ્વભાવની પર્યાય સ્વભાવ સાથે ઘસાડી આહાહા ! એ પોતે પરમાત્મા જેવું સ્વરૂપ છે એવું વ્યક્તિમાં થઇ જાય છે. એ તરુ, ઝાડનો દાખલો અને આ દાખલો. સિદ્ધાંત ફેર પણ દૃષ્ટાંત બીજું શું દેવાય એમ કે ? સમજાણું

કાંઇ ? આહાહા ! એને સ્વભાવમાં એકાગ્રતા થવામાં કોઇ જાત્રાના વિકલ્પની જરૂર નથી, સાંભળવાના વિકલ્પની જરૂર નથી, વિકલ્પથી થયું જ્ઞાન પોતાથી એની જરૂર નથી. ઓહોહો ! સમજાણું કાંઇ ?

સમાધિતંત્ર છે આ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ સમાધિ છે અને તંત્રનો અર્થ સિદ્ધાંત થાય છે શાસ્ત્ર અથવા તંત્રનો અર્થ થાય છે ઔષધિ. સમાધિતંત્ર પછી શબ્દ બીજો આવે છે સમાધિ શતક એ તો ઓલા ગાથા છે ને એકસોપાંચ ? એટલું સૂચવવા માટે શતક કહ્યું પણ સમાધિતંત્ર, સમાધિ શાસ્ત્ર અથવા સમાધિ ઔષધિ. આહાહા ! ભવરોગને મટાડવાની સમાધિ ઔષધિ છે. એ આત્માના સ્વભાવમાં એકાગ્ર થવું એ સમાધિ ઔષધિ છે. આહાહા ! સમજાણું કાંઇ ?

જ્ઞાયક સ્વભાવ અરે ! એ કેમ બેસે બાપુ ! પરિપૂર્ણ વસ્તુ છે આખી. જે પર્યાય દ્રવ્યને અડતી નથી એ તો આપણે આવી ગયું ને આમાં ? અલિંગગ્રહણમાં. એ દ્રવ્ય પોતે પર્યાયમાં આવતું નથી છતાં પર્યાય સ્વભાવ સાથે એકાગ્ર થતાં પર્યાયમાં એ દ્રવ્યનું જેવું સ્વરૂપ છે તેવું જ્ઞાન આવે, વસ્તુ ન આવે. આહાહા ! એ આંહી કહે છે કે વસ્તુનો સ્વભાવ ચિદ્‌મય, જ્ઞાનમય, પરમાનંદ સ્વરૂપ પ્રભુ એની સ્વભાવનો સ્વભાવમાં એકાગ્ર થતાં આહાહા ! એ તો આજ સવારમાં આવ્યું'તું ને કે આત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. દ્દઠ્ઠો (છઠ્ઠો) બોલ આવ્યો'તો હેં ? અલિંગગ્રહણનો. ઇ પોતાનો સ્વભાવ જ એવો એનો છે કે સ્વભાવમાં પરિપૂર્ણ શાંતિ, શાંતિ, શાંતિ ઇ એનું સ્વરૂપ જ છે. પરમ શાંતિ, પરમ આનંદરસ, પરમ અકષાયરસ, પરમ વીતરાગ સ્વભાવ એમાં એકાગ્રતા થતાં પરમ વીતરાગતા, પરમ પરમાત્મા થવાય છે. હેં ? આહાહા ! સમજાણું કાંઇ ? વહેવારવાળાને બહુ આકરું લાગે આ. વહેવાર સાધન ને નિશ્ચય સાધ્ય આવે છે ? પંચાસ્તિકાયમાં આવે છે. એ તો સાધન તેનું એ ગુણસ્થાને હોય એનું જ્ઞાન કરાવ્યું છે. સાધન ફાધન, સાધક છે તે બાધક છે. સમજાણું કાંઇ ? આહાહા !

જેમ વાંસના વૃક્ષમાં અગ્નિ શક્તિરૂપે વિદ્યમાન છે એટલી વાત લીધી શક્તિરૂપે વિદ્યમાન છે એમ. અને તે ઘર્ષણથી પ્રગટ થાય છે. ઘર્ષણથી પ્રગટ થાય છે, તેમ આત્મામાં પણ પૂરણ જ્ઞાનાદિ ગુણો સત્ય વિદ્યમાન છે. આહાહા ! એ તો પરમાત્મા સ્વરૂપે પરમાનંદ જેવો છે. નિગોદના જીવ અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય શરીર અને એક એક શરીરે અનંત જીવ. એ જીવ એને કહીએ પૂરણ આનંદથી ભરેલો ભગવાન પૂરણ સ્વરૂપ એને જીવ કહીએ. આહાહા ! ક્ષેત્ર ભલે નાનું હોય એને અહીં સંબંધ નથી.

એના સ્વભાવના સામર્થ્યની શક્તિ કેટલી છે એ આહીં તો બતાવવું છે. આહાહા!

એક અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય નિગોદ શરીર ને એક એક શરીરમાં સિદ્ધ કરતાં અનંતગુણા જીવ, પણ કેવા એ જીવ? કોને જીવ કહેવો એમાં? આહાહા! કે પૂરણ પૂરણ પૂરણ જ્ઞાન સ્વભાવ પૂરણ આનંદ સ્વભાવ વસ્તુનો જે સ્વભાવ પૂરણ એને જીવ કહીએ. પર્યાયમાં અક્ષરના અનંતમાં ભાગની દશા એ તો પર્યાયની છે, વસ્તુ નહિં. આહાહા! એવા અનંતા પરમાત્મા જગતમાં બિરાજે છે શક્તિરૂપે હોં! પરમાત્મા થયા એ વ્યક્તિરૂપે થઇ ગયા પ્રગટ. આ શક્તિરૂપે છે પણ એને બેસે શક્તિરૂપે આવું? આહાહા! આટલા ક્ષેત્રમાં આટલા ભાવવાળો પદાર્થ એકલો જ્ઞાનરસ, આનંદ, શક્તિ ચિદ્સ્વરૂપ એકલું એનું, એનું રૂપ જ ચિદ્સ્વરૂપ છે એમ જેને પ્રતીતમાં બેસે ઇ ઘસારાથી બેસે, એમાં એકાગ્ર થાય તો બેસે એમ કહે છે. સમજાણું કાંઇ? આહાહા!

આમ તો અભવી, ભવી કે દ્રવ્યલિંગીએ અગિયાર અંગ કર્યા ને જીવદ્રવ્યનું જ્ઞાન નથી એને આવ્યું? જીવ પરિપૂર્ણ છે, પર્યાયમાં આવતો નથી એ બધું ધાર્યું છે એણે. હેં? ધાર્યું છે પણ એનો વિષય પ્રત્યક્ષ દૃષ્ટિમાં ધાર્યો નથી. હેં? ઘસારો થઇને દૃષ્ટિમાં આવ્યો નથી. આહાહા! નહિંતર અગિયાર અંગમાં એને ખ્યાલ નથી કે એકલી પર્યાયનું જ જ્ઞાન છે એને? દ્રવ્યનું જ્ઞાન છે. દ્રવ્યના ગુણો અનંત છે એનું પણ એને જ્ઞાન છે પણ એ જ્ઞાનને જાણ્યા વિના આ સત્તા આવડી છે એ જાણ્યા વિના જ્ઞાન છે. આહાહા! સમજાણું કાંઇ? પણ એ જાણ્યું આવ્યું ને વળી જાણ્યા વિના જ્ઞાન, કારણ કે વિષય જે વસ્તુ છે ઇ વિષય એ બન્યો નથી એને. આહાહા! દૃષ્ટિમાં ને જ્ઞાનની પર્યાયમાં આવડો આ વિષય છે એ વાત આવી નથી એને. તેથી એનું જ્ઞાન દ્રવ્ય ને પર્યાયનું થયું એ જ્ઞાન જ્ઞાન નથી. આહાહા! અગિયાર અંગના જ્ઞાનમાં આ થયું એ જ્ઞાન નથી એમ કહે છે.

જ્ઞાનાદિ ગુણો પૂર્ણ શક્તિરૂપે વિદ્યમાન છે અને તે આત્માની આત્મા સાથે એકરૂપતા થતાં, જે પર્યાય પરસન્મુખ છે તે સ્વભાવ સન્મુખ કરતાં ભાષા શું છે જોયું? એકરૂપતાં થતાં - એ પર્યાયને દ્રવ્ય એક થઇ જાય છે? એનો અર્થ જે પર્યાય આમ ઢળી હતી એ આમ ઢળી એટલે એકરૂપ થઇ એમ કહેવામાં આવે છે. આહાહા! આવી વસ્તુ છે. જિનેન્દ્ર વીતરાગ ત્રિલોકનાથ એણે આ રીતે જાણ્યું અને આ રીતે કહ્યું છે. વાડામાં મળે નહિં એટલે કંઇ વસ્તુ ફરી જાય? વસ્તુ તો આવી છે. આહાહા! આત્મામાં પણ ઓલ્યા વૃક્ષનો દાખલો આપ્યોતોને એટલે પણ કીધું. વૃક્ષમાં શક્તિરૂપે અગ્નિ હતી એમ કહ્યું એટલું એને લાગુ પડયું. શક્તિરૂપે જો અગ્નિ ન હોય તો વ્યક્તરૂપે પણ એ

પાવક ઝાડ અગ્નિરૂપે ન થાય એમ, એટલું સિદ્ધ કર્યું વૃક્ષમાં શક્તિરૂપે જ અગ્નિ છે ઘસારાથી બહાર આવે છે.

એમ આંહી શક્તિરૂપે પૂર્ણાનંદનો નાથ આત્મા છે (એના) એને કબૂલતાં એની પર્યાયે, એની પર્યાયે એને જાણતાં એમાં એકાગ્ર થતાં તે આત્મા આવો છે એવું તેને જ્ઞાન થયું અને તેથી તે એકાગ્ર થઈને આગળ વધીને કેવળ પામશે. આહાહા! આ તો મુદ્દાની વાત છે ભઈ. સમજાણું કાંઈ? જાણપણું ઓછું હોય વધારે હોય એની હારે (સાથે) સંબંધ નથી. ફક્ત એની જાતની શક્તિ જે છે એના તરફ જે સ્વભાવની જાત એની પર્યાયની વળી એ પરમાત્મા થઈ જશે. જે સ્વભાવની પર્યાયને સ્વભાવ પરમાત્માનો ભેટો થયો. આહાહા! જે પર્યાયના સ્વભાવ દ્વારા પૂર્ણાનંદનો નાથ પર્યાયવાન લ્યો એ પર્યાયવાન કહેવું પડ્યું, પર્યાયમાં તો આવતો નથી પણ આવે છે ને? એનું જ્ઞાન આવે છે ને? ઈ શું છે ચીજ એને ખ્યાલ તો આવી જાય છે. સમજાણું કાંઈ?

એવો જે આત્મા આહાહા! આત્માની સાથે એકત્વરૂપ થતાં, એકરૂપ થતાં એટલે જેની જાત છે તેવી પર્યાય થતાં એમ. આહાહા! એ નિર્વિકલ્પ સ્વભાવરૂપે થતાં એને એકરૂપતા કીધી પ્રગટ થાય છે એ પ્રગટ થાય છે. પરમાત્માનું સ્વરૂપ એન્લાર્જ થઈને બહાર આવે છે. આહાહા! જેવું સત્તામાં હતું તેવું પર્યાયમાં એકાગ્ર થતાં આવે છે એને કોઈ બહારની જરૂર નથી. આહાહા! શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે. આનંદઘનજીમાં આવે છે પરમાગમ કે શાસ્ત્ર દિશા દેખાડે એને. એ તો અળગા રહે પછી એ કંઈ સાધન થઈ જાય? આહાહા! સમજાણું કાંઈ? એનું સાધન તો એ સ્વભાવની એકાગ્રતા એ એનું સાધન છે. સ્વભાવની જાતની જે એકાગ્રતા થઈ આહાહા! આમાં બધા વાદ-વિવાદ ને તકરાર ઊઠે બધી ઈ એને ઘરે રહી.

આંહી તો 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદ-વિવાદ કરે સો અંધા' એમ નિયમસારમાં કહ્યું છે ને? ભાઈ જીવની જાત જુદી જુદી ભવી અભવી, એના કરમની જાત એની પાસે જુદી જુદી એની લબ્ધિ ભિન્ન ભિન્ન. કોની હારે (સાથે) તું વાદ-વિવાદ કરીશ. હેં? વાદ-વિવાદ કરીને શું વિકલ્પથી તારે રોકાવું છે? એનાથી કાંઈ એ સમજી જશે? હેં? નહિં સમજે. આહાહા! સમાધિમાં તો આવી ગયું છે આપણે આમાં હું કોને સમજાવું? ને હું કોનાથી સમજું? એ બધું પાગલપણું છે. આહાહા! પોતે પોતાનો ગુરુ ને પોતે પોતાનો દેવ અને પોતાનો સ્વભાવ એ પોતાનું સ્વરૂપ આહાહા! એ ધરમ આહાહા! પ્રગટ થાય છે.

આત્મા અન્ય બાહ્યાંતર સંકલ્પ વિકલ્પરૂપ વ્યાપારોથી પોતાના ઉપયોગને

હઠાવી નાસ્તિથી વાત છે. સ્વરૂપમાં એકાગ્ર કરી દે છે ત્યારે તેના શુદ્ધ પર્યાયો પ્રગટ થાય છે. શુદ્ધ જેવો સ્વભાવ છે શક્તિ અને ગુણરૂપે એવી પર્યાય પ્રગટ થઇ જાય છે. સમજાણું કાંઇ ? આત્માના આત્મા સાથેના સંઘર્ષથી ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપે પ્રભુ તેને જ્ઞાન અને આનંદના સંઘર્ષથી ધ્યાનરૂપી અગ્નિ પ્રગટ થાય છે. તેના નિમિત્તે જ્યારે કર્મરૂપી ઇંધન સર્વથા બળી જાય છે એ તો વાત કરી જાણવાની ત્યારે તે આત્મા પરમાત્મા થઇ જાય છે. એ તો કર્મનો અભાવ થયો માટે અહીં નિર્મળતા થઇ એમેય નથી. એનામાં એક અભાવ નામનો ગુણ છે. પરપણાથી ન થવું, પરપણે ન થવું એવો એનો એક અભાવગુણ છે. એમાં અભાવગુણનો આધાર પોતે આત્મા છે. એની દૃષ્ટિ કરતાં અભાવરૂપે પરિણામી જાય છે. કર્મ ટળ્યું માટે અભાવરૂપે પરિણમે છે એમ નથી. આહાહા ! સમજાણું કાંઇ ?

## વિશેષ

સમ્યગ્દૃષ્ટિ જ્યારે આત્મધ્યાનમાં મગ્ન થઇ જાય છે, ધ્યાનનો વિષય જે પૂરણ પરમાત્મા જ્યારે ધ્યાનમાં વિષયમાં આવે છે ત્યારે ધ્યાન, ધ્યાતા અને ધ્યેય એવા ભેદ રહેતા નથી. ભેદ રહેતો નથી. વચન કે અન્ય વિકલ્પ હોતો નથી છે ને આ ? નીચે આ કળશ છે છ ઢાળાનો,[૧] જહાં ધ્યાન, ધ્યાતા, ધ્યેયકો ન વિકલ્પ વચભેદ ન જહાં, ચિદ્દ્ભાવ કર્મ ચિદેશ કર્તા, ચિદ્દ્ભાવ કર્મ, જ્ઞાન ભાવ તે કાર્ય, અને ચિદ્દ્રેશ ભગવાન આત્મા એનો કર્તા આહાહા ! ચેતના ક્રિયા તહાં. એ ચેતનાની ક્રિયા ત્યાં છે. તીનો અભિન્ન અખિન્ન શુદ્ધ ઉપયોગકી નિશ્ચળ દશા, તીનો અભિન્ન અખિન્ન. તીનો કોણ ? ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એમ. તીનો અભિન્ન અખિન્ન શુદ્ધ ઉપયોગકી નિશ્ચળ દશા પ્રગટી જહાં દગ-જ્ઞાન-વ્રત, વ્રત એ ચારિત્ર હોં, એ તીનધા એકૈ લસા. એક સમયમાં ત્રણપણું પ્રગટ થઇ ગયું એક હારે (સાથે) આહાહા ! સમજાણું કાંઇ ?

દોલતરામની છે ને છઠ્ઠા ઢાળાની નવમો શ્લોક છે ઇ છઠ્ઠી ઢાળ હેઠે લખ્યું છે છઠ્ઠી ઢાળાનો નવમો શ્લોક. તો આત્મા જ કર્મ. આત્મધ્યાનમાં તો આત્મા જ કર્મ એટલે આત્માનો નિર્મળ સ્વભાવ થયો એ જ આત્માનું કર્મ. સ્વભાવમાં એકાગ્ર થતાં શુદ્ધ ચૈતનની શક્તિમાંથી વ્યક્તતા શુદ્ધની પ્રગટી એ આત્માનું કર્મ. એ આત્માનું કાર્ય. આરે આ. સમજાણું ? પાઠમાં છે ને ચિદ્દ્ભાવ કર્મ ચિદેશ કર્તા. આત્મા જ કર્તા. ચિદેશ એટલે જ્ઞાનનો ઇશ્વર આત્મા ઇ નિર્મળ દશાનો કર્તા આત્મા છે. આહાહા ! આંહી તો એ બતાવવું છે ને ? બાકી તો

૧. જહં ધ્યાન-ધ્યાતા-ધ્યેયકો ન વિકલ્પ, વચ ભેદ ન જહાં; ચિદ્દ્ભાવ કર્મ, ચિદેશ કર્તા, ચેતના કિરિયા તહાં; તીનો અભિન્ન અખિન્ન શુદ્ધ ઉપયોગકી નિશ્ચલ દશા; પ્રગટી જહાં દગ-જ્ઞાન-વ્રત યે, તીનધા એકૈ લસા.

પર્યાયના કર્તા, કર્મ, કરણ ષટ્ નિર્મળ પર્યાયના ષટ્ કરમ જે છે એ પણ વસ્તુમાં નથી. એ તોંતેર ગાથામાં આવી ગયું છે તોંતેરમાં સમયસાર.

પર્યાયમાં થતાં કર્તા, કર્મ, કરણ, સંપ્રાદાન, અપાદાન, અધિકરણ એક સમયની દશામાં થાય છે, તે વસ્તુમાં નથી. આહાહા! અને આત્માનો ભાવ તે ક્રિયા. ચૈતન સ્વભાવની નિર્મળ દશા પ્રગટ થઇ તે તેનું કાર્ય, તેનો કર્તા આત્મા, આંહી તો અભેદથી લેવું છે ને? અને તેની ક્રિયા પણ ચૈતનની થઇ. આત્માની નિર્મળ ક્રિયા પરિણતિ થઇ. પૂર્વ પર્યાય બદલીને થઇને પણ એ પોતાની ચૈતનની ક્રિયા થઇ એમ અભિન્ન થઇ જાય છે. શુદ્ધઉપયોગની નિશ્ચળ દશા પ્રગટ થાય છે. શુદ્ધ ઉપયોગ. શુદ્ધ ઉપયોગ એ એનું સ્વરૂપ છે. શુભ ઉપયોગ એનું સ્વરૂપ નથી. એ તો અચેતન છે. આ તો શુદ્ધ ઉપયોગ ચૈતનની ક્રિયા ઉત્પન્ન થઇ. આહાહા! આ ક્રિયા. આ કહે છે ને આ ક્રિયા કરીને આ થાય એ ક્રિયા નહિં. આહાહા!

ક્રિયા જડની પરિણતિ બદલે ઇ જડની ક્રિયા, રાગની પરિણતિ ઊભી થાય તે વિભાવની ક્રિયા અને સ્વભાવની એકાગ્રતા થતાં ક્રિયા થાય એ સ્વાભાવિક ક્રિયા. ક્રિયા તો છે. સમજાણું કાંઇ? આહાહા! તે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર પણ એકસાથે એકરૂપ થઇને પ્રકાશે છે. છે ને? દગ જ્ઞાન વ્રત યે તીનધા એકૈ લસા. આહાહા! સ્વરૂપની એકાગ્રતાની પ્રતીતિ, સ્વરૂપની એકાગ્રતામાં એનું જ્ઞાન ને સ્વરૂપની એકાગ્રતામાં રમણતા એ ત્રણેય પ્રકાશે છે. આહાહા! આમાં આ છે અને ઓલા ન્યાં આવ્યું'તું ને કોટામાં હતા ને? કોટા હતા ને? તમે નહોતા.નથી આવ્યા. કોટામાં આવ્યું'તું આ ૪થે (ચોથે) દિ'. ૫મે (પાંચમે) દિ'. ૪ (ચાર) દિ' તો હાલ્યું ન્યાં ૮ (આઠે) દિ' તો બરાબર કાંઇ વિઘ્ન ન થયું પણ પાંચમે દિ' કાગળ ચોપાનિયા છપાવેલા હતા.

વિદ્યાનંદજીના દર્શનમાં નથી ઓલું જૈન દર્શન? એમાં ચોપાનિયા કોઇ છપાવ્યા ગામમાં કોણ છે જાણતા નથી. જંબુકુમાર છે ને ત્યાં? ભાઇ છે યુગલ કિશોર પણ એ ક્યાંકથી છપાવ્યા હશે. મૂક્યા હતા ત્યાં, કે સાધુનો જે આ વહેવાર આચરણ છે, વ્રત, નિયમ, ક્રિયા, શ્રાવકના ૧૨ (બાર) વ્રત આદિ (એના) એને ધર્મ નથી માનતા એ દિગંબર ધર્મનો નાશ કરી નાંખશે. અરે ભગવાન! ભારે પણ પુણ્ય લઇને આવ્યા છે ને? પુણ્ય છે બહારમાં પ્રસિદ્ધિ થાય છે. ઓલા શુશીલકુમાર ગયા ને હમણાં, બહાર એનાય વખાણ કર્યા છે. વિદ્યાનંદજીએ બહુ વખાણ કર્યા. ઓહોહો! ત્યાં જાવ અમારા આશિર્વાદ છે. અરે! ક્યાં સ્થાનકવાસી કાંઇ શ્રદ્ધાના ઠેકાણા ન મળે. આ ભગવાનનો આ સંદેશ દેવા ત્યાં જાય છે. અરેરે! આ વાતું.

ભગવાનનો સંદેશ તો સ્વભાવમાં એકાગ્ર થવું એ છે. હેં? બધા શાસ્ત્રનો સાર તો વીતરાગતા છે. આ વીતરાગતાનો અર્થ શું થયો? કે પરની અપેક્ષા છોડી સ્વની અપેક્ષામાં આવવું એ વીતરાગતા. હેં? આહાહા! એ સિદ્ધાંતના બધા ચારે અનુયોગમાં એમ કહેવું છે. ચારેય અનુયોગનો આ સાર વીતરાગતા સાર છે. આહાહા! કહે છે એક સાથે એકરૂપ થઈને પ્રકાશે છે આત્મરૂપ થયાને ત્રણે એમ. આ શ્લોકમાં આચાર્યદેવે એ બતાવ્યું કે પોતાના આત્માનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સમજી અર્હંત આદિની ઉપાસના આ રાગથી પરાઙ્મુખ થઈ. અરિહંત, સિદ્ધ, પાંચ પરમેષ્ઠીનો રાગ જે છે એનાથી પરાઙ્મુખ થઈ, સ્વસન્મુખ થઈ જીવ જો પોતાના શુદ્ધ આત્માની એટલે પરમ પારિણામિક કારણ પરમાત્માની નિજ ઉપાસના કરે તો તે સ્વયં પરમાત્મા થઈ શકે છે. આહાહા! સમજાણું કાંઈ?

આવો મારગ ભાઈ! એવો લાગે ઝીણો કે વહેવારનો કાંઈ કાંઈ ટેકો, ઓલા ભાઈ કહેતા નહિં? ઓલા છોટેલાલજી. વહેવારમાં આવે તો થોડો વિશ્રામ મળે પછી પહેલું એમ બતાવે પછી ફરી ગયા. હવે ફરી ગયા પાછા એ છોટેલાલજી હતા ને? છે ને ઈંદોરમાં? પહેલા અનુકૂળ હતા વચમાં વળી પાછું ફેરફાર થઈ ગયેલો રોટલા બંધ કર્યા એટલે એ લોકોએ વળી પાછો અત્યારે ઠીક. આહાહા! એમ કહે વહેવારમાં આવે ત્યારે થોડો વિશ્રામ મળે. થાક ઉતરે. થાક હશે? એ પોતે થાક છે. આહાહા! પછી એમ કે અંદર જવામાં એને અનુકૂળ પડે. નિશ્ચયમાં એમ આહાહા! આંહી તો કહે છે કે પોતામાં સન્મુખ થવામાં કોઈપણ વહેવારના વિકલ્પની જરૂર નથી. આહાહા! ગુણગુણીના ભેદના વિકલ્પની પણ ત્યાં એ જ કીધુંને? ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એવા ભેદ પણ જ્યાં નથી. આહાહા!

ધ્યાતા આત્મા, ધ્યાન એની એકાગ્રતા, ધ્યેય આત્મા એવો ત્રણ ભેદ પણ જ્યાં નથી એવી સ્વભાવની એકાગ્રતા તે પરમાત્મા થવાનું કારણ છે. આહાહા! દરેક જીવમાં દ્રવ્યદૃષ્ટિએ પરમાત્મા થવાની શક્તિ છે. દરેક જીવ પરમાત્મ સ્વરૂપ જ જીવ એને કહીએ. આહાહા! સ્ત્રી, પુરુષ, નપુંસક એ તો જડના લિંગો છે, એમાં ક્યાં છે? દ્રવ્ય ભાવ ભેદથી રહિત છે. આવ્યું'તું ને? અલિંગગ્રહણમાં આવ્યું'તું. દ્રવ્ય ભાવ ભેદથી તો રહિત પ્રભુ છે. આહાહા! એને આત્મા કહીએ. જો તે જિનોપદેશ અનુસાર પુરુષાર્થ પૂર્વક ઉદ્યમ કરે તો તે શક્તિને સંપૂર્ણપણે વ્યક્ત કરી પરમાત્મા થઈ શકે છે લ્યો. આહાહા! પોતાના સ્વભાવની શક્તિની સન્મુખ થઈ અને એકાગ્રતા કરે, પરમાત્મા સાક્ષાત્ થઈ શકે છે, એમાં સંદેહનું સ્થાન નથી, બીજાની મદદની જરૂર નથી.

વિશેષ કહેશે.....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

# પ્રવચન – ૧૧૩

## શ્લોક – ૯૯

સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૭.૦૮.૭૫

**उक्तमर्थमुपसंह्यत्य फलमुपदर्शयन्नाह -**

**इतीदं भावयेन्नित्यमवाचां गोचरं पदम् ।**
**स्वत एव तदाप्नोति यतो नावर्तते पुनः ।।९९।।**

એમ નિરંતર ભાવવું, પદ આ વચનાતીત;
પમાય જે નિજથી જ ને, પુનરાગમન રહિત. ।।૯૯।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

હવે ઉક્ત અર્થનો ઉપસંહાર કરીને ફળ દર્શાવે છે. ભિન્ન અને અભિન્ન સેવાની વાત કરીને બે ગાથામાં. (**શ્રોતા :** ઉપાસના) ઉપાસના. સેવા. અરિહંત ને સિદ્ધ, એનું ધ્યાન કરીને અંદરમાં ઉતરે છે ત્યારે એને આત્માનું પદ પ્રાપ્ત થાય છે એવો દૃષ્ટાંત એ આપ્યો અને બત્તીનો આપ્યોને ? બત્તીની દિવેટ હોય, બીજા દીવાને અડે, ભડકો થાય એ નિમિત્તથી કથન છે. એમ અરિહંત અને સિદ્ધને લક્ષમાં લઈને પછી અંતરમાં ઉતરે તો એને કેવળજ્ઞાન થાય. હેં ? આમ છે. અને પછીમાં એમ કહ્યું કે અભિન્ન. વૃક્ષમાં શક્તિ છે અગ્નિની. એ પોતે પોતાને ઘસાઈને અગ્નિ થઈને, ઝાડમાં અગ્નિ થઈ જાય છે એમ ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન શક્તિ છે ચૈતન્યની, એમાં એકાગ્ર થઈને, ઘસારો કરીને પોતે કેવળજ્ઞાન અથવા અનુભવને પ્રાપ્ત થાય છે. નિરાંતે વાંચજો પછી. હિંમતભાઈને ન આપ્યું તમને આપ્યું. તમે એના સહચારી હતા ખરાને ? એ બેનો ઉપસંહાર કરે છે.

**उक्तमर्थमुपसंह्यत्य फलमुपदर्शयन्नाह -**

**इतीदं भावयेन्नित्यमवाचां गोचरं पदम् ।**
**स्वत एव तदाप्नोति यतो नावर्तते पुनः ।।९९।।**

**એમ નિરંતર ભાવવું, પદ આ વચનાતીત;**
**પમાય જે નિજથી જ ને, પુનરાગમન રહિત. ।।૯૯।।**

**टीका** : इति एवमुक्तप्रकारेण इदं भिन्नमभिन्नं चात्मस्वरूपं भावयेत् नित्यं सर्वदा । ततः किं भवति? आप्नोति । किं? तत्पदं मोक्षस्थानं । कथम्भूतं? अवाचां गोचरं वचनैरनिर्देश्यं । कथं तत्प्राप्नोति ? स्वतः एव आत्मनैव परमार्थतो न पुनर्गुर्वादिबाह्यनिमित्तात् । यतः प्राप्तात् तत्पदान्नावर्तते संसारे पुनर्न भ्रमति ।।९९।।

ઉક્ત અર્થનો ઉપસંહાર કરીને ફલ દર્શાવી કહે છે :–

**અન્વયાર્થ** : (इति) ઉક્ત પ્રકારે (इदं) ભેદ - અભેદરૂપ આત્માસ્વરૂપની (नित्यं) નિરંતર (भावयेत्) ભાવના ભાવવી. એમ કરવાથી (तत्) તે (अवाचां गोचरं पदं) અનિર્વચનીય પરમાત્મપદને (स्वतः एव) સ્વતઃ જ - પોતાની મેળે જ આ જીવ (आप्नोति) પ્રાપ્ત કરે છે, (यतः) જે પદથી (पुनः) ફરીથી તે (न आवर्तते) પાછો આવતો નથી.

**ટીકા** : આ પ્રમાણે એટલે ઉક્ત પ્રકારે આ ભિન્ન ને અભિન્ન આત્મસ્વરૂપની, નિત્ય એટલે સર્વદા, ભાવના કરવી. તેથી શું થાય છે ? તે પદ - મોક્ષસ્થાન (પ્રાપ્ત થાય છે). તે (પદ) કેવું છે ? વાણીને અગોચર એટલે વચનો દ્વારા કહી શકાય તેવું (અનિર્વચનીય) છે.

તે કેવી રીતે પ્રાપ્ત કરે છે? પરમાર્થે સ્વતઃ જ (પોતાની મેળે જ) - આત્માથી જ (પ્રાપ્ત કરે છે) પણ ગુરુ આદિ બાહ્ય નિમિત્ત વડે નહિં; જ્યાંથી એટલે પ્રાપ્ત થએલા તે પદથી (મોક્ષસ્થાનેથી) તે પાછો આવતો નથી - અર્થાત્ ફરીથી સંસારમાં ભમતો નથી.

**ભાવાર્થ** : સાધકને નિર્વિકલ્પ દશામાં પોતાના આત્માનો આશ્રય અને સવિકલ્પ દશામાં અર્હંતાદિની ઉપાસનાદિ હોય છે. ક્રમે ક્રમે આત્માનો આશ્રય વધતો જાય છે અને ભગવાનની ઉપાસનાદિરૂપ વહેવાર ઘટતો જાય છે. પોતાના આત્માની ઉપાસના પૂર્ણ થતાં ભગવાનની ઉપાસનારૂપ વિકલ્પનો પણ અભાવ થાય છે. તેનું નામ ભિન્ન ને અભિન્ન આત્મસ્વરૂપની નિત્ય ભાવના કરવી એમ કહેવામાં આવે છે. તે પ્રમાણે વીતરાગતા પૂર્ણ થતાં કેવળજ્ઞાન પામી જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે અને મોક્ષસ્થાન પામ્યા પછી જીવ કદી સંસારમાં પાછો આવતો નથી; કેમ કે તેને રાગનો સર્વથા અભાવ વર્તે છે. રાગ વિના સંસાર અર્થાત્ ભવભ્રમણ - જન્મ - મરણ હોય નહિં.

## વિશેષ

આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જેમણે આત્માનો પૂર્ણ વિકાસ સાધ્યો છે તેવા અર્હંત અને સિદ્ધ પરમાત્માના સ્વરૂપને યથાર્થપણે જાણી તદ્રૂપ થવાની ભાવનામાં મગ્ન રહેવું, અને પછી પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર થવાનો સદા દઢ અભ્યાસ કરવો. એમ કરવાથી વચનાતીત અતીન્દ્રિય પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે. તે પદ પ્રાપ્ત કર્યા પછી સંસારમાં ફરીથી જન્મ લેવો પડતો નથી. સદાને માટે સંસારનાં સર્વ પ્રકારનાં દુઃખોથી જીવનો છૂટકારો થાય છે અને તે સદા જ્ઞાનાનંદમાં મગ્ન રહે છે.

પ્રસ્તુત શ્લોકમાં 'स्वतः एव' શબ્દો ઘણા અર્થસૂચક છે. તે બતાવે છે કે પરમાત્મપદની પ્રાપ્તિ પોતાનામાંથી જ પોતાના પુરુષાર્થથી જ થાય છે. તેમાં તીર્થંકર ભગવાન આદિની ઉપાસના, દિવ્ય - ધ્વનિ, ગુરુના ઉપદેશાદિ બાહ્ય નિમિત્તો હોવા છતાં નિમિત્તોથી નિરપેક્ષપણે પરમપદની પ્રાપ્તિ થાય છે. નિમિત્તથી કદી થતી નથી કેમ કે જ્યાં સુધી નિમિત્ત તરફ લક્ષ હોય ત્યાં સુધી આત્મા તરફ લક્ષ વળતું નથી.

પરમાત્મા થવાની શક્તિ પોતાનામાં મોજૂદ છે. તે શક્તિનું સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન - જ્ઞાન કરી, આત્મસન્મુખ થઇ તેને પ્રગટ કરવાનો અવિરત પ્રયત્ન કરવામાં આવે તો પરમપદની પ્રાપ્તિ અવશ્ય થાય. ૯૯

# પ્રવચન – ૧૧૩

**ટીકા :** આ પ્રમાણે એટલે ઉક્ત પ્રકારે આ ભિન્ન અને અભિન્ન આત્મસ્વરૂપ ભગવાનના ધ્યાનથી પ્રાપ્ત થવું એ ભિન્નની અપેક્ષા લીધી અને પોતામાં એકાગ્ર થઈને જે થવું એ અભિન્નની. આત્મસ્વરૂપની નિત્ય એટલે સર્વદા ભાવના કરવી. આહાહા ! શુદ્ધ સ્વભાવ જે પવિત્ર આનંદ સ્વભાવ નિજ સ્વભાવનાં રસથી ભરેલું તત્ત્વ આખું એની અંદર એકાગ્રતા થઈને ઉપાસના કરવી એ મોક્ષનો મારગ છે. આત્મસ્વરૂપની નિત્ય એ સર્વદા ભાવના કરવી એમ કહે છે. શુદ્ધ ચૈતન્ય આનંદનો સરોવર અતીન્દ્રિય આનંદની શુદ્ધતાનો સમુદ્ર સ્વયંભૂ સમુદ્ર ભગવાન આત્મા. આનંદનો સ્વયં ભૂ સમુદ્ર એના નિરંતર સ્વભાવની સન્મુખ થઈને એની સેવા કરવી એ કરવા જેવું છે કહે છે.

તો આ પૂજા ને ભક્તિ ને કહે છે નહિં થાય એમ કહે છે આંહી તો. આહાહા ! એમાં ક્યાં ખામી છે ? ક્યાં એ અપૂર્ણ છે ? એ ક્યાં પાંગળો છે ? એ સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એની દૃષ્ટિ કરીને એમાં એકાગ્ર થવું એ જ મોક્ષનો ઉપાય છે. લાખ વાતની વાત આવે છે કે નહિં ? છહ ઢાળામાં નથી આવતું ? લાખ વાતની વાત શું અનંત વાતની વાત, નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ ફંદ નિજ આતમ નિજ આતમ ધ્યાવો. આહાહા ! પોતે જ તીર્થ છે, પોતે ગુરુ છે, પોતે દેવ છે. આહાહા ! એને એકાગ્ર થઈ સર્વદા ભાવના કરવી એમ. કોઈ વખતે બી (પણ) પરથી આત્માને લાભ થાય વિકલ્પથી એ વસ્તુ નથી એમ કહે છે. આહાહા !

ચૈતન્ય સ્વભાવ શુદ્ધ પરિપૂર્ણ પરમાત્મ સ્વરૂપે જ બિરાજે છે આત્મા. એની દૃષ્ટિ કરી અને એમાં સ્થિર થવું એ એની ભાવના કહેવામાં આવે છે. ભાવના એટલે વિકલ્પથી એમેય નહિં. આહાહા ! સર્વદા ભાવના કરવી શબ્દ પડયો છે ને ? ભાવનાનો અર્થ કોઈ વિકલ્પથી ચિંતવવું એ નહિં. આહાહા ! ભાવની ભાવના, સ્વભાવ ભાવની ભાવના એટલે ભાવમાં એકાગ્રતા એ સ્વભાવ ભાવની ભાવના. આહાહા ! દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ સ્વભાવની ભાવના એટલે એકાગ્રતા છે અને આંહી સમાધિતંત્ર છે ને એટલે સમાધિ સ્વરૂપ ભગવાન આત્મા અનાકૂળ આનંદની ખાણ નિધાન પ્રભુ છે. એમાં અતીન્દ્રિય આનંદનાં સાગરને દૃષ્ટિમાં લઈને એમાં એકાગ્ર થવું એ એનો ભાવનાનો મારગ અને એ મોક્ષનો મારગ છે.

આ બધા બે મોક્ષના મારગ એ તો કાઢી નાંખ્યા. હેં? આહાહા! જે બે કહ્યા હતાં ને અને રતનજી કહે છે બે મોક્ષનાં મારગ છે. બે મોક્ષના મારગ ન માને ઈ ભ્રમમાં પડયા છે. ટોડરમલ કહે છે કે બે મોક્ષના મારગ માને એ ભ્રમમાં પડયા છે. (**શ્રોતા**: બે મોક્ષ છે? તે બે મોક્ષના મારગ! મોક્ષ એ બે છે) વહેવારનો મોક્ષ હશે બીજો? આહાહા! પછી એ વિકલ્પ આવે છે, હોય છે, વહેવારના વિકલ્પો હોય છે પણ એ કંઈ મોક્ષનું કારણ નથી. એ તો બંધનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ? વાદ - વિવાદે એવી વસ્તુને બગાડી નાંખીને માળે પોતે જે પકડયું હોય ને એને સિદ્ધ કરવા. બાપુ મારગ એમ નથી ભાઈ! એની ખાણમાં શુદ્ધતા ને પરિપૂર્ણતા પડી છે. કૃત કૃત્ય વસ્તુ છે. એનું કાર્ય કરવું દ્રવ્યનું એ ય નથી. એ તો કૃત કૃત્ય વસ્તુ છે. એને પર્યાયમાં કાર્ય કરવું એ એની ભાવના કહેવામાં આવે છે. આહાહા!

કહો પોપટભાઈ! બધા પૈસાના ઢગલા થઈ ગયા એમ આ એમ નથી થતાં એવું બહારથી એમ કહે છે. આહાહા! તો શું થાય? શુદ્ધ ચિદ્‌ઘન વસ્તુ આનંદ સ્વરૂપ પ્રભુ, સહજ વીતરાગ નિજાનંદ અમૃતના સાગરવાળો પ્રભુ એમાં એકાગ્ર થવાથી એટલે કે એની સન્મુખ થવાથી એટલે કે નિમિત્ત અને રાગ અને પર્યાયથી વિમુખ થવાથી, હેં? આહાહા! ગુરુ ને શાસ્ત્ર ને દેવથી પણ વિમુખ થઈને એમ કહે છે. કહેશે ટીકામાં. આહાહા! આવી ભાવના કરવી તેથી શું થાય છે? તે પદ મોક્ષ સ્થાન. પદ કેવું? કે મોક્ષ સ્થાનને પ્રાપ્ત થાય છે એટલે પૂરણ નિર્મળાનંદની દશાને તે પ્રાપ્ત થાય છે. મારગ ભારે ભાઈ! કારણ કે એ ભગવાન આત્મા અબદ્ધ સ્પૃષ્ટ મુક્ત છે. મુક્તમાં એકાગ્ર થવું તો પર્યાયમાં મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? આવી વાત છે ભાઈ આ.

અરે! અનંતકાળ થયો એ લૂંટાઈ રહ્યો છે. પર તરફનાં લક્ષના રાગમાં એ લૂંટાઈ રહ્યો છે, એમાં માન અને લાભ માનીને લૂંટાઈ ગયો છે. આહાહા! કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનાં નિમિત્તથી નુકસાન છે એમ સુગુરુ સુશાસ્ત્રના નિમિત્તથી પણ આત્માના લક્ષે તો રાગ થાય છે. એનું લક્ષ ન્યાં જાય તો રાગ થાય છે, આહાહા! હેં? (**શ્રોતા** : રાગનાં નિમિત્તથી રાગ થશે) દુઃખ જ છે. ઓહોહો! ભાઈ! તારામાં ક્યાં પૂરણતા નથી? તું ક્યાં અધૂરો છો? આહાહા! તું ક્યાં ખામી વાળો છો કે જેને પરની જરૂર પડે. આહાહા! ડાહ્યાભાઈ! આહાહા! ડાહ્યા તારું ડહાપણ ત્યારે કહ્યું નહોતું એક ફેરી કહ્યું'તું ને? ડાહ્યાભાઈ ધોળસા આ નાટક. અડસઠ - છાંસઠ સાલ હશે કે ચોંસઠ, ચોંસઠની સાલ.

પાલેજથી અમે સાધુ આવે સ્થાનકવાસીના એટલે અમે સ્થાનકવાસી ખરાંને અને અમારું ઘર ત્યાં મુખ્ય. ત્રીસ માણસો, રસોડું, બે દુકાનો આમ બધું બહારમાં પ્રસિદ્ધ એટલે સાધુ આવે તે અમે જઈએ. હું તો ભગત કહેવાતો એટલે હું તો પહેલો જાઉં, સામો તેડવા, આવવા, લાવવા. એમાં એકવાર સાધુ આમ મોહનલાલજી આવ્યા હતા ...નાં. ગુજરી ગયા... ના આચાર્ય હતા. એ ગોતવા ગ્યા'તા ને ભરુચ ગયા પછી ઘણું ગોત્યું. કબીરવડ છે એક મોટો ત્યાં એમ કે મળશે પણ ત્યાંય ન મળ્યા. પછી તો ભરુચનું સ્ટેશન છે ને એની સામે એક ધરમશાળા છે ત્યાં મળ્યા. મળ્યા તો વહેલા મળી ગયા. હવે કીધું વખત છે હાલો ભાઈ નાટક બાટક આવે તો જોવા જઈએ. તે દિ' તો વૈરાગ્યના નાટક હતાં ને! મીરાંબાઈનું નાટક. ઓહોહો!

વૈરાગ્યની ધૂન ચડાવે, ભલે તત્ત્વ જુદી વાત છે. અત્યારના જેવા નાટકને શું કહેવાય? આ ફિલમ ને! (**શ્રોતા** : પિક્ચર) હેં? પિક્ચર આહાહા! નાગાઈનાં દેખાવ જુઓ તો, એક આદમી આમ બાઈનો હાથ નાંખે અને બચીયું ભરે અને આવા દેખાડે બહાર. અરર! સજ્જનતાને શોભે નહિં એવું ચોકમાં એવા મોટા શું કહેવાય ઈ? (**શ્રોતા** : પાટીયા) પાટીયા આહાહા! (**શ્રોતા** : મોટા પાટિયા) આવી કોઈ એવી અનીતિનો કોઈ ગજબ થઈ ગયો છે. ઓલો તો નાટકમાં વૈરાગ્ય હોં. ને પછી નવરા હતા તો શું? ફાવાભાઈ હતા હારે (સાથે). અમારા ફાવાભાઈ નહિં? ઓલો ફાવાભાઈનો દીકરો છે સૂરતમાં છે ને છોકરો મનહર. પૈસા થ્યાં છે હમણાં, સાઈઠ લાખ છોકરા પાસે, કોઈ તો કરોડ કહેતુ, સાઈઠ લાખ તો ખરા. પચાસ - સાઈઠ લાખ. તેનું હારે ગ્યા તે ગ્યા'તા તે જોવા ગ્યા'તા. ઈ ડાહ્યાભાઈ હતા ત્યાં.

૧૨ આના (બાર આના)ની ટીકીટ હતી ભાઈ તે દિ', તે દિ' હોં આ તો અને હારી (સારી) ટીકીટ લેતા અમે, નાની નહિં પાછી. મોઢા આગળ જોયા'તા ડાહ્યાભાઈને. પછી ડાહ્યાભાઈ જ્યારે મરવા પડયા વાંકાનેરમાં. ઘણાં નાટક બનાવેલા પૈસા, આઠ દિ'માં પંદરસો રૂપિયાનું એક રાત, એવી આઠ દિ'માં ત્રણ નાટક પાડે તે દિ', ચોંસઠની સાલની વાત. હેં? પછી મરતાં કીધું ડાહ્યા તારું ડહાપણ ત્યારે કહીએ તે ઘણાં નાટક બનાવ્યા ને ઘણાં કર્યા ભાઈ! આહાહા! પણ હવે અહીંયા સમાધિ ને શાંતિથી દેહ છોડ તો તારું ડહાપણ કહીએ. હેં? આહાહા! હતા અન્યમતિ પણ વાંકાનેરના. આહાહા!

શ્રીમદ્‌માં આવે છે ને છેલ્લું? શ્રીમદ્‌માં મૃત્યુકાળે 'મનસુખ બાને દિલગીર થવા દઈશ નહિં, હું સ્વરૂપમાં જાઉં છું.' આહાહા! અક્ષરે અક્ષર સત્ય હતું. આહાહા!

દેહ છોડવાના ટાણાં, દૃષ્ટિ અનુભવ તો હતો. આહાહા! ઊભા થયા, મનસુખને કહે બા, આમાં આપણે આવે છે ન્યાલભાઈમાં છે એમ કે શ્રીમદ્દે આમ કહ્યું ઇ બરાબર કહ્યું છે. બહુ સરસ. આહાહા! ભગવાન આનંદનું ધામ પરમાત્મ પ્રકાશ સ્વરૂપ જ પોતે છે એનો જ્યાં અનુભવ થયો એટલે મૃત્યુકાળે તો એમાં સમાવાની જ વાત હોય. હેં ? આહાહા! ચારેકોરથી વિકલ્પને સમેટી સ્વરૂપમાં ધ્યાનમાં આહા! આહાહા! સમજાણું કાંઇ ? પછી શરીરની સ્થિતિ થાય, અવાજ થયો ને એવું થયું એથી કંઇ ? એ તો દેહની ક્રિયા પણ અંતર પોતે સમાધિમાં આનંદમાં ચડી ગયા. આહાહા!

મારગ દીઠો તો, કેમ અંતરમાં જવાય ? એ તો દીઠો'તો. હેં ? આહાહા! એ જ કરવાનું છે ને! કરવું હોય તો આ કર્તવ્ય છે. આહાહા! બાકી મને સંભળાવો મરતાં ને આ તે એ બધી વાતું શુભ વિકલ્પની વાતું છે. સમજાણું કાંઇ ? અને સાંભળે ને એમાંથી એને સમાધિમરણ થાય એમ નથી. એ તો એક શુભ વિકલ્પ હોય છે, સાંભળે ત્યારે અને લક્ષ જ્યાં સ્વભાવની દૃષ્ટિ જ જ્યાં નથી આહાહા! ભગવાન પૂર્ણાનંદનો નાથ એની ઘરે ગ્યો નથી. એની ભાવના ભાવી નથી અને રાગાદિની ભાવનામાં રોકાયેલો છે એને નહિં આ વાત આવે. આહાહા! ઇ કહે છે કે આહાહા! કેવું એ સ્થાન ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એની સિદ્ધ સત્તાનાં સ્વીકારમાં જે અંતરમાં ભાવના નામ એકાગ્રતા થાય. આમેય શ્રીમદ્‌માં આવે છે ને 'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન'. પણ એ આ ભાવના. ઓલા બોલવું ને ગોખવું ને. હેં ? આહાહા!

એ અહીં કહે છે જુઓ આત્મ ભાવના કરવી. આહાહા! પૂર્ણાનંદનો નાથ પ્રભુ એનાં તરફ ઢળવું અને બહારથી બધું છોડી - મૂકી દેવું. એ સ્થાન કેવું છે ? વાણીને અગોચર છે, વાણીથી અગમ્ય છે, વાણીને ખબર નથી, વાણી તો જડ છે. આહાહા! વચનો દ્વારા કહી શકાય નહિં એવું અનિર્વચનીય છે. આહાહા! તે કેવી રીતે પ્રાપ્ત કરે છે ? પરમાર્થે સ્વતઃ આત્માથી જ દેખો પરમાર્થે સ્વતઃ જ પોતાની મેળે આત્માથી જ પ્રાપ્ત કરે છે. સંસ્કૃત ટીકા છે હોં ઇ. स्वतः एव आत्मनैव परमार्थतो न पुनर्गुर्वादिबाह्यनिमितात् આહાહા! કહો હવે આમાં નિમિત્ત છે ? ટીકામાં છે. નિમિત્તથી નહિં. એય ચેતનજી! આ તો અહીં આમાં આવ્યું તમારું. (**શ્રોતા** : વાંચીશ) કહે વાંચીશ. આહાહા!

નિમિત્ત અકિંચિત્તકર છે ત્યાં. હેં ? અને ઇ આવે છે ને બંધ અધિકારમાં નથી આવતું ? અકિંચિત્તકર છે. પરને જીવાડું - મારું અકિંચિત્તકર છે. આહાહા! ભાઇ! નિમિત્ત છે ભલે ચીજ, એ પણ અંતરમાં ઉપાદાનને કાંઇ મદદ કરે એમ નથી. આહાહા!

પરમાર્થે સ્વતઃ જ. અરે ! તારી મોટપ તને ન બેહે (બેસે) ? તારી વસ્તુની શક્તિનું માહાત્મ્ય ન આવે ? અને પરથી થાય એ બધી પાંગળાઇ છે. હેં ? આહાહા ! બાપુ તું ક્યાં અધૂરો ને ઓછો છો. નથી આમ બહારમાં કહેતા કાંઇ. હેં ? આહાહા ! કે તુ ભીખ માંગવા બહાર નીકળે છે જ્યાં ત્યાં તારે ત્યાં ક્યાં ખામી છે કે. આહાહા ! એવો ભગવાન પૂરણ આનંદ ને જ્ઞાનનો સ્વભાવ જેને અંતરમાં એકાગ્ર થઇ એ પોતાથી થયું છે કહે છે. છે, સમજાણું કાંઇ ?

કહે છે કે ભગવાન આત્મા પૂરણ શુદ્ધ અને આનંદનું સ્વરૂપ છે એમાં સ્વતઃ પોતામાં એકાગ્ર થાય છે ત્યારે તેને મુક્તિ થાય છે. એને કોઇ ગુરુ શાસ્ત્રની અને દેવની કોઇ જરૂર છે (**શ્રોતા** : નહિં) આહાહા ! (**શ્રોતા** : ગુરુ કહેને હોય તો ભલે રહ્યું) હોય તો હોય તો હોય તો એને ઘરે રહ્યું. આંહી ક્યાં આવ્યુ હોય તે ! કારણ કે એના તરફ લક્ષ જાય તો તો રાગ થાશે. આહાહા ! એને ઘેરે ત્યાં છે એનામાં. આહાહા ! પોતાની મેળે આત્માથી જ પ્રાપ્ત પણ, છે ? જુઓ શબ્દ છે. ગુરુ આદિ બાહ્ય નિમિત્ત વડે નહિં. સંસ્કૃત ટીકામાં છે. અંદર ટીકામાં છે ઓલી કોર. જુઓ આંહી ચેતનજી આ તો તમારું આંહી ને આંહી આવ્યું તમારું કહેવાયને ઇ ? લ્યો છે ને અંદર ટીકામાં છે. **आत्मनैव परमार्थतो न पुनर्गर्वादि बाह्यनिमित्तात्** ગુરુના નિમિત્તથી આત્માનું કલ્યાણ થાય એમ વસ્તુ છે નહિં કહે છે. આહાહા ! ત્રણ લોકના નાથ તીર્થંકર દેવનું આ ફરમાન છે.

ભાઇ તારામાં ક્યાં કચાશ ને ઉણપ છે ભાઇ ! તે તું બહારમાં માંગવા જા. ગુરુની કૃપા થાય તો થાય અને આ થાય તો થાયને. ભાઇ તારી કૃપા તને થવી જોઇએ. આહાહા ! છે ? ગુરુ આદિ. આદિ એટલે શાસ્ત્ર, દેવ, સત્સંગ આદિ બાહ્ય નિમિત્ત વડે નહિં પ્રાપ્ત થાય ભગવાન આત્મા એમ કહે છે. આહાહા ! આ દેરાસર ને જાત્રા ને સમ્મેદ્‌શિખરની, એનાથી આત્મા નહિં પ્રાપ્ત થાય. સમકિત નહિં થાય એમ કહે છે. ............ ભાઇ આહાહા ! હરિભાઇ ગયા ? આવ્યા'તાને ? (**શ્રોતા** : રોકાણા છે) રોકાણા હશે. આહાહા ! ઓહોહો ! જ્યાં અંદર નિર્વિકલ્પપણે સ્વમાં આવવું છે એમાં ત્યાં નિમિત્તનું લક્ષ ક્યાં રહે છે અને નિમિત્ત એને શું કરી શકે ત્યાં ? આહાહા ! સમજાણું કાંઇ ?

'ઉપાદાનનું નામ લઇ એ જે તજે નિમિત્ત' એ એમ એક ફેરી બોલતા આવ્યા'તા ભાવનગર મિલમાં રહેતા ને નરોત્તમદાસ ? જેસંગભાઇના જમાઇ એના મિલમાં રહેતા નરોત્તમભાઇ. જેસંગભાઇની દીકરી છે ને એમને વેરે એક ફેરી આંહી આવ્યા'તા. ત્યાં આવ્યા'તા 'ઉપાદાનનું નામ લઇ એ જે તજે નિમિત્ત, પામે નહિં પરમાર્થને રહે ભ્રાંતિમાં સ્થિત' પણ એ તો ઉપાદાનનું નામ લઇને કીધું છે, તો ઉપાદાનનો ભાવ લઇને

નિમિત્તને તજે તો તે કરવા જેવું છે ઈ. ડાહ્યાભાઈ ! આહાહા ! અરે ! જીવો ક્યાં અટકે છે ? આંહી તો ગુરુની ય ના પાડી. પોપટભાઈ ! (શ્રોતા : તો આંહી આવવું કે ન આવવું એ નક્કી કરવું પડશે) ઈ તો કહ્યું નહોતું પેલું કેશુભાઈએ.

કેશુભાઈ છે ને ત્યાં આપણે સ્થાનકવાસી ત્યાં મુમુક્ષુ છે વઢવાણમાં, આવ્યા'તા ને હમણાં આવ્યા'તા. ઘણીવાર આવે. હુંશિયાર માણસને ! એને કહે તમે નિમિત્તથી કાંઈ લાભ ન થાય તો પછી ન્યાં જાઓ છો શું કરવા એમ પૂછયું. ડાહ્યાભાઈ ! એને પૂછયું, ત્યારે કહે કે ઈ નિમિત્તથી ન થાય એવી દૃઢતાનાં ભાવ માટે જાઈએ છીએ. કેશુભાઈ છે એક, વેપારી છે. છોકરાઓ હુંશિયાર છે બધા. ઓફિસ છે. આહાહા ! કહે છે કે તારામાં પ્રભુ પણ તું જ્યાં ધ્યાનમાં જા, તેના નિર્વિકલ્પ દશામાં પરના નિમિત્ત ક્યાં અવલંબે છે ? આહાહા ! સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર એ તો નિર્વિકલ્પ દશા છે અને એ નિર્વિકલ્પ દશા નિર્વિકલ્પ તત્ત્વને અવલંબે થાય છે. એમાં નિમિત્તનું અવલંબન છે નહિં. આહાહા ! ભારે તકરારું. લોકોને એવી તકરાર.

શ્રીમદ્‌માં જ્યાં ગ્યા'તા ને એક દિ' શું કહેવાય ઈ ? (શ્રોતા : અગાસ) હેં ? અગાસ, અગાસ. વ્યાખ્યાન સાંભળ્યું બધાએ. રાત્રે એક મારવાડી આવ્યો, મા'રાજ વાત તો તમે નિશ્ચયની કીધી એ તો બરાબર પણ એનું સાધન ? ઈ આ બધું છે. આ ભક્તિ કરવી ને આ કરવું ને આ. એ ડાહ્યા ! અરે બાપુ ! પરનાં સાધન હોય એને ? એમ કે કહ્યું છે ને એમાં 'નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય' કયા સાધન ? વહેવારનાં સાધન માટે છે પણ નિશ્ચય રાખી લક્ષમાં, લક્ષમાં એટલે નિશ્ચય ધ્યેય જ પણ વસ્તુની એ છે. એને જ્યાં શરણે ગ્યો એટલે વહેવાર ત્યાં રહેતો (નથી). આહાહા ! ભારે ભાઈ ! ઝઘડા - ઝઘડા જગતના. ઓહોહો !

પરમાત્માના પડયા વિરહ જ્ઞાન કેવળજ્ઞાનના અભાવ થઈ ગ્યા, મનઃ પર્યાય કે અવધિજ્ઞાન થવાનો કાળ ન રહ્યો. એમાં આવે છે ને ભાઈ પરમાત્મપ્રકાશમાં ? પરમાત્મપ્રકાશમાં આવે છે. ત્રિલોકનાથ સર્વજ્ઞનાં વિરહ પડયા ભરતમાં અને પ્રાપ્તિ કેવળજ્ઞાનની થાય એનો પણ વિરહ પડયો. સાક્ષાત્ ભગવાનનો વિરહ પડયો અને કેવળજ્ઞાન ન થાય એવો વિરહ પડયો અત્યારે. આહાહા ! અને કોઈ મુનિ આમ કેવળજ્ઞાન પામે કે લબ્ધિ પામે એવું કાંઈ ચમત્કાર દેખવામાં રહ્યો નહિં. હેં ? એવા કાળમાં જે આત્માને આશ્રયે સમ્યગ્દર્શન જ્ઞાન પામે છે ધન્ય છે કહે છે. એમ કહે છે. (શ્રોતા : ઈ અલ્પકાળમાં) હા, કહ્યું છે, એમાં લખ્યું છે. આહાહા ! ભાઈ ! આ તો આત્માના શ્રેયની વાતું છે બાપુ !

આ તો જનમ - મરણ મટવાની વાતું છે, એ જનમ - મરણનો અંત ક્યારે આવે ?

જનમ - મરણનો સંયોગ એ દુઃખ નથી પણ અંદર મિથ્યાત્વ અને રાગ - દ્વેષનો ભાવ છે એ દુઃખ છે. હેં ? આહાહા ! પણ સંયોગથી કથન તો એમ આવે. जमं दु:खं, जरा दु:खं रोगा य मरणाय अहो दु:खो संसारो जत् किसंति जंतुणं જ્યાં જીવ કલેશ પામે છે. દુઃખી છે. આહાહા ! એવા સંસારમાંથી નીકળવું એ સંસારનો ભાવ જે સ્વભાવમાં નથી આહાહા ! એવો જે ચૈતન્ય સ્વભાવ, એની અંતરની એકાગ્રતા આહાહા ! એ વડે આત્માની શાંતિ સમ્યક્ આદિ પમાય છે. કહો, સમજાણું કાંઇ ? બાહ્ય નિમિત્ત વડે નહિં. જ્યાંથી એટલે પ્રાપ્ત થયેલા તે પદથી તે પાછો આવતો નથી. છે ને ? એ તો 'यतो न आवर्तते पुन:' પૂર્ણાનંદની દશા પ્રાપ્ત થાય તે પાછો પડતો નથી હવે એ સંસારમાં આવતો નથી. અધૂરી દશા એને પૂરણમાં પડીને થતી નથી. એ શબ્દ મૂકવાનું કારણ કહ્યું.

લોકો કહેને મોક્ષમાં ગ્યા એ પાછા જગતના જીવોને તારવા અવતરે છે. હેં ? ગીતામાં છે ને એમાં ઇ ? ભાઇ તને ખબર નથી ભાઇ આહાહા ! એક સમ્યગ્દર્શન પામ્યો એ મિથ્યાત્વમાં આવતો નથી. હેં ? એ પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય અને નીચલી દશામાં આવે, લોકોને એની ખબર નથી. સમજાણું કાંઇ ? કહે છે તે પાછો આવતો નથી. છે ને પાઠમાં ? 'यतो न आवर्तते पुन:' ૪થું (ચોથું) પદ છે. પૂરણ પરમાત્મા સહજાનંદ વીતરાગ નિજાનંદ સ્વરૂપી પ્રભુ સુખના સ્વાદથી ભરેલો ભગવાન એમાં જેની એકાગ્રતા થાય અને એ એકાગ્રતાથી જ મુક્ત થાય છે એ મુક્તની દશા પાછી પડતી (નથી). આહાહા ! સમજાણું કાંઇ ? શું થાય ? એ ફરીને સંસારમાં ભમતો નથી.

**ભાવાર્થ** : સાધકને નિર્વિકલ્પ દશામાં પોતાના આત્માનો આશ્રય, સવિકલ્પ દશામાં અર્હંતાદિની ઉપાસના એને હોય છે. રાગ હોય ત્યારે ભગવાન ને દેવ - ગુરુ - શાસ્ત્રની સેવાને એ તો સરાગ હોય ત્યારે હોય છે, છતાં એ રાગથી આત્મામાં જઇ શકાય છે એવું નથી. આહાહા ! સમજાણું કાંઇ ? ક્રમે ક્રમે આત્માનો આશ્રય વધતો જાય છે. પૂર્ણાનંદના નાથને અવલંબે ગ્યો. આશ્રય લીધો. આશ્રય શબ્દ પડે છે ને ? સમયસાર અગિયારમી ગાથામાં ઇ છે. भूयत्थो खलु આશ્રય. ભૂયત્થનો આશ્રય. સત્યાર્થ વસ્તુનો આશ્રય લઇને સમ્યગ્દર્શન થાય છે. કોઇ દેવ - ગુરુનો આશ્રય લઇને સમ્યગ્દર્શન થાય છે એવું વસ્તુનું સ્વરૂપ ત્રણ કાળમાં નથી. આહાહા ! ભારે.

તો પછી એને એમ શંકા રહે છે અમે આ બધા પંડિતો છીએ, આવી વાતું કરીએ. અમારાથી એને જ્ઞાન ન થાય તો એ અમને માનશે નહિં અને બહુમાન આપશે

નહિં. અરે ! પણ તારે શું કામ છે ? આહાહા ! તારે આત્માનું કામ છે કે દુનિયા માન આપે એનું કામ છે ? આહાહા ! દુનિયાના રીપોર્ટને શું કહેવાય ઇ ? (**શ્રોતા** : સર્ટીફિકેટ) હેં ? સર્ટીફિકેટ. એની ગુજરાતી શું ભાષા ? (**શ્રોતા** : પ્રમાણપત્ર) પ્રમાણપત્ર. દુનિયા પ્રમાણપત્ર આપે ત્યારે તને રાજી થાય તું. આહાહા ! (**શ્રોતા** : તારામાં કાંઇ નથી ?) માલ તારામાં નથી પ્રમાણનો ? આહાહા ! ઓલામાં આવે છે ને ? નિજપ્રમાણ તે પ્રમાણ છે એવું આવે છે. બીજા બધા પ્રમાણ નહિં. (**શ્રોતા** : ઇ પોતાનું) હા. આવે છે શ્લોક જયધવલમાં આવે છે. અનુભવનું પ્રમાણ તે પ્રમાણ છે. (**શ્રોતા** : પોતાના અનુભવનું પ્રમાણ) એ પ્રમાણ તે પ્રમાણ છે. આહાહા ! કહે છે.

કહો શીવલાલભાઇ ! આ દેવ, ગુરુ ના પાડી આંહી. તમારા બાપે પૂછયું હતું દસની સાલમાં દેવ, ગુરુ શાસ્ત્ર પર ? શુદ્ધ એ ન્યાં અગાસ ભક્તિ બહુ કરતા, અગાસ જાતા અગાસ. તે દિ' તો વિમલજી હતા. દેવ, ગુરુ, શાસ્ત્ર શુદ્ધ છે. એ શુદ્ધેય પર ? લ્યો. આટલું આ. આંહી તો કહે છે શુદ્ધ એ અનંતવાર કહીએ છીએ કે એ પર છે. ઇ તારામાં એની નાસ્તિ અને એનામાં તારી નાસ્તિ છે. આહાહા ! જે વસ્તુમાં જેની નાસ્તિ એનાથી એને લાભ થાય ? હેં ? આહાહા ! એ આંહી કહે છે. જેને આત્માનો આશ્રય શરૂઆતથી લીધો એણે ક્રમે ક્રમે આશ્રયની વૃદ્ધિ કરતા કરતા આહાહા ! વધતો જાય છે અને ભગવાનની ઉપાસનારૂપી વહેવાર ઘટતો જાય છે. જોયુ ?પર તરફનો વિકલ્પ મંદ, ઓછો થતો જાય છે. એનાથી થાતું નથી પણ ઇ ઘટતો જાય છે. આહાહા ! બહુ આકરું.

અત્યારે આ પંડિત ને ઘણા ઇ સાધુ ને આ વાતો કરે એનાથી થાય... એનાથી થાય ને હમણાં કીધું ને અહીંયા ભાષણ આપતો'તો ઓલો સુમતિ કેવા ? આંહી સાધુ આવ્યા'તા ને ? સાત શું નામ હતું ? પછી આવ્યા'તા. ભાવનગર ગ્યા'તા સુમતિ સાગર કે કાંઇ ? (**શ્રોતા** : હા, સુમતિસાગર) સાત જણા હતા. હા એ. ત્યાં ભાષણ આપતા'તા ન્યાં તલોદમાં. લાકડીના ટેકા વિના હલાતા હશે ? આવું ભાષણ લ્યો આ સાધુ. આહાહા ! (**શ્રોતા** : પણ મુનિને તો લાકડીનો ટેકો હોય જ નહિં) ભલે ન હોય પણ આ માણસનો ટેકો, આ લાકડી લે છે કે નહિં ? વૃદ્ધાવસ્થામાં ટેકો શું કરવા લે છે ? નિમિત્ત વિના ચાલતો હશે ? એવો દાખલો આપે. હેં ? (**શ્રોતા** : આધાર લેવો તો પડે જ ને) બિલકુલ આધાર નથી. ઇ લાકડી લાકડીને કારણે હાલે (ચાલે) છે.

એ વખતે હાથે હાથમાં લાકડી પકડાણી જ નથી. હાથથી લાકડી ભિન્નપણે રહેલી છે. (**શ્રોતા** : પણ દરબારને પકડીને તો હાલવું પડે છે, આપ રોજ જુઓ છો બારી

માંથી) હેં ? (**શ્રોતા :** આપ બારીમાંથી રોજ જુઓ છો) કોને ? (**શ્રોતા :** દરબારને પકડીને હાલવું પડે) હા, ઈ તો જોઈએ છે ને. ઈ દરબાર તમારે આવે છે ને ઈ ? આવે છે. ઈ વાતમાં કાંઈ માલ નથી. એક હાથમાં છત્રી અને એક હાથમાં લાકડી અને એક હાથ આમ દરબાર. રજકણે ય રજકણને અડતો નથી, એને આધાર નથી ત્યાં. આહાહા ! (**શ્રોતા :** આપ રોજ જુઓ છો એ ખોટું) જોઈએ છે, શું જોઈએ છે ? ઈ હાલે (ચાલે) છે એટલે ઈ શું લાકડી લઈને હાલે (ચાલે) છે ? દરબારને લઈને હાલે (ચાલે) છે ઈ ? આહાહા !

આ રજકણની ક્રિયા આમ, આમ થાય માટે આત્મા હાલે (ચાલે) છે એમે ય નથી. આત્માનું ક્ષેત્રાંતર થાય એમાં આ શરીરનું ક્ષેત્રાંતર થાય માટે આનું ક્ષેત્રાંતર થાય એમેય નથી. આહાહા ! મારગ વીતરાગનો બહુ બાપુ ! આહાહા ! જ્યારે અનંત દ્રવ્ય છે એમ જ્યારે તમે માનો તો અનંત દ્રવ્યને એક દ્રવ્યના સહારા - સહારો કહો તો એકબીજાને, ત્રીજાને, ત્રીજાને ચોથો તો અનંત રહેશે નહિં. અમરચંદભાઈ ! આહાહા ! અનંત દ્રવ્ય જ્યારે કહો, અનંત આત્મા કહો, અનંત દ્રવ્ય કહો, અનંત રજકણો આહાહા ! એ અનંતની અનંતતા સ્વતંત્ર પર્યાયપણે થાય તો અનંતની અનંતતા રહેશે, નહિંતર અનંતના અંત આવી જશે એની દૃષ્ટિમાં, ન્યાં તો છે ઈ છે. આહાહા ! ઈ આંહી કહે છે. આત્માનો આશ્રય વધતો જાય અને ભગવાન આદિની સેવાનો વિકલ્પ ઘટતો જાય. આહાહા ! એનાથી ન થાય પણ અંતર આશ્રય વધતો જાય અને આંહીથી ઘટતો જાય ત્યારે થાય. આહાહા ! આવી વાતું ભારે ભાઈ !

પોતાના આત્માની ઉપાસના પૂરણ થતાં, ભગવાન આત્માની સેવા પૂરણ થતાં, ભગવાનની ઉપાસના વિકલ્પનો પણ અભાવ થાય છે. ભગવાનની સેવા-પૂજા એ વિકલ્પ છે એ રાગ છે એનો તો અભાવ થાય છે. આહાહા ! તેનું નામ ભિન્ન અને અભિન્ન આત્મસ્વરૂપની નિત્ય ભાવના કરવી એમ કહેવામાં આવે છે. ભિન્ન અભિન્નની વ્યાખ્યા થઈ. છોટુભાઈની. તે પ્રમાણે વીતરાગતા પૂરણ થતાં આહાહા ! ભગવાન આત્માનો આશ્રય પૂરણ થતાં એને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ કેવળજ્ઞાન પામી જીવ મોક્ષ કરે છે. મોક્ષ પ્રાપ્ત કરે છે. આહાહા ! એમાં દેરાસર ને પ્રતિમા ને ભગવાન સાક્ષાત્‌ અને એની વાણીને કાંઈ જ મદદ કરતું નથી. આહાહા ! સમજાણું કાંઈ ? (**શ્રોતા :** આંહી મદદ કરે એવું સમજાય ક્યાં ?) મદદ કોણ કરે ? ક્યાં અંદર છે તે મદદ કરે ? અંદરમાં ભાવ હોય એ એને મદદ કરે. એ તો આવી ગ્યું ને, નહિં ? સમાધિશતકમાં ?

શરીરનો ભગવાન આત્મામાં અભાવ છે તો અભાવનો ભાવ એનો કર્તા

કેમ આત્મા થાય ? પછી કહ્યું કર્મનો જીવમાં અભાવ છે તો એ કર્મનું કર્તાપણું કેમ અંદર હોય ? પછી કહ્યું રાગનો ભગવાન આત્મામાં અભાવ છે તો અભાવ છે તે આત્મા રાગને કેમ કરે ? આહાહા ! એમ દેવ ને ગુરુમાં આત્માનો અભાવ છે તો એનાથી અહીં કામ થાય એ કેમ બને ? આહાહા ! સમજાણું કાંઇ ? દેવ-ગુરુનો અભાવ છે આમાં, હવે અભાવ છે ઇ આંહી ભાવને કેમ કરે ? ભારે લુખ્ખુ લાગે હોં.

કેવળજ્ઞાન પામી જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે અને મોક્ષ સ્થાન પામ્યા પછી જીવ કદી સંસારમાં પાછો આવતો નથી. કેમ કે તેને રાગનો સર્વથા અભાવ વર્તે છે. રાગનો જ્યાં એક સમ્યક્આનંદનું ભાન થયું એ પણ પાછો આવતો નથી તો જેને પૂરણતા થઇ એ પાછો કેમ પડે ઇ ? આહાહા ! એને પૂરણતાની ખબર નથી. આહાહા ! રાગ વિના સંસાર ભવભ્રમણ જન્મ-મરણ હોય નહિં. એમ કે પાછો કેમ આવતો નથી એને સિદ્ધ-સિદ્ધ કર્યું. સ્વને આશ્રયે વીતરાગતા પૂરણ પ્રગટ થઇ એને રાગ નથી. તો રાગ નથી તો પાછો કેમ ફરે ઇ ? આહાહા ! શું કહેવાય ને આ જીવ પાછો મરી ગયો એને શું કહેવાય ? પાછો ફર્યો કહે છે ને ? હેં ? અને આ જીવ મરે છે એ નહિં જીવ પાછો થયો, પાછો થયો એમ નથી કહેતા ? જીવ પાછો થયો એમ કહે છે ને ? (શ્રોતા :...) જીવ પાછો થયો એમ લખેને આહાહા ! ન્યાંથી નહિં ને બીજે ગયો.

રાગી પ્રાણી છે. પાછો થયો છે અહીંથી પણ પાછો બીજે ગયો. આહાહા ! એ મેલામાં લખાય છે. પોપટભાઇ ! હવે આપણને તો એ કાંઇ ખબર નથી, વાતું સાંભળી હોય. (શ્રોતા : આગળ લખાતાં હવે નથી લખતાં) હેં ? આગળ લખાતાં એવું સાંભળેલું આહાહા ! જીવ પાછા થયા, મોટાભાઇ પાછા થયા છે એમ કહે છે. આહાહા ! એટલે પાછા ફરીને પાછા બીજે જાશે એમ કહે છે. આહાહા ! ભગવાન આત્મા જ્યાં પૂર્ણાનંદની પ્રાપ્તિ થઇ પાછો ફરે નહિં હવે. આહાહા ! પૂર્ણાનંદની દશામાં તો રહેશે એને અહીંયા મોક્ષ કહેવામાં આવે છે.

## વિશેષ

આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જેમણે આત્માનો પૂરણ વિકાસ સાધ્યો છે ભગવાન આત્માના સ્વરૂપની પ્રાપ્તિ માટે તે વસ્તુપણે તો છે. શક્તિપણે તો છે એની પર્યાયમાં પ્રાપ્તિ માટે. આહાહા ! જેમણે આત્માનો પૂરણ વિકાસ સાધ્યો છે, જેની દશામાં આત્માનો પૂરણ વિકાસ સાધ્ય થઇ ગયો છે એવા અર્હંત અને સિદ્ધ પરમાત્માના સ્વરૂપને યથાર્થપણે જાણી, તદ્રૂપ થવાની ભાવનામાં મગ્ન રહેવું. આહાહા ! એવા અરિહંત અને

સિદ્ધના સ્વરૂપને યથાર્થપણે જાણી તદ્રૂપ થવાની ભાવનામાં મગ્ન રહેવું એટલે કેવળજ્ઞાન થવા માટે આત્મામાં મગ્ન રહેવું. પછી પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર થવાનો સ્વભાવ દૃઢ વધારે કરવો. આહાહા! પોતાનો અભ્યાસ, આશ્રય કરીને, એમ કરવાથી વચનાતીત અતીન્દ્રિય પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે. આહાહા!

તે પદ પ્રાપ્ત કર્યા પછી સંસારમાં ફરીને જન્મ લેવો પડતો નથી. સદાને માટે સંસારમાં સર્વ પ્રકારના દુઃખોથી જીવનો છૂટકારો થાય છે. મોક્ષ શબ્દ પડયો છે ને એટલે. મોક્ષ એટલે મૂકાવું થાય છે ને મૂળતો, દુઃખથી મુક્ત થાય છે એમ. સુખની પ્રાપ્તિ કરે છે તે અસ્તિથી. આ તો મોક્ષ શબ્દ જ લેવો છે ને એટલે દુઃખથી મૂકાય છે એમ. દુઃખથી મૂકાય છે, સુખથી પ્રાપ્ત થાય છે. હેં? (**શ્રોતા** : આ અસ્તિ નાસ્તિ છે) આ અસ્તિ નાસ્તિ છે. આહાહા! વાત ઈ છે કે જેને પોતાનાં સ્વભાવના સામર્થ્યની ખબર નથી એને આમ કે આ નિમિત્તથી થશે મને પાંગળો છું ને એમાં ટેકો મળશે. આહાહા! સમજાણું કાંઈ?

સોળ (ષોડશ) કારણ ભાવના છે ને તીર્થંકર ગોત્રની? એ બધો તો રાગ છે. આ મારે તો ત્યાં એ લેવું હતું. ઓલો અભિક્ષણ જ્ઞાન ઉપયોગ કહે છે ને લોકો? ફલાણા અભિક્ષણ જ્ઞાન, તો અભિક્ષણ જ્ઞાન ઉપયોગ એ વિકલ્પ છે. (**શ્રોતા** : એ તો મનનું કારણ) મનનું કારણ એ ૧૬ (સોળ) બોલમાં આવે છે ભાઈ. અભિક્ષણજ્ઞાન ઉપયોગ. અભિક્ષણ વારંવાર એના ભેદનાં વિકલ્પનો વિચાર એ પણ વિકલ્પ રાગ છે. સ્વભાવ સન્મુખતાની એકાગ્રતા તે વીતરાગતા છે. આહાહા! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ અશુદ્ધ ઉપયોગ છે. આહાહા! અને અશુદ્ધ ઉપયોગ તીર્થંકર પ્રકૃતિ બંધવામાં નિમિત્ત છે. ભગવાન આત્માનાં શુદ્ધ ઉપયોગ એ બંધને નિમિત્ત છે નહિં. આહાહા! સમજાણું કાંઈ?

કહો સોળ બોલ લીધા છે ને બધાને? દર્શન વિશુદ્ધિ, વિનય સંપન્નતા, વૈયાવૃત, અભિક્ષણ જ્ઞાનઉપયોગ, છ આવશ્યકની પરિહાણી ન થવી, સામાયિક આદિનો એ બધો વિકલ્પ છે એ તો. હેં? ॐ ह्रीं दर्शनविशुद्धि - विनयसंपन्नता - शीलव्रतेष्वनतिचाराभीक्ष्ण - ज्ञानोपयोग - संवेग - शक्तितस्त्याग - तपः साधुसमाधि - वैयावृत्यकरणा - हद्भक्ति - आचार्यभक्ति - बहुश्रुतभक्ति - प्रवचनभक्ति - आवश्यकापरिहाणि मार्गप्रभावना प्रवचनवत्सल्येति - तीर्थंकरत्व कारणेभ्यो. આહાહા! બંધન આવ્યા ને? સવારે કહ્યું'તું ને ઓલું નિન્હવને અંતરાયને એ રાખ્યું છે હોં. પુસ્તક રાખ્યું'તું ને? નથી? છે. છે. એ આજ જોયું હતું. ઓલું બધું જોયુ'તું અમે.

પ્રદોષ, નિન્હવ, માત્સર્ય, અંતરાય, આશાતના, ઉપઘાતા ઈ છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધાય છે. તો એ ભાવ જે છે એ શુદ્ધ ઉપયોગથી વિરૂદ્ધ ભાવ છે. સમજાણું કાંઈ ? અને એ જ્ઞાનાવરણીય બંધન તો પરમાણુ એની પર્યાયથી પરિણમે છે એને આ ભાવ નિમિત્ત છે. તો કહે છે કે શુદ્ધ ઉપયોગમાં એ આ અશુદ્ધ ઉપયોગ છે જ નહિં. આહાહા ! આત્માનો તો શુદ્ધ ઉપયોગ તે આત્માનો છે. આવા અશુદ્ધ ઉપયોગની હૈયાતિ છે પણ ઈ આત્માનો નથી. આહાહા ! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ આત્માનો નથી. આ તો રાજી - રાજી થઈ જાય ત્યાં હાલે (ચાલે) હોં. એમાં બહુ શબ્દ આવે છે હોં ઓલા ૧૬માં (સોળમાં) નહિં ? દર્શન વિશુદ્ધિ, વિનય સંપન્નતા લ્યો. વિનય સંપન્નતા એ વિકલ્પ છે. દેવ - ગુરુનો બહુ વિનયમાં આવવું એ વિકલ્પ છે, રાગ છે. એ બંધનું કારણ છે. આહાહા ! વાતું ભારે ભાઈ !

શીલવૃત્તિ અતિ અનઅતિચારો. પોતાના વ્રતમાં અતિચાર ન થવા દેવા એવો પણ એક વિકલ્પ છે. રાગ છે ઈ. આહાહા ! અભિક્ષણ જ્ઞાન ઉપયોગ લ્યો. આ બહુ લોકો કરે કે જ્ઞાન ઉપયોગ અભિક્ષણ વારંવાર જ્ઞાન, ઉપયોગ પણ એટલે શું ? (**શ્રોતા :** વારંવાર કરે એનું નામ જ રાગ) આહાહા ! એ જ્ઞાનના વિકલ્પની ચર્ચા જ એ બધો અભિક્ષણ ઉપયોગ એ વિકલ્પ છે એ તો. સમજાણું કાંઈ ? (**શ્રોતા :** ઉપાધ્યાય હોય એ) હેં ? ઉપાધ્યાય ઈ છે. ઉપાધ્યાયનું લક્ષ કરે તો રાગ છે અને ઉપાધ્યાય બીજાને ભણાવવા જાય તો એને રાગ છે. આંહી તો સંવેગને વિકલ્પ કીધો છે. સંવેગોથી તીર્થંકર ગોત્ર બંધાય છે ને ? આહાહા ! શક્તિ - તપ - ત્યાગ. શક્તિ પ્રમાણે તપ, ત્યાગ. એ પણ એક વિકલ્પ છે. આહાહા ! વીતરાગપણું તો સ્વને આશ્રયે થાય છે. પરનો આશ્રય જાય છે ત્યાં તો રાગ જ થાય છે એમ કહે છે. આહાહા !

જુઓ આમાં છે ને ? તપસિ, સાધુ સમાધિ, સાધુને સમાધિ દેવી એટલે આહાર - પાણીની અનુકૂળતા, સેવા વર્તવી એ બધો વિકલ્પ રાગ છે. સમજાણું કાંઈ ? શ્વેતાંબરમાં એમ કહેવાય પાઠમાં ભગવતી સૂત્રમાં, સાધુને આહાર - પાણી દે તો સંસાર પરિત થાય. બિલકુલ જૂઠી વાત છે. પરદ્રવ્યને ચાહે તો તીર્થંકર હોય જ્યારે છદ્મસ્થપણે અને સાધુપણામાં હોય અને ભિક્ષા લેવા આવે એને આહાર - પાણી દે તો ય એ શુભરાગ વિકલ્પ છે. આહાહા ! એનાથી ધર્મ થાય ? ઓહોહો ! આવું સ્વરૂપ એને સાંભળવમાં પણ એને મહેનત પડે. (**શ્રોતા :** ઝાટકો લાગે) હેં ? આહાહા ! હેં ? ઝાટકો લાગે. સાચી વાત છે. વૈયાવૃત. લ્યો ઠીક.

આ એક ચર્ચા હાલી'તી (ચાલી'તી) અમારે ઘણાં વર્ષ પહેલા હોં કે વૈયાવચ્ચ કરવાથી તીર્થંકરગોત્ર બંધાય છે. આવે **वैयावच्चे भंतेजीवेकिं भणइ** ઓગણત્રીસ બોલ. તોતેર બોલમાં ઓગણત્રીસ અમે કીધું ભાઈ એ વૈયાવચ્ચથી નિર્જરા નથી એ તો વિકલ્પ છે. ઘણાં વર્ષ પહેલાની આ વાત છે. એંથળી છે બોટાદ પાસે એંથળી ગામ છે. ન્યાંના એક સાધુ થયો છે ને મૂલચંદજી, બોટાદમાં. ત્યાં ઓલો ઠાકરસી ગોપાણીનો દીકરો ભૂરો, શીવલાલ ભાઈ ! ઠાકરસી ગોપાણી હતા ને ? વસ્તા ગોપાણી ને ઠાકરસી ગોપાણી. એનો ભૂરો છે ને અત્યારે અમદાવાદમાં આપણે ખાડીયાની મંદિર પાસે એનું છે. વ્યાખ્યાનામાં આવે જૂનો માણસ ઘણા વરસથી ઈ ત્યાં ગોપાણી ને હું અંદર હતા. ઈ લાવ્યો'તો આ ચર્ચા.

એંથળી કે ન્યાં તો મૂલચંદજી આમ કહે છે કે વૈયાવૃતથી, વૈયાવૃતથી લાભ થાય, નિર્જરા થાય. અરે બાપુ ! એમ નથી હોં ! વૈયાવચ્ચથી તીર્થંકરગોત્ર બાંધે એનો અર્થ શું થયો ? એ તો રાગ છે. એય શરદભાઈ ! એંથળી નથી ? આ તો ઓલો સાધુ થયો છે ન્યાં એંથળીનો થયો છે. હમણાં થયો છે. આ તો ઘણાં વરસની વાત છે. એક્યાસીની વાત છે લ્યો. ગઢડે ચોમાસું જાવુ'તું ને, એક્યાસી-એક્યાસી ગઢડે ચોમાસુ જાવુ'તું, વરસાદ ઘણો આવી ગયેલો તે દિ' ને આમ સીધા જાતા ખડથી એંથળી થઈ અમે ગઢડે જાતા તે દિ'ની વાત છે. કેટલા વરસ થયાં ? પચાસ. ઈ આમ પછી આમ કહે છે ઈ મૂલચંદજી.

બાપુ ! વૈયાવચ્ચથી તો તીર્થંકરગોત્ર બંધાય એમ કીધું. આમાં નિર્જરાની ખબર ક્યાં આવી ? હેં ? એ પ્રવચનસારમાં આવે છે. નહિં ? સાધુને કંઈ રોગ થયા - આ થાય તો બીજા સાધુએ એની વૈયાવચ્ચ કરવી. ઈ વિકલ્પમાં આવે તો એનો ખ્યાલ આવે તો વૈયાવચ્ચમાં લક્ષ જાય છે, બાકી ધ્યાનમાં હોય તો વિકલ્પ ન આવે તો વૈયાવચ્ચમાં લક્ષ પણ હોતું નથી. આહાહા ! શક્તિ, તપ, ત્યાગ, સાધુ વૈયાવચ્ચ, અને હવે આ વૈયાવૃત કરણ અનંત આચાર, બહુશ્રુત પ્રવચન ભક્તિ અરિહંતની, આચાર્યની, બહુશ્રુતની પ્રવચન ભક્તિ એ શુભરાગ છે. તીર્થંકર ગોત્ર બાંધવાનું કારણ છે. આવશ્યક અપરિહાણી છ આવશ્યકને હીણું થવા ન દેવું. છ આવશ્યક બરાબર કરવા એ પણ વિકલ્પ છે. આહાહા ! મારગ પ્રભાવના, લ્યો પ્રવચન વાત્સલ્યં. મારગ પ્રભાવના અર્થે આને કહ્યું આવ્યું ને નિયમસારમાં ? - પ્રવચનસારમાં ? (શ્રોતા : પંચાસ્તિકાયમાં) પંચાસ્તિકાયમાં. નિયમસારમાં તો મેં મારી ભાવના માટે આ બનાવ્યું છે. પંચાસ્તિમાં તો પ્રવચનસારની ભક્તિથી મેં આ કર્યું છે એમ કહ્યું. વિકલ્પ છે ને ત્યાં આગળ. આહાહા ! બહુ મારગ ભાઈ !

નવ્વાણુ તે પદ પ્રાપ્ત કર્યા પછી પૂર્ણદશા પ્રાપ્ત થઇ સ્વને આશ્રયે એ સંસારમાં ફરીને જન્મ લેવો પડતો નથી. સદાને માટે સંસારમાં સર્વ પ્રકારનાં દુઃખોથી છૂટકારો છે. સારા સદાય જ્ઞાનાનંદમાં મગ્ન રહે છે. આહાહા! પ્રસ્તુત શ્લોકમાં स्वतः एव શબ્દ ઘણા અર્થસૂચક છે. લખે છે ભાઇ છોટાભાઇ વિશેષ. સ્વતઃ શબ્દ છે ને? તે બતાવે છે કે પરમાત્મપદની પ્રાપ્તિ પોતાનાથી જ, પોતામાં, પોતાથી જ પોતાનામાંથીજ, પોતાના પુરુષાર્થથી થાય છે. છે ને? આહાહા! દેવ - ગુરુ - શાસ્ત્રની કોઇ પણ એને મદદ છે એમ છે જ નહિં. આહાહા! સમજાણું કાંઇ? આહાહા! પુરુષાર્થથી થાય તેમાં તીર્થંકરની પ્રાપ્તિ કે (પોતાથી) તીર્થંકર ભગવાન આદિની ઉપાસના, દિવ્યધ્વનિ પણ આત્માને કામ કરતું નથી લાભ. આહાહા!

ભગવાનની દિવ્યધ્વનિથી પણ આત્માને સમકિત થતું નથી, જ્ઞાન થતું નથી. (**શ્રોતા** : પરમાત્મ પ્રકાશમાં આવ્યું છે ને?) એમાં આવ્યું દિવ્યધ્વનિનું આવ્યું છે. વેદ અને શાસ્ત્ર. વેદ એટલે દિવ્યધ્વનિ અને શાસ્ત્ર એટલે મુનિઓનાં શાસ્ત્રો એમ. દિગંબરસંતોના કહેલા, એનાથી પણ આત્મા જણાય એવો નથી. આહાહા! બહુ લુખ્ખુ લાગે. વીતરાગ ભાવ છે ને બાપુ આ તો. આહાહા! દિવ્યધ્વનિ ગુરુના ઉપદેશ આદિ બાહ્ય નિમિત્ત હોવા છતાં નિમિત્તોથી નિરપેક્ષપણે નિમિત્તથી નિરપેક્ષપણે, પરમપદની પ્રાપ્તિ થાય છે. આહાહા!

રાગની, મિથ્યાત્વની ઉત્પત્તિ પણ કર્મનાં નિમિત્તની ઉપેક્ષાથી પર કારકની જેને અપેક્ષા નથી, વિકાર થવામાં પરકારકની અપેક્ષા નથી તો નિર્વિકારી થવામાં પર નિમિત્તની અપેક્ષા નથી. આહાહા! બહુ આકરું આ. નિમિત્તને ભારે સ્થાપે છે લોકો. એ આંહી આચાર્ય તો નિમિત્તને ઉડાવી દે છે. હેં? આહાહા! નિમિત્તથી કદી થતી નથી, કેમ કે જ્યાં સુધી નિમિત્ત તરફ લક્ષ હોય ત્યાં સુધી આત્મા તરફ લક્ષ વળતું નથી. આહાહા! ઈ તો થઇ ગઇ વાત. આમાં નથી શબ્દ ઈ, હા ઈ પછી આવશે ઈ. આંહી તો આંહી આ બીજો પેરેગ્રાફ હાલે (ચાલે) છે ને હજી તો? બીજો ચાલે છે, નિમિત્તથી કદી થતી નથી. નિમિત્ત તરફ લક્ષ હોય ત્યાં સુધી આત્મા તરફ લક્ષ હોતું નથી ત્યાં સુધી આવ્યું છે પછીનો પેરેગ્રાફ આવશે.

વિશેષ કહેશે....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૧૧૪

## શ્લોક – ૯૯ અને ૧૦૦

**સ્થળ : સુવર્ણપુરી   તારીખ : ૦૯.૦૮.૭૫**

**उक्तमर्थमुपसंह्यत्य फलमुपदर्शयन्नाह -**

**इतीदं भावयेन्नित्यमवाचां गोचरं पदम् ।**
**स्वत एव तदाप्नोति यतो नावर्तते पुनः ।।९९।।**

એમ નિરંતર ભાવવું, પદ આ વચનાતીત;
પમાય જે નિજથી જ ને, પુનરાગમન રહિત. ।। ૯૯।।

**ननु आत्मनि सिद्धे तस्य तत्पदप्राप्तिः स्यात् न चासौ तत्त्वचतुष्टयात्मकाच्छरीरात्तत्त्वान्तरभूतः सिद्ध इति चार्वाका । सदैवात्मा मुक्तः सर्वदा स्वरूपोपलम्भसम्भवादिति सांख्यास्तान् प्रत्याह -**

**अयत्नसाध्यं निर्वाणं चित्तत्त्वं भूतजं यदि ।**
**अन्यथा योगतस्तस्मान्न दुःखं योगिनां क्वचित् ।।१००।।**

ચેતન ભૂતજ[૧] હોય તો, મુક્તિ અયત્ન જ હોય;
નહિં તો મુક્તિ યોગથી, યોગીને દુઃખ નો'ય. ।। ૧૦૦ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।

---

૧. ભૂતજ – પૃથ્વી, પાણી, તેજ અને વાયુરૂપ ભૂતોમાંથી ઉત્પન્ન થયેલું.

મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

---

## વિશેષ

ત્રીજો પેરા. પરમાત્મા થવાની શક્તિ પોતામાં મોજૂદ છે. સમાધિતંત્ર છે ને ? સમાધિતંત્ર એટલે સમાધિશાસ્ત્ર. અથવા સમાધિરૂપ ઔષધિ કે જે ઔષધિથી ભવ જનમ - મરણ રોગ મટે. તો કહે છે કે જનમ - મરણ રહિત એનો સ્વભાવ જ શક્તિરૂપે પરમાત્મા છે. ભગવાન આત્માનો સ્વભાવ અબદ્ધ સ્પૃષ્ટ એટલે મુક્ત છે. એની મુક્ત થવાની જ એનામાં શક્તિ છે. આહાહા! સમજાણું? આ આત્મા જે છે એ પરમાત્મા થવાની શક્તિ એટલે પૂરણ પરમાત્મ દશા પર્યાયમાં થાય એવી એનામાં તાકાત જ છે. (**શ્રોતા** : વર્તમાનમાં) આહાહા! હેં? ત્રિકાળ. આહાહા! પરમાત્મા થવાની પરમ સ્વરૂપની પ્રાપ્તિ પર્યાયમાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ એવી થવાની શક્તિ પોતામાં મોજૂદ છે. આહાહા! તે શક્તિનું સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન જ્ઞાન કરી, છોટુભાઈએ એનો ખુલાસો સાધારણ સ્પષ્ટ કર્યો છે. ટૂંકામાં કર્યો છે ને!

પરમાત્મ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ઘન પરમ આનંદ સહજ નિજાત્મ વીતરાગ આત્મ સ્વભાવનાં આનંદનાં રસમાં એ લીન જ છે સ્વરૂપ. આહાહા! સમજાણું કાંઈ ? એ સોળે સોળ આના સ્વભાવ અને આનંદથી ભરેલો ભગવાન છે. આહાહા! એ પોતામાં શક્તિનું સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન, પણ એની શ્રદ્ધામાં એ આવવું જોઈએ એમ કહે છે. હેં? વિશ્વાસ એને આવવો જોઈએ. હું તો પૂરણ આનંદ અને પૂરણ વીતરાગ મુક્ત સ્વરૂપ જ છું. આહાહા! અરે! વસ્તુ છે એ તો કૃતકૃત્ય જ છે. સમજાણું કાંઈ ? એવું એના વિશ્વાસમાં, રુચિમાં, શ્રદ્ધામાં પોષાણ આવવું જોઈએ. આહાહા! કો ડાહ્યાભાઈ! આ પહેલી વાત આ છે. આહાહા! વહેવાર - બહેવારના વિકલ્પો એનાં સ્વરૂપમાં છે જ નહિં. આહાહા! અને ઈ અલ્પજ્ઞ રહે એવો એનામાં સ્વભાવ નથી. આહાહા! ઈ તો પૂરણ જ્ઞાનાનંદ સહજાત્મ સ્વભાવ થવાની શક્તિરૂપે પડેલું તત્ત્વ છે. આહાહા!

વર્તમાન પર્યાયની પ્રગટતાના વેદનમાં પર્યાયની પાછળ શું છે એની એને પ્રતીત નથી. હેં? આહાહા! કારણ કે પ્રગટ પર્યાય છે. વસ્તુ છે તે અપ્રગટ, અવ્યક્ત કીધી છે ને? અવ્યક્ત છે ઇ પર્યાયની અપેક્ષાએ, વસ્તુ તરીકે તો પ્રગટ છે જ સત્તા. હેં? આહાહા! એની શ્રદ્ધા - એની શ્રદ્ધા નામ એને જ્ઞાનમાં એ ચીજ ભાસે કે આ તો પૂરણ મુક્ત સ્વરૂપ છે, અબદ્ધ સ્પૃષ્ટ છે. એવી જેને અંદર જ્ઞાનની પર્યાયમાં એને ધ્યેય - જ્ઞેય બનાવીને ધ્યાનમાં એનું જ્ઞાન થાય ત્યારે એની એને પ્રતીતિ થાય કે આ તો આત્મા આવો છે. આહાહા! સમજાણું કાંઇ? આહાહા! વસ્તુ મોજુદ પડી છે એ (ઇ) મોજુદ પડી છે એની શક્તિ જ સિદ્ધ થવાની એની શક્તિ જ છે. વિપરીતપણે રહેવું કે અલ્પપણે રહેવું એ એનું સ્વરૂપ નથી. હેં? આહાહા!

જ્ઞાનરસ ઇ સત્ત્વનું સત્ત્વ જ્ઞાનરસ જ્ઞાનથી પરિપૂર્ણ પડેલું છે, આનંદના રસથી પરિપૂર્ણ પડેલું તત્ત્વ છે એમ શ્રદ્ધા જે અંદર ગુણ છે એવા શ્રદ્ધા ગુણથી પરિપૂર્ણ પડેલું એ તત્ત્વ છે. પ્રગટ શ્રદ્ધા બીજી વાત છે અને શાંત... શાંત... શાંત... એકલો શાંત રસ એટલે કે ચારિત્ર ભાવ. પર્યાયની વાત નથી ત્રિકાળ એટલે કે વીતરાગ ભાવ સ્વરૂપ જ એ આત્મા છે. એની શક્તિ વીતરાગ થવાની તાકાતવાળી છે. હેં? આહાહા! એને પ્રાપ્ત કરવા માટે બહારથી કોઇ સાધનની જરૂર નથી. ઇ પોતે જ સાધન છે. આહાહા! ઓહોહો! તે શક્તિનો, શક્તિ એટલે સત્વ. તેનું સામર્થ્ય, તેનો સ્વભાવ પરમેશ્વર થવાનો જ એનો સ્વભાવ છે. પ્રભુત્વપણે થવું એ એનો સ્વભાવ છે. સમજાણું કાંઇ?

પણ એ શક્તિનું સમ્યક્ પ્રકારે એટલે કેમ કહ્યું? કે જ્ઞાનમાં તો એને બેસે ધારણામાં અગિયાર અંગ ભણ્યો છે એમાં એ વાત એને આવી'તી ને? નહોતી આવી? દ્રવ્યનું ય જ્ઞાન તો આવ્યું'તું એને, પણ એ દ્રવ્યનું જ્ઞાન સ્વરૂપ સન્મુખ થઇને આ છે એવું ખ્યાલમાં આવ્યા વિનાની એને પ્રતીત હતી. આહાહા! સમજાણું કાંઇ? ઇ કહ્યું'તું નહિં? એક ફેરી પેલા ભાઇએ પ્રશ્ન કર્યો'તો. વારીયા કે આ તમે કારણ પરમાત્મા કહો છો આત્માને તો કારણ પરમાત્મા હોય એનું કારણ છે તો કાર્ય આવવું જોઇએ. વારીયા નથી? તમારે ત્રિભોવનદાસ. ત્રિભોવનભાઇ એ ત્યાં એને ખબર છે ને કે કારણ પરમાત્મા જ્યારે તમે કહો તો કારણ છે તો એનું કાર્ય આવવું જોઇએ.

બરાબર છે, પણ એ કારણ પરમાત્મા છે એવી દૃષ્ટિને વિશ્વાસમાં આવ્યો છે ને! હેં? તો ઇ કારણ પરમાત્મા વિશ્વાસમાં આવે તો એ કારણ પરમાત્મા છે એમ એના ખ્યાલમાં આવ્યું. તો ઇ કારણ પરમાત્માનો સ્વભાવ પૂરણ આનંદ છે એવી પ્રતીત થઇ તો

કાર્ય સમ્યગ્દર્શન આવ્યું જ તે. સમજાણું કાંઇ ? આંહી સમ્યક્ પ્રકારે શબ્દ વાપર્યો છે ને ? એ સાક્ષાત્ સાક્ષાત્પણે જેવી ચીજ છે પૂરણ આનંદ અને પૂરણ જ્ઞાન ને પૂરણ શાંતિ. શાંતિ નો એ સાગર છે એવી એને સ્વસન્મુખ થઇને એના વિષયમાં તે જ્ઞેય થઇને એ જ્ઞાનમાં જણાય ત્યારે એને પ્રતીતિ યથાર્થ થાય. આહાહા ! કાંતિભાઇ ! આવો મારગ ભારે ભાઇ ! લોકોને બહારથી ગોતવો પણ બહારમાં છે નહિં. આહાહા !

કેમ કે બહિરાત્મા એને કહીએ કે જે એની ચીજમાં નથી એને માને છે પોતાને. પુણ્યવાળો, દયાવાળો, દાનવાળો, ભક્તિવાળો આત્મા માનવો એ તો એ ભાવ તો એમાં છે નહિં. એને માનવો એ તો બહિરાત્મા થયો. જે બાહ્ય છે તે એમાં નથી એને માનવો એ તો બહિરાત્મા છે. આહાહા ! જે અંતરમાં છે એને માનવો એ અંતરાત્મા છે. સમજાણું કાંઇ ? વાત જરી ઝીણી લાગે પણ વાત તો આ છે. હેં ? આહાહા ! જે બાહ્યનાં કારણ કે બાહ્યના કોઇ કારણો રાગની મંદતાના, ભક્તિનાં, પૂજાનાં, જાત્રાનાં કરે એ તેથી તે પ્રાપ્ત થાય એવો એ આત્મા નથી. આહાહા ! એ તો પરમાત્મ પરમેશ્વર સ્વરૂપે જ છે. દરેક ગુણ ઇશ્વરતા ધરાવે છે. પ્રભુત્વ ગુણ છે ને એનો એક. પ્રભુત્વ ગુણ છે એક એનામાં પરમેશ્વર થવાનો ગુણ છે. શક્તિ કીધું ને અહીંયા ઇ પ્રભુત્વ એવો એનો શક્તિ ગુણ જ છે અને તેથી એ પ્રભુ થઇ શકે એવી તાકાત રાખે છે ઇ. આહાહા !

એવા એવા અનંતગુણો, દરેક ગુણને પ્રભુત્વપણું એને લાગુ પડે છે. સમજાણું કાંઇ ? જ્ઞાન, દર્શન, આનંદ એવા અનંત સામાન્ય ગુણો અને અનંત વિશેષ ગુણો અનંત છે બેય. અસ્તિત્વ આદિ છ એ તો સાધારણ વ્યાખ્યા ટૂંકી કરીને આચાર્યે કહ્યું, પણ પાછું કહ્યું એમ કે ભઇ જુઓ ભગવાન આત્મામાં જે અસ્તિત્વ, દ્રવ્યત્વ આદિ છ સામાન્ય કહ્યા ઇ એટલા જ છે એમ નહિં અનંત સામાન્ય અનંત છે. આહાહા ! સામાન્ય અનંત ગુણ છે. અસ્તિત્વ ને વસ્તુત્વ ને પ્રદેશત્વ ને દ્રવ્યત્વ ને અગુરુલઘુત્વ એવા છ સામાન્ય ગુણો છ તો સંક્ષેપમાં ટૂંકામાં સમજાવવા માટે કહ્યા એવા અનંત છે એક આત્મામાં પ્રમાણ અને જ્ઞાન, દર્શન અને આનંદ વિશેષ એવાય અનંત ગુણ છે એનામાં. આહાહા !

એવા અનંત ગુણનું શક્તિનું સત્ત્વ તે પરમાત્મા અને તે દરેક ગુણને ઇશ્વરતા લાગુ પડે છે, પ્રભુત્વ કીધું ને અહીં. દરેક ગુણને પરમેશ્વરતા, ઇશ્વરતા લાગુ પડે છે, એવી ઇશ્વર શક્તિનો એ ધણી છે. આહાહા ! સમજાણું કાંઇ ? આહાહા ! કહે છે એને સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન એટલે કે સત્યનું સત્યપણે શ્રદ્ધાન, કલ્પનાપણે ધારણાપણે એમ નહિં. આહાહા ! સમજાણું કાંઇ ? સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન અને સમ્યક્ સાચાપણે તેનું જ્ઞાન,

તેને જ્ઞેય બનાવીને, ધ્યાનનું ધ્યેય બનાવીને, ધ્યાનમાં તેનો વિષય બનાવીને જે જ્ઞાન થાય તે તેનું જ્ઞાન કહેવાય. આ શાસ્ત્ર ભણતર - બણતર એ બધા જ્ઞાન નહિં. આહાહા! સમજાણું કાંઇ ? એમ કહ્યું ને કે તે શક્તિનું સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન ને જ્ઞાન, એનું જ્ઞાન. પ્રવિણભાઇ આરે ! શાસ્ત્ર ભણ્યાં ને એને ઇ જ્ઞાની ઇ જ્ઞાન નથી. ઇ એનું જ્ઞાન નથી. એ તો પરસત્તાવલંબી જ્ઞાન બંધનું કારણ જ્ઞાન એ.

જે શક્તિ ને સત્ત્વ છે પ્રભુનું. ઓહોહો ! પરમેશ્વર - પરમેશ્વર શક્તિએ પૂરો પ્રભુ છે. એક એક શક્તિએ, એવી અનંત શક્તિનું ઇશ્વરપણું એનો સ્વભાવ જ છે. એવી એને સમ્યક્ શ્રદ્ધા થાય, સત્ય - સાચી શ્રદ્ધા થાય. સાચી - સત્ જે રીતે છે તે રીતે પ્રતીતમાં આવે, ક્યારે ? કે એની સન્મુખ થઇને જ્યારે એમાં લીન થાય, છે પછી ચારિત્ર લીધું. સમ્યક્ પ્રકારે શ્રદ્ધાન જ્ઞાન કરી આત્મ સન્મુખ થઇ, ઇ તો સન્મુખ થયો ત્યારે તો એને જ્ઞાન અને શ્રદ્ધા થઇ પણ વધારે એમાં સ્થિર થવાની વાત આ જે કહી. શક્તિ તેને પ્રગટ કરવાનો અવિરત પ્રયત્ન કરવામાં આવે, સ્વરૂપમાં જે શુદ્ધ ચૈતન્ય ભગવાન આહાહા !

એક તો એ વાત છે કે બાહ્ય કોઇપણ પદાર્થની સુંદરતાની અધિકતા જેને ભાસે એને બાહ્યની ચીજનો દેખાવ થવાથી કાંઇક વીર્યમાં હર્ષિત - ઉલ્લસિત વીર્ય થાય એ પરમાં સુખ માનનારા છે. હેં ? આહાહા ! શરીરની સુંદરતા, પૈસાની અનુકૂળતા, આ પૈસાની અનુકૂળતા, બાયડીની અનુકૂળતા, મકાન પાંચ-પચ્ચીસ લાખનું કરીને આમ દેખવાથી જરીક અંદર આમ રાજીપો આવી જાય કંઇક થોડો તો એને ઇ પરમાં સુખબુદ્ધિ છે એને સ્વસત્ત્વ - સુખની ઇશ્વરતાથી ભરેલું છે એની એને શ્રદ્ધા નથી. સમજાણું કાંઇ ? આહાહા ! કોઇ પણ પદાર્થ ઇન્દ્રનાં ઇન્દ્રાસનો, ક્રોડો (કરોડો) ઇન્દ્રનાં સંયોગવાળી ઇન્દ્રાણીનો સંયોગવાળો ઇન્દ્ર ઇ પણ સાંભળતાં એને કાંઇક ઉંડાણમાં એમ આવે કે આહાહા ! તો એને પર પદાર્થમાં હજી રાજીપો છે. હેં ? આહાહા ! એનો અર્થ કે પરપદાર્થમાં મારું સુખ છે. મને જે મજા પડે છે ઇ પરપદાર્થને લક્ષે અને મારી મજા પરમાં છે. આહાહા !

પણ મારી મજાનો સ્વભાવ જ મારો અનંત આનંદની મજારૂપ છે. આહાહા ! એના ઉપર વીર્યને ઉલ્લસિત કરીને વીર્યમાં ઉલ્લસિત થઇ, જેમ આમ ઉલ્લાસ પામે જરીક આમ બહારમાં એ ઉલ્લાસ બહારનો છોડી દઇને આહાહા ! અંતરમાં સન્મુખ થઇને તેને પ્રગટ કરવાનો, શક્તિરૂપ છે તેને વ્યક્ત કરવાનો, બાહ્યમાં શક્તિને બાહ્યમાં વ્યક્તરૂપે આવે એની માટે અવિરત આહાહા ! પ્રયત્ન કરવામાં આવે. અવિરત નામ નિરંતર તે સન્મુખ પ્રયત્ન કરવામાં આવે તો પરમપદની પ્રાપ્તિ અવશ્ય થાય. તેને

મુક્તિ, પરમાત્મા પદ મુક્તિ થયા વિના રહે નહિં. આહાહા ! સમજાણું કાંઇ ? ઇ નવ્વાણુનો સરવાળો કર્યો - એણે. હવે સો ગાથા.

આ આ રાણીઓ આદિ ઓલામાં હોય છે ને ? શું કહેવાય ઇ ? (**શ્રોતા :** અંત:પુર) હેં ? અંત:પુર, અંતર (**શ્રોતા :** ઓઝલ, ઓઝલ) ઓઝલ ઓઝલમાં. ઓઝલમાં હોય ઇ બહાર આવે. લોકોને આમ હાલી (ચાલી) નીકળે જોવા આહાહા ! આજે રાણીસાહેબા આવવાના છે. ભાવનગરના રાણી બહાર નીકળ્યા હતાં એક ફેરી પહેલા. ઓઝલમાં હતા પછી તો બધું છોડી નાંખ્યું હતું ને બહાર ખુલ્લા એટલે લોકો આમ જોવા ઓહોહો ! ઇ જોવાની એને વિસ્મયતા આવે છે, એને આનંદનો આત્માનો વિસ્મયતા એને આ ભૂલી ગયો છે ઇ. સમજાણું કાંઇ ?

આ વડિયા છે ને ભાઇ વડિયા, ત્યાં હતાને અમે તે દિ' તમે ને નારાયણલાલભાઈને હતા. છન્ન-છન્નુમાં પછી એની વડિયા દરબારની રાણી હતી. લોકોને તો ઓયવોય. (**શ્રોતા :** એ કારભારી હતા) હેં ? કારભારી હતા ભાઇ, ખીમચંદભાઇ ને વખારીભાઇ હતા ખીમચંદભાઇ. પછી ત્યાં બધા ઇ ઇ રાજા હુશિયાર હતો જરીક લૌકિક એટલે રાજાના દીકરાઓ કુંવરો રાજપદ પ્રાપ્ત કરવા પહેલાં એની આંહી આની પાસે લેવા આવતા બધું શું કહેવાય તમારું એ અભ્યાસ ? (**શ્રોતા :** નાના કુંવરો હોય ને એને તૈયાર કરવા એ રાજા પાસે લાવતા) હા ઇ. તૈયાર કરવા ઇ રાજા પાસે લાવતા, રાજા પાસે લાવતા. ઇ રાજા ને કુંવર બધા વ્યાખ્યાનમાં આવતા તે દિ' છન્નુમાં.

ત્યાં અમે જુનાગઢથી આ બાજુ નીકળ્યા હતા. મારે તો બીજું કહેવું છે લોકોને એમ કે આ આ રાજા આવો હુશિયાર જેને ઘરે રાજનાં કુંવરો ભણવા આવે, અભ્યાસ કરવા, રાજની પદ્ધતિ કેમ મળે, એની રાણી તે કેવી હશે ? લોકોને જોવાનું મન થયું એમાં અમારા આહાર ટાણે વિનંતી કરી દરબારે 'મા'રાજ (મહારાજ) ઘરે આહાર પધારો', ત્યાં બ્રાહ્મણની રસોઇ છે નહિં તો રાજા એટલે ઠેકાણાં વિનાના હોય ને ? પણ બ્રાહ્મણ જોઇએ. ગ્યા ભઇ આમ અંદર જ્યાં ગ્યા ત્યાં રાણી હતી ને જોવો તો તમારું મોટું કોઠલા જેવું કોઠી હોય ને કોઠી, લબડતું આ ને કાંઇ ઠેકાણાં ન મળે પણ તે ઊભી'તી. આવી'તી છોડી હતી ને આમ બધા ઓઝલમાં હતા ને અંદર ગ્યા. આમ બીજાને તો એમ જ કે રાણીજી કે રાણીસાહેબ કેવાં હશે ? તે આવા રાજાની રાણી, હેં ? એની વિસ્મયતા જગતને લાગે છે, એમ વિકલ્પની આડમાં પ્રભુ છે એની એને ખબર નથી અને એની વિસ્મયતા એને લાગતી નથી. ઓલી તો ઠેકાણા વિનાની દેખાય અને આ તો ઠેકાણાવાળો

છે અંદર. હેં ? પ્રવિણભાઇ ! આહાહા !

અતીન્દ્રિય આનંદનો સાગર છે એ અતીન્દ્રિય આનંદ પણ જેનામાં પરિપૂર્ણ સત્ત્વ સત્‌ના સત્ત્વ તરીકે, સત્ એવો આત્મા તેનાં ભાવ તરીકે, સત્ત્વ એટલે ભાવ, એના ભાવની પરિપૂર્ણતા પર્યાય આનંદ જેમાં પડયો છે. આહાહા ! સિદ્ધને જે આનંદ થાય એ તો એક સમયની પર્યાયનો આનંદ છે એવો તો અનંત અનંત અનંત અનંત આનંદ પડયો છે, એની એને અંતરમાંથી સમ્યક્ શ્રદ્ધા જ્ઞાન થઇને સન્મુખ થઇને નિરંતર પ્રયત્ન કરે, પરમાત્મા થયા વિના રહે નહિં. બહારની ક્રિયાકાંડથી અને વહેવારથી ન થાય. વહેવાર આવે ખરો વચમાં જ્યાં સુધી પણ એ વહેવાર તો દખલરૂપે છે. હેં ? આહાહા !

હવે આંહી કહે છે સોમાં આત્મા જ એવું સિદ્ધ હોય તો તેને તે પદની પ્રાપ્તિ સંભવે પણ આત્મા છે એની 'છે' એની વસ્તુની નક્કી નથી. છે એવું જ ચાર્વાકની અપેક્ષાએ વાત. આત્મા છે એવું સિદ્ધ હોય તો તેને પ્રાપ્ત પદની પ્રાપ્તિ સંભવે પણ તે આત્મા ૪ (ચાર) તત્ત્વોના સમૂહરૂપ શરીરથી ભિન્ન અને અન્ય તત્ત્વરૂપ સિદ્ધ થતું નથી, ચાર્વાક કહે છે. આ તત્ત્વ જે છે પૃથ્વી, પાણી એનો મેળાપથી આ અંદરથી જીવ દેખાય છે. વસ્તુ જીવ જુદો છે એવી કોઇ ચીજ નથી. એવું ચાર્વાકો માને છે એની સામે વાત કરશે. અને સર્વદા સ્વરૂપની ઉપલબ્ધિનો સંભવ હોવાથી અને બીજા એમ માને છે કે સદા નિર્મળાનંદ જ મુક્ત અનાદિથી મુક્ત જ છે પર્યાયમાં. અનાદિ મુક્ત જ છે એમ માનનારને એવો સાંખ્યમત છે તેમના પ્રતિ કહે છે. ઓલો બિલકુલ નથી માનતો ઇ અને બિલકુલ પવિત્ર જ છે અનાદિથી પર્યાયમાં પણ મુક્ત જ છે એના પ્રતિ આ બધી વાત કરે છે. હેં ? ચાર્વાક અને ઓલો સાંખ્યમત.

**ननु आत्मनि सिद्धे तस्य तत्पदप्राप्तिः स्यात् न चासौ तत्त्वचतुष्टयात्मकाच्छरीरात्तत्त्वान्तरभूतः सिद्ध इति चार्वाका । सदैवात्मा मुक्तः सर्वदा स्वरूपोपलम्भसम्भवादिति सांख्यास्तान् प्रत्याह -**

**अयत्नसाध्यं निर्वाणं चित्तत्त्वं भूतजं यदि ।**
**अन्यथा योगतस्तस्मान्न दुःखं योगिनां क्वचित् ।।१००।।**

**ચેતન ભૂતજ[૨] હોય તો, મુક્તિ અયત્ન જ હોય;**
**નહિં તો મુક્તિ યોગથી, યોગીને દુઃખ નો'ય. ।। ૧૦૦ ।।**

૨. ભૂતજ – પૃથ્વી, પાણી, તેજ અને વાયુરૂપ ભૂતોમાંથી ઉત્પન્ન થયેલું.

**टीका** : चित्तत्त्वं चेतनालक्षणं तत्त्वं यदि भूतजं पृथिव्यप्तेजोवायुलक्षणभूतेभ्यो जातं यद्यभ्युपगम्यते तदाऽयत्नसाध्यं निर्वाणं यत्नेन तात्पर्येण साध्यं निर्वाणं न भवति । एतच्छरीरपरित्यागेन विशिष्टावस्थाप्राप्तियोग्यस्यात्मन एव तन्मते अभावादित्यात्मनो मरणरूपविनाशादुत्तरकालमभावः। सांख्यमते तु भूतजं सहजं भवनं भूतं शुद्धात्मतत्त्वं तत्र जातं तत्स्वरूपसंवेदकत्वेन लब्धात्मलाभं एवंविधं चित्तत्त्वं यदि तदाऽयत्नसाध्यं निर्वाणं यत्नेन ध्यानानुष्ठानादिना साध्यं न भवति निर्वाण । सदा शुद्धात्मस्वरूपानुभवे सर्वदैवात्मनो निरुपायमुक्तिप्रसिद्धेः । अथवा निष्पन्नेतरयोग्यपेक्षया अयत्नेत्यादिवचनम् । तत्र निष्पन्नयोग्यपेक्षया चित्तत्त्वं भूतजं स्वभावजं । भूतशब्दोऽत्र स्वभाववाची। मनोवाक्कायेन्द्रियैरविक्षिप्तमात्मस्वरूपं भूतं तस्मिन् जातं तत्स्वरूपसंवेदकत्वेन लब्धात्मलाभं एवंविधं चित्तत्त्वं यदि तदाऽयत्नसाध्यं निर्वाणं तथाविधमात्मस्वरूपमनुभवतः कर्मबंधाभावतो निर्वाणस्याप्रयाससिद्धत्वात् अथवा अन्यथा प्रारब्धयोग्यपेक्षया भूतजं चित्तत्त्वं न भवति । तदा योगतः स्वरूपसंवेदनात्मकचित्तवृत्तिनिरोधाभ्यासप्रकर्षान्निर्वाणं । यत एवं तस्मात्क्वचि-दप्यवस्थाविशेषे दुर्धरानुष्ठाने छेदनभेदनादौ वा योगिनां दुःखं न भवति । आनन्दात्मकस्वरूपसंवित्तौ तेषां तत्प्रभवदुःख-संवेदनासम्भवात् ।।१००।।

આત્મા છે એવું સિદ્ધ હોય, તો તેને તે પદની પ્રાપ્તિ સંભવે, પણ તે (આત્મા) ચાર તત્ત્વોના સમૂહરૂપ શરીરથી ભિન્ન અન્ય તત્ત્વરૂપ સિદ્ધ થતો નથી એવું ચાર્વાકો માને છે; અને સર્વદા સ્વરૂપની ઉપલબ્ધિનો સંભવ હોવાથી આત્મા સદાય મુક્ત છે - એવો સાંખ્યમત છે. તેમના પ્રતિ કહે છે:–

**અન્વયાર્થ** : (चित्तत्वं) ચેતના લક્ષણવાળો આ જીવ (यदि भूतजम्) જો ભૂત - ચતુષ્ટયથી ઉત્પન્ન થયેલા હોય, તો (निर्वाणं) મોક્ષ (अयत्नसाध्यं) યત્ન સાધવા યોગ્ય રહે નહિં, (अन्यथा) અથવા (योगतः) યોગથી એટલે શારીરિક યોગક્રિયાથી (निर्वाणं) નિર્વાણની પ્રાપ્તિ થાય, તો (तस्मात्) તેનાથી (योगिनां) યોગીઓને (क्वचित्) કોઈપણ અવસ્થામાં (दुःखं न) દુઃખ હોય નહિં.

**ટીકા** : ચિત્તત્ત્વ એટલે ચેતનાસ્વરૂપ તત્ત્વ જો ભૂતજ હોય અર્થાત્ પૃથ્વી પાણી, તેજ અને વાયુરૂપ ભૂતોમાંથી ઉત્પન્ન થયેલું માનવામાં આવે, તો નિર્વાણ અયત્નસાધ્ય રહે અથવા યત્નથી નિર્વાણ સાધવા યોગ્ય ન રહે. આ શરીરના પરિત્યાગથી વિશિષ્ટ અવસ્થાની પ્રાપ્તિ યોગ્ય આત્માનો તેના મતમાં (ચાર્વાકના મતમાં) અભાવ છે કેમ કે (તેઓ) મરણરૂપ (શરીરના) વિનાશથી ઉત્તરકાલે આત્માનો અભાવ (માને છે).

'સાંખ્યમત' માં ભૂતજ એટલે સહજ ભવન તે ભૂત અર્થાત્ શુદ્ધાત્મતત્ત્વ - તેમાં ઉત્પન્ન થયેલું તે. તેના સ્વરૂપના સંવેદકપણાથી જેનો આત્મલાભ પ્રાપ્ત થયો છે એવા પ્રકારનું ચિત્તત્વ જો હોય, તો નિર્વાણ અયત્નસાધ્ય થાય અર્થાત્ યત્નથી એટલે ધ્યાનના અનુષ્ઠાનાદિથી નિર્વાણ સાધવા યોગ્ય રહેતો નથી, કારણ કે નિત્ય શુદ્ધાત્મસ્વરૂપના અનુભવમાં સર્વદા જ આત્માની નિરુપાય (અયત્નસાધ્ય) મુક્તિ પ્રસિદ્ધ છે.

અથવા (આ શ્લોકમાં) અયત્ન ઇત્યાદિ વચન છે તે નિષ્પન્ન ઇતર યોગીની અપેક્ષાએ છે. ત્યાં નિષ્પન્ન યોગીની અપેક્ષાએ ચિત્તત્વ જો ભૂત જ એટલે સ્વભાવ જ હોય, (ભૂત શબ્દને અહીં સ્વભાવના અર્થમાં સમજવો) - અર્થાત્ મન, વાણી, કાયા, ઇન્દ્રિયો આદિથી અવિક્ષિપ્ત આત્મસ્વરૂપ ભૂત એટલે તેમાં ઉત્પન્ન થયેલું હોય અર્થાત્ તેના સ્વરૂપના સંવેદકપણાથી જેનો આત્મલાભ પ્રાપ્ત થયો છે એવા પ્રકારનું ચિત્તત્વ જો હોય, તો નિર્વાણ અયત્નસાધ્ય છે, કારણ કે તેવા પ્રકારના આત્મસ્વરૂપનો અનુભવ કરનારને કર્મબંધનો અભાવ હોવાથી નિર્વાણ વગર પ્રયાસે સિદ્ધ છે.

અથવા - અન્ય પ્રકારે પ્રારબ્ધ યોગીની અપેક્ષાએ ભૂતજ ચિત્તત્વ ન હોય, તો યોગ દ્વારા સ્વરૂપસંવેદનાત્મક ચિત્તવૃત્તિના નિરોધના પ્રકર્ષ અભ્યાસથી નિર્વાણ થાય, તેથી ક્વચિત્ પણ અવસ્થાવિશેષમાં અર્થાત્ દુર્ધર અનુષ્ઠાનમાં કે છેદન - ભેદનાદિમાં યોગીઓને દુઃખ ન હોય, કારણ કે આનંદાત્મક સ્વરૂપના સંવેદનમાં તેમને તેનાથી ઉત્પન્ન થતાં દુઃખના વેદનનો અભાવ છે.

**ભાવાર્થ** : 'ચાર્વાકમત' અનુસાર જીવતત્ત્વ ભૂતજ છે - અર્થાત્ પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ - એ ભૂતચતુષ્ટમયથી ઉત્પન્ન થાય છે. જો ભૂતચતુષ્ટયથી ઉત્પન્ન થયેલા શરીરને જ આત્મા માનવામાં આવે, તો શરીરના નાશને જ મોક્ષ માનવાનો પ્રસંગ આવે અને તેથી મોક્ષ અયત્નસાધ્ય રહે; નિર્વાણ માટે અન્ય કોઇ પુરુષાર્થની જરૂર રહે નહિં. માટે શરીરનો નાશ થતાં આત્માનો અભાવ માનવો અને આત્માના અભાવને મોક્ષ માનવો - એવી ચાર્વાકોની જીવાત્મા સંબંધી કલ્પના ભ્રમમૂલક - મિથ્યા છે.

'સાંખ્યમતાનુસાર' આત્મા ભૂતજ અર્થાત્ સર્વથા સ્વભાવસિદ્ધ શુદ્ધસ્વરૂપ જ છે. તેને સર્વ અવસ્થાઓમાં શુદ્ધ જ માને છે. નિર્વાણ માટે સમ્યક્જ્ઞાન, ધ્યાન, તપાદિરૂપ પુરુષાર્થની તેમને આવશ્યકતા નહિં જણાતી હોવાથી, તેમના મતે મોક્ષ અયત્નસાધ્ય છે. માટે સાંખ્યની કલ્પના પણ યુક્તિસંગત નથી.

'જૈનમતાનુસાર' સ્વરૂપ - સંવેદનાત્મક ચિત્તવૃત્તિના નિરોધના દૃઢ અભ્યાસ દ્વારા સર્વ વિભાવ પરિણતિને હઠાવી શુદ્ધાત્માસ્વરૂપમાં સ્થિરતારૂપ નિર્વાણ 'યત્નસાધ્ય' છે. અને તેવા પ્રકારના આત્મસ્વરૂપનો અનુભવ કરનારને કર્મનો અભાવ સ્વયં થવાથી નિર્વાણની સિદ્ધિ કર્મ અપેક્ષાએ પ્રયત્ન વિના અર્થાત્ 'અયત્નસાધ્ય' થાય છે, કેમ કે કર્મ પુદ્‌ગલ છે. તેની અવસ્થા જીવ કરી શક્તો નથી; તેથી તેના અભાવ માટે જીવને કોઇ પ્રયત્ન કરવો પડતો નથી.

યોગીજનોને અતિ ઉગ્ર તપ યા ધ્યાનાદિ કરતી વખતે કોઇ પણ પ્રકારનો ખેદ કે દુઃખ થતું નથી, પરંતુ પોતાના લક્ષ્યની સિદ્ધિ થતી જોઇ તપ - ધ્યાનાદિ કરવામાં આનંદ માને છે. તેઓ શરીરને આત્માથી ભિન્ન સમજે છે, તેથી શરીર કૃશ થતાં તેઓ ખેદ ખિન્ન થતા નથી તથા ઉપસર્ગ સમયે પોતાના સામ્યભાવની સ્થિરતાને છોડતા નથી.

''જેમ સુવર્ણ, અગ્નિથી તપાવા છતાં તેના સુવર્ણપણાને છોડતું નથી, તેમ જ્ઞાની કર્મના ઉદયે તપ્ત હોવા છતાં તે પોતાના જ્ઞાનીપણાને છોડતો નથી.''[૩] ૧૦૦

---

## પ્રવચન – ૧૧૪

**अयत्नसाध्यं निर्वाणं चित्तत्त्वं भूतजं यदि ।**
**अन्यथा योगतस्तस्मान्न दु:खं योगिनां क्वचित् ।।१००।।**

**ચેતન ભૂતજ[૪] હોય તો, મુક્તિ અયત્ન જ હોય;**
**નહિં તો મુક્તિ યોગથી, યોગીને દુઃખ નો'ય. ।। ૧૦૦ ।।**

**ટીકા** : चित्तत्त्व એટલે ચેતના સ્વરૂપ છે ને? चित्तत्त्व, चित्तत्त्व ચેતનપણું - ચેતના સ્વરૂપ એવું તત્ત્વ જો ભૂત જ હોય, પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુથી ઉત્પન્ન થયેલું હોય તો માનવામાં જો આવે તો નિર્વાણ અયત્નસાધ્ય છે, તો મોક્ષને માટે યત્ન કરવો ઈ છે (નહિં) વસ્તુ નથી ત્યાં પછી કોનો યત્ન સાધ્ય કરે? આહાહા! કારણકે પર્યાયના એક સમયની દશામાં ઓલો પૂરણ સ્વરૂપ છે ઈ તો નથી એમ થઈ ગયું છે એને. ઈ જાણે આમ આ પૃથ્વી, પાણી ને એને લઈને ઊભું થાય છે આમ આત્મા. જેમ આમ દરાખને(દ્રાક્ષને) ખોદે

---

૩. જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહિં તજે.
ત્યમ કર્મ - ઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. (૧૮૪) (શ્રી સમયસાર ગુ. ગાથા - ૧૮૪)
૪. ભૂતજ – પૃથ્વી, પાણી, તેજ અને વાયુરૂપ ભૂતોમાંથી ઉત્પન્ન થયેલું.

છે ને પછી દારૂ ઉત્પન્ન થાય છે ને એમાંથી. દ્રાખ (દ્રાક્ષ), દ્રાખ (દ્રાક્ષ) દ્રાખ (દ્રાક્ષ) છેક નીચે હેં ? હા, એમાં એ એનો સડો કરે ત્યારે એનો કેફ ઉત્પન્ન થાય.

એમ કહે છે કે આ તો ચાર ભેગા થઈને આત્મા ઉત્પન્ન થયો છે એય ! પછી એને યત્નસાધ્યથી મુક્તિ થાય એવું કાંઈ રહેતું નથી. આહાહા ! એમ આમ આ અંદરની વાત છે હોં. આ ઓલો ખરેખર પર્યાય જેટલો માને ઈ બૌદ્ધ મતિ છે અને આખું તત્ત્વ છે એને ન માને તો એ નાસ્તિક છે. આહાહા ! આ મદ ઊભો થાય છે ને કેફનો ! એ... ઓલી, શું કહેવાય ઈ આ... દ્રાખ (દ્રાક્ષ), દ્રાખ (દ્રાક્ષ), દ્રાખ (દ્રાક્ષ) હોય છે ને ? એક ફેરી માલ લેવા ગયેલા ત્યાં. ઘણાં વર્ષની વાત છે, પાંસઠ - છાંસઠની ભરુચ માલ લેવા ગયેલો હું, માલ લેવા હું જાતો ત્યાં. એમાં પારસીને કીધું મેં પારસીની દુકાન હતી એક. અમારે એ સંબંધવાળો હતો માણસ. મેં કીધું એક દ્રાખની (દ્રાક્ષની) પેટી મોકલજો પાલેજ.

પેટી આ દ્રાખની (દ્રાક્ષની) આવે છે ને ? પેટી દોઢ બે મણની. દ્રાખ (દ્રાક્ષ),દ્રાખ (દ્રાક્ષ) શું કહેવાય આ કીસમીસ કે એવું કહેને, એ કીસમીસ. હેં ? ઓલો કહે છે નહિં ઈ તમારી તો ઈ તો મારે આંહી હરીચંદભાઈને ઘેરે, સાગરનાં હરીચંદભાઈ, ઓલી તમારી દ્રાખ(દ્રાક્ષ) શું કહેવાય ઈ ? ઈ નહિં (**શ્રોતા** : અંગુર) મોટી દ્રાખ (દ્રાક્ષ) આવે છે સાગરમાં આવડી મોટી હા એનું નામ જ બીજું હોય છે. આ તો અમથું વેપારમાં હતો ઈ વાત છે. એને કહીને આવ્યા તો મારે મોકલી પેટી. હેં ? કીસમીસ કહે છે પણ એવી કે સડો બધી ઈયળું. જ્યાં આમ ખોલી તો ઈયળું, ઈયળું, ઈયળું. સડો થઈ ગ્યો દરાખ (દ્રાક્ષ) અરેરે ! અમે આ વાણિયા, અમારે આ ન હોય આ.

કોણે મોકલી તમને કહ્યું'તું આવી મોકલવાનું કીધું હતું ? આ પાટી, પાટીયાં છોડયા હોય ને દ્રાખ (દ્રાક્ષ) બે મણ. બે મણ દ્રાખ (દ્રાક્ષ) આમ પાટીયા છોડયાં, પાટીયું જાણે ઊંચું કર્યું આમ જરી, પેલો હોય ને કાળો, ઊંચુ કર્યું તો ત્યાં તો એકલી ઈયળું. અરેરે ! આ શું ? કીધું તમને ભરોસે કહ્યું કે મોકલજો દ્રાખ (દ્રાક્ષ). મોકલી દો પાછી કહે છે ઈ એમાંથી દારૂ થાય. ઈ સડો કરીને દારૂ થાય. એમ કહે છે કે બધી ચીજ ભેગી થઈને આત્મા થાય એમ કહે છે આ. સમજાણું કાંઈ ? હવે એવો જો આત્મા હોય તો પછી એને યત્ન કરવાની કાંઈ જરૂર (રહેતી નથી). વસ્તુ નથી પછી યત્ન કરવો સાધ્ય શા માટે ? અને બીજો એમ કહે છે કે મુક્ત જ છે આત્મા પર્યાયે પણ અનાદિ શુદ્ધ સ્વરૂપ છે એમ જો કહે તો એને યત્નથી સિદ્ધ કરવું એ પણ રહેતું (નથી). આહાહા !

આ સમાધિતંત્ર છે ને ? એટલે જેટલો સ્વભાવ એનો પૂરણ સમાધિ આનંદ

સ્વરૂપ છે એને જ્યારે શક્તિની પ્રતીતિ કરી ત્યારે એનું જ્ઞાન કર્યું ત્યારે એના પર્યાયમાં સમાધિ આવે. સમાધિ આવે કહો કે સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રની પર્યાય થાય કહો, તો એ સમાધિમાં જેટલો જે રાગ રહે છે એ અસમાધિ છે. સમજાણું કાંઇ ? જ્ઞાનીને પણ જેટલો રાગ રહે ઇ અસમાધિ... આ પણ પહેલું આવી ગયેલું કે સમાધિ વસ્તુ છે આત્મા, એની શક્તિમાંથી સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રનાં કારણે જે શક્તિની વ્યક્તતા થઇ થોડી એ તો સમાધિ છે. એ સમાધિશાસ્ત્રનો વાચ્ય ઇ છે અને એ સમાધિ ઔષધિ છે. મોક્ષનો મારગ છે બંધને છોડવાનો, પણ તેમાં જેટલો હજી રાગ બાકી રહે છે. શુભ ને અશુભ ઇ અસમાધિ છે. આ તો સવારની વાત ઓલી એ દુઃખ છે અમરચંદભાઇ ! આહાહા ! જ્ઞાનીને પણ એ દુઃખ છે.

સમાધિનું વેદન હેં ? (**શ્રોતા :** જ્ઞાનીને દુઃખ, અજ્ઞાનીને દુઃખ પછી ફેર શું પડયો ?) જ્ઞાનીને આનંદનાં સહિતનું દુઃખવેદન છે. આનંદનું ય છે ને દુઃખનું બેયનું છે. અજ્ઞાનીને એકલા દુઃખનું વેદન છે. અસમાધિનું એકલું વેદન છે. કેવળીને એકલું સમાધિનું વેદન છે. અજ્ઞાનીને એકલું અસમાધિ દુઃખનું વેદન છે. સાધકવાળાને આનંદ અને દુઃખનું બેય ભેગું - મિશ્ર વેદન છે. આહાહા ! વજુભાઇ ! આવી ચીજ છે જ્યાં પ્રત્યક્ષ આહાહા ! એને આનંદનો સ્વાદ આવ્યો હોય તો એને દુઃખનું, આનંદની હારે (સાથે) દુઃખ મેળવે. હેં ? કે આ દુઃખ આ. તિર્યંચોને સમ્યગ્દષ્ટિ થતાં એને આટલું બધું જ્ઞાન હોતું નથી પણ એ આત્માના આનંદ તરફ ઢળીને જે આનંદનો સ્વાદ આવ્યો એટલે એને પ્રતીતમાં આવ્યું કે આ આત્મા આનંદમય થઇ ગયો.

ઓલો સ્વાદ આવ્યો એનું અને એ સિવાય જરીક રાગ બાકી રહે છે ઇ આ.. આ આનંદ એ નથી એટલે એનાથી વિરૂદ્ધ ભલે દુઃખ છે એવા શબ્દો નથી એને પણ વાચ્યના દુઃખને વેદે છે ઇ, આહાહા ! તેથી આનંદના તરફના પ્રયત્નમાં તત્પર રહીને મુક્તિ કરવા માટે ઇચ્છાશીલ છે તિર્યંચ પણ. સમજાય છે કાંઇ ? કે આ આનંદ આમ આ બાજુ ઢળીને જે આનંદ આવ્યો અને આ હજી કાંઇ દુઃખી છે આ ભલે ઇ આનંદ અને દુઃખના શબ્દો ન જાણે પણ એના વેદનને ય ખબર પડે. આહાહા ! તો એ વેદનમાં અંતરમાં જેટલો આનંદ એટલી સમાધિ છે અને એથી થોડું દુઃખ છે અને એની હારે મેળવીને જોવે તો આમ આવું એથી એને આત્મા તરફનો ધસારો કરી અને દુઃખને ટાળવા માંગે (છે). ભલે પછી સંવેગ ને ફલાણાં નામ એવા હેં ? ન આવડે. આહાહા !

આનંદનો ડુંગર પડયો એને પકડયો એણે. આહાહા ! જેમ બરફનો ડુંગર હોય ને પછી ઝરણાં અંદરથી વહે એમ આનંદનો ડુંગર પ્રભુ એ આત્મા એમ જેણે

અંતર્મુખ થઈને શ્રદ્ધા - જ્ઞાન કર્યું એને સમાધિ અને આનંદ આવ્યા વિના રહે (નહિં) અને એ સમાધિની પાછળ આગળ જરીક આમ. આ રાગ છે એ બાબત નામ ન આવડે ભલે પણ આ આ આ જાતને આ જાત જુદી. એથી તેમાંથી ખસી અને સ્વભાવ તરફ ઢળવા માંડે છે. ઢળતાં ઢળતાં પૂરણ ત્યાગ ને અરાગ નો થઈ જાય એટલે કેવળ થાય. ઈ પછી મનુષ્યપણામાં આવે ત્યારે કરે, ન્યાં તો કાંઈ કેવળ ન થઈ શકે નહિં પણ એની પ્રતીતમાં એમ છે કે આ સ્વભાવને આમ આ બાજુમાં ઢળતાં ઢળતાં પૂરણ થશે. પૂરણ એટલે મોક્ષ. સમજાણું કાંઈ ? આહાહા !

ઈ આંહી કહે છે કે ભૂતથી ઉત્પન્ન થયેલું માનવામાં આવે તો નિર્વાણ અયત્નસાધ્ય રહે. આહાહા ! છે જ નહિં વસ્તુ એ રીતે માનવામાં આવે તો પછી યત્નસાધ્ય રહ્યું ક્યાં ? એને યત્નથી સાધીને પ્રગટ કરવો. શક્તિરૂપ સત્ત્વ છે એમ માને તો તો એને યત્નસાધ્યથી પર્યાયમાં વ્યક્તતા પ્રગટ કરવાનો પ્રયત્ન રહે પણ વસ્તુ જ નથી જ્યાં, જુઓને એકદમ ઉપાડી આંહી એકદમ. એકદમ પહેલું આંહી લઈ લીધું કે પૂર્ણાનંદનો નાથ પ્રભુ પૂરણ છે. એની જેને સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન થયાં અને નિરંતર ત્યાં રહે - પ્રયત્ન કરે છે એને પરમપદની પ્રાપ્તિ થયા વિના રહેતી (નથી). અસ્તિપણે આવો ભગવાન છે તેની પર્યાયમાં અસ્તિપણાનું સત્ત્વ પૂરણ થયા વિના રહેતું નથી. આહાહા ! છોકરાઓને સમજાય એવું છે હોં ! આ કાંઈ નથી સમજાય એવું નહિં, ધ્યાન રાખવું જરી કે અમે કાંઈ છોકરા છીએ બાળક બુદ્ધિ એમ નથી.રસિક ને આવ્યો છે કે નહિં ? (**શ્રોતા :** નથી આવ્યો) હજી આ છોકરા નાના એને ન સમજાય અને ૮(આઠ) વર્ષનાં છોકરા તે કેવળ પામ્યા છે. આહાહા !

ચક્રવર્તીનાં દીકરા, તીર્થંકરના પુત્રો, આઠ-આઠ હેં ? (**શ્રોતા :** વાણિયાનાં પુત્રોનું શું ?) વાણિયાના.... આ તો મોટા ભગવાનનાં પુત્ર ને ચક્રવર્તીનાં પુત્રો આઠ-આઠ વરસે કેટલાક હાલી (ચાલી) નીકળ્યા. આહાહા ! 'મારો નાથ આંહી બિરાજે છે. માતા, એક વાર રજા દે મા', અરે ! દીકરા તું શું જાણ આમાં ? 'માતા હું જાણતો નથી કે ક્યારે દેહ છૂટશે, પણ દેહ છૂટશે એમ મને ખ્યાલ છે'. સમજાણું કાંઈ ? દેહ છૂટી જશે, હું રહીશ એકલો. એ એકલો જો દેહ છૂટવા ટાણે પૂરણનાં આનંદમાં રહીશ અને એ દેહ છૂટે તો તો હું આનંદમાં રહીશ એમ કહે. અને દેહ છૂટવા ટાણે આત્મા શું છે એનું આનંદનું ભાન ન થયું તો હું દુઃખમાં રહીશ. હેં ? આહાહા ! આહાહા !

જેણે આત્માનાં આનંદનો રસ ચાખ્યો છે એ આનંદના રસમાં આગળ જવા માટે માતાને એમ કહે બા, રજા દે બા. જનેતા તે જનમ આપ્યો શરીરને, મને નહિં.

આવે છે ને ? આ પરમાત્મપ્રકાશમાં, ચરણાનુયોગમાં આવે છે. આ રીતે આવે છે એમાં. બા, જનેતા, શરીરને તે જનમ આપ્યો નિમિત્ત તરીકે, હું તો આત્મા છું. મને જનમ કોણ આપે ? આહાહા ! મા હું તો મારા સ્વરૂપને સાધવા માટે અંતરમાં પ્રયત્ન માટે ઉગ્રપણે મારો પ્રયત્ન કામ કરે એ માટે હું વનવાસમાં જાઈશ. આહાહા ! ઓહો ! લાદીયું, એને મણિ-રતનની લાદીયું હોય, તમારા પથરાની જેવી એવી લાદી નહોય ત્યાં, હેઠે લાદી હોય ને મણિ-રતનની હોય. મોટા હવે આ તો સાધારણ ધૂળના મકાન, ઓલા તો મણિ-રતનના.ભીતું મણિ-રતનની, નીલમણિની ભીંતો અને હીરાનાં દળ એવા એને આંહી હેઠે શું કીધું ? લાદી ! એમાંથી નીકળી મારે જાવું છે બા, ક્યાં ભાઇ જઇશ ભાઇ, કે હું જ્યાં છું ત્યાં જાઈશ. હું જ્યાં નથી ત્યાંથી નીકળવા માંગુ છું. આહાહા !

આ જુઓને એને આઠ વરસે રસ પડે છે અંદરથી. એને વરસનું ક્યાં છે ? એ તો અનાદિનો છે. આહાહા ! અને એટલો આનંદના રસને જોયો છે ને ! એ આનંદને એમાં પ્રયત્ન ઉગ્ર કરવા માટે આ કરે છે. મા રોવે છે. બા, રોવું હોય તો રોઈ લે એકવાર. અમે આત્માના સાધનમાં જશું. બીજી મા નહિં કરીએ. આહાહા ! હવે અમારે બીજી જનેતા નથી. મા, (તારી) છેલ્લો અવતાર તારા પુત્ર તરીકે. આહાહા ! એવા અંતરમાં પ્રયત્નમાં તત્પર થઇને જ્યારે ઉગ્રપણે જ્યારે રાગનો ત્યાગ થાય છે ત્યારે તત્પરથી અંદરમાંથી કેવળજ્ઞાન પ્રગટયા વિના રહેતું નથી. આહાહા ! સમજાણું કાંઇ ?

આંહી તો આ વાત છે બાપુ ! આંહી તો સ્વર્ગ મળે ને ઢીંકણું મળે ને ધૂળ મળે. એવા અનંતવાર મળ્યા ને અનંતવાર ટળ્યા. હેં ? તારી શું ચીજ છે ભાઇ ? શાશ્વત વસ્તુ મારી છે તેને હું સાધવા જાઉં છું એક વાત, અને એ શાશ્વત વસ્તુ નિર્મળપણે છે અનાદિની એમ નથી પર્યાયમાં, માટે તેને મલિનતા ટાળવા અને નિર્મળતા પ્રગટ કરવા હું જાઉં છું આ બેની વાત. એક જણો ભૂતથી જીવને માને છે પૃથ્વી આદિ. એક જણો પવિત્ર જ છે આત્મા મુક્તશિવ, સદાશિવ. સદાશિવ કહે છે ને ઇ ? હેં ? એને પ્રયત્ન રહેતો નથી સદાશિવ એને, બેય ખોટા છે. આહાહા ! શરીરના પરિત્યાગથી વિશિષ્ટ અવસ્થાની પ્રાપ્તિયોગ્ય આત્માનો તેના મતમાં તો અભાવ છે. શરીરનાં ત્યાગ પછી આત્માની પ્રાપ્તિ થાય, આત્માને તો ઇ માનતો નથી જુદો. એથી આત્માનો એને અભાવ છે. આહાહા !

પણ જેને ઇ સત્તા છે એવો સ્વીકાર થયો છે એને અંદર પ્રયત્ન કરવાનો રસ... વખત રહેશે. આહાહા ! સમજાણું કાંઇ ? સમાધિ છે ને ? તંત્ર એટલે અંતર સમાધિ જોઇ છે. આ તો સમાધિ સ્વરૂપ જ પ્રભુ છે. આહાહા ! અનાકૂળ આનંદ શાંતિનો રસ જ

આત્મા તો છે, એવી જેને અંતર પ્રતીત અને જ્ઞાનમાં ભાસ્યું છે ઈ અંદર પ્રયત્ન નિરંતર કરવા મથે છે. પ્રવિણભાઈ, ઈ પ્રવિણતા છે. આહાહા! ત્યાં ય આવે છે ને ભાઈ એ ચરણાનુયોગમાં મારી અનુભૂતિની હારે (સાથે) હું રહેવા માંગુ છું એમાં છે ચરણાનુયોગમાં. સ્ત્રીને કહે છે હે આ શરીરને રમાડનારી સ્ત્રી, શરીરને, મને નહિં. આહાહા! હવે તો મારી અનાદિ અનુભૂતિ જે આનંદનો અનુભવ એ અનુભૂતિ પાસે હું તો જવા માંગુ છું, છોડ. આહાહા! સમજાણું કાંઈ ? છે ને આપણે રજા માંગવાનું ને બધું ઘણા બોલ છે ચરણાનુયોગમાં.

માતા-પિતા, ભાઈઓ અને પત્ની આદિ પાસેથી જાય છે અને એમ કહે હે પત્ની, શરીરને રમાડનારી સ્ત્રી, રમણી. શરીરને રમવામાં નિમિત્તપણું તારું એવી રમણી, હવે હું મારા આનંદની અનુભૂતિની રમણીમાં જાઉં છું. આહાહા! મને ક્યાંય બીજે ચેન પડતું નથી હવે. સમજાણું કાંઈ ? મારી વૃત્તિ ક્યાંય થંભતી નથી બીજે હવે. મારો ભગવાન જ્યાં છે ત્યાં હવે હું તો જવા માંગુ છું. એને વન કે દેશ ને કાળ એને કાંઈ નહિં, એ તો પોતાનાં સ્વરૂપને સાધવા માટે પછી એકાંત લે. આહાહા! આમ તો કહ્યું છે ને ક્યાંક જ્ઞાનીને સાધકપણે ગૃહસ્થાશ્રમમાં હો કે વનમાં હો એને કાંઈ વનમાં વધારે સાધન થાય એવું કાંઈ છે નહિં. બહાર ક્ષેત્રનું કાંઈ છે (નહિં). આહાહા!

સાંખ્યમતમાં ભૂતજ એટલે સહજ ભવન્તિ ભૂત શુદ્ધાત્મ તત્ત્વ, તેમાં ઉત્પન્ન થયેલું તે. તેના સ્વરૂપનાં સંવેદનપણાથી જેનો આત્મલાભ પ્રાપ્ત થયો એવા પ્રકારનું ચિત્ત જ હોય તો નિર્વાણ અયત્નસાધ્ય થાય, એટલે ભૂતથી ઉત્પન્ન થયેલો આત્મા એટલે અયત્નસાધ્ય મોક્ષ એટલે મોક્ષ એને થશે નહિં એમ તો છે નહિં. આહાહા! એ તો એ વાત કરી કે આ આત્મા અંદર છે. એ નથી ને મેં માન્યું છે એમ નથી. ચિત્ત આનાથી ઉત્પન્ન થયેલો એ તો છે જ અંદર ભગવાન. આહાહા! ચાર્વાકો કહે કે શરીર છૂટે તો પછી કંઈ આત્મા રહેતો નથી પણ હું તો શરીર વિનાનો અનાદિનો છું. હેં ? શરીર હોય તોય છૂટો છું અને શરીર ન હોય તો ય (છૂટો છું). આહાહા! આવી વાત છે. આહાહા!

ઓલા સિંહ છે ને ભગવાનનો જુઓને દસમો ભવ. છે ને એટલામાં ક્યાંક છે ? એમાં નથી, ઓલામાં હશે. ઉપરથી સાધુ ઉતરે છે, આંહી હરણ ને ખાય છે આમ મારીને. જુઓ એક! પેટમાં માંસ પડ્યું છે હજી કાંઈ ખબર નથી. સાધુ ઉપરથી ઉતરે છે તે એના ખ્યાલમાં આવી ગયું પણ અમારી નજીક હોય એ દૂર ભાગે આ દૂર છે ને આકાશમાંથી હેઠે ઉતરે છે, છે કોણ આ ? એટલી તો વિસ્મયતા સિંહને આવી ગઈ એકદમ, અમારી

નજીક ઢોર હોય કે માણસ હોય અમને ભાળીને (જોઇને) ભાગે. એને ઠેકાણે આ તો દૂર તો ક્યાં આકાશમાં હવે એની હારે (સાથે)... આહાહા! આમ જ્યાં જોવે છે ઓહોહો! આમ હાથ કરીને કહે છે અરેરે આત્મા! તું દસમે ભવે તો તીર્થંકર થવાનો છો એમ અમને સંતોએ કેવળીએ કહ્યું છે. આહાહા! જુઓને મેળ કેવો ખાય છે. કોણ જાણે ઇ ભાષા કેમ સમજી ગયા હશે? હેં? હવે ઇ આની ક્યાં ભાષા, ઇ મુનિઓ ક્યાં ઉપર જાતા, એની કઇ ભાષા? મેળ ખાય ત્યારે કેવો મેળ ખાઇ જાય આમ પાછા.... તમે દસમે ભવે મહાવીર તીર્થંકરનો જીવ તમે છો. આહાહા!

આંખમાં આંસુની ધારા નીકળી. અંદરમાં ઉતરવા માંગે છે હવે. આહાહા! અંદર સ્વરૂપ અંદર જાતિસ્મરણ થાય છે અને એકદમ સમ્યગ્દર્શન થઇ જાય છે. આહાહા! પેટમાં માંસના ટૂકડા પડયા છે હેં? એ એને ક્યાં નડે છે? આહાહા! પાછો આમ રાખે લોકો આમ. હરિભાઇએ તો બનાવ્યું'તું ને એક આમ બે હાથ આમ રાખે. આહાહા! ઇ તો એમાં ઉતરવા માંગે છે હવે. જ્યાં હું છું આ એને તીર્થંકરપણાનો અવતાર એ હું? તીર્થંકર થવાનો જીવ ઇ હું? આહાહા! આ શું? અંતરમાં ઉતરવા માંગે છે એકદમ. સમ્યગ્દર્શનની સમાધિ થઇ જાય છે, સમ્યગ્દર્શનનો આનંદ આવે છે એમ કહેવું છે. આહાહા! એ છે એમાંથી આવે છે, છે ત્યાં સ્વીકાર કે તું અનાદિનો પણ તારો આત્મા તીર્થંકર થવાની લાયકાત વાળો અનાદિનો છે. ભગવાનના જ્ઞાનમાં તું તીર્થંકર થવાની લાયકાત વાળો જીવ છો. આહાહા! એવું તારું મંગલિક તીર્થ જ તું પોતે છો. સમજાણું કાંઇ? આહાહા!

જેણે આવો સ્વીકાર્યો નથી આત્મા ઇ તો ભૂતથી ઉત્પન્ન થયેલો, એને આ તત્ત્વ તે પ્રતીત કરીને યત્નથી સાધવો એ રહેતું (નથી) અને સાંખ્યમતમાં 'ભૂતજ' એટલે 'સહજ ભવનમ્ તે ભૂત' શુદ્ધાત્મ તત્ત્વ તેમાં ઉત્પન્ન થયેલું તે, તેનાં સંવેદનપણામાં જેનો આત્મલાભ પ્રાપ્ત થયો છે એ તો શુદ્ધ શિવ સ્વરૂપ છે જ એમ કે પર્યાયમાં, સાંખ્યમત વાળો કહે છે હવે. છે ને? એવા પ્રકારનું ચિત્તત્ત્વ જો હોય તો નિર્વાણ અયત્નસાધ્ય થાય, તો મુક્તિને માટે યત્ન કરવું એ રહેતું નથી. મુક્ત સ્વરૂપ જ છે. સદાશિવ એમ કહે છે ને લોકો? અનાદિનો સદાશિવ સ્વરૂપ જ છે ઇ પર્યાયમાં હોં. શિવસ્વરૂપ છે ઇ શક્તિનું બરાબર છે. પર્યાય પણ મુક્ત જ છે, એને બંધન નહિં, મેલ નહિં, કાંઇ નહિં એવું માનનારને પણ યત્નથી ધ્યાનના અનુષ્ઠાન આદિથી નિર્વાણ સાધવા યોગ્ય રહેતો નથી. આહાહા! હેં?

પૂરણ સદાશિવ સ્વરૂપ જ માને તો પૂરણ સ્વરૂપ થવાનો જે યત્નશ્રેય

કરવો એ એને રહેતું નથી. આહાહા! પણ જે કાંઇ પૂરણ સ્વરૂપ છું મારું હું શક્તિએ એને પર્યાયમાં મારે પૂરણ નથી હું. હેં? તો પ્રયત્ન કરે. આહાહા! સ્વામી કાર્તિકમાં તો આવ્યું છે ને કે પોતાને પ્રભુ તરીકે સ્વીકારે છે વસ્તુથી પણ જ્યાં પર્યાયને આમ જોવે છે સમ્યગ્દષ્ટિ અરે! ક્યાં હું પામર આહાહા! ક્યાં કેવળજ્ઞાનની પર્યાય, ઇ તો મારી પૂરણ થાય એવી મારી તાકાત છે. અને હું આ ક્યાં? સ્વામી કાર્તિકમાં છે. અરે! આ મારી પર્યાય પામર છે. આહાહા! એકકોર પ્રભુ છે, પ્રગટેલી પર્યાયમાં પામરતા ભાળે (જોવે) છે. ક્યાં કેવળજ્ઞાનની પર્યાય અને ક્યાં આ દશા? આહાહા! એટલાથી એને સંતોષ થઇ નથી ગયો. હેં?

સમ્યગ્દર્શન ને જ્ઞાન થયું છે તેથી એને સંતોષ નથી થઇ ગયો. છે, એટલો સંતોષ છે પણ હવે હું પૂરણ થઇ ગયો છું એમ નથી. આહાહા! અને મારી પર્યાય તો ઘણી તુચ્છ છે. ઘણો હું પામર છું. આહાહા! એવું પર્યાયમાં જે જાણે તે સ્વરૂપ તરફના પ્રયત્નમાં તત્પર થાય, પણ પર્યાયમાં આ જ રીતે પામરતા ન જાણે. સમજાણું કાંઇ? પ્રભુ તું હોવા છતાં પર્યાયમાં પામરતા... આ તો કહે પર્યાય પૂરણ છે. સદાશિવ હેં? સદાશિવ એમ નથી બાપુ! આહાહા! સદાશિવ તો એનું સ્વરૂપ છે પણ પર્યાયમાં સદાશિવ છે એમ નથી. આહાહા! ભારે વાત કરે છે પણ અસ્તિ તત્ત્વનો સ્વીકાર કરાવવા અને એના તરફનો પ્રયત્ન ચાલુ રાખવા આ દૃષ્ટાંત લીધો છે. આહાહા! કારણ કે નિજ શુદ્ધાત્મ સ્વરૂપના અનુભવમાં સર્વદા આત્માની નિરૂપાય મુક્તિ પ્રસિદ્ધ છે. ઉપાય વિના જ મુક્તિ છે. એને ઉપાય કરવાનું રહેતું નથી. આહાહા!

જુઓ આચાર્યોએ સમાધિશાસ્ત્રમાં એક આ વાત મૂકી. બિલકુલ આત્મા જ નથી. ખરેખર તો એક સમયની પર્યાય માનનારો ત્રિકાળ આત્મા છે ઇ માનતો નથી. એ બૌદ્ધ છે બુદ્ધ. ભલે જૈનમાં હો, વાડામાં પણ પર્યાયનો એક સમયની દશા છે તેટલો હું છું કેમકે પર્યાયમાં આખું દ્રવ્ય આવ્યું નથી. અને એક સમયની પર્યાયની પાછળ મોટો ભગવાન બિરાજે છે ઇ એને નજરમાં આવતો નથી. સમજાણું કાંઇ? એથી એના અસ્તિત્વની પ્રતીત ખબર નથી - પ્રતીત આવતી નથી એને. આહાહા! આ વળી પર્યાયમાં આટલું જ્ઞાન છું વળી અંદર પરિપૂર્ણ ક્યાં હશે આ તે, એ પણ પર્યાયને જ માનનારા છે. બૌદ્ધમતિ છે. આહાહા! સમજાણું કાંઇ? ત્રણ વાત લીધી. એક ભૂતથી ઉત્પન્ન થાય આત્મા એને યત્ન કરવાનું રહેતું નથી કારણકે આત્મા નથી ત્યાં યત્ન શું?એક પરિપૂર્ણ દશાવાળો જ અનાદિથી છે એ યત્ન રહેતું નથી. અને એક સમયની પર્યાય જેટલો જ આત્મા છે એમ માને. આહાહા! સમજાણું કાંઇ?

વળી પર્યાય પાછળ પાછળ ક્યાં હશે અંદર વસ્તુ કહે છે. બાપુ પર્યાયવાન વસ્તુ છે. આ તો એક સમયની દશા છે, રાગની નહિં પણ જે ક્ષયોપશમનાં જ્ઞાનની પણ એક સમયની દશા છે એ તો નાશવાન છે. આહાહા! એ આમ આવે છે ને શુદ્ધભાવ અધિકારમાં નહિં? કેવળજ્ઞાન આદિ પર્યાયો બધી નાશવાન છે. અવિનાશી તો ત્રિકાળ વસ્તુ તે અવિનાશી છે. આપણે આ નિયમસાર વાંચવાનું છે ઈ આ અધિકાર વાંચવાનો શુદ્ધ (શ્રોતા : શુદ્ધભાવ) હા. હિન્દી લોકો આવે ને હિન્દી! આવશે એ કોઈ શુદ્ધભાવ અધિકાર નિયમસાર ને આ પ્રવચનસાર. એ પણ અધિકાર આ મોક્ષનો મારગ છે ને ૨૩૨થી ઈ વાંચવાનું છે. આ શિક્ષણ શિબિર વખતે. મોક્ષમારગ આવે છે ને ૨૩૨ ઈ મોક્ષમાર્ગ. બહુ સરસ છે અને આ શુદ્ધભાવ અધિકાર. ઓહોહો! ક્ષાયિકભાવ જેમાં નથી. (શ્રોતા : ત્રિકાળ શુદ્ધ).

હવે એક સમયની પર્યાય માનનારને ત્રિકાળી દ્રવ્ય છે એ બેસતું જ નથી. આહાહા! કેમ કે અનાદિની રમતું એક સમયની પર્યાયમાં છે એને. એક સમયનો વિકાસ ઉઘાડ ને એમાં જ એનો ઉત્પાદ રમે છે. આખું તત્ત્વ અંદર અસ્તિત્વ પડયું છે મોટું. મૂળ તો ઈ આત્મા છે. ખરો આત્મા તો એ છે. પર્યાય એ ખરો આત્મા નથી. એ વહેવારું આત્મા અભૂતાર્થ આત્મા આહાહા! એવા ભગવાન સત્યાર્થ આત્મા એવી જેને દૃષ્ટિ અને જ્ઞાન થયા નથી એ પ્રયત્ન કેમ કરશે તેની સન્મુખનો? સમજાણું કાંઈ? આહાહા! એ તો આ દયા, દાન, વ્રત ને ભક્તિ ને આ વિકલ્પનાં પ્રયત્ન કરીને મરશે. હેં? આહાહા!

આ શ્લોકમાં અયત્ન ઈત્યાદિ વચન છે તે નિષ્પન્ન ઈતર યોગીની અપેક્ષાએ છે. ત્યાં નિષ્પન્ન યોગીની અપેક્ષાએ ચિત્તત્ત્વ જો ભૂતજ એટલે સ્વભાવ જ હોય. (ભૂત શબ્દને અહીં) સ્વભાવના અર્થમાં સમજવું અર્થાત્ મન, વાણી ને કાયા - ઈન્દ્રિયો આદિથી અવિક્ષિપ્ત આત્મસ્વરૂપ ભૂત એટલે તેમાં ઉત્પન્ન થયેલું હોય તેનાં સ્વરૂપનાં સંવેદકપણાથી જેનો આત્મલાભ થયો છે એવા પ્રકારનું ચિત્તત્ત્વ જો હોય, નિર્મળ પરિણતિની પ્રાપ્તિ છે એવો જો આત્મા હોય એમ કહેવું છે. ભાષા જરી આકરી! જેની પર્યાયમાં નિર્મળપણાંની પ્રાપ્તિ જો હોય આહાહા! તો નિર્વાણ અયત્નસાધ્ય છે તો પછી એને મોક્ષનો પ્રયત્ન કરવો એ રહેતો નથી. મોક્ષ છે જ એમ કહે છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! કારણ કે તેવા પ્રકારના આત્મ સ્વરૂપનો અનુભવ કરનારને કર્મબંધનો અભાવ હોવાથી નિર્વાણ વગર પ્રયાસે સિદ્ધ જ છે. શિવ સ્વરૂપ જ છે અનાદિથી. આહાહા!

ઓલામાં આવે છે ને ૨૦૦ ગાથાને હમ સમકિતી છીએ, હમારે બંધ નથી. હેં ? ૨૦૦ કળશ ત્યાંનો છે. સમયસાર. તમે કહો અમારેય બંધ નથી એમ કરીને સ્વચ્છંદે ચડી જાય. એને કહે ઊભો રે બાપુ, ભાઇ ! સમજાણું કાંઇ ? હવે અમે ગમે તે ક્રિયા કરીએ, ગમે તે અમે તો. અબંધ સ્વરૂપી સમકિતી છીએ. અરે ભાઇ એમ રહેવા દે. આહાહા ! અમને કાંઇ દુઃખે ય નથી. અમારે કંઇ રાગે ય નથી. અમે તો સમ્યગ્દષ્ટિ છીએ. નિર્મળ અને અબદ્ધ સ્વરૂપી છીએ આહાહા ! એને ત્યાં તરછોડયા છે કળશમાં બહુ. ૨૦૦મો કળશ છે ને ? એમાં ૨૦૦મી ગાથાનો. ૨૦૦ ગાથાનો કળશ છે. ઘણો વિસ્તાર કર્યો છે ત્યાં. પંચમહાવ્રત પાળે કે આ કરીને અમે આહાહા ! એટલે સમ્યગ્દર્શન થયા પછી પણ એને પૂરણ યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી એને પ્રયત્ન હોય છે પણ એવું જે ન માને અને અમે આ થઇ ગયા અમે પરમાત્મા પૂરણ એ પણ મિથ્યાદષ્ટિ સ્વચ્છંદી છે. એ પણ વાસ્તવિક આત્માને અપૂર્ણમાંથી પર્યાયને પૂરણ કરવું ઇ એને રહેતું નથી. એ પણ નાસ્તિક છે.

વિશેષ કહેશે.....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

ચૈતન્યના લક્ષ વગર જે કાંઇ કર્યું તે બધું સત્યથી વિપરીત હોય. સમ્યગ્જ્ઞાનની કસોટી ઉપર ચડાવતાં તેની એકેય વાત સાચી ન નીકળે. માટે જેને આત્મામાં અપૂર્વ ધર્મ કરવો હોય તેણે પોતાની માનેલી પૂર્વની બધીયે વાતો અક્ષરે અક્ષર ખોટી હતી એમ સમજીને જ્ઞાનનું આખુંય વલણ બદલાવી નાંખવું પડે. પણ જો પોતાની પૂર્વની વાતને ઊભી રાખે અને પૂર્વની માનેલી વાતો સાથે આ વાતને મેળવવા જાય - તો અનાદિના જે ગોટા ચાલ્યા આવ્યા છે તે નીકળશે નહિં અને આ નવું અપૂર્વ સત્ય તેને સમજાશે નહિં.

દ્રષ્ટિનાં નિધાન ૧૧૪.

# પ્રવચન – ૧૧૫

## શ્લોક – ૧૦૦

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૧૦.૦૮.૭૫**

**ननु आत्मनि सिद्धे तस्य तत्पदप्राप्ति: स्यात् न चासौ तत्त्वचतुष्टयात्मकाच्छरीरात्तत्त्वान्तरभूत: सिद्ध इति चार्वाका । सदैवात्मा मुक्त: सर्वदा स्वरूपोपलम्भसम्भवादिति सांख्यास्तान् प्रत्याह -**

**अयत्नसाध्यं निर्वाणं चित्तत्त्वं भूतजं यदि ।**
**अन्यथा योगतस्तस्मान्न दु:खं योगिनां क्वचित् ।।१००।।**

ચેતન ભૂતજ[૧] હોય તો, મુક્તિ અયત્ન જ હોય;
નહિં તો મુક્તિ યોગથી, યોગીને દુઃખ નો'ય. ।। ૧૦૦ ।।

### મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર .....

૧. ભૂતજ – પૃથ્વી, પાણી, તેજ અને વાયુરૂપ ભૂતોમાંથી ઉત્પન્ન થયેલું.

સમાધિશતક અથવા સમાધિતંત્ર એટલે સમાધિ રૂપ ઔષધિ. ભવસાગરના નાશ કરવા માટે સમાધિરૂપી ઔષધિ છે. બ્રહ્મચારીજી! સમાધિતંત્ર હૈ ન! આહાહા! સંસારના દુઃખ ટાળવા માટે અને આત્માના આનંદની પ્રાપ્તિ માટે આ સમાધિ એક ઔષધિ છે. એ સમાધિ એટલે આત્મા પૂર્ણાનંદ સ્વરૂપી પરમાત્મ સ્વરૂપે જ છે. પરમાત્મા થયા અને આ આત્મામાં વસ્તુમાં ફેર કાંઇ નથી. આહાહા! એવું હૈયાતિવાળું એ તત્ત્વ છે. આ તો થોડું ગુજરાતી અત્યારે સવારથી હિન્દી ચાલશે. કાલ સવારથી. સવાર બપોર. સવેરેમેં પ્રવચનસાર અને બપોરે નિયમસાર. નિયમસાર નો શુદ્ધભાવ અધિકાર છે ને? ઓ નિયમસાર અને આ પ્રવચનસારમેં આ તો અલિંગગ્રહણ ચલતે હૈ એનાં ચાર બોલ બાકી છે. એ તો ચાલી ગયા છે પણ ફરીને લીધા સોળ છે. ચાર બાકી છે.

તો કહે છે કે સમાધિરૂપી ઔષધિ કોને હોય? કે એક તો આત્મા પૂર્ણાનંદરૂપી શક્તિ રૂપે હોય તો એને પ્રગટ કરવા માટે સમાધિરૂપી ઔષધિ હોય પણ એ આત્મા જ જે ન માને એ બોલ આવી ગયા છે એમાં. ચાર્વાક તો આત્મા જ માનતા નથી, પાંચ ભૂત બધું ભેગું થઇને પછી આત્મા થયો છે એમ કહે. એમ હોય તો આત્મા યત્નસાધ્ય કરવાનું રહેતું નથી. સમજાય છે કાંઇ? અસ્તિ છે હૈ તત્ત્વ છે અનંત અનંત આનંદ ને જ્ઞાન રૂપી સ્વભાવથી ભરેલો પરમાત્મ સ્વરૂપે જ બિરાજમાન આત્મા છે. આહાહા! સાક્ષાત્ વસ્તુ પરમાત્મ સ્વરૂપી છે. આહાહા! એય પ્રવિણભાઇ! એવી ચીજ જો ન હોય અને ાંચ ભૂતથી ઉત્પન્ન થયેલું આત્મતત્ત્વ હોય તો તેને યત્નસાધ્ય કરી સમાધિ પૂર્ણાનંદ છે એનું સાધન કરીને પ્રાપ્ત થવું એ એને રહેતું નથી એક વાત. બીજી વાત ચાલશે હિન્દી કલસે ચલેંગે થોડાસા અને બીજી વાત કે સદા પવિત્ર જ જો પ્રગટ સદા શિવરૂપ હોય, અનાદિથી પવિત્રતાની પર્યાયથી પરિપૂર્ણ જ હોય એને યત્નસાધ્ય રહેતું નથી કરવાનું. બરાબર હૈ? આહાહા!

જેને આત્મા જ નથી એને આત્માને યત્નસાધ્ય સમાધિનું ઔષધિ લાગુ ન પડે એને વસ્તુ નથી ને. એક વાત. બીજી વાત કે અનાદિથી આત્મા જેમ વસ્તુ એ શુદ્ધ ને પરમાત્મ સ્વરૂપે છે એમ અનાદિ સદાશિવ છે પર્યાયમાં પણ, પર્યાયથી પણ સદા મુક્ત છે, આનંદમય છે એમ હોય તો એને યત્નસાધ્ય મુક્તિ કરવાનું રહેતું (નથી). સમજાય છે કાંઇ? ત્રીજું આમાં ત્રણ પ્રકાર વર્ણવ્યા છે કે આત્મા છે પરમાત્મ સ્વરૂપે એને અંતરનાં યત્નસાધ્યથી પ્રગટ થાય પણ કર્મને માટે અયત્નસાધ્ય છે. અયત્નસાધ્ય શબ્દ પડયો છે ને? ભાઇ, એ ત્રણને લાગુ પાડે છે. સમજાણું કાંઇ? ફરીને કે જો આ આત્મા વસ્તુ જ ન હોય અને આ પાંચ ભૂતથી ઉત્પન્ન થયેલું તત્ત્વ હોય તો શરીરનાં નાશે એનો પણ નાશ

થઇ જાય તો એને યત્નસાધ્ય નામ સ્વભાવનું સાધન કરીને પ્રગટ કરવાનું, વસ્તુ જ નથી, ત્યાં સાધન કરવાનું રહ્યું ક્યાં ? સમજાણું કાંઇ ?

આ અયત્નસાધ્યમાં ત્રણ બોલ નીકળ્યા છે. ભાષા થોડી થોડી ખ્યાલમાં આવે છે ? (**શ્રોતા** : સહી બાત) પંડિતજી, (**શ્રોતા** : ...) ઇ હોય તો પછી આત્માના અનુષ્ઠાનની અંદર આનંદનું અનુષ્ઠાન કરીને સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રના આનંદની દશા કરીને મુક્તિ થવી એ તો એને રહેતું નથી અને બીજા બોલે ઓલો બિલકુલ નકાર કરે છે તો બીજો એમ કહે છે કે અનાદિથી શિવ સ્વરૂપ જ પર્યાયથી છે અનાદિથી મુક્ત જ છે, સદાશિવ છે એ પણ જૂઠ્ઠી વાત. જો સનાથ સદાશિવરૂપ હોય, પર્યાયે અવસ્થાથી તો એને શક્તિમાંથી પ્રગટ કરવાની વ્યક્તિનો અનુષ્ઠાન ભાવ રહેતો નથી. સમજાય છે કાંઇ ?

ત્રીજો બોલ. આ અયત્નસાધ્ય છે. શી રીતે ? કર્મને નાશ કરવા માટે યત્નસાધ્ય ઇ છે નહિં. એ કરી શક્તો નથી. પોતાનું આત્મ સ્વરૂપ શુદ્ધ અખંડ આનંદ પરમાત્મ સ્વરૂપ છે. શક્તિરૂપે પૂર્ણાનંદ જ છે. પરમાત્મા સાક્ષાત્ છે. આહાહા ! સ્વભાવથી શક્તિથી એનાં સામર્થ્યના બળથી એ પૂર્ણ પરમાત્મ સ્વરૂપ છે, પણ એનો પ્રયત્ન કરીને પ્રગટ કરવું એ યત્નસાધ્ય છે પણ કર્મનો નાશ કરવો એ યત્નસાધ્ય નથી, એ અયત્નસાધ્ય છે એ તો એને કારણે નાશ થાય છે. પ્રવિણભાઇ ! સમજાણું કાંઇ આમાં ? ઇ ત્રણ બોલ આંહી સિદ્ધ કર્યા છે આમાં. આહાહા ! ભગવાન તું પૂર્ણાનંદ સ્વરૂપ પૂરણ આનંદ પરમાત્મા સાક્ષાત્ પરમાત્મા. વસ્તુ એ તો સાક્ષાત્ પરમાત્મ સ્વરૂપ જ છે. આહાહા ! એને દ્રવ્યકર્મ, ભાવકર્મ ને નોકર્મનો એ ચીજમાં તો અભાવ છે. મલિનતાની દશાનો પણ વસ્તુ સ્વભાવમાં તો અભાવ છે. કર્મ અને શરીર બે અને ભાવકર્મ ઇ ત્રણેનો, (વસ્તુ) વસ્તુ છે એમાં તો અભાવ છે કેમ કે આત્મા તો અબદ્ધસ્પૃષ્ટ છે. કર્મ અને રાગથી બંધાયેલી ચીજ નથી. સમજાય છે કાંઇ ?

બીજી રીતે કહીએ તો એ અબદ્ધસ્પૃષ્ટ છે એટલે મુક્ત સ્વરૂપ જ છે ઇ. વસ્તુ તો મોક્ષ સ્વરૂપ, મુક્ત સ્વરૂપ જ છે. આહાહા ! બ્રહ્મચારીજી ! વસ્તુ છે ઇ તો મુક્ત જ છે. વસ્તુ ક્યાં બંધાઇ ? એ તો પર્યાયમાં રાગનો સંબંધ અને રાગમાં રોકાવું એવું બંધપણું તો પર્યાયમાં છે, વસ્તુમાં નથી. આહાહા ! સમજાણું કાંઇ ? એવી એ આત્મ ચીજ પ્રભુ આહાહા ! જેને વિશ્વાસને સરાણીએ ચડાવીને, સરાણી સમજતે હૈ ? વો છરી ને ચાકુ હોતે હૈ ના, ચાકુ ને પછી નિકાલતે હૈ ને ? (**શ્રોતા** : ધાર, ધાર) હેં ? ધાર નિકાલનેકા હમારે સરાણી કહેતે હૈ, સરાણી અહીંયા આત્માના આનંદ સ્વરૂપ ભગવાન એને સરાણીએ

ચડાવવો છે. અંતરના સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની પર્યાય એનાં અવલંબે પ્રગટ થાય છે. સમજાણું કાંઈ ? એ કોઈ વહેવાર રત્નત્રયના વિકલ્પથી પ્રગટ થાય એવી ચીજ નથી કેમ કે વહેવાર રત્નત્રયનો વિકલ્પ જે છે એ તો સ્વરૂપમાં અભાવ છે એ સ્વભાવમાં છે (નહિં), સ્વભાવમાં નથી, પછી એ મદદ કરે સ્વભાવને પ્રગટ કરવા! આ વહેવાર રત્નત્રય ઊડી જાય છે આ. આહાહા! (**શ્રોતા** : વહેવાર પણ સિદ્ધ થાય છે) વહેવાર સિદ્ધ થાય છે કે એ એનામાં નથી. આહાહા! (ભાવાર્થ) લ્યો ત્યાંથી લ્યો. ઓલો અથવા શબ્દ છે એ ત્રીજો અયત્નસાધ્યને સિદ્ધ કરે છે પણ ભાષા જરી અટપટી છે.

**ભાવાર્થ:** ચાર્વાક મત અનુસાર જીવતત્ત્વ ભૂતજ છે. પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ આદિથી ઉત્પન્ન થયેલ છે એમ ચાર્વાક માને છે. બીજી રીતે કહીએ તો અનાદિની એક સમયની પર્યાય ઉપર એની દૃષ્ટિ છે. પ્રગટ અવસ્થાના અંશ ઉપર એની રૂચિની દૃષ્ટિ છે. એથી એક સમયની પર્યાય સિવાય આખો પદાર્થ છે એની દૃષ્ટિમાં બેસતો નથી. કારણ કે પર્યાયની જ રમતું અનાદિની છે. એક સમયની જે પ્રગટ અવસ્થા વ્યક્ત અને પ્રભુ તો અવ્યક્ત છે એમ કીધું છે ને ? ૪૯ ગાથા સમયસાર કે છ દ્રવ્ય સ્વરૂપ લોક જ્ઞેય છે ઈ વ્યક્ત છે. ભગવાન આત્મા એનાથી ભિન્ન તે અવ્યક્ત છે. ઈ આ પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત છે એમ કીધું. શું કીધું સમજાણું ?

૪૯ ગાથા સમયસાર. એનો પહેલો બોલ. અવ્યક્તના છ બોલ છે. અવ્યક્તના છ બોલ એનો પહેલો બોલ એ છે કે ભગવાન આત્મા, એ જ્ઞેય છે પર અને પર તે બધી વસ્તુ વ્યક્ત છે. પર વસ્તુ તે જ્ઞેય છે અને તે વસ્તુ તે વ્યક્ત પ્રગટ છે. એનાથી આત્મા અન્ય છે માટે અવ્યક્ત છે. આહાહા! ત્યાં તો ધરમદાસ ક્ષુલ્લકે તો એમ લીધું છે કે પર્યાયની અને બહારની જે વ્યક્તતા છે એનાથી ચીજ ભિન્ન છે એમ ભાન થયું ત્યારે સપ્તમ હો જાતા હૈ. શું કહ્યું ? સાતમું તત્ત્વ થઈ જાય છે ઈ. કેમ કે એકલો છ દ્રવ્યનું જ્ઞેયપણું ભિન્ન આહાહા! અને એનાથી અહીંયા તો એમ જ કહ્યું છે કે છ દ્રવ્ય જે વ્યક્ત છે, જ્ઞેય છે જેનાથી આ અવ્યક્ત છે એનાથી ભિન્ન છે. અમરચંદભાઈ આહાહા! એટલે કે સપ્તમ હો જાતા હૈ. એક બાજુ જ્ઞાયકભાવ ને એક બાજુ છ દ્રવ્યનું જ્ઞેય ને પ્રગટપણું તે. એકબાજુ ભગવાન આત્મા કે જેની પર્યાયમાં છ દ્રવ્યનું જાણવું થાય એવી પર્યાયથી પણ તે ભિન્ન ચીજ છે. આહાહા! સમજાણું કાંઈ ? આ તો પરમાત્માની રમતું છે. આહાહા! હેં ? આહાહા!

પરમાત્મ સ્વરૂપ જ પરમ સમાધિ સ્વરૂપ જ, સમાધિ નામ આનંદ સ્વરૂપ જ પરમ વીતરાગ, અવિકારી, વીતરાગી નિજાનંદના સમરસથી ભરેલો ભગવાન છે એવું જે તત્ત્વ છે એ તત્ત્વને ન માને અને મુક્તિ માને એને આવું તત્ત્વ સ્વભાવ છે. એનો પ્રયત્ન કરું તો પર્યાયમાં આનંદ આવે, એ ચાર્વાક ન્યાં રહેતું નથી. એ કહ્યું જુઓ. જો ભૂતચતુષ્ટયથી ઉત્પન્ન થયેલા આ શરીરને જ આત્મા માનવામાં આવે તો શરીરના નાશને જ મોક્ષ માનવાનો પ્રસંગ આવે. શરીરનો નાશ થાય તો મોક્ષ થઇ ગયો આહાહા! અને તેથી મોક્ષ અયત્નસાધ્ય રહે તેથી મોક્ષ કરવો એ અયત્નસાધ્ય રહે. યત્નસાધ્ય ન રહ્યો સમજાય છે કાંઇ ? આ તો લોજિકથી વાત કરી છે ને ? જ્યારે શરીરનો નાશ થાય ત્યારે આત્માનો મોક્ષ થયો, છૂટી ગયો એમ, પણ એને યત્નસાધ્યપણું ન રહ્યું એટલે અયત્નસાધ્ય થયું એને તો.

જરી અટપટા શબ્દો છે. રહ્યું નહિં કાંઇ. છે નહિં પછી. છે, હોય એને પ્રગટ કરવો હોય પણ ન હોય એને પ્રગટ કરવું એ રહ્યું ક્યાં એને ? આહાહા ! અહીંયા એ વિશ્વાસને મોટી વાત પહેલી લીધી છે. સમજાણું કાંઇ ? આહાહા! એક સેકંડના અસંખ્યભાગમાં, એક સમયમાં એક સમયની પર્યાયની પાછળ આખું તત્ત્વ મોજુદ પડયું છે. આહાહા ! જેમાં અનંતા સિદ્ધની, એક સિદ્ધની એક પર્યાય એવી અનંત પર્યાયો જેનાં ગુણમાં, શક્તિમાં, સ્વભાવમાં પડી છે. આહાહા ! એનો જેને વિશ્વાસ આવે એ જ્ઞાનની પર્યાય એને ઝીલી શકે, શ્રદ્ધાની પર્યાય એને ઝીલી શકે, પચવી શકે. સમજાણું કાંઇ ? દૃષ્ટાંત આપ્યો'તો ને અગ્નિનો ? અગ્નિમાં પાચક, દાહક ને પ્રકાશક અગ્નિ, ત્રણ શક્તિ મુખ્ય મુખ્ય અનંતી શક્તિ છે એમ ભગવાન આત્મામાં પાચક, પ્રકાશક, દાહક એવી ત્રણ શક્તિ છે એટલે સમકિત તે પાચક છે, જ્ઞાન તે પ્રકાશક છે, ચારિત્ર તે દાહક છે. અમરચંદભાઇ ! આહાહા !

આંહી એટલું ઉપાડવું છે આ વાતમાં કે જેને સમાધિ પ્રગટ કરવી છે ઇ સમાધિ કરવી છે ઇ તત્ત્વ શું છે ? એ પૂરણ તત્ત્વ ને પૂરણ સ્વભાવથી ભરેલો ન હોય તો એને યત્નથી શક્તિમાંથી વ્યક્તતા કરવાનું રહેતું નથી. આહાહા ! સમ્યગ્દર્શનની પર્યાયમાં એ પૂરણને પચાવવાની શક્તિ છે. જેમ અગ્નિને અનાજને પકાવવાની શક્તિ છે આહાહા ! એમ સમ્યગ્દર્શનની પર્યાયમાં એ આખું દ્રવ્ય આવતું નથી. પર્યાયમાં દ્રવ્ય ન આવે પણ દ્રવ્યની સામર્થ્ય શક્તિની પ્રતીતિ એની પર્યાયમાં આવી જાય. આહાહા! ધન્નાલાલજી આહાહા ! ઇ પર્યાયનું એટલું સામર્થ્ય છે કે જે આખી ચીજ પૂરણ પરમાત્મા છે એ પરમાત્મ

સ્વરૂપ પર્યાયમાં આવતું નથી. પર્યાયમાં ક્યાંથી આવે ? આખી ચીજ છે ઇ પણ પર્યાયમાં પાચન શક્તિ છે કે આ પૂરણ છે ઇ પ્રતીત કરવાની પાચન શક્તિ છે એની. આહાહા ! સમજાય છે કાંઇ ? આહાહા !

થોડી થોડી સમજતે હૈ ને ગુજરાતી થોડા, તમારે ભાઇ અમરચંદભાઇ ન્યાં ગયે થે ને આપણે તમારા ઘરે ત્યાં દૂધ પીધા થા ને ત્યાં ગામ ગામડામાં નહિં કાંઇ આહાહા ! કહે છે પ્રભુ એકવાર મુદ્દાની રકમની વાત આંહી આવી. સમાધિ છે ખરી નહિં, હેં ? સમાધિ ઔષધિ કોને લાગુ પડે ? કે જે રોગ હોય અને વસ્તુ હોય તો એ ઔષધ લાગુ પડે એમ આત્મા છે અને મલિનની પર્યાય છે. એમ હોય તો તેને સમાધિનું ઔષધ લાગુ પડે. આહાહા ! તો કહે છે ચાર્વાક જે કહે છે કે નથી ભૂત એને આ લાગુ પડતું નથી. નાસ્તિક છે. પણ આસ્તિક જે છે આહાહા ! એ પણ પોતાની પર્યાયમાં પર્યાય એટલે અવસ્થા, હાલત - હાલત - દશા. ઉસમેં પૂરણ પૂર્ણ વસ્તુ પરમાત્મા સાક્ષાત્ એવી સમ્યગ્દર્શનમાં પચાવવાની શક્તિ છે. આહાહા !

એટલું અસ્તિત્વ છે એવું એની સત્તાની મોજુદગી આવી પૂરણ છે એ શ્રદ્ધાની પર્યાયને એને અડયા વિના, પર્યાય કાંઇ દ્રવ્યમાં અડતી નથી, અડતી એટલે છૂતી નહિં હૈ, પર્યાય પર્યાયમાં રહીને આહાહા ! એ આ સમાધિ કહેવાય. આનું નામ સમ્યગ્દર્શનરૂપી સમાધિ. ધન્નાલાલજી ! આહાહા ! કરવાનું હોય તો આ છે. બધી લાખ વાતની વાત. નિશ્ચય ઉર આણો આવે છે ને છહઢાળામેં, લાખ વાત શું અનંત વાતની વાત નિશ્ચય ઉર આણો છોડી જગત દ્વંદ ફંદ, નિજ આતમ ઉર ધ્યાવો. નિજ આતમ. ભગવાન નહિં. ભગવાન ભગવાનનાં ઘેરે રહ્યાં, ભગવાનને આરાધવા નથી આંહી તો. આંહી તો આ ભગવાનને આરાધવાની વાત છે. આહાહા ! આવો મોટો આત્મા, મહાપરમાત્મ સ્વરૂપ એને ત્યાં અવ્યક્ત કીધો.

અવ્યક્તના છ બોલમાં એટલે પોતે સપ્તમું દ્રવ્ય જાણે છે કેમ કે દુનિયાનું આખું તત્ત્વ જ્ઞેય અને ઇ વ્યક્ત છે એટલે બહાર છે ત્યારે ભગવાન આત્મા એનાથી ભિન્ન અવ્યક્ત છે. આહાહા ! ઝીણી વાત છે ભાઇ ! પ્રથમ સમ્યગ્દર્શનની પર્યાયમાં આટલી તાકાત છે એ વાત બેસવી (જોઇએ). હેં ? (**શ્રોતા :** પચવી) પચવી જોઇએ પછી શરૂ થાય સમ્યગ્જ્ઞાન ને ચારિત્ર ને પછી અન્ય કોઇ પુરુષાર્થની જરૂર રહે નહિં એને કેમ કે વસ્તુ જ જ્યાં નથી એને શરીરને સંયોગે ઉત્પન્ન થઇ ને એનો પછી નાશ થતાં નાશ થઇ જાય તો અયત્નસાધ્ય રહેશે. નિર્વાણ માટે એને કોઇ પુરુષાર્થની જરૂર રહે નહિં માટે શરીરનો

નાશ થતાં આત્માનો અભાવ માનવો અને આત્માનાં અભાવને મોક્ષ માનવો એવી ચાર્વાકોની જીવાત્મા સંબંધી કલ્પના ભ્રમમૂલક છે. આહાહા! ખરેખર તો આ તો નથી જ એમ કહે છે પણ એક સમયની પર્યાયને માનનારો એ પણ વસ્તુ નથી એમ છે એને.

એક સમયની પર્યાય જેમ બૌદ્ધ પણ ઇ બૌદ્ધ એટલે જે એક સમયની પર્યાયને આત્મા માને એ બૌદ્ધ છે બધાં. કેમકે વર્તમાન વર્તતી પ્રત્યક્ષ જે છે ચીજ એ જ આત્મા માને છે પર્યાયને, પણ પર્યાયથી કોની જે કોનાથી ખડી, કોના ઉપર થઇ એ પર્યાય ઉભી ખડી કોને આધારે થઇ? હેં? અદ્ધર થઇ? કોઇ ચીજ દળ છે. ચૈતન દળ ધાતુ પૂર્ણાનંદ નો નાથ વજ્ર જેવો એને આધારે ઉત્પન્ન થઇ છે. એટલે જે પર્યાયને જ માનનારા છે એ પણ મિથ્યાદૃષ્ટિ ક્ષણિક એ પણ બૌદ્ધની જેવા નાસ્તિક છે. સમજાણું કાંઇ? આહાહા! અહીંયા તો કહે છે કે એ નથી માનનારા એ ભ્રમમાં પડયા છે. બીજી વાત - સાંખ્યમતાનુસાર આત્મા ભૂતજ સર્વથા સ્વભાવ સિદ્ધ શુદ્ધ સ્વરૂપ જ છે એમ માને. આ બીજો બોલ. છે? એ બાજુ પાછળ છે એ સદાશિવ છે આત્મા તો. ઓલાએ ના પાડી ત્યારે આ કહે પવિત્ર ને સદાય શુદ્ધ જ છે પર્યાયથી.

ઓલો કહે આત્મા જ નથી, આ કહે કે આત્માને સાધન કરવાનું છે જ નહિં. છે ખરો પણ એ પૂર્ણાનંદ સ્વરૂપ પર્યાયમાં હોં સદાશિવ સ્વરૂપ છે. એવા માનનારાને પણ તેને સર્વ અવસ્થાઓમાં શુદ્ધ જ માને છે. છે? બધી અવસ્થાઓમાં પણ એ શુદ્ધ જ પર્યાયને માને છે. નિર્વાણ માટે સમ્યગ્જ્ઞાન, ધ્યાન, તપાદિરૂપ પુરુષાર્થની તેને આવશ્યક્તા નહિં જણાતી હોવાથી આહાહા! જ્યારે અવસ્થા પણ એમ તો કહ્યું છે નહિં? શ્રીમદ્‌માં આવ્યું છે ને કે દિગંબરના આચાર્યોએ આત્માને મુક્ત સ્વરૂપ જ જાણ્યો છે. મોક્ષ સ્વરૂપ તો મુક્ત સ્વરૂપ જ છે એને મોક્ષ કરવો પર્યાયમાં એ તો પર્યાયની વાત છે. વસ્તુ તો મોક્ષ સ્વરૂપ જ છે. ફક્ત માન્યું'તું કે રાગના સંબંધવાળો છું. સંબંધ કહો કે બંધ કહો વિકલ્પની વૃત્તિ છે એની સાથે સંબંધ કહો કે બંધ કહો એ માન્યું'તું. એ વિચારમાંથી છૂટી ગયો કે હું રાગના સંબંધમાં બંધમાં છું જ નહિં.

વસ્તુના સંબંધમાં નથી તો બંધમાં કેમ હોઇ શકે? એવી જે ધારણા મિથ્યા હતી એ છૂટી. કે જે છે ઇ છે એ તો મોક્ષ સ્વરૂપ જ છે. સમજાણું કાંઇ? પણ એ શુદ્ધ નયને અનુસારની વાત છે. પર્યાયનયના અનુસરનારા આ રીતે માને તો તો રખડી મરે. પર્યાયમાં પણ આ પ્રમાણે અશુદ્ધતા નથી અને શુદ્ધતા છે એમ માને તો અંદર શુદ્ધતા તરફ પ્રયત્ન કરીને શુદ્ધતા પ્રગટ કરવી એને રહેતું નથી. આહાહા! સમજાણું કાંઇ? પોપટભાઇ! બધું

બહુ સમજવા જેવી વાત છે આ. લાદીમાં બધા કેટલા વરસ ગાળ્યા લ્યો. હેં ? (**શ્રોતા :** ઘણાં વરસ) ઘણાં વરસ. આહાહા ! બીજાને જોવાને જે નજરું તેં કરી છે ઇ બંધ કર. બીજા ને જોવા માટે તું આંધળો થા એમ કહે છે. છે અનુભવ પ્રકાશ આદિમાં અને પોતાને જોવા માટે હજાર આંખ્યું પ્રગટ કર. હજાર નેત્ર.

બીજાને જોવા માટે આંધળો થઇ જા કેમ કે બીજી ચીજ તારામાં નથી. એને જોઇને શું કામ છે તારે ? આહાહા ! પોતાને જોવા માટે પોતાને એટલે ? અપને કો, અપને કો જોવા માટે હજાર નેત્ર ખોલ જેમ ભગવાનનાં શરીરને જોવા માટે ઇન્દ્રે હજાર નેત્ર કર્યાતા. શરીરનું રૂપ ઇન્દ્રે જોયું ને તે એક આંખે તૃપ્તિ ન થઇ. હજાર આંખ્યું બનાવી. ઇ તો પરને એનાં શરીરની સુંદરતા ને જોવાને માટે હજારો આંખુ કરી પણ ભગવાન આત્મા સુંદર પવિત્ર કેવો છે એને માટે તારે હજાર નેત્ર ખોલવા પડશે. સમજાણું કાંઇ ? આરે ! આવી વાતું ભારે ઝીણી. હેં ? (શ્રોતા : મોક્ષનો યત્ન છે ને) હા અંદર છે. જ્ઞાનની પર્યાયમાં દ્રવ્યને જ્ઞેય બનાવીને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ધ્યાનનો વિષય એને ધ્યેય બનાવીને ધ્યેય બનાવીને કહો, જ્ઞેય બનાવીને કહો, એ પર્યાયનું અંદરમાં ધ્યાન સ્વમાં જ્યારે જાય છે ત્યારે એને હાથ આવે છે કે આ આત્મા. સમજાણું કાંઇ ? આહાહા !

ઇ આંહી કહે છે સાંખ્યમત તો સર્વથા શુદ્ધ માને છે. સર્વથા શુદ્ધ છે, તો શુદ્ધ છે એને પછી શુદ્ધ કરવાનું રહેતું નથી. ઇ અયત્નસાધ્ય થઇ ગયું એને. આહાહા ! સમ્યગ્જ્ઞાન, ધ્યાન, તપાદિરૂપ પુરુષાર્થની તેમને આવશ્યક્તા નહિં જણાતી હોવાથી તેમનાં મતે મોક્ષ અયત્નસાધ્ય છે. અયત્નસાધ્ય છે એટલે કે મોક્ષ કરવો છે એવું છે નહિં. આહાહા !

સમ્યગ્દર્શનમાં આહાહા ! અનંત પ્રયત્ન છે. સમ્યગ્દર્શન જે પર્યાયમાં છે એ પર તરફનાં વલણથી શ્રદ્ધા જે રોકાઇ છે એને અંતરમાં વાળવામાં અનંત પુરુષાર્થ છે. એના પુરુષાર્થમાં એ શ્રદ્ધાની પર્યાયમાં આખો ભગવાન પણ અસંગ થઇ જાય છે. ઓહોહો ! વાણીથી નહિં, વિકલ્પથી નહિં, સ્વભાવની શ્રદ્ધા દ્વારા આખો સ્વભાવ શ્રદ્ધામાં આવી જાય છે ત્યારે તેને પાચન શક્તિ પ્રગટ થઇ, આખો આત્મા પાચન કરી નાંખ્યો અને જ્ઞાનનો સ્વભાવ પ્રકાશક છે.

સમ્યગ્દર્શનનો સ્વભાવ પાચક છે પૂર્ણાનંદને પચાવે છે. આહાહા ! એથી તો આ ચાલે છે એ વાતને એમ થયું ને કે સમ્યગ્દર્શન છે એ તો નિર્વિકલ્પ છે અને તેનો વિષય પણ નિર્વિકલ્પ છે. એમાં એનો વિષય પર્યાય નથી. સમ્યગ્દર્શનનો વિષય પર્યાય નથી. પણ જે સમ્યગ્દર્શન થયું પૂર્ણાનંદને પાચન કરીને પ્રતીત જે નિર્વિકલ્પ ઉત્પન્ન થઇ

આહાહા ! અને સુખનાં સ્વાદ લેતી ઉત્પન્ન થઇ દશા સમજાણું કાંઇ ? એની સાથે જે જ્ઞાન થયું તો જ્ઞાન તો સ્વપર પ્રકાશક બેયને જાણવાનો સ્વભાવ છે. શ્રદ્ધાને તો પોતે કોણ છે એને જાણવાનો સ્વભાવ નથી. જ્ઞાન જે થયું એને તો ત્રિકાળી દ્રવ્યનું પણ પ્રતીત છે, ખ્યાલ છે અને પર્યાયમાં અપૂર્ણતા છે ને નવીનતા છે એનો પણ એને જ્ઞાનનો ખ્યાલ છે. સમજાણું કાંઇ ?

જ્ઞાન બેય પડખાને જાણે છે આહાહા ! પ્રકાશક છે ને ? એ ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય જે સમકિતનો વિષય છે એને એ નિશ્ચયનયથી જાણે છે અને એ જ નયનું જ્ઞાનનો એક વહેવાર ભાગ વર્તમાનમાં પર્યાયની અપૂર્ણતા ને મલિનતા ને દુઃખ છે એ પણ જાણે છે ત્યારે તે દ્રવ્ય ને પર્યાયનું સાચું જ્ઞાન ભેગું થયું. સમજાણું કાંઇ ? ઇ જ્ઞાનમાં પ્રકાશનો સ્વભાવ છે. દ્રવ્ય છે એવું જાણે પર્યાય અપૂર્ણ ને મલિનતા એને પણ જાણે. જ્યાં સુધી પૂર્ણ પરમાત્મા થયો નથી ત્યાં સુધી પર્યાયમાં મલિનતા છે, દુઃખ છે ત્યાં સુધી દુઃખ છે. સાધક છે તે બાધકપણાનો ભાવ એને કહ્યો'તો ને ? જે બાધકપણું છે એ જ દુઃખ છે. સાધક સ્વભાવમાં ત્રિકાળીને આશ્રયે પ્રતીત થઇને જે રમણતા આદિ અંશ થયો એ તો નિર્મળતાનો અંશ છે પણ હજી બાકી પૂર્ણ નથી થયું એથી એનો મલિનતાનો ભાગ એ દુઃખરૂપ છે. સમજાણું કાંઇ ? આહાહા !

એક પ્રશ્ન આવ્યો છે હમણાં બે દિ' પહેલા. શેઠિયા છે દીપચંદ શેઠિયા છે ને ? સરદાર શહેર. ઓ પહેલે બહોત દૃષ્ટિમેં ફેર હૈ ને ? બહોત ફેર હૈ, ઇ તો આ તો ઉસને એક દીકરી હૈ, દીકરે કી દીકરી, લડકે કી લડકી, એની પાસે લખાવ્યું હશે. છે, કાંઇ લખાણ. શેમાં છે ? પરમાત્મ પ્રકાશમાં. બાર દિ' પહેલા વિનય વંદન, સરદાર શહેર. બહોત દિનો સે મેરી તુચ્છ બુદ્ધિમેં યહ આ રહા હૈ કી લડકી લીખતી હૈ પણ લખાણ તો એનું ઇ ભાવ એનો, કે જ્ઞાની દોષકો દોષ જાનકર દોષ સે હટતા હૈ યહ તો આગમ પ્રમાણ હૈ. યહાં જ્ઞાની દોષ કા કર્તા ભોક્તા ને કર્તા-ભોક્તા બનકર દુઃખી બનતા હૈ યહ આગમ પ્રમાણ હૈ ? એમ પ્રશ્ન કીયા હૈ. હેં ?

(શ્રોતા :...) એ તો એ પોતે પ્રશ્ન એ તો છોડી લખે છે. લખે એમ કરીને આંહી સમાધાન માંગે છે. એમ કે આ મારી તુચ્છ બુદ્ધિ અનુસાર સત્ય આ છે એમ કે જ્ઞાનીને દુઃખનું કર્તાપણું, ભોક્તાપણું, દુઃખનું વેદન નથી એમ કહે છે. એમ આગમ પ્રમાણ છે એમ. પણ જ્ઞાનીને દુઃખનો રાગાદિનો કર્તા, એનો ભોક્તા અને દુઃખી એવું કોઇ આગમ પ્રમાણ છે ? પણ એ જ આવ્યું આગમ પ્રમાણમાં. હઠે છે દોષથી એમ તો

આવ્યુંને ? જ્ઞાની દોષથી હઠે છે આમ આ બાજુ એનું વલણ છે ને ? પણ હઠે છે ઈ છે એમાંથી હઠે છે કે નથી એમાંથી હઠે છે. તો છે કે નહિં એ ? રાગને દ્વેષનો અંશ એને કર્તાપણે જ્ઞાનીને પણ છે. કર્તવ્ય તરીકે નહિં કરવા લાયક છે એ તરીકે નહિં પણ પરિણમન કરતે હૈ. કરતે હૈ તો છઠ્ઠા ગુણસ્થાનકવાળા ગણધરને પણ મહાવ્રતનો વિકલ્પ ઉઠતે કર્તાપણે પરિણમન છે. આહાહા !

બ્રહ્મચારીજી ! આવી વાતું છે. ભોક્તાપણે રાગ છે. ધર્મી રાગને કરે છે ને રાગને ભોગવે છે અને એ દુઃખનું વેદન છે એને. આહાહા ! રાગ છે એ તો દુઃખ છે એ આવ્યું ને છહ ઢાળામાં નહિં 'રાગ આગ દહે સદા' છહ ઢાળા હતી ને 'રાગ આગ દહે સદા તાતે સમામૃત સેઇએ'. ધન્નાલાલજી ! - ધર્માત્મા ગણધરને અરે ! તીર્થંકર પોતે જ્યારે મુનિ હોય છદ્મસ્થમાં હેં ? એને પણ જે વિકલ્પ ઊઠે છે તે દુઃખ છે. એ દુઃખનું વેદન છે, આનંદનું વેદન સ્વભાવને આશ્રયે છે, એ તો ચારિત્રનું કીધું ને કે દાહક છે. સ્વરૂપમાં રમણતા કરતા રાગનો એ નાશ કરે છે. દાહક છે. જેમ અગ્નિ લાકડાને બાળે છે લાકડીને એમ ચારિત્ર રાગને બાળે છે, નાશ કરતે હૈ. પણ નાશ કરતે હૈ એ એને નાશ કરેને ? પણ જ્યાં સુધી છે ત્યાં સુધી સુખ ક્યાંથી છે ઇ. જ્યાં સુધી રાગ હૈ, સમજાયું ? એ પૂછયું છે.

યહ આગમ પ્રમાણ હૈ ? એમ આગમ પ્રમાણ નથી એમ એને ખ્યાલમાં છે. ઈ છે ને ઈ પહેલા પ્રશ્ન ઘણું હાલ્યું'તું. પણ એમાં કહ્યું કે દોષ કા આગમ પ્રમાણ એટલે દોષને હઠતાં એ આગમ પ્રમાણ હૈ પણ હઠતાં હૈ એવું જ્યાં શબ્દ હૈ ત્યાં છે એમ તો હો ગયા. દોષ છે એને હજી. (**શ્રોતા :** જો હઠતા નહિં તો કિસકો...) કીસસે ? તો છે એ ક્યા ચીજ હૈ ? ધર્માત્મા સંતને અને મુનિઓને ને શ્રાવકને સમકિતીને છે રાગ એ ક્યા ચીજ હૈ ? દુઃખ હે ? દુઃખનું વેદન છે. દુઃખનું વેદન ન હોય તો પૂર્ણાનંદનું વેદન હોવું જોઈએ. મિથ્યાદૃષ્ટિને પૂરણ દુઃખનું વેદન છે. કેવળીને પૂર્ણ આનંદનું વેદન છે. સાધકને આનંદની સાથે થોડું દુઃખનું વેદન છે.

ધન્નાલાલજી ! કાલ તો બહુ આવ્યો'તો ખુલાસો. કાલનું વ્યાખ્યાન જીંદગીમાં નહોતું કર્યું એવું હતું કાલે, પણ એ તો આવ્યું'તું ને જરીક આ. દરેક કર્મ ઉપર ઉતાર્યું'તું. ભાઈ ચોથે ગુણસ્થાને કંઇ કર્મ બંધન છે કે નહિં ? કે તદ્દન અબંધ છે ત્યારે જે ચોથે ગુણસ્થાને જે કર્મ બંધાય છે એનું નિમિત્તપણું એ શું ચીજ છે ? (**શ્રોતા :** વિભાવભાવ) વિભાવભાવ એ દુઃખ છે. હેં ? (**શ્રોતા :** ચારિત્ર છે ?) ઇ એને નથી બેસે એને કારણ કે ઓલા ભાઇ ન્યાલભાઇએ એમ કીધું છે ને કે અમને તો વિકલ્પ ભઠ્ઠી જેવું લાગે છે ઇ એને

એમ થઇ ગયું. આહાહા! એવું હોઇ શકે નહિં એમ. આહાહા! પણ રાગ દાહ અગ્નિ છે ચાહે તો શુભરાગ પંચમહાવ્રત કા વિકલ્પ હો દાહ અગ્નિ છે. 'રાગ આગ દહે સદા' શાંતિ ને જલાતી હૈ રાગ જલાવે છે. આહાહા! તાતે સમામૃત સેઇએ. સમામૃતમાં સમભાવ રાગસે હઠકર સમામૃત વીતરાગ ભાવરૂપી અમૃતનું સેવન કર, છહ ઢાળામાં આવે છે ને?

આંહી કહે છે કે જ્ઞાન પ્રકાશ એ તો સ્વ દ્રવ્ય ને જાણે છે અને પર્યાયમાં જેટલા કર્મનો બંધ થાય તો એને કારણે થાય પણ એને નિમિત્તપણે જે ભાવ હોય એ જીવની પર્યાયનો છે ભાવ. ચોથે પાંચમે છઠ્ઠે કર્મ છે કે નહિં? બંધાય છે કે નહિં? કે બિલકુલ કર્મ બંધન વિનાની એ ચીજ છે પર્યાયમાં? દ્રવ્યમાં બંધ વિનાની ચીજ છે. શશીભાઇ! આ તમારા ઓલા લખાણ પુસ્તકમાંથી આ બધું કાઢયું હવે એનો વિરોધ કર્યો લ્યો. લાલભાઇને આ બેય ભેગા થઇને લખ્યું છે ને ઇ પુસ્તક આ સોગાનીનું 'દ્રવ્ય દૃષ્ટિ પ્રકાશ' દિયા કે નહિં? (**શ્રોતા :** દિયા) દ્રવ્ય દૃષ્ટિ પ્રકાશ એ આ બેય ભેગાં થઇને કર્યું છે એ આ ને લાલભાઇ, લાલચંદભાઇ હમણાં આવી ગયા છ દિવસ રહી ગયા મુંબઇ. એમ એને વાંચીને એને ધડાકા લાગ્યા.

આ વળી કોણ નીકળ્યો કહે અને કહે એમને દુ:ખ લાગે છે, ભઠ્ઠી લાગે છે હવે આ હારું (સારું). બાપુ! જ્યાં સુધી વીતરાગતા નથી પર્યાયમાં ત્યાં સુધી અરાગી વીતરાગી પર્યાયનો અંશ પણ છે અને રાગનો અંશ પણ છે. એક પર્યાયના બે ભાગ છે એટલે દુ:ખ વેદે છે કેમ કે બંધનનાં નિમિત્તરૂપે ભાવ એ રાગ ને દોષ હોઇ શકે. આહાહા! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ દુ:ખરૂપ છે. બંધનું કારણ થાય છે ને? બંધનું કારણ થાય છે ને? બંધનું કારણ એ ધર્મ થાય? નિર્દોષ દશા બંધનું કારણ થાય? આહાહા! તો કહે છે કે જ્ઞાન તો બેય ને જાણે અને સ્વરૂપની રમણતા ચારિત્ર એ રાગને બાળે.

જેમ અગ્નિ બીજાને દાહક, લાકડાને બાળીને રાખ કરે એમ ભગવાન આત્મા પ્રતીતિની પર્યાયમાં પાચક, જ્ઞાનની પર્યાયમાં સ્વને પર્યાયનો પ્રકાશક, ચારિત્રની પર્યાયમાં રાગની અનુત્પતિરૂપી દાહક.(**શ્રોતા :...**) આવું વસ્તુ સ્વરૂપ છે ત્યાં. આહાહા! એ આંહી કહ્યું. જુઓ કે જો એ આત્મા તદ્દન પવિત્ર જ હોય તો એને સમ્યગ્દર્શન, જ્ઞાાન ધ્યાન આદિ પુરુષાર્થની તેમને આવશ્યક્તા રહેતી નથી. આહાહા! હેં? તેમના મતે મોક્ષ અયત્નસાધ્ય છે. એને અયત્નસાધ્ય છે જ એમ કહે છે. અનાદિની શુદ્ધ જ છે એ પણ વાત ખોટી છે. માટે સાંખ્યની કલ્પના પણ યુક્તિ સંગત નથી.

હવે ત્રીજું. જૈનમતાનુસાર વાસ્તવિક વીતરાગ પરમાત્માના અભિપ્રાયને અનુસારે, સ્વરૂપ સંવેદનાત્મક ચિત્તવૃત્તિના નિરોધનો, સ્વરૂપ સંવેદનાત્મક ચિત્તવૃત્તિના નિરોધનો દઢ અભ્યાસ દ્વારા સર્વ વિભાવ પરિણતિને હઠાવી આહાહા ! શુદ્ધાત્મ સ્વરૂપમાં સ્થિરતા પણ નિર્વાણ યત્નસાધ્ય છે. વીતરાગના અભિપ્રાય અનુસાર સ્વરૂપ સંવેદનસ્વરૂપ એવી જ્ઞાનની પરિણતિનું નિરોધના દઢ અભ્યાસ દ્વારા એટલે કે ચિત્તવૃત્તિ અસ્થિરતાના નિરોધ દ્વારા, દઢ અભ્યાસ દ્વારા સર્વ વિભાવ પરિણતિને હઠાવી શુદ્ધાત્મ સ્વરૂપમાં સ્થિરતારૂપ નિર્વાણ યત્નસાધ્ય છે. આહાહા ! ત્યારે કળશ ટીકામાં તો એમ કહ્યું છે યત્નસાધ્ય નથી. આવે છે ને એ કળશ એ ન્યાં એને કાળ ઉપર જરી જોર વધારે આપ્યું છે.

આંહી તો યત્નસાધ્ય છે. છે ? કેમ કે કાળ લબ્ધિ વખતે પ્રાપ્ત થાય પણ એ કાળલબ્ધિનું જ્ઞાન થાય કોને ? કે ધારી દેવી છે વાત એકલી કાળ લબ્ધિ - કાળલબ્ધિ. કાળલબ્ધિનું જ્ઞાન એને થાય યથાર્થ કે જેણે સ્વભાવ સન્મુખ પ્રયત્ન કરીને, નિર્મળ દશા પ્રગટ કરી છે એને કાળલબ્ધિનું જ્ઞાન તેના જ્ઞાનમાં થાય. આહાહા ! વસ્તુ એવી છે. પાંચે સમવાય ત્યાં સિદ્ધ થાય. જેણે ભગવાન આત્મામાં પ્રયત્નથી જ્યાં પુરુષાર્થથી સાધન ઊભુ કર્યું ત્યાં પુરુષાર્થ આવ્યો, સ્વભાવ આવ્યો, એ જ કાળે પ્રગટ થવાનો હતો કાળલબ્ધિ એનું જ્ઞાન થયું અને તે કાળે તે જ ભાવ થવાનો હતો તો ભવિત્યતા પણ થઇ અને તે કાળે કર્મના નિમિત્તનો જેટલો અભાવ છે એ પણ સિદ્ધ થઇ ગયું. એ નિમિત્તનો અભાવ. આહાહા ! સમજાણું કાંઇ ?

એ કળશ ટીકામાં હૈ ઓ યત્નસાધ્ય અને સહજસાધ્ય. એ અપેક્ષાથી વાત કરી છે. આંહી કીધુ કે યત્નસાધ્ય છે કેમ કે એ આ કાળે થશે એવું જાણ્યું કોણે ? જ્ઞાનમાં એને આવ્યું ક્યારે ? સમજાણું ? કે જ્યારે એણે એ પુરુષાર્થથી યત્નસાધ્યથી, યત્નથી જેણે સ્વભાવને સાધ્યો. આહાહા ! હેં ? આહાહા ! પુરુષાર્થ દ્વારા જેણે શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ કરી ત્યારે તેને સ્વભાવની શ્રદ્ધા થઇ, પુરુષાર્થની થઇ, કાળ લબ્ધિની થઇ, ભવિતવ્યતાની થઇ અને તેટલો કર્મનો અભાવ છે એમ પણ એના શ્રદ્ધામાં આવી ગયું. પાંચેય સમવાયની શ્રદ્ધા થઇ ગઇ આહાહા ! એક કારણ હોય ને બીજા કારણ ન હોય એને કારણ કહેતા નથી. છે ? ક્યાં ? મોક્ષમાર્ગ પ્રકાશક. એક કારણ હોય અને બીજા કારણ ન હોય એ વસ્તુ જ નહિં. એક કારણ હોય ત્યાં બધા કારણ હોય જ હારે મોક્ષમાર્ગ પ્રકાશક. સમજાણું કાંઇ ?

મોક્ષમાર્ગ પ્રકાશકે તો બહુ કામ કર્યું, ઘણું કામ કર્યું. (શ્રોતા :... ખુલાસા કર્યા) વસ્તુ આ છે, વસ્તુ જ એવી છે ત્યાં. આહાહા! આહાહા! ઈ અમારે ચર્ચા ચાલતી'તી ને સંપ્રદાયની? એક દામોદર શેઠ હતા આંહી ગૃહસ્થ હતા તે વખતે તો ૬૦ વરસ પહેલા પૈસા બહુ નહોતા ને બહારમાં એને ૧૦ લાખ રૂપિયા હતા ૬૦, ૭૦ વરસ પહેલા ૧૦ લાખ. દામનગરના છે ને એની શ્રદ્ધા પુરુષાર્થથી થાય એવી શ્રદ્ધા નહોતી એની. જે કાળે થવાનું હશે ત્યારે થાશે. (શ્રોતા : કેવળજ્ઞાનમાં દીઠું છે) ભગવાને દીઠું છે અને એ તો ત્યાં સુધી કહેતા કે ભગવાન જ્યારે સર્વજ્ઞ છે ઈ તો દીઠું છે ઈ પુરુષાર્થ કરવાનું કેમ કહે? આ વખતે આમ થાશે એ તો જોયુંને!

ભગવાને પુરુષાર્થ કરવાનું ભગવાને કહ્યું છે કે તું પૂર્ણાનંદનો નાથ છો એમ દૃષ્ટિ કર એ પુરુષાર્થ છે. એ પુરુષાર્થ છે. પુરુષાર્થ બહારમાં કૂદવું છે? મોટી ચર્ચા થઈ. એ કાળલબ્ધિને આપતા પણ કીધું કાળલબ્ધિનું જ્ઞાન કોને થાય? કે કાળલબ્ધિ છે એટલું ધારી રાખવું છે? હેં? કાળલબ્ધિ આ પ્રાપ્તિથી આ કાળે એનું જ્ઞાન કોને થાય? આહાહા! ઝીણી વાતું થોડી છે ભઈ એ યત્નસાધ્ય છે. પુરુષાર્થ કર્યો સ્વભાવ સન્મુખ ત્યારે સ્વભાવનું જ્ઞાન, પુરુષાર્થનું જ્ઞાન, કાળલબ્ધિનું જ્ઞાન, ભવિતવ્યતાનું જ્ઞાન ને નિમિત્તના અભાવનું જ્ઞાન આહાહા! પાંચે કારણનું જ્ઞાન એક સમયમાં થાય છે. આહાહા! પછી તો એની હારે વાત ચાલતી'તી ભઈ એક શબ્દ છે આચારાંગમાં પહેલા શ્રુતસ્કંધમાં आणाणाए जे सोवठाणा, आणाए जे निरुवठाणा एवं ते मा होउ એવો શબ્દ છે પહેલા શ્રુતસ્કંધનો પાંચમો અધ્યાય, છઠ્ઠો ઉદ્દેશક પહેલો શ્લોક. હે ગૌતમ એ ત્યાંતો એમ બોલતાં ને એ લોકો. आणाणाए जे सोवठाणा

એક એક જીવો જ્ઞાનમાં પુરુષાર્થ આજ્ઞા પ્રમાણે કરતાં નથી અને એક अणाणाए આજ્ઞા બહારનો પુરુષાર્થ કરે છે એ एवं ते मा होउ એવો શબ્દ છે ભાઈ આચારાંગમાં એ લોકોને બરાબર બેસતુ નહોતું. અમારા ગુરુ હતા એ બિચારા ભદ્રિક હતાં. શાંત પ્રસિદ્ધ બહુ હતા પણ આ જાતનું નહોતું બહુ. ૬૬ પછી હું કરતો ત્યાં ૭૧ની સાલ હોં! કીધું આ શું કહે છે આ? आणाणाए जे सोवठाणा, आणाए जे निरुवठाणा આજ્ઞામાં પુરુષાર્થ કરતાં નથી અને આજ્ઞા બહારમાં પુરુષાર્થ કરે છે એ શિષ્ય તમને ન હજો, ભાઈ સમજાણું? मा होउ તે દિ' વ્યાખ્યાન ચાલતું ને અહીં તો ૫૮ વરસથી હાલે (ચાલે) છે આ વ્યાખ્યાન હજારો માણસમાં ૫૮ વરસ થ્યા. ૭૪ની સાલથી ધારાવાહી હાલે (ચાલે) છે વ્યાખ્યાન પણ સંપ્રદાયમાં હજારો માણસો.

હે શિષ્ય! ભગવાન એમ કહે ત્યાં એ બોલો છે ને એ રીતે એને તો ક્યાં એવી વાણી છે ભગવાનની એ તો દિવ્યધ્વનિ છે. એક વ્યક્તિને ઉદ્દેશીને પણ એ લોકોમાં એ વાત છે એનામાં હે શિષ્ય! आणाए जे निरुवठाणा વીતરાગની આજ્ઞામાં પુરુષાર્થ કરતાં નથી અને આજ્ઞા બહારમાં પુરુષાર્થ કરે છે. હે શિષ્ય एवं ते मा होउ આ થોડું થોડું ચાલતુ'તું ૮૨માં હતાં કે નહિં તમે? થોડું થોડું, વજુભાઇ હતાં. વજુભાઇ, એ વજુભાઇ ૮૨ની સાલમાં, વઢવાણ, વઢવાણ - ચોમાસામાં ૧૮ ને ૩૧ - ૪૯ વરસ થયાં. ભાઇ હતા ત્યારે. નોકરી હતી, નોકરી હતી કે નહિં? નહોતી, નહોતી. (શ્રોતા :...) પછી તો એણે નાંખ્યું ને ઓલું વીર વાક્ય આ વ્યાખ્યાનમાંથી કાઢીને ૮૨ની સાલમાં સ્થાનકવાસીમાં આવતા ૮૨માં. આહાહા!

ત્યારે આમ કહેતા ત્યાં હોં, હે શિષ્ય! સર્વજ્ઞની આજ્ઞામાં પુરુષાર્થ નથી અને આજ્ઞા બહારનો તને પુરુષાર્થ છે. ન હજો. કીધું આ શું કીધું આ? આ પુરુષાર્થ કરવાની જરૂર કે નહિં? પણ એમ કે ઇ તો એમ કીધું એણે કે આજ્ઞામાં પુરુષાર્થ નથી તે કરજે એટલે अणाणाए એટલી વાત એણે કરી છે પણ એમાં શું આવ્યું કીધું. આહાહા! હેં? આહાહા! આજ્ઞા બહારનો પુરુષાર્થ તને વર્તે છે અને આજ્ઞામાં પુરુષાર્થ અને ભગવાનની આજ્ઞાનો પુરુષાર્થ નથી. શિષ્ય ન હજો તમે. એટલે કે આજ્ઞા પ્રમાણે પુરુષાર્થ કરજે, આજ્ઞા બહાર પુરુષાર્થ કરીશ નહિં. આહાહા! આ યત્નસાધ્ય છે. આહાહા!

કહે છે અને તેવા પ્રકારના આત્મસ્વરૂપનો અનુભવ કરનારને કર્મનો અભાવ સ્વયં થવાથી નિર્વાણની સિદ્ધિ કર્મ અપેક્ષાએ પ્રયત્ન વિના કર્મનો અભાવ પ્રયત્ન વિના થાય છે, કારણકે કર્મ તો જડ તો જડ છે. એને ક્યાં પ્રયત્નથી નાશ કરવો છે? એ તો એને કારણે નાશ થવાની લાયકાતથી નાશ થાય છે. 'અયત્નસાધ્ય' થાય છે, કેમ કે કર્મ પુદ્ગલ છે એ મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. તેની અવસ્થા જીવ કરી શક્તો નથી. કર્મને બાંધવાની અવસ્થા કરે અને તોડવાની એ આત્મા કરી શક્તો નથી. હેં? એ તો પુરુષાર્થ સ્વભાવમાં લગાવ્યો, અને તે કાળે તેનાં કર્મની પર્યાયપણે અકર્મ થવાની લાયકાત તેથી થઇ એનું નામ કર્મનો નાશ.

કર્મનો નાશ એટલે શું? કર્મની પર્યાયપણે પરમાણુંનું પરિણમન હતું એ અકર્મરૂપે થયું એ એને કારણે થયું છે. યત્નથી અકર્મરૂપે થયું છે (એમ નથી) સમજાણું કાંઇ? તેના અભાવ માટે જીવને કોઇ પ્રયત્ન કરવો પડતો નથી. 'અયત્નસાધ્ય' સિદ્ધ કર્યું. 'અયત્નસાધ્ય' ત્રણ પ્રકારે સિદ્ધ કર્યું. કે જેને આત્મા ચાર્વાકની પેઠે માનતો નથી એને પણ

યત્નસાધ્યપણું રહેતું નથી. અયત્નસાધ્ય થઇ ગયો એને. જેને પૂર્ણાનંદની પ્રાપ્તિ છે શિવસ્વરૂપજ છે, સિદ્ધ સમાન અનાદિથી એને મુક્તિ કરવા માટે યત્નસાધ્ય નથી. એને અયત્નસાધ્ય છે, અને ત્રીજો આ કે પોતાના પુરુષાર્થથી જ્યારે સાધન યત્ન સાધ્ય કરે છે ત્યારે કર્મ અયત્નસાધ્ય એની મેળે નાશ થાય છે. સમજાણું કાંઇ ? એ વિગેરે વિગેરે વાત છે ત્રણની.

વિશેષ કહેશે...

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

જેને સાચી શ્રદ્ધા પ્રગટે તેનું આખું અંતર ફરી જાય, હૃદય પલટો થાય, અંતરમાં ઉથલપાથલ થઇ જાય. આંધળમાંથી દેખતો થાય, અંતરની જ્યોત જાગે, તેની દશાની દિશા આખી ફરી જાય. જેને અંતરપલટો થાય તેણે કોઈને પૂછવા જવું ન પડે. તેનું અંતર બેધડક પડકાર મારતું સાક્ષી આપે કે અમે હવે પ્રભુના માર્ગમાં ભળ્યા છીએ. સિદ્ધના સંદેશા આવી ચૂક્યા છે. હવે ટૂંકા કાળે સિદ્ધ થયે છૂટકો. તેમાં બીજું કાંઇ થાય નહિં. ફેર પડે નહિં.

દ્રષ્ટિનાં નિધાન ૦૧૧૬.

આત્માની શ્રદ્ધામાં સાત તત્ત્વની શ્રદ્ધા આવી જાય છે, પણ તે છળથી કોઇ સામાન્યપણે સ્વ-પરને જાણી અથવા આત્માને જાણી કૃતકૃત્યપણું માને તો એ ભ્રમ છે. પુણ્ય - પાપ, દયા - દાનાદિ વિકાર હેય છે, એ જાણ્યા વિના આત્માનું જ્ઞાન સાચું થતું નથી. બંધના ફળને હિતકર માને તે બંધને હિતકર માને છે. આમ કોઇ જીવ માત્ર આત્માને સામાન્યપણે જાણે ને કહે કે મારું કાર્ય પૂરું થઇ ગયું તો તે ભ્રમણા છે.

દ્રષ્ટિનાં નિધાન ૧૨૦.

શ્લોક ૧૦૧ થી શ્લોક ૧૦૫ ના પ્રવચન ઉપલબ્ધ નથી.
મુળ શાસ્ત્રમાંથી શ્લોક તથા ટીકા સ્વાધ્યાય હેતુએ અક્ષરશઃ મુકવામાં આવેલ છે.

## શ્લોક ૧૦૧

नन्वात्मना मरणरूपविनाशादुत्तरकालभावसिद्धेः कथं सर्वदाऽस्तित्वं सिध्येदिति वदन्तं प्रत्याह—

**स्वप्नेदृष्टे विनष्टेऽपि न नाशोऽस्ति यथात्मनः ।**
**तथा जागरदृष्टेऽपि विपर्यासाविशेषतः ।।१०१।।**

**સ્વપ્ને દષ્ટ વિનષ્ટ હો પણ જીવનો નહિં નાશ;**
**જાગૃતિમાં પણ તેમ છે, ભ્રમ ઉભયત્ર[1] સમાન ।।૧૦૧।।**

**टीका** : स्वप्ने स्वप्नावस्थायां दृष्टे विनष्टेऽपि शरीरादौ आत्मनो यथा नाशो नास्ति तथा जागरदृष्टेऽपि जागरे जाग्रदवस्थायां दृष्टे विनष्टेऽपि शरीरादौ आत्मनो नाशो नास्ति । ननु स्वप्नावस्थायां भ्रांतिवशादात्मनो विनाशः प्रतिभातीति चेत्तदेतन्यत्रापि समानं । न खलु शरीरविनाशे आत्मनो विनाशमभ्रान्ति मन्यते । तस्मादुभयत्राप्यात्मनो विनाशोऽनुपपन्नो विपर्यासाविशेषात् । यथैव हि स्वप्नावस्थामविद्यमानेऽप्यात्मनो विनाशे विनाशः प्रतिभासत इति विपर्यासः तथा जाग्रदवस्थायामपि ।।१०१।।

મરણરૂપ વિનાશથી ઉત્તરકાલમાં (વિનાશ પછી) આત્માનો અભાવ સિદ્ધ હોય તો તેનું સર્વદા અસ્તિત્વ કેવી રીતે સિદ્ધ થાય? એવું બોલનાર પ્રતિ કહે છે :–

**અન્વયાર્થ** : (स्वप्ने) સ્વપ્ન - અવસ્થામાં (दृष्टे) પ્રત્યક્ષ જોવામાં આવેલા શરીરાદિકનો નાશ થવા છતાં (यथा) જેમ (आत्मनः) આત્માનો (नाशः न अस्ति) નાશ થતો નથી (यथा) તેમ (जागरदृष्टे अपि) જાગ્રત અવસ્થામાં પણ દેખેલા શરીરાદિકનો નાશ થવા છતાં, આત્માનો નાશ થતો નથી; (विपर्यासाविशेषतः) કારણ કે બન્ને અવસ્થાઓમાં વિપરીત પ્રતિભાસમાં કાંઈ ફેર નથી.

**ટીકા** : સ્વપ્નમાં એટલે સ્વપ્ન - અવસ્થામાં દેખવામાં આવેલા શરીરાદિનો નાશ થવા છતાં જેમ આત્માનો નાશ થતો નથી, તેમ જાગ્રત અવસ્થામાં પણ દેખવામાં આવેલા

૧. ઉભયત્ર – બન્ને બાજુએ

શરીરાદિનો નાશ થવા છતાં, આત્માનો નાશ થતો નથી.

સ્વપ્ન - અવસ્થામાં ભ્રાન્તિને લીધે આત્માનો વિનાશ પ્રતિભાસે છે એમ શંકા કરવામાં આવે, તો અન્યત્ર પણ (જાગ્રત અવસ્થામાં પણ) તે સમાન છે. ભ્રાન્તિ વિનાનો માણસ, વશરીરનો વિનાશ થતાં આત્માનો વિનાશ ખરેખર માનતો નથી. તેથી બન્નેમાં (સ્વપ્ન અવસ્થામાં અને જાગ્રત અવસ્થામાં) પણ વિપર્યાસમાં (ભ્રાન્તિમાં) ફેર નહિ હોવાથી (ભ્રાન્તિ સમાન હોવાથી) આત્માનો વિનાશ નહિં હોવા છતાં (તેનો) વિનાશ પ્રતિભાસે છે, તેમ એવી ભ્રાન્તિ જાગ્રત અવસ્થામાં પણ થાય છે.

**ભાવાર્થ :** સ્વપ્નમાં શરીરનો નાશ જોવા છતાં આત્માનો નાશ થતો નથી તો પણ આત્માના નાશનો ભ્રમ (વિપરીત પ્રતિભાસ) થાય છે; તેમ જાગ્રત અવસ્થામાં પણ શરીરનો નાશ જોવા છતાં આત્માના વિનાશનો ભ્રમ થાય છે. બન્ને અચસ્થાઓમાં જે ભ્રમ થાય છે તે સમાન છે, તેમાં કાંઇ તફાવત નથી.

પરમાર્થ દૃષ્ટિએ જોવામાં આવે તો સ્વપ્નમાં મનુષ્યના શરીરનો અને તેના આત્માનો નાશ થયો નથી; તેમ જાગ્રત અવસ્થામાં પણ મરણથી મનુષ્યના શરીરનો અને તેમાં રહેલા આત્માનો નાશ થતો નથી, કારણ કે દરેક દ્રવ્ય સત્ છે. સત્‌નો કદી નાશ થતો નથી, ફક્ત તેની પર્યાયમાં ફેરફાર થાય છે. એક પર્યાયનો વ્યય બીજી પર્યાયનો ઉત્પાદ અને બન્નેમાં દ્રવ્યનું ધ્રૌવ્યરૂપે કાયમ રહેવું એવી વસ્તુસ્થિતિ છે.

## વિશેષ

આત્મા એક ચેતન, અમૂર્તિક, અવિનાશી પદાર્થ છે. તેના વિનાશની કલ્પના કરવી એ નિતાન્ત ભ્રમ છે. સંસાર - અવસ્થામાં શરીર સાથે આત્માનો પરસ્પર એકક્ષેત્રાવગાહરૂપ સંયોગ સંબંધ છે, પણ અજ્ઞાનીને તે બન્નેનું ભેદવિજ્ઞાન નહિં હોવાથી બન્નેને એકરૂપ માને છે; તેથી શરીરરૂપ પુદ્‌ગલ - પર્યાયનો વ્યય જોઇ તેમાં સંયોગરૂપે રહેલા આત્માનો પણ ભ્રમથી વિનાશ માને છે; પરંતુ ઝૂંપડી બળી જતા તેમાં રહેલું આકાશ કાંઇ બળી જતું નથી, તેમ શરીરનો નાશ થતાં તેમાં રહેલા આત્માનો નાશ થતો નથી. ૧૦૧

## શ્લોક ૧૦૨

**नन्वेवप्रसिद्धस्याप्यनाद्यनिधनस्यात्मनो मुक्त्यर्थं दुर्द्धरानुष्ठानक्लेशो व्यर्थो ज्ञानभावनामात्रैणैव मुक्तिसिद्धेरित्याशङ्क्याह –**

*** अदु:खभावितं ज्ञानं क्षीयते दु:खसन्निधौ ।**
**तस्माद्यथाबलं दु:खैरात्मानं भावयेन्मुनि : ।।१०२।।**

**અદુ:ખભાવિત જ્ઞાન તો દુ:ખ આવ્યે ક્ષય થાય;**
**દુ:ખ સહિત ભાવે સ્વને યથાશક્તિ મુનિરાય ।। ૧૦૨ ।।**

**टीका** : अदु:खेन कायक्लेशादिकष्टं विना सुकुमारोपक्रमेण भावितमेकाग्रतया चेतसि पुन: पुन: संचिन्तितं ज्ञानं शरीरादिभ्यो भेदेनात्मस्वरूपपरिज्ञानं क्षीयते अपकृष्यते । कस्मिन्? दु:खसन्निधौ दु:खोपनिपाते सति । यत एवं तस्मात्कारणात् यथाबलं स्वशक्त्यनतिक्रमेण मुनिर्योगी आत्मनं दु:खैर्भावयेत् कायक्लेशादिकष्टे: सहाऽऽत्मस्वरूपं भावयेत् । कष्टसहोभवन्सदाऽऽत्मस्वरूपं चिन्तयेदित्यर्थ: ।।१०२।।

અનાદિનિધન આત્મા પ્રસિદ્ધ હોવા છતાં તેની મુક્તિ માટે દર્દ્ધર તપશ્ચરણરૂપ કલેશ કરવો વ્યર્થ છે, કારણ કે જ્ઞાનભાવના માત્રથી જ મુક્તિની સિદ્ધિ છે એવી આશંકા કરી કહે છે :–

**અન્વયાર્થ :** (अदु:खभावितं ज्ञानं) જે જ્ઞાન દુ:ખ વિના ભાવવામાં આવે છે, તે (दु:खसनिधौ) ઉપસર્ગાદિ દુ:ખો આવી પડતાં (क्षीयते) નાશ પામે છે, (तस्मात्) માટે (मुनि) મુનિએ - અંતરાત્મા યોગીએ -(यथाबलं) પોતાની શરીરાદિથી ભિન્ન ભાવના ભાવવી.

**ટીકા :** દુ:ખ વિના એટલે કાયક્લેશાદિના કષ્ટ વિના સુકુમાર ઉપક્રમથી ભાવવામાં આવેલું અર્થાત્ એકાગ્રતાથી મનમાં વારંવાર ચિંતવેલું જ્ઞાન એટલે શરીરાદિથી ભિન્ન આત્મસ્વરૂપનું પરિજ્ઞાન ક્ષય પામે છે - ક્ષીણ થાય છે. ક્યારે ? દુ:ખની સન્નિધિમાં (ઉપસ્થિતિમાં) - દુ:ખો આવી પડતાં. તેટલા માટે યથાશક્તિ એટલે પોતાની શક્તિનું ઉલ્લંઘન કર્યા સિવાય મુનિએ - યોગીએ દુ:ખથી આત્માની માટે યથાશક્તિ એટલે પોતાની શક્તિનું ઉલ્લંઘન કર્યા સિવાય મુનિએ - યોગીએ દુ:ખથી આત્માની ભાવના ભાવવી

---

* दृसुहेण भाविदं णाणं दुहे जादे विणस्सदि ।
तम्हा जहाबल जोइ कप्पा दुक्खेहिं भावए ।।६२।। - मोक्षप्राभृते, कुंदकुंदआचार्य:।

અર્થાત્ કાયક્લેશાદિરૂપ કષ્ટોથી આત્મસ્વરૂપની ભાવના કરવી - કષ્ટ સહીને સદા આત્મસ્વરૂપનું ચિંતવન કરવું - એવો અર્થ છે.

**ભાવાર્થ :** જેમને શરીરાદિની અનુકૂળતામાં યા સાતાશીલપણામાં જ્ઞાન - ભાવના કરવાની આદત પડી છે, તેમને ઉપસર્ગાદિ આવતાં જ્ઞાન - ભાવના અચલ રહી શક્તી નથી, કારણ કે તેઓ ભૂખ, તરસ, ગરમી, ઠંડી વગેરેની થોડી પણ બાધા સહી શકતા નથી. તેઓ નજીવું સંકટ આવી પડતાં ગભરાઈ જાય છે અને જ્ઞાન - ભાવનાથી ચલિત થઈ જાય છે; તેથી આચાર્યદેવે આ શ્લોકમાં કહ્યું છે કે જ્ઞાન - ભાવનાના અભ્યાસીને ઉચિત છે કે તે અનેક કષ્ટો સહન કરવાની એવી ટેવ પાડે કે કષ્ટો આવી પડે તો પણ તે જ્ઞાન - ભાવનાથી ચલાયમાન થાય નહિં. ૧૦૨

---

## શ્લોક ૧૦૩

**ननु यद्यात्मा शरीरात्सर्वथाभिन्नस्तदा कथमात्मनि चलति नियमेन तच्चलम् तिष्ठति नियमेन तिष्ठेदिति वदन्तं प्रत्याह –**

**प्रयत्नादात्मनो वायुरिच्छाद्वेषप्रवर्तितात् ।**
**वायोः शरीरयंत्राणि वर्तन्ते स्वेषु कर्मसु ।।१०३।।**

**ઇચ્છાદિજ નિજ યત્નથી વાયુનો સંચાર;**
**તેનાથી તનયંત્ર સૌ વર્તે નિજ વ્યાપાર ।। ૧૦૩ ।।**

टीका : आत्मनः सम्बंधिनः प्रयत्नाद्वायुः शरीरे समुच्चलति कथम्भूतात् प्रयत्नात् ? इच्छाद्वेषप्रवर्तितात् रागद्वेषाभ्यां जानितात् । तत्र समुच्चलिताच्च वायोः शरीरयंत्राणि शरीराण्येव यंत्राणि शरीरयंत्राणि । किं पुनः शरीराणां यंत्रैः साधर्म्ययतस्तानि यंत्राणीत्युच्यन्ते ? इति चेत् उच्यते-यथा यंत्राणि काष्ठादिविनिर्मितासिंहव्याघ्रादीनि स्वसाध्यविविधक्रियायां परप्रेरितानि प्रवर्तन्ते तथा शरीराण्यपीत्युभयोस्तुल्यतां । तानि शरीरयंत्राणि वायोः सकाशाद्वर्तन्ते । केषु ? कर्मसु क्रियासु । कथम्भूतेषु ? स्वेषु स्वसाध्येषु ।।१०३।।

જો આત્મા શરીરથી સર્વથા ભિન્ન હોય તો તેના ચાલવાથી શરીર નિયમથી કેમ ચાલે અને તેના ઊભા રહેવાથી તે (શરીર) નિયમથી કેમ અભું રહે છે ? એમ શંકા કરનાર પ્રતિ કહે છે :–

**અન્વયાર્થ** : (इच्छाद्वेषप्रवर्तितात्) ઇચ્છા (રાગ)-દ્વેષની પ્રવૃત્તિથી થતા (आत्मनः प्रयत्नात्) આત્માના પ્રયત્નના નિમિત્તે (वायुः) વાયુ ઉત્પન્ન થાય છે - વાયુનો સંચાર થાય છે. (वायोः) વાયુના સંચારથી (शरीर यंत्राणि) શરીર યંત્રો (स्वेषु कर्मसु) પોત પોતાના કાર્યોમાં (वर्तन्ते) પ્રવર્તે છે.

**ટીકા** : આત્માના પ્રયત્નથી વાયુનો શરીરમાં સંચાર થાય છે. કેવા પ્રયત્નથી ? ઇચ્છા - દ્વેષથી પ્રવર્તેલા - રાગ-દ્વેષથી ઉત્પન્ન થયેલા (પ્રયત્નથી), તેમાં (શરીરમાં) સંચારિત વાયુથી શરીર યંત્રો - શરીરો એ જ યંત્રો તે શરીરયંત્રો - (સ્વકાર્યમાં પ્રવર્તે છે).

શું શરીરોને યંત્રો સાથે સમાન ધર્મ છે કે જેથી તેઓ (શરીરો) યંત્રો કહેવાય છે ? એમ પૂછો તો કહેવાનું કે જેમ લાકડા વગેરેના બનેલા સિંહ - વ્યાઘ્રાદિયંત્રો પરપ્રેરિત થઇને પોતપોતાને સાધવા યોગ્ય વિવિધ ક્રિયાઓમાં પ્રવર્તે છે, તેમ શરીરો પણ (પ્રવર્તે છે). એમ બન્નેમાં (શરીર અને યંત્રોમાં) સમાનતા છે. તે શરીર યંત્રો વાયુદ્વારા પ્રવર્તે છે. શામાં ? કાર્યોમાં - ક્રિયાઓમાં. કેવા (કાર્યોમાં) ? પોતપોતાને સાધવા યોગ્ય (કાર્યોમાં).

ભાવાર્થ : જીવને જ્યારે શરીરની ક્રિયા કરવાની ઇચ્છા થાય છે, ત્યારે તેના (ઇચ્છાના) નિમત્તે વાયુ પોતાની યોગ્યતાથી શરીરમાં ઉત્પન્ન થાય છે. તે વાયુના સંચાર નિમિત્તે શરીરયંત્રો અર્થાત્ શરીરની ક્રિયાઓ પોતપોતાની યોગ્યતાથી પોતાનું કામ કરે છે.

આમ જીવની ઇચ્છા અને શરીરની ક્રિયાને સીધો નિમિત્ત - નૈમિત્તિક સંબંધ નથી, પરંતુ જીવની ઇચ્છા અને વાયુને નિમિત્ત - નૈમિત્તિક સંબંધ છે અને વાયુ તથા શરીરની ક્રિયાને નિમિત્ત - નૈમિત્તિક સંબંધ છે.

## વિશેષ

સ્થૂલદષ્ટિએ (વ્યવહાર નયે) જીવની ઇચ્છાથી શરીરની ક્રિયાઓ ચાલે છે એમ કહેવામાં આવે છે તેનો અર્થ એ છે કે જીવની ઇચ્છાથી કે વાયુથી શરીરની ક્રિયાઓ ખરેખર થતી નથી, પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે ઉપચારથી તેમ કહેવામાં આવે છે.[૧]

યોગ (અર્થાત્ મન-વચન-કાયાના નિમિત્તે આત્મ - પ્રદેશોનું ચલન) અને

૧. જુઓ - મોક્ષમાર્ગ પ્રકાશક - ગુ. આવૃત્તિ પૃ. ૨૫૬

ઉપયોગ (અશુદ્ધ ઉપયોગ - જ્ઞાનનું કષાયો સાથે જોડાવું) - એ બન્નેનો કર્તા, આત્મા કદાચિત્ ભલે હો, તથાપિ પર દ્રવ્ય - સ્વરૂપ કર્મનો કર્તા તો તે નિમિત્તપણે પણ કદી નથી. અજ્ઞાન અવસ્થામાં જ આત્માને યોગ - ઉપયોગનો કર્તા કહી શકાય, પણ શરીરાદિ પર દ્રવ્યોનો કર્તા તો તે નિમિત્તપણે પણ કદી નથી.

આ ઉપરથી એમ સમજવું કે જો જીવ, પુદ્ગલ - કર્મનો ખરેખર કર્તા નથી, તો શરીરની કોઇ ક્રિયાનો કર્તા તે કેમ હોઇ શકે? જરા પણ નહિં; પરંતુ અજ્ઞાન દશામાં જીવનો યોગ અને ઉપયોગ, શરીરની ક્રિયામાં નિમિત્ત થાય છે.

દ્રવ્યદૃષ્ટિથી તો 'કોઇ દ્રવ્ય કોઇ દ્રવ્યનો કર્તા નથી,' પરંતુ પર્યાયદૃષ્ટિથી કોઇ દ્રવ્યનો પર્યાય કોઇ વખતે કોઇ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે, તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યના પરિણામના નિમિત્ત - કર્તા કહેવાય છે. પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામનો (શુદ્ધ - અશુદ્ધ પરિણામનો) કર્તા છે, તે અન્ય દ્રવ્યના પરિણામનો કર્તા નથી.[૨]

''અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યને ગુણની (પર્યાયની) ઉત્પત્તિ કરી શકાતી નથી; તેથી (એ સિદ્ધાંત છે કે) સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવથી જ ઉપજે છે.''[૩]

''...સર્વ દ્રવ્યો, નિમિત્તભૂત અન્ય દ્રવ્યોના સ્વભાવથી ઊપજતાં નથી, પરંતુ પોતાના સ્વભાવથી જ ઉપજે છે, કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. આમ હોવાથી સર્વ દ્રવ્યોને, નિમિત્તભૂત અન્ય દ્રવ્યો પોતાના (અર્થાત્ સર્વ દ્રવ્યોના) પરિણામના ઉત્પાદક છે જ નહિં...''[૪]

''...વળી પર્યાયમાં જીવ - પુદ્ગલના પરસ્પર નિમિત્તથી અનેક ક્રિયાઓ થાય છે; તે સર્વને બે દ્રવ્યોના મેળાપથી નીપજી માને છે, પણ આ જીવની ક્રિયા છે તેમાં પુદ્ગલ નિમિત્ત છે તથા આ પુદ્ગલની ક્રિયા છે તેમાં જીવ નિમિત્ત છે, એમ (અજ્ઞાનીને) ભિન્ન ભિન્ન ભાવ ભાસતો નથી...''[૫]

---

૨. જુઓ શ્રી સમયસાર ગુ. આવૃત્તિ – ગા.૧૦૦ અને તેનો ભાવાર્થ

૩. કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિં ગુણનો કરે,
તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઉપજે ખરે. (શ્રી સમયસાર ગુ.આવૃત્તિ ગા. ૩૭૨)

૪. શ્રી સમયસાર ગુ. આવૃત્તિ – ગા. ૩૭૨ ટીકા

૫. મોક્ષમાર્ગ પ્રકાશક – ગુ.આવૃત્તિ પૃ. ૨૨૯.

માટએ જીવની ક્રિયાથી શરીરની ચાલવાની તથા ઊભા રહેવાની વગેરે ક્રિયા થતી માનવી તે ભ્રમ છે. ૧૦૩

## શ્લોક ૧૦૪

**तेषां शरीरयंत्राणामात्मन्यारोपाऽनारोपौ कृत्वा जडविवेकिनौ किं कुर्वत इत्याह –**

**तान्यात्मनि समारोप्य साक्षाण्यास्तेऽसुखं जडः ।**
**त्यक्त्वाऽरोपं पुनर्विद्वान् प्राप्नोति परमं पदम् ।। १०४।।**

જડ નિજમાં તનયંત્રને આરોપી દુઃખી થાય;
સુજ્ઞ તજી આરોપને લહે પરમપદ-લાભ. ૧૦૪

**टीका** : तानि शरीरयंत्राणि साक्षाणि इन्द्रियसहितानि आत्मनि समारोप्य गौरोऽहं सुलोचनोऽहं स्थूलोऽहंमित्याद्यभेदरूपतया आत्मन्यध्यारोप्य जडो बहिरात्मा असुखं सुखं वा यथा भवत्येवमास्ते। विद्वानन्तरात्मा पुनः प्राप्नोति किं? तत्परमं पदं मोक्षं । कि कृत्वा? त्यक्त्वा । किं? आरोपं शरीरादीनामात्मन्यध्यवसायम् ।।१०४।।

તે શરીર યંત્રોનો આત્મામાં આરોપ અને અનારોપ કરીને જડ (અજ્ઞાની) અને વિવેકી પુરુષો શું કરે છે? તે કહે છે :–

**અન્વયાર્થ** : (जडः) અજ્ઞાની બહિરાત્મા (साक्षाणि) ઇન્દ્રિયો સહિત (तानि) તે શરીરયંત્રોને (आत्मनि समारोप्य) આત્મામાં આરોપી (असुखं आस्ते) દુઃખી થાય છે. (पुनः) કિન્તુ (विद्वान्) જ્ઞાની અંતરાત્મા (आरोपं त्यक्त्वा) શરીરાદિકમાં આત્માનો આરોપ (આત્માની કલ્પના) છોડી (परमं पदं) પરમ પદને - મોક્ષને (प्राप्नोति) પ્રાપ્ત કરે છે.

**ટીકા** : તે અક્ષ સહિત એટલે ઇન્દ્રિયો સહિત શરીરયંત્રોને આત્મામાં આરોપીને (શરીરાદિને આત્મા કલ્પી) - અર્થાત્ હું ગોરો, હું સુંદર આંખવાળો, હું જાડો ઇત્યાદિ અભેદરૂપપણે (એકતાબુદ્ધિએ) આત્મામાં આરોપીને, જડ - બહિરાત્મા જેમ અસુખ - સુખ થાય તેમ વર્તે છે, પરંતુ વિદ્વાન - અંતરાત્મા પ્રાપ્ત કરે છે. શું? તે પરમપદને - મોક્ષને. શું કરીને? ત્યજીને, શું (ત્યજીને)? શરીરાદિનો આત્મા વિષે જે આરોપ છે - અધ્યવસાય છે તેને (ત્યજીને).

**ભાવાર્થ :** હું ગોરો, હું સુંદર, હું જાડો, ઈત્યાદિરૂપ શરીરાદિમાં આત્માની અભેદ કલ્પના કરી (આત્મબુદ્ધિ કરી) અજ્ઞાની બહિરાત્મા સુખ - દુ:ખ માને છે, પરંતુ જ્ઞાની અંતરાત્મા આત્મામાં શરીરાદિનો મિથ્યા અભેદ - અધ્યવસાયનો ત્યાગ કરી પરમપદને - મોક્ષને પ્રાપ્ત કરે છે.

અનાદિથી શરીર અને આત્માને સંયોગસંબંધ છે. આ સંબંધને લીધે શરીરનાં અંગોપાંગની ક્રિયા જોઇ અજ્ઞાનીને ભ્રમ થાય છે કે એ બધી ક્રિયાઓ આત્માની છે, પણ વાસ્તવમાં આત્મા અને શરીર લક્ષણે એકબીજાથી તદ્દન ભિન્ન છે. એક ચેતન અને અરૂપી છે અને બીજું અચેતન - જડ અને રૂપી છે. બન્ને વચ્ચે માત્ર નિમિત્ત - નૈમિત્તિક સંબંધ છે, પણ અજ્ઞાની ભ્રમથી નિમિત્ત - નૈમિત્તિક સંબંધને બદલે કર્તા - કર્મ સંબંધ સમજી પોતાન સુખી - દુ:ખી કલ્પે છે.

જ્ઞાનીને શરીર અને આત્માનું ભેદજ્ઞાન છે. તે શરીરની ક્રિયાઓને આત્માની ક્રિયા માનતો નથી. તેને શરીરમાં આત્મબુદ્ધિ - એકતાબુદ્ધિ નથી, તેથી શરીરની ક્રિયામાં તેને કર્તા-બુદ્ધિ નથી. શરીરાદિમાં કર્તા-બુદ્ધિ નહિં હોવાથી તેને હર્ષ-શોક કે રાગ-દ્વેષ પણ નથી. તેના અભાવમાં જ્ઞાનીને કર્મનો નવો બંધ થતો નથી. ભેદવિજ્ઞાનના બળે જેમ જેમ વીતરાગતા વધતી જાય છે, તેમ તેમ જૂના કર્મ પણ ઉદયમાં આવી નિર્જરી જાય છે. અંતે કર્મોનો સંપૂર્ણપણે અભાવ થતાં પરમ વીતરાગપદની પ્રાપ્તિ થાય છે. ૧૦૪

---

## શ્લોક ૧૦૫

**द्कथमसौ तं त्यजतीत्याह - अथवा स्वकृतग्रंथार्थमुपसंह्यत्य फलमुपदर्शयन्मुक्त्वेत्याह –**

**मुक्त्वा परत्र परबुद्धिमहंधियं च,**
**संसारदु:खजननी जननाद्विमुक्त: ।**
**ज्योतिर्मयं सुखमुपैति परात्मनिष्ठ**
**स्तन्मार्गमेतदधिगम्य समाधितंत्रम् ।।१०५।।**

જાણી સમાધિતંત્ર આ - જ્ઞાનાનંદ-ઉપાય,
જીવ તજે 'હું' બુદ્ધિને દેહાદિક પરમાંય;
છોડી એ ભવજનનીને, થઈ પરમાતમલીન,
જ્યોતિર્મય સુખને લહે, ધરે ન જન્મ નવીન. ૧૦૫

**टीका** : उपैति प्राप्नोति । किं तत्? सुखं । कथम्भुतं? ज्योतिर्मयं ज्ञानात्मकं । किंविशिष्टः सन्नसौ तदुपैति? जननाद्विमुक्तः संसाराद्विशेषेण मुक्तः । ततो मुक्तोऽप्यसौ कथम्भुतः सम्भवति? परमात्मात्मनिष्ठः परमात्मस्वरूपसंवेदकः । किं कृत्वाऽसौ तन्निष्ठः स्यात् । मुक्त्वा । कां? परबुद्धिं अहंधियं च स्वात्मबुद्धिं च । क्व? परत्र शरीरादौ । कथम्भूतां तां? संसारदुःखजननीं चातुर्गतिकदुःखोत्पत्तिहेतुभूतां । यतस्तथाभूतां तां त्यजेत् । किं कृत्वा? अधिगम्य । किं तत्? समाधितंत्रं समाधेः परमात्मस्वरूपसंवेदनैकाग्रतायाः परमोदासीनताया वा तंत्रं प्रतिपादकं शास्त्रं । कथम्भूतं तत्? तन्मार्ग तस्य ज्योतिर्मयसुखस्य मार्गमुपायमिति ।।१०५।।

તે તેને કેવી રીતે ત્યજે છે તે કહે છે - અથવા પોતાના રચેલા ગ્રંથના અર્થનો ઉપસંહાર કરીને ફલ દર્શાવતા. 'મુક્ત્વા' એમ કહીને કહે છે :–

**અન્વયાર્થ** : (तन्मार्ग) તે પરમપદની પ્રાપ્તિનો ઉપાય બતાવનાર (एतत् समाधितंत्रं) આ 'સમાધિતંત્ર' શાસ્ત્રનું (अधिगम्य) અધ્યયન કરીને - અનુભવ કરીને (संसारदुःखजननी) સંસારનાં દુઃખોને ઉત્પન્ન કરવાવાળી, (परत्र) શરીરાદિ પદાર્થોમાં (अहंधियं परबुद्धिं च) અહંબુદ્ધિને તથા પરબુદ્ધિને (પર તે હું છું એવી બુદ્ધિને) (मुक्त्वा) છોડીને (परात्मनिष्ठः) પરમાત્માની ભાવનામાં સ્થિર ચિત્તવાળો અંતરાત્મા (जननात् विमुक्तः) સંસારથી મુક્ત થઈને (ज्योतिर्मयं सुखं) જ્ઞાનમય સુખને (उपैति) પ્રાપ્ત કરે છે.

**ટીકા** : પામે છે એટલે પ્રાપ્ત કરે છે. શું તે? સુખ. કેવું (સુખ)? જ્યોતિર્મય એટલે જ્ઞાનાત્મક (સુખ). કેવા પ્રકારનો થઈ તે તે (સુખ) પ્રાપ્ત કરે છે? જન્મથી મુક્ત એટલે ખાસ કરીને સંસારથી મુક્ત થઈને (સુખ પ્રાપ્ત કરે છે). તેનાથી (સંસારથી) મુક્ત થયેલો છતાં તે કેવો સંભવે છે? (તે) પરમાત્મનિષ્ઠ - પરમાત્મસ્વરૂપનો સંવેદક (થાય છે). શું કરીને તે તનિષ્ઠ (એટલે પરમાત્મનિષ્ઠ) બને? છોડીને. શું (છોડીને)? પરબુદ્ધિ અને અહંબુદ્ધિ એટલે સ્વાત્મબુદ્ધિ (છોડીને). શામાં (છોડીને)? પરમાં - શરીરાદિમાં. કેવી તે (બુદ્ધિને)? સંસારનાં દુઃખોને ઉત્પન્ન કરનારી - ચતુર્ગતિનાં દુઃખોની ઉત્પત્તિના કારણભૂત (બુદ્ધિને). તેથી તેવા પ્રકારની તે (બુદ્ધિ)નો ત્યાગ કરવો. શું કરીને? જાણીને. શું (જાણીને)? સમાધિતંત્રને - સમાધિના એટલે પરમાત્મસ્વરૂપના સંવેદનમાં એકાગ્રતાના અથવા પરમ

ઉદાસીનતાના તંત્રને એટલે પ્રતિપાદક શાસ્ત્રને. તે કેવું છે ? તેને માર્ગરૂપ છે, તેના એટલે જ્યોતિર્મય સુખના માર્ગરૂપ એટલે ઉપાયરૂપ (શાસ્ત્ર છે).

ભાવાર્થ : શ્રી પૂજ્યપાદાચર્ય - વિરચિત આ 'સમાધિતંત્ર' શાસ્ત્ર, પરમાત્મસ્વરૂપના સંવેદનમાં એકાગ્રતા જે સમાધિ છે - અર્થાત્ પરમપદની પ્રાપ્તિનો ઉપાય છે - તેનું પ્રતિપાદન કરે છે.

આ 'સમાધિતંત્ર'નો સારી રીતે અભ્યાસ કરીને, શરીરાદિ પર પદાર્થોમાં જે અંતરાત્મા અહંબુદ્ધિ અને પરબુદ્ધિનો ત્યાગ કરે છે અને પરમાત્માની ભાવનામાં ચિત્ત સ્થિર કરે છે તે સંસારનાં દુઃખોથી મુક્ત થઇ કેવળજ્ઞાનમય પરમ સુખને પ્રાપ્ત કરે છે.

એ રીતે આર્ચર્યદેવે પ્રસ્તુત 'સમાધિતંત્ર'ની અગત્યતા દર્શાવી પરમ પદની પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો છે.

જ્યાં સુધી સ્વ-પરનું ભેદજ્ઞાન થાય નહિં, ત્યાં સુધી જીવ અજ્ઞાની રહે છે અને અજ્ઞાનજનિત ભ્રમને લીધે તે શરીરાદિ પરપદાર્થોમાં અહંબુદ્ધિ - આત્મબુદ્ધિ કરે છે, અર્થાત્ તેમાં પોતાના આત્માની કલ્પના કરી કર્તા - બુદ્ધિ સેવે છે. તે શરીરની ક્રિયા અથવા પરનાં કાર્યો હું કરું છું - એમ માને છે. વળી તેને શરીર અને પરપદાર્થો પ્રત્યે મમકારબુદ્ધિ હોય છે, અર્થાત્ શરીર મારું, સ્ત્રી-પુત્ર-મકાનાદિ મારાં - એવી ભ્રમજનિત માન્યતા તે કરે છે. આ અજ્ઞાનમૂલક માન્યતાના કારણે જીવને રાગ-દ્વેષાદિ કષાયભાવ થાય છે જે ચતુર્ગતિ સંસાર - ભ્રમણનું મૂલ કારણ છે. સ્વસન્મુખ થઇ આત્મસ્વરૂપમાં સ્થિર થવાની ભાવના કરવી તે જ સંસારનાં દુઃખોથી મુક્તિનો અને પરમ પદની પ્રાપ્તિનો ઉપાય છે. ૧૦૫.

## टीका - प्रशस्तिः

**येनात्मा बहिरन्तरुत्तमभिदा त्रेधा विवृत्योदितो,**
**मोक्षोऽनन्तचतुष्टयाऽमलवपुः सद्ध्यानतः कीर्तितः ।**
**जीयात्सोऽत्रजिनः समस्तविषयः श्रीपूज्यपादोऽमलो,**
**भव्यानन्दकरः समाधिशतकश्रीमत्प्रभेन्दुः प्रभुः ।।१।।**

इति श्रीपंडितप्रभाचंद्रविरचिता समाधिशतकटीका समाप्ताः।।

## ટીકા - પ્રશસ્તિ

જેમણે આત્માને બહિર્, અંતર ને ઉત્તમ એમ ૩(ત્રણ) પ્રકારે વર્ણવી બતાવ્યો છે, જેમણે સદ્ધ્યાનથી અનન્ત - ચતુષ્ટમય અમલ શરીરરૂપ મોક્ષ છે એમ પ્રસિદ્ધ કર્યું છે, તે પૂજ્યપાદ પ્રભુ અહીં જય પામો! તે કેવા છે? તે જિન છે, તેમના (ઇન્દ્રિય) વિષયો બધા અસ્ત થઇ ગયા છે, તે અમલ છે, ભવ્ય જીવોને આનંદકર છે, સમાધિશતકરૂપ શ્રીથી યુક્ત છે અને પ્રભામાં ચંદ્ર સમાન છે.

આ શ્લોકમાં સમાધિતંત્રના (અપરનામ સમાધિશતકના) રચયિતા શ્રી પૂજ્યપાદાચાર્ય પ્રતિ પ્રશસ્તિદ્વારા પૂજ્યભાવ પ્રગટ કરી તેના ટીકાકાર શ્રી પ્રભાસચંદ્રે ગર્ભિતપણે ''શ્રીમત્ પ્રભેન્દુ'' શબ્દો દ્વારા સમાધિશતકના ટીકાકાર તરીકે પોતાના નામનો પણ ઉલ્લેખ કર્યો છે.

**ઇતિ શ્રી પંડિત પ્રભાચંદ્રવિરચિત સમાધિશતકની ટીકા સમાપ્ત**

# समाप्तोऽयं ग्रंथः

નમઃ સિદ્ધેભ્યઃ

: પ્રકાશક :
શ્રી કુંદકુંદ -કહાન સત્ સાહિત્ય પ્રચાર
બોરીવલી